
ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત

સ્વોપજ્ઞટબા સહિત

દ્રવ્યગુણપર્યાયનો રાસ

શબ્દશઃ વિવેચન

ભાગ-૧



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

દ્રવ્યગુણપર્યાયનો રાસ ભાગ-૧

શબ્દશઃ વિવેચન

❖ ગ્રંથકાર - ટબાકર્તા ❖

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવરે
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

* સંકલનકારિકા *

પારૂલ હેમંતભાઈ પરીખ

✣ પ્રકાશક ✣



શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

દ્રવ્યગુણપર્યાયનો રાસ ભાગ-૧ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૩૭૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

પૂજ્ય માતુશ્રી સ્વ. વિમળાબેન તથા
પૂજ્ય પિતાશ્રી સ્વ. રમણલાલ ભોગીલાલ ગાંધીની પુણ્યસ્મૃતિમાં,
પ્રજ્ઞાલોકના ટ્રસ્ટીઓ
શ્રી ઉત્તમભાઈ રમણલાલ ગાંધી અને
ગીતાબેન ઉત્તમભાઈ ગાંધી

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૮

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

※ મુદ્રક ※

સર્વોદય ઓફસેટ
૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.



ષડ્દર્શનવિશારદ પ્રાવચનિકપ્રભાવક

* સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ *




વર્તમાનશ્રુતમર્મજ્ઞાતા ધર્મતીર્થરક્ષક

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ

*

*



પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

પરમપૂજ્ય પિતાશ્રી
રમણલાલ ભોગીલાલ ગાંધી
સ્વ. તા. ૨૦-૮-૧૯૯૯, શુક્રવાર



પરમપૂજ્ય માતુશ્રી
વિમળાબેન રમણલાલ ગાંધી
સ્વ. તા. ૨૪-૩-૨૦૦૭, શનિવાર



મારા માતાપિતાના અવિરત સ્નેહથી અને ધર્મસંસ્કારના સિંચનથી મારું જીવન ધન્ય બન્યું છે. વળી, આધ્યાત્મિક વિકાસમાં પણ તેમનો પ્રત્યક્ષ અને પરોક્ષ ઉપકાર વર્તી રહ્યો છે. 'શ્રાદ્ધવિધિ પ્રકરણ'માં કહ્યું છે કે માતાપિતાનો ઉપકાર દુનિયાની ઉત્તમોત્તમ ભૌતિક સામગ્રીથી પણ વાળી શકાતો નથી, માટે જિનવચનરૂપ દ્રવ્યાનુયોગના સારભૂત 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' ગ્રંથના અધ્યયનથી જ્યારે મને નવી દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે ત્યારે એ ઉપકારી માતાપિતાને પ્રસ્તુત પુસ્તક વડે શ્રદ્ધાંજલિ...

– ઉત્તમભાઈ રમણલાલ ગાંધી
વિ.સં. ૨૦૬૮, માગશર સુદ આઠમ
તા. ૨-૧૨-૨૦૧૧, શુક્રવાર

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા,
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્‌ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. જૈનશાસન સ્થાપના
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. પ્રશ્નોત્તરી

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?
૨૫. Status of religion in modern Nation State theory
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (हिन्दी)	संकलनकर्ता : धर्मतीर्थ रक्षा समिति
૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો (ગુજ.)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. सेवो पास संखेसरो (हिन्दी)	संकलनकर्ता : ज्योतिषभाई शाह

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન

૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન

૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન

૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન

૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન

૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન

૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન

૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન

૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન

૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન

૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન

૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન

૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨

૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩

૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨

૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩

૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન

૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન

૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન

૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન

૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન

૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન

૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન

૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન

૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન

૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન

૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન

૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન

૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન

૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન

૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન

૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન

૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪

૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩

૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪

૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨

૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન

૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન

૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨

૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧

૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન

૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન

૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪

૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫

૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬

૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન

૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન

૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫

૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬

૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન

૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭

૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન

૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન

૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨

૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩

૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨

૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩

૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩

૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

૨. ધર્મતીર્થ ભાગ-૨

પ્રસ્તાવના

'દ્રવ્ય, ગુણ, પર્યાયનો રાસ' ગ્રંથ ભાગ-૧ના શબ્દશઃ વિવેચનની સંકલના વેળાએ પ્રાસ્તાવિક :-

તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલ ત્રિપદી એ જિનધર્મનો પ્રાણ છે અને એ ત્રિપદી દ્વારા જગતની વ્યવસ્થાનો બોધ થાય છે. જગતમાં રહેલા સર્વ પદાર્થો જેમ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રિલક્ષણસ્વરૂપ છે તેમ દરેક પદાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ ત્રણ સ્વરૂપે પણ છે. તેનો જ યથાર્થ બોધ કરાવવા અર્થે મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. સા.એ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' નામનો પ્રસ્તુત ગ્રંથ રચ્યો છે.

ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, મહામહોપાધ્યાયના બિરૂદને પ્રાપ્ત કરનાર પૂજ્ય શ્રીમદ્ યશોવિજયજી મ.સા.ની સરળ શૈલી અહીં પ્રગટ થાય છે. સૂક્ષ્મ પ્રજ્ઞાવાળા જ્ઞાની મહાત્માઓને તો જગતના પદાર્થોની વ્યવસ્થાનો બોધ ગણધરરચિત આગમો દ્વારા સરળતાથી થાય છે પરંતુ બાળજીવોને તેમની જ ભાષામાં સરળતાથી બોધ થાય તે માટે મહોપાધ્યાયજીએ પ્રસ્તુત ગ્રંથ ગુજરાતી ઢાળો દ્વારા સરળ ભાષામાં રચ્યો છે.

દ્રવ્યાનુયોગની મહત્તા દર્શાવવા ગ્રંથની શરૂઆતમાં ગ્રંથકારશ્રી કહે છે કે પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિના કારણરૂપ શુક્લધ્યાનના પાયામાં આ દ્રવ્યાનુયોગના ચિંતનરૂપી ઈંટની જ આવશ્યકતા છે. વળી, તેના ચિંતન માટે દ્રવ્ય અને તેના ગુણપર્યાયના લક્ષણોનો બોધ જરૂરી છે તેથી બીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયના લક્ષણોરૂપી સિમેન્ટના સ્વરૂપને બતાવ્યું. વળી, દ્રવ્યગુણપર્યાયના અભેદ સ્વરૂપનો બોધ કરાવીને ત્રીજી ઢાળમાં અભેદાત્મકતારૂપી રેતીના સ્વરૂપને આલેખ્યું. ચોથી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદાત્મક સ્વરૂપને બતાવીને દૃઢ કરવા અર્થે યુક્તિઓ અને શાસ્ત્રવચનરૂપી પાણીનું સિંચન કર્યું.

આ રીતે દ્રવ્યાનુયોગના ચિંતનરૂપી ઈંટ, દ્રવ્યગુણપર્યાયના લક્ષણોરૂપી સિમેન્ટ તથા દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદાત્મકતારૂપી રેતીના મિશ્રણમાં યુક્તિઓ અને શાસ્ત્રવચનરૂપી પાણીનાં સિંચન દ્વારા દ્રવ્યગુણપર્યાયના સૂક્ષ્મ સ્વરૂપના બોધરૂપી મજબૂત દિવાલનું નિર્માણ ઢાળ-૧થી ૪ સુધી કર્યું.

પ્રસ્તુત મજબૂત દિવાલને જોવા માટે નયપ્રમાણદૃષ્ટિરૂપ બારીઓની આવશ્યકતા છે. તેથી ઢાળ-૫થી ૮ સુધી કયા નયથી દ્રવ્યગુણપર્યાયનું કેવું સ્વરૂપ છે ? તે બતાવ્યું. અંતે ઢાળ-૯માં દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપમાં જિનેશ્વર પરમાત્મા દ્વારા પ્રણિત ત્રિપદીના સ્થાપનરૂપી દ્વારનું નિર્માણ કર્યું.

આ રીતે દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપરૂપી દિવાલ, નયપ્રમાણદૃષ્ટિરૂપી બારી અને ત્રિપદીના સ્થાપનરૂપી

દ્વારથી યુક્ત એવા શુક્લધ્યાનરૂપી મનમંદિરનું નિર્માણ કઈ રીતે થઈ શકે છે તેનો સ્પષ્ટ બોધ પ્રસ્તુત ગ્રંથની ઢાળ-૧થી ઢાળ-૯ સુધી કરાવ્યો.

પ્રસ્તુત ગ્રંથનું વિવેચન પંડિતવર્ય પૂ. શ્રી પ્રવીણભાઈ મોતા દ્વારા કરવામાં આવ્યું તેનું ગીતાર્થ ગંગાના ઉપક્રમે પુસ્તકરૂપે સંકલન કરવાનો મને મોકો મળ્યો. પૂર્વે તેઓશ્રી પાસે જ 'અધ્યાત્મસાર'નું અધ્યયન કરવાની તક મળી હતી ત્યારે તે ગ્રંથના અંતિમ ચરણમાં મોક્ષની પ્રાપ્તિ અર્થે શુક્લધ્યાનની આવશ્યકતા બાબતે પ્રકાશ પડ્યો હતો પરંતુ શુક્લધ્યાનની પ્રાપ્તિ કઈ રીતે થાય તે અંગે વિસ્તારપૂર્વક ચર્ચા ત્યાં ન હતી અને 'અધ્યાત્મસાર' બાદ તુરત જ 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' ગ્રંથનું લખાણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો તેથી શુક્લધ્યાનની પ્રાપ્તિ અર્થે જરૂરી પરિબળોનો સ્પષ્ટ બોધ આજે થઈ શક્યો છે. જો કે આ બોધ તો માત્ર શાબ્દબોધરૂપે જ થયો છે પરંતુ તેના દ્વારા જ તેને અનુકૂળ પરિણતીની ક્રમે કરીને પ્રાપ્તિ થાય એવી અભિલાષા જાગી છે.

કૃતજ્ઞ ભાવે ઉપકાર સ્મરણ :-

(૧) જગત્વર્તી પદાર્થોના સ્વરૂપની પ્રરૂપણા કરનાર શ્રી તીર્થંકર પરમાત્માનો અત્યંત ઉપકાર છે. (૨) ભગવાને કહેલી ત્રિપદી દ્વારા સારને ગ્રહણ કરીને આગમની રચના કરનાર ગણધર ભગવંતોનો અતિ ઉપકાર છે. (૩) આગમના કઠિન પદાર્થોને ગ્રહણ કરીને પોતાના ક્ષયોપશમ દ્વારા લોકભોગ્ય ભાષામાં ગ્રંથરૂપે રચના કરનાર પૂર્વાચાર્યો અને જ્ઞાની મહાત્માઓનો પણ બહુ મોટો ઉપકાર છે. (૪) પ્રસ્તુત ગ્રંથના રચયિતા મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મ.સા.નો વિશેષ ઉપકાર છે. (૫) વ્યાખ્યાનાદિ દ્વારા જિનવાણીનું શ્રવણ કરાવનાર અનેકાનેક મુનિભગવંતોનો ઉપકાર અવિસ્મરણીય છે. (૬) જૈન ધર્મના વિવિધ પાસાનું જ્ઞાન પીરસનાર ગુરુ પં. ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ શાહનો અસીમ ઉપકાર છે. પંદરેક વર્ષ પૂર્વે આ જ ગ્રંથનું અધ્યયન તેઓશ્રી દ્વારા કરાવવાનું શરૂ થયેલ પરંતુ મારી સાથેના અન્ય સહાધ્યાયીઓ અને મને પણ તે સમયે પ્રસ્તુત પદાર્થો સમજવાની ભૂમિકા પ્રાપ્ત થઈ ન હોવાથી લગભગ અડધેથી અપૂર્ણ રહી ગયેલ, જે આજે પૂર્ણ થઈ શક્યું છે. જો કે આજે પણ પં. ડૉ. શ્રી જિતેન્દ્રભાઈ શાહ 'યોગશતક'નું અધ્યયન કરાવી રહ્યા છે. (૭) લોકભોગ્ય ભાષામાં રચાયેલા પ્રસ્તુત ગ્રંથને પણ સમજવાની મારી મતિ સમર્થ ન હોવાથી તેના વિશેષ વિવેચન દ્વારા સ્પષ્ટ બોધ કરાવનાર પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાનો મારા પર ઘણો ઉપકાર છે. (૮) યુવાન વયે ધર્મ પ્રત્યે પણ ઘૃણા ધરાવનાર મારામાં જૈન ધર્મનો પ્રભાવ અને પ્રીતિ જગાડનાર મારા પતિ ડૉ. હેમંતભાઈ પરીખનો ઉપકાર અત્રે સ્મરું છું. (૯) જૈન ધર્મના વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ અર્થે સમયની સાનુકૂળતા કરાવી આપનાર પૂ. વડીલો તથા સર્વ કુટુંબીજનોનો પણ ઉપકાર ભૂલી ન જ શકાય. (૧૦) જૈનકુળમાં જન્મ આપનાર, સુસંસ્કારોનું સિંચન કરનાર માતાપિતાના ઉપકારને અત્રે યાદ કરીને પ્રણામ કરું છું.

તત્ત્વજિજ્ઞાસુ વાચકને પણ પ્રસ્તુત ગ્રંથના વાંચન દ્વારા શુક્લધ્યાનને યોગ્ય પરિણતીની પ્રાપ્તિ અર્થે અભિલાષા થાય અને તે અભિલાષા પૂર્ણ કરવામાં દેવગુરુની કૃપા પ્રાપ્ત થાય એ જ અભ્યર્થના સહ.

છદ્મસ્થતાને કારણે જિનેશ્વર દેવની આજ્ઞા વિરુદ્ધ અને ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો 'ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં'.

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ વદ-૮,
તા. ૨૨-૮-૨૦૧૧, સોમવાર
૨૧, તેજપાળ સોસાયટી,
ફતેહનગર બસસ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૯૪૨૭૮૦૩૨૬૫

— પારૂલ હેમંતભાઈ પરીખ

સંકલના

'દ્રવ્ય, ગુણ, પર્યાયનો રાસ' ઢાળ-૧થી ઢાળ-૯ની સંકલના :-

જગત્વર્તી સર્વ પદાર્થો દ્રવ્ય અને પર્યાયસ્વરૂપ છે, જે સર્વ જીવોને દૃષ્ટથી અનુભૂત છે અને પોતાનો આત્મા પણ સ્વસંવેદનથી પ્રતીત છે. જેમ, પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપે જન્મથી માંડીને 'હું જ્ઞાનસ્વરૂપ છું' તે રીતે સ્વસંવેદનથી પ્રતીત છે અને પ્રતિક્ષણ નવા નવા જ્ઞાનનો ઉપયોગ અને નવા નવા કષાયનો ઉપયોગ અન્ય અન્યરૂપે પ્રતીત છે તેથી જગત્વર્તી સર્વ દ્રવ્યો દ્રવ્યરૂપે નિત્ય છે અને તે તે પર્યાયરૂપે પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. તેના સ્વરૂપનો જ વિસ્તારથી બોધ કરાવવા અર્થે દ્રવ્યની અને ગુણપર્યાયની વિચારણા કરાય છે અર્થાત્ દ્રવ્યના પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવે તેવી વિચારણા કરાય છે અને પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ દ્રવ્યગુણપર્યાયના રાસની રચના દ્વારા દ્રવ્યાનુયોગથી જ પોતાના આત્માને ભાવિત કરવા અર્થે અને ભવ્ય જીવોને દ્રવ્યાનુયોગનો સૂક્ષ્મ બોધ કરાવવા અર્થે પ્રયત્ન કર્યો છે.

ઢાળ-૧ :-

ત્યાં પ્રથમ ઢાળમાં ગ્રંથકારશ્રી કહે છે કે, "ભગવાનના શાસનમાં સર્વ પદાર્થો ચાર અનુયોગમાં વિભક્ત છે – (૧) ચરણકરણાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) ધર્મકથાનુયોગ (૪) દ્રવ્યાનુયોગ. તેમ બતાવીને તે ચારેય યોગોમાંથી દ્રવ્યાનુયોગ એ પૂર્વના ત્રણ અનુયોગો કરતાં શ્રેષ્ઠ છે, ફક્ત પૂર્વના અનુયોગની પ્રાપ્તિના બળથી જ ઉત્તરના અનુયોગમાં જવાનું બળ સંચય થાય છે તેથી પ્રથમ ચરણકરણાનુયોગ કહેલ છે તોપણ દ્રવ્યાનુયોગના ભાવનથી આત્માની મૂઢતાનો અત્યંત પરિહાર થાય છે, સર્વજ્ઞના વચનાનુસાર જગત્વર્તી પદાર્થોની વ્યવસ્થાનું યથાર્થ જ્ઞાન થાય છે. વળી, સમ્યગ્ જ્ઞાન હંમેશાં પોતાના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરાવે છે અને મૂઢતાથી ઉત્પન્ન થયેલ મિથ્યાજ્ઞાન સુખના અર્થી જીવોને પણ દુઃખના ઉપાયમાં પ્રવૃત્તિ કરાવે છે. વળી, મૂઢતાના પરિહારનો ઉપાય સમ્યક્ત્વ છે અને સમ્યક્ત્વ પદાર્થના વાસ્તવિક સ્વરૂપના અવલોકનસ્વરૂપ છે. જગત્વર્તી પદાર્થો જે રીતે રહેલા છે તે જ સ્વરૂપે સર્વજ્ઞએ કેવળજ્ઞાનથી જોઈને દ્રવ્યાનુયોગમાં બતાવ્યા છે અને સર્વજ્ઞના વચનનું અવલંબન લઈને તેનો યથાર્થ બોધ કરવામાં આવે, સ્વઅનુભવ અનુસાર અને યુક્તિઅનુસાર તેનું સમ્યક્ અવલોકન કરવામાં આવે તો, જેમ, અંધપુરુષને હાથના સ્પર્શથી ઘટના સ્વરૂપનું જ્ઞાન થાય છે તેમ, છદ્મસ્થ એવા પ્રાજ્ઞ વિચારકને શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવ અનુસાર અતીન્દ્રિય પદાર્થનું જ્ઞાન થાય છે અને તેના બળથી જ તેનો સૂક્ષ્મ સૂક્ષ્મ બોધ કરીને જ્ઞાનાવરણીય કર્મનું ઉન્મૂલન કરે તો તેનું સમ્યગ્ જ્ઞાન જીવને સમ્યગ્ બોધ, સમ્યગ્ રુચિ અને એકાંતે નિરાકુળ અવસ્થારૂપ સુખમાં પ્રવૃત્તિ કરાવીને પૂર્ણ સુખની પ્રાપ્તિનું કારણ બને છે માટે ચારેય અનુયોગમાં દ્રવ્યાનુયોગ મોટો યોગ છે તેમ યુક્તિથી અને શાસ્ત્રવચનથી ગ્રંથકારશ્રીએ પ્રથમ ઢાળમાં સ્થાપન કરેલ છે.

ઢાળ-૨ :-

પ્રથમ ઢાળમાં ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી કે "દ્રવ્યગુણપર્યાયના રાસ દ્વારા હું દ્રવ્યાનુયોગનો વિચાર કરીશ" તેથી ઢાળ-૨માં દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ બતાવે છે જેથી દરેક પદાર્થો ગુણપર્યાયવાળા છે છતાં દ્રવ્યમાં રહેલા ગુણો અને પર્યાયો શું છે ? અને ગુણ-પર્યાયના આધારભૂત દ્રવ્ય શું છે ? તેનો યથાર્થ બોધ થાય. વળી, તે દ્રવ્યગુણપર્યાયનો કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ છે એ પ્રકારના સ્યાદ્વાદના વચનની મર્યાદા છે તોપણ બીજી ઢાળમાં પ્રથમ યુક્તિથી દ્રવ્યગુણપર્યાયનો ભેદ બતાવે છે જેથી દ્રવ્યગુણપર્યાયનો એકાંત અભેદ નથી તેનો સ્પષ્ટ બોધ થાય.

ઢાળ-૩ :-

ત્યારપછી ત્રીજી ઢાળમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદ કઈ અપેક્ષાએ છે ? તે અનુભવ અને યુક્તિઅનુસાર બતાવે છે અને જે દર્શનકારો દ્રવ્યગુણપર્યાયનો એકાંત ભેદ માને છે તેમનું તે વચન કઈ રીતે સંગત નથી તે પણ યુક્તિ અને અનુભવઅનુસાર ત્રીજી ઢાળમાં બતાવેલ છે.

ઢાળ-૪ :-

આ રીતે ઢાળ-૨ અને ઢાળ-૩થી દ્રવ્યગુણપર્યાયના લક્ષણનો બોધ કરાવીને તે દ્રવ્યગુણપર્યાયનો કઈ દૃષ્ટિથી ભેદ છે ? અને કઈ દૃષ્ટિથી અભેદ છે ? તે યુક્તિ અને સ્વઅનુભવઅનુસાર બતાવ્યું. ત્યાં મુગ્ધમતિ વિચારકને શંકા થાય કે જો દ્રવ્યગુણપર્યાયનો ભેદ હોય તો 'અભેદ છે' એમ કહેવું એ વચન વિરોધી છે અને જો દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર અભેદ હોય તો 'ભેદ છે' એમ કહેવું એ વચન પણ વિરોધી છે. જેમ, જ્યાં છાયા છે ત્યાં આતાપ છે એમ કહેવાય નહીં અને જ્યાં આતાપ છે ત્યાં છાયા છે એમ કહેવાય નહીં, તેમ, જે દ્રવ્યગુણપર્યાયનો અભેદ છે તેનો ભેદ છે એમ કહેવાય નહીં અને જે દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે તેનો અભેદ છે એમ કહેવાય નહીં. તેના નિરાકરણ અર્થે "દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ પણ નથી, અભેદ પણ નથી પરંતુ ભેદાભેદ જ છે અને ભેદાભેદનો પરસ્પર કોઈ વિરોધ નથી" તેમ ઢાળ-૪માં યુક્તિ અને શાસ્ત્રવચન અનુસાર બતાવેલ છે, એટલું જ નહીં પરંતુ જગતના સર્વ દ્રવ્યોનો પરસ્પર એકાંત ભેદ નથી, એકાંત અભેદ નથી અને ભેદાભેદસ્વરૂપ જ જગત છે તેનું વિસ્તારથી વર્ણન ઢાળ-૪માં કરેલ છે. વળી, દ્રવ્યગુણપર્યાય ભેદાભેદાત્મક જ છે અને ભગવાનના શાસનમાં પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવા માટે સપ્તભંગીનો પ્રયોગ થાય છે માટે તે સપ્તભંગી ભેદાભેદાત્મક પદાર્થને જ અનુભવ અનુસાર બતાવે છે તેનું વિસ્તારથી વર્ણન ઢાળ-૪માં કરેલ છે.

આ રીતે ઢાળ-૨થી માંડીને ઢાળ-૪ સુધી દ્રવ્યગુણપર્યાયનું સ્વરૂપ બતાવ્યું. વળી, તેનો પરસ્પર ભેદ કઈ અપેક્ષાએ છે અને પરસ્પર અભેદ કઈ અપેક્ષાએ છે તે બતાવેલ છે. વળી, એક જ દ્રવ્ય-ગુણ-પર્યાયનો

પરસ્પર ભેદ અને અભેદનો વિરોધ નથી પરંતુ ભિન્ન દૃષ્ટિથી તે ત્રણેનો ભેદ છે અને ભિન્ન દૃષ્ટિથી ત્રણેનો અભેદ છે તેમ સ્થાપન કર્યું.

ઢાળ-૫ :-

હવે, પદાર્થને જોવા માટે પ્રવૃત્ત જે ઉપયોગ છે તે જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન નયસ્વરૂપ અને પ્રમાણસ્વરૂપ છે તેથી દ્રવ્યગુણપર્યાયને જોનારી નયદૃષ્ટિ અને પ્રમાણદૃષ્ટિ કઈ રીતે તે દ્રવ્યગુણપર્યાયના પરસ્પર ભેદ અને અભેદ બતાવે છે? તેની વિચારણા પાંચમી ઢાળની ગાથા-૬ સુધી બતાવેલ છે. વળી, દિગંબરો તે નયપ્રમાણની દૃષ્ટિને છોડીને સાત નયોને બદલે નવ નયોની અને ઉપનયોની કલ્પના કરે છે તથા નિશ્ચયનય અને વ્યવહારનયને અધ્યાત્મનય સ્વીકારે છે તેનું સ્વરૂપ ઢાળ-૫માં ગાથા-૭થી માંડીને અંત સુધી કંઈક અંશથી બતાવેલ છે.

ઢાળ-૬,૭,૮ :-

ત્યારબાદ ઢાળ-૬, ઢાળ-૭ અને ઢાળ-૮ની ગાથા-૭ સુધી દિગંબરના મતાનુસાર નવ નયોનું અને ઉપનયોનું વિસ્તારથી વર્ણન કર્યું છે, જે દિગંબર મતાનુસાર દેવસેનકૃત નયચક્રમાં વર્તમાનમાં પણ તે પ્રમાણે જ ઉપલબ્ધ છે.

વળી, દિગંબરોના સર્વ કથન તદ્દન અસંબદ્ધ નથી પરંતુ સ્યાદ્વાદની યુક્તિ અનુસાર જ છે છતાં વિભાગવાક્યની મર્યાદાના અજ્ઞાનને કારણે સાત નયને બદલે નવ નયો કહીને સ્યાદ્વાદની મર્યાદાનું દિગંબર પ્રક્રિયાઅનુસાર કઈ રીતે ઉલ્લંઘન થાય છે ? તથા નય, ઉપનય ઇત્યાદિ કલ્પનાઓ કઈ રીતે વ્યર્થ છે ? અને ઉપનયનું દિગંબરોનું કથન કઈ રીતે નયોમાં અંતર્ભાવ પામે છે ? તે સર્વનું વિસ્તારથી વર્ણન ઢાળ-૮ની ગાથા-૮થી માંડીને અંત સુધી ગ્રંથકારશ્રીએ કરેલ છે, જેનાથી શાબ્દબોધની મર્યાદા, સ્યાદ્વાદની યુક્તિઓ અને પદાર્થને નિપુણતાપૂર્વક જોવાની માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે છે તેથી 'આ સ્વકીય મત છે,' 'આ પરકીય મત છે' તેવી બુદ્ધિ કરીને 'આપણું છે માટે સાચું છે, દિગંબરનું છે માટે મૃષા છે' તેવો આગ્રહ કર્યા વગર નિપુણ પ્રજ્ઞાથી પદાર્થના સ્વરૂપને જોવા માટે યત્ન કરવામાં આવે તો સર્વજ્ઞના વચનનો જ યથાર્થ બોધ થાય છે. વળી, દિગંબરની પ્રક્રિયામાં પણ સર્વજ્ઞના વચનાનુસારી કયા પદાર્થ છે ? અને કયા સ્થાને દિગંબરની પ્રક્રિયા અનુસાર સર્વજ્ઞના વચનનું ઉલ્લંઘન થાય છે ? તેનો યથાર્થ બોધ થાય છે.

ઢાળ-૯ :-

આ રીતે અત્યારસુધી દ્રવ્યગુણપર્યાયનો અનેક દૃષ્ટિઓથી બોધ કરાવ્યો. હવે ભગવાનના શાસનની ઉત્પત્તિ **"उपनेइ वा विगमेइ वा; धुवेइ वा"** એ ત્રિપદીથી થયેલી છે અને તે વચનાનુસાર દ્રવ્યગુણપર્યાયનો રાસ કઈ રીતે સંગત થાય છે ? તેની વિસ્તૃત ચર્ચા ઢાળ-૯માં કરેલ છે. આ ચર્ચામાં એકાંતનિત્યવાદી કે

એકાંતક્ષણિકવાદીના મતનું પણ સમાલોચન કરીને દરેક પદાર્થ ત્રણ લક્ષણસ્વરૂપ જ છે, તેનું સ્થાપન કરેલ છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ વદ-૫,
તા. ૧૯-૮-૨૦૧૧, શુક્રવાર
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
	ઢાળ-૧	
૧	મંગલપૂર્વક દ્રવ્યાનુયોગના વિચારની પ્રતિજ્ઞા અને ચાર અનુયોગનું સંક્ષેપથી સ્વરૂપ.	૧-૩
૨	દ્રવ્યાનુયોગના વિચારથી જ ચરણકરણાનુયોગની સફળતા.	૪-૫
૩-૪	દ્રવ્યાનુયોગ મોટો યોગ, ચરણકરણાનુયોગ નાનો યોગ.	૫-૧૧
૫	બાહ્યક્રિયા અને દ્રવ્યાનુયોગ વચ્ચે ભેદ.	૧૧-૧૩
૬	દ્રવ્યાનુયોગના ચિંતનથી શુક્લધ્યાનની પ્રાપ્તિ.	૧૩-૧૬
૭	ઓઘથી દ્રવ્યાનુયોગના રાગને કારણે ગુણસ્થાનકની પ્રાપ્તિ.	૧૬-૧૮
૮	ગીતાર્થ ગુરુને આધીન દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ.	૧૮-૨૦
૯	'સમ્મતિ', 'તત્ત્વાર્થ સૂત્ર' વગેરે દ્રવ્યાનુયોગના ગ્રંથો.	૨૦-૨૨
	ઢાળ-૨	
૧	દ્રવ્યનું લક્ષણ.	૨૩-૨૮
૨	ગુણપર્યાયનું લક્ષણ.	૨૮-૩૨
૩	દ્રવ્યગુણપર્યાયના ભેદનું દૃષ્ટાંત.	૩૨-૩૫
૪	ઊર્ધ્વતાસામાન્યનું સ્વરૂપ.	૩૫-૩૯
૫	તિર્યક્સામાન્યનું સ્વરૂપ અને તિર્યક્સામાન્ય વિષયક દિગંબરની કુયુક્તિનું નિરાકરણ.	૩૯-૪૨
૬-૮	ઊર્ધ્વતાસામાન્યના બે ભેદો અને તેના દૃષ્ટાંતો.	૪૨-૪૭
૯	વ્યવહારનયથી અને નિશ્ચયનયથી કાર્યકારણનું સ્વરૂપ.	૪૭-૫૧
૧૦-૧૩	ગુણને શક્તિરૂપે સ્વીકારનાર દિગંબરમતનું નિરાકરણ.	૫૧-૬૫
૧૪-૧૬	દ્રવ્યગુણપર્યાયના પરસ્પર કઈ રીતે ભેદ છે તેની સ્પષ્ટતા.	૬૫-૭૨
	ઢાળ-૧-૨નું યોજન સ્વરૂપ	૭૨-૭૮
	ઢાળ-૩	
૧	દ્રવ્યગુણપર્યાયનો કથંચિત્ અભેદ	૭૯-૮૧
૨-૬	દ્રવ્યગુણપર્યાયના અભેદની યુક્તિ	૮૧-૯૧

ગાથા નં.	વિષય	પાના નં.
૭-૮	દ્રવ્યગુણપર્યાયનો અભેદ ન સ્વીકારવામાં પ્રાપ્ત થતા દોષો	૯૨-૯૭
૯-૧૪	દ્રવ્યથી ગુણપર્યાયને પૃથક્ સ્વીકારનાર નૈયાયિકના મતનું યુક્તિપૂર્વક નિરાકરણ.	૯૭-૧૦૮
૧૫	નૈયાયિકના મતે દ્રવ્યગુણપર્યાયનો ભેદ, સાંખ્યના મતે અભેદ અને જૈન મતે ભેદાભેદ.	૧૦૮-૧૧૧
	ઢાળ-૩નું યોજન સ્વરૂપ.	૧૧૨-૧૧૪
	ઢાળ-૪	
૧	દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ-ઉભય સ્વીકારવામાં વિરોધનું ઉદ્ભાવન	૧૧૫-૧૧૮
૨-૭	દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદની સ્થાપક યુક્તિ	૧૧૯-૧૩૧
૮-૧૪	દ્રવ્યગુણપર્યાયનો કઈ દૃષ્ટિથી ભેદ ? અને કઈ દૃષ્ટિથી અભેદ ? તેનું સ્થાપન કરનાર યુક્તિ અને પદાર્થના ભેદાભેદને આશ્રયીને થતી સર્વ સપ્તભંગીનું સ્વરૂપ	૧૩૫-૧૫૯
	ઢાળ-૪નું યોજન સ્વરૂપ	૧૬૦-૧૬૪
	ઢાળ-૫	
૧	દરેક પદાર્થો પરમાર્થથી દ્રવ્યગુણપર્યાયરૂપ અને નયદૃષ્ટિથી દ્રવ્યરૂપ કે પર્યાયરૂપ	૧૬૫-૧૭૧
૨	દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો અભેદ અને ઉપચારથી ભેદ	૧૭૧-૧૭૩
૩	પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને ઉપચારથી અભેદ	૧૭૩-૧૭૪
૪	પ્રમાણ અને નય વચ્ચેનો ભેદ	૧૭૫-૧૭૭
૫-૬	નયદૃષ્ટિમાં પણ ઉપચારથી અન્ય નયનો વિષય ન સ્વીકારવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ	૧૭૭-૧૮૨
૭	નયપ્રમાણનો માર્ગ છોડીને દિગંબર મતાનુસાર ઉપનયની કલ્પના	૧૮૨-૧૮૩
૮	દિગંબર મતાનુસાર નય, ઉપનયવિષયક માન્યતાનું સ્વરૂપ	૧૮૩-૧૮૪
૯-૧૯	દિગંબર મતાનુસાર દ્રવ્યાર્થિકનયના દસ ભેદોનું સ્વરૂપ	૧૮૪-૨૦૦

ગાથા નં.	વિષય	પાના નં.
	ઢાળ-૬	
૧-૬	દિગંબર મતાનુસાર પર્યાયાર્થિકનયના છ ભેદોનું સ્વરૂપ	૨૦૧-૨૦૯
૨	દિગંબર મતાનુસાર જે વિભાગોની પ્રક્રિયા છે તેમાં સાચા-ખોટા વિષયક વિવેક કરવાનું સૂચન	૨૦૧-૨૦૩
૭-૧૦	નૈગમનયના ત્રણ ભેદોનું સ્વરૂપ	૨૦૯-૨૧૬
૧૧	સંગ્રહનયના બે ભેદોનું સ્વરૂપ	૨૧૬-૨૧૭
૧૨	વ્યવહારનયના બે ભેદોનું સ્વરૂપ	૨૧૭-૨૧૯
૧૩	ઋજુસૂત્રનયનું સ્વરૂપ	૨૧૯-૨૨૦
૧૪	શબ્દનયનું અને સમભિરૂઢનયનું સ્વરૂપ	૨૨૧-૨૨૩
૧૫	એવંભૂતનયનું સ્વરૂપ	૨૨૪-૨૨૫
૧૬	દિગંબરના મતાનુસાર સાત નયો અને ઉપનયોમાંથી યથાર્થ અર્થ ગ્રહણ કરવાનું સૂચન	૨૨૫-૨૨૬
	ઢાળ-૭	
૧-૪	સદ્‌ભૂત વ્યવહારનયનું સ્વરૂપ	૨૨૭-૨૩૦
૫-૧૧	અસદ્‌ભૂત વ્યવહારનયના નવ ભેદોનું સ્વરૂપ	૨૩૦-૨૩૬
૧૨-૧૮	અસદ્‌ભૂત વ્યવહારનયના ત્રણ ભેદોનું સ્વરૂપ	૨૩૬-૨૪૫
૧૯	ઉપનય અને અધ્યાત્મનયના વિષયક પરીક્ષાના વિવેકનું સૂચન	૨૪૫-૨૪૬
	ઢાળ-૮	
૧-૭	દેવસેનકૃત 'નયચક્ર'માં કહેલા અધ્યાત્મના બે નયોનું સ્વરૂપ	૨૪૭-૨૫૫
૮-૧૧	દિગંબર મતાનુસાર નવ નયોનું કથન સ્યાદ્વાદની મર્યાદાનુસાર ઉચિત નથી તેનું યુક્તિથી અને શાસ્ત્રવચનથી સ્થાપન	૨૫૫-૨૬૨
૧૨-૧૩	સાત નયોવિષયક શ્વેતાંબરની પ્રક્રિયાનુસાર ભિન્ન ભિન્ન આચાર્યોની દૃષ્ટિથી વિભાગના ભેદનું સ્વરૂપ	૨૬૨-૨૬૮
૧૪-૧૮	પાંચ નયમાં સાત નયનો અંતર્ભાવ સંમત હોવા છતાં સાત નયોને છોડીને નવ નયોની દિગંબરની પ્રક્રિયાની અસંગતિની સ્થાપક યુક્તિ	૨૬૮-૨૮૪

ગાથા નં.	વિષય	પાના નં.
૧૯	દિગંબરોએ કલ્પેલા ઉપનયોનો વ્યવહારનયમાં અંતર્ભાવ	૨૮૪-૨૮૬
૨૦-૨૩	દિગંબરો નિશ્ચયનયના ઉપચારને સ્વીકારતા નથી તેનું નિરસન	૨૮૬-૩૦૦
૨૪	નિશ્ચયનયના અને વ્યવહારનયના ભેદોમાં દિગંબરોના કથનમાં ન્યૂનતાનો દોષ	૩૦૦-૩૦૨
૨૫	દિગંબરની પ્રક્રિયાને વિવેકપૂર્વક ગ્રહણ કરવાનું સૂચન	૩૦૨-૩૦૩
	ઢાળ-૫ થી ઢાળ-૮નું યોજન સ્વરૂપ	૩૦૩-૩૦૫
	ઢાળ-૯	
૧-૫	ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સાથે દ્રવ્યગુણપર્યાયનું યોજન	૩૦૬-૩૨૫
૬-૭	ધ્રૌવ્ય નહીં સ્વીકારનાર બૌદ્ધ મતમાં પ્રાપ્ત થતા દોષો	૩૨૫-૩૩૪
૮-૧૩	ઘટનાશ અને મુગટની ઉત્પત્તિનો એકાંત ભેદ સ્વીકારનાર નૈયાયિક મતનું નિરાકરણ	૩૩૪-૩૫૯
૧૪-૧૮	દરેક પદાર્થોમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણોની સમર્થક યુક્તિઓ	૩૫૯-૩૭૦
૧૯-૨૩	ઉત્પાદના બે ભેદોનું સ્વરૂપ	૩૭૦-૩૮૧
૨૪-૨૬	નાશના બે ભેદોનું સ્વરૂપ	૩૮૧-૩૮૬
૨૭	ઋજુસૂત્રનયથી અને સંગ્રહનયથી ધ્રુવભાવનું સ્વરૂપ	૩૮૭-૩૮૮
૨૮	સર્વ પદાર્થોમાં ત્રણ લક્ષણના ભાવનથી વિસ્તારરુચિ સમ્યક્ત્વની પ્રાપ્તિ	૩૮૯-૩૯૦
	ઢાળ-૯નું યોજન સ્વરૂપ	૩૯૧-૩૯૩

❋ ❋ ❋

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-શ્રીમદ્ યશોવિજયજી મહારાજા વિરચિત
સ્વોપજ્ઞટબા સહિત

દ્રવ્યગુણપર્યાયનો રાસ ભાગ-૧

શબ્દશઃ વિવેચન

ઢાળ-૧

સ્વોપજ્ઞ ટબાનું મંગલાચરણ :-

ऐन्द्रश्रेणिनतं नत्वा जिनं तत्त्वार्थदेशिनम् ।
प्रबन्धे लोकवाचाऽत्र लेशार्थः कश्चिदुच्यते ।।१।।

અન્વયાર્થ :-

ऐन्द्रश्रेणिनतं=ઇન્દ્રની શ્રેણીથી નમાયેલા, तत्त्वार्थदेशिनम्=તત્ત્વાર્થનો ઉપદેશ આપનારા એવાં, जिनं=જિનને, नत्वा=નમસ્કાર કરીને, अत्र प्रबन्धे=આ પ્રબંધમાં, लोकवाचा=લોકવાણીથી, कश्चित् लेशार्थः=કંઈક અલ્પ અર્થ, उच्यते=કહેવાય છે.

અવતરણિકા :-

તિહાં પ્રથમ ગુરુનઈં નમસ્કાર કરીનઈં પ્રયોજન સહિત અભિધેય દેખાડઈ છઈ-

અવતરણિકાર્થ :-

ત્યાં=દ્રવ્યગુણપર્યાયના રાસમાં, પ્રથમ ગુરુને નમસ્કાર કરીને પ્રયોજન સહિત અભિધેય દેખાડે છે –

ગ્રંથકારશ્રીની ટિપ્પણી :-

પહિલઇ બિ પદે મંગલાચરણ દેખાડ્યું-નમસ્કાર કર્યાં તે (૧), આત્માર્થી ઇહાં અધિકારી (૨), તેહનઈ અવબોધ થારયઈ-ઉપકારરૂપ પ્રયોજન (૩), દ્રવ્યનો અનુયોગ તે ઇહાં અધિકાર (૪).

ટિપ્પણીનો અર્થ :-

(૧) ગાથાનાં પહેલાં બે પદમાં મંગલાચરણ દેખાડ્યું, તે નમસ્કાર કર્યો છે. (૨) આત્માર્થી અહીં અધિકારી છે=આ ગ્રંથમાં અધિકારી છે, (૩) તેને દ્રવ્યાનુયોગનો અવબોધ થાય તે ઉપકારરૂપ પ્રયોજન છે અને (૪) દ્રવ્યનો અનુયોગ તે અહીં=પ્રસ્તુત ગ્રંથમાં અધિકાર છે. આ રીતે પ્રયોજનાદિની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ કરી છે.

ગાથા :-

શ્રી ગુરુ જીતવિજય મનિ ધરી, શ્રીનયવિજય સુગુરુ આદરી;
આતમ-અરથીનઇં ઉપકાર, કરું દ્રવ્ય-અનુયોગ-વિચાર. ॥૧/૧॥

ગાથાર્થ :-

શ્રી જિતવિજય ગુરુને મનમાં ધારણ કરીને, શ્રી નયવિજય સુગુરુને આદર કરીને, આત્માના અર્થીના ઉપકાર માટે દ્રવ્યઅનુયોગનો વિચાર કરું છું. ॥૧/૧॥

ટબો :-

શ્રી જીતવિજય પંડિત; અનઇં શ્રી નયવિજય પંડિત એ બેહુ ગુરુનઇં ચિત્તમાંહિ સંભારીનઇં, આતમાર્થી-જ્ઞાનરુચિ જીવના ઉપકારનઇં હેતઇં દ્રવ્યાનુયોગ વિચાર કરું છું. અનુયોગ કહિઇં-સૂત્રાર્થ વ્યાખ્યાન. તેહના ૪ ભેદ શાસ્ત્રઇં કહિયા. ચરણકરણાનુયોગ-આચાર વચન, આચારાઙ્ગ પ્રમુખ ૧, ગણિતાનુયોગ-સંખ્યાશાસ્ત્ર, ચન્દ્રપ્રજ્ઞપ્તિપ્રમુખ ૨, ધર્મકથાનુયોગ-આખ્યાયિકા વચન, જ્ઞાતાપ્રમુખ ૩, દ્રવ્યાનુયોગ-ષટ્દ્રવ્યવિચાર, સૂત્રમધ્યે-સૂત્રકૃતાઙ્ગ્. પ્રકરણમધ્યે સમ્મતિ, તત્ત્વાર્થ પ્રમુખ મહાશાસ્ત્ર ૪. તે માટિં એ પ્રબંધ કીજઇં છઇં. તિહાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાય વિચાર છઇ, તેણઇં એ દ્રવ્યાનુયોગ જાણવો. ॥૧/૧॥

ટબાર્થ :-

શ્રી જિતવિજય પંડિત અને શ્રી નયવિજય પંડિત એ બેઉ ગુરુને ચિત્તમાં સંભારીને આત્માર્થી=જ્ઞાનરુચિવાળા જીવના, ઉપકારના હેતુથી દ્રવ્યઅનુયોગનો હું વિચાર કરું છું. અનુયોગ કહીએ-સૂત્રાર્થનું વ્યાખ્યાન=સૂત્રના અર્થનું કથન તે અનુયોગ કહેવાય. તેના ચાર ભેદ શાસ્ત્રમાં કહ્યા છે. (૧) ચરણકરણાનુયોગ—આચારવચન છે અને તે આચારવચન આચારાંગ પ્રમુખ શાસ્ત્રરૂપ છે.

(૨) ગણિતાનુયોગ–સંખ્યાશાસ્ત્ર છે અને તે ચંદ્રપ્રજ્ઞપ્તિપ્રમુખ શાસ્ત્રરૂપ છે. (૩) ધર્મકથાનુયોગ–આખ્યાયિકાવચન છે અને તે જ્ઞાતાપ્રમુખ શાસ્ત્રરૂપ છે=જ્ઞાતાધર્મકથા આદિ આગમો છે. (૪) દ્રવ્યાનુયોગ-ષડ્દ્રવ્યનો વિચાર છે અને તે સૂત્રમાં=આગમમાં, સૂત્રકૃતાંગ શાસ્ત્રરૂપ છે. પ્રકરણમાં=આગમના પદાર્થોને ગ્રહણ કરીને પાછળના સૂરિઆચાર્યો વડે રચાયેલા પ્રકરણ ગ્રંથોમાં, સમ્મતિ-તત્ત્વાર્થ પ્રમુખ મહાશાસ્ત્ર છે. તે માટે=શાસ્ત્રમાં ચાર અનુયોગ કહ્યા છે અને તે ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગ છે તે માટે, એ પ્રબંધ કરાય છે="દ્રવ્યગુણપર્યાયનો રાસ" રૂપ પ્રબંધ કરાય છે અને તેમાં પણ="દ્રવ્યગુણપર્યાયનો રાસ" એ રૂપ પ્રબંધમાં, દ્રવ્ય, ગુણ, પર્યાયનો વિચાર છે. તેથી આને દ્રવ્યાનુયોગ જાણવો. ॥૧/૧॥

ભાવાર્થ :-

દ્રવ્યગુણપર્યાયના રાસની પ્રથમ મૂળ ગાથામાં ગ્રંથકારશ્રીએ પ્રથમ ગુરુને નમસ્કાર કરીને ગ્રંથનું પ્રયોજન અને ગ્રંથનો વિષય બતાવ્યો છે અને ગુરુ તરીકે શ્રી જિતવિજયજી પંડિત અને શ્રી નયવિજયજી પંડિતને સંભારીને ગ્રંથકારશ્રીએ જ્ઞાનરુચિવાળા જીવના ઉપકાર માટે દ્રવ્યાનુયોગનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરી છે; કેમ કે ભગવાનના શાસનની મર્યાદાનુસાર છ દ્રવ્યનો વિચાર કરવામાં આવે તો જગતની યથાર્થ વ્યવસ્થાનું જ્ઞાન થાય છે અને તે વ્યવસ્થાને જાણીને જ્ઞાનરુચિજીવો દ્રવ્યાનુયોગના ચિંતવનના બળથી સંસારસાગરને પાર પામી શકે છે.

ગ્રંથકારશ્રીએ કહ્યું કે, દ્રવ્યાનુયોગનો હું વિચાર કરીશ. તેથી જિજ્ઞાસા થાય કે, અનુયોગ શું છે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે, સૂત્રના અર્થનું યથાર્થ વ્યાખ્યાન કરવામાં આવે તે અનુયોગ કહેવાય; કેમ કે 'अनुयोजनं अनुयोगः' એ પ્રકારની વ્યુત્પત્તિ છે. તેથી સૂત્રોનું અર્થ સાથેનું યોજન તે અનુયોગ કહેવાય અને તે અનુયોગના ચાર ભેદો શાસ્ત્રમાં કહ્યા છે; કેમ કે શાસ્ત્રના પદાર્થો આ ચાર વિભાગમાં વિભક્ત છે અને તે ચાર અનુયોગના સ્વરૂપને જાણીને જે જે અનુયોગ જે જે પ્રકારે ઉપકારક થાય તે તે પ્રકારે તે તે અનુયોગનું આલંબન લઈને આત્માને ભાવિત કરવામાં આવે તો સૂત્રના અર્થથી આત્મા ભાવિત બને.

(૧) વળી, આ ચારે અનુયોગમાં પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરનો અનુયોગ અધિક ગુણકારી છે, તોપણ ચરણકરણાનુયોગનું સેવન કર્યા વગર ઉત્તરના અનુયોગો આત્મામાં નિષ્પન્ન થઈ શકે નહીં. તેથી શાસ્ત્રકારોએ સર્વપ્રથમ ચરણકરણાનુયોગને કહ્યો છે.

(૨) વળી, ચરણાનુયોગનો યથાર્થ બોધ કરીને અને જીવનમાં સેવીને મહાત્મા અધિક નિર્લેપતા અર્થે ગણિતાનુયોગનાં શાસ્ત્રોને ભણે છે અને ગણિતાનુયોગથી આત્માને વાસિત કરે છે. જેથી આચારના સેવનથી થયેલી શુદ્ધિ અતિશયવાળી થાય છે.

(૩) વળી, ગણિતાનુયોગના સેવન પછી ધર્મકથાનુયોગના સેવનથી આત્માને વાસિત કરવામાં આવે ત્યારે વિશેષ નિર્લેપતા પ્રગટે છે.

(૪) વળી, ધર્મકથાનુયોગથી મુનિનો આત્મા વાસિત થયા પછી દ્રવ્યાનુયોગના ચિંતવનથી ભાવિત થાય અને વીર્યનો પ્રકર્ષ થાય તો ક્ષપકશ્રેણી માંડે છે, માટે ચારેય અનુયોગમાં દ્રવ્યાનુયોગ સર્વશ્રેષ્ઠ છે અને તે દ્રવ્યાનુયોગનો વિચાર કરવાનો ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં પ્રારંભ કરેલ છે. **॥૧/૧॥**

અવતરણિકા :-

એહનો મહિમા કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

એહનો=દ્રવ્યાનુયોગનો, મહિમા કહઈ છઈ=મહિમા કહે છે –

ગાથા :-

"વિના દ્રવ્ય-અનુયોગ-વિચાર, ચરણ-કરણનો નહીં કો સાર;"
સમ્મતિગ્રંથે ભાષિઉં ઇસ્યૂં, તે તો બુધજન મનમાં વસ્યૂં. ॥૧/૨॥

ગાથાર્થ :-

દ્રવ્ય અનુયોગના વિચાર વગર ચરણકરણનો કોઈ સાર નથી. ઇસ્યૂં=એ પ્રમાણ, સમ્મતિ ગ્રંથમાં ભાખ્યું છે=કહ્યું છે. તે તો=સમ્મતિ ગ્રંથમાં કહ્યું છે તે તો, બુધ જનના મનમાં વસ્યું છે. ॥૧/૨॥

ટબો :-

"દ્રવ્ય-અનુયોગવિચાર વિના કેવલ ચરણસિત્તરી-કરણસિત્તરીનો સાર કોઈ નહીં", એહવું-સમ્મતિગ્રંથનઈ વિષઈ કહિઉં, તે તો બુધજનના મનમાંહિ વસિઉં, પણિ બાહ્યદૃષ્ટિના ચિત્તમાં ન વસઈ. ગાથા-

"चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं न जाणंति" ।।१।। **(૩ काण्डे ૬૭ गाथा सम्मतौ) ॥૧/૨॥**

ટબાર્થ :-

"દ્રવ્ય અનુયોગના વિચાર વગર કેવલ ચરણસિત્તરી, કરણસિત્તરીનો કોઈ સાર નથી" એવું સમ્મતિ ગ્રંથમાં કહ્યું છે. તે તો બુધપુરુષોના મનમાં વસ્યું છે, પરંતુ બાહ્યદૃષ્ટિવાળા જીવોના ચિત્તમાં વસે નહીં. સમ્મતિની સાક્ષી "યથા"થી આપે છે.

"चरणकरणप्पहाणा=चरणकरणप्रधाना=ચરણકરણની આચરણામાં પ્રધાન, ससमयपरसमयमुक्कवावारा=સ્વસમયપરસમયમુક્તવ્યાપારા=અને સ્વદર્શન અને પરદર્શનના અધ્યયનમાં મૂક્યો છે વ્યાપાર જેમણે, એવાં સાધુઓ चरणकरणस्स निच्छयसुद्धं सारं न जाणंति=चरणकरणस्य निश्चयशुद्धं सारं न जाणन्ति=ચરણકરણના નિશ્ચયશુદ્ધ સારને જાણતા નથી." **(સમ્મતિ-ત્રીજો કાંડ ગાથા-૬૭) ॥૧/૨॥**

ભાવાર્થ :-

જે સાધુઓ, સંયમના આચારો પ્રત્યેના બદ્ધરાગવાળા છે તેથી સંયમની આચરણાને કહેનારા ચરણસિત્તરી-કરણસિત્તરીના સિત્તેર સિત્તેર ભેદોને યથાર્થ જાણીને તેને સેવવામાં બદ્ધરુચિવાળા છે અને વિચારે છે કે

જ્ઞાનનું ફળ વિરતિ છે તેથી વિરતિની આચરણામાં ઉપયોગી એવાં ચારિત્રાચારનો યથાર્થ બોધ કરે છે અને શક્તિના પ્રકર્ષથી શાસ્ત્રવચનાનુસાર ચારિત્રાચાર પાળવામાં ઉદ્યમ પણ કરે છે. આમ છતાં દ્રવ્યાનુયોગના વિચાર પ્રત્યે ઉપેક્ષાવાળા છે, તેઓ ચારિત્રના સારને પામ્યા નથી; કેમ કે ચારિત્રનો સાર વીતરાગતાને અનુકૂળ મહાપરાક્રમ છે અને વીતરાગતાને પ્રગટ કરવા માટે દ્રવ્યાનુયોગ પ્રબળ કારણ છે અને તે દ્રવ્યાનુયોગ પ્રત્યે ઉપેક્ષા કેળવીને માત્ર ચારિત્રાચારમાં રત રહેનારા સાધુ ભગવાનના વચનના પરમાર્થને પામ્યા નથી. એમ સમ્મતિગ્રંથમાં કહ્યું છે અને ભગવાનના શાસ્ત્રના પરમાર્થને જાણનારા એવાં બુધ પુરુષને સમ્મતિનું કથન મનમાં વસે છે; કેમ કે ભગવાન વીતરાગ છે અને વીતરાગ થવા માટે ઉપાયરૂપે સર્વ શાસ્ત્રો બતાવ્યાં છે અને વીતરાગ થવાના પ્રબળ કારણ એવાં દ્રવ્યાનુયોગનો વિચાર કર્યા વગર માત્ર ચારિત્રની ક્રિયાથી નિસ્તાર થશે નહીં એવાં સમ્મતિના વચનનો પરમાર્થ બુધ પુરુષો જાણી શકે છે. પરંતુ જેઓ ચારિત્રની બાહ્ય આચરણાને જોનારી દૃષ્ટિવાળા છે, તેઓને દ્રવ્યાનુયોગના વિચારમાં કાંઈ તત્ત્વ દેખાતું નથી. પરંતુ ચારિત્રાચારને બતાવનારા આચારના વચનમાં જ તત્ત્વ દેખાય છે. તેથી તેવા બાહ્યદૃષ્ટિવાળા જીવોના ચિત્તમાં સમ્મતિનું વચન વસે નહીં. **॥૧/૨॥**

અવતરણિકા :-

એ કહિઉં તેહ જ દૃઢઈ છઈ –

અવતરણિકાર્થ :-

એ કહ્યું તે જ દૃઢ કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૨માં "સમ્મતિ"ની સાક્ષી આપીને કહ્યું કે દ્રવ્યાનુયોગના વિચાર વગર કેવળ ચરણસિત્તરી, કરણસિત્તરીનો કોઈ સાર નથી. એમ જે કહ્યું તેને જ ગ્રંથકારશ્રી દૃઢ કરે છે.

ગાથા :-

શુદ્ધાહારાદિક તનુ યોગ, મોટો કહિઓ દ્રવ્ય-અનુયોગ;
એ ઉપદેશપદાદિક ગ્રંથિ, સાષિ લહી ચાલો શુભ પંથિ. ॥૧/૩॥

ગાથાર્થઃ-

શુદ્ધ આહારાદિક તનુયોગ છે=નાનો યોગ છે. મોટો દ્રવ્યાનુયોગ કહ્યો છે. એ પ્રકારની ઉપદેશપદાદિક ગ્રંથની સાક્ષી લઈને શુભ પંથમાં ચાલો=દ્રવ્યાનુયોગની મહાનતા સ્વીકારીને તેની પ્રાપ્તિ થાય તેવા શુભપંથમાં ચાલો. ॥૧/૩॥

ટબો :-

શુદ્ધાહાર-૪૨ દોષરહિત આહાર, ઈત્યાદિક યોગ છઈ, તે તનુ-કહેતાં નાન્હા

કહિઈં. દ્રવ્ય-અનુયોગ-જે સ્વસમય-પરસમય પરિજ્ઞાન, તે મોટો યોગ કહિઓ. જે માટઈં શુદ્ધાહારાદિક સાધન સ્વાધ્યાયનું જ છઈ. એ સાષિ (સાક્ષી) ઉપદેશપદાદિક ગ્રંથઈં લહીનઈં શુભ પંથિ-ઉત્તમ માર્ગિ ચાલો. બાહ્યવ્યવહાર પ્રધાન કરીનઈં, જ્ઞાનની ગૌણતા કરવી. તે અશુભ માર્ગ; જ્ઞાનપ્રધાનતા રાખવી, તે ઉત્તમ માર્ગ. અત એવ જ્ઞાનાદિક ગુણહેતુ-ગુરુકુલવાસ છાંડી, શુદ્ધાહારાદિ યતનાવંતનઈં મહાદોષઈં ચારિત્રહાનિ કહી છઈ.

"गुरुदोषारम्भितया लघ्वकरणयत्नतो निपुणधीभि;।
सन्निन्दादेश्च तथा ज्ञायते एतन्नियोगेन" ।। **(षोडशके १-९) ॥१/३॥**

ટબાર્થ :-

સાધુને બેંતાલીસ દોષ રહિત શુદ્ધ આહારાદિક સંયમયોગ છે. તે તનુ કહેતાં નાના કહીએ= મોક્ષપ્રાપ્તિ પ્રત્યે નાના યોગ કહીએ. દ્રવ્યાનુયોગ જે સ્વદર્શન અને પરદર્શનનું પરિજ્ઞાન તે મોટો યોગ કહીએ=મોક્ષપ્રાપ્તિ પ્રત્યે બળવાન યોગ કહીએ.

શુદ્ધ આહારાદિક નાના યોગ કેમ છે, તેથી કહે છે –

જે માટે સાધુના શુદ્ધ આહારાદિક સ્વાધ્યાયનું જ સાધન છે. તે સાક્ષી ઉપદેશપદાદિક ગ્રંથને લઈને શુભપંથમાં=ઉત્તમ માર્ગમાં, ચાલો=બળવાન એવાં દ્રવ્યાનુયોગમાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરો.

સ્વાધ્યાય બળવાન યોગ છે અને શુદ્ધ આહારાદિ અબળવાન છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે–

સંયમની બાહ્ય આચરણારૂપ વ્યવહારને પ્રધાન કરીએ અને સ્વદર્શન-પરદર્શનના જ્ઞાનની ગૌણતા કરીએ તે અશુભ માર્ગ છે=ભગવાનને સંમત એવો માર્ગ નથી. પરંતુ જ્ઞાનની વિરાધના હોવાથી કર્મબંધનો માર્ગ છે. જ્ઞાનની પ્રધાનતા રાખવી=સંયમજીવનમાં નવું નવું શ્રુત ભણીને શ્રુત ભણવારૂપ જ્ઞાનની પ્રધાનતા રાખવી, એ ઉત્તમ માર્ગ છે.

આથી જ=જ્ઞાનાદિક ગુણહેતુ એવાં ગુરુકુલવાસને છોડીને શુદ્ધ આહારાદિકમાં યતનાવાળા સાધુને મહાદોષ હોવાથી, ચારિત્રની હાનિ કહી છે.

"गुरुदोषआरम्भितया=મોટા દોષમાં આરંભિપણારૂપે, लघ्वकरणयत्नतः=સૂક્ષ્મ દોષોમાં અકરણનો યત્ન હોવાને કારણે, सन्निन्दादेश्च=અને सन्निन्दादि=સત્પુરુષોની નિન્દ્ય આદિ હોવાને કારણે, निपुणधीभिः=નિપુણબુદ્ધિવાળા પુરુષો વડે, नियोगेन=અવશ્યપણાથી, एतद्=આ=અનુષ્ઠાન, तथा ज्ञायते=તે પ્રમાણે જણાય છે=અપરિશુદ્ધરૂપે જણાય છે." **(षोडशक १-९) ॥१/३॥**

ભાવાર્થ :-

જે સાધુ સંયમ ગ્રહણ કર્યાં પછી બેંતાલીસ દોષરહિત શુદ્ધ આહારમાં યત્ન કરતાં હોય અને ઉપલક્ષણથી સંયમની અન્ય સર્વ ઉચિત ક્રિયાઓ શાસ્ત્રવિધિ અનુસાર કરતાં હોય, આમ છતાં શાસ્ત્ર-

અધ્યયનને અનુકૂળ તેવો ક્ષયોપશમ ન હોય જેથી નવું નવું શ્રુત ભણીને આત્માને શ્રુતથી વાસિત કરી શકે, તેવા સાધુનો સંયમનો યોગ નાનો છે અર્થાત્ મોક્ષપ્રાપ્તિ પ્રત્યે દૂરવર્તી કારણ છે.

વળી, જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી શક્તિના પ્રકર્ષથી સ્વસમય અને પરસમયના જ્ઞાન મેળવવા માટે યત્ન કરતાં હોય, જેના કારણે સ્વદર્શનના સર્વનયોનો યથાર્થ બોધ પ્રાપ્ત કરતાં હોય અને પરદર્શનના તે તે નયના પરમાર્થને પણ ઉચિત સ્થાને જોડીને જૈન દર્શનની તે નયોની દૃષ્ટિથી તે દર્શનના પદાર્થોને સ્વીકારતા હોય, તેવા સાધુઓને ભગવાનના શાસનના પરમાર્થની પ્રાપ્તિ થાય છે અને તેના બળથી સંવેગના પ્રકર્ષને પામીને શીઘ્ર સંસારનો ઉચ્છેદ થાય છે અને તેવા સાધુઓ સંયોગ પ્રતિકૂળ ન હોય તો સંવેગના પરિણામવાળા હોવાથી શુદ્ધ આહારાદિકમાં પણ અવશ્ય યત્ન કરે છે. ક્વચિત્ શાસ્ત્રઅધ્યયન કરવામાં વિઘ્ન જણાય તો શુદ્ધ આહારાદિકમાં યત્ન ન પણ કરી શકે તોપણ તેઓનો સંયમયોગ મોટો યોગ કહેલ છે; કેમ કે શુદ્ધ આહારાદિ સ્વાધ્યાયને સમ્યક્ પરિણમન પમાડવા માટે સાધન છે. વસ્તુતઃ સ્વાધ્યાયથી વાસિત થયેલું નિર્મળ ચિત્ત જ નિર્જરાનું કારણ છે. પોતાના કથનમાં ગ્રંથકારશ્રી સાક્ષી આપતાં કહે છે કે ઉપદેશપદાદિનું આ પ્રકારનું વચન ગ્રહણ કરીને કલ્યાણના અર્થી સાધુ ઉત્તમ માર્ગે ચાલો અર્થાત્ સ્વાધ્યાયને ગૌણ કર્યા વગર સ્વાધ્યાયના બળથી સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારના ઉત્તમ માર્ગે ચાલો.

વળી, પોતાના કથનનો સાર બતાવતાં કહે છે – કોઈ સાધુ બાહ્ય વ્યવહારને પ્રધાન કરીને જ્ઞાનની ગૌણતા કરે તે અશુભમાર્ગ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાન ભણીને આત્માને સંવેગથી વાસિત કરી શકે એવાં શક્તિવાળા સાધુ પણ નિર્દોષ ભિક્ષાચર્યાદિ બાહ્યઆચરણને પ્રધાન કરે અને તે બાહ્યઆચરણાના રક્ષણ અર્થે સ્વાધ્યાયને ગૌણ કરે તો તે સાધુની નિર્દોષ ભિક્ષાચર્યાની પ્રવૃત્તિ પણ અશુભમાર્ગ છે; કેમ કે ભગવાનની આજ્ઞાનો અનાદર કરીને બાહ્ય આચરણામાં ઉદ્યમ કરવો તે કર્મબંધનું કારણ છે અને બાહ્યવ્યવહાર તથાવિધ સંયોગોને કારણે પાલન ન થાય તોપણ જ્ઞાનને પ્રધાન રાખે તે ઉત્તમ માર્ગ છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

આથી જ જ્ઞાનાદિગુણના કારણ એવાં ગુરુકુળવાસને છોડીને શુદ્ધ આહારાદિમાં યતનાવાળા સાધુને મહાદોષની પ્રાપ્તિ હોવાથી ચારિત્રની હાનિ ષોડશકમાં કહી છે.

ષોડશકના ઉદ્ધરણના શ્લોકનો અર્થ આ પ્રમાણે છે –

કેટલાક સાધુઓ નિર્દોષ ભિક્ષાચર્યા પ્રત્યે એકાંત આગ્રહવાળા હોય છે. તેઓ માને છે કે જ્ઞાનનું ફળ વિરતિ છે અને તે વિરતિ નિર્દોષ આચારના પાલનરૂપ છે તેથી જો ગુરુકુળવાસમાં પ્રસંગે પ્રસંગે ભિક્ષાચર્યાના દોષોની પ્રાપ્તિ થતી હોય તો તેઓ ગુરુકુળવાસને છોડીને એકાંતે વિચરે છે. તે વખતે શાસ્ત્રઅધ્યયનથી જે મોટો લાભ થવાનો હતો તેનો ત્યાગ કરીને મોટા દોષના સેવન અને નાના દોષના અસેવનમાં તેઓ યત્ન કરે છે અને કોઈ શ્રાવકો પૂછે કે તમે ગુરુકુળ છોડીને કેમ રહો છો ? ત્યારે કહે કે તે મહાત્માઓને ભણવાની રુચિ છે, શુદ્ધ આચારોમાં રુચિ નથી. એમ કહીને ભગવાનના વચનાનુસાર ચાલનારા ગીતાર્થ ગુરુની નિંદાદિ કરે છે, જેનાથી નિપુણ બુદ્ધિવાળા નક્કી કરી શકે છે કે આવા સાધુઓનો સંયમનો આચાર નક્કી પરિશુદ્ધ નથી.

આનાથી એ ફલિત થાય કે જ્ઞાનાદિ ગુણોને ગૌણ કરીને શુદ્ધ આહારાદિની તેઓની યતનામાં મહાદોષો હોવાને કારણે ચારિત્રની હાનિ છે. **॥૧/૩॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું એ પ્રમાણે જ્ઞાનને પ્રધાન કરીને જે સાધુ સંયમમાં યત્ન કરે છે, તે ઉત્તમમાર્ગે ચાલે છે અને તેવા સાધુ જ્ઞાનને અર્થે અશુદ્ધ આહારાદિ ગ્રહણ કરે અને તે આહારથી કદાચ તેઓનું ચિત્ત સંશ્લેષ પામે તોપણ સ્વાધ્યાય આદિના બળથી જ તેની શુદ્ધિ થાય છે. હવે કોઈ યોગીને જ્ઞાનયોગમાં રંગ લાગી જાય તો તથાવિધ સંયોગમાં અશુદ્ધ આહાર ગ્રહણ કરવા છતાં સંયમમાં કોઈ મલિનતા થતી નથી તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

"એ યોગિં જો લાગઇ રંગ, આધાકર્માદિક નહીં ભંગ;"
પઞ્ચકલ્પભાષ્યઇં ઈમ ભણિઉં, સદ્‌ગુરુ પાસ ઈસ્યું મેં સુણિઉં; ॥૧/૪॥

ગાથાર્થ :-

એ યોગે=દ્રવ્યાનુયોગમાં, જો રંગ લાગે તો આધાકર્માદિ ભિક્ષાથી ભંગ નથી=સંયમમાં અતિચાર નથી. એ પ્રમાણે પંચકલ્પભાષ્યમાં કહ્યું છે અને સદ્‌ગુરુ પાસે એ મેં સાંભળ્યું છે. ॥૧/૪॥

ટબો :-

એ યોગિં-દ્રવ્યાનુયોગવિચારરૂપ જ્ઞાનયોગઈં, જો રંગ-અસંગસેવારૂપ લાગઈં, સમુદાય મધ્યે જ્ઞાનાભ્યાસ કરતાં કદાચિત્ આધાકર્માદિક દોષ લાગઈ, તો હિ ચારિત્રભંગ ન હોઈ, ભાવશુદ્ધિ બલવંત છઈ, તેણઈ. ઈમ પઞ્ચકલ્પભાષ્યઇં ભણિઉં, તથા સદ્‌ગુરુ પાસઈં સાંભલિઉં. અત એવ-કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત શાસ્ત્રઈં કહિઓ છઈ –

"आहागडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा, अणुवलित्ते त्ति वा पुणो ।।२-५-८।।
एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए" ।।२-५-९।।
"किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्, स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं भेषजाद्यं वा ।।१४५।।
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात् कल्प्यते कल्प्यम्" ।। **(१४६ प्रशमरतौ) ॥१/४॥**

ટબાર્થ :-

એ યોગમાં=દ્રવ્યાનુયોગના વિચારરૂપ જ્ઞાનયોગમાં, જો અસંગસેવારૂપ રંગ લાગે અને સમુદાયમાં જ્ઞાનાભ્યાસ કરતાં કદાચ આધાકર્માદિ દોષ લાગે=એવાં સંયોગોમાં ભિક્ષાના આધાકર્માદિ દોષો સેવવા પડે, તોપણ ચારિત્રનો ભંગ થતો નથી. "ભાવશુદ્ધિ બળવાન છે. એ કારણથી ચારિત્રનો ભંગ થતો નથી તે પ્રમાણે અન્વય છે." એમ પંચકલ્પભાષ્યમાં કહ્યું છે અને સદ્‌ગુરુ પાસે મેં સાંભળ્યું છે.

આથી જ=દ્રવ્યાનુયોગમાં રત એવાં મુનિને આધાકર્માદિ દોષથી ચારિત્ર મલિન થતું નથી આથી જ, કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત શાસ્ત્રમાં કહ્યો છે. તે સાક્ષી પાઠનો અર્થ આ પ્રમાણે છે.

"आहागडाइं भुंजंति=આધાકર્માદિં भुंजन्ति=જેઓ આધાકર્માદિ વાપરે છે, अण्णमण्णे सकमुण्णा=अन्यमन्ये स्वकर्मात्=તેઓ પરસ્પર સ્વકર્મ દ્વારા=આહારની ભુંજન ક્રિયા દ્વારા, उवलित्ते वियाणिज्जा=उपलिप्ता विजानीयात्="લેપાયેલા"જાણવા, पुणो वा अणुवलित्ते त्ति=पुनः वा अनुपलिप्ता इति (विजानीयात्)=અથવા વળી, "નહીં લેપાયેલા" એ પ્રમાણે જાણવા. ।।૨-૫-૮।।

"एएहिं दोहिं ठाणेहिं=एताभ्याम् द्वाभ्याम् स्थानाभ्याम्=આ બે સ્થાનો વડે=એકાંત બંને સ્થાનો સ્વીકારવા વડે, ववहारो न विज्जइ=व्यवहारः न विद्यते=વ્યવહાર વિદ્યમાન નથી=શુદ્ધ સંયમને અનુકૂળ ઉચિત વ્યવહાર વિદ્યમાન નથી, एएहिं दोहिं ठाणेहिं=एताभ्याम् द्वाभ्याम् स्थानाभ्याम्=આ બંને સ્થાનો વડે=એકાંતે સ્વીકારાયેલા આધાકર્મનું ગ્રહણ અને અગ્રહણરૂપી બંને સ્થાનો વડે, अणायारं तु जाणए=अनाचारं तु ज्ञायते=અનાચાર જાણાવો." ।।૨-૫-૯।। **(બીજા આગમ 'સૂત્રકૃતાંગ'ના પાંચમા અધ્યાયના શ્લોક-૮ અને ૯)**

"किञ्चिच्छुद्धं कल्प्यं=કાંઈક શુદ્ધ કલ્પ્ય, अकल्प्यं स्यात्=અકલ્પ્ય થાય, अकल्प्यमपि=અકલ્પ્ય પણ, कल्प्यम् स्यात्=કલ્પ્ય થાય.

શુદ્ધ કલ્પ્ય એવી કઈ વસ્તુઓ અકલ્પ્ય થાય ? અને અકલ્પ્ય પણ કલ્પ્ય થાય તે બતાવે છે.

पिंड=પિંડ=સાધુનો આહાર, शय्या=શય્યા=સાધુની વસતિ, वस्त्रं पात्रं औषधं भेषजाद्यं वा=વસ્ત્ર, પાત્ર, ઔષધ અથવા ભેષજાદિ ।।૧૪૫।।

પૂર્વમાં સાધુને આશ્રયીને પિંડાદિ કલ્પ્ય અકલ્પ્ય થાય અને અકલ્પ્ય કલ્પ્ય થાય તેમ કહ્યું તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે –

देशं, कालं, पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् प्रसमीक्ष्य=દેશ, કાળ, પુરુષ, અવસ્થા, ઉપયોગની શુદ્ધિ અને પરિણામને જોઈને कल्प्यं भवति=કલ્પ્ય થાય, एकान्तात् कल्प्यम् न कल्प्यते=એકાંતે કલ્પ્ય (સાધુને) કલ્પતું નથી." ।।૧૪૬।। **(પ્રશમરતિ૦ શ્લોક-૧૪૫-૧૪૬) ।।૧/૪।।**

ભાવાર્થ :-

જે સાધુ નવાં નવાં શાસ્ત્રોના અભ્યાસથી દ્રવ્યાનુયોગ ભણીને દ્રવ્યાનુયોગના વિચારરૂપ જ્ઞાનયોગમાં રત છે, તેઓનું ચિત્ત સર્વજ્ઞએ કહેલા પદાર્થોથી અત્યંત વાસિત હોવાને કારણે દ્રવ્યાનુયોગની મર્યાદાથી

આત્માના અસંગસ્વરૂપને સદા પરમાર્થરૂપે જોનારા તે સાધુ બને છે. તેથી તેઓના દ્રવ્યાનુયોગના ચિંતનથી પ્રતિદિન તેઓનો અસંગભાવ વૃદ્ધિ પામતો હોય છે. વળી, કોઈ સાધુ અસંગભાવની વૃદ્ધિના ઉપાયરૂપે સમુદાયમાં રહીને જ્ઞાનભ્યાસ કરતાં હોય અને ઘણા સાધુની સંખ્યા હોવાથી ભિક્ષાની દુર્લભતા થવાને કારણે તે સાધુને આધાકર્માદિ ભિક્ષાથી દેહનો નિર્વાહ થાય તેમ હોય તો જ્ઞાનની વૃદ્ધિ અર્થે આધાકર્મ દોષ સેવે તોપણ તે સાધુના ચારિત્રનો ભંગ નથી; કેમ કે દ્રવ્યાનુયોગના ચિંતવનથી થયેલ અસંગભાવરૂપ ભાવશુદ્ધિ બળવાન હોવાને કારણે શાતા અર્થે આધાકર્મના ગ્રહણના પરિણામરૂપ સંશ્લેષવાળું ચિત્ત લેશ પણ થતું નથી. એ પ્રમાણે પંચકલ્પભાષ્યમાં કહ્યું છે અને ગ્રંથકારશ્રી કહે છે કે પોતે સદ્‌ગુરુ પાસેથી સાંભળ્યું છે.

દ્રવ્યાનુયોગના ચિંતવનવાળા મુનિને આધાકર્માદિ દોષથી પણ સંયમની મલિનતા થતી નથી, તે સ્પષ્ટ કરવા અર્થે શાસ્ત્રમાં કહેલ કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત બતાવે છે.

"આધાકર્માદિક આહારને જે વાપરે છે. તે પરસ્પર=આધાકર્માદિ આહાર અને તેનો આત્મા પરસ્પર સ્વકર્મ દ્વારા=સ્વક્રિયા દ્વારા, "લેપાયેલો" જાણવો અથવા વળી, "નહીં લેપાયેલો" જાણવો. આ ભજનાસૂત્રમાં આધાકર્માદિક આહારના કર્મબંધરૂપ ફળમાં ભજના કહેવાયેલી છે. તેથી એ ફલિત થાય કે આધાકર્માદિક આહાર વાપરનાર કર્મબંધ કરે પણ છે અને કર્મબંધ નથી પણ કરતાં; કેમકે જ્યારે લેપાય છે ત્યારે કર્મબંધ કરે છે અને જ્યારે લેપાતા નથી ત્યારે કર્મબંધ થતો નથી.

આધાકર્મ વાપરવાથી કર્મબંધ થાય છે એ પ્રમાણે એકાંત સ્વીકારવારૂપ અથવા આધાકર્મ નહીં વાપરવાથી કર્મબંધ થતો નથી. એ પ્રમાણે એકાંત સ્વીકારવારૂપ બંને સ્થાનોથી વ્યવહાર વિદ્યમાન નથી, અર્થાત્ શુદ્ધ સંયમનો ઉચિત વ્યવહાર નાશ પામે છે.

વળી, સાધુને આધાકર્મ ન વપરાય એ રૂપ એકાંત સ્થાન અને સાધુને આધાકર્મ વપરાય એ રૂપ એકાંતસ્થાન સ્વીકારવામાં આવે તો આ બંને સ્થાન અનાચારરૂપ છે એમ જાણવા.

આ વચનથી એ ફલિત થાય કે દ્રવ્યાનુયોગના ચિંતવન દ્વારા અસંગભાવમાં જનારા સાધુ, કારણસર આધાકર્મ વાપરે તો સાધુ લેપાતા નથી અને તેવું કોઈ કારણ ન હોય છતાં આધાકર્મ વાપરે તો સાધુ અવશ્ય લેપાય છે.

વળી, "પ્રશમરતિ"ના વચનથી પણ આધાકર્મ વાપરનાર જ્ઞાનયોગવાળા મુનિ લેપાતા નથી, તેની પુષ્ટિ કરે છે.

સાધુનો આહારરૂપ પિંડ, સાધુની વસતિરૂપ શય્યા, સાધુનાં વસ્ત્ર, સાધુનાં પાત્રો અને ઔષધ, ભેષજાદિ કોઈક સંપૂર્ણ શુદ્ધ હોય તોપણ અકલ્પ્ય થાય છે; કેમ કે જો કોઈ શુદ્ધ પિંડાદિ પણ સંયમવૃદ્ધિનું કારણ ન હોય અને શુદ્ધ પિંડાદિથી દેહની પુષ્ટિ થવાથી રાગાદિની વૃદ્ધિ થતી હોય તો તે શુદ્ધ પિંડાદિ અકલ્પ્ય બને. વળી, તેવા દેશ, કાળ કે પુરુષની અવસ્થાને આશ્રયીને કે ઉપયોગની શુદ્ધિ આદિના પરિણામને આશ્રયીને અકલ્પ્ય એવાં પણ પિંડાદિ સાધુ માટે કલ્પ્ય બને છે. પરંતુ "આ પિંડ સર્વ દોષોથી

રહિત છે. માટે સાધુને કલ્પે છે" તેવો એકાંત નથી. આથી જ દ્રવ્યાનુયોગમાં લીન અસંગભાવમાં જનાર મુનિને અકલ્પ્ય પણ આધાકર્માદિ કલ્પ્ય બને છે. તેથી કારણે સેવાયેલા આધાકર્મથી તેઓની ભાવશુદ્ધિ હણાતી નથી. **॥૧/૪॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં બતાવ્યું કે દ્રવ્યાનુયોગમાં રંગ લાગે તો આધાકર્માદિથી પણ ચારિત્રમાં અતિચાર લાગતો નથી. તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે –

ગાથા :-

બાહ્યક્રિયા છઈ બાહિર યોગ, અંતરક્રિયા દ્રવ્ય-અનુયોગ;
બાહ્ય હીન પણિ જ્ઞાન-વિશાલ, ભલો કહિઓ મુનિ ઉપદેશમાલ. **॥૧/૫॥**

ગાથાર્થ :-

બાહ્યયોગ બાહ્યક્રિયા છે. દ્રવ્યાનુયોગ અંતરંગ ક્રિયા છે=દ્રવ્યાનુયોગનું ચિંતવન મોહના નાશને અનુકૂળ અંતરંગ વ્યાપાર છે. બાહ્યહીન પણ=સંયમની બાહ્ય આચરણાથી હીન પણ, જ્ઞાનથી વિશાલ=દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ બોધથી વિશાળ, એવો મુનિ ઉપદેશમાલામાં ભલો કહ્યો છે=શ્રેષ્ઠ કહ્યો છે. ॥૧/૫॥

ટબોઃ-

બાહ્યયોગ-આવશ્યકાદિરૂપ બાહ્યયોગ છઈ. દ્રવ્ય-અનુયોગ-સ્વસમયપરિજ્ઞાન તે અંતરંગ ક્રિયા છઈ. બાહ્યક્રિયાઈં-હીન, પણિ-જે જ્ઞાનવિશાલ-મુનીશ્વર, તે ઉપદેશમાલ મધ્યે ભલો કહિઓ છઈ. યતઃ

"नाणाहिओ वरतरं, हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो सुट्ठु वि अप्पागमो पुरिसो ।।४२३।।"

તથા–

"हीणस्स वि सुद्धपरूवगस्स, नाणाहिअस्स कायव्वं ।
(जण-चित्तग्गहणत्थं, करंति लिंगावसेसे वि) ।।३४८।।"

તે માટિં-ક્રિયાહીનતા દેખીનઈં પણિ જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી, તે જ્ઞાનયોગઈં કરી પ્રભાવક જાણવો. ॥૧/૫॥

ટબાર્થ :-

આવશ્યકાદિરૂપ બાહ્યયોગ=બાહ્યક્રિયા, બાહ્યયોગ છે=કાયાની ચેષ્ટારૂપ આચરણા છે.

દ્રવ્યઅનુયોગ=સ્વસિદ્ધાંતનુ પરિજ્ઞાન, તે અંતરંગક્રિયા છે=મોહના ઉન્મૂલનને અનુકૂળ એવાં અંતરંગ વ્યાપારરૂપ છે. બાહ્યક્રિયાથી હીન પણ=સંયમની બાહ્ય આચરણાથી હીન પણ, જે જ્ઞાનવિશાલ મુનીશ્વર છે=દ્રવ્યાનુયોગના મર્મને જાણનારા સાધુ છે, તેઓને ઉપદેશમાલામાં ભલા કહ્યા છે. જે કારણથી

"હીણો વિ નાણાહિઓ હુ પવયણં પભાવંતો=હીન પણ અર્થાત્ ક્રિયાથી હીન પણ, જ્ઞાનથી અધિક એવો પ્રવચનની પ્રભાવના કરતો સાધુ, વરતરં=વરતર છે=શ્રેષ્ઠ છે. સુટ્ઠુ ય વિ દુક્કરં કરંતો=અને સુંદર પણ દુષ્કરને કરતો, અપ્પાગમો પુરિસો =અલ્પઆગમવાળો પુરુષ, ણ=નથી=શ્રેષ્ઠ નથી." **(ઉપદેશમાલા શ્લોક-૪૨૩)**

તથા=અને

હીણસ્સ વિ સુદ્ધપરૂવગસ્સ નાણાહિઅસ્સ=હીન પણ અર્થાત્ ક્રિયાથી હીન પણ, શુદ્ધ પ્રરૂપક એવાં જ્ઞાનાધિકની, કાયવ્વં=કરવી જોઈએ=વૈયાવચ્ચ કરવી જોઈએ." **(ઉપદેશમાલા શ્લોક-૩૪૮)**

તે માટે=ઉપદેશમાલામાં જ્ઞાનથી અધિકને ભલા કહ્યા છે તે માટે, ક્રિયાહીનતા જોઈને પણ જ્ઞાનવંતની અવજ્ઞા કરવી ન જોઈએ; કેમ કે તે જ્ઞાનયોગે કરી પ્રભાવક જાણવો. ॥૧/૫॥

❖ ઉપદેશમાલાની ગાથા-૩૪૮ના પૂર્વાર્ધ માત્રનો અર્થ અહીં અભિપ્રેત છે તેથી ગ્રંથકારશ્રીએ મૂળ ટબામાં ગાથાનો માત્ર પૂર્વાર્ધ ગ્રહણ કરેલ છે પરંતુ માત્ર જાણકારી અર્થે ગાથાનો ઉત્તરાર્ધ અમે કૌંસમાં દર્શાવેલ છે.)

ભાવાર્થ :-

જે સાધુઓ શુદ્ધ ભિક્ષાચર્યાદિ બાહ્યક્રિયાઓ શાસ્ત્રાનુસારી કરે છે તે બાહ્યક્રિયાઓ બાહ્યયોગરૂપ છે, જીવના અંતરંગ પરિણામરૂપ નથી. જો કે તે ક્રિયાઓ કરતી વખતે "શરીરની બાહ્યક્રિયાઓ મારે શુદ્ધ કરવી છે" તેવો ભાવ તે ક્રિયામાં વર્તે છે તોપણ શાસ્ત્રાનુસારી સૂક્ષ્મબોધ નહીં હોવાથી મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વીર્યવ્યાપારરૂપ તે બાહ્યક્રિયા થતી નથી તેથી તે બાહ્યયોગથી સંસારનો ઉચ્છેદ થાય નહીં.

વળી, જે સાધુ શાસ્ત્ર ભણેલા છે, ગીતાર્થ છે અને દ્રવ્ય અનુયોગના સૂક્ષ્મબોધવાળા છે અર્થાત્ જૈનદર્શનના પદાર્થના પારમાર્થિક પરિજ્ઞાનવાળા છે તેઓ જે શાસ્ત્રઅધ્યયનની ક્રિયા કરે છે, તે ક્રિયા અંતરંગ ક્રિયા છે; કેમ કે શાસ્ત્રના પરમાર્થને યથાર્થ જાણીને તે ભાવોથી તેઓનો આત્મા વાસિત બને છે. તેથી તે ભાવો જિનવચનાનુસાર મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વીર્યવ્યાપારરૂપ હોય છે. આવા સાધુ ક્વચિત્ સંયમની બાહ્યક્રિયાથી હીન હોય, અર્થાત્ સંયમની સર્વક્રિયાઓ અપ્રમાદથી શાસ્ત્રાનુસારી ન કરતાં હોય તોપણ જે મુનિ દ્રવ્યાનુયોગના વિશાળ બોધવાળા છે, તે મુનિને ઉપદેશમાલામાં શુદ્ધ બાહ્યયોગ સેવનારા સાધુ કરતાં અધિક શ્રેષ્ઠ કહ્યા છે. ઉપદેશમાલાના શ્લોકનો ભાવ આ પ્રમાણે છે –

કોઈ સાધુ સંયમની આચરણામાં હીન હોય તોપણ ભગવાનના વચનના યથાર્થ પરમાર્થને જાણનારા હોય અને શુદ્ધ પ્રરૂપણા કરીને પ્રવચનની પ્રભાવના કરતાં હોય તેવા, જ્ઞાનથી અધિક મુનિ શ્રેષ્ઠતર છે. જ્યારે કોઈ અન્ય સાધુ સંયમની કઠોર આચરણા કરતાં હોય, વળી, શાસ્ત્રાનુસારી સુંદર આચરણા કરતાં

હોય અને આગમનો અલ્પબોધ હોય અર્થાત્ સંયમની ક્રિયાઓ કઈ રીતે કરવી જોઈએ તેટલો બોધ હોય પરંતુ ભગવાને બતાવેલા દ્રવ્યાનુયોગના મર્મનો બોધ ન હોય તેવા સાધુઓ, જ્ઞાનથી અધિક એવાં મુનિ જેવા શ્રેષ્ઠ નથી.

સંયમની ક્રિયાથી હીન પણ શુદ્ધ પ્રરૂપણા કરનારા અને જ્ઞાનથી અધિક એવાં સાધુની વૈયાવચ્ચ કરવી જોઈએ.

માટે કોઈ જ્ઞાની પુરુષમાં ક્રિયાની હીનતા જોઈને તેની અવજ્ઞા કરવી જોઈએ નહીં; કેમ કે તે સાધુ જ્ઞાનયોગથી ભગવાનના શાસનના પ્રભાવક છે અને જ્ઞાનયોગના બળથી સ્વયં તરી રહ્યા છે. **॥૧/૫॥**

અવતરણિકા :-

કોઈ કહસ્યઈ જે-"ક્રિયાહીન જ્ઞાનવંતનઈં ભલો કહિઓ, તે દીપક સમ્યક્ત્વની અપેક્ષાઈં, પણિ-ક્રિયાની હીનતાઈં જ્ઞાનથી પોતાનો ઉપકાર ન હોઈ". તે શંકા ટાલવાનઈં "દ્રવ્યાદિ જ્ઞાન જ શુક્લધ્યાન દ્વારઈં મોક્ષ કારણ, માટિ ઉપાદેય છઈ," ઈમ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

કોઈ કહેશે કે જે ક્રિયાથી હીન જ્ઞાનવાળાને શાસ્ત્રમાં ભલો કહ્યો છે તે દીપકસમ્યક્ત્વની અપેક્ષાએ છે પણ ક્રિયાની હીનતાએ જ્ઞાનથી પોતાનો ઉપકાર થાય નહીં, તે શંકાને ટાળવા માટે દ્રવ્યાદિ જ્ઞાન જ શુક્લધ્યાન દ્વારા મોક્ષનું કારણ છે માટે ઉપાદેય છે એમ ગાથામાં કહે છે –

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, બાહ્ય ક્રિયાથી હીન પણ જ્ઞાનથી વિશાળ એવાં સાધુને ઉપદેશમાલમાં ભલો કહ્યો છે. ત્યાં કોઈ કહે કે ક્રિયાથી રહિત જ્ઞાનવાળાને જે ભલો કહ્યો છે તે દીપકસમ્યક્ત્વની અપેક્ષાએ છે અર્થાત્ તે પોતાના જ્ઞાનના બળથી બીજામાં સમ્યક્ત્વ પ્રગટ કરી શકે તેવી શક્તિવાળા છે તેને આશ્રયીને ભલો કહ્યો છે. પરંતુ ક્રિયાથી રહિત એવાં જ્ઞાનથી તે સાધુને પોતાને કોઈ ઉપકાર થાય નહીં. માટે કલ્યાણના અર્થી સાધુએ તો ક્રિયામાં જ યત્ન કરવો જોઈએ. તેથી નિર્દોષ ભિક્ષાચર્યાદિમાં યત્ન વગર માત્ર શાસ્ત્રના અભ્યાસથી સ્વનું કલ્યાણ થઈ શકે નહીં. એ પ્રકારની કોઈની શંકા છે તેને ટાળવા અર્થે દ્રવ્યાદિનું જ્ઞાન જ શુક્લધ્યાનની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. માટે નિર્દોષ સંયમની ક્રિયા કરતાં જ્ઞાન જ વિશેષરૂપે ઉપાદેય છે તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

દ્રવ્યાદિક ચિંતાઇં સાર, શુક્લધ્યાન પણિ લહિઇં પાર;
તે માટિં એહ જ આદરો, સદ્ગુરુ વિણ મત ભૂલા ફરો. ॥૧/૬॥

ગાથાર્થ :-

દ્રવ્યાદિકની ચિંતાથી સારભૂત એવાં શુક્લધ્યાનનો પણ પાર પામીએ. તે માટે એહ જ આદરો=દ્રવ્યાદિયોગનું જ્ઞાન જ આદરો સદ્‌ગુરુ વગર ભૂલા ફરો નહીં. ॥૧/૬॥

ટબો :-

દ્રવ્યાદિકની ચિંતાઈં શુક્લધ્યાનનો પણિ પાર પામિઈં, જે માટિં આત્મદ્રવ્ય-ગુણ-પર્યાય ભેદ ચિંતાઈં શુક્લધ્યાનનો પ્રથમ પાદ હોઈ, અનઈં તેહની અભેદ ચિંતાઈં દ્વિતીય પાદ હોઈ, તથા શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાવનાઈં "સિદ્ધસમાપત્તિ" હોઈ, તે તો શુક્લધ્યાનનું ફલ છઈ.

प्रवचनसारेऽप्युक्तम्-

"जो जाणदि अरिहंते दव्वत्तगुणत्तपज्जयंतेहि ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ।।१. ८०।।"

તે માટિં એહ જ દ્રવ્યાનુયોગ આદરો, પણિ સદ્‌ગુરુ વિના સ્વમતિકલ્પનાઈં ભૂલા મ ફિરસ્યો. ॥૧/૬॥

ટબાર્થ :-

દ્રવ્યાદિકની ચિંતાથી=દ્રવ્યાનુયોગને કહેનારાં શાસ્ત્રોમાં જે પ્રકારે દ્રવ્યોનું નિરૂપણ કરાયું છે તે પ્રકારે બોધ કરીને તે બોધથી આત્માને ભાવિત કરવા દ્વારા, શુક્લધ્યાનનો પણ પાર પામીએ=તે ચિંતવનમાં વીર્યનો પ્રકર્ષ થાય તો તે યોગી શુક્લધ્યાનના પારને પામે.

શુક્લધ્યાનની પ્રાપ્તિ દ્રવ્યાનુયોગના ચિંતવનથી કેમ થાય છે ? તેથી કહે છે –

જે કારણે આત્મદ્રવ્ય, ગુણ અને પર્યાય - એ ત્રણના ભેદની ચિંતાથી શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે અને આત્મદ્રવ્ય, ગુણ અને પર્યાયની અભેદની ચિંતાથી શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થાય છે. વળી, શુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયની ભાવનાથી સિદ્ધની સાથે સમાપત્તિ થાય છે=સિદ્ધની સાથે એકતાની પ્રાપ્તિ થાય છે. અને તે=સિદ્ધની સાથે સમાપત્તિ, શુક્લધ્યાનનું ફળ છે.

प्रवचनसारेऽप्युक्तम्=પ્રવચનસારમાં પણ કહેવાયું છે –

"જો=જે, દવ્વત્તગુણત્તપજ્જયંતેહિ=દ્રવ્યગુણ પર્યાય વડે, અરિહંતે જાણદિ=અરિહંતને જાણે છે, સો=તે, અપ્પાણં જાણદિ=આત્માને જાણે છે, તસ્સ મોહો=તેનો મોહ, ખલુ=ખરેખર, લયં જાદિ=લયને પામે છે." **(પ્રવચનસાર ૧/૮૦)**

તે માટે=દ્રવ્યાનુયોગના ચિંતવનથી શુક્લધ્યાનની પ્રાપ્તિ અને સિદ્ધની સાથે સમાપત્તિ થાય છે તે માટે, આ જ દ્રવ્યાનુયોગનો આદર કરવો જોઈએ=દ્રવ્યાનુયોગના અધ્યયનમાં યત્ન કરવો જોઈએ,

પણ સદ્‌ગુરુ વગર સ્વમતિ કલ્પનાથી ભૂલા ફરશો નહીં=સદ્‌ગુરુનું અવલંબન લઈને દ્રવ્યાનુયોગના અધ્યયનમાં યત્ન કરવો જોઈએ પણ સ્વમતિ પ્રમાણે દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રો વાંચીને યથા-તથા અર્થ કરીને ભૂલા ફરશો નહીં. ॥૧/૬॥

ભાવાર્થ :-

દ્રવ્યાનુયોગના સૂત્રાનુસાર પારમાર્થિક બોધથી યોગીઓ યોગમાર્ગના પરમાર્થને તો પ્રાપ્ત કરે છે, પરંતુ શુક્લધ્યાનના પારને પણ પ્રાપ્ત કરે છે અને સર્વ સાધનાનું પ્રયોજન શુક્લધ્યાનની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ છે, માટે શુદ્ધ સંયમના આચાર કરતાં દ્રવ્યાનુયોગનું ચિંતવન મોક્ષાર્થી જીવો માટે અત્યંત ઉપાદેય છે.

અહીં પ્રશ્ન થાય કે સંયમની ક્રિયા વગર દ્રવ્યાનુયોગના ચિંતવનથી શુક્લધ્યાન કઈ રીતે પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

આત્મારૂપ દ્રવ્ય, આત્મદ્રવ્યના ગુણ અને આત્મદ્રવ્યના પર્યાયના ભેદની ચિંતાથી શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે સંસારી જીવો શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણતા નથી. તેથી બાહ્ય પદાર્થનું જ્ઞાન કરીને મોહની વૃદ્ધિ કરે છે. અને જે યોગી જિનવચનાનુસાર દ્રવ્યાનુયોગના રહસ્યને પામે છે તે યોગી છએ દ્રવ્યોથી આત્મદ્રવ્ય કઈ રીતે પૃથક્ છે તેનું ચિંતવન શ્રુતના બળથી કરે છે અને છએ દ્રવ્યોથી પૃથક્‌ભૂત એવાં અરૂપી આત્માને શ્રુતના બળથી જાણે છે અને તેવા શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મદ્રવ્યના ગુણ અને શુદ્ધઆત્મદ્રવ્યના પર્યાયના સ્વરૂપમાં એકાગ્રતા પામે તો શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે.

ત્યાર પછી આત્મદ્રવ્ય, આત્મદ્રવ્યના ગુણ અને આત્મદ્રવ્યના પર્યાયના અભેદમાં એકાગ્ર થયેલ તે યોગી શુક્લધ્યાનના બીજા પાયાને પ્રાપ્ત કરે છે.

વળી, શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મદ્રવ્યના ગુણ અને શુદ્ધ આત્મદ્રવ્યના પર્યાયની ભાવનાથી સિદ્ધની સાથે સમાપત્તિ થાય છે, જે શુક્લધ્યાનનું ફળ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે શુક્લધ્યાનનો પ્રથમ પાયો ક્ષપકશ્રેણીમાં પ્રાપ્ત થાય છે અને બીજો પાયો ક્ષપકશ્રેણીના બારમા ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, જે કેવળજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. વળી, જેઓ ક્ષપકશ્રેણીને પામ્યા નથી તેના પૂર્વે શુદ્ધ દ્રવ્ય,ગુણ, પર્યાયની ભાવના કરે છે, તે ભાવનામાં એકાગ્રતા આવે તો શુક્લધ્યાન પ્રગટે છે અને તે શુક્લધ્યાનના ફળરૂપ સિદ્ધની સાથે સમાપત્તિ=સિદ્ધના આત્માની સાથે તન્મયતાની પ્રાપ્તિ થાય છે અને આ પ્રકારની સિદ્ધની સાથેની સમાપત્તિ ક્ષપકશ્રેણીની પ્રાપ્તિમાં પ્રબળ કારણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ પૂર્વે પણ જ્ઞાનયોગી પુરુષો શુદ્ધ દ્રવ્યગુણપર્યાયની ભાવના દ્વારા સિદ્ધની સાથે સમાપત્તિ કરી શકે છે. માટે પણ બાહ્યયોગ કરતાં દ્રવ્યાનુયોગ અધિક છે અને શુક્લધ્યાનના બે પાયાની પ્રાપ્તિનું કારણ છે. માટે પણ બાહ્યયોગ કરતાં દ્રવ્યાનુયોગ અધિક છે.

વળી, પ્રવચનસારમાં કહ્યું તેથી પણ એ ફલિત થાય કે અરિહંત શુદ્ધ આત્મદ્રવ્યસ્વરૂપ છે અને તેવા

અરિહંતના શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્મદ્રવ્યના ગુણ અને શુદ્ધ આત્મદ્રવ્યના પર્યાયને જેઓ જાણે છે તેઓ તેમાં તન્મયતાને પામે છે. વળી, તેઓ પોતાના આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે અને તેમાં તન્મયતાને પામનારા છે અને તેઓનો મોહ નાશ પામે છે, તેથી પણ એ ફલિત થાય કે, દ્રવ્યાનુયોગનું ચિંતવન મોક્ષનું કારણ છે. માટે મોક્ષના અર્થી જીવે દ્રવ્યાનુયોગમાં યત્ન કરવો જોઈએ, પણ સ્વમતિ અનુસાર દ્રવ્યાનુયોગનું ચિંતવન કલ્યાણનું કારણ બને નહીં. માટે સદ્‌ગુરુનું આલંબન લઈને દ્રવ્યાનુયોગના મર્મને જાણવા માટે યત્ન કરવો જોઈએ. **॥૧/૬॥**

અવતરણિકા :-

જ્ઞાન વિના ચારિત્રમાત્રિ જે સંતુષ્ટ થાઈ છઈ, તેહનઈં શિક્ષા કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

જ્ઞાન વગર ચારિત્રમાત્રમાં=ચારિત્રની શુદ્ધ આચરણામાત્રમાં જેઓ સંતુષ્ટ થાય છે તેઓને શિક્ષા કહે છે –

ભાવાર્થ :-

કેટલાક જીવો ક્રિયારુચિવાળા હોય છે અને સંયમજીવનમાં શુદ્ધ આચારથી કલ્યાણને જોનારા હોય છે, તેવા જીવો ચારિત્રાચારની ક્રિયા માટે અપેક્ષિત હોય તેટલા જ જ્ઞાનને ભણવામાં આદર કરે છે, પરંતુ દ્રવ્યાનુયોગના પરમાર્થને જાણવામાં રસ ધરાવતા નથી અને તેવા જીવોને માર્ગાનુસારી બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રી હિતશિક્ષા કહે છે.

ગાથા :-

"એહનો જેણઇં પામિઓ તાગ, ઓઘઇં એહનો જેહનઇં રાગ;
એ બે વિન ત્રીજો નહીં સાધ," ભાષિઓ સમ્મતિ અરથ અગાધ. ॥૧/૭॥

ગાથાર્થઃ-

એહનો=દ્રવ્યાનુયોગનો, જેણે તાગ પામ્યો=રહસ્ય પામ્યો (અને) એહનો=દ્રવ્યાનુયોગનો, ઓઘથી=વિશેષ બોધ વગર સામાન્યથી, જેને રાગ છે તે બે વગર ત્રીજો સાધુ નથી. આ અગાધ અર્થ=આ ગંભીર અર્થ, સમ્મતિમાં કહેવાયો છે. ॥૧/૭॥

ટબો :-

"એહનો-દ્રવ્યાનુયોગનો જેણઇં તાગ પામિઓ-સમ્મતિ પ્રમુખ તર્કશાસ્ત્ર ભણીનઇં જે ગીતાર્થ થયો તેહ. તથા ઓઘઇં-સામાન્ય પ્રકારઇં, એહનો-દ્રવ્યાનુયોગનો જેહનઇં રાગ છઇ, તે ગીતાર્થનિશ્રિત, એ બે વિના ત્રીજો સાધુ (સાધક) નહીં." એહવો અગાધ અર્થ સમ્મતિ મધ્યે ભાષિઓ છઇ. તે માટઇં જ્ઞાન વિના ચારિત્ર જ ન હોઈ.

उक्तं च –

"गीयत्थो य विहारो, बीओ गीयत्थ-निस्सिओ भणिओ ।
इत्तो तइयविहारो, नाणुण्णाओ जिणवरेहिं ।।" **(व्यवहारे २-३०)**

એટલો વિશેષ-જે ચરણકરણાનુયોગદૃષ્ટિ નિશીથ-કલ્પ-વ્યવહાર-દૃષ્ટિવાદાધ્યયનઇં જઘન્યમધ્યમોત્કૃષ્ટ ગીતાર્થ જાણવા. દ્રવ્યાનુયોગદૃષ્ટિ તે સમ્મત્યાદિ તર્કશાસ્ત્રપારગામી જ ગીતાર્થ જાણવો, તેહની નિશ્રાઈં જ અગીતાર્થનઈં ચારિત્ર કહિવું. ।।૧/૭।।

ટબાર્થ :-

એહનો=દ્રવ્યાનુયોગનો, જેણે=જે સાધુએ, તાગ પ્રાપ્ત કર્યો=સમ્મતિ વગેરે શાસ્ત્ર ભણીને જે સાધુ ગીતાર્થ થયા તે સાધુ અને ઓઘથી=સામાન્યથી, એહનો=દ્રવ્યાનુયોગનો, જેને રાગ છે તે સાધુ ગીતાર્થનિશ્રિત છે. તે બે વગર ત્રીજો સાધુ નથી. એવો અગાધ અર્થ=ગંભીર અર્થ, સમ્મતિમાં ભાખ્યો છે. તે માટે જ્ઞાન વગર ચારિત્ર જ ન હોય.

"उक्तं च=અને કહ્યું છે=ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત એ બે વગર ત્રીજો સાધુ નથી તે કથન શાસ્ત્રમાં કહ્યું છે. गीयत्थो विहारो=ગીતાર્થ વિહાર=ગીતાર્થની સંયમની આચરણા, बीओ य गीयत्थ-निस्सिओ=અને બીજો ગીતાર્થનિશ્રિત વિહાર=ગીતાર્થનિશ્રિત સંયમની આચરણા, भणिओ=કહેવાઈ છે, इत्तो तइयविहारो=આનાથી ત્રીજો વિહાર, जिणवरेहिं=જિનેશ્વર વડે, नाणुण्णाओ=અનુજ્ઞાત નથી." **(વ્યવહારસૂત્ર-૨/૩૦)**

એટલો વિશેષ છે=પૂર્વમાં સમ્મતિ વગેરે શાસ્ત્ર ભણેલાને ગીતાર્થ કહ્યા તે કથનમાં એટલો વિશેષ છે, જે ચરણકરણાનુયોગદૃષ્ટિ, નિશીથકલ્પવ્યવહાર, દૃષ્ટિવાદઅધ્યયનને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ગીતાર્થ જાણવા=ચરણકરણાનુયોગદૃષ્ટિ ભણેલાને જઘન્ય ગીતાર્થ, નિશીથકલ્પવ્યવહાર ભણેલાને મધ્યમ ગીતાર્થ અને દૃષ્ટિવાદઅધ્યયન ભણેલાને ઉત્કૃષ્ટ ગીતાર્થ જાણવા.

દ્રવ્યાનુયોગની દૃષ્ટિ તે સમ્મતિ આદિ તર્કશાસ્ત્રપારગામી જ ગીતાર્થ જાણવા અને તેની નિશ્રાએ જ=દ્રવ્યાનુયોગની દૃષ્ટિવાળા ઉત્કૃષ્ટ ગીતાર્થની નિશ્રાએ જ, અગીતાર્થને ચારિત્ર કહ્યું. ।।૧/૭।।

ભાવાર્થ :-

જે સાધુઓએ દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રો ભણીને દ્રવ્યાનુયોગનું રહસ્ય પ્રાપ્ત કર્યું છે તે સાધુઓ દ્રવ્યાનુયોગના ચિંતવન દ્વારા આત્મા કઇ રીતે વીતરાગભાવને પ્રગટ કરી શકે છે તેના મર્મને જાણનારા હોય છે. તેથી તેવા સાધુ સંયમની સર્વ ઉચિત આચરણા માત્ર બાહ્ય શુદ્ધિ પૂરતી આચરતા નથી. પરંતુ પ્રસંગે પ્રસંગે તે સંયમની આચરણાથી પણ વીતરાગતાને અનુકૂળ અસંગભાવમાં ઉદ્યમ કરે છે અને તેવા ગીતાર્થ સાધુની નિશ્રામાં રહેલા અને ગીતાર્થના સાંનિધ્યને કારણે દ્રવ્યાનુયોગ પ્રત્યે જેને અત્યંત રાગ છે, ફક્ત વિશેષ શક્તિના અભાવને કારણે દ્રવ્યાનુયોગના ગ્રંથો ભણી શકતા નથી તેવા સાધુ દ્રવ્યાનુયોગના રહસ્યને

જાણનારા ગીતાર્થ સાધુના આલંબનથી સ્વભૂમિકાનુસાર વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ થાય તેવો યત્ન કરી શકે છે. તેથી દ્રવ્યાનુયોગના જાણનારા ગીતાર્થ અને તેમની નિશ્રામાં રહેલા અગીતાર્થ સાધુને શાસ્ત્રમાં ચારિત્ર કહ્યું છે તે સિવાય અન્યને ચારિત્ર કહ્યું નથી. તેથી જેઓ શુદ્ધ ચારિત્રાચારની ક્રિયાઓ પાળીને તેટલા માત્રમાં સંતુષ્ટ છે તેઓ તે ચારિત્રાચારની ક્રિયા દ્વારા વીતરાગતાને અનુકૂળ ઉદ્યમ કરી શકતા નહીં હોવાથી ભાવથી ચારિત્રી નથી.

આટલું વિશેષ છે કે ત્રણ પ્રકારના ગીતાર્થો છે.

(૧) જેઓએ ચરણકરણાનુયોગને કહેનારાં શાસ્ત્રોનો મર્મસ્પર્શી બોધ કર્યો છે, તેઓ જઘન્ય ગીતાર્થ છે.

(૨) જેઓએ નિશીથ, કલ્પ અને વ્યવહારભાષ્ય શાસ્ત્રોનો મર્મસ્પર્શી બોધ કર્યો છે, તેઓ મધ્યમ ગીતાર્થ છે.

(૩) જેઓએ દૃષ્ટિવાદ અધ્યયનનો અભ્યાસ કર્યો છે, તેઓ સમ્મતિ આદિ શાસ્ત્રના પારને પામેલા છે. તેઓ ઉત્કૃષ્ટ ગીતાર્થ છે.

વળી, આ ત્રણે પ્રકારના ગીતાર્થોમાંથી ઉત્કૃષ્ટ ગીતાર્થની નિશ્રાએ જ અગીતાર્થને ચારિત્ર કહ્યું છે; કેમ કે ઉત્કૃષ્ટ ગીતાર્થ જ દ્રવ્યાનુયોગના મર્મને જાણનારા હોય છે. તેથી પોતાની નિશ્રામાં રહેલા સાધુને તેની ભૂમિકાનુસાર દ્રવ્યાનુયોગનો મર્મ બતાવે છે. તેથી તે સાધુ પણ ચારિત્રાચારના પાલન દ્વારા વીતરાગભાવની પ્રાપ્તિને અનુકૂળ યત્ન કરી શકે છે. માટે તેવા ગીતાર્થની નિશ્રાથી અગીતાર્થ સાધુને પણ ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે. **॥૧/૭॥**

અવતરણિકા :-

એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિ પોતાના આત્માનઈં કૃતકૃત્યતા કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

પૂર્વમાં જે દ્રવ્યાનુયોગનું માહાત્મ્ય ગ્રંથકારશ્રીએ બતાવ્યું એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિમાં પોતાના આત્માની કૃતકૃત્યતા કહે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ચરણકરણાનુયોગ કરતાં પણ દ્રવ્યાનુયોગ કઈ રીતે ચારિત્રની પ્રાપ્તિમાં અત્યંત ઉપકારક છે તે સ્પષ્ટ કર્યું અને ગ્રંથકારશ્રીને શાસ્ત્રઅધ્યયન દ્વારા એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિ થઈ. તેથી ગ્રંથકારશ્રીને દ્રવ્યાનુયોગની પ્રાપ્તિને કારણે પોતાના આત્માની કૃતકૃત્યતા અનુભવાઈ છે તે બતાવે છે.

ગાથા :-

તે કારણિં ગુરુચરણ-અધીન, સમય સમય ઇણિ યોગઇ લીન;
સાધૂં જે કિરિયા વ્યવહાર, તેહ જ અમ્હ મોટો આધાર. ॥૧/૮॥

ગાથાર્થ :-

તે કારણથી=દ્રવ્યાનુયોગ આત્મકલ્યાણમાં બળવાન હોવાથી, ગુરુચરણને આધીન સમયે સમયે એ યોગમાં લીન=દ્રવ્યાનુયોગમાં લીન, જે ક્રિયાનો વ્યવહાર "હું સાધું છું" તેહ જ અમને મોટો આધાર છે. ॥૧/૮॥

ટબો :-

તે કારણિ-દ્રવ્યાનુયોગની બલવત્તાનઈં હેતઈં ગુરુચરણનઈં અધીન થકા-એણઈં કરી મતિકલ્પના પરિહરિ, સમય સમય ઈણિ યોગઈં-દ્રવ્યાનુયોગઈં, લીન-આસક્ત થકા, જે ક્રિયાવ્યવહાર સાધું છું, તેહિ જ અમ્હનઈં મોટો આધાર છઈં, જે માટિં ઈમ ઈચ્છાયોગ સંપજઈં. તલ્લક્ષણમ્ –

"कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः।
विकलो धर्मयोगो यः, इच्छायोग उदाहृतः ।।७।।" [**ललितविस्तरादौ (योगदृष्टि)**] **॥१/८॥**

ટબાર્થ :-

તે કારણે=પૂર્વગાથામાં કહ્યું કે, દ્રવ્યાનુયોગના સારને પામ્યા વગર ચારિત્રાચારથી ભાવચારિત્ર પ્રાપ્ત થતું નથી તે કારણે, દ્રવ્યાનુયોગની બલવત્તાના હેતુથી=પોતાના જીવનમાં દ્રવ્યાનુયોગની બળવાન પ્રાપ્તિના હેતુથી, ગુરુચરણને આધીન થકા=ગુરુચરણને આધીન થઈને, મતિકલ્પના પરિહરી=ગુરુચરણનું અવલંબન લઈને પોતાની મતિકલ્પનાના પરિહારપૂર્વક, સમયે સમયે આ દ્રવ્યાનુયોગમાં લીન થકા=દ્રવ્યાનુયોગમાં આસક્ત થતા, જે ક્રિયાનો વ્યવહાર "હું સાધું છું" તે જ અમને મોટો આધાર છે=દ્રવ્યાનુયોગમાં લીનતાપૂર્વક જે સંયમની ક્રિયા પોતે આદરે છે તે જ ગ્રંથકારશ્રીને સંસારસાગરથી તરવા માટે મોટો આધાર છે.

દ્રવ્યાનુયોગ મોટો આધાર કેમ છે ? તેથી કહે છે –

જે માટે આ રીતે=દ્રવ્યાનુયોગમાં આસક્ત થઈને સંયમની ક્રિયા કરવામાં આવે એ રીતે, ઈચ્છાયોગની પ્રાપ્તિ થાય છે.

તલ્લક્ષણમ્=તેનું લક્ષણ=ઈચ્છાયોગનું લક્ષણ બતાવે છે –

"શ્રુતાર્થસ્ય=શ્રુતઅર્થવાળા=સાંભળેલું છે આગમ જેણે એવાં, कर्तुमिच्छोः=કરવાની ઈચ્છાવાળા એવાં, ज्ञानिनोऽपि प्रमादिनः=જ્ઞાની પણ પ્રમાદીનો यः विकलो धर्मयोगो=જે વિકલ ધર્મયોગ છે, इच्छायोग उदाहृतः=(તે) ઈચ્છાયોગ કહેવાયો છે." **(યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્લોક-૩) ॥૧/૮॥**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, દ્રવ્યાનુયોગના બોધ વગર જેઓ ચારિત્રની ક્રિયાથી સંતુષ્ટ છે તેઓ ચારિત્રના સારને પામ્યા નથી; કેમ કે ચારિત્રનો સાર દ્રવ્યાનુયોગના ચિંતવન દ્વારા વીતરાગતાને

અનુકૂળ અંતરંગ મહાયત્ન સ્વરૂપ છે તે કારણથી ગ્રંથકારશ્રીને પોતાના જીવનમાં બળવાન દ્રવ્યાનુયોગને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ છે અને બળવાન દ્રવ્યાનુયોગને પ્રાપ્ત કરવા માટે દ્રવ્યાનુયોગના મર્મને બતાવનારા જે ગુરુ છે તેઓને આધીન થઈને ગ્રંથકારશ્રી દ્રવ્યાનુયોગના મર્મને જાણવાનો યત્ન કરે છે. કદાચ તેવા ગુરુ સાક્ષાત્ મળ્યા હોય તો તેમને તે આધીન થાય, ન મળ્યા હોય તો પૂર્વમાં જે દ્રવ્યાનુયોગના મર્મને જાણનારા શ્રી હરિભદ્રસૂરિ આદિ યોગીઓ તેમને દેખાય છે, તેમને આધીન થઈને ગ્રંથકારશ્રી પોતાની મતિકલ્પનાનો પરિહાર કરે છે અને તેમના વચનાનુસાર સમયે સમયે દ્રવ્યાનુયોગના પરમાર્થને જાણવામાં આસક્ત થાય છે અને તે રીતે દ્રવ્યાનુયોગમાં આસક્તિપૂર્વક ગ્રંથકારશ્રી સંયમના વ્યવહારની જે ક્રિયાઓ સાધે છે તે જ ગ્રંથકારશ્રીને સંસારસાગરથી તરવા માટે મોટો આધાર દેખાય છે; કેમ કે ભગવાનના વચનને પરતંત્ર થઈને દ્રવ્યાનુયોગના મર્મને સ્પર્શીને તે દ્રવ્યાનુયોગના બળથી વીતરાગભાવને ઉલ્લસિત કરવાને અનુકૂળ સંયમની ક્રિયા કરીને શાસ્ત્રયોગ સાધવો અતિદુષ્કર છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે તેવી ક્રિયા કરનારા તો સહેલાઈથી સંસારસાગરને તરી શકે છે, પરંતુ તેવી ક્રિયા કરવા માટે અમે સમર્થ નથી તોપણ દ્રવ્યાનુયોગમાં આસક્તિ રાખીને સંયમની ક્રિયાથી અમને ઇચ્છાયોગ પ્રાપ્ત થાય છે માટે અમારા માટે સંસારસાગરથી તરવા અર્થે તે ઇચ્છાયોગ મોટો આધાર છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં બતાવેલ ઇચ્છાયોગનું લક્ષણ અહીં બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે તત્ત્વના અર્થી જીવે શાસ્ત્રો સાંભળ્યાં હોય અને તેનો બોધ થયો હોય કે ભગવાનનું વચન શુદ્ધ આત્મદ્રવ્યના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરવા અર્થે સર્વ ક્રિયાઓ કરવાનું કહે છે અને તે પ્રકારની ક્રિયાઓ કરવાની ઇચ્છા જે યોગીને થઈ હોય અને દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ બોધને કારણે સંયમની સર્વક્રિયાઓ કઈ રીતે વીતરાગભાવને પ્રગટ કરવાનું કારણ છે તેવો મર્મસ્પર્શી બોધ જે યોગીને થયો હોય તેવા જ્ઞાની પણ શાસ્ત્રને પૂર્ણ પરતંત્ર થઈને સંયમની ક્રિયા દ્વારા અંતરંગ ઉદ્યમ કરી શકતા ન હોય તો તે પ્રમાદી છે અને તેવા પ્રમાદને કારણે તેઓ સંયમની જે ક્રિયાઓ કરતાં હોય તે સર્વ ક્રિયાનો વ્યાપાર શાસ્ત્રની મર્યાદાથી કાંઈક વિકલ હોય તો તે ઇચ્છાયોગ કહેવાય છે. આથી ગ્રંથકારશ્રી પણ દ્રવ્યાનુયોગમાં આસક્તિ રાખીને દ્રવ્યાનુયોગના મર્મને જાણવા માટે ઉદ્યમ દ્વારા શુદ્ધ આત્મદ્રવ્યના પરમાર્થને જાણવામાં અત્યંત યત્નવાળા છે. આમ છતાં પોતે સંયમની જે ક્રિયા વિકલયોગવાળી કરે છે, તે પણ ઇચ્છાયોગરૂપ બને છે. માટે દ્રવ્યાનુયોગની આસક્તિથી કરાયેલી ક્રિયા ગ્રંથકારશ્રીને સંસારસાગરને તરવા માટે મહાન આધારરૂપ છે. **॥૧/૮॥**

અવતરણિકા :-

ઈમ-ઈચ્છાયોગઈં રહી અમ્હે પરઉપકારનઈં અર્થિ દ્રવ્યાનુયોગ વિચાર કહું છું, પણિં એતલઈં જ સંતુષ્ટિ ન કરવી. 'વિશેષાર્થીઈં ગુરુસેવા ન મૂકવી' ઈમ હિતશિક્ષા કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

એમ ઇચ્છાયોગે રહી=પૂર્વ ગાથામાં કહ્યું કે દ્રવ્યાનુયોગમાં આસક્ત અમે સંયમની ક્રિયા કરીએ

છીએ તેથી અમારામાં ઇચ્છાયોગ પ્રાપ્ત થાય છે એમ ઇચ્છાયોગે રહી, અમે પરના ઉપકારના અર્થે=જેમ પોતાને દ્રવ્યાનુયોગના બળથી ઉપકાર થયો છે તેમ દ્રવ્યાનુયોગ પ્રાપ્ત કરીને પરને ઉપકાર થાય તે માટે, દ્રવ્યાનુયોગનો વિચાર કહું છું. પણ એટલાથી જ=ગ્રંથકારશ્રીએ દ્રવ્યાનુયોગનો વિચાર કર્યો એટલા વિચારને જાણીને જ, સંતુષ્ટિ ન કરવી પરંતુ વિશેષના અર્થી જીવે=દ્રવ્યાનુયોગના મર્મનો બોધ કરવાના અર્થી જીવે, ગુરુસેવા મૂકવી નહીં=દ્રવ્યાનુયોગના મર્મને જાણનારા એવાં ગુરુને આધીન થઈને દ્રવ્યાનુયોગને જાણવાનો યત્ન કરવો જોઈએ, એમ હિતશિક્ષા કહે છે –

ગાથા :-

सम्मति-तत्त्वारथ मुख ग्रंथ, मोटा जे प्रवचन निर्ग्रंथ;
तेहनो लेशमात्र એ लहो, परमारथ गुरुवयणे रहो. ॥१/९॥

ગાથાર્થ :-

સમ્મતિ, તત્ત્વાર્થ પ્રમુખ ગ્રંથ જે મોટા નિર્ગ્રન્થ પ્રવચન છે તેનો લેશમાત્ર એ લહો=પ્રસ્તુત ગ્રંથમાં લખાયો છે તે તેનો લેશમાત્ર છે. પરમાર્થ ગુરુવચનમાં રહ્યો છે. ॥૧/૯॥

ટબો :-

सम्मति-तत्त्वार्थ प्रमुख જે મોટા નિર્ગ્રંથ-પ્રવચનરૂપ છઈં, તેહનો लवलेशमात्र એ लहो; જે-એ પ્રબંધમાંહિ બાંધ્યો છઈં, પણિ પરમારથઈં ગુરુવચનઈં રહ્યો. થોડું જાણીનઈં ગર્વ મ કરસ્યો, 'अधनेन धनं प्राप्तं, तृणवत् मन्यते जगत् ।' એ દૃષ્ટાંતઈં. અત એવ-ઉપરિલ્યા ચ્યાર નય અતિ ગંભીર, ઘણાનઈં ન પરિણમઈ, ઈમ જાણીનઈં સિદ્ધાંતઈં પહિલાં દેખાડિયા નથી અનઈં ગંભીર-ગુરુઅધીનતાઈં જ લેવા-દેવા કહિયા છઈં. ॥૧/૯॥

ટબાર્થ :-

સમ્મતિ, તત્ત્વાર્થ જે મહાન નિર્ગ્રન્થ પ્રવચનરૂપ છે=જૈનશાસનના દ્રવ્યાનુયોગને કહેનારા સર્વજ્ઞના પ્રવચનરૂપ છે, તેનો લવલેશમાત્ર એ પ્રાપ્ત કરો, જે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત પ્રબંધમાં બાંધ્યો છે, પણ તે દ્રવ્યાનુયોગનો પરમાર્થ તો ગુરુવચનમાં રહ્યો છે. માટે પ્રસ્તુત ગ્રંથ ભણીને તેનો થોડો બોધ થવાથી ગર્વ કરશો નહીં અર્થાત્ પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કરીને અમે દ્રવ્યાનુયોગના પરમાર્થને જાણનારા છીએ એવો મનમાં ગર્વ ધારણ કરશો નહીં. એ માટે દૃષ્ટાંત આપે છે.

"અધન એવાં પુરુષ વડે=નિર્ધન એવાં પુરુષ વડે, ધન પ્રાપ્ત કરાયું. તેથી જગતને તૃણ જેમ માને છે અર્થાત્ હું ધનવાન છું. એવો ગર્વ કરે છે" તે દૃષ્ટાંતે પ્રસ્તુત ગ્રંથ ભણીને ગર્વ કરશો નહીં એમ સંબંધ છે.

આથી જ=થોડો દ્રવ્યાનુયોગના પરમાર્થનો બોધ કરીને તુચ્છ મતિવાળા જીવો "હું દ્રવ્યાનુયોગ જાણું છું" એવો ગર્વ કરે આથી જ, ઉપરના ચાર નય=ઋજુસૂત્રાદિ ચાર નય, અતિગંભીર છે. ઘણાને પરિણમે નહીં એમ જાણીને સિદ્ધાંતમાં પ્રથમ દેખાડ્યા નથી અને ગંભીર એવાં તે નયો ગુરુની આધીનતાએ જ લેવાના કહ્યા છે અને ગંભીર એવાં તે નયોના પરમાર્થને જાણનારા ગુરુએ જ આપવા જોઈએ, અન્યએ નહીં તેમ કહ્યું છે. ॥૧/૯॥

ભાવાર્થ :-

સમ્મતિ, તત્ત્વાર્થ વગેરે જૈનશાસનના મહાગ્રંથો છે તેના લેશમાત્રરૂપ દ્રવ્યગુણપર્યાયનું વર્ણન ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં કર્યું છે. વળી, તેનો પરમાર્થ પણ વાંચનમાત્રથી પ્રાપ્ત થાય તેવો નથી, અતિ ગંભીર છે. માટે પ્રવચનને જાણનારા ગુરુના વચનથી જ તેનો પરમાર્થ પ્રાપ્ત થાય તેમ છે. તેથી પ્રસ્તુત ગ્રંથ ભણીને દ્રવ્યાનુયોગના પરમાર્થનો થોડો બોધ કરીને ગર્વ કરશો નહીં પરંતુ ઉચિત ગુરુ પાસેથી દ્રવ્યાનુયોગના રહસ્યને જાણવા પ્રયત્ન કરશો તો તત્ત્વની પ્રાપ્તિ થશે.

પ્રસ્તુત ગ્રંથનો પરમાર્થ અતિ ગંભીર છે તેની પુષ્ટિ કરવા માટે કહે છે કે આના કારણે જ શાસ્ત્રમાં ઋજુસૂત્રાદિ ચાર નયોને અતિગંભીર કહ્યા છે. તેથી સામાન્ય બુદ્ધિવાળા જીવો તેના રહસ્યને પામી શકે તેવા નથી. માટે શાસ્ત્રકારોએ યોગમાર્ગના અર્થી આદ્યભૂમિકાવાળા જીવોને તે નયો બતાવવાનો નિષેધ કર્યો છે અને જ્યારે શ્રોતા દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ મર્મને જાણી શકે તેવી પ્રજ્ઞાવાળા થાય ત્યારે નયોના પરમાર્થને જાણનારા ગુરુએ તેવા યોગ્ય શ્રોતાને ઋજુસૂત્રાદિ ચાર નયો બતાવવાના કહ્યા છે.

આનાથી એ ફલિત થાય કે, દ્રવ્યાનુયોગનો વિષય સાતે નયો સાથે અતિગંભીર રીતે સંકળાયેલો છે અને દ્રવ્યાનુયોગના પરમાર્થને જાણનારા યોગી શીઘ્ર દ્રવ્યાનુયોગના ચિંતવનથી વીતરાગભાવને પ્રાપ્ત કરી શકે છે. આમ છતાં આદ્યભૂમિકાવાળા જીવો દ્રવ્યાનુયોગના ગ્રંથો ભણે તો ત્રૂટક ત્રૂટક કોઈક પદાર્થોને જાણે અને તેટલા માત્રમાં તે દ્રવ્યાનુયોગના મર્મને જાણે છે તેવો ભ્રમ ગ્રહણ કરે તો પોતે દ્રવ્યાનુયોગના પારગામી છે તેવું અભિમાન થાય અને તેના કારણે દ્રવ્યાનુયોગના મર્મને જાણવા માટે સદ્‌ગુરુ પાસે યત્ન કરે નહીં, તો દ્રવ્યાનુયોગના બોધથી હિત સાધી શકે નહીં. માટે ગંભીરતાપૂર્વક દ્રવ્યાનુયોગના મર્મને જાણવામાં ઉદ્યમ કરવો જોઈએ. **॥૧/૯॥**

ઢાળ-૨

પૂર્વની ઢાળ સાથેનો સંબંધ :-

પ્રથમ ઢાળમાં શ્લોક-૧માં ગ્રંથકારશ્રીએ દ્રવ્યાનુયોગનો વિચાર કરવાની પ્રતિજ્ઞા કરેલી અને તે પ્રતિજ્ઞા કરીને દ્રવ્ય, ગુણ અને પર્યાયની વિચારણા કરવા અર્થે પ્રારંભ કરતાં પૂર્વે દ્રવ્યાનુયોગનું મહત્ત્વ અત્યાર સુધી બતાવ્યું. હવે દ્રવ્યાનુયોગની વિચારણાના વિષયરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયના સ્વરૂપને બીજી ઢાળમાં બતાવે છે.

અવતરણિકા :-

સૌ પ્રથમ દ્રવ્યનું લક્ષણ બતાવે છે –

ગાથા :-

ગુણ-પર્યાયતણૂં જે ભાજન, એકરૂપ ત્રિહું કાલિં રે;
તેહ દ્રવ્ય નિજ જાતિં કહિઇં, જસ નહી ભેદ વિચાલઇં રે.
જિનવાણી રંગઇં મનિ ધરિઇં. ॥૨/૧॥

ગાથાર્થ :-

ગુણ અને પર્યાયનું જે ભાજન=ગુણ અને પર્યાયનો જે આધાર, ત્રણે કાળમાં એકરૂપ છે, તે પોતાની જાતિ અપેક્ષાએ=જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય આદિ પોતાની જાતિ અપેક્ષાએ, દ્રવ્ય કહીએ. જસ વિચાલઇં=જે દ્રવ્યની વિચારણામાં, ભેદ નથી=દ્રવ્યમાં ગુણ-પર્યાયનો ભેદ નથી. પરંતુ દ્રવ્યથી ગુણ-પર્યાય અપૃથક્‌ભૂત છે. જિનવાણી મનમાંહિ રંગથી ધારણ કરવી જોઈએ=દ્રવ્ય, ગુણ, પર્યાય વિષયક ભગવાનની જે વાણી છે તેને આદરપૂર્વક મનમાં ધારણ કરવી જોઈએ. ॥૨/૧॥

ટબો :-

ગુણ નઈં પર્યાયનું ભાજન કહતાં-સ્થાનક, જે ત્રિહું કાલિં-અતીત અનાગત વર્તમાનકાલિં એકસ્વરૂપ હોઈ. પણિં પર્યાયની પરિ ફિરઈં નહીં, તે દ્રવ્ય કહિઈ. નિજ જાતિં કહતાં પોતાની જાતિં. જિમ-જ્ઞાનાદિક ગુણ-પર્યાયનું ભાજન જીવદ્રવ્ય, રૂપાદિક ગુણપર્યાયનું ભાજન પુદ્ગલદ્રવ્ય, રક્તત્વાદિ ઘટાદિ ગુણપર્યાયનું ભાજન મૃદ્‌દ્રવ્ય. તંતુ, પટની અપેક્ષાઈં દ્રવ્ય, તંતુ, અવયવની અપેક્ષાઈં પર્યાય. જે માટઈં પટનઈં વિચાલઈં-પટાવસ્થા મધ્યઈં તંતુનો ભેદ નથી. તંતુ અવયવ અવસ્થા મધ્યઈં અન્યત્વરૂપ ભેદ છઈ. તે માટઈં પુદ્ગલસ્કંધમાંહિ દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાઈં જાણવું. આત્મતત્ત્વ વિચારઈં પણિ દેવાદિક આદિષ્ટ-દ્રવ્ય, સંસારિદ્રવ્યની અપેક્ષાઈં પર્યાય થાઈ.

કોઈક કહસ્યઈં જે 'ઈમ દ્રવ્યત્વ સ્વાભાવિક ન થયું, આપેક્ષિક થયું' તો કહિઈં જે ''શબલ વસ્તુનો અપેક્ષાઈં જ વ્યવહાર હોઈ. ઈહાં દોષ નથી. જે સમવાયિકારણત્વ પ્રમુખ દ્રવ્યલક્ષણ માનઈં છઈ, તેહનઈં પણિં અપેક્ષા અવશ્ય અનુસરવી. 'કુણનું સમવાયિકારણ ?'' ઈમ આકાંક્ષા હોઈ, તો 'કુણનું દ્રવ્ય ?' એ આકાંક્ષા કિમ ન હોઈ ? "गुणपर्यायवद् द्रव्यम्" तत्त्वार्थे । **(અ. ૫, સૂ. ૩૭) એ જિનવાણી રંગઈં-વિશ્વાસઈં મનમાંહિં ધરિઈં. ॥૨/૧॥**

ટબાર્થ :-

ગુણ અને પર્યાયનું ભાજન કહેતાં સ્થાનક=આધાર, જે ત્રણેય કાળમાં=અતીત, અનાગત અને વર્તમાન એ ત્રણે કાળમાં, એકસ્વરૂપ હોય પણ પર્યાયની જેમ ફરે નહીં, તે દ્રવ્ય કહીએ.

વળી, તે દ્રવ્ય કેવું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

નિજ જાતિ કહેતાં પોતાની જાતિ. જેમ જ્ઞાનાદિ ગુણ-પર્યાયનું ભાજન જીવદ્રવ્ય, રૂપાદિ ગુણ-પર્યાયનું ભાજન પુદ્ગલદ્રવ્ય, રક્તત્વાદિ અને ઘટાદિ ગુણ-પર્યાયનું ભાજન મૃદ્દ્રવ્ય છે. તે પોતાની જાતિ અપેક્ષાએ દ્રવ્ય છે એમ સંબંધ છે.

વળી, પુદ્ગલમાં અપેક્ષાએ દ્રવ્ય અને અપેક્ષાએ પર્યાય છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

પટની અપેક્ષાએ તંતુ દ્રવ્ય છે અને પોતાના અવયવની અપેક્ષાએ તંતુ પર્યાય છે.

અહીં પ્રશ્ન થાય કે પટની અપેક્ષાએ તંતુ દ્રવ્ય કેમ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે માટે પટ વિચાલઈં=પટની અવસ્થામાં, તંતુનો ભેદ નથી. અર્થાત્ જેમ મનુષ્યની બાલ્યાવસ્થા સાથે મનુષ્યનો ભેદ નથી. તેથી મનુષ્યની બાલ્યઅવસ્થાની અપેક્ષાએ મનુષ્ય દ્રવ્ય છે તેમ પટની અવસ્થામાં તંતુનો ભેદ નથી. માટે પટની અપેક્ષાએ તંતુ દ્રવ્ય છે અને પટ એ તંતુદ્રવ્યનો પર્યાય છે.

અહીં પ્રશ્ન થાય કે, તંતુના અવયવની અપેક્ષાએ તંતુ પર્યાય કેમ છે ? તેથી કહે છે –

તંતુના અવયવોની અવસ્થામાં અન્યત્વરૂપ ભેદ છે=તંતુના અવયવોથી તંતુમાં અન્યત્વરૂપ તંતુનો ભેદ છે. જેમ માટીથી ઘટમાં અન્યત્વરૂપ ભેદ છે. તેમ તંતુના અવયવથી તંતુમાં અન્યત્વરૂપ ભેદ છે. માટે તંતુ પોતાના અવયવોની અપેક્ષાએ પર્યાય છે. એમ સંબંધ છે.

તે માટે=તંતુનું અપેક્ષાએ દ્રવ્યપણું અને અપેક્ષાએ પર્યાયપણું સ્પષ્ટ કર્યું તે માટે, પુદ્ગલસ્કંધમાં દ્રવ્યપર્યાયપણું અપેક્ષાએ જાણવું અર્થાત્ પુદ્ગલસ્કંધો કોઈક અપેક્ષાએ દ્રવ્ય કહેવાય છે. અને તે જ પુદ્ગલસ્કંધો કોઈક અપેક્ષાએ પર્યાય કહેવાય છે, એમ જાણવું.

વળી, આત્મતત્ત્વના વિચારમાં પણ દેવાદિક આદિષ્ટ દ્રવ્યો સંસારી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય થાય છે અર્થાત્ કર્મના સંયોગવાળો જીવ સંસારી દ્રવ્ય છે અને તેના દેવ, નારક આદિ પર્યાયો છે. આમ છતાં, દેવ પણ પોતાની અવાંતર અવસ્થાની અપેક્ષાએ દ્રવ્ય છે. માટે દેવાદિક આદિષ્ટ દ્રવ્ય છે

અને આદિષ્ટ દ્રવ્ય જ સંસારી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય છે.

અહીં મૂળ દ્રવ્યના પર્યાયને કોઈક અપેક્ષાએ દ્રવ્યનો આદેશ કરવામાં આવે તેને આદિષ્ટ દ્રવ્ય કહેવાય છે.

જેમ સંસારી જીવરૂપ દ્રવ્યના દેવાદિક પર્યાયોને તેની અવાંતર અવસ્થાની અપેક્ષાએ દ્રવ્યરૂપે આદેશ કરાય છે તેથી દેવાદિક આદિષ્ટ દ્રવ્ય છે.

કોઈક કહેશે જે આ રીતે=પૂર્વમાં અપેક્ષાએ આદિષ્ટ દ્રવ્યને ગ્રહણ કરીને તે આદિષ્ટ દ્રવ્યને અપેક્ષાએ પર્યાય પણ કહ્યું અને અપેક્ષાએ દ્રવ્ય પણ કહ્યું એ રીતે, દ્રવ્યપણું સ્વાભાવિક ન થયું=સંસારી જીવના દેવાદિક પર્યાયને આદિષ્ટ દ્રવ્યરૂપે સ્વીકાર્યા એ રીતે દેવાદિક દ્રવ્યમાં દ્રવ્યત્વ સ્વાભાવિક પ્રાપ્ત થયું નહીં, પરંતુ આપેક્ષિક પ્રાપ્ત થયું તો કહિઈ=તેને ગ્રંથકારશ્રી કહે છે – જે શબલ વસ્તુનો=ચિત્ર સ્વભાવવાળી વસ્તુનો, અપેક્ષાએ જ વ્યવહાર થાય, એમાં દોષ નથી. પોતાની વાતની પુષ્ટિ કરવા અર્થે નૈયાયિકની માન્યતાથી પણ અપેક્ષાએ વ્યવહાર સ્વીકારવાની યુક્તિ બતાવે છે, જે સમવાયિકારણત્વ વગેરેને દ્રવ્યનું લક્ષણ માને છે=જે નૈયાયિકો સમવાયિકારણત્વ વગેરેને દ્રવ્યનું લક્ષણ કહે છે, તેમને પણ અપેક્ષા અવશ્ય અનુસરવી.

નૈયાયિકો વગેરેને કઈ અપેક્ષા અવશ્ય અનુસરવી જોઈએ ? તે સ્પષ્ટ કરે છે.

"કોનું સમવાયિકરણ ?" એમ આકાંક્ષા હોય છે=નૈયાયિકોને એ પ્રકારની આકાંક્ષા હોય છે, તો "કોનું દ્રવ્ય ?" એમ આકાંક્ષા સ્યાદ્વાદીને કેમ ન હોય ? અર્થાત્ "કયા પર્યાયનું આ દ્રવ્ય છે ?" એવી આકાંક્ષા સ્યાદ્વાદીને હોય છે. જેમ બાલ આદિ અવસ્થાનું મનુષ્ય દ્રવ્ય છે એવી આકાંક્ષા સ્યાદ્વાદીને છે.

ગાથાનો ફલિતાર્થ કહે છે –

"ગુણપર્યાયવાળું દ્રવ્ય" **('તત્ત્વાર્થ સૂત્ર'ના અધ્યાય-૫, સૂત્ર-૩૭)**

એ જિનવચનને રંગે=વિશ્વાસે, મનમાં ધારણ કરવી જોઈએ. ॥૨/૧॥

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથામાં દ્રવ્યનું લક્ષણ બતાવેલ છે અને દ્રવ્ય "ગુણપર્યાયનું ભાજન છે"=આધાર છે અને ત્રણે કાળમાં એકસ્વરૂપ છે પરંતુ પર્યાયની જેમ ફરતું નથી.

જેમ જીવદ્રવ્ય પોતાના ગુણ અને પોતાના પર્યાયનો આધાર છે અને ત્રણે કાળમાં જીવદ્રવ્ય જીવરૂપ જ રહે છે પરંતુ જીવના સંસારી પર્યાય અને મુક્ત પર્યાયની જેમ જીવદ્રવ્ય ફરતું નથી. વળી, તે દ્રવ્ય પોતપોતાની જાતિની અપેક્ષાએ છે. જેમ જ્ઞાનાદિ ગુણપર્યાયનું ભાજન જીવદ્રવ્ય છે. તે જીવત્વ જાતિની અપેક્ષાએ જીવદ્રવ્ય છે. રૂપાદિ ગુણપર્યાયનું ભાજન પુદ્ગલદ્રવ્ય છે. તે પુદ્ગલત્વ જાતિની અપેક્ષાએ

પુદ્ગલદ્રવ્ય છે. વળી, પુદ્ગલદ્રવ્યમાં અવાંતર દ્રવ્યોને સ્પષ્ટ કરે છે. રક્તત્વાદિ ગુણ અને ઘટાદિ પર્યાયનું ભાજન મૃદ્દ્રવ્ય છે. આ મૃદ્દ્રવ્ય આપેક્ષિક દ્રવ્ય છે; કેમ કે પુદ્ગલદ્રવ્યનું મૃદ્દ્રવ્ય પર્યાય છે. આમ છતાં મૃદ્માંથી ઘટ, રમકડાં આદિ પર્યાયો થાય છે અને મૃદ્દ્રવ્યમાં રક્તત્વ, શ્યામત્વ આદિ ગુણો છે. તે અપેક્ષાએ રક્તત્વાદિ ગુણો અને ઘટાદિ પર્યાયોનું ભાજન મૃદ્દ્રવ્ય છે. તેમાં પણ મૃદ્ત્વ જાતિની અપેક્ષાએ મૃદ્દ્રવ્ય છે.

આ રીતે જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય બતાવ્યા પછી આપેક્ષિક એવું મૃદ્દ્રવ્ય બતાવ્યું. તેથી હવે આપેક્ષિક દ્રવ્ય અને આપેક્ષિક પર્યાયનો બોધ કરાવવા અર્થે કહે છે –

પટરૂપ પર્યાયની અપેક્ષાઓ તંતુ દ્રવ્ય છે અર્થાત્ તંતુમાંથી પટ બનેલો હોય ત્યારે તે તંતુ પટપર્યાયનો આધાર છે તેથી તંતુદ્રવ્ય છે. વળી, તંતુ પોતાના અવયવોની અપેક્ષાએ પર્યાય છે; કેમ કે જેમ તંતુમાંથી પટ બને છે, માટે પટપર્યાયનો તંતુ આધાર છે, તેમ તંતુના અવયવોમાંથી તંતુ બને છે માટે તંતુના અવયવોરૂપ દ્રવ્યમાં તંતુ આધેય છે. માટે તંતુ, પોતાના અવયવોની અપેક્ષાએ પર્યાય છે.

અહીં પ્રશ્ન થાય કે, પટપર્યાયની અપેક્ષાએ તંતુને દ્રવ્ય કેમ કહ્યું ? તેની સ્પષ્ટતા કરતાં કહે છે –પટ અવસ્થામાં તંતુનો ભેદ નથી. માટે તંતુ, પટપર્યાયની અપેક્ષાએ દ્રવ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે પર્યાય હંમેશાં દ્રવ્યથી અભિન્ન હોય છે અને પટ અવસ્થામાં તંતુરૂપ દ્રવ્યનો અભેદ છે. પરંતુ પટ કરતાં તંતુનો ભેદ નથી. માટે તંતુ દ્રવ્ય છે. આથી જ પટ અવસ્થામાં પણ તંતુ પોતાના સ્વરૂપે દેખાય છે.


વળી, તંતુ પોતાના અવયવોની અપેક્ષાએ પર્યાય કેમ છે તેની સ્પષ્ટતા કરતાં કહે છે –

તંતુના અવયવોની અવસ્થામાં તંતુનો અન્યત્વરૂપ ભેદ છે. આથી તંતુના અવયવરૂપ રૂ આદિ વિદ્યમાન હોય ત્યારે તેમાં તંતુ દેખાતા નથી. પરંતુ તે તંતુના અવયવોરૂપ રૂમાંથી તંતુ બને ત્યારે જ તંતુ દેખાય છે. તેથી તંતુના અવયવોની અપેક્ષાએ તંતુ પર્યાય છે. આનાથી શું પ્રાપ્ત થયું તે સ્પષ્ટ કરતાં કહે છે –

પુદ્ગલસ્કંધમાં દ્રવ્યપર્યાયપણું અપેક્ષાએ પ્રાપ્ત થાય છે. જેમ માટી આદિ પર્યાયનો આધાર પુદ્ગલદ્રવ્ય છે તે અપેક્ષાએ પુદ્ગલદ્રવ્ય છે અને માટી પર્યાય છે. તેથી પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ માટી પર્યાય છે અને ઘટાદિ પર્યાયની અપેક્ષાએ માટી દ્રવ્ય છે. માટે પુદ્ગલસ્કંધમાં દ્રવ્ય અને પર્યાયપણું નિયત નથી. પરંતુ અપેક્ષાએ છે.

વળી, આત્મદ્રવ્યમાં પણ દ્રવ્યપર્યાયપણું અપેક્ષાએ છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

આત્મતત્ત્વની વિચારણામાં પણ અપેક્ષાએ આદેશ કરાયેલાં એવાં દેવાદિ દ્રવ્યો સંસારીદ્રવ્યની અપેક્ષાએ પર્યાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, દેવભવની પ્રથમ અવસ્થા, મધ્યમ અવસ્થા અને અંતિમ અવસ્થારૂપ પર્યાયોનું ભાજન દેવનો જીવ છે. તેથી તે ત્રણે અવસ્થાના આધારરૂપ દેવને આદિષ્ટ દ્રવ્ય કહેવાય છે અને તે આદિષ્ટ એવું દેવદ્રવ્ય સંસારીદ્રવ્યની અપેક્ષાએ પર્યાય બને છે; કેમ કે સંસારી જીવ જ દેવપર્યાય, મનુષ્યપર્યાય, નરકપર્યાય અને તિર્યંચપર્યાયનો આધાર છે. તેથી સંસારી જીવદ્રવ્યને ગ્રહણ કરીએ ત્યારે દેવાદિ આદિષ્ટ દ્રવ્ય એ પર્યાય કહેવાય છે.



આમ સ્વીકારવાથી દ્રવ્યપણું સ્વાભાવિક ન થયું. પરંતુ અપેક્ષાએ થયું એમ નૈયાયિક આદિ કહે છે; કેમ કે તેઓ નિયત દ્રવ્યોને દ્રવ્યરૂપે સ્વીકારે છે અને તેમાં વર્તતા ગુણો અને અવસ્થાને ગુણપર્યાયરૂપે સ્વીકારે છે, પરંતુ કોઈક અપેક્ષાએ પર્યાય પણ દ્રવ્ય બને છે તેમ સ્વીકારતા નથી. એને ગ્રંથકારશ્રીએ પુદ્ગલ અને આત્મામાં દ્રવ્યપણું અને પર્યાયપણું અપેક્ષાએ બતાવ્યું. તેથી નૈયાયિકાદિ મતનું નિરાકરણ થયું અને એ પ્રાપ્ત થયું કે દ્રવ્યમાં દ્રવ્યપણું સ્વાભાવિક જ નથી, પરંતુ અપેક્ષાએ પણ છે; કેમ કે જૈનશાસન દરેક વસ્તુને સબલ સ્વીકારે છે અર્થાત્ ચિત્ર સ્વરૂપવાળી સ્વીકારે છે. તેથી વસ્તુની જે અવસ્થા પ્રત્યે ઉપયોગ જાય તે પ્રમાણે વસ્તુ જણાય છે જેમ કોઈ સુરૂપ પુરુષને પણ કોઈ દૃષ્ટિથી જોવામાં આવે તો તેના કોઇક અંશથી કંઇક કુરૂપ જણાય છે. તેથી સુરૂપ પણ પુરુષ કોઇ અપેક્ષાએ સુરૂપ પણ છે અને કોઈ અપેક્ષાએ કુરૂપ પણ છે તેમ સ્વીકારવું પડે. તે રીતે જગત્વર્તી સર્વ પદાર્થોને જે દૃષ્ટિથી જોવામાં આવે તે દૃષ્ટિથી તેનું સ્વરૂપ દેખાય છે. આથી મનુષ્યને તેની બાલાદિ અવસ્થાના આધારરૂપે જોવામાં આવે ત્યારે તે મનુષ્ય દ્રવ્યરૂપે જણાય છે અને તેના તે જ મનુષ્યને સંસારી જીવના મનુષ્ય, દેવ આદિ પર્યાયોની અપેક્ષાએ જોવામાં આવે ત્યારે તે મનુષ્ય પર્યાયરૂપે જણાય છે અને વસ્તુ આવા પ્રકારના ચિત્ર સ્વભાવવાળી છે તેથી ત્યાં અપેક્ષાએ દ્રવ્ય અને અપેક્ષાએ પર્યાયનો વ્યવહાર થાય તેમાં કોઈ દોષ નથી.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પુદ્ગલદ્રવ્યમાં અને જીવદ્રવ્યમાં દ્રવ્યપર્યાયપણું અપેક્ષાએ પણ છે એમ બતાવ્યું. ત્યાં નૈયાયિક આદિ જેઓ દ્રવ્યને એકાંતદ્રવ્ય કહે છે અને દ્રવ્યમાં વર્તતા ગુણોને એકાંત ગુણો કહે છે, તેઓ શંકા કરતાં કહે છે કે, આ રીતે સ્વીકારવાથી તો દ્રવ્યમાં પણ દ્રવ્યત્વ સ્વાભાવિક ન થાય પરંતુ કોઈક અપેક્ષાએ તે દ્રવ્ય છે, તે અપેક્ષાએ તેમાં દ્રવ્યત્વ પ્રાપ્ત થાય અને તેના તે જ દ્રવ્યને કોઈક અપેક્ષાએ પર્યાય કહીએ ત્યારે તેમાં પર્યાયત્વની પ્રાપ્તિ થાય. તેથી "આ દ્રવ્ય જ છે અને આ પર્યાય જ છે" એવો નિયત વ્યવહાર કઈ રીતે સંગત થાય ?

ગ્રંથકારશ્રી તેને ઉત્તર આપતાં કહે છે કે, સબલ વસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર થાય. તેથી એકની એક વસ્તુને કોઈક અપેક્ષાએ દ્રવ્ય કહીએ અને કોઈક અપેક્ષાએ પર્યાય કહીએ તેમાં દોષ નથી.

આશય એ છે કે કોઈક વિવક્ષિત મનુષ્યની બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થારૂપ પર્યાયને સામે રાખીને કહીએ તો તે મનુષ્ય દ્રવ્ય છે. તેથી તે મનુષ્યમાં દ્રવ્યત્વ પ્રાપ્ત થાય અને મનુષ્યની બાલાદિ અવસ્થામાં પર્યાયત્વ પ્રાપ્ત થાય. વળી, જ્યારે સંસારી જીવની દૃષ્ટિથી વિચારીએ ત્યારે તેના તે જ મનુષ્યને સંસારી જીવદ્રવ્યના પર્યાયરૂપે સ્વીકારવો પડે; કેમ કે તે સંસારી જીવના મનુષ્ય, દેવ, નારક આદિ પર્યાયો છે. તે વખતે તે મનુષ્યમાં પર્યાયત્વની બુદ્ધિ થાય છે, પરંતુ દ્રવ્યત્વની બુદ્ધિ થતી નથી તેથી નૈયાયિક આદિ કહે છે કે, આ રીતે મનુષ્યમાં દ્રવ્યત્વ સ્વાભાવિક પ્રાપ્ત ન થાય, પરંતુ તમે જે પ્રકારની અપેક્ષાબુદ્ધિ કરી તે તમારી અપેક્ષાબુદ્ધિ પ્રમાણે તેમાં દ્રવ્યત્વ કહેવાય છે અને અપેક્ષાબુદ્ધિ પ્રમાણે તેમાં પર્યાયત્વ પણ કહેવાય છે તેમ સ્વીકારીએ તો "આ દ્રવ્ય છે, આ પર્યાય છે" એવો નિયત વ્યવહાર સંગત થાય નહીં. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે સ્યાદ્વાદની દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે તો પદાર્થ સબલ સ્વભાવવાળો છે અર્થાત્ ચિત્રસ્વભાવવાળો છે. તેથી પદાર્થને જે દૃષ્ટિથી જોવામાં આવે તે સ્વરૂપે પદાર્થ દેખાય છે. ફક્ત સ્વકલ્પનાથી તે પદાર્થને તે રૂપે જોવામાં આવતો નથી. પરંતુ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને અવલંબીને જોવામાં આવે છે અને તે દૃષ્ટિથી જ્યારે પદાર્થ કોઈક અપેક્ષાએ દ્રવ્યરૂપે દેખાતો હોય અને તેનો તે જ પદાર્થ કોઈક અપેક્ષાએ પર્યાયરૂપે દેખાતો હોય તો તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી. જેમ બાલાદિ પર્યાયને આશ્રયીને બાલાદિ પર્યાયનો આધાર મનુષ્યદ્રવ્ય દેખાય છે તેથી મનુષ્યને "આ દ્રવ્ય છે" તેમ કહીએ અને સંસારી જીવની દૃષ્ટિથી વિચારીએ ત્યારે મનુષ્ય આદિ પર્યાયોનો આધાર જીવદ્રવ્ય દેખાય છે તે અપેક્ષાએ મનુષ્યને પર્યાય સ્વીકારીએ તો કોઈ દોષ નથી.

વળી, પોતાની વાતનું સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે – નૈયાયિક વગેરે દ્રવ્યનું લક્ષણ સમવાયિકારણત્વ વગેરે કહે છે તેમાં પણ અપેક્ષા અનુસરવી પડે છે; કેમ કે "આ કોનું સમવાયિકારણ છે ?" એમ આકાંક્ષા રહે છે. જેમ માટી એ ઘટનું સમવાયિકારણ છે, માટે માટીને દ્રવ્ય કહે છે. ત્યાં આકાંક્ષા રહે કે માટી કોનું સમવાયિકારણ છે ? તેથી કહેવું પડે કે ઘટનું સમવાયિકારણ માટી છે. માટે માટી દ્રવ્ય છે. તેમ સ્યાદ્વાદીને પણ "આ કોનું દ્રવ્ય છે ?" એમ આકાંક્ષા કેમ ન હોય ? અર્થાત્ મનુષ્ય એ કોનું દ્રવ્ય છે ? અર્થાત્ બાલાદિ અવસ્થાનું દ્રવ્ય છે એમ આકાંક્ષા કેમ ન હોય ?

આ ગાથાના કથનથી શું ફલિત થાય તે બતાવતાં કહે છે –તત્ત્વાર્થમાં ગુણપર્યાયવાળું દ્રવ્ય છે એમ જે કહ્યું એ ભગવાનની વાણી વિશ્વાસથી મનમાં ધારણ કરવી જોઈએ. **॥૨/૧॥**

અવતરણિકા :-

પ્રથમ ગાથામાં દ્રવ્યનું લક્ષણ બતાવ્યું. હવે ગુણ અને પર્યાયનું લક્ષણ બતાવે છે અને ગુણપર્યાયનું લક્ષણ બતાવીને ત્યારપછી દેખાતો પદાર્થ કેવા સ્વરૂપવાળો છે તેનું સામાન્ય સ્વરૂપ ગ્રંથકારશ્રી

બતાવે છે અને તે સામાન્ય સ્વરૂપનું વિસ્તારથી વર્ણન ઢાળ-૯ના અંત સુધી કરે છે અને ઢાળ-૧૦ની પ્રથમ ગાથામાં તેનું સ્પષ્ટીકરણ કરે છે –

ગાથા :-

ધરમ કહીજઇ ગુણ સહભાવી, ક્રમભાવી પર્યાયો રે;
ભિન્ન-અભિન્ન ત્રિવિધ તિયલક્ષણ, એક પદારથ પાયો રે.
જિન૦ ॥૨/૨॥

ગાથાર્થ :-

સહભાવી ધર્મ=દ્રવ્યની સાથે રહેનારો એવો ધર્મ, ગુણ કહીએ. ક્રમભાવી=દ્રવ્યમાં ક્રમસર થનારો એવો ધર્મ, પર્યાય કહીએ. ભિન્ન અભિન્ન છે=દ્રવ્ય, ગુણ અને પર્યાય કોઈક અપેક્ષાએ ભિન્ન છે, કોઈક અપેક્ષાએ અભિન્ન છે. વળી, ત્રિવિધ છે=દરેક વસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે ત્રિવિધ છે. વળી, કોઈ એક પદાર્થ ત્રણ લક્ષણવાળો છે=ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણવાળો છે. તેથી કોઈ એક પદાર્થ ભિન્ન-અભિન્ન, ત્રિવિધ અને ત્રણ લક્ષણવાળો પ્રાપ્ત થાય છે. ॥૨/૨॥

ટબો :-

સહભાવી કહતાં–યાવદ્દ્રવ્યભાવી જે ધર્મ, તે ગુણ કહિઈં. "જિમ-જીવનો ઉપયોગ ગુણ, પુદ્ગલનો ગ્રહણ ગુણ, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ, આકાશનો અવગાહનાહેતુત્વ, કાલનો વર્તનાહેતુત્વ" "ક્રમભાવી કહતાં--(અ)યાવદ્દ્રવ્યભાવી, તે પર્યાય કહિઈં. જિમ જીવનઈં નર-નારકાદિક, પુદ્ગલનઈં રૂપ-રસાદિકપરાવૃત્તિ, ઈમ દ્રવ્યાદિક" ૩, ભિન્ન છઈ-લક્ષણથી, અભિન્ન છઈ-પ્રદેશના અવિભાગાથી, ત્રિવિધ છઈ, નવવિધ ઉપચારઈં; એક એકમાં ૩ ભેદ આવઈ, તેહથી. તથા ત્રિલક્ષણ-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છઈં. એહવો એક પદાર્થ જૈન પ્રમાણઈં પામ્યો. એ દ્વાર રૂપ પદ જાણવાં. ॥૨/૨॥

ટબાર્થ :-

ગુણનું લક્ષણ કહે છે –

સહભાવી કહેતાં યાવદ્દ્રવ્યભાવી જે ધર્મ=તે પદાર્થમાં રહેલ યાવદ્દ્રવ્યભાવી એવો જે ધર્મ, તે ગુણ કહેવાય. જેમ જીવનો ઉપયોગગુણ જીવમાં સદા રહે છે, પુદ્ગલનો ગ્રહણગુણ=બીજાથી ગ્રહણ થવાનો ગુણ, પુદ્ગલમાં સદા રહે છે, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ ગુણ ધર્માસ્તિકાયમાં સદા રહે છે, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ ગુણ અધર્માસ્તિકાયમાં સદા રહે છે, આકાશનો અવગાહનાહેતુત્વ

ગુણ આકાશમાં સદા રહે છે અને કાળનો વર્તનાહેતુત્વ ગુણ=પદાર્થને પરિવર્તન કરવાનો હેતુ કાળ હોવાથી વર્તનાહેતુત્વ ગુણ, કાળમાં સદા રહે છે. માટે યાવદ્દ્રવ્યભાવી ધર્મ ગુણ છે.

આ રીતે દ્રવ્યની સાથે સહભાવી રહેલો ધર્મ ગુણ છે તે છએ દ્રવ્યમાં બતાવ્યું.

હવે પર્યાયનું લક્ષણ કહે છે –

ક્રમભાવી કહેતાં અયાવદ્દ્રવ્યભાવી જે ધર્મ હોય તે પર્યાય કહીએ=દ્રવ્ય કરતાં અલ્પકાળભાવી રહેનારો એવો જે ધર્મ તે પર્યાય કહીએ.

જેમ જીવનો નર-નારકાદિ ધર્મ અયાવદ્દ્રવ્યભાવી છે, માટે જીવદ્રવ્યનો પર્યાય છે. પુદ્ગલના રૂપરસાદિકની પરાવૃત્તિ=પુદ્ગલના શ્વેત, શ્યામ આદિ રૂપની પરાવૃત્તિ અને મધુર, કટુ આદિ રસની પરાવૃત્તિ, અયાવદ્દ્રવ્યભાવી છે, માટે પુદ્ગલનો પર્યાય છે.

એમ=ગાથા-૧માં દ્રવ્યનું લક્ષણ બતાવ્યું અને ગાથા-૨માં અત્યારસુધી ગુણ અને પર્યાયનું લક્ષણ બતાવ્યું એમ, દ્રવ્યાદિક ત્રણ=દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ, લક્ષણથી ભિન્ન છે. વળી, દ્રવ્યાદિક ત્રણ પ્રદેશના અવિભાગથી અભિન્ન છે=દ્રવ્ય, ગુણ અને પર્યાય એક વસ્તુમાં ભિન્ન સ્થાને રહેતા નથી પરંતુ વસ્તુમાં સંપૂર્ણપણે વ્યાપીને રહે છે. તેથી પ્રદેશના અવિભાગથી દ્રવ્ય, ગુણ અને પર્યાય અભિન્ન છે.

વળી, ત્રિવિધ છે=દરેક પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ સ્વરૂપ છે. ઉપચારથી નવવિધ છે=એક એકમાં ત્રણ ભેદ આવે, માટે નવવિધ છે અર્થાત્ દ્રવ્યમાં દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો ઉપચાર; ગુણમાં દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો ઉપચાર; પર્યાયમાં દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો ઉપચાર, એ પ્રમાણે ઉપચારથી નવવિધ છે.

વળી, ત્રિલક્ષણ છે=દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ રૂપ ત્રણ લક્ષણવાળા છે, એમ જૈન દૃષ્ટિથી પ્રાપ્ત થાય છે.

એ દ્વારરૂપ પદ જાણવાં=દરેક પદાર્થ ભિન્નાભિન્ન, ત્રિવિધ અને ત્રણ લક્ષણવાળો છે એ ત્રણ પદ દ્વારરૂપ જાણવાં. ॥૨/૨॥

ભાવાર્થ :-

પ્રથમ ગાથામાં દ્રવ્યનું લક્ષણ કર્યું. હવે ગુણનું અને પર્યાયનું લક્ષણ કરે છે. દ્રવ્યમાં રહેલો જે ધર્મ દ્રવ્ય સાથે સદા રહેતો હોય તે ધર્મને ગુણ કહેવાય અને જીવાદિ છ દ્રવ્યોને આશ્રયીને રહેનારા છ ગુણને પ્રસ્તુત ગાથાના ટબામાં ગ્રંથકારશ્રીએ બતાવ્યા છે.

જીવ સદા ઉપયોગલક્ષણવાળો છે. આથી સંસારઅવસ્થામાં પણ ઉપયોગ વગરનો જીવ નથી અને સિદ્ધાવસ્થામાં પણ ઉપયોગ વગરનો જીવ નથી. પરંતુ સદા જ્ઞાન, દર્શનાદિના ઉપયોગવાળો જીવ છે. માટે ઉપયોગ એ જીવનો ગુણ છે.

પુદ્ગલ દ્રવ્ય સદા જીવથી કે અન્ય પુદ્ગલસ્કંધથી ગ્રહણ થાય છે. તેથી પુદ્ગલનો ગ્રહણગુણ છે અને આ ગ્રહણગુણ પુદ્ગલમાં ક્યારેક હોય, ક્યારેક ન હોય એવું નથી, પરંતુ સદા છે. માટે પુદ્ગલનો ગ્રહણગુણ યાવદ્દ્રવ્યભાવી છે.

પુદ્ગલ અને જીવ ગતિસ્વભાવવાળા છે, છતાં ગતિ કરવામાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાયક થાય છે. તેથી ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ ધર્મ છે અને ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વરૂપ ધર્મ સદા રહેનારો છે. માટે ધર્માસ્તિકાયનો ગુણ છે.

વળી, ગતિસ્વભાવવાળા જીવ અને પુદ્ગલદ્રવ્યો ગતિ પરિણામમાંથી સ્થિર પરિણામમાં આવે છે ત્યારે અધર્માસ્તિકાય સહાયક થાય છે. આથી યોગીઓ મનને સ્થિર કરવા માટે યત્ન કરે છે ત્યારે અધર્માસ્તિકાયની સહાયતાથી યત્ન થાય છે. માટે અધર્માસ્તિકાયમાં સ્થિતિહેતુત્વરૂપ ધર્મ છે અને તે સદા રહેનારો છે, માટે અધર્માસ્તિકાયનો ગુણ છે.

વળી, સર્વદ્રવ્યોને અવગાહના આપવાનો ધર્મ આકાશનો છે, તેથી અવગાહનાહેતુત્વ આકાશનો ધર્મ છે અને તે સદા રહેનારો છે માટે આકાશાસ્તિકાયનો ગુણ છે.

વળી, કાળ ઉપચારથી દ્રવ્ય છે એમ સ્વયં ગ્રંથકારશ્રી આગળ કહેવાના છે છતાં પદાર્થવ્યવસ્થામાં અત્યંત ઉપયોગી હોવાથી કાળને દ્રવ્યરૂપે સ્વીકારવામાં આવેલ છે અને કાળના આલંબનથી દરેક પદાર્થો તે તે ભાવરૂપે વર્તન પામે છે અર્થાત્ પરાવર્તન પામે છે. તેથી પદાર્થોની વર્તનામાં કાળ હેતુ છે અને વર્તનાહેતુત્વ ધર્મ કાળમાં સદા રહેનારો છે, માટે તે કાળનો ગુણ છે.

આ રીતે ગુણનું લક્ષણ અને છ દ્રવ્યોમાં કયા ગુણ છે તે બતાવ્યું. હવે પર્યાયનું લક્ષણ બતાવે છે.

ક્રમસર થનારા ધર્મો પર્યાય છે અર્થાત્ દ્રવ્ય હોય ત્યાં સુધી રહેનારા નહીં, પરંતુ દ્રવ્યમાં કિંચિત્ કાળ સુધી વર્તનારા ધર્મો તે પર્યાય છે.

જેમ,

જીવદ્રવ્યમાં નરનારકાદિ પર્યાયો સદા રહેતા નથી પરંતુ જીવનો નર પર્યાય, પછી નારક પર્યાય આદિ પર્યાયો ક્રમસર થાય છે અને જીવમાં કોઈક કાળે નર પર્યાય હોય છે તો કોઈક કાળે નારકાદિ પર્યાયો હોય છે.

પુદ્ગલદ્રવ્યમાં રૂપની પરાવૃત્તિ અને રસાદિની પરાવૃત્તિ પણ ક્રમસર થનારી છે, તેથી તે પુદ્ગલના પર્યાય છે. જેમ કોઈ પુદ્ગલમાં વર્તમાનમાં શ્યામ રૂપ હોય અને તેના તે જ પુદ્ગલમાં પાછળથી શ્વેતાદિ રૂપ થાય. તેથી પુદ્ગલનાં શ્યામ આદિ રૂપો પુદ્ગલના પર્યાયો છે.

આ રીતે=પ્રથમ ગાથામાં દ્રવ્યનું લક્ષણ બતાવ્યું અને દ્વિતીય ગાથામાં અત્યાર સુધી ગુણ અને પર્યાયનાં લક્ષણ બતાવ્યાં એ રીતે, દ્રવ્ય, ગુણ અને પર્યાય-ત્રણેય, લક્ષણથી ભિન્ન છે. અર્થાત્ જો ત્રણે સર્વથા એકરૂપ હોત તો ત્રણેનાં ભિન્ન લક્ષણની પ્રાપ્તિ થાય નહીં અને ત્રણેનાં લક્ષણ જુદાં પ્રાપ્ત થાય છે માટે ત્રણેનો પરસ્પર ભેદ છે.

વળી, કોઈ એક વસ્તુને ગ્રહણ કરીએ તો તે વસ્તુ દ્રવ્યરૂપ છે, ગુણરૂપ છે અને પર્યાયરૂપ છે. આમ છતાં તે વસ્તુના કોઈક પ્રદેશમાં દ્રવ્યત્વ છે, કોઈક પ્રદેશમાં ગુણત્વ છે અને કોઈક પ્રદેશમાં પર્યાયત્વ છે એમ નથી. તેથી કહી શકાય કે પ્રદેશના અવિભાગથી તે વસ્તુ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે. તેથી એ ત્રણેનો અભેદ છે. પરંતુ જેમ ઘટ અને પટનો પરસ્પર ભેદ છે, તેની જેમ દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ નથી.

વળી, કોઈ એક વસ્તુને ગ્રહણ કરીને વિચારીએ તો તે વસ્તુ ત્રિવિધ છે. અર્થાત્ દ્રવ્યરૂપ, ગુણરૂપ અને પર્યાયરૂપ એમ ત્રિવિધ છે. વળી, તે એક વસ્તુ ઉપચારથી નવવિધ છે; કેમ કે એક-એકમાં ત્રણ ભેદની પ્રાપ્તિ છે. દ્રવ્યમાં અન્ય દ્રવ્યનો ઉપચાર, દ્રવ્યમાં અન્યના ગુણનો ઉપચાર અને દ્રવ્યમાં અન્યના પર્યાયનો ઉપચાર કરીએ તો દ્રવ્ય ત્રણ પ્રકારે પ્રાપ્ત થાય. જેમ દેહધારી જીવમાં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર કરીને દેહધારી જીવને "આ પુદ્ગલ છે" તેમ કહીએ ત્યારે, જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો ઉપચાર થયો કહેવાય. વળી, દેહધારી જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યના જડત્વધર્મનો ઉપચાર કરીને તે દેહધારી જીવને "આ જડ છે" તેમ કહીએ ત્યારે, જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યના જડત્વગુણનો ઉપચાર થયો કહેવાય. વળી, દેહધારી જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યના શ્યામત્વાદિ પર્યાયનો ઉપચાર કરીને તે દેહધારી જીવને "આ શ્યામ છે" તેમ કહીએ ત્યારે જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યના શ્યામ પર્યાયનો ઉપચાર થયો કહેવાય. આ જ રીતે ગુણમાં દ્રવ્ય,ગુણ અને પર્યાય એ ત્રણેનો અને પર્યાયમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેનો ઉપચાર કરીને કુલ નવ ભેદની પ્રાપ્તિ થાય, તેમ ગ્રંથકારશ્રી સ્વયં ઢાળ-૭માં ગાથા-૬થી ૧૧માં બતાવવાના છે.

વળી, દરેક વસ્તુ ત્રણ લક્ષણવાળી છે=જગતમાં જે કોઈ વસ્તુ છે તે સર્વ વસ્તુ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય લક્ષણવાળી છે. અર્થાત્ દરેક વસ્તુ પરિવર્તન સ્વભાવવાળી છે, તેથી કોઈક રીતે તે વસ્તુ ઉત્પન્ન થાય છે, માટે તે વસ્તુમાં ઉત્પાદ છે. વળી, કોઈક રીતે તે વ્યય પામે છે, માટે તે વસ્તુમાં વ્યય ધર્મ છે અને કોઈક રીતે તે વસ્તુ ધ્રુવ છે, માટે તેમાં ધ્રૌવ્ય ધર્મ છે.

આ રીતે જૈનમત પ્રમાણે કોઈ એક પદાર્થ કથંચિત્ ભિન્નાભિન્ન, ત્રિવિધ અને ત્રણ લક્ષણવાળો પ્રાપ્ત થાય. આ ત્રણે પદો દ્વારરૂપ છે. તેથી હવે તે ત્રણે પદોનું વિસ્તારથી વર્ણન થશે. ॥૨/૨॥

અવતરણિકા :-

તિહાં પ્રથમ એ ઢાલમાંહિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ યુક્તિ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

તિહાં=પ્રસ્તુત ઢાલમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું લક્ષણ બતાવ્યું ત્યાં, એ ઢાલમાંહિ=પ્રસ્તુત ઢાળમાં, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ યુક્તિથી પ્રથમ બતાવે છે –

ભાવાર્થ :-

ગાથા-૧માં દ્રવ્યનું લક્ષણ બતાવ્યું. ગાથા-૨નાં પૂર્વાર્ધમાં ગુણનું અને પર્યાયનું લક્ષણ બતાવ્યું અને

ત્યારપછી ગાથા-૨ના ઉત્તરાર્ધમાં ત્રણ દ્વારો બતાવ્યાં. તેથી તે ત્રણ દ્વારને બતાવવા અર્થે ભિન્નાભિન્નને પ્રથમ બતાવવું જોઈએ. માટે આ ઢાળમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ પ્રથમ યુક્તિથી બતાવે છે.

ગાથા :-

જિમ મોતી ઉજ્જ્વલતાદિકથી, મોતીમાલા અલગી રે;
ગુણ-પર્યાયવ્યક્તિથી જાણો, દ્રવ્ય-શક્તિ તિમ વલગી રે.
જિન૦ ॥૨/૩॥

ગાથાર્થ :-

જેમ મોતીથી અને ઉજ્જ્વલતાદિકથી મોતીની માળા અલગી છે=મોતીરૂપ પર્યાયથી અને મોતીના ઉજ્જ્વલતાદિક ગુણથી મોતીની માળારૂપ દ્રવ્ય અલગ છે તિમ=તેમ, દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયવ્યક્તિથી જાણો=ગુણપર્યાય વ્યક્તિથી અળગી જાણો. વલગી રે=દ્રવ્યશક્તિ એક પ્રદેશ સંબંધથી ગુણપર્યાયને વળગેલી છે. ॥૨/૩॥

ટબો :-

જિમ મોતીની માલા, મોતી થકી તથા મોતીના ઉજ્જ્વલતાદિક ધર્મથી અળગી છઈ; તિમ-દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયવ્યક્તિથી અલગી છઈ, તથા એકપ્રદેશસંબંધઈં વલગી છઈ, ઈમ જાણો. મોતી પર્યાયનઈં ઠામિ, ઉજ્જ્વલતાદિક ગુણનઈં ઠામિ, માલા દ્રવ્યનઈં ઠામિ, ઈમ-દૃષ્ટાંત જોડવો. ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રમાણઈં સામાન્ય-વિશેષરૂપ અનુભવિઈ છઈ, તે સામાન્ય ઉપયોગઈં-મૃત્તિકાદિ સામાન્ય જ ભાસઈ છઈં, વિશેષ ઉપયોગઈં-ઘટાદિવિશેષ જ ભાસઈ છઈં. તિહાં-સામાન્ય તે દ્રવ્યરૂપ જાણવું; વિશેષ, તે ગુણપર્યાયરૂપ જાણવાં. ॥૨/૩॥

ટબાર્થ :-

જેમ મોતીની માળા મોતી થકી તથા મોતીના ઉજ્જ્વલતાદિક ધર્મથી અળગી છે તેમ દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયવ્યક્તિથી અળગી છે અને એક પ્રદેશના સંબંધથી વળગી છે=ગુણ-પર્યાયની સાથે દ્રવ્યશક્તિ એક પ્રદેશના સંબંધથી વળગી છે એમ જાણો.

પ્રસ્તુત દૃષ્ટાંતમાં મોતી પર્યાયના સ્થાને છે, ઉજ્જ્વલતાદિક ગુણના સ્થાને છે અને મોતીની માળા દ્રવ્યના સ્થાને છે એ પ્રમાણે દૃષ્ટાંતને જોડવું.

અહીં દ્રવ્ય સામાન્યરૂપ છે અને ગુણપર્યાય વિશેષરૂપ છે-એ મોતીની માળાના દૃષ્ટાંતથી બતાવ્યું. હવે દેખાતા ઘટાદિ દ્રવ્યોમાં તેને સંગત કરતાં કહે છે –

ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રમાણથી સામાન્યવિશેષરૂપે અનુભવાય છે તે ઘટાદિના સામાન્ય ઉપયોગમાં

મૃત્તિકાદિ સામાન્યરૂપે ભાસે છે. જે દ્રવ્યસ્વરૂપ છે અને વિશેષ ઉપયોગમાં ઘટાદિ વિશેષ ભાસે છે તે મૃત્તિકાદ્રવ્યના પર્યાયરૂપ છે ત્યાં=પ્રત્યક્ષ પ્રમાણથી દેખાતા ઘટાદિમાં જે સામાન્ય દેખાય છે=માટી સામાન્ય દેખાય છે, તે માટી દ્રવ્યરૂપ જાણવું અને વિશેષ=ઘટાદિ જે વિશેષ દેખાય છે તે ગુણપર્યાયરૂપ જાણવા=ઘટમાં દેખાતા રૂપાદિ ગુણરૂપે છે અને ઘટ પર્યાયરૂપે છે તેથી ગુણપર્યાયરૂપ ઘટાદિ વિશેષ છે. ॥૨/૩॥

ભાવાર્થ :-

પૂર્વમાં દ્રવ્ય,ગુણ અને પર્યાય એ ત્રણનાં લક્ષણો બતાવ્યાં અને તેને માળાના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે

ગાથાના પૂર્વાર્ધનો અર્થ આ પ્રમાણે છે:

મોતીની માળા ગ્રહણ કરીએ તો તે માળામાં વર્તતાં મોતીઓ પર્યાય છે. તે માળામાં વર્તતાં ઉજ્જ્વલતાદિક ધર્મો ગુણ છે અને મોતીની માળા દ્રવ્ય છે. મોતીને પર્યાય એટલા માટે કહ્યાં કે, માળામાં ભિન્ન ભિન્ન મોતીઓ છે, તે ફરે ત્યારે તે માળા જુદા જુદા પ્રકારની દેખાય છે. તેથી ભિન્ન ભિન્ન અવસ્થાને પામતાં એવાં મોતીઓ પર્યાય છે. વળી, તે મોતીની માળામાં જે ઉજ્જ્વલતાદિક ધર્મો છે તે ગુણો છે; કેમ કે તે માળામાં ઉજ્જ્વલતાદિક ગુણો સદા રહેનારા છે. વળી, મોતીની માળા એ દ્રવ્ય છે.

વળી, તે માળામાં મોતીરૂપ પર્યાય મોતીના ઉજ્જ્વલતાદિકરૂપ ગુણો અને તે મોતીની માળારૂપ દ્રવ્ય એક પ્રદેશ સંબંધથી વળગેલાં છે=જે માળા છે તે જ મોતીસ્વરૂપ અને ઉજ્જ્વલતાદિક સ્વરૂપ છે. પરંતુ ઉજ્જ્વલતાદિકના ભિન્ન પ્રદેશો અને માળાના ભિન્ન પ્રદેશો નથી. જેમ બે ભિન્ન ઘટના પ્રદેશો ભિન્ન ભિન્ન છે તેમ મોતી, ઉજ્જ્વલતાદિક અને માળાના પ્રદેશો ભિન્ન નથી.

વળી, અનુભવથી દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ વસ્તુ છે તે ટબામાં બતાવે છે. સર્વજનોને ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય છે અને તે દેખાતા ઘટને સૂક્ષ્મ બુદ્ધિથી જોવામાં આવે તો તેનો અનુભવ સામાન્યવિશેષરૂપે થાય છે અને ઘટાદિ દ્રવ્યમાં માટી સામાન્યરૂપે ભાસે છે; કેમ કે ઘટની નિષ્પત્તિ પૂર્વે પણ માટી હતી અને ઘટના નાશ પછી પણ માટી રહે છે, તેથી માટી સામાન્ય છે. વળી, પૂર્વે તે માટીનો પિંડપર્યાય હતો, પિંડપર્યાયનો નાશ થયો ત્યારે ઘટપર્યાય ઉત્પન્ન થયો, ઘટપર્યાયનો નાશ થયો ત્યારે ઠીકરાપર્યાય ઉત્પન્ન થયો. તેથી પિંડપર્યાય, ઘટપર્યાય, ઠીકરાપર્યાયમાં માટી અનુગતરૂપે સામાન્યથી દેખાય છે, માટે માટી દ્રવ્ય છે.

વળી, પૂરોવર્તી ઘટને જોઈએ ત્યારે તેનો ઘટાકાર દેખાય છે તે માટીનો પર્યાય છે. વળી, ઘટના જે રૂપાદિ દેખાય છે તે તેના ગુણો છે. તેથી ફલિત થાય કે, દેખાતા ઘટમાં માટી સામાન્યરૂપે દેખાય છે, ઘટ અને રૂપાદિ વિશેષરૂપે દેખાય છે. અહીં જે સામાન્ય દેખાય છે તે દ્રવ્ય છે અને જે વિશેષ દેખાય છે તે ગુણપર્યાયરૂપ છે.

ગાથાના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે –

કોઈ પણ પદાર્થને જોઈએ તો તેમાં ગુણ અને પર્યાયની અભિવ્યક્તિ હોય છે. તેથી ગુણ-પર્યાય વ્યક્તિથી જણાય છે=અભિવ્યક્તિથી જણાય છે અને તે ગુણ-પર્યાયમાં તે ગુણ-પર્યાયની જે શક્તિ છે તે દ્રવ્ય છે. તેથી દ્રવ્યશક્તિ ગુણપર્યાયની વ્યક્તિને વળગેલી છે.

જેમ, આત્મામાં સુખનો અનુભવ, દુઃખનો અનુભવ, તે તે જ્ઞાનનો અનુભવ પોતાને વ્યક્તિરૂપે દેખાય છે, પરંતુ સંસારીજીવોને પોતાનું આત્મદ્રવ્ય કોઈ ઇન્દ્રિયથી પોતાને દેખાતું નથી. વળી, જે જ્ઞાનાદિનો પોતાને અનુભવ થાય છે તે અનુભવરૂપ ગુણપર્યાયની શક્તિ આત્મદ્રવ્ય છે અને આત્મદ્રવ્યમાં તેવી શક્તિ હોવાને કારણે જ તે તે જ્ઞાનાદિરૂપે કે તે તે પર્યાયરૂપે પ્રગટ થાય છે. **॥૨/૩॥**

અવતરણિકા :-

સામાન્ય-તે દ્રવ્ય કહિઉં, તે સામાન્ય ૨ પ્રકારઈં છઈ, તે દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

પૂર્વગાથાના ટબામાં સામાન્ય દ્રવ્યરૂપ છે અને વિશેષ ગુણપર્યાયરૂપ છે તેમ કહ્યું. હવે તે સામાન્ય બે પ્રકારે છે તે બતાવે છે –

ગાથા :-

ઊરધતા સામાન્ય શક્તિ તે, પૂરવ-અપર ગુણ કરતી રે;
પિંડ-કુસૂલાદિક આકારિં, જિમ માટી અણફિરતી રે. જિન૦ ॥૨/૪॥

ગાથાર્થ :-

ઊર્ધ્વતાસામાન્યરૂપ શક્તિ તે કહેવાય જે પૂર્વ અને અપર એવાં ગુણને=વિશેષને, કરતી અણફિરતી છે=તે સર્વમાંહે એક રૂપે રહે. જેમ પિંડ-કુશલાદિ આકારમાં માટી અણફરતી રહે છે. ॥૨/૪॥

ટબો :-

ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય શક્તિ તે કહીઈ, જે પૂર્વ કહિઈ-પહિલા, અપર ક. (કહતાં) આગિલા, ગુણ ક. વિશેષ, તેહનઈં કરતી, તે સર્વમાંહિ એકરૂપ રહઈ. જિમ-પિંડ ક. માટીનો પિંડ, કુશૂલ-ક. કોઠી, તે પ્રમુખ અનેક મૃત્તિકાના આકાર ફિરઈ છઈ, પણિં તેહમાંહિં માટી ફિરતી નથી; તે પિંડ-કુશૂલાદિક આકારનું ઊર્ધ્વતાસામાન્ય કહિઈં. "જો પિંડ-કુશૂલાદિક પર્યાયમાંહિ અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહિઈં, તો ઘટાદિ પર્યાયમાંહિ અનુગત ઘટાદિ દ્રવ્ય પણિ ન કહવાઈં". તિવારઈં-સર્વ વિશેષરૂપ થાતાં, ક્ષણિકવાદી બૌદ્ધનું મત આવઈં. અથવા સર્વ દ્રવ્યમાંહિ એક જ દ્રવ્ય આવઈં.

તે માટિં ઘટાદિદ્રવ્ય અનઈં-તેહનાં સામાન્ય મૃદાદિ દ્રવ્ય, અનુભવનઈં અનુસારઈ પરાપર ઊર્ધ્વતાસામાન્ય અવશ્ય માનવાં. ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયનઈં વ્યાપઈં છઈ, અનઈં-મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયનઈં; ઈમ નર-નારકાદિક દ્રવ્ય જીવદ્રવ્યનો પણિ વિશેષ જાણવો. એ સર્વ નૈગમનયનું મત. શુદ્ધ સંગ્રહનયનઈં મતઈં તો સદદ્વૈતવાદઈં એક જ દ્રવ્ય આવઈં, તે જાણવું. ॥૨/૪॥

ટબાર્થ :-

ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યશક્તિ તે કહેવાય જે પૂર્વ કહેતાં પહેલાં, અપર કહેતાં આગલા, ગુણ કહેતાં વિશેષ-તેને કરતી=પૂર્વના ભાવ કરતાં ઉત્તરના ભાવને વિશેષ કરતી. તે સર્વમાંહિ=પૂર્વ અને અપર વિશેષ-સર્વમાંહે, એકરૂપ રહે છે. જેમ પિંડ કહેતાં માટીનો પિંડ, કુશૂલ કહેતાં કોઠી, તે વગેરે અનેક મૃત્તિકાના આકાર ફરે છે=માટીમાંથી ઘટે બને છે ત્યારે કોઠી વગેરે અનેક આકાર ફરે છે, પરંતુ તે પૂર્વના આકાર અને ઉત્તરના આકારમાં તે માટી ફરતી નથી. તે=તે માટી, પિંડ કુશૂલાદિ આકારનું ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્ય કહેવાય છે.

જો પિંડ કુશૂલાદિ પર્યાયમાં, અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહીએ તો ઘટાદિ પર્યાયમાં=પ્રથમ ક્ષણનો ઘટ, બીજી ક્ષણનો ઘટ, ત્રીજી ક્ષણનો ઘટ ઈત્યાદિ ઘટાદિ પર્યાયમાં, અનુગત એવું ઘટાદિ દ્રવ્ય=ઘટાદિ પર્યાયમાં સર્વ ક્ષણમાં અનુગત એવું ઘટાદિ દ્રવ્ય, પણ કહેવાય નહીં. તે વારે સર્વ વિશેષરૂપ થાતાં ક્ષણિકવાદિ બૌદ્ધનો મત આવે. અથવા સર્વદ્રવ્યમાંહિં એક જ દ્રવ્ય આવઈં=કોઈ દ્રવ્યની તે તે અવસ્થારૂપ પર્યાયને ન માનીએ અને કહીએ કે તે તે વિશેષ અવસ્થા એક દ્રવ્યરૂપ જ છે, દ્રવ્યથી અતિરિક્ત કોઈ વિશેષ નથી તો બધા પદાર્થો તે તે દ્રવ્યરૂપે એક જ પ્રાપ્ત થાય.

જેમ પોતાનો આત્મા એક દ્રવ્યરૂપ છે પરંતુ દેવ, નારક, તિર્યંચ કોઈ વિશેષરૂપ નથી તેમ સર્વ જીવો અને સર્વ પુદ્ગલો સંખ્યાથી અનેક હોવા છતાં તે તે દ્રવ્યરૂપે એક જ પ્રાપ્ત થાય, પરંતુ કોઈપણ દ્રવ્ય પોતાના પર્યાયની અપેક્ષાએ અનેક છે તેનો અપલાપ થાય.

તિ માટિં=તે માટે=જો દ્રવ્યને ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય ન સ્વીકારીએ તો સર્વ વિશેષથી ક્ષણિકવાદ બૌદ્ધ મત માનવાની આપત્તિ આવે અથવા સર્વ વિશેષને ન સ્વીકારીએ અને તે સર્વ દ્રવ્યોમાં અનુગત એવાં ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યને સ્વીકારીએ તો જગતવર્તી સર્વ દ્રવ્યોમાં તે તે વ્યક્તિરૂપે અનેક દ્રવ્ય હોવા છતાં એક દ્રવ્ય માનવાની આપત્તિ આવે અર્થાત્ સર્વવિશેષનો અપલાપ કરવામાં આવે તો જીવ પુદ્ગલ આદિમાં પરસ્પર ભેદ કરનાર કોઈ વિશેષ નથી તેમ પ્રાપ્ત થાય તેથી બધાં દ્રવ્યો એકસરખાં સ્વરૂપવાળાં છે તેમ પ્રાપ્ત થાય. તેથી ઊર્ધ્વતાસામાન્યની અને તિર્યક્સામાન્યની અર્થાત્ બધાં દ્રવ્યો સંખ્યાથી અનેક હોવા છતાં સ્વરૂપથી સમાન છે એ રૂપ તિર્યક્સામાન્યની, પ્રાપ્તિ થવાથી જગતમાં એક જ દ્રવ્ય છે તેમ માનવાની આપત્તિ આવે તે માટે, ઘટાદિ દ્રવ્ય અને તેના સામાન્ય મૃદાદિ દ્રવ્ય, અનુભવને અનુસારે પર-અપર ઊર્ધ્વતાસામાન્યરૂપ અવશ્ય માનવાં.

ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયને વ્યાપે છે=પ્રથમ ક્ષણ, બીજી ક્ષણ એ પ્રમાણે થોડા પર્યાયને વ્યાપે છે અને મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયને વ્યાપે છે=ઘટાદિના પ્રથમ ક્ષણાદિથી અતિરિક્ત પિંડાવસ્થા કે ઠીકરાઅવસ્થાના કાળમાં વર્તતા સર્વ પર્યાયોને માટી વ્યાપે છે, માટે ઘણા પર્યાયોને વ્યાપે છે.

એમ, નર-નારકાદિ દ્રવ્ય જીવદ્રવ્યનો પણ વિશેષ જાણવો=નર-નારકાદિ દ્રવ્ય થોડા પર્યાયને વ્યાપે છે અને જીવદ્રવ્ય ઘણા પર્યાયને વ્યાપે છે એ પ્રકારનો વિશેષ જાણવો.

આ સર્વ નૈગમનયનું મત છે=ઘટાદિ દ્રવ્યને અને મૃદાદિ દ્રવ્યને સ્વીકારીને ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયને વ્યાપે છે અને મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયને વ્યાપે છે ઇત્યાદિ જે કહ્યું તે નૈગમનયનું મત છે.

શુદ્ધ સંગ્રહનયના મતે તો સદ્ અદ્વૈતવાદની પ્રાપ્તિ થાય તેથી એક જ દ્રવ્ય આવે=જગતમાં એક જ સત્ દ્રવ્ય છે તેનાથી અતિરિક્ત કાંઈ નથી, એ પ્રમાણે શુદ્ધ સંગ્રહનયના મતે આવે, તે જાણવું. ॥૨/૪॥

ભાવાર્થ :-

દ્રવ્ય ઊર્ધ્વતાસામાન્યરૂપ અને તિર્યક્સામાન્યરૂપ છે તેમાં ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યશક્તિ તે કહેવાય કે, જે પૂર્વ અને અપરના વિશેષને કરે અને સર્વમાંહે=આ બધા પર્યાયોમાં, એકરૂપ રહે.

જેમ,

આત્મદ્રવ્ય તે તે પર્યાયોને ક્રમસર કરે છે તે સર્વ પર્યાયોમાં ઊર્ધ્વતાસામાન્યરૂપ આત્મદ્રવ્ય શક્તિરૂપે છે અને આત્મદ્રવ્યમાં તે તે પર્યાયોની શક્તિ હોવાથી ક્યારેક નરક પર્યાય, ક્યારેક નર પર્યાય આદિરૂપે તે તે પર્યાય વ્યક્ત થાય છે તે સર્વ પર્યાયમાં આત્મદ્રવ્ય એકરૂપે રહે છે, પરંતુ ફરતું નથી. વળી, ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યશક્તિ શું છે ? તે પૂર્વમાં ટબામાં બતાવ્યું. તેને દૃષ્ટાંતથી ટબામાં સ્પષ્ટ કરે છે.

જેમ, માટીનો પિંડ કુશૂલરૂપે થાય, ત્યારપછી ઠીકરારૂપે થાય તે સર્વેમાં માટી ફરતી નથી પરંતુ પિંડ અવસ્થામાં પણ "આ માટી છે", કુશૂલાવસ્થામાં પણ "આ માટી છે", ઠીકરાવસ્થામાં પણ "આ માટી છે" તેવી પ્રતીતિ થાય છે. તેથી તે માટીને પિંડ, કુશૂલ આદિ અવસ્થામાં ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે. જો પિંડ, કુશૂલ આદિ પર્યાયોમાં એક અનુગત માટી દ્રવ્ય ન માનો તો ઘટાદિ પર્યાયમાં પણ=પ્રથમ ક્ષણનો ઉત્પન્ન થયેલો ઘટ બીજી ક્ષણમાં આવે છે ત્યારે બીજી ક્ષણનો ઘટ પર્યાય થાય છે, ત્રીજી ક્ષણમાં આવે છે ત્યારે ત્રીજી ક્ષણનો ઘટ પર્યાય થાય છે, તે સર્વક્ષણના ઘટપર્યાયમાં અનુગત એવું "આ ઘટ દ્રવ્ય છે" તેમ પણ માની શકાય નહીં અને તેમ સ્વીકારીએ તો દરેક ક્ષણનો ઘટ જુદો છે તેમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારવાથી સર્વ વિશેષની પ્રાપ્તિ થાય અર્થાત્ જે એક ક્ષણમાં દેખાતા પર્યાયો છે તેરૂપ જ વસ્તુ છે તેમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો ક્ષણિકવાદી બૌદ્ધનો મત આવે.

આ રીતે પૂર્વ-અપર પર્યાયમાં ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય સ્વીકારવાની યુક્તિ આપીને સ્થાપન કર્યું કે દરેક વસ્તુમાં પ્રતિક્ષણ પરિવર્તન પામતા પર્યાયોમાં અનુગત ઊર્ધ્વતાસામાન્ય સ્વીકારવું જોઈએ અને

ઊર્ધ્વતાસામાન્ય ન સ્વીકારીએ અને પ્રતિક્ષણ પરિવર્તન પામતા પર્યાયરૂપ જ વસ્તુ સ્વીકારીએ તો ક્ષણિકવાદી બૌદ્ધ મત આવે.

હવે "અથવા"થી કહે છે કે, માત્ર ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યને સ્વીકારીએ અને તે ઊર્ધ્વતાસામાન્યરૂપ જ વસ્તુ છે અને તેનાથી અતિરિક્ત પ્રતિક્ષણ પરિવર્તન થતા પર્યાયો વાસ્તવિક નથી તેમ સ્વીકારીએ તો સર્વદ્રવ્યમાં એક જ દ્રવ્યની પ્રાપ્તિ થાય. જેમ, આત્માને સ્વીકારીએ અને આત્માના નર-નારકાદિ પર્યાયો દેખાય છે, તે આત્મદ્રવ્યથી સર્વથા અતિરિક્ત નથી. માટે કેવલ આત્મદ્રવ્ય જ છે તેનાથી જુદા નર-નારકાદિ પર્યાયો નથી તેમ માનીએ તો આત્મદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યથી ભેદ કરનાર એવું ચૈતન્યપણું નથી એમ પ્રાપ્ત થાય તેથી ધર્માસ્તિકાયાદિ છયે દ્રવ્યોમાં પણ પરસ્પર ભેદ કરનાર કોઈ વિશેષ નથી એમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો જગત્વર્તી જે દ્રવ્યો છે તે બધાં સ્વરૂપથી સમાન છે તેમ પ્રાપ્ત થાય તેથી બધા પદાર્થો માત્ર એક દ્રવ્યરૂપ પ્રાપ્ત થાય અર્થાત્ પદાર્થમાં કોઈ પર્યાય સ્વીકારવામાં ન આવે તો ઊર્ધ્વતાસામાન્યની અને તિર્યક્સામાન્યની માત્ર પ્રાપ્તિ થાય. તેથી જગતમાં વર્તતા બધા પદાર્થો એક સ્વરૂપવાળા છે તેથી એક દ્રવ્ય છે તેમ પ્રાપ્ત થાય, અને જીવ પુદ્ગલ આદિ અનેક દ્રવ્યો છે તેનો અપલાપ પ્રાપ્ત થાય.

તેથી ઘટાદિ દ્રવ્ય અને તેના સામાન્યરૂપ મૃદાદિ દ્રવ્ય અનુભવ અનુસારે પરઅપર ઊર્ધ્વતાસામાન્યરૂપ અવશ્ય માનવા અર્થાત્ ઘટાદિ દ્રવ્ય તત્-ક્ષણના ઘટરૂપ પર્યાયને વ્યાપીને રહે છે. તેથી થોડા પર્યાયને વ્યાપીને રહેનાર છે. જેમ, ઘટ સો વર્ષ રહે તો સો વર્ષની ક્ષણોપ્રમાણ ઘટાદિ પર્યાયને તે ઘટાદિ દ્રવ્ય વ્યાપીને રહે છે અને મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયને વ્યાપીને રહે છે. જેમ કોઈ માટીનો પિંડ બે વર્ષ રહે; ત્યાર પછી તેમાંથી ઘટ થાય, તે સો વર્ષ રહે ત્યાર પછી ઠીકરાં થયાં, તે સો વર્ષ રહે; તે સર્વમાં માટી દ્રવ્ય અનુગત છે. તેથી માટીરૂપ દ્રવ્ય પિંડઅવસ્થાના સર્વ પર્યાયમાં, ઘટઅવસ્થાના સર્વ પર્યાયમાં અને ઠીકરા અવસ્થાના સર્વ પર્યાયોમાં વ્યાપીને રહે છે. તેથી મૃદાદિદ્રવ્ય અધિક પર્યાયોને વ્યાપીને રહે છે.

ઘટાદિની જેમ જીવને આશ્રયીને વિચારીએ તો જીવદ્રવ્ય ઘણા પર્યાયોને વ્યાપીને રહે છે અને નરનારકાદિ દ્રવ્ય અલ્પ પર્યાયોને વ્યાપીને રહે છે; કેમ કે નરદ્રવ્ય જે ક્ષણમાં ઉત્પન્ન થાય અને જે ક્ષણમાં મૃત્યુ પામે તે સર્વ ક્ષણના પરિવર્તનરૂપ પર્યાયને નરદ્રવ્ય વ્યાપીને રહે છે અને જીવદ્રવ્ય શાશ્વત છે. તેથી અનાદિકાળથી જેટલી ક્ષણો પસાર થઈ તે સર્વ ક્ષણનાં પરિવર્તનોને અને જે ક્ષણો ભવિષ્યની થશે તે સર્વ ક્ષણનાં પરિવર્તનોને વ્યાપીને જીવદ્રવ્ય રહેલું છે. તેથી જીવદ્રવ્ય અનંતા પર્યાયોને વ્યાપીને રહેલું છે.

આ સર્વ નૈગમનયનો મત છે=ઊર્ધ્વતાસામાન્ય બતાવ્યા પછી સર્વ જીવ, પુદ્ગલાદિ મૂળ દ્રવ્યને ગ્રહણ કરીને તે દરેક દ્રવ્યો અધિક પર્યાયને વ્યાપીને રહેલાં છે અને તે મૂળ દ્રવ્યના જ આપેક્ષિત દ્રવ્યોને ગ્રહણ કરીને તે અલ્પ પર્યાયોને વ્યાપે છે તેમ જે કહ્યું તે નૈગમનયનો મત છે. જેમ, કોઈ જીવદ્રવ્યરૂપ મૂળદ્રવ્યને ગ્રહણ કરીએ તો તે અધિક પર્યાયને વ્યાપીને રહે છે અને તે જીવના જ નરભવકાળમાં વર્તતા દ્રવ્યને ગ્રહણ કરીએ તો તે અલ્પ પર્યાયને વ્યાપીને રહે છે, તેમ કહેવાય છે, તે સર્વ નૈગમનયનો મત છે.

વળી, શુદ્ધ સંગ્રહનયના મતે તો સદ્અદ્વૈતવાદથી એક જ દ્રવ્ય આવે. અર્થાત્ દ્રવ્યને જોનારી દૃષ્ટિમાં જે શુદ્ધ સંગ્રહનય છે તે ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્ય ઉભયને સ્વીકારીને સર્વ વિશેષતાથી રહિત

એક જ દ્રવ્ય સ્વીકારે છે; કેમ કે સર્વવિશેષ તે પર્યાય છે અને શુદ્ધ સંગ્રહનય, સર્વથા પર્યાયનો સ્વીકાર કર્યા વગર દ્રવ્યને જ સ્વીકારે છે અને તે દ્રવ્ય જેમ ઊર્ધ્વતાસામાન્યરૂપ છે તેમ જીવાદિ સર્વ દ્રવ્યોમાં દ્રવ્ય-દ્રવ્યરૂપ એક પ્રતીતિ થતી હોવાથી તે સર્વને પણ એકરૂપ સ્વીકારે છે. તેથી તેના મત પ્રમાણે જગતમાં સત્=સત્તાનો, અદ્વૈત છે=સદ્અદ્વૈતવાદ છે. તેથી જગતમાં એક જ દ્રવ્ય છે, અન્ય કાંઈ નથી. અન્ય જે કાંઈ દેખાય છે તે દ્રવ્યથી પૃથક્ભૂત નહીં હોવાથી વાસ્તવિક નથી. **॥૨/૪॥**

અવતરણિકા :-

ગાથા-૪ની અવતરણિકામાં કહ્યું કે, સામાન્ય તે દ્રવ્ય કહેવાય અને તે સામાન્ય બે પ્રકારના છે તેમાંથી ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યનું સ્વરૂપ ગાથા-૪માં બતાવ્યું. હવે તિયર્ક્સામાન્યરૂપ દ્રવ્યનું સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

ભિન્ન વિગતિમાં રૂપ એક જે, દ્રવ્યશક્તિ જગિ દાખઇ રે;
તે તિર્યક્ સામાન્ય કહીજઇં, જિમ ઘટ ઘટપણ રાખઈ રે.

જિન૦ ॥૨/૫॥

ગાથાર્થ :-

ભિન્ન વિગતિમાં=ભિન્ન પ્રદેશવાળા પદાર્થોમાં, જે એકરૂપ દ્રવ્ય શક્તિ જગતમાં દેખાય છે તે તિર્યક્સામાન્ય કહેવાય. જેમ, ઘટ ઘટપણ=ઘટત્વ રાખે છે. ॥૨/૫॥

ટબો :-

ભિન્ન વિગતિમાં-ભિન્નપ્રદેશી વિશેષમાં, જે દ્રવ્યની શક્તિ એકરૂપ-એકાકાર દેખાડઈ છઇ, તેહનઈં તિર્યક્સામાન્ય કહિઈં, જિમ ઘટ, ઘટપણ-ઘટત્વ રાખઈ છઈ.

હિવઈ કોઇ ઈમ કહસ્યઈ જે "ઘટાદિક ભિન્ન વ્યક્તિમાં જિમ ઘટત્વાદિક એક સામાન્ય છઇ, તિમ પિંડ-કુશૂલાદિક ભિન્ન વ્યક્તિમાં મૃદાદિક એક સામાન્ય છઈ, તો તિર્યક્સામાન્ય, ઊર્ધ્વતાસામાન્યનો સ્યો વિશેષ ?" તેહનઈ કહિઈં જે "દેશભેદઈં જિહાં એકાકાર પ્રતીતિ ઊપજઈ, તિહાં તિર્યક્સામાન્ય કહિઈં; જિહાં કાલભેદઈં-અનુગતાકાર પ્રતીતિ ઊપજઈ, તિહાં ઊર્ધ્વતાસામાન્ય કહિઈં."

ટબાર્થ :-

ભિન્ન ભિન્ન પ્રદેશવાળા ભિન્ન ભિન્ન પદાર્થોમાં જે દ્રવ્યની શક્તિ એકરૂપ=એકાકાર, દેખાય છે=સદૃશતાની પ્રતીતિરૂપ એકાકાર દેખાય છે, તેને તિર્યક્સામાન્ય કહેવાય. જેમ, ઘટમાં ઘટપણું દેખાય છે તે સદૃશપણારૂપ હોવાથી એકાકારની પ્રતીતિ કરાવે છે, તે દ્રવ્યશક્તિ તિર્યક્સામાન્યરૂપ છે.

હવે કોઈ એમ કહેશે જે ઘટાદિ ભિન્ન વ્યક્તિમાં જેમ ઘટત્વાદિ એકસામાન્ય છે તેમ પિંડ-કુશૂલાદિ ભિન્ન વ્યક્તિમાં મૃદાદિ એકસામાન્ય છે. તો=તેથી, તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્યમાં શો વિશેષ છે ?=શો ભેદ છે ? તેને કહીએ જે – દેશભેદમાં જે સ્થાને એકાકાર પ્રતીતિ ઉત્પન્ન થાય છે ત્યાં તિર્યક્સામાન્ય કહેવાય છે. જ્યાં કાળભેદે અનુગતાકારપ્રતીતિ ઉત્પન્ન થાય છે, ત્યાં ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે.

ભાવાર્થ :-

તિર્યક્સામાન્યનું સ્વરૂપ બતાવે છે. ભિન્ન ભિન્ન પ્રદેશવાળી અનેક વસ્તુઓ પડેલી હોય તે સર્વમાં સાદૃશ્યને કારણે જે એકાકારપણું દેખાય છે તે દ્રવ્યશક્તિ છે અને તેને તિર્યક્સામાન્ય કહેવાય છે. જેમ અનેક ઘટ પડ્યા હોય અને તે સર્વ ઘટના પ્રદેશો જુદા જુદા છે તોપણ તે સર્વ ઘટમાં ઘટપણારૂપે સદૃશતા છે તે સદૃશતા દ્રવ્યની શક્તિ છે અને તેને તિર્યક્સામાન્ય કહેવાય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, જેમ અનેક ઘટમાં ઘટત્વ સામાન્ય દેખાય છે તેમ માટીના પિંડ, માટીનો કુશૂલ આદિ સર્વઅવસ્થામાં માટી એક દેખાય છે, તેથી તિર્યક્સામાન્યનો અને ઊર્ધ્વતાસામાન્યનો કોઈ ભેદ દેખાતો નથી. પ્રશ્નકારનો આશય એ છે કે અનેક ઘટદ્રવ્યમાં જેમ એકાકારની પ્રતીતિ છે તેમ પિંડ, કુશૂલાદિ વસ્તુમાં મૃદ્દ્રવ્યરૂપે એકાકારની પ્રતીતિ છે. માટે ઊર્ધ્વતાસામાન્યમાં અને તિર્યક્સામાન્યમાં ભેદ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, દેશભેદથી જ્યાં એકાકારની પ્રતીતિ થાય છે ત્યાં તિર્યક્સામાન્ય છે જેમ, અનેક ઘટ પડ્યા હોય તે દરેક ઘટના પ્રદેશો જુદા છે છતાં તે સર્વમાં સાદૃશ્યને કારણે એકાકારની પ્રતીતિ થાય છે ત્યાં તિર્યક્સામાન્ય છે અને એકની એક વસ્તુમાં કાળભેદથી અનુગતાકારે પ્રતીતિ થાય છે ત્યાં ઊર્ધ્વતાસામાન્ય છે. જેમ, માટીનો પિંડ જ ભિન્ન કાળમાં કુશૂલ થાય છે, ભિન્ન કાળમાં ઘટ થાય છે, ભિન્ન કાળમાં ઠીકરાં થાય છે, તે સર્વ કાળમાં માટી અનુગત છે અર્થાત્ જે માટી પિંડ અવસ્થામાં હતી તે જ માટી કુશૂલઅવસ્થામાં છે. તેથી પિંડ-કુશૂલાદિ સર્વ અવસ્થામાં માટી અનુગત છે એમ પ્રતીત થાય છે. માટે ત્યાં ઊર્ધ્વતાસામાન્ય છે.

ટબો :-

કોઈક દિગંબરાનુસારી ઈમ કહઈ છઈ-જે "ષટ્દ્રવ્યનઈં કાલપર્યાયરૂપ ઊર્ધ્વતા-સામાન્ય-પ્રચય છઈ, કાલ વિના પાંચ દ્રવ્યનઈં અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય છઈ." તેહનઈં મતઈં-"તિર્યક્પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્સામાન્ય થાઈ, તથા-પરમાણુરૂપ અપ્રચયપર્યાયનું આધાર ભિન્ન દ્રવ્ય જોઈઈં," તે માટિં-પાંચ દ્રવ્યનઈં ખંધ-દેશ-પ્રદેશ-ભાવઈં એકાનેક વ્યવહાર ઉપપાદવો, પણિ-તિર્યક્પ્રચય નામાંતર ન કહવું. ॥૨/૫॥

ટબાર્થ :-

કોઈક દિગંબરાનુસારી એમ કહે છે જે, ષટ્દ્રવ્યને કાલપર્યાયરૂપ ઊર્ધ્વતાસામાન્યપ્રચય છે=છએ દ્રવ્યોમાં પ્રતિક્ષણ પરિવર્તનરૂપ કાલપર્યાય છે અને તે કાલપર્યાય ઊર્ધ્વતાસામાન્યપ્રચયરૂપ છે અને કાલ વગર પાંચ દ્રવ્યને અવયવના સંઘાતરૂપ તિર્યક્પ્રચય છે. તેના મતમાં તિર્યક્પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્સામાન્ય થાય અને પરમાણુરૂપ અપ્રચયપર્યાયનો આધાર ભિન્ન દ્રવ્ય હોવો જોઈએ=પાંચ દ્રવ્યથી ભિન્ન દ્રવ્ય હોવો જોઈએ. તે માટે=એ રૂપ આપત્તિ હોવાથી પાંચ દ્રવ્યને સ્કંધ, દેશ, પ્રદેશભાવથી એક-અનેક વ્યવહાર ઉપપાદવો, પણ તિર્યક્પ્રચય નામાન્તર કહેવું નહીં. ॥૨/૫॥

ભાવાર્થ :-

દિગંબરોના મત પ્રમાણે છ દ્રવ્યો છે. તેમના મત પ્રમાણે કાળદ્રવ્ય પણ ધર્માસ્તિકાયાદિની જેમ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. આ કાળ દ્રવ્ય એ સર્વદ્રવ્યોમાં વર્તનાપરિણામનું નિમિત્તકારણ છે. જેમ, જીવ અને પુદ્ગલમાં થતા ગતિપરિણામ પ્રત્યે ધર્માસ્તિકાય નિમિત્તકારણ છે તેમ, સર્વદ્રવ્યોમાં થતા વર્તનાપરિણામ પ્રત્યે કાળ નિમિત્તકારણ છે. ચૌદ રાજલોકના દરેક આકાશપ્રદેશ ઉપર એક એક કાલાણુ રહેલો છે અને સર્વ કાલાણુઓ ચૌદ રાજલોકમાં રત્નના ઢગલાની જેમ રહેલા છે.

દિંગબર મતાનુસાર આ છએ દ્રવ્યો અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનાં છે. તેથી તે છએ દ્રવ્યોમાં પ્રતિક્ષણ પરિવર્તનરૂપ કાળપર્યાય વર્તે છે, તે કાળપર્યાય એટલે "આ પ્રથમ ક્ષણનું દ્રવ્ય, આ બીજી ક્ષણનું દ્રવ્ય, આ ત્રીજી ક્ષણનું દ્રવ્ય" એ પ્રકારની પ્રતીતિનું નિયામક. આ કાળપર્યાય છએ દ્રવ્યોમાં ઊર્ધ્વતાસામાન્યરૂપ છે; કેમ કે દરેક દ્રવ્યો અનાદિ કાળથી છે અને જેટલી ક્ષણો અત્યારસુધી પસાર થઈ અને ભવિષ્યમાં થશે તે સર્વ તે દ્રવ્યના કાળપર્યાયો થાય છે. વળી, તે સર્વમાં "કાળ-કાળ" એવી જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિનો વિષય કાળ પર્યાય છે અને તે કાળ પર્યાયનો જથ્થો એ ઊર્ધ્વતાસામાન્યપ્રચયરૂપ છે. ઊર્ધ્વતા એટલે પૂર્વ-ઉત્તર ભાવ, સામાન્ય એટલે પહેલી ક્ષણ, બીજી ક્ષણ આદિમાં કાળ-કાળ એ પ્રકારની સામાન્ય પ્રતીતિનો વિષય અને પ્રચય એટલે તે કાળનો જથ્થો-તેને દિગંબરો ઊર્ધ્વતાસામાન્યપ્રચય કહે છે.

વળી, દિગંબર મતાનુસાર જીવાદિ પાંચે દ્રવ્યોના જે અવયવો છે તેનો સંઘાત એ તિર્યક્પ્રચય છે. જેમ કે, એક આત્માના અસંખ્યાત પ્રદેશો છે તે પ્રદેશો પરસ્પર એકમેકભાવે રહેલા છે. તેવા આત્મપ્રદેશોનો જે સંઘાત છે, તેને દિગંબર તિર્યક્પ્રચય કહે છે.

દિગંબરે પાંચદ્રવ્યને અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય છે એમ સ્થાપન કર્યું. તેથી તિર્યક્પ્રચયના આધાર ઘટાદિક તિર્યક્સામાન્ય થાય=અનેક પરમાણુના બનેલા ઘટાદિ દ્રવ્યો હોવાથી તેમાં અનેક પરમાણુના સંઘાતરૂપ તિર્યક્પ્રચય પ્રાપ્ત થાય અને તેનો આધાર તે તે ઘટાદિમાં વર્તતો સમાન પરિણામરૂપ તિર્યક્સામાન્ય થાય અને દ્વયણુકાદિ સ્કંધો તિર્યક્પ્રચયના આધાર થાય અને તે રીતે પરમાણુરૂપ અપ્રચય પર્યાયનો આધાર ઘટાદિક તિર્યક્ સામાન્ય ન થઈ શકે. તેથી ઘટાદિક તિર્યક્સામાન્યથી અતિરિક્ત કોઈક ભિન્ન દ્રવ્ય હોવું જોઈએ, જે પરમાણુરૂપ અપ્રચયપર્યાયનો આધાર બને. આનાથી એ પ્રાપ્ત થાય કે ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો

છે. તેમાં કાળ વિના પાંચ દ્રવ્યો અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચયવાળા છે અને છઠ્ઠું પરમાણુરૂપ અપ્રચયપર્યાયનું આધાર દ્રવ્ય છે અને તિર્યક્પ્રચય વગરનું કાળ નામનું સાતમું દ્રવ્ય છે તેમ માનવાની દિગંબરને આપત્તિ આવે. આ રીતે નવા પદાર્થની કલ્પના કરવી તે ઉચિત નથી=પરમાણુરૂપ અપ્રચયનો આધાર દ્વયણુકાદિથી ભિન્ન દ્રવ્ય છે એ પ્રકારની કલ્પના કરવી ઉચિત નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે આ રીતે નવા પદાર્થની કલ્પના કરવી તે ઉચિત નથી. પરંતુ પાંચ દ્રવ્યોને સ્કંધ, દેશ, પ્રદેશભાવે એક-અનેકનો વ્યવહાર કરવો.

કાળ સિવાય જે પાંચ દ્રવ્યો છે તેમાં જેમ ધર્માસ્તિકાય ચૌદ રાજલોકમાં ફેલાયેલો હોય છે તે એક સ્કંધરૂપે પ્રતીત થાય છે, તેથી સ્કંધરૂપે એક છે અને દેશ-પ્રદેશરૂપે અનેક છે. આ રીતે જ બાકીનાં ચાર દ્રવ્યોમાં પણ વ્યવહાર થઈ શકે છે. માટે અનુભવ અનુસાર પાંચે દ્રવ્યને સ્કંધરૂપે એક અને દેશ-પ્રદેશરૂપે અનેક સ્વીકારવાં જોઈએ પરંતુ તિર્યક્પ્રચય એ રૂપ નામાન્તર કહેવું ઉચિત નથી.

અહીં વિશેષ એ છે કે, શ્વેતાંબરના મત પ્રમાણે પણ છ દ્રવ્યોનો સ્વીકાર છે, પરંતુ કાળ મોટા ભાગે ઉપચરિત દ્રવ્ય મનાયું છે, વસ્તુતઃ ધર્માસ્તિકાયાદિની જેમ સ્વતંત્ર દ્રવ્ય મનાયું નથી અને કાળ સિવાય પાંચ દ્રવ્યો શાશ્વત છે. અને દરેક દ્રવ્ય અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. વળી, શ્વેતાંબર મત પ્રમાણે દરેક દ્રવ્ય પ્રતિક્ષણ પરિવર્તન પામતું હોય છે અને આ પરિવર્તન દ્રવ્યના પર્યાયરૂપ છે અને જે પરિવર્તન પામતું નથી તે દ્રવ્ય જ ઊર્ધ્વતાસામાન્યરૂપ છે; કેમ કે પ્રતિક્ષણના પર્યાયોમાં દ્રવ્ય એ અનુગત પ્રતીતિરૂપ છે. વળી, શ્વેતાંબર મતમાં માત્ર ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય છે પણ ઊર્ધ્વતાસામાન્યરૂપ પ્રચયની કલ્પના નથી.

વળી, શ્વેતાંબરના મત પ્રમાણે દરેક દ્રવ્યોમાં સદૃશતાની જે પ્રતીતિ થાય છે તે તિર્યક્સામાન્યરૂપ છે, પરંતુ અવયવના સમુદાયરૂપ તિર્યક્પ્રચયની કલ્પના નથી.

દ્રવ્યાસ્તિક નય એ અનુગત પ્રતીતિરૂપ ઊર્ધ્વતાસામાન્ય સ્વીકારે છે અને સદૃશતાની પ્રતીતિરૂપ તિર્યક્સામાન્ય સ્વીકારે છે. પર્યાયાસ્તિકનય પરસ્પર વિસદૃશતા અને દરેક દ્રવ્યોમાં પૂર્વોત્તર વિસદૃશતાને સ્વીકારે છે. **॥૨/૫॥**

અવતરણિકા :-

હિવઈ ઊર્ધ્વતાસામાન્ય શક્તિના બે ભેદ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

ગાથા-૪માં કહેલ કે દ્રવ્ય ઊર્ધ્વતાસામાન્યશક્તિરૂપ છે તેથી એ પ્રાપ્ત થાય કે, દરેક દ્રવ્ય ઊર્ધ્વતાસામાન્યરૂપ છે અને તે દ્રવ્ય કોઈક પર્યાયની શક્તિરૂપે રહેલું છે અને તે શક્તિના બે ભેદ છે તેને હવે ગ્રંથકારશ્રી દેખાડે છે –

ગાથા :-

શક્તિમાત્ર તે દ્રવ્ય સર્વની, ગુણ-પર્યાયની લીજઈ રે;
કારયરૂપ નિકટ દેખીનઈં, સમુચિત શક્તિ કહીજઈ રે. જિન૦ ॥૨/૬॥

ગાથાર્થ :-

દ્રવ્ય સર્વની ગુણ પર્યાયની શક્તિમાત્ર લઈએ તે=તે ઓઘશક્તિ છે, કાર્યરૂપ નિકટ દેખાય તે સમુચિત શક્તિ કહીએ. ॥૨/૬॥

ટબો :-

દ્રવ્ય સર્વની-આપઆપણા ગુણ-પર્યાયની શક્તિમાત્ર લીજઈ, તે ઓઘશક્તિ કહીઈ, અનઈ જે કાર્યનું રૂપ નિકટ કહતાં-વહિલું ઊપજતું દેખીઈ, તે કાર્યની અપેક્ષાઈ તેહની સમુચિત શક્તિ કહિઈ. સમુચિત કહતાં-વ્યવહારયોગ્ય. ॥૨/૬॥

ટબાર્થ :-

દ્રવ્ય સર્વની=આપઆપણા=પોતપોતાના ગુણપર્યાયની શક્તિમાત્ર છે=શક્તિસામાન્ય છે, તે ઓઘશક્તિ કહેવાય અને જે કાર્યરૂપ નિકટ કહતાં-વહેલું ઊપજતું દેખાય છે તે કાર્યની અપેક્ષાએ તેની=દ્રવ્યની, સમુચિત શક્તિ કહેવાય. સમુચિત કહેતાં વ્યવહારયોગ્ય. ॥૨/૬॥

ભાવાર્થ :-

દરેક દ્રવ્યમાં જે જે ગુણ-પર્યાય પ્રગટ થઈ શકે તેમ છે તે તે ગુણ-પર્યાયને પ્રગટ કરવાની શક્તિ તે દ્રવ્યમાં છે અને જે ગુણ-પર્યાયની શક્તિ કાર્યથી દૂરવર્તી છે અને તે શક્તિનો વ્યવહાર વર્તમાનમાં થાય તેમ નથી તેવી શક્તિને ઓઘશક્તિ કહેવાય છે. જે કાર્યરૂપે થવાની શક્તિ નિકટમાં છે તે કાર્યની શક્તિને સમુચિત શક્તિ કહેવાય છે.

સમુચિત શક્તિ એટલે લોકમાં વ્યવહારયોગ્ય શક્તિ અર્થાત્ "આ દ્રવ્યમાંથી આ કાર્ય થશે" એ પ્રકારની વ્યવહારયોગ્ય શક્તિ તે સમુચિત શક્તિ છે. **॥૨/૬॥**

અવતરણિકા :-

ઈહાં દૃષ્ટાંત કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

પૂર્વમાં બે પ્રકારની ઊર્ધ્વતાસામાન્યરૂપ શક્તિ બતાવી એમાં દૃષ્ટાંત કહે છે –

ગાથા :-

ઘૃતની શક્તિ યથા તૃણભાવઈં, જાણી પિણ ન કહાઇ રે;
દુગ્ધાદિક ભાવઈં તે જનનઈં, ભાષી ચિત્ત સુહાઈ રે. જિન૦ ॥૨/૭॥

ગાથાર્થ :-

યથા=જેમ, તૃણભાવમાં ઘીની શક્તિ જાણી પણ કહેવાઈ નહીં અને દુગ્ધાદિકભાવમાં=દૂધ, દહીં, માખણ ભાવમાં, તે=ઘીની શક્તિ, ભાષી=કહેવાયેલી, જનને ચિત્તમાં સોહાય છે. ॥૨/૭॥

ટબો :-

જિમ ઘૃતની શક્તિ તૃણભાવઈં-પુદ્ગલમાંહિ છઈ; નહીં તો તૃણ આહારથી ધેનુ દૂધ દિઈ છઈ, તે દૂધમાંહિ ઘૃતશક્તિ કિહાંથી આવી? ઈમ અનુમાન પ્રમાણઈં તૃણમાંહિ જાણી, પિણ ઘૃતશક્તિ કહિવાઈં નહીં, તે માટિં તે ઓઘશક્તિ કહિઈં, અનઈં તૃણનઈં દુગ્ધાદિક ભાવઈં-દુગ્ધ દધિ પ્રમુખ પરિણામઈં ઘૃતશક્તિ કહીઈં. તે ભાષી થકી જનનઈં-લોકનઈ-ચિત્તિ સુહાઈં. તે માટિં તે સમુચિતશક્તિ કહિઈં, અનંતર કારણમાંહિ સમુચિતશક્તિ, પરંપરકારણમાંહિ ઓઘશક્તિ એ વિવેક.

એહ ૨ નું જ (બેનાં જ) અન્ય કારણતા(૧), પ્રયોજકતા(૨), એ બિ બીજાં નામ કહઈ છઈ તે જાણવું. ॥૨/૭॥

ટબાર્થ :-

જેમ, ઘીની શક્તિ તૃણાદિ ભાવવાળા પુદ્ગલમાં છે, નહીં તો તૃણના આહારથી ગાય દૂધ આપે છે તે દૂધમાં ઘીની શક્તિ ક્યાંથી આવે ? એ પ્રકારના અનુમાનના પ્રમાણથી તૃણમાંહિ જાણી=તૃણમાં ઘીની શક્તિ જાણી, પણ ઘૃતશક્તિ કહેવાય નહીં= લોકમાં કહેવાઈ નહીં. તે માટે તે=ઘાસમાં ઘીની શક્તિ, ઓઘશક્તિ કહેવાય અને તૃણના દુગ્ધાદિ ભાવમાં=દૂધ, દહીં આદિ પરિણામોમાં, ઘીની શક્તિ કહી, તે કહેવાઈ થકી જનને=લોકને, ચિત્તમાં સોહાય છે. તે માટે, તે=દૂધ આદિમાં ઘીની શક્તિ, સમુચિત શક્તિ કહેવાય. આ કથનનો ફલિતાર્થ બતાવે છે.

અનંતર કારણમાં સમુચિત શક્તિ અને પરંપરા કારણમાં ઓઘશક્તિ એ વિવેક છે.

એહ ૨નું જ=પૂર્વમાં કહી એ સમુચિત શક્તિ અને ઓઘ શક્તિ-એ બે નું જ, અન્ય કારણતા અને પ્રયોજકતા એ બે બીજાં નામ કહઈ છઈ=નૈયાયિક બીજાં નામ કહે છે, તે જાણવું. ॥૨/૭॥

ભાવાર્થ :-

ગાથા-૬માં કહ્યું કે, ઊર્ધ્વતાસામાન્ય એ દ્રવ્યરૂપ છે અને તે દ્રવ્ય જ ગુણપર્યાયની શક્તિ છે. વળી, તે શક્તિ (૧) ઓઘશક્તિ અને (૨) સમુચિત શક્તિ છે. તે બંને શક્તિ દૃષ્ટાંતથી, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે – તૃણભાવમાં ઘીની શક્તિ છે, જે અનુમાનથી જણાય છે, પણ લોકમાં કહેવાતી નથી, તે ઓઘશક્તિ છે. દૂધ, દહીં વગેરે ભાવમાં ઘીની સમુચિત શક્તિ છે તે લોકમાં કહેવાથી લોકને સ્વીકાર્ય બને છે.

આ રીતે સમુચિત શક્તિ અને ઓઘશક્તિનું સ્વરૂપ બતાવ્યા પછી તે બેને જ નૈયાયિકો બીજા નામથી કહે છે તે બતાવે છે.

નૈયાયિકો ઉપાદાન કારણમાં રહેલી કારણતામાંથી જે સાક્ષાત્ કારણતા છે તેને કારણતારૂપે સ્વીકારે છે અને જે પરંપરાએ કારણ છે તેને પ્રયોજકતા કહે છે. તેથી દુગ્ધાદિમાં ઘીની કારણતા છે તેમ સ્વીકારે છે અને તૃણમાં ઘીની પ્રયોજકતા સ્વીકારે છે. ॥૨/૭॥

અવતરણિકા :-

આત્મદ્રવ્યમાંહિં એ બે શક્તિ ફલાવઈ છઈ –

અવતરણિકાર્થ :-

આત્મદ્રવ્યમાં એ બે શક્તિ ઘટાવે છે –

ગાથા :-

ધરમશક્તિ પ્રાણીનઈં પૂરવ, પુદ્ગલનઈ આવર્તઈં રે;
ઓઘઈં, સમુચિત જિમ વલી કહિઈં, છેહલિં તે આવર્તઈં રે.
જિન૦ ॥૨/૮॥

ગાથાર્થ :-

જેમ, પ્રાણીને પૂર્વ પુદ્ગલ-આવર્તમાં=ચરમ પુદ્ગલથી પૂર્વના પુદ્ગલાવર્તમાં, ધર્મશક્તિ ઓઘથી છે. વળી, છેલ્લા આવર્તમાં=ચરમ આવર્તમાં, તે=તે ધર્મશક્તિ, સમુચિત શક્તિ કહેવાય. ॥૨/૮॥

ટબો :-

જિમ પ્રાણીનઈં-ભવ્ય જીવનઈં પૂર્વ કહતાં પહિલા પુદ્ગલપરાવર્ત અનંત વીતા, તેહમાં, પણિં-ઓઘઈં-સામાન્યઈં નહીં તો છેહલઈં પુદ્ગલપરાવર્તઈં તે શક્તિ ન આવઈ. "नासतो विद्यते भावः" **(ગીતા અ.૨. ૧૬.) ઇત્યાદિવચનાત્.**

અનઈં-છેહલઈં પુદ્ગલપરાવર્તઈં ધર્મની સમુચિત શક્તિ કહિઈ. અત એવ-અચરમ પુદ્ગલપરાવર્ત ભવ-બાલ્યકાલ કહિઓ છઈ, અનઈં-છેહલો પુદ્ગલપરાવર્ત ધર્મયૌવનકાલ કહિઓ છઈ.

"अचरमपरिअट्टेसुं कालो भवबालकालमो भणिओ ।
चरमो उ धम्मजुव्वणकालो, तह चित्तभेओ त्ति ।।"

(चतुर्थविंशतिविंशिकामध्ये ४-१९) ॥૨/૮॥

ટબાર્થ :-

જેમ પ્રાણીને=ભવ્ય જીવને, પૂર્વ કહેતાં પહેલાં પુદ્ગલપરાવર્ત અનંત વીત્યા, તેમાં પણ ઓઘથી=સામાન્યથી,(ધર્મશક્તિ છે) નહીં તો=પૂર્વમાં ઓઘશક્તિ માનવામાં ન આવે તો છેલ્લા પુદ્ગલમાં તે શક્તિ=ધર્મની શક્તિ, ન આવે; કેમ કે "અસત્નો ભાવ વિદ્યમાન નથી" ('ગીતા'ના અધ્યયન બીજાનો શ્લોક-૧૬) ઇત્યાદિ વચન છે અને છેલ્લા પુદ્ગલપરાવર્તમાં ધર્મની સમુચિત

શક્તિ કહેવાઈ છે. આથી જ અચરમ પુદ્ગલપરાવર્ત ભવબાળકાળ કહેવાયો છે=ભવમાં રખડવાને અનુકૂળ એવો ભવબાળકાળ કહેવાયો છે અને છેલ્લો પુદ્ગલપરાવર્ત ધર્મયૌવનકાળ કહેવાયો છે=ધર્મનિષ્પત્તિને અનુકૂળ પુરુષકાર ફોરવી શકાય તેવો કાળ કહેવાયો છે.

"अचरमपरिअट्टेसुं=અચરમપરાવર્તોમાં, कालो=કાળ, भवबालकालमो भणिओ=ભવબાળકાળ કહેવાયો છે, चरमो उ=વળી, ચરમ=છેલ્લો, धम्मजुव्वणकालो=ધર્મયૌવનકાળ, तहचित्तभेओ त्ति=તે પ્રકારના ચિત્રભેદવાળો છે." **(ચોથી વિંશતિવિંશિકાના શ્લોક-૧૧માં કહ્યું છે.)** ॥૨/૮॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં ઊર્ધ્વતાસામાન્ય એ ઓઘશક્તિરૂપ અને સમુચિતશક્તિરૂપ છે તેનું ભાવન પુદ્ગલદ્રવ્યમાં કર્યું. હવે આત્મદ્રવ્યમાં તેની વિચારણા સ્પષ્ટ કરતાં કહે છે કે, ભવ્ય જીવોમાં ચરમ પુદ્ગલપરાવર્તથી પૂર્વેના પુદ્ગલપરાવર્તોમાં ધર્મ કરવાની ઓઘશક્તિ છે. અર્થાત્ તે પુદ્ગલપરાવર્તોમાં તેઓ કૃત્યથી મોક્ષને અનુકૂળ લેશ પણ યત્ન કરી શકતા નથી, પરંતુ ચરમ પુદ્ગલપરાવર્તમાં આવશે ત્યારે ધર્મ કરી શકશે તેવી સામાન્ય શક્તિ તેઓના પૂર્વના પુદ્ગલપરાવર્તોમાં પણ છે.

અહીં પ્રશ્ન થાય કે, પૂર્વના પુદ્ગલપરાવર્તોમાં જે જીવો મોક્ષને અનુકૂળ એવો લેશ પણ યત્ન કરતાં નથી તે જીવોમાં ધર્મ કરવાની શક્તિ છે તેમ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

અસતૂનો ભાવ વિદ્યમાન નથી. ઇત્યાદિ વચન છે.

આશય એ છે કે દ્રવ્યમાં જે ભાવ શક્તિરૂપે વિદ્યમાન હોય તે જ ભાવ પ્રગટ થાય છે. જે ભાવની શક્તિ ન હોય તે ભાવ પ્રગટ થતો નથી અને ભવ્ય જીવોમાં ચરમાવર્તમાં ધર્મ પ્રગટ થાય છે. તેથી નક્કી થાય છે કે, ચરમાવર્તની પૂર્વના આવર્તોમાં પણ તે ભાવની શક્તિ તે ભવ્ય જીવમાં છે. આથી જ જીવમાં અજીવ થવાની શક્તિ નથી. તેથી કોઈ કાળમાં જીવ અજીવ થતો નથી અને એ જ રીતે અભવ્ય જીવોમાં ધર્મની શક્તિ નથી. તેથી અભવ્ય જીવોમાં કોઈ કાળે ધર્મ પ્રગટ થતો નથી.

છેલ્લા પુદ્ગલપરાવર્તમાં ભવ્ય જીવમાં ધર્મની સમુચિત શક્તિ છે. તેથી ધર્મને પ્રગટ કરવાની સામગ્રીની પ્રાપ્તિ થાય તો અવશ્ય ચરમ પુદ્ગલપરાવર્તમાં ધર્મ પ્રગટ થાય છે. તેથી=ભવ્ય જીવોને ચરમ પુદ્ગલપરાવર્તની પૂર્વના પુદ્ગલપરાવર્તોમાં ધર્મની સમુચિત શક્તિ નથી તેથી, અચરમ પુદ્ગલપરાવર્તોને ભવનો બાળકાળ કહેવાયો છે; કેમ કે ભવ્ય જીવ પણ અચરમ પુદ્ગલપરાવર્તોમાં ભવભ્રમણને અનુકૂળ જ સંસારની ક્રિયાઓ કરે છે. ક્વચિત્ તે બાહ્યથી ધર્માનુષ્ઠાન સેવે તોપણ મોક્ષને અનુકૂળ એવાં ભાવોરૂપ ધર્મને પ્રગટ કરતો નથી; કેમ કે ધર્મની સમુચિત શક્તિ નથી. વળી, છેલ્લા પુદ્ગલપરાવર્તને ધર્મનો યૌવનકાળ કહેવાયો છે; કેમ કે છેલ્લા પુદ્ગલપરાવર્તમાં આવેલા ભવ્ય જીવો ઉપદેશાદિને પામીને જે કોઈ ધર્માનુષ્ઠાન કરે તેના દ્વારા મોક્ષને અનુકૂળ એવાં ભાવોરૂપ ધર્મને નિષ્પન્ન કરે છે.

અહીં વિશેષ એ છે કે, આત્મામાં રાગ કરવાની શક્તિ છે, દ્વેષ કરવાની શક્તિ છે અને ઉપેક્ષા કરવાની શક્તિ છે. આથી બાહ્ય પદાર્થોને જોઈને જે પદાર્થોમાં ઇષ્ટની બુદ્ધિ થાય છે, તેમાં રાગ થાય છે

અને જે પદાર્થોમાં અનિષ્ટની બુદ્ધિ થાય છે તેમાં દ્વેષ થાય છે અને જે પદાર્થ આત્માને અનુપયોગી જણાય છે તેમાં ઉપેક્ષા થાય છે. આ ત્રણ ભાવોની પ્રકૃતિ સંસારી જીવોને બાહ્ય પદાર્થને આશ્રયીને વર્તે છે અને આ ત્રણે ભાવોના બાહ્ય વિષયો પણ સંયોગ પ્રમાણે પરિવર્તન પામ્યા કરે છે. આથી જે જીવને ભૂંડના ભવમાં વિષ્ટા પ્રત્યેનો રાગ હતો, તે જ જીવ જ્યારે મનુષ્ય ભવને પામે છે ત્યારે વિષ્ટા પ્રત્યે દ્વેષવાળો થાય છે અને ચરમાવર્તમાં આવેલા જીવને "કર્મરહિત અને મોહની આકુળતા વગરની ચેતના આત્માને માટે હિતકારી છે; મોહથી આકુળ અને કર્મને પરતંત્ર એવી ચેતના આત્માની ખરાબ અવસ્થા છે અને જગતના પદાર્થો પરમાર્થથી આત્માને માટે કોઈ ઉપયોગી નથી" તેવો બોધ થાય છે અથવા તે બોધને અનુકૂળ એવો કાંઈક સ્થૂળથી પણ માર્ગાનુસારી બોધ થાય છે ત્યારે જીવ કર્મ વગરની અવસ્થાને અભિમુખ ભાવવાળો થાય છે. તે વખતે મોક્ષ અને મોક્ષના ઉપાયો પ્રત્યે કંઈક રુચિ થાય છે. સંસારની ચાર ગતિની વિડંબના પ્રત્યે અરુચિ થાય છે અને તેવા જીવો જે માર્ગાનુસારી ધર્માનુષ્ઠાનો સેવવા માટે યત્ન કરે છે તે સર્વ અનુષ્ઠાનો દ્વારા ભવનો રાગ ઘટાડે છે અને મોક્ષને અભિમુખભાવવાળા થાય છે. તે જીવો ચરમ પુદ્ગલપરાવર્તવાળા છે અને તે જીવોમાં ધર્મનિષ્પત્તિને અનુકૂળ એવો યૌવનકાળ વર્તે છે.

વળી, છેલ્લા પરાવર્તકાળવાળા જીવોમાં જે ધર્મયૌવનકાળ છે, તે પણ અનેક પ્રકારના ભેદવાળો છે. આથી જ કોઈક જીવો ચરમાવર્તને પામીને યોગમાર્ગની સાધના કરીને શીઘ્ર મોક્ષમાં જાય છે અને કેટલાક જીવો ચરમાવર્તમાં આવ્યા પછી પણ કંઈક ધર્મ સેવે છે, કંઈક ઉત્સૂત્રભાષણાદિ પ્રવૃત્તિ કરીને સંસારની વૃદ્ધિ કરે છે અને સંસારમાં અનેક ભવો ભટકીને અંતે મોક્ષમાં જાય છે. તેથી જુદા જુદા જીવોને આશ્રયીને આત્મામાં ધર્મનિષ્પત્તિને અનુકૂળ યૌવનકાળ પણ અનેક ભેદવાળો થાય છે. **॥૨/૮॥**

અવતરણિકા :-

ગાથા-૬માં કહ્યું કે ઊર્ધ્વતાસામાન્ય શક્તિના બે ભેદ છે (૧) ઓઘશક્તિ (૨) સમુચિતશક્તિ. હવે આ બે ભેદવિષયક વ્યવહારનયનો મત અને નિશ્ચયનયનો મત શું છે ? તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

"કારયભેદઇં શક્તિભેદ" ઇમ, વ્યવહારિં વ્યવહરિઇં રે;
નિશ્ચય "નાના કારય કારણ, એકરૂપ" તે ધરિઇં રે. જિન૦ ॥૨/૯॥

ગાથાર્થ :-

કાર્યના ભેદથી શક્તિનો ભેદ છે એમ વ્યવહારનયથી વ્યવહાર કરીએ. નિશ્ચયનયથી નાના કારય-કારણ એકરૂપ=એક દ્રવ્યમાંથી થતાં જુદાં જુદાં કાર્યોના કારણ એવી એકરૂપ શક્તિ, તે=ઊર્ધ્વતાસામાન્ય શક્તિ, ધરીએ=માનીએ. ॥૨/૯॥

ટબો :-

ઈમ-એકેક કાર્યની ઓઘ-સમુચિતરૂપ અનેક શક્તિ એક દ્રવ્યની પામીઇં, તે

વ્યવહારનયઈં કરીનઈં વ્યવહારિઈ. તે નય કાર્ય-કારણભેદ માનઈં છઈં. નિશ્ચયનયથી દ્રવ્ય નાના કાર્ય-કારણ એક શક્તિસ્વભાવ જ હૃદયમાંહિ ધરિઈ. નહીં તો સ્વભાવભેદઈં દ્રવ્યભેદ થાઈ. તે તે દેશ-કાલાદિકની અપેક્ષાઈં એકનઈં અનેક કાર્ય-કારણ સ્વભાવ માનતાં કોઈ દોષ નથી. કારણાંતરની અપેક્ષા પણિ સ્વભાવમાંહિ જ અંતર્ભૂત છઈ. તેણઈ-તેહનું પણિ વિકલપણું ન હોઈ, તથા શુદ્ધ નિશ્ચયનયનઈં મતઈં કાર્ય મિથ્યા છઈ. "आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत्तथा ।" **इति वचनात्, કાર્ય-કારણ-કલ્પનારહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છઈ, તે જાણવું. ॥૨/૯॥**

ટબાર્થ :-

ઈમ=એમ=ગાથા-૬માં કહ્યું એમ, એકેક કાર્યની=તે તે દ્રવ્યમાંથી થતા દરેક કાર્યની, ઓઘ અને સમુચિતરૂપ અનેક શક્તિ એક દ્રવ્યની પામીએ=એક દ્રવ્યની સ્વીકારીએ. તે=એક દ્રવ્યમાં થતા અનેક કાર્યોની અનેક શક્તિ સ્વીકારીએ તે, વ્યવહારનયનો આશ્રય કરીને વ્યવહારીએ=વ્યવહાર કરીએ.

અહીં પ્રશ્ન થાય કે, એક દ્રવ્યમાં જેટલાં કાર્યો થાય છે તે સર્વની ઓઘ અને સમુચિતરૂપ અનેક શક્તિ વ્યવહારનય કેમ માને છે ? તેથી કહે છે –

તે નય=વ્યવહારનય, કાર્ય અને કારણનો ભેદ માને છે. નિશ્ચયનયથી જુદાં જુદાં કાર્યોના કારણ એવું એકશક્તિસ્વભાવવાળું દ્રવ્ય જ મનમાં ધરીએ, નહીં તો=નિશ્ચયનયથી અનેક કાર્યોના કારણરૂપ એકશક્તિસ્વભાવવાળું દ્રવ્ય ન માનવામાં આવે અને વ્યવહારનયની જેમ અનેકશક્તિસ્વભાવવાળું દ્રવ્ય માનવામાં આવે તો, સ્વભાવભેદથી દ્રવ્યભેદ થાય=એક દ્રવ્યમાં વર્તતા જુદા જુદા સ્વભાવને કારણે એક દ્રવ્યને અનેક દ્રવ્યરૂપે માનવાનો પ્રસંગ ઊભો થાય.

અહીં પ્રશ્ન થાય કે, એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન કાળમાં થતાં સર્વ કાર્યોના કારણરૂપ એકશક્તિ-સ્વભાવ નિશ્ચયનય માને તો તે સર્વ કાર્યો એક કાળમાં અને એક દેશમાં એકસાથે કેમ થતાં નથી ? તેથી કહે છે –

તે તે દેશ અને કાળાદિકની અપેક્ષા રાખીને એકને=એકસ્વભાવને અનેક કાર્યના કારણસ્વભાવ માનવામાં કોઈ દોષ નથી.

અહીં પ્રશ્ન થાય કે, એક માટીરૂપ દ્રવ્યમાં ઘટ, રમકડાં આદિ અનેક કાર્ય કરવાની શક્તિ હોવા છતાં ઘટની સામગ્રી મળી માટે ઘટરૂપ કાર્ય થયું અને રમકડાંની સામગ્રી મળી હોત તો રમકડાંરૂપ કાર્ય થાત એમ સ્વીકારી શકાય. તેના નિરાકરણ અર્થે નિશ્ચયનય કહે છે કે, જે માટીને ઘટની સામગ્રી મળી તે માટીમાં ઘટનિષ્પત્તિને અનુકૂળ એવાં કારણાંતરની અપેક્ષા પણ તે માટીરૂપ દ્રવ્યના સ્વભાવમાં જ અંતર્ભૂત છે તેથી તેનું પણ=તે કારણાંતરનું પણ, વિકલપણું નથી.

અશુદ્ધ નિશ્ચયનયના મત પ્રમાણે દ્રવ્યમાં રહેલી શક્તિનું સ્વરૂપ બતાવ્યું. હવે શુદ્ધ નિશ્ચયનયના મતે શું છે ? તે સ્પષ્ટ કરે છે –

શુદ્ધ નિશ્ચયનયના મતે=શુદ્ધ દ્રવ્યાસ્તિકનયના મતે, કાર્ય મિથ્યા છે; કેમ કે

"આદાવન્તે ચ યન્નાસ્તિ=આદિ અને અંતમાં જે નથી, વર્તમાનેઽપિ તત્તથા=વર્તમાનમાં પણ તે તેવું છે=વર્તમાનમાં પણ નથી," **એ પ્રમાણેનું વચન છે.**

શુદ્ધ નિશ્ચયનય દ્રવ્યને કેવો સ્વીકારે છે તે હવે સ્પષ્ટ કરે છે –

કાર્ય-કારણની કલ્પનાથી રહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છે તે જાણવું. ॥૨/૯॥

ભાવાર્થ :-

ગાથા-૬માં કહેલ કે, ઊર્ધ્વતાસામાન્ય શક્તિરૂપ દ્રવ્ય છે. અર્થાત્ દ્રવ્યમાં થતા તે તે પર્યાયોની શક્તિરૂપ દ્રવ્ય છે અને તે શક્તિના બે ભેદ છે: ઓઘશક્તિ અને સમુચિત શક્તિ. હવે એક એક દ્રવ્યમાં ત્રણેય કાળમાં જેટલાં કાર્યો થાય છે તે કાર્યોની ઓઘશક્તિ અને સમુચિત શક્તિરૂપ દ્રવ્ય છે અને તેના વિષયમાં વ્યવહારનય શું કહે છે ? નિશ્ચયનય શું કહે છે ? અને શુદ્ધ નિશ્ચયનય શું કહે છે ? તે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથાના ટબામાં બતાવે છે –

(૧) વ્યવહારનયનો મત :-કોઈક એક દ્રવ્યને આશ્રયીને વિચાર કરીએ તો તે દ્રવ્યમાં અનેક કાર્ય કરવાની ઓઘશક્તિ અને સમુચિત શક્તિ પ્રાપ્ત થાય છે. તેથી વ્યવહારનય એક દ્રવ્યમાં અનેક શક્તિ સ્વીકારે છે; કેમ કે વ્યવહારનય કાર્ય અને કારણનો ભેદ માને છે. તેથી એક દ્રવ્યમાં ભિન્ન ભિન્ન કાળમાં જે જે કાર્યો થાય છે તે સર્વ કાર્યોની ઓઘશક્તિ અને સમુચિત શક્તિ તે દ્રવ્યમાં સ્વીકારે છે. તેથી તે દ્રવ્યમાં અનેક શક્તિનો સ્વભાવ છે તેમ ફલિત થાય.

જેમ, માટી દ્રવ્યને આશ્રયીને વિચારીએ તો વિવક્ષિત માટીના પિંડમાં ઘટ થવાની, રમકડાં થવાની કે અન્ય રૂપે થવાની જે જે શક્તિ છે તે સર્વ કાર્યોની સમુચિત શક્તિ વર્તમાનમાં તે માટીના પિંડમાં છે અને જ્યારે તે માટીના પિંડના પુદ્ગલો જલાદિ કે અન્ય ભાવરૂપે હતા, ત્યારે તે પુદ્ગલોમાં ઘટાદિ ભાવોની ઓઘશક્તિ છે તેમ વ્યવહારનય સ્વીકારે છે.

અહીં પ્રશ્ન થાય કે, માટીરૂપ એક દ્રવ્યમાં જ વર્તમાનમાં જે જે કાર્યો સંભવે તે સર્વની સમુચિતશક્તિ સ્વીકારીએ તો તે માટીરૂપ દ્રવ્યમાં અનેક સ્વભાવો હોવાને કારણે એક દ્રવ્યને અનેક દ્રવ્યરૂપે સ્વીકારવાની આપત્તિ આવે. તેના નિવારણ માટે વ્યવહારનય કહે છે કે, તે માટીમાંથી જે જે કાર્યો થાય તે કાર્યો માટીથી જુદાં છે અને તે સર્વ કાર્યો કરવાનો સ્વભાવ એક માટી દ્રવ્યમાં છે. વળી, ભિન્ન ભિન્ન કાળમાં તે માટીદ્રવ્યમાંથી જે જે કાર્યો થશે તે સર્વનો સ્વભાવ તેમાં છે, છતાં માટી અનેક સ્વભાવવાળું એક દ્રવ્ય છે અને તેમાંથી થતાં અનેક કાર્યો તે માટીથી પૃથક્ છે. માટે માટીરૂપ એક દ્રવ્યને અનેકરૂપે સ્વીકારવાની આપત્તિ નથી.

વળી, આત્મારૂપ દ્રવ્યની અપેક્ષાએ વિચારીએ તો વર્તમાનમાં કોઈક એક આત્મામાં જ્ઞાનનો પરિણામ

છે, શાતાનો પરિણામ છે, વીર્યનો પરિણામ છે, રાગનો પરિણામ છે – આ સર્વ પરિણામો એક સાથે ઉપલબ્ધ થાય છે. તે સર્વ કાર્યોની જુદી જુદી શક્તિ તે આત્મામાં છે અને તે કાર્યો આત્માથી જુદાં છે, તેમ વ્યવહારનય માને છે. તેથી વ્યવહારનય કહે છે કે અનેક પ્રકારની શક્તિ હોવા છતાં આત્મા દ્રવ્ય એક છે અને તેમાં થતાં સુખ-દુઃખાદિ કાર્યો આત્મા સાથે સંબંધવાળાં છે, તોપણ આત્માથી જુદાં છે. વળી, આત્મામાં સુખ, જ્ઞાન આદિ જે ભાવો અત્યારે વિદ્યમાન નથી અને પ્રગટ થઈ શકે તેમ છે તે ભાવોની પણ આત્મામાં સમુચિત શક્તિ છે. આ રીતે વ્યવહારનય એક એક દ્રવ્યમાં સમુચિતશક્તિ અને ઓઘશક્તિને સ્વીકારીને, તે શક્તિને અનેક રૂપે સ્વીકારે છે.

(૨) **અશુદ્ધ નિશ્ચયનયનો મત** :-વળી, કોઈ એક દ્રવ્યને ગ્રહણ કરીને વિચારીએ તો તે દ્રવ્યમાં જુદા જુદા કાળમાં જુદાં જુદાં જે કાર્યો થાય છે તે સર્વ કાર્યોના કારણરૂપ એકશક્તિસ્વભાવવાળું દ્રવ્ય છે, તેમ નિશ્ચયનય સ્વીકારે છે. અર્થાત્ તે દ્રવ્યમાં અનેક શક્તિ નથી, પરંતુ એક શક્તિ છે અને અને તે એક જ શક્તિ અનેક કાર્યો કરવાના સ્વભાવવાળી છે; કેમ કે નિશ્ચયનય દ્રવ્યમાં થતા કાર્યને દ્રવ્યથી પૃથક્ માનતો નથી અને તે સર્વ કાર્યોની એક શક્તિ સ્વીકારવામાં ન આવે પરંતુ તે સર્વ કાર્યોની ભિન્ન ભિન્ન શક્તિ સ્વીકારવામાં આવે તો એક દ્રવ્યમાં અનેક સ્વભાવની પ્રાપ્તિ થાય અને એક દ્રવ્યમાં અનેક સ્વભાવ સ્વીકારીએ તો સ્વભાવના ભેદથી એક દ્રવ્યને અનેક દ્રવ્યરૂપે માનવાની આપત્તિ આવે. જેમ, ઘટ અને પટનો સ્વભાવ જુદો છે, તેથી તે બે જુદા છે તેમ, એક દ્રવ્યમાં થનારાં કાર્યોના જુદા જુદા સ્વભાવ સ્વીકારીએ તો તે સ્વભાવના ભેદથી તે એક દ્રવ્યને અનેક દ્રવ્યરૂપે સ્વીકારવું પડે, તેમ નિશ્ચયનય કહે છે.

અહીં પ્રશ્ન થાય કે, જો તે દ્રવ્યમાં અનેક કાર્યો કરવાનો એક સ્વભાવ છે તો તે સ્વભાવને કારણે તે દ્રવ્ય સર્વ કાર્યો એકસાથે કેમ કરતું નથી ? તેથી કહે છે –

તે તે દેશ, કાળ, નિમિત્તસામગ્રી આદિની અપેક્ષાએ એક દ્રવ્યને અનેક કાર્યોના કારણરૂપ એકસ્વભાવવાળું માનવામાં કોઈ દોષ નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, કોઈ વિવક્ષિત દ્રવ્યમાં જે દેશમાં, જે કાળમાં, જે સામગ્રીને પામીને જે કાર્ય થાય છે, તે કાર્યના કારણરૂપ એક સ્વભાવ છે. અર્થાત્ એક કાર્યના કારણરૂપ એક સ્વભાવ નથી, પરંતુ ભિન્ન ભિન્ન કાળમાં ભિન્ન ભિન્ન દેશમાં ભિન્ન ભિન્ન સામગ્રીથી જે સર્વ કાર્યો થાય છે તે સર્વ કાર્ય કરવાનો એક સ્વભાવ તે દ્રવ્યમાં છે. તેથી તે દ્રવ્ય તે સ્વભાવને કારણે તે તે દેશ, કાળ આદિમાં તે તે કાર્યો કરે છે.

વ્યવહારનયના મત પ્રમાણે એક માટીના પિંડમાં ઘટ, રમકડાં આદિ અનેક કાર્યો થવાનો સ્વભાવ છે અને નિશ્ચયનયના મત પ્રમાણે તો જે કાર્ય તે માટીમાંથી થતું નથી તેનો સ્વભાવ તે માટીમાં નથી, પરંતુ ઘટ થવાની સામગ્રી પામીને તે માટીમાંથી ઘટ થાય તો તે માટીમાં ઘટ થવાનો સ્વભાવ છે અને તે માટીમાંથી ઘટ થવા માટે કારણાંતરની અપેક્ષા પણ રહે છે અર્થાત્ ઘટ થવામાં દંડાદિ કારણાંતરની અપેક્ષા રહે છે. તે કારણાંતરની અપેક્ષા પણ તેના સ્વભાવમાં અંતર્ભૂત છે.

આશય એ છે કે, જે કાળમાં, જે દેશમાં અને જે દંડાદિ સામગ્રીને પામીને તે માટી ઘટરૂપે થાય છે તે

સર્વનો આક્ષેપક એવો તે સ્વભાવ તે માટીના પિંડમાં છે. તેથી તે માટી દ્રવ્યના સ્વભાવથી જ આક્ષિપ્ત કારણાંતરો છે. માટે તે માટીમાં અનેક કાર્યો કરવાનો જે એકસ્વભાવ છે તે સ્વભાવમાં જ તે કારણાંતરની અપેક્ષા અંતર્ભૂત છે. તેથી ઘટનિષ્પત્તિ પ્રત્યે કારણાંતરનું પણ વિફલપણું નથી.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે વ્યવહારનય દ્રવ્યને ઓઘ અને સમુચિત અનેક શક્તિના સ્વભાવવાળો સ્વીકારે છે અને નિશ્ચયનય ઓઘ અને સમુચિતરૂપ શક્તિનો ભેદ કરતું નથી, પરંતુ તે દ્રવ્યમાં એક જ સ્વભાવ છે અને તે એકસ્વભાવ તે તે કાળમાં તે તે કાર્યો કરે છે, તેમ સ્વીકારે છે. તેથી જે દ્રવ્યમાં જેટલાં કાર્યો થયાં અને ભવિષ્યમાં જેટલાં થશે તે સર્વ કાર્યોને કરવાની શક્તિ તે દ્રવ્યમાં છે. આથી જ દરેક જીવોનું તથાભવ્યત્વ જુદું છે. તેથી જે જીવનું જે પ્રકારનું ભવ્યત્વ છે, તે ભવ્યત્વને અનુરૂપ દરેક ભવોમાં તે તે કાર્યો કરીને જે કાળમાં જે જીવનું તથાભવ્યત્વ સમ્યક્ત્વને અનુકૂળ બને છે, ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવીને જે જે ક્રમથી તે જીવ મોક્ષમાં જાય છે તે સર્વ કાર્યો તે જીવમાં વર્તતા તથાભવ્યત્વ સ્વભાવથી થાય છે અને આ તથાભવ્યત્વ સ્વભાવ જ તે તે દેશકાળમાં તે કાર્યો કરવાના સ્વભાવવાળો છે અને તે તે કાર્યો કરવા માટે અપેક્ષિત કારણાંતરના આક્ષેપ કરવાના સ્વભાવવાળો પણ છે.

(૩) **શુદ્ધ નિશ્ચયનયનો મત** :-શુદ્ધ નિશ્ચયનયના મતથી કાર્ય મિથ્યા છે અને શુદ્ધ દ્રવ્યાસ્તિકનયને સ્વીકારનાર આ શુદ્ધ નિશ્ચયનય છે અને શુદ્ધ દ્રવ્યાસ્તિકનયના મતથી દ્રવ્યમાં કોઈ કાર્ય થતું નથી, પરંતુ કાર્ય-કારણની કલ્પનાથી રહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છે. પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે યુક્તિ આપે છે કે જે આદિમાં ન હોય અને જે અંતમાં ન હોય તે વર્તમાનમાં પણ ન હોય. એ પ્રકારનું શુદ્ધ નિશ્ચયનયનું વચન છે અને દ્રવ્યમાં વર્તતો કોઈપણ પર્યાય પૂર્વમાં નથી હોતો, વર્તમાનમાં હોય છે અને પછી તે પર્યાય રહેતો નથી. તેથી દ્રવ્યમાં વર્તતો પર્યાય મિથ્યા છે. વાસ્તવિક રીતે ત્રણ કાળમાં એકસ્વરૂપે વર્તતું દ્રવ્ય જ સત્ય છે એમ શુદ્ધ નિશ્ચયનય માને છે. **॥૨/૯॥**

અવતરણિકા :-

ઈમ શક્તિરૂપઈં દ્રવ્ય વખાણિઉં, હવઈ વ્યક્તિરૂપ ગુણ-પર્યાય વખાણઈ છઈ -

અવતરણિકાર્થ :-

ઈમ=એમ=ગાથા-૪થી અત્યારસુધી બતાવ્યું એમ, શક્તિરૂપ દ્રવ્ય વખાણ્યું. હવે વ્યક્તિરૂપ ગુણ પર્યાય વખાણે છે –

ભાવાર્થ :-

ગાથા-૪થી અત્યારસુધી દ્રવ્યનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે પર્યાયની શક્તિરૂપ દ્રવ્ય છે અને તે પર્યાયની શક્તિરૂપ દ્રવ્ય બતાવીને ગાથા-૯માં વ્યવહારનયથી, નિશ્ચયનયથી અને શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપ દ્રવ્ય કેવું છે તે સ્પષ્ટ કર્યું. હવે શક્તિરૂપ દ્રવ્યમાં ગુણપર્યાય અભિવ્યક્ત થાય છે. તેથી વ્યક્તિરૂપ એવાં ગુણપર્યાયને ગાથા-૧૫ સુધી બતાવે છે.

ગાથા :-

ગુણપર્યાય વિગતિ બહુ ભેદઇં, નિજ નિજ જાતિં વરતઇ રે;
શક્તિરૂપ ગુણ કોઇક ભાષઇ, તે નહી મારગિ નિરતઇં રે.
જિન૦ ॥૨/૧૦॥

ગાથાર્થ :-

ગુણપર્યાય વિગતિ=વ્યક્તિ, બહુ ભેદે પોતપોતાની જાતિથી વર્તે છે=સહભાવી, ક્રમભાવીની કલ્પનાથી કરાયેલ પોતપોતાના સ્વભાવમાં વર્તે છે. ગુણ કોઈક શક્તિરૂપ બોલે છે=(દ્રવ્યની જેમ)=દ્રવ્ય જેમ શક્તિરૂપ છે તેમ ગુણ પણ શક્તિરૂપ છે એમ કોઈક દિગમ્બરાનુસારી બોલે છે, તે માર્ગમાં નિરત નથી=સર્વજ્ઞના માર્ગમાં રતિવાળા નથી. ॥૨/૧૦॥

ટબો :-

ગુણ-પર્યાય વ્યક્તિ બહુ ભેદઈં-અનેક પ્રકારઈં, નિજ નિજ જાતિં-સહભાવિ: ક્રમભાવિ: કલ્પનાકૃત્ આપ આપણાઈં સ્વભાવઈં વર્તઈ છઈં .

કોઈક-દિગમ્બરાનુસારી શક્તિરૂપ ગુણ ભાષઈ છઈ. જે માટઈં તે ઈમ કહઈ છઈ. જે "જિમ દ્રવ્યપર્યાયનું કારણ દ્રવ્ય, તિમ ગુણપર્યાયનું કારણ ગુણ. દ્રવ્યપર્યાય=દ્રવ્યનો અન્યથાભાવ, જિમ નર-નારકાદિક, અથવા દ્વ્યણુક-ત્રણુકાદિક. ગુણપર્યાય=ગુણનો અન્યથાભાવ, જિમ-મતિશ્રુતાદિ વિશેષ, અથવા સિદ્ધાદિ કેવલજ્ઞાન વિશેષ. ઈમ દ્રવ્ય ૧, ગુણ ૨, એ જાતિં શાશ્વત અનઈં પર્યાયથી અશાશ્વત ઈમ આવ્યું."

એહવું કહઈ છઈ, તે નિરતઈ-રૂડઈ માર્ગઈં નહીં, જે માટિં એ કલ્પના શાસ્ત્રિં તથા યુક્તિં ન મિલઈં. ॥૨/૧૦॥

ટબાર્થ :-

ગુણ પર્યાયરૂપ વ્યક્તિ બહુ ભેદવાળી છે=અનેક પ્રકારની છે, અને તે=ગુણપર્યાયરૂપ વ્યક્તિ, પોતપોતાની જાતિ=પુદ્ગલ જાતિ-જીવ જાતિ આદિરૂપ પોતપોતાની જાતિ અર્થાત્ સહભાવી, ક્રમભાવી કલ્પનાકૃત, પોતપોતાના સ્વભાવમાં વર્તે છે.

કોઈ દિગંબરાનુસારી શક્તિરૂપ ગુણ કહે છે અર્થાત્ જેમ દ્રવ્યમાં વર્તતા પર્યાયની શક્તિ દ્રવ્ય છે, તેમ ગુણમાં વર્તતા પર્યાયની શક્તિ ગુણ છે એમ કહે છે. જે માટે તે=દિગંબર, આમ કહે છે જે, જેમ દ્રવ્યના પર્યાયનું કારણ દ્રવ્ય, તેમ ગુણના પર્યાયનું કારણ ગુણ છે અને તે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયને સ્પષ્ટ કરતાં કહે છે. દ્રવ્યપર્યાય એટલે દ્રવ્યનો અન્યથાભાવ=પૂર્વમાં જે ભાવરૂપે દ્રવ્ય હતું તેનાથી દ્રવ્યનો જે અન્યથાભાવ થાય છે, તે દ્રવ્યનો પર્યાય છે. જેમ નરનારકાદિ=જીવરૂપ દ્રવ્યનો

નરનારકાદિ ભાવ, જીવનો અન્યથાભાવ છે માટે નરનારકાદિ જીવદ્રવ્યના પર્યાય છે.

અથવા દ્વયણુક-ત્રયણુકાદિક=પુદ્ગલદ્રવ્યનો દ્વયણુક-ત્રયણુકાદિ અન્યથાભાવ છે. માટે દ્વયણુકાદિ-ત્રયણુકાદિ પુદ્ગલદ્રવ્યના પર્યાય છે.

ગુણપર્યાય એટલે ગુણનો અન્યથાભાવ. જેમ મતિ-શ્રુતાદિ વિશેષ=આત્માના જ્ઞાનગુણનો મતિશ્રુતાદિ વિશેષ ભાવ, છે તે આત્માના જ્ઞાનગુણનો અન્યથાભાવ છે. માટે મતિ-શ્રુતાદિ જ્ઞાનગુણનો પર્યાય છે.

અથવા સિદ્ધાદિ કેવળજ્ઞાનવિશેષ=આત્માના કેવળજ્ઞાનગુણનો-સિદ્ધનું કેવળજ્ઞાન, અસિદ્ધનું કેવળજ્ઞાન-તે કેવળજ્ઞાનનો અન્યથાભાવ છે. માટે સિદ્ધાદિ કેવળજ્ઞાનવિશેષ કેવળજ્ઞાન ગુણનો પર્યાય છે.

એમ દ્રવ્ય, ગુણ એ જાતિ શાશ્વત અને પર્યાયથી અશાશ્વત એમ પ્રાપ્ત થાય. આ પ્રમાણે કહે છે=કોઈક દિગંબર કહે છે, તે નિરતઈ=રૂડઈ, માર્ગમાં=ભગવાને બતાવેલા માર્ગમાં નથી. જે માટે એ કલ્પના શાસ્ત્ર અને યુક્તિથી મલતી નથી=ઘટતી નથી. ॥૨/૧૦॥

ભાવાર્થ :-

જીવ આદિ દરેક દ્રવ્યોમાંથી કોઈપણ દ્રવ્યને ગ્રહણ કરીને વિચાર કરવામાં આવે તો તે દ્રવ્યમાં ગુણ અને પર્યાયરૂપ વ્યક્તિ અનેક પ્રકારની પ્રાપ્ત થાય છે અને તે ગુણ, પર્યાયરૂપ વ્યક્તિ તે દ્રવ્યની પોતપોતાની જાતિની અપેક્ષાએ સહભાવી અને ક્રમભાવીની કલ્પનાથી તે તે દ્રવ્યમાં વર્તે છે. જેમ, કોઈ જીવદ્રવ્યને ગ્રહણ કરીને વિચારીએ તો તે જીવદ્રવ્યમાં જીવ સાથે સહભાવી એવાં જ્ઞાનાદિ ગુણ પ્રાપ્ત થાય છે અને ક્રમભાવી પર્યાયો જીવમાં પ્રાપ્ત થાય છે. આ સહભાવી અને ક્રમભાવી ગુણ અને પર્યાય કલ્પનાથી જુદા પાડેલા છે, પરમાર્થથી જીવદ્રવ્યમાં ગુણ અને પર્યાય એ બેય સ્વતંત્ર પ્રાપ્ત નથી.

વળી, તે તે દ્રવ્યમાં તે તે ગુણ અને પર્યાય તેના સ્વભાવથી વર્તે છે તેમ કહેવાથી એમ પ્રાપ્ત થાય કે જીવદ્રવ્યમાં સ્વભાવથી જ્ઞાનાદિ ગુણો વર્તે છે અને પુદ્ગલદ્રવ્યમાં સ્વભાવથી રૂપાદિ ગુણો વર્તે છે, પરંતુ પોતપોતાના સ્વભાવને છોડીને અન્ય દ્રવ્યના ગુણપર્યાયો જીવદ્રવ્યમાં પ્રાપ્ત થતા નથી.

અહીં ગુણ અને પર્યાય કલ્પનાકૃત છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જીવમાં ક્રમભાવી એવાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન આદિ વર્તે છે, તે પર્યાયો છે અને જીવદ્રવ્ય સાથે સદા રહેનારો જીવનો જ્ઞાનગુણ છે, તે સહભાવી છે. આમ છતાં મતિ, શ્રુતાદિ પર્યાયો કરતાં પૃથક્‌રૂપે કોઈ જ્ઞાનગુણની પ્રાપ્તિ નથી.

વસ્તુતઃ જીવદ્રવ્યમાં જે મતિ આદિ જ્ઞાન વર્તે છે તે સર્વ પર્યાયો છે અને તે સર્વ પર્યાયોને 'જ્ઞાન' શબ્દથી વાચ્ય કરીને જીવનો સહભાવી એવો જ્ઞાનગુણ છે તેમ બોધ કરાવવા અર્થે મતિજ્ઞાનાદિ પર્યાયથી જ્ઞાનગુણને કલ્પનાથી પૃથક્ કરાયેલ છે, પરંતુ તે મતિજ્ઞાનાદિથી પૃથક્ એવો સ્વતંત્ર 'જ્ઞાન' નામનો કોઈ ગુણ નથી.

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે, સહભાવી અને ક્રમભાવી ગુણ, પર્યાય કલ્પનાકૃત છે. હવે તે વિષયમાં દિગંબરો શું કહે છે તે બતાવીને તેમની તે માન્યતા ઉચિત નથી, તેમ બતાવે છે.

કેટલાક દિગંબરો દ્રવ્યને જેમ શક્તિરૂપે માને છે તેમ ગુણને પણ શક્તિરૂપે માને છે અને તેઓ કહે છે કે દ્રવ્યના પર્યાયનું કારણ દ્રવ્ય છે અને ગુણના પર્યાયનું કારણ ગુણ છે. વળી, દ્રવ્યનો પર્યાય શું છે તે બતાવવા દિગંબરો કહે છે કે દ્રવ્યનો અન્યથાભાવ તે દ્રવ્યનો પર્યાય છે. જેમ જીવદ્રવ્યનો પૂર્વમાં જે ભાવ હતો તેનાથી અન્યથારૂપે જે ભાવ થાય છે તે જીવદ્રવ્યનો પર્યાય છે. તેથી જીવદ્રવ્ય ક્યારેક નરના પર્યાયરૂપે પ્રાપ્ત થાય છે, ક્યારેક નારકાદિના પર્યાયરૂપે પ્રાપ્ત થાય છે. વળી, પુદ્ગલદ્રવ્યનો અન્યથાભાવ તે પુદ્ગલનો પર્યાય છે. જેમ કોઈક પુદ્ગલદ્રવ્ય ક્યારેક દ્વયણુકરૂપે પ્રાપ્ત થાય છે, તો ક્યારેક ત્રયણુકરૂપે પ્રાપ્ત થાય છે. તે સર્વ પુદ્ગલના પર્યાયો છે. આમ કહીને તે તે દ્રવ્યના આકારાદિનું પરિવર્તન તે દ્રવ્યના પર્યાયો છે તેમ દિગંબર કહે છે.

વળી, ગુણપર્યાયનો અર્થ કરતાં દિગંબરો કહે છે કે ગુણનો અન્યથાભાવ તે ગુણનો પર્યાય છે. જેમ, જીવદ્રવ્યના જ્ઞાનગુણનો અન્યથાભાવ ક્યારેક મતિરૂપ, ક્યારેક શ્રુતરૂપ તો ક્યારેક અવધિ આદિરૂપ પ્રાપ્ત થાય છે. તે સર્વ ગુણના પર્યાયો છે. વળી, શુદ્ધ જીવદ્રવ્યમાં વર્તતા કેવળજ્ઞાન ગુણને બતાવીને તેના પર્યાયો બતાવતાં દિગંબરો કહે છે કે કેવળજ્ઞાનરૂપ ગુણનો સિદ્ધનું કેવળજ્ઞાન અને અસિદ્ધનું કેવળજ્ઞાન-એરૂપ અન્યથાભાવ પ્રાપ્ત થાય છે તે કેવળજ્ઞાન ગુણના પર્યાયો છે. આ પ્રકારે સ્થાપન કરવાથી દિગંબર મત પ્રમાણે એ પ્રાપ્ત થયું કે, જેમ દ્રવ્ય શાશ્વત છે, તેમ ગુણ શાશ્વત છે અને દ્રવ્ય તે તે પર્યાયરૂપે થાય છે. તેથી દ્રવ્યમાં થતા પર્યાય જેમ અશાશ્વત છે, તેમ ગુણ પણ તે તે રૂપે થાય છે. તેથી ગુણમાં વર્તતા પર્યાયો પણ અશાશ્વત છે. આ પ્રમાણે દિગંબરો જે કહે છે તે રૂડા માર્ગમાં નથી=ભગવાનના વચનાનુસાર પદાર્થવ્યવસ્થા બતાવનાર માર્ગમાં નથી. જે કારણથી દ્રવ્ય અને ગુણ બંનેને પર્યાયની શક્તિરૂપે સ્વીકારવા તે પ્રકારની દિગંબરની કલ્પના શાસ્ત્રથી અને યુક્તિથી મળતી નથી. અર્થાત્ દિગંબરોનું આ વચન શાસ્ત્રથી અને યુક્તિથી વિરુદ્ધનું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથાઓમાં સ્પષ્ટ કરશે. **॥૨/૧૦॥**

અવતરણિકા :-

પૂર્વની ગાથાના ટબાના અંતમાં કહ્યું કે દિગંબરની કલ્પના શાસ્ત્રથી અને યુક્તિથી મળતી નથી. તેથી હવે દિગંબરની તે કલ્પના શાસ્ત્રથી કઈ રીતે મળતી નથી, તે બતાવે છે –

ગાથા :-

પર્યાયથી ગુણ ભિન્ન ન ભાષિઓ, સમ્મતિગ્રંથિં વિગતિં રે;
જેહનો ભેદ વિવક્ષાવશથી, તે કિમ કહિઈ શક્તિ રે. જિન૦ ॥૨/૧૧॥

ગાથાર્થ :-

સમ્મતિ ગ્રંથમાં વિગતિં=પ્રગટ અક્ષરે, પર્યાયથી ગુણ ભિન્ન કહ્યો નથી. જેહનો ભેદ=ગુણનો ભેદ=પર્યાયથી ગુણનો ભેદ, વિવક્ષાવશથી છે. તે=તે ગુણ, શક્તિ કેમ કહેવાય ?=પર્યાયની શક્તિ ગુણ કહી શકાય નહીં. ॥૨/૧૧॥

ટબો :-

પર્યાયથી ગુણ ભિન્ન કહતાં-જુદો ભાષિઓ નથી, સમ્મતિ ગ્રંથિં, વ્યક્તિં-પ્રકટ અક્ષરઈં. તથાહિ–

"परिगमणं पज्जाओ, अणेगकरणं गुण त्ति एगट्ठा।
तह वि ण गुण त्ति भण्णइ, पज्जवणयदेसणा जम्हा"।।३.१२।।

"જિમ-ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છઈ, તિમ અનેક કરવું, તે પણિ પર્યાયનું લક્ષણ છઈ. દ્રવ્ય તો એક જ છઈ. જ્ઞાન-દર્શનાદિક ભેદ કરઈ છઈ, તે પર્યાય જ છઈ, પણિ ગુણ ન કહિઈ. જે માટિં દ્રવ્ય,પર્યાયની દેશના ભગવંતની છઈ, પણિ દ્રવ્ય,ગુણની દેશના નથી." એ ગાથાર્થ.

"જો ઈમ ગુણ, પર્યાયથી ભિન્ન નથી, તો દ્રવ્ય-ગુણ-પર્યાય એ ૩ નામ કિમ કહો છો ?" ઈમ કોઈ કહઈં, તેહનઈં કહિઈં જે-"વિવક્ષા કહિઈં-ભેદનયની કલ્પના, તેહથી. જિમ "तैलस्य धारा." ઈહાં તેલ નઈં ધારા ભિન્ન કહી દેખાડ્યાં, પણિ ભિન્ન નથી. તિમ સહભાવી-ક્રમભાવી કહીનઈં ગુણ-પર્યાય ભિન્ન કહી દેખાડ્યા, પણિ પરમાર્થઈં ભિન્ન નથી. ઈમ જેહનો ભેદ ઉપચરિત છઈં, તે શક્તિં કિમ કહિઈં? જિમ ઉપચરિત ગાય દૂઝેઈ નહીં, તિમ-ઉપચરિત ગુણ શક્તિ ન ધરઈં." ॥૨/૧૧॥

ટબાર્થ :-

પર્યાયથી ગુણ ભિન્ન કહેતાં જુદો સમ્મતિ ગ્રંથમાં વ્યક્તિ=પ્રગટ અક્ષરે, ભાખ્યો નથી તે આ પ્રમાણે–

"परिगमणं=परिगमन, पज्जाओ=पर्याय, अणेगकरणं=अनेककरण, गुण त्ति एगट्ठा=गुण એ એક અર્થવાળા શબ્દો છે, तह वि=તોપણ, गुण त्ति ण भण्णइ=ગુણ એ પ્રમાણે કહેવાતો નથી, जम्हा पज्जवणयदेसणा=જે કારણથી પર્યાયનયની દેશના છે." **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૨) ॥૩/૧૨॥**

"જેમ ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છે તેમ અનેક કરવું તે પણ પર્યાયનું લક્ષણ છે. (તેથી એક દ્રવ્યને અનેક કરે તે ગુણ કહેવાય. તે પ્રકારનો ગુણ એ પર્યાયરૂપ છે.) દ્રવ્ય તો એક જ છે. જ્ઞાન, દર્શનાદિ ગુણો ભેદ કરે છે=આત્મદ્રવ્યનો અનેક કરવારૂપ ભેદ કરે છે તે પર્યાયરૂપ જ છે, પણ ગુણ

કહેવાતા નથી. જે માટે દ્રવ્ય-પર્યાયની દેશના ભગવંતની છે, પણ દ્રવ્ય-ગુણની દેશના નથી." એ સમ્મતિની ગાથાનો અર્થ છે.

જો એમ=અત્યાર સુધી ગાથાનો અર્થ કર્યો એમ, પર્યાયથી ગુણ ભિન્ન નથી તો, દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ નામ કેમ કહો છો ?=પ્રસ્તુત ગ્રંથમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનુ વર્ણન છે, એમ તમે કહો છો તે કેમ કહો છો ? એમ કોઈ કહે છે, તેને કહીએ જે, વિવક્ષા કહીએ–ભેદનયની કલ્પના, તેથી=પર્યાય કરતાં ગુણની સ્વતંત્ર વિવક્ષા કરી છે એ ગુણ અને પર્યાય વચ્ચે ભેદનયની કલ્પના છે તેથી, જેમ "તેલની ધારા" એ સ્થાનમાં તેલ અને ધારા ભિન્ન કહીને બતાડ્યા પણ ભિન્ન નથી=તેલ અને ધારા ભિન્ન નથી. તેમ, સહભાવી અને ક્રમભાવી કહીને ગુણ અને પર્યાય ભિન્ન કરી દેખાડ્યા, પણ પરમાર્થથી ભિન્ન નથી=ગુણ અને પર્યાય એ બે ભિન્ન નથી, એમ=પરમાર્થથી ગુણ અને પર્યાય ભિન્ન નથી એમ, જેનો ભેદ=ગુણ અને પર્યાયનો ભેદ, ઉપચરિત છે તે=ગુણ, શક્તિ કેમ કહેવાય ? અર્થાત્ જેમ પર્યાય શક્તિ નથી, પરંતુ દ્રવ્ય શક્તિ છે. તેમ પર્યાયથી અભિન્ન ગુણ પણ શક્તિ નથી.

જેમ ઉપચરિત ગાય દૂઝે નહીં તેમ ઉપચરિત ગુણ=પર્યાયથી ભિન્નરૂપે ઉપચરિત એવો ગુણ, શક્તિ ધારણ કરે નહીં=પર્યાયની શક્તિ ગુણ બને નહીં. ॥૨/૧૧॥

ભાવાર્થ :-

દિગંબરો દ્રવ્યના પર્યાયો અને ગુણના પર્યાયો સ્વીકારે છે અને તેમ સ્વીકારીને દ્રવ્યના પર્યાયની શક્તિરૂપ જેમ દ્રવ્ય છે તેમ ગુણના પર્યાયની શક્તિરૂપ ગુણ છે તેમ કહે છે. તેઓનું તે વચન મિથ્યા છે તે બતાવવા માટે કહે છે. સમ્મતિ ગ્રંથમાં પર્યાયથી પૃથક્ ગુણ કહ્યા નથી, પરંતુ પ્રગટરૂપે પર્યાયરૂપ જ ગુણ છે તેમ કહેલ છે. માટે પર્યાયની શક્તિ દ્રવ્ય છે તેમ સ્વીકારી શકાય, પરંતુ ગુણના પર્યાયની શક્તિ ગુણ છે તે દિગંબરોનું વચન મિથ્યા છે.

સમ્મતિની ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

પરિગમન=એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જાય તે પરિગમન; પર્યાય=પરિ અયન કરે=એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જાય તે પર્યાય; અનેકકરણ=એક વસ્તુને અનેક કરે તે અનેકકરણ અને ગુણ=ગુણન કરે તે ગુણ. એ ચારે એકાર્થવાચી છે, તોપણ દેશના 'પર્યાયની દેશના' કહેવાય છે. 'ગુણની દેશના છે' એમ કહેવાતું નથી. તેથી 'દ્રવ્ય અને ગુણ એમ બે વસ્તુ છે' એમ કહેવાતું નથી, પરંતુ 'દ્રવ્ય અને પર્યાય એમ બે વસ્તુ છે' એમ કહેવાય છે.

આ ગાથાથી શું ફલિત થાય એ સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – પર્યાય એ દ્રવ્યમાં ક્રમસર થનારી અવસ્થા છે, જેમ આત્મદ્રવ્યમાં ક્રમસર થનારી ભિન્ન ભિન્ન અવસ્થાને આત્માના પર્યાય કહેવાય છે. તેથી પર્યાયનું લક્ષણ ક્રમભાવીપણું છે, તેમ અનેક કરવું તે પણ પર્યાયનું લક્ષણ છે; કેમ કે આત્મા દ્રવ્યરૂપે એક છે, તોપણ ક્રમસર તે તે ભાવોરૂપે થઈને અનેકરૂપ થાય છે અને આત્મા જેમ ક્રમસર ભિન્ન ભિન્ન અવસ્થાને પામે છે, તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ એક કાળમાં અનેક ભાવોને પામે છે તે અપેક્ષાએ તે

પર્યાય આત્માને અનેક કરે છે. વળી, ગુણ શબ્દની વ્યુત્પત્તિ છે કે આત્માને ગુણન કરે=અનેક કરે. આથી એક સમયમાં વર્તતા આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય આદિ ભાવોને લઈને આત્મા અનેક બને છે અને તે જ્ઞાન, દર્શન આદિ ભાવોને ગુણરૂપે વિવક્ષા કરવામાં આવે છે; કેમ કે જ્ઞાન-દર્શન આદિ ભાવો આત્મામાં યાવદ્દ્રવ્યભાવી છે. છતાં જેમ પર્યાયનું લક્ષણ ક્રમભાવીપણું છે, તેમ અનેકકરણ પણ પર્યાયનું લક્ષણ છે. તેથી એક આત્મા જ્ઞાન, દર્શન આદિ ભાવોથી અનેક બને છે. તેથી જ્ઞાન, દર્શનાદિ ભાવો પણ આત્માના પર્યાયો જ છે અને આત્મદ્રવ્ય તો એક જ છે, પરંતુ ગુણની જેમ આત્મદ્રવ્ય અનેક નથી કે પર્યાયની જેમ ક્રમસર થનાર નથી, અને એક આત્મદ્રવ્યને જ્ઞાન, દર્શન આદિ ભાવો અનેકરૂપ કરે છે તે આત્માના પર્યાયો જ છે, પણ તેને ગુણ કહેવાય નહીં. અર્થાત્ જ્ઞાન, દર્શનાદિ ભાવોને આત્માના ગુણ કહેવાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે, આત્માના જ્ઞાન, દર્શનાદિ ભાવો આત્મામાં યાવદ્દ્રવ્યભાવી છે, માટે તેને ગુણ કેમ ન કહેવાય? તેથી કહે છે, જે માટે ભગવાનની દેશના દ્રવ્ય અને પર્યાયની છે, પણ દ્રવ્ય અને ગુણની નથી. માટે 'પર્યાયથી પૃથક્ ગુણ છે' એમ કહેવાય નહીં; કેમ કે ગુણ એ પર્યાયનો જ પર્યાયવાચી શબ્દ છે, એ પ્રમાણે સમ્મતિગ્રંથ કહે છે.

પૂર્વમાં શાસ્ત્રની સાક્ષીથી સ્થાપન કર્યું કે, પર્યાયથી પૃથક્ એવો ગુણ નથી. માટે ગુણના પર્યાય દિગંબરો સ્વીકારે છે તે ઉચિત નથી. ત્યાં કોઈ શંકા કરતાં કહે છે: જો આ રીતે પર્યાયથી ભિન્ન કોઈ ગુણ ન હોય તો તમે પ્રસ્તુત ઢાળમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ નામો કેમ કહો છો ? ખરેખર, દ્રવ્ય અને પર્યાય એમ જ કહેવું જોઈએ, તેને કહે છે --

વિવક્ષાએ કરીને ભેદનયની કલ્પના છે.

આશય એ છે કે જીવને માર્ગાનુસારી બોધ કરાવવા અર્થે વિવક્ષાથી ગુણનો પર્યાયથી ભેદ કરેલ છે; કેમ કે જો ગુણનો પર્યાયથી ભેદ કરીને બતાવવામાં ન આવે તો જીવદ્રવ્યના કયા ગુણો છે ? અજીવદ્રવ્યના કયા ગુણો છે ? અને કર્મથી રહિત શુદ્ધ આત્મદ્રવ્યના કયા ગુણો છે ? તેનો બોધ થાય નહીં અને કર્મથી રહિત શુદ્ધ આત્મદ્રવ્યના ગુણોનો બોધ થાય તો તે ગુણોનું પ્રતિસંધાન કરીને તેને પ્રગટ કરવા અર્થે જીવ ઉદ્યમ કરી શકે. તેથી પર્યાયથી ગુણ પૃથક્ નહીં હોવા છતાં યાવદ્દ્રવ્યભાવી ગુણો જ અયાવદ્દ્રવ્યભાવી પર્યાયો છે, એમ બતાવીને અન્ય પર્યાયો કરતાં ગુણો જુદા છે તેમ ભેદનયની કલ્પના કરે છે. તેથી જેમ "તેલની ધારા"--ત્યાં તેલ અને ધારા ભિન્ન બતાવવામાં આવે છે, પણ તેલરૂપ જ ધારા છે, તેલથી ભિન્ન ધારા નથી. તેમ સહભાવી ગુણ છે=જીવાદિ દ્રવ્ય સાથે સદા રહેનારા ગુણો છે અને ક્રમભાવી પર્યાયો છે. એ રીતે ગુણ અને પર્યાય ભિન્ન કરીને દેખાડ્યા છે. પણ પરમાર્થથી ગુણ અને પર્યાય ભિન્ન નથી. તેથી એ ફલિત થાય કે, આત્મદ્રવ્યમાં ભિન્ન ભિન્ન જ્ઞાનની પરિણતિરૂપ જે ધારા ચાલે છે, તે ધારારૂપ જ જ્ઞાનગુણ છે અને તે ભિન્ન ભિન્ન જ્ઞાનની પરિણતિને પર્યાય કહેવાય અને તે ભિન્ન ભિન્ન જ્ઞાનની પરિણતિથી પૃથક્ભૂત એવું કોઈ જ્ઞાન નથી, પરંતુ તે ભિન્ન ભિન્ન જ્ઞાનની પરિણતિની ધારા સ્વરૂપ જ જ્ઞાન છે.

તે રીતે દર્શન, જ્ઞાન, ચારિત્રની ધારા સ્વરૂપ જ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણો છે. ફક્ત તે તે દ્રવ્યોના તે તે ગુણોનો બોધ કરાવવા અર્થે ગુણને પર્યાયથી ભિન્ન કરીને બતાવ્યા છે. પરમાર્થથી તો પર્યાયથી ભિન્ન ગુણ નથી. આનાથી શું ફલિત થાય ? તે બતાવે છે.

જેમ ઉપચરિત ગાય દૂધ આપે નહીં. તેમ પર્યાયથી પૃથક્ નહીં હોવા છતાં પર્યાયથી પૃથક્રૂપે ઉપચરિત એવાં ગુણને પર્યાયની શક્તિ કહી શકાય નહીં; કેમ કે પર્યાયથી અપૃથક્ એવો ગુણ શક્તિરૂપ નથી, પરંતુ શક્તિના કાર્યરૂપ પર્યાયના પ્રવાહમાં ગુણ શબ્દનો ઉપચાર છે, માટે પર્યાયથી ગુણ પૃથક્ નથી, ઉપચારથી પૃથક્ બતાવેલ છે. માટે ગુણો પર્યાયરૂપ હોવાથી ગુણોને પર્યાયની શક્તિ કહી શકાય નહીં. **॥૨/૧૧॥**

અવતરણિકા :-

હવઈ જે ગુણ, પર્યાયથી ભિન્ન માનઈ છઈ, તેહનઈં દૂષણ દિઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે જે=જે દિગંબરો, ગુણને પર્યાયથી ભિન્ન માને છે, તેહને દૂષણ આપે છે –

ગાથા :-

જો ગુણ ત્રીજો હોઇ પદારથ, તો ત્રીજો નય લહિઇં રે;
દ્રવ્યારથ પર્યાયારથ નય, દોઇ જ સૂત્રિં કહિઇં રે. જિન૦ ॥૨/૧૨॥

ગાથાર્થ :-

જો ગુણ ત્રીજો પદાર્થ હોય=દ્રવ્ય અને પર્યાયથી જુદો એવો ત્રીજો પદાર્થ હોય તો ત્રીજો નય લઈએ=ત્રીજો નય પ્રાપ્ત કરીએ. સૂત્રમાં દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ બે જ નય કહ્યા છે. ॥૨/૧૨॥

ટબો :-

જો ગુણ, ત્રીજો પદાર્થ-દ્રવ્ય, પર્યાયથી જુદો ભાવ હોઈ, તો ત્રીજો નય લહીઈં-પામિઈ, અનઈં સૂત્રઈં તો દ્રવ્યાર્થ-પર્યાયાર્થ એ બિહુ જ નય કહિયા છઈ, ગુણ હોઈ તો ગુણાર્થ નય પણિ કહિઓ જોઈઈ.

ઉક્તં ચ સમ્મતૌ-

"દો ઉણ ણયા ભગવયા, દવ્વટ્ઠિયપજ્જવટ્ઠિયા ણિયયા।
એતો ય ગુણો વિ હુંતો, ગુણટ્ઠિયણઓ વિ જુજ્જંતો।।૩/૧૦.।।
જં ચ પુણ અરિહયા, તેસુ તેસુ સુત્તેસુ ગોયમાઈણં।।
પજ્જવસણ્ણા ણિયયા, વાગરિયા તેણ પજ્જાયા" ।।૩/૧૧।।

રૂપાદિકનઈં ગુણ કહી સૂત્રિં બોલ્યા નથી, પણિ "વણ્ણપજ્જવા, ગંધપજ્જવા" ઇત્યાદિક

પર્યાય શબ્દઈં બોલાવ્યા છઈ, તે માટિં-તે પર્યાય કહિઈં, પણિ ગુણ ન કહિઈં, અનઈં-"एगगुणकालए" ઈત્યાદિક ઠામિં જે ગુણ શબ્દ છઈં, તે ગણિતશાસ્ત્રસિદ્ધ પર્યાયવિશેષ સંખ્યાવાચી છઈં, પણિ તે વચન ગુણાસ્તિકનય વિષયવાચી નથી.

उक्तं च सम्मतौ-

"जंपंति-"अत्थि समए, एगगुणो दसगुणो अणंतगुणो ।
रूवाई परिणामो, भण्णइ तम्हा गुणविसेसो"।।३/१३।।
"गुणसद्दमंतरेण वि, तं तु पज्जवविसेससंखाणं।
सिज्झइ णवरं संखाण सत्थधम्मो ण य गुणो त्ति।।३/१४।।
जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव।
अहियम्मि वि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं"।।३/१५।।

ઈમ ગુણ, પર્યાયથી પરમાર્થ દૃષ્ટિં ભિન્ન નથી, તો તે દ્રવ્યની પરિં શક્તિરૂપ કિમ કહિઈં ? ।।२/१२।।

ટબાર્થ :-

જો ગુણ, ત્રીજો પદાર્થ=દ્રવ્ય અને પર્યાયથી ત્રીજો ભાવ, હોય તો ત્રીજો નય લઈએ=ત્રીજો નય પામીએ, અને સૂત્રમાં દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ એ બે જ નયો કહ્યા છે. ગુણ હોય=પર્યાયથી પૃથક્ ગુણ હોય, તો ગુણાર્થ નય પણ કહેવો જોઈએ.

उक्तं च सम्मतौ=અને સમ્મતિમાં કહેવાયું છે=પર્યાયથી ભિન્ન ગુણ નથી એ પ્રમાણે કહેવાયું છે-

"उण=पुनः=વળી, भगवया=भगवता=ભગવાન વડે, दव्वट्ठिय=દ્રવ્યાર્થિક=દ્રવ્યાર્થિક(અને), पज्जवट्ठिय=પર્યાયાર્થિકઃ=પર્યાયાર્થિક, दो णया णियया=नयौ नियमितौ=બે નયો નિયમિત કરાયા છે=બેથી અધિક નયો નથી એ પ્રકારે નિયમન કરાયા છે, एत्तो य=अतःच=અને આથી=પર્યાયથી, गुणो वि हुंतो=(અધિક)ગુણ વિશેષ હોતે છતે, गुणट्ठियणओ वि=गुणार्थिकनयः अपि=ગુણાર્થિક નય પણ, जुज्जंतो=युज्यमानो=યુજ્યમાન થાય=નિયમન કરવા માટે યોજન કરાયો હોત." ।।૩-૧૦।। **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૦)**

"जं च पुण=यं च पुनः=અને વળી જે કારણથી, भगवया=भगवता=ભગવાન વડે, तेसु तेसु सुत्तेसु=તેષુ તેષુ સૂત્રેષુ=તે તે સૂત્રોમાં, गोयमाईणं=गौतमादिनां=ગૌતમ આદિ મુનિઓને, णिययाः पज्जवसण्णा=નિયતા પર્યાયસંજ્ઞા=નિયત પર્યાય સંજ્ઞા=વર્ણ, ગંધાદિમાં નિયત પર્યાય સંજ્ઞા, वागरिया=व्यापारिताः=વ્યાપારિત છે, तेण पज्जाया=तेन पर्यायाः=તે કારણથી પર્યાયો છે=વર્ણ, ગંધ આદિ પર્યાયો છે." ।।૩/૧૧।। **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૧)**

રૂપાદિકને ગુણ કહી સૂત્રમાં બોલ્યા નથી, પણ વર્ણપર્યાય, ગંધપર્યાય ઈત્યાદિક પર્યાય શબ્દથી

બોલાવ્યા છે. તે માટે તેને=વર્ણ, ગંધ જેને દિગંબરો પુદ્ગલના ગુણ કહે છે તેને, પર્યાય કહીએ પણ ગુણ ન કહીએ.

અહીં દિગંબર કહે કે, જેમ વર્ણપર્યાય, ગંધપર્યાય શબ્દો સૂત્રમાં કહ્યા છે, તેમ સૂત્રમાં 'એકગુણ કાળો', 'બેગુણ કાળો' ઈત્યાદિ વચન પ્રયોગો પણ છે. તેથી પર્યાયથી પૃથક્ ગુણો સ્વીકારવા જોઈએ. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

અને 'એકગુણ કાળ'=એકગુણ કાળો ઈત્યાદિ ઠેકાણે, જે 'ગુણ' શબ્દ છે તે ગણિતશાસ્ત્રસિદ્ધ પર્યાયવિશેષરૂપ સંખ્યાવાચી છે=કાળા વર્ણમાં એકગુણરૂપ સંખ્યા છે, બે ગુણરૂપ સંખ્યા છે ઈત્યાદિ પર્યાયવિશેષને કહેનારા સંખ્યાવાચી છે. જેમ કાળા વર્ણ કરતાં સફેદ વર્ણ ભિન્ન છે તેવો બોધ થાય છે તેમ 'એકગુણકાળા'વાળી વસ્તુ કરતાં, 'બેગુણકાળા'વાળી વસ્તુ ભિન્ન પર્યાયવાળી છે. તેથી તેમાં પર્યાયવિશેષ છે અને તે પર્યાયવિશેષરૂપ સંખ્યાનો વાચી 'ગુણ' શબ્દ છે, પરંતુ તે વચન= 'એકગુણકાળો' ઈત્યાદિ વચન, ગુણાસ્તિકનયના વિષયનો વાચી નથી.

ઉક્તં ચ સમ્મતૌ=અને સમ્મતિમાં કહેવાયું છે='એકગુણકાળ' આદિ શબ્દ સંખ્યાનો વાચી છે, ગુણાસ્તિકનયના વિષયનો વાચી નથી એમ જે પૂર્વમાં કહ્યું તે સમ્મતિમાં કહેવાયું છે.

"जंपंति=जल्पंति=બોલે છે=દ્રવ્યથી ગુણ અન્ય છે એ પ્રમાણે માનનારા બોલે છે: समये=समये= સિદ્ધાતમાં, एगगुणो दसगुणो अनंतगुणो अत्थि=एकगुणः दसगुणः अनंतगुणः अस्ति=એકગુણ, દસગુણ, અનંતગુણ છે=વ્યપદેશ છે, तम्हा=तस्मात्=તે કારણથી, रूवाई परिणामो=રૂપાદિ પરિણામઃ=રૂપાદિ પરિણામ, गुणविसेसो भण्णइ=गुणविशेषः भणंति=ગુણવિશેષ કહેવાય છે, અર્થાત્=ગુણાર્થિક નય ભગવાન વડે=કહેવાયો છે." ।।૩/૧૩।। **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૩)**

"गुणसद्दमंतरेणवि=गुणशब्दमंतरेणापि=ગુણ શબ્દાંતરથી પણ=પર્યાય કરતાં ગુણરૂપ શબ્દાંતરથી પણ, पज्जवविशेषसंखाणं तं तु=पर्यायविशेषसंख्यानं तं तु=વળી, પર્યાયવિશેષ સંખ્યાવાચક તે અર્થાત્ ગુણ શબ્દ, सिज्झइ=सिद्ध्यति=સિદ્ધ થાય છે. णवरं संखाण सत्थधम्मो ण य गुणो=नवरं संख्यानशास्त्रधर्मः न च गुणः=કેવલ સંખ્યાશાસ્ત્ર ધર્મ છે, પરંતુ ગુણ નથી=પર્યાયથી પૃથક્ ગુણ નથી. त्ति=इति=એ પ્રમાણે (અર્થ છે.)" ।।૩/૧૪।। **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૪)**

"जह=यथा=જે પ્રમાણે, दससु=दससु=દસ દ્રવ્યોમાં, दसगुणम्मि य एगम्मि=दसगुणे च एके=અને દસ ગુણોવાળા એક દ્રવ્યમાં, दसत्तं समं चेव=दसत्वं समं चेव=દશપણું સમાન છે અર્થાત્ એ બંને સ્થાનોમાં દશપણું સંખ્યામાત્ર બતાવે છે, तहेव=तथैव=તે પ્રમાણે જ, अहियम्मि वि गुणसद्दे=अधिके गुणशब्दे=ગુણ શબ્દ અધિક હોતે છતે=પર્યાય શબ્દથી અધિક એવો ગુણ શબ્દ શાસ્ત્રમાં વપરાયો હોતે છતે, एयं पि दट्ठव्वं=एतं पि द्रष्टव्यं=આ પણ જાણવું=શાસ્ત્રમાં જે એક ગુણકાળો, દસગુણકાળો વગેરે સ્થાનોમાં 'પર્યાય' શબ્દથી જુદો જે 'ગુણ' શબ્દ વપરાયો છે એ પણ પર્યાયની સંખ્યામાત્ર બતાવે છે એમ પણ જાણવું." ।।૩-૧૫।। **('સમ્મતિ'ના ત્રીજા કાંડની ગાથા-૧૫)**

આમ પરમાર્થની દૃષ્ટિથી પર્યાયથી ગુણ ભિન્ન નથી તો તે=ગુણ, દ્રવ્યની જેમ શક્તિરૂપ કેમ કહેવાય ?=પર્યાયની શક્તિરૂપ કહી શકાય નહીં. ।।૨/૧૨।।

ભાવાર્થ :-

કોઈ પણ એક વસ્તુને ગ્રહણ કરીને વિચારીએ તો તે વસ્તુ દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ જણાય છે. વળી, દ્રવ્ય અને પર્યાયથી જુદો એવો કોઈ ગુણરૂપ ભાવ તે વસ્તુમાં હોય તો શાસ્ત્રમાં ત્રીજો નય પણ કહેવો જોઈએ, પરંતુ શાસ્ત્રોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, એ બે જ નયો કહ્યા છે. જો ગુણ નામનો ત્રીજો કોઈ પદાર્થ હોય તો શાસ્ત્રમાં ગુણાર્થિક નય પણ કહેવો જોઈએ.

આશય એ છે કે કોઈ પણ પદાર્થને સામે રાખીને પદાર્થના સ્વરૂપના અવલોકનના બળથી શાસ્ત્રમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ બે મૂળ નયો કહ્યા છે. ત્યાર પછી તે બે નયોના પેટાભેદ તરીકે અનેક નયો કહ્યા છે. જો કોઈ વસ્તુ દ્રવ્યરૂપ હોય, ગુણરૂપ હોય અને પર્યાયરૂપ હોય તો પદાર્થને યથાર્થ જોનાર ભગવાનના વચનાનુસાર મૂળ નયો ત્રણ કહેવા જોઈએ; કેમ કે જો પદાર્થ દ્રવ્યરૂપ, ગુણરૂપ અને પર્યાયરૂપ હોય તો તે ત્રણ વસ્તુને જોનારી દૃષ્ટિ દ્રવ્યાર્થિકનય, ગુણાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ પ્રાપ્ત થાય.

વળી, સમ્મતિના વચનથી ગ્રંથકારશ્રી કહે છે કે આગમમાં રૂપાદિને 'ગુણ' કહીને સૂત્રમાં કહ્યા નથી, પરંતુ વર્ણપર્યાય અને ગંધપર્યાય એમ કહ્યા છે. તેથી પુદ્ગલમાં રહેલા વર્ણ, ગંધ એ પણ પર્યાય જ છે, ગુણ નથી.

આશય એ છે કે પુદ્ગલદ્રવ્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ચાર ભાવોને ધારણ કરે છે. એ ચાર ભાવો પર્યાયરૂપ જ છે, ગુણરૂપ નથી. આમ છતાં પુદ્ગલમાં રહેલો વર્ણ સદા વર્ણરૂપે પ્રાપ્ત થાય છે, ગંધ સદા ગંધરૂપે પ્રાપ્ત થાય છે અને તે તે વર્ણ પરિવર્તન પામે છે. તેથી તે તે વર્ણથી અપૃથક્ભૂત એવાં 'વર્ણ'ને ઉપચારથી ગુણરૂપે ગ્રહણ કરીને યાવદ્દ્રવ્યભાવી ગુણ છે એમ કહેવાય છે અને તે તે વર્ણ અયાવદ્દ્રવ્યભાવી હોવાથી પર્યાય છે, એમ કહેવાય છે. વસ્તુતઃ તે તે વર્ણથી પૃથક્ભૂત એવી 'વર્ણ' નામની કોઈ વસ્તુ નથી. માટે તે તે વર્ણ જેમ પુદ્ગલનો પર્યાય છે તેમ વર્ણ પણ પુદ્ગલનો જ પર્યાય છે. ફક્ત 'વર્ણ' શબ્દ સર્વ વર્ણનો સામાન્યવાચક છે અને તે તે વર્ણનો વાચક શબ્દવિશેષ તે તે વર્ણનો વાચક છે.

વળી, આગમમાં એકગુણકાળ, બેગુણકાળ ઇત્યાદિ શબ્દ મળે છે તે પણ સંખ્યાવાચી પર્યાયને જ કહેનાર છે. અર્થાત્ કોઈ વિવક્ષિત પુદ્ગલમાં કાળો અંશ એકઅંશ, બે અંશ છે ઇત્યાદિ સંખ્યાને બતાવનારા છે અને તે સંખ્યા પણ તે પુદ્ગલનો પર્યાય જ છે. અર્થાત્ તે પુદ્ગલ પ્રથમ એકકાળા અંશવાળો હતો તે પરાવર્તન પામીને બીજી ક્ષણમાં સો કે હજાર આદિ કાળા અંશવાળો બને ત્યારે તે પુદ્ગલનો તે કાળો પર્યાય જ અન્ય પર્યાયને પામે છે તેમ કહેવાય. તેથી શાસ્ત્રમાં કહેવાયેલાં 'એકગુણકાળાદિ' વચનો પણ ગુણાસ્તિકનયનાં વાચક નથી.

આમ ગુણનો બોધ કરાવવા અર્થે પર્યાયથી ગુણ જુદો કહેવાતો હોવા છતાં પારમાર્થિક દૃષ્ટિથી, પર્યાયથી ગુણ ભિન્ન નથી. માટે જેમ પર્યાયની શક્તિ દ્રવ્ય છે તેમ પર્યાયની શક્તિ ગુણ પણ છે એમ કહી શકાય નહીં. **॥૨/૧૨॥**

અવતરણિકા :-

પર્યાયદલ માટિં ગુણનઈં શક્તિરૂપ કહઈ છઈ, તેહનઈં દૂષણ દિઈં છઈ –

અવતરણિકાર્થ :-

પર્યાયનું દલ છે=ગુણ પર્યાયનું દલ છે, માટે ગુણને શક્તિરૂપે કહે છે=દિગંબર ગુણને પર્યાયની શક્તિરૂપે કહે છે, તેને=દિગંબરને દૂષણ આપે છે –

ગાથા :-

જો ગુણ, દલ પર્યવનું હોવઇં, તો દ્રવ્યઇં સ્યૂં કીજઇ રે;
ગુણ-પરિણામ પટંતર કેવલ, ગુણ-પર્યાય કહીજઇં રે. જિન૦ ॥૨/૧૩॥

ગાથાર્થ :-

જો ગુણ, પર્યાયનું દળ=પર્યાયનું ઉપાદાન કારણ, હોય તો દ્રવ્યને શું કરીએ ?=દ્રવ્યને માનવાની જરૂર નથી. કેવલ ગુણ પરિણામ પટંતર=ગુણ પરિણામનો કલ્પનારૂપ ભેદ, ગુણપર્યાય કહેવાય=ગુણ અને પર્યાય જુદા કહેવાય. ॥૨/૧૩॥

ટબો :-

જો ગુણ, પર્યાયનું દલ કહિતાં ઉપાદાન કારણ હોઈ, તો દ્રવ્યઈં સ્યૂં કીજઈ ? દ્રવ્યનું કામ ગુણઈં જ કીધઉં, તિવારઈં ગુણ ૧, પર્યાય ૨, જ પદાર્થ કહો, પણિ ત્રીજો ન હોઈ. કોઈ કહસ્યઈ-"દ્રવ્યપર્યાય, ગુણપર્યાય, રૂપ કારય ભિન્ન છઈ, તે માટિં દ્રવ્ય ૧, ગુણ ૨, રૂપ કારણ ભિન્ન કલ્પિઈં" તે જૂઠું. જે માટિં કાર્યમાંહિ કારણ શબ્દનો પ્રયોગ છઈ, તેણઈં કારણભેદઈં કાર્યભેદ સિદ્ધ થાઈ, અનઈં કાર્યભેદ સિદ્ધ થયો હોઈ, તો કારણભેદ સિદ્ધ થાઈ, એ અન્યોન્યાશ્રય નામઈં દૂષણ ઊપજઈ; તે માટઈં ગુણ-પર્યાય જે કહિઈ, તે ગુણ-પરિણામનો જે પટંતર-ભેદ કલ્પનારૂપ, તેહથી જ કેવલ સંભવઈ, પણિ પરમાર્થઈં નહીં અનઈં એ ૩ નામ કહઈ છઈ તે પણિ ભેદોપચારઈં જ, ઈમ જાણવું. ॥૨/૧૩॥

ટબાર્થ :-

જો ગુણ એ પર્યાયનું દલ કહેતાં ઉપાદાનકારણ હોય તો દ્રવ્યનું શું કામ છે ? અર્થાત્ દ્રવ્યને સ્વીકારવાની જરૂર નથી; કેમ કે દ્રવ્યનું કામ ગુણે જ કર્યું અને તેમ સ્વીકારીએ તો ગુણ અને પર્યાય એમ બે જ પદાર્થ કહેવા જોઈએ, પણ ત્રીજો પદાર્થ હોય જ નહીં.

કોઈ કહે છે – દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયરૂપ કાર્ય ભિન્ન છે તે માટે દ્રવ્ય અને ગુણરૂપ બે કારણ પણ ભિન્ન કલ્પાય છે, તે જૂઠું છે.

જૂઠું કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

જે માટે કાર્યમાં કારણ શબ્દનો પ્રવેશ છે અર્થાત્ આ કાર્ય છે એમ કહીએ ત્યારે કોઈક કારણનું આ કાર્ય છે તેવો અર્થ પ્રાપ્ત થાય. તેથી કાર્ય કહેવાથી તેના અંતર્ગત કારણ શબ્દનો પ્રવેશ થાય છે. તે કારણે કારણભેદ સિદ્ધ થાય તો કાર્યભેદ સિદ્ધ થાય અને કાર્યભેદ સિદ્ધ થાય તો, કારણભેદ સિદ્ધ થાય. એ પ્રકારનું અન્યોન્યાશ્રય નામનું દૂષણ પ્રાપ્ત થાય છે=કોઈએ કહેલ કે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય ભિન્ન છે માટે તેના કારણરૂપ દ્રવ્ય અને ગુણ ભિન્ન છે તે કથનમાં અન્યોન્યાશ્રય દૂષણ પ્રાપ્ત થાય છે.

તે માટે=દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયરૂપ ભિન્ન કાર્ય સિદ્ધ થતાં નથી તેથી તેનાં કારણ પણ દ્રવ્ય અને ગુણ ભિન્ન કલ્પી શકાતાં નથી તે માટે, ગુણ અને પર્યાય જે કહેવાય છે તે ગુણપરિણામનો જે કલ્પનારૂપ પટંતર છે=કલ્પનારૂપ ભેદ છે=પુદ્ગલના શ્યામાદિ પર્યાય તે પર્યાયથી અપૃથક્‌ભૂત એવાં રૂપને કલ્પનાથી પૃથક્ કરીને ગુણ કહેવાય છે. વાસ્તવિક રીતે શ્યામપર્યાયથી અતિરિક્ત કોઈ રૂપસ્વરૂપ ગુણ નથી, તેનાથી જ=પર્યાયથી ગુણનો કલ્પનારૂપ જે ભેદ છે તેનાથી જ, કેવળ સંભવે=પર્યાયથી ગુણનો ભેદ કેવળ સંભવે, પણ પર્યાયથી ગુણનો ભેદ પરમાર્થથી સંભવે નહીં, અને એ ત્રણ નામ કહીએ છીએ=દ્રવ્ય, ગુણ, અને પર્યાય એ ત્રણ નામ પ્રસ્તુત ગ્રંથમાં કહેવાયાં છે, તે પણ ભેદના ઉપચારથી જ છે=પર્યાયથી ગુણનો ભેદ નહીં હોવા છતાં પર્યાયથી ગુણમાં ભેદનો ઉપચાર કરીને કહેવાય છે, એમ જાણવું. ॥૨/૧૩॥

ભાવાર્થ :-

દિગંબરો પર્યાયનું દલ જેમ દ્રવ્ય માને છે તેમ, પર્યાયનું દલ ગુણને માને છે. તેથી જેમ દ્રવ્ય એ પર્યાયનું ઉપાદાનકારણ છે તેમ ગુણ પણ પર્યાયનું ઉપાદાનકારણ છે તેમ માને છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો પર્યાયનું ઉપાદાનકારણ ગુણ છે તેમ સ્વીકારીએ તો દ્રવ્યને માનવાની આવશ્યકતા રહેતી નથી; કેમ કે ગુણ જ તે તે પર્યાયરૂપે પરિણમન પામે છે તેમ સ્વીકારી શકાય છે અને ગુણથી અતિરિક્ત દ્રવ્ય છે તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી તેમ સ્વીકારવું પડે; કેમકે જ્ઞાનરૂપે આત્માની પ્રતીતિ છે તે જ્ઞાનગુણના મતિજ્ઞાનાદિ પર્યાયો છે તેમ સ્વીકારીએ તો જ્ઞાનગુણથી અતિરિક્ત આત્માને સ્વીકારવાની આવશ્યકતા રહેતી નથી અને પુદ્ગલદ્રવ્યમાં પણ રૂપ, રસ, ગંધ આદિ ગુણો છે અને તેના કાળો, ધોળો આદિ પર્યાયો સ્વીકારીએ તો તે ગુણથી અતિરિક્ત પુદ્ગલદ્રવ્યને માનવાની જરૂર રહેતી નથી. દેખાતા પર્યાયના આધારરૂપ ગુણ સિદ્ધ થાય તો ગુણના આધારરૂપે કે પર્યાયના આધારરૂપે અન્ય દ્રવ્યની કલ્પના કરવી આવશ્યક રહેતી નથી.

વસ્તુતઃ પર્યાયના આધારરૂપે જ દ્રવ્યનો સ્વીકાર કરાય છે. માટે પર્યાયનો આધાર ગુણને સ્વીકારી લઈએ તો ગુણ અને પર્યાય એમ બે જ પદાર્થ કહી શકાય, પણ ત્રીજો દ્રવ્ય નામનો પદાર્થ નથી તેમ માનવું

પડે અને તેમ દિગંબર સ્વીકારે તો પર્યાયના આધાર એવાં દ્રવ્યને જ ગુણ શબ્દથી વાચ્ય તેઓ સ્વીકારે છે, તેમ પ્રાપ્ત થાય. તેથી ગુણ અને દ્રવ્યનો નામમાત્રનો ભેદ રહે છે.

અહીં વિશેષ એ છે કે છદ્મસ્થજીવો પર્યાયોને અને દ્રવ્યને પૃથક્ જોઈ શકતા નથી, પરંતુ પર્યાયના આધારરૂપે જ દ્રવ્યની કલ્પના કરે છે. જેમ દરેક જીવોને પોતાનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, પરંતુ પોતાને વર્તતા તે તે જ્ઞાનોનાં સંવેદનો, તે તે સુખાદિનાં સંવેદનો કે તે તે પ્રકારના વીર્યના પ્રવર્તનનો અનુભવ સ્વસંવેદિત છે. તે સર્વ સંવેદનોનો આધાર હું છું એ પ્રકારની બુદ્ધિથી છદ્મસ્થ નક્કી કરી શકે છે કે તે તે જ્ઞાનાદિ ભાવોના આધારરૂપ મારું દ્રવ્ય છે અને જો તે તે જ્ઞાનના સંવેદનનો આધાર જ્ઞાનગુણ છે તેમ સ્વીકારવામાં આવે, તે તે સુખાદિનાં સંવેદનનો આધાર વેદનગુણ છે તેમ સ્વીકારવામાં આવે અને તે તે પ્રકારના વીર્યના વ્યાપારનો આધાર વીર્યગુણ છે તેમ સ્વીકારવામાં આવે તો, તે તે પર્યાયના આધારરૂપ તે તે ગુણની સિદ્ધિ થવાથી ગુણથી અતિરિક્ત આત્માને માનવાની જરૂર રહે નહીં. વળી, જો તે તે જ્ઞાનના સંવેદનથી અતિરિક્ત જ્ઞાનગુણ નથી, પરંતુ જ્ઞાનગુણના સંવેદનનો આધાર આત્મદ્રવ્ય છે તેમ માનીએ તો આત્મદ્રવ્યના પર્યાયરૂપે તે તે જ્ઞાનનાં સંવેદનો આદિ સર્વ સંગત થાય. માટે દિગંબરો કહે છે તેમ ગુણના પર્યાય અને દ્રવ્યના પર્યાય સ્વીકારવા ઉચિત નથી.

કોઈ કહે છે=દિગંબર કહે છે કે, દ્રવ્યના પર્યાય અને ગુણના પર્યાય એ બંને કાર્ય ભિન્ન દેખાય છે અર્થાત્ જીવદ્રવ્યના નર-નારકાદિ પર્યાયો દેખાય છે, તેથી જીવદ્રવ્યના નરનારકાદિ પર્યાયો છે અને જીવના જ્ઞાનગુણના મતિઆદિ પર્યાયો દેખાય છે. તેથી જ્ઞાનગુણના મતિજ્ઞાનાદિ પર્યાયો છે. તેથી પર્યાયનું કારણ દ્રવ્ય અને પર્યાયનું કારણ ગુણ બન્ને ભિન્ન કલ્પી શકાય છે. અર્થાત્ દ્રવ્યના પર્યાયોનું ઉપાદાન કારણ દ્રવ્ય છે અને ગુણના પર્યાયોનું ઉપાદાન કારણ ગુણ છે તેમ કલ્પી શકાય છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે આ પ્રમાણે દિગંબરો કહે છે તે જૂઠું છે. જૂઠું કેમ છે ? તે બતાવવા કહે છે –

કાર્યમાં કારણ શબ્દનો પ્રવેશ છે. અર્થાત્ આ કાર્ય છે તેમ કહીએ ત્યારે એ ફલિત થાય કે કોઈક કારણનું આ કાર્ય છે. તેથી કાર્ય કહેવાથી તેની કુક્ષિમાં કારણ શબ્દનો પ્રવેશ થાય છે. તેથી કારણભેદ સિદ્ધ થાય ત્યારે કાર્યભેદ સિદ્ધ થાય અને કાર્યભેદ સિદ્ધ થાય ત્યારે કારણભેદ સિદ્ધ થાય એ પ્રકારના અન્યોન્યાશ્રય નામનું દૂષણ પ્રાપ્ત થાય છે.

આશય એ છે કે તે તે દ્રવ્યમાં જે પર્યાયો દેખાય છે તે પર્યાયોમાં કેટલાક પર્યાયો દ્રવ્યના પર્યાયો છે અને કેટલાક ગુણના પર્યાયો છે તેવો ભેદ સિદ્ધ નથી. આમ છતાં દિગંબરો સ્વકલ્પનાથી બે કાર્યોને ભિન્ન કહીને દ્રવ્યના પર્યાયનું કારણ દ્રવ્ય છે અને ગુણના પર્યાયનું કારણ ગુણ છે તેમ કહે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે, ભિન્ન ભિન્ન પર્યાયના કારણરૂપે દ્રવ્ય અને ગુણ જુદા છે તેમ સિદ્ધ થાય ત્યારે તે બે કારણના ભેદથી બે કાર્યનો ભેદ સિદ્ધ થાય અને તે બે કારણો જુદાં છે તેમ સ્વીકારવા માટે દ્રવ્યના પર્યાયો અને ગુણના પર્યાયોરૂપ બે કાર્યો જુદાં છે તેમ સિદ્ધ થાય તો તે બે કાર્યનાં બે કારણો જુદાં

છે તેમ સિદ્ધ થાય.માટે અન્યોન્યાશ્રય દોષ પ્રાપ્ત થાય છે.

વસ્તુતઃ અનુભવથી દ્રવ્ય અને પર્યાય-બે જ દેખાતા હોય, આમ છતાં કોઈક પર્યાયના પ્રવાહને ગ્રહણ કરીને તે તે પર્યાયના સમુદાયને તે તે ગુણ શબ્દથી કહેવાતું હોય અર્થાત્ આત્મામાં પ્રતીત થતા જુદા જુદા જ્ઞાનના પ્રવાહને ગ્રહણ કરીને તે પ્રવાહના સમુદાયને જ્ઞાન કહેવાતું હોય ત્યારે "મનુષ્યપર્યાયનું કારણ એવું જીવદ્રવ્ય છે અને મતિજ્ઞાનાદિ પર્યાયનું કારણ જ્ઞાનગુણ છે" તેમ કહી શકાય નહીં અને જ્યાં સુધી પર્યાયના કારણરૂપે દ્રવ્ય અને ગુણ જુદા છે તેમ સિદ્ધ થાય નહીં, ત્યાં સુધી દ્રવ્યના પર્યાય અને ગુણના પર્યાય જુદા છે તેમ સ્વીકારી શકાય નહીં. પરંતુ એમ જ માનવું જોઈએ કે આત્મદ્રવ્યમાં મતિજ્ઞાનાદિ પર્યાયો છે અને નરનારકાદિ પણ પર્યાયો છે. ફક્ત મતિજ્ઞાનાદિ પર્યાયોથી અપૃથક્ એવાં જ્ઞાનના સમુદાયને જ્ઞાનગુણ કહેલ છે.

તે માટે=પૂર્વમાં અન્યોન્યાશ્રય દોષ બતાવ્યો. તેથી સિદ્ધ થયું કે, દ્રવ્યના પર્યાય અને ગુણના પર્યાય એ બે જુદા નથી તે માટે, ગુણ અને પર્યાય એમ જે કહેવાય છે તે ગુણના પરિણામનો કલ્પનારૂપ પટંતર છે=કલ્પનારૂપ ભેદ છે, તેથી જ ગુણથી પર્યાયનો જે ભેદ કહેવાય છે તે ગુણ પરિણામનો જ કલ્પનારૂપ પટંતર છે=કલ્પનારૂપ ભેદ છે, તેને આશ્રયીને ગુણ અને પર્યાય સંભવે, પરંતુ પરમાર્થથી ગુણ અને પર્યાય બે વસ્તુ નથી.

આશય એ છે કે જ્ઞાન ગુણ છે અને મતિજ્ઞાનાદિ પર્યાયો છે તેમ જે કહીએ છીએ તે જ્ઞાનગુણના પરિણામનો કલ્પનારૂપ ભેદ છે. તેથી કલ્પનાથી થયેલા ભેદને આશ્રયીને જ્ઞાનના મતિજ્ઞાનાદિ પર્યાયો છે તેમ કહી શકાય નહીં અને જે ત્રણ નામ કહીએ છીએ=દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ નામ કહીએ છીએ તે ભેદના ઉપચારથી છે=મતિજ્ઞાનાદિ પરિણામોથી જ્ઞાનગુણ જુદો છે, એ પ્રકારનો ગુણના ભેદનો ઉપચાર કરીને પર્યાય કરતાં ગુણ જુદા કહ્યા છે, તેને આશ્રયીને દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ વસ્તુ કહી છે. **॥૨/૧૩॥**

અવતરણિકા :-

ગાથા-૩ની અવતરણિકામાં કહેલ કે, આ ઢાળમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ યુક્તિથી દેખાડે છે. ત્યારપછી ગાથા-૩માં દૃષ્ટાંતથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ બતાવ્યો. ત્યાર પછી દ્રવ્ય સામાન્યરૂપ છે અને તે સામાન્યરૂપ દ્રવ્ય બે પ્રકારનું છે તે સ્પષ્ટ કર્યું. ત્યાં દિગંબર દ્રવ્યના પર્યાયો અને ગુણના પર્યાયો માને છે તે યુક્તિયુક્ત નથી તેનું અત્યાર સુધી સ્થાપન કર્યું. હવે દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર કઈ રીતે ભેદ ભાવવો તે બતાવે છે –

ગાથા :-

એક-અનેકરૂપથી ઈણિ પરિ, ભેદ પરસ્પર ભાવો રે;
આધારાધેયાદિકભાવિં, ઈમ જ ભેદ મનિ લ્યાવો રે. જિન૦ ॥૨/૧૪॥

ગાથાર્થ :-

ઈણિ પરિ=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, એક અનેક રૂપથી પરસ્પર ભેદ ભાવો=દ્રવ્ય અને ગુણ-પર્યાયનો એક અનેક રૂપથી પરસ્પર ભેદ ભાવો. ઈમ જ=એ રીતે જ, આધાર આધેયાદિક ભાવે=દ્રવ્ય આધાર છે અને ગુણ-પર્યાય આધેય છે એ વગેરે ભાવે ભેદ મનમાં લાવો. ॥૨/૧૪॥

ટબો :-

એણિંપરિં દ્રવ્ય એક, ગુણ-પર્યાય અનેક, એ રૂપઈં પરસ્પર ક૦ માંહોમાંહિં ભેદ, ભાવો-વિચારો. ઈમ જ આધાર-આધેય પ્રમુખ ભાવ ક૦ સ્વભાવ, તેણઈં કરી મનમાંહિં લ્યાવો, જે માટિં પરસ્પરઅવૃત્તિધર્મ પરસ્પરમાંહિં ભેદ જણાવઈં. ॥૨/૧૪॥

ટબાર્થ :-

એણિં પરિ=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દ્રવ્ય એક અને ગુણ-પર્યાય અનેક છે એ રૂપ, પરસ્પર= દ્રવ્ય અને ગુણ-પર્યાયનો માંહોમાંહ, ભેદ ભાવો=ભેદવિચાર કરો. એમ જ=જેમ એક અનેકરૂપે ભેદ ભાવન કરો એમ જ, આધાર-આધેય પ્રમુખ ભાવે કહેતાં સ્વભાવે તે રીતે મનમાંહે લાવો=દ્રવ્ય આધારરૂપ છે અને ગુણ-પર્યાય આધેયરૂપ છે એ સ્વભાવથી તેઓનો પરસ્પર ભેદ છે તેમ મનમાં લાવો. જે માટે પરસ્પર અવૃત્તિધર્મ પરસ્પરમાંહિ ભેદ જણાવે છે=દ્રવ્યમાં એકત્વ ધર્મ છે તે ગુણ-પર્યાયમાં અવૃત્તિ છે અને ગુણ-પર્યાયમાં અનેકત્વ ધર્મ છે તે દ્રવ્યમાં અવૃત્તિ છે એ રીતે દ્રવ્યમાં આધારત્વ ધર્મ છે તે ગુણ પર્યાયમાં અવૃત્તિ છે અને ગુણ-પર્યાયમાં આધેયત્વ ધર્મ છે તે દ્રવ્યમાં અવૃત્તિ છે. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાય એ બેમાં રહેલા પરસ્પર અવૃત્તિવાળા ધર્મો દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ બતાવે છે.

આધાર-આધેયાદિમાં આદિ પદથી કાર્ય-કારણનું ગ્રહણ છે. તેથી દ્રવ્યમાં કારણપણું છે અને ગુણ-પર્યાયમાં કાર્યપણું છે. માટે કાર્ય-કારણ ભાવરૂપે પણ દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ છે. ॥૨/૧૪॥

ભાવાર્થ :-

પ્રસ્તુત ગાથામાં દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર કઈ અપેક્ષાએ ભેદ છે ? તે બતાવે છે –

(૧) કોઈ વિવક્ષિત વસ્તુને ગ્રહણ કરીએ તો તે વસ્તુ દ્રવ્ય અને ગુણ-પર્યાયરૂપ છે. જેમ કોઈ એક મનુષ્યને આશ્રયીને વિચારીએ તો તે જીવદ્રવ્ય છે અને તે જીવદ્રવ્યના ગુણ અને પર્યાયો છે. તેમાં તે જીવદ્રવ્ય એક છે, પરંતુ અનેક નથી. વળી, તેમાં વર્તતા જ્ઞાન, વીર્ય આદિ ગુણો અનેક છે અને પર્યાયો પણ અનેક છે. તેથી તે જીવરૂપ વસ્તુ દ્રવ્યથી એક છે અને ગુણ-પર્યાયથી અનેક છે. માટે દ્રવ્યનો અને ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ છે.

(૨) વળી, તે જીવરૂપ વસ્તુ આધાર છે અને તે જીવરૂપ વસ્તુમાં ગુણ અને પર્યાય આધેય છે. તેથી

તે જીવરૂપ વસ્તુમાં દ્રવ્ય અને ગુણ-પર્યાયનો આધાર-આધેય ભાવથી પરસ્પર ભેદ છે.

(૩) વળી, દ્રવ્ય કારણ છે અને ગુણ-પર્યાય કાર્ય છે. તેથી પણ તે બેનો ભેદ છે.

આ ત્રણ રીતે ભેદ સ્વીકારવામાં હવે યુક્તિ બતાવે છે કે, પરસ્પરમાં નહીં રહેનારા ધર્મો જે બે વસ્તુમાં પ્રાપ્ત થતા હોય તે બે વસ્તુનો ભેદ છે. જેમ, ઘટ અને પટરૂપ બે વસ્તુ ગ્રહણ કરીએ તો, ઘટમાં રહેલો ઘટત્વ ધર્મ પટમાં અવૃત્તિ છે અને પટમાં રહેલો પટત્વ ધર્મ ઘટમાં અવૃત્તિ છે. તેથી ઘટત્વ અને પટત્વ ધર્મો પરસ્પરમાં અવૃત્તિ ધર્મો છે અને તે ધર્મો ઘટનો અને પટનો પરસ્પર ભેદ બતાવે છે. તેમ દ્રવ્યમાં એકત્વ ધર્મ છે, આધારત્વ ધર્મ છે અને કારણત્વ ધર્મ છે. જ્યારે ગુણમાં અને પર્યાયમાં અનેકત્વ ધર્મ છે, આધેયત્વ ધર્મ છે અને કાર્યત્વ ધર્મ છે. તે ધર્મો પરસ્પર અવૃત્તિ છે. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાય એ બે નો પરસ્પર ભેદ બતાવે છે. **॥૨/૧૪॥**

અવતરણિકા :-

તેહિ જ વિવરી દેખાડઈં છઈં –

અવતરણિકાર્થ :-

તેને જ વિવરણ કરીને બતાવે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૪માં કહ્યું કે, દ્રવ્ય એક છે અને ગુણ-પર્યાય અનેક છે અથવા દ્રવ્ય આધાર છે અને ગુણ-પર્યાય આધેય છે. તેથી તે બેનો પરસ્પર ભેદ છે, તેને વિવરણ કરીને બતાવે છે.

ગાથા :-

દ્રવ્ય આધાર ઘટાદિક દીસઇ, ગુણ, પર્યાય, આધેયો રે;
રૂપાદિક એકેંદ્રિયગોચર, દોહિં ઘટાદિક વેઓ રે. જિન૦ ॥૨/૧૫॥

ગાથાર્થ :-

દ્રવ્ય એવાં ઘટાદિ આધાર દેખાય છે. ગુણ-પર્યાય આધેયો દેખાય છે. રૂપાદિ ગુણ-પર્યાયો એક ઇન્દ્રિયગોચર છે. ઘટાદિ બે ઇન્દ્રિયથી જાણો છો. ॥૨/૧૫॥

ટબો :-

દ્રવ્ય ઘટાદિક આધાર દીસઈ છઈ, જે માટઈં-"એ ઘટઈં રૂપાદિક" ઈમ જાણીઈ છઈ. ગુણ-પર્યાય રૂપરસાદિક, નીલ-પીતાદિક, આધેય-દ્રવ્ય ઉપરિ રહિયાં. ઈમ આધારાધેય ભાવઈં દ્રવ્યથી ગુણપર્યાયનઈં ભેદ છઈ. તથા રૂપાદિક ગુણ-પર્યાય એક ઇંદ્રિયગોચર ક૦ વિષય છઈ. જિમ રૂપ ચક્ષુરિંદ્રિયઈં જ જણાઈ, રસ તે રસનેન્દ્રિયના જ ઇત્યાદિક, અનઈં ઘટાદિક દ્રવ્ય છઈં, તે દોહિં ચક્ષુરિન્દ્રિય અનઈં સ્પર્શનેન્દ્રિય એ

૨ ઈન્દ્રિયઈં કરીનઈં જાણો છો. એ નઈયાયિકમત અનુસરીનઈં કહિઉં. સ્વમતઈં ગંધાદિક પર્યાયદ્વારઈં ઘ્રાણેંદ્રિયાદિકઈં પણિ દ્રવ્ય પ્રત્યક્ષ છઈ, નહીં તો 'કુસુમ ગંધું છું' ઈત્યાદિ જ્ઞાનનઈ ભ્રાંતપણું થાઈ, તે જાણવું.

ઈમ એક-અનેક ઈન્દ્રિયગ્રાહ્યપણાઈં દ્રવ્યથી ગુણ-પર્યાયનો ભેદ જાણવો. ગુણપર્યાયનઈં માંહોમાંહિ ભેદ, તે સહભાવી ક્રમભાવી એ કલ્પનાથી જ (ભાવવું). ॥૨/૧૫॥

ટબાર્થ :-

દ્રવ્ય એવાં ઘટ, પટ આદિ આધાર દેખાય છે=તેમાં વર્તતા ગુણ-પર્યાયના આધાર દેખાય છે.

ગુણ-પર્યાયનો આધાર દ્રવ્ય કેમ દેખાય છે ? તેથી કહે છે –

જે માટે "આ ઘટમાં રૂપાદિ છે" એમ જણાય છે. ગુણ-પર્યાય=રૂપ-રસાદિક અને નીલ-પીતાદિક=ગુણ રૂપ-રસાદિ અને પર્યાય નીલ-પીતાદિ, આધેય છે=દ્રવ્ય ઉપર રહ્યા છે=આધાર એવાં દ્રવ્યમાં રહ્યા છે. એમ આધાર-આધેય ભાવથી દ્રવ્યથી ગુણ-પર્યાયનો ભેદ છે.

વળી, રૂપાદિક ગુણ-પર્યાયો એક ઈન્દ્રિયગોચર કહેતાં વિષય છે. જેમ, રૂપ ચક્ષુરિન્દ્રિયથી દેખાય છે, રસ રસનેન્દ્રિયથી જ જણાય છે, ઈત્યાદિક=આદિથી ગંધ, સ્પર્શ તે તે ઈન્દ્રિયથી જણાય છે તેનું ગ્રહણ કરવું. વળી, ઘટાદિક દ્રવ્યો છે તે બે ઈન્દ્રિય=ચક્ષુ અને સ્પર્શનેન્દ્રિય એ બે ઈન્દ્રિયથી કરીને જાણો છો=જણાય છે.

એ નૈયાયિક મત અનુસરીનઈ કહ્યું=નૈયાયિક મતાનુસાર કહ્યું=ગુણ-પર્યાય એકેન્દ્રિયથી ગ્રહણ થાય છે અને ગુણ-પર્યાયના આધાર એવાં ઘટાદિ દ્રવ્યો ચક્ષુ અને સ્પર્શેન્દ્રિયથી ગ્રહણ થાય છે એ નૈયાયિક મતાનુસાર ગ્રંથકારશ્રીએ કહ્યું છે. સ્વમતથી તો ઘ્રાણેન્દ્રિયાદિ ઈન્દ્રિયોથી પણ ગંધાદિક પર્યાય દ્વારા દ્રવ્ય પ્રત્યક્ષ થાય છે. નહીં તો 'ફૂલ સુંઘું છું' ઈત્યાદિ જ્ઞાનનું ભ્રાંતપણું થાય, તેમ જાણવું.

આ રીતે=ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું એ રીતે, એક-અનેક ઈન્દ્રિયગ્રાહ્યપણાથી=ગુણ-પર્યાય એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે અને દ્રવ્ય અનેક ઈન્દ્રિયથી ગ્રાહ્ય છે એ રીતે, દ્રવ્યથી ગુણ-પર્યાયનો ભેદ જાણવો. ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ-સહભાવી અને ક્રમભાવી-એ કલ્પનાથી જ છે. ॥૨/૧૫॥

ભાવાર્થ :-

ગાથા-૧૪માં કહેલ કે દ્રવ્ય અને ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ વિચારવો અને તે ભેદ કઈ રીતે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સંસારમાં ઘટપદાદિ પદાર્થો દેખાય છે તે ઘટપદાદિ પદાર્થો દ્રવ્ય, ગુણ અને પર્યાય – ત્રણ સ્વરૂપવાળા છે. જેમ, ઘટ પોતે દ્રવ્યરૂપ છે, તે ઘટમાં વર્તતા રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ ચાર ભાવો ગુણરૂપ છે અને નીલ-પીત આદિ પર્યાયો છે. તેમાં ઘટદ્રવ્ય રૂપાદિ ગુણોનો અને નીલાદિ પર્યાયોનો આધાર દેખાય છે. વળી,

રૂપ-રસાદિ ગુણો અને નીલ-પીતાદિ પર્યાયો આધેયરૂપ છે. તેથી આધારરૂપ ઘટદ્રવ્યથી આધેયરૂપ ગુણ-પર્યાયોનો ભેદ છે.

વળી, અન્ય રીતે પણ દ્રવ્ય અને ગુણ-પર્યાય વચ્ચેનો ભેદ બતાવે છે. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ ચાર ગુણો ક્રમસર ચક્ષુ આદિ એક ઇન્દ્રિયનો વિષય છે અને ઘટદ્રવ્ય ચક્ષુ અને સ્પર્શ-એ બંને ઇન્દ્રિયોનો વિષય છે. આથી જ ચક્ષુરહિત આંધળો પુરુષ પણ સ્પર્શ દ્વારા ઘટનો બોધ કરી શકે છે. તેથી નક્કી થાય કે એક-એક ઇન્દ્રિયના વિષયભૂત તે તે ગુણથી અને એક-એક ઇન્દ્રિયના વિષયભૂત તે તે પર્યાયથી, બે ઇન્દ્રિયના વિષયભૂત ઘટદ્રવ્ય જુદું છે.

આ માન્યતા ગ્રંથકારશ્રીએ નૈયાયિક મતાનુસાર કહેલ છે. જૈન મતાનુસાર તો ઘ્રાણેન્દ્રિયાદિક ઇન્દ્રિયોથી પણ ગંધાદિ પર્યાયો દ્વારા દ્રવ્ય પ્રત્યક્ષ થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, જેમ ચક્ષુથી રૂપ ગ્રહણ થાય છે, તેમ રૂપથી અભિન્ન એવાં દ્રવ્યનો પણ ચક્ષુથી જ બોધ થાય છે. તે રીતે રસનેન્દ્રિયથી રસનું ગ્રહણ થાય છે ત્યારે, તે રસથી કથંચિત્ અભિન્ન એવું તે દ્રવ્ય પણ રસનેન્દ્રિયથી ગ્રહણ થાય છે. તેથી સ્યાદ્વાદીના મતે ઘટાદિ દ્રવ્યો પાંચે ઇન્દ્રિયોના વિષયો છે અને ઘટાદિ દ્રવ્યમાં વર્તતા ગુણો અને પર્યાયો તે તે એક ઇન્દ્રિયના વિષયો છે. માટે ગુણ-પર્યાય કરતાં દ્રવ્યનો ભેદ છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ દ્રવ્યની સાથે ગુણ-પર્યાયનો ભેદ બતાવ્યો. હવે દ્રવ્યમાં વર્તતા ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ સહભાવી અને ક્રમભાવી એ કલ્પનાથી જ છે, પારમાર્થિક નથી, તે બતાવે છે –

આશય એ છે કે પુદ્ગલમાં રૂપ એ ગુણ છે; કેમ કે પુદ્ગલમાં રૂપ સહભાવી છે અને તે યાવદ્પુદ્ગલદ્રવ્યભાવી છે. માટે સદા રહેનારો છે અને પુદ્ગલમાં નીલો-પીળો એ પર્યાયો છે; કેમ કે પુદ્ગલ ક્યારેક નીલરૂપે થાય છે, ક્યારેક પીતરૂપે થાય છે. તેથી ક્રમભાવી છે. આમ છતાં નીલ-પીત આદિ પર્યાયોથી અતિરિક્ત કોઈ રૂપ નથી. કલ્પનાથી જ ક્રમભાવી એવાં નીલ, પીત આદિ પર્યાયોથી રૂપ અતિરિક્ત છે તેમ કહેવાય છે અને તે સર્વ નીલપીતાદિક પર્યાયોમાં અનુગત એવાં 'રૂપ' શબ્દથી તેને ગ્રહણ કરીને ભિન્ન કહેવાય છે. આમ છતાં નીલપીતાદિક પર્યાયોથી અતિરિક્ત 'રૂપ' નામની કોઈ વસ્તુ નથી. **॥૨/૧૫॥**

અવતરણિકા :-

ગાથા-૧૪માં કહ્યું કે દ્રવ્ય અને ગુણ-પર્યાયનો ભેદ છે. ત્યારપછી તે ત્રણેનો ભેદ કઈ રીતે છે તે ગાથા-૧૫માં બતાવ્યું. હવે અન્ય રીતે પણ દ્રવ્ય, ગુણ, અને પર્યાયનો ભેદ છે તે બતાવે છે –

ગાથા :-

સંજ્ઞા-સંખ્યા-લક્ષણથી પણિ, ભેદ એહોનો જાણી રે;
સુ-જસ-કારિણી શુભમતિ ધારો, દુરમતિવેલી કૃપાણી રે.
જિન૦ ॥૨/૧૬॥

ગાથાર્થ :-

સંજ્ઞા, સંખ્યા અને લક્ષણથી પણ એહોનો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો, ભેદ જાણવો. સુજસકારિણી શુભમતિ ધારો=એ ત્રણના ભેદને ગ્રહણ કરવા દ્વારા સુયશને કરનારી એવી શુભમતિને ધારણ કરો, જે શુભમતિ દુર્મતિની વેલી માટે કૃપાણી=કુહાડી છે. ॥૨/૧૬॥

ટબો :-

તથા સંજ્ઞા ક૦ નામ, તેહથી ભેદ, 'દ્રવ્ય' નામ ૧, 'ગુણ' નામ ૨, 'પર્યાય' નામ ૩. સંખ્યા-ગણના, તેહથી ભેદ, દ્રવ્ય ૬, ગુણ અનેક, પર્યાય અનેક. લક્ષણથી ભેદ- દ્રવન=અનેક પર્યાયગમન દ્રવ્યલક્ષણ, ગુણન=એકથી અન્યનઈં ભિન્નકરણ તે ગુણ લક્ષણ, પરિગમન=સર્વતો વ્યાપ્તિ, તે પર્યાયલક્ષણ. ઈમ એહોનો દ્રવ્ય-ગુણ-પર્યાયનો માંહોમાંહિં ભેદ જાણીનઈં ઉત્તમ યશની કરણહાર ભલી મતિ ધરો. કેહવી છઈં ? જે દુરમતિ કહિઈં જે દ્રવ્યાદ્વૈતપક્ષની માઠી મતિ, તે રૂપિણી જે વેલી, તેહનઈં વિષઈં કૃપાણી=કુહાડી. ॥૨/૧૬॥

ટબાર્થ :-

અને સંજ્ઞા કહેતાં નામ, તેહના ભેદથી='દ્રવ્ય' એ પ્રકારનું નામ, 'ગુણ' એ પ્રકારનું નામ અને 'પર્યાય' એ પ્રકારનું નામ-તેના ભેદથી, પણ દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ છે.

વળી, સંખ્યા=ગણના-તેનાથી પણ દ્રવ્ય, ગુણ, પર્યાયનો ભેદ છે. દ્રવ્ય ૭ છે. ગુણો અનેક છે અને પર્યાયો અનેક છે. પર્યાયો ગુણોની સંખ્યા કરતાં પણ અનેક છે. માટે સંખ્યાથી ભેદ છે.

વળી, લક્ષણથી પણ ભેદ છે તે બતાવે છે. દ્રવણ=અનેક પર્યાયગમન એ દ્રવ્યનું લક્ષણ છે. ગુણન=એકથી અન્યને ભિન્નકરણ, એ ગુણનું લક્ષણ છે અને પરિગમન=સર્વથી વિશેષરૂપે આપ્તિ અર્થાત્ પ્રાપ્તિ=પૂર્વની અવસ્થાથી અન્ય અવસ્થારૂપે સર્વથી વિશેષરૂપે પ્રાપ્તિ, એ પર્યાયનું લક્ષણ છે.

આમ=ગાથા-૧૪ અને ૧૫માં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ બતાવ્યો અને પ્રસ્તુત ગાથામાં સંજ્ઞા, સંખ્યા અને લક્ષણથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ બતાવ્યો એમ, એહોનો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો, પરસ્પર ભેદ જાણીને ઉત્તમ યશની કરનારી ભલી મતિ ધરો. ભલી મતિ કેવી છે ? તે બતાવે છે – જે દ્રવ્યાદ્વૈતપક્ષની=દ્રવ્યથી અતિરિક્ત ગુણ પર્યાય નથી તે પ્રકારની દ્રવ્યાદ્વૈતપક્ષની, જે માઠી મતિ=તે રૂપ જે દુર્મતિ, તેરૂપી જે વેલી=માઠીમતિરૂપ જે વેલી, તેના વિષે કૃપાણી=કુહાડી, એવી આ શુભમતિ છે. ॥૨/૧૬॥

ભાવાર્થ :-

દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ પૂર્વમાં બતાવ્યો તે સિવાય અન્ય રીતે પણ કઈ રીતે ભેદ સંભવે તે

અનુભવ અનુસાર યુક્તિથી બતાવે છે.

કોઈ પણ વિચારક વ્યક્તિ કોઈ વસ્તુને જુએ ત્યારે "આ દ્રવ્ય છે" "આ તેના ગુણો છે" "આ તેના પર્યાયો છે" – એ પ્રકારનાં ત્રણ નામોથી તેનો બોધ કરે છે. તેથી તે ત્રણ નામોથી જ નક્કી થાય છે કે દ્રવ્ય, ગુણ, અને પર્યાયનો ભેદ છે. જેમ પુરોવર્તી પુદ્ગલદ્રવ્યને જોઈને કહેવાય કે, 'આ પુદ્ગલદ્રવ્ય છે,' 'તેમાં રૂપ, રસ, ગંધ આદિ ગુણો છે' અને 'તેમાં પરિવર્તન થતા ભાવો પર્યાયો છે.' તેથી પુદ્ગલ દ્રવ્યને જોઈને ત્રણ વસ્તુની ઉપસ્થિતિ થાય છે અને તે ત્રણને જુદા જુદા નામથી વાચ્ય કરાય છે. માટે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ છે.

વળી, સંખ્યાથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ બતાવે છે. દ્રવ્યની સંખ્યા છ છે. ગુણની સંખ્યા અનેક છે અને પર્યાયની સંખ્યા ગુણોની સંખ્યા કરતાં પણ અનેક છે. તેથી તેઓનો ભેદ છે. જેમ, ધર્માસ્તિકાય આદિ મૂળ છ દ્રવ્યો છે અને તે દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ અનંતા છે, તોપણ મૂળ દ્રવ્યો છ જ છે. વળી, તે છએ દ્રવ્યોમાં વર્તતા ગુણોની સંખ્યા અનેક છે=અનંત છે; કેમ કે એક પુદ્ગલદ્રવ્યમાં પણ રૂપ, રસ, ગંધ, સ્પર્શરૂપ ચાર ગુણો ચાર ઇન્દ્રિયોથી ગ્રહણ થાય છે અને તેવા અન્ય પણ અનેક ગુણો અવધિજ્ઞાનથી ગ્રહણ થાય છે. જે ઇન્દ્રિયોના વિષય નથી અને અવધિજ્ઞાન કરતાં પણ અનંતગણા ગુણો કેવળજ્ઞાનમાં દેખાય છે. તેથી એક પુદ્ગલદ્રવ્યમાં પણ અનંત ગુણોની પ્રાપ્તિ છે. તેમ જીવદ્રવ્યમાં પણ જ્ઞાનાદિ અનેક ગુણો પ્રાપ્ત થાય છે. વળી, તે છએ દ્રવ્યોના પર્યાયો, તેમાં વર્તતા ગુણો કરતાં અનેક પ્રાપ્ત થાય છે; કેમ કે પુદ્ગલદ્રવ્યમાં પ્રતિક્ષણ નીલો, પીળો, આદિ પર્યાયો પરિવર્તન પામે છે. તેથી તેની સંખ્યા પુદ્ગલમાં વર્તતા રૂપાદિ ગુણો કરતાં ઘણી અધિક છે. આ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો સંખ્યાથી પણ પરસ્પર ભેદ છે. અર્થાત્ જો દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ ન હોત તો ત્રણેમાં સંખ્યાના ભેદની પ્રાપ્તિ ન થાય.

હવે લક્ષણથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ બતાવે છે –

द्रवति गच्छति, तान् तान् पर्यायान् प्राप्नोति इति द्रव्यम् । એ પ્રકારની દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિ છે અને આ વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતો અર્થ દ્રવ્યનું લક્ષણ છે. તેથી જે વસ્તુમાં દ્રવણ થતું હોય=અનેક પર્યાયોનું ગમન થતું હોય, તે દ્રવ્ય કહેવાય. આથી દરેક દ્રવ્ય પ્રતિક્ષણ અપર અપર પર્યાયને પ્રાપ્ત કરે છે. માટે તેને દ્રવ્ય કહેવાય છે.

ગુણન કરે તે ગુણ કહેવાય=એક વસ્તુથી અથવા એક ધર્મથી અન્યને ભિન્ન કરે તે ગુણ કહેવાય. જેમ આત્મામાં રહેલો જ્ઞાન ગુણ આત્મામાં રહેલા વીર્યથી આત્માને ભિન્ન કરે છે=ભિન્ન બતાવે છે. તે એક ધર્મથી અન્ય ધર્મને ભિન્ન કહે છે. તેથી એક જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને વીર્યસ્વરૂપ પણ છે તેમ કહેવાય છે. વળી, આત્મામાં રહેલો જ્ઞાનગુણ જડ એવાં પુદ્ગલથી આત્માને ભિન્ન કરે છે. તે એક દ્રવ્યરૂપ વસ્તુથી અન્ય દ્રવ્યને ભિન્ન કરે છે. માટે દ્રવ્ય કરતાં ગુણનું લક્ષણ જુદું છે.

પરિગમન કરે તે પર્યાય કહેવાય=સંપૂર્ણપણાથી વિશેષરૂપે જે પ્રાપ્તિ છે તે પર્યાયનું લક્ષણ છે. જેમ,

શ્વેત પરમાણુ, કૃષ્ણ પરમાણુ બને ત્યારે તે શ્વેત અંશ સર્વથી વિશેષરૂપે કૃષ્ણપણે પ્રાપ્ત થાય છે. તેથી શ્વેત પર્યાયનું અન્ય પર્યાયરૂપે જે પરિગમન, તે પર્યાયનું લક્ષણ છે.

આ રીતે દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ જુદું પ્રાપ્ત થતું હોવાથી એકવસ્તુમાં વિદ્યમાન એવાં પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય પરસ્પર જુદા છે એમ નક્કી થાય છે.

ગાથા-૧૪, ૧૫ અને ૧૬ના પૂર્વાર્ધમાં બતાવ્યું એ પ્રમાણે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ જાણીને ઉત્તમ યશને કરનારી ભલી મતિને ધારણ કરો, જે દ્રવ્યાદ્વૈતપક્ષની માઠી મતિરૂપ વેલી માટે કુહાડી છે.

આશય એ છે કે પદાર્થ જે રીતે સંસ્થિત છે, તે રીતે યથાર્થ પદાર્થનો બોધ કરવો તે શુભમતિ છે અને તે શુભમતિ અનુસાર પદાર્થનો બોધ કરીને ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો આત્માને તત્ત્વનો યથાર્થ બોધ થાય છે. તેથી તે ભલી મતિ આત્માના કલ્યાણની પરંપરાનું કારણ હોવાથી ઉત્તમ યશને કરનારી છે.

વળી, જેઓ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં મોહ પામેલા છે અને સ્વસ્વદર્શન પ્રત્યેના રાગથી પદાર્થને જોનારા છે, તેઓને સ્વદર્શન અનુસાર દ્રવ્યનો અભેદ દેખાય છે. તેથી તેઓ તે દ્રવ્યાદ્વૈતપક્ષને ગ્રહણ કરીને સર્વ વ્યવસ્થાનું સ્થાપન કરે છે, જે દુર્મતિરૂપ છે; કેમ કે પ્રત્યક્ષ અને અનુભવથી દ્રવ્ય, ગુણ અને પર્યાયો જુદા દેખાતા હોવા છતાં તેઓ કહે છે કે દ્રવ્યથી અતિરિક્ત કોઈ ગુણ-પર્યાયો નથી. દ્રવ્યથી પૃથક્ એવાં જે ગુણ-પર્યાયો દેખાય છે, તે સ્વપ્નમાં દેખાયેલા પદાર્થ જેવા મિથ્યા છે, વાસ્તવિક નથી. આમ કહીને દ્રવ્યાદ્વૈતપક્ષનું દૃઢ સ્થાપન કરે છે, જે તેઓની દુર્મતિ છે અને આ માઠી મતિ પદાર્થના વાસ્તવિક સ્વરૂપનો અપલાપ કરનાર હોવાથી કલ્યાણનું કારણ નથી, માટે અસંબદ્ધ છે. વળી જેઓ માર્ગાનુસારી મતિથી પૂર્વમાં બતાવ્યું તેમ દ્રવ્ય, ગુણ અને પર્યાયના પરસ્પર ભેદને જાણીને તેનાથી ભાવિત થાય છે, તેઓમાં આ માઠી મતિ નાશ પામે છે. તેથી માઠીમતિરૂપ વેલી માટે શુભમતિ કુહાડી છે. **॥૨/૧૬॥**

ઢાળ-૧, ૨

પ્રસ્તુત ઢાળમાં આત્મકલ્યાણના પ્રયોજન અર્થે યોજનનું સ્વરૂપ :-

પ્રથમ ઢાળની ગાથા-૬માં કહેલ કે દ્રવ્યાદિકના ચિંતવનથી શુક્લધ્યાન પ્રગટે છે અને તેમાં આત્મદ્રવ્ય, આત્માના ગુણો અને આત્માના પર્યાયના ભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે. તેથી ઢાળ-૨માં દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં લક્ષણ બતાવીને દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર કઈ અપેક્ષાએ ભેદ છે તેની ચર્ચા કરી છે.

હવે તે દ્રવ્ય, ગુણ અને પર્યાયનાં લક્ષણ અને ભેદના ચિંતવનનું આત્મદ્રવ્ય સાથે યોજન કરવામાં આવે તો તેનાથી શુક્લધ્યાનને અનુકૂળ એવો ઊહ કઈ રીતે થઈ શકે તેનો બોધ થાય તે માટે અહીં બીજી ઢાળને અંતે કંઈક બોધ અર્થે આત્મદ્રવ્યના વિષયમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યોજન બતાવાય છે.

ગાથા-૧માં દ્રવ્યનું લક્ષણ બતાવ્યું છે અને ગાથા-૨માં ગુણ અને પર્યાયનું લક્ષણ બતાવીને તેના પરસ્પર ભેદની ચર્ચા કરી છે. તે રીતે આત્મદ્રવ્યના વિષયમાં વિચારણા આ રીતે થાય.

આત્મદ્રવ્યની વિચારણા બે રીતે થાય છે.

(૧) **શુદ્ધ આત્મદ્રવ્ય** :- સિદ્ધના આત્માઓ શુદ્ધ આત્મદ્રવ્ય છે. વળી, સંસારઅવસ્થામાં પણ નિશ્ચયનયની દૃષ્ટિથી દરેક જીવનો આત્મા સિદ્ધસદૃશ છે, તે દૃષ્ટિથી પણ શુદ્ધ આત્મદ્રવ્યની વિચારણા થાય.

(૨) **અશુદ્ધ આત્મદ્રવ્ય** :- વળી, સંસારવર્તી જીવો કેવલ આત્મા નથી, પરંતુ કર્મ, દેહ અને આત્મા આદિના મિશ્રણરૂપ આત્મા છે અને વ્યવહારનય સંસારી આત્માને શુદ્ધ આત્મા સ્વીકારતો નથી, પરંતુ અશુદ્ધ આત્મદ્રવ્ય જ સ્વીકારે છે.

તેથી શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણ અને શુદ્ધ આત્માના પર્યાયો – એ ત્રણેની વિચારણા લક્ષણથી અને ભેદથી કરવી આવશ્યક છે.

વળી, અશુદ્ધ આત્મદ્રવ્ય, અશુદ્ધ આત્માના ગુણ અને અશુદ્ધ આત્માના પર્યાયો – એ ત્રણેની વિચારણા લક્ષણથી અને ભેદથી કરવી આવશ્યક છે.

(૧) **શુદ્ધ આત્મા** :- સર્વ કર્મથી રહિત જ્ઞાનગુણમય, સર્વ ચેષ્ટાથી રહિત સ્થિર સ્વભાવવાળા, અરૂપી એવાં સિદ્ધના આત્માઓ શુદ્ધ આત્મા છે. તેમનું આત્મદ્રવ્ય અસંખ્યાત પ્રદેશમય છે. વળી, જેવું સિદ્ધના આત્માનું આત્મદ્રવ્ય છે, તેવું જ આત્મદ્રવ્ય નિશ્ચયનયથી સંસારવર્તી સર્વ જીવોનું પણ છે. અર્થાત્ ભવ્ય કે અભવ્ય સર્વ જીવોનો આત્મા નિશ્ચયનયની દૃષ્ટિથી શરીરથી પૃથક્ છે. તેથી સર્વ જીવોનો આત્મા સિદ્ધના જેવો જ અરૂપી છે અને સિદ્ધના જેવા જ ગુણ-પર્યાયવાળો છે. તેથી શુદ્ધ આત્માની વિચારણા કરવામાં આવે ત્યારે સંસારના સર્વ ભાવોથી પર, અસંખ્યાત પ્રદેશના સમુદાયરૂપ, અરૂપી એવાં શુદ્ધ આત્મદ્રવ્યને શબ્દના બળથી ઉપસ્થિત કરવામાં આવે છે અને તેમાં વર્તતા સહભાવી એવાં ગુણો અને ક્રમભાવી એવાં પર્યાયોની વિચારણા કરાય છે.

શુદ્ધ આત્મદ્રવ્યમાં સહભાવી ગુણો કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ આદિ ભાવો છે. જે સિદ્ધના આત્મામાં સદા છે અને નિશ્ચયનયથી સંસારી આત્મામાં પણ સદા છે, પરંતુ કર્મથી તિરોધાન થયેલા હોવાથી વ્યક્ત દેખાતા નથી.

વળી, સિદ્ધના આત્માને જ્ઞાનગુણનું વેદન પ્રતિક્ષણ પરિવર્તન થાય છે. સુખના ગુણનું વેદન પણ પ્રતિક્ષણ પરિવર્તન થાય છે. આથી જ વર્તમાન ક્ષણમાં જે પૂર્ણસુખ છે તેવું જ પૂર્ણસુખ બીજી આદિ ક્ષણોમાં છે, તોપણ પ્રથમ ક્ષણના વેદન કરતાં બીજી આદિ ક્ષણોનું વેદન અન્ય છે. તેથી તે વેદનની અપેક્ષાએ તેઓના પર્યાયો પ્રતિક્ષણ પરિવર્તન પામે છે.

આ રીતે અસંખ્યાત પ્રદેશમય શુદ્ધ આત્મદ્રવ્ય, તેમાં વર્તતા અરૂપી ગુણ, કેવળજ્ઞાનગુણ અને સુખગુણ આદિની ગુણરૂપે ઉપસ્થિતિ કરીને અને પ્રતિક્ષણ પરિવર્તન પામતા પર્યાયની ઉપસ્થિતિ કરીને ચિંતવન કરવામાં આવે તો શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણ અને શુદ્ધ આત્માના પર્યાયનું ચિંતવન થાય. વળી,

તે ત્રણેનાં લક્ષણો આદિ જુદાં છે. તેથી તે ત્રણેનો ભેદ છે એમ ચિંતવન કરવામાં આવે ત્યારે તેના ભેદની ઉપસ્થિતિ થાય.

(૨) **અશુદ્ધ આત્મા** :- સંસારવર્તી જીવો માત્ર આત્મદ્રવ્ય નથી, પરંતુ દેહ, કર્મ આદિથી મિશ્ર અર્થાત્ કથંચિત્ એકત્વભાવને પામેલો અશુદ્ધ આત્મા વર્તે છે અને તે અશુદ્ધ આત્મદ્રવ્યમાં અશુદ્ધ જ્ઞાનગુણ, કથંચિત્ મૂર્તત્વ ગુણ, વીર્યગુણ, કથંચિત્ રૂપી આદિ ગુણો વર્તે છે. વળી, સંસારી જીવો વારંવાર નવા નવા ભવોને પ્રાપ્ત કરે છે. પ્રતિક્ષણ મોહના જુદા જુદા પરિણામો કરે છે. તે સર્વે અશુદ્ધ આત્મદ્રવ્યના પર્યાયો છે.

આ રીતે અશુદ્ધ આત્મદ્રવ્ય, અશુદ્ધ આત્માના ગુણો અને અશુદ્ધ આત્માના પર્યાયો જીવને માટે વિડંબનાસ્વરૂપ છે, તેમ વિચારીને તે ભાવોથી પર થવા માટે શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણ, શુદ્ધ આત્માના પર્યાયનું ચિંતવન કરાય છે.

સામાન્યથી સંસારી જીવો આત્માના અશુદ્ધ ગુણો અને અશુદ્ધ પર્યાયોમાં સદા યત્ન કરતાં હોય છે, તેથી પોતાની જ્ઞાનશક્તિ અને પોતાની વીર્યશક્તિને તે ભાવોને જ દૃઢ કરવા પ્રવર્તાવે છે. તે ભાવોમાંથી બહાર નીકળવા માટે યોગીઓ શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણો અને શુદ્ધ આત્માના પર્યાયોને લક્ષ કરીને તેને પ્રગટ કરવા માટે પોતાની જ્ઞાનશક્તિ અને પોતાની વીર્યશક્તિને પ્રવર્તાવે છે અને જ્યારે શ્રુતના સમ્યક્ પર્યાલોચનના બળથી તે યોગીઓ શુદ્ધ આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયના પ્રકૃષ્ટ બોધવાળા થાય છે ત્યારે તે યોગીઓ દ્રવ્યગુણપર્યાયના ભેદના ચિંતવનના બળથી શુક્લધ્યાનના પ્રથમ પાદને પ્રાપ્ત કરે છે.

આ રીતે પ્રસ્તુત ઢાળની પ્રથમ બે ગાથામાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું જે સૂક્ષ્મ વર્ણન કર્યું છે, તે શુદ્ધ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયનો બોધ કરવા માટે ઉપકારક બને છે અને તેથી શુક્લધ્યાનની પ્રાપ્તિમાં કારણ બને છે.

વળી, ગાથા-૩માં મોતીની માળાના દૃષ્ટાંતથી બતાવ્યું એ પ્રમાણે આત્માના વિષયમાં વિચારીએ તો, શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણો અને શુદ્ધ આત્માના પર્યાયો અલગ હોવા છતાં એકપ્રદેશસંબંધથી વળગેલા છે. તેથી તે આત્માના ગુણ અને પર્યાયો સંસારી અવસ્થામાં કર્મથી તિરોધાન પામેલા હોવા છતાં આત્માથી ક્યારેય પૃથક્ થતા નથી.

વળી, અશુદ્ધ આત્માના વિષયમાં વિચારીએ તો, અશુદ્ધ આત્મદ્રવ્ય, તેના અશુદ્ધ એવાં ક્ષયોપશમ ભાવવાળા ગુણો કે અશુદ્ધ પર્યાયો પરસ્પર ભિન્ન હોવા છતાં તે અશુદ્ધ આત્માની સાથે એકપ્રદેશસંબંધથી વળગેલા છે. આમ છતાં તે અશુદ્ધ આત્મા જ્યારે શુદ્ધ બને છે ત્યારે તે અશુદ્ધ ગુણો અને અશુદ્ધ પર્યાયો આત્મામાં રહેતા નથી. જેમ, સંસારી અવસ્થામાં શરીર સાથે એકત્વને પામેલો આત્મા હોવાને કારણે શરીર અને આત્મા એકપ્રદેશસંબંધથી વળગેલા છે, તોપણ જીવ જન્માંતરમાં જાય છે ત્યારે વર્તમાનના દેહનો સંબંધ રહેતો નથી, પરંતુ વર્તમાનનો દેહ આત્માથી પૃથક્ થાય છે તેમ, અશુદ્ધ આત્મા શુદ્ધ થાય છે ત્યારે

અશુદ્ધ આત્માની સાથે એકપ્રદેશસંબંધથી વળગેલા અશુદ્ધ ગુણો અને અશુદ્ધ પર્યાયો આત્માથી પૃથક્ થાય છે.

વળી, ગાથા-૪માં ઊર્ધ્વતાસામાન્યનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે, કોઈ એક પદાર્થમાં પરિવર્તન પામતા પર્યાયોમાં અનુગત એવું જે દ્રવ્ય છે તે ઊર્ધ્વતાસામાન્ય છે. વળી, નૈગમનયથી આપેક્ષિક દ્રવ્યને ગ્રહણ કરીને ઊર્ધ્વતાસામાન્યનું સ્વરૂપ બતાવ્યું. આનું યોજન આત્માની વિચારણામાં આ રીતે ઉપયોગી થાય :-

આત્મદ્રવ્યને આશ્રયીને વિચારીએ તો, આત્માના શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય એમ બે પર્યાયોની પ્રાપ્તિ થાય. વળી, અશુદ્ધ આત્મા પણ આત્મદ્રવ્યનો પર્યાય હોવા છતાં અપેક્ષાએ આત્માને દ્રવ્યરૂપે આદેશ કરીને તેના પર્યાયની વિચારણા કરીએ ત્યારે તે અશુદ્ધ આત્મદ્રવ્ય, તેના ગુણો અને તેના પર્યાયોની પ્રાપ્તિ આ રીતે થાય –

અશુદ્ધ જીવદ્રવ્યને સામે રાખીને વિચારીએ તો, અશુદ્ધ જીવદ્રવ્ય જેમ નરનારકાદિ ભવોને પામે છે તેમ અનાદિકાળથી મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને વશ થઈને સંસારી ભાવો કરે છે અને તે ભાવો ચરમ પુદ્ગલપરાવર્તથી દૂરના પુદ્ગલપરાવર્તોમાં ભવ્ય જીવો ગાઢ મિથ્યાત્વ હોવાને કારણે અતિશયિત કરે છે અને તે સર્વ ભાવોમાં અનુગત એવું પોતાનું આત્મદ્રવ્ય છે. વળી, તે અશુદ્ધ ભાવો ચરમ પુદ્ગલપરાવર્તોમાં મિથ્યાત્વની મંદતાને કારણે પૂર્વના પુદ્ગલપરાવર્તો કરતાં કંઈક મંદ કક્ષાના છે અને જીવ જેમ જેમ તત્ત્વને સન્મુખ બને છે તેમ તેમ મિથ્યાત્વને મંદમંદતર કરીને સમ્યક્ત્વને પામે છે, સમ્યક્ત્વની પ્રાપ્તિના બળથી આત્માનું પારમાર્થિક સ્વરૂપ તેને સારરૂપ દેખાય છે તેથી તેની પ્રાપ્તિના અર્થે ક્રમસર અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનો નાશ કરે છે ત્યારે અયોગી કેવલી અવસ્થાને પ્રાપ્ત કરે છે તે સર્વ ભાવોમાં અનુગત પોતાનું આત્મદ્રવ્ય ઊર્ધ્વતાસામાન્યરૂપ છે.

શુદ્ધ-અશુદ્ધ આત્મદ્રવ્યના વિભાગ વગર માત્ર આત્મદ્રવ્યની વિચારણા કરવામાં આવે ત્યારે નરનારકાદિ પર્યાયોમાં અને સિદ્ધના પર્યાયોમાં અનુગત એવો પોતાનો આત્મા છે તેવી ઉપસ્થિતિ ઊર્ધ્વતાસામાન્યથી થાય છે. વળી, નરનારકાદિક પર્યાયો આત્માની વિડંબના સ્વરૂપ છે અને સર્વકર્મરહિત એવાં શુદ્ધ આત્માના પર્યાયો આત્માની રમ્ય અવસ્થા છે તેવી ઉપસ્થિતિ થાય. વળી, સંસારી અવસ્થામાં અને મુક્ત અવસ્થામાં પોતાનો આત્મા અનુગત છે તેવો બોધ થવાથી પોતાની વિડંબનાવાળી સંસારી અવસ્થાને દૂર કરી વિડંબના રહિત એવી મુક્ત અવસ્થાની પ્રાપ્તિનો અર્થી આત્મા બને છે અને જિજ્ઞાસા થાય કે, જીવના નર-નારકાદિ પર્યાયોની પ્રાપ્તિનું કારણ એવાં જીવના કયા પરિણામો છે ? વળી, નરનારકાદિ પર્યાયોની પ્રાપ્તિના કારણીભૂત એવાં મિથ્યાત્વાદિ પાંચ ભાવોનો શાસ્ત્રથી બોધ કરીને તેને કાઢવાના ઉચિત ઉપાયોની તેને જિજ્ઞાસા થાય. તેથી મિથ્યાત્વાદિ પાંચ ભાવોથી રહિત થવા માટે યોગની કઈ ભૂમિકાના પર્યાયોમાં યત્ન કરવાથી તે ભાવો નાશ પામે ? તેનો ઊહ પ્રગટે છે અને તેવા પ્રકારના ઊહના બળથી તે મહાત્મા મિથ્યાત્વાદિ અશુદ્ધ પર્યાયોનો ક્રમસર નાશ થાય અને શુદ્ધ પર્યાયો ક્રમસર પ્રગટ થાય તેવા પ્રકારના માનસઉપયોગપૂર્વક સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. જેના બળથી આત્માના અશુદ્ધ પર્યાયકાળમાં

પણ વર્તતા શુદ્ધિને અભિમુખ એવાં પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું ચિંતવન તે મહાત્મા કરે છે અને ચિંતવનકાળમાં યોગીનું લક્ષ્ય શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ આત્માના ગુણો અને શુદ્ધ આત્માના પર્યાયો હોય છે. તેથી તે શુદ્ધ આત્મદ્રવ્ય, ગુણ, પર્યાયોને લક્ષ્યરૂપે ચિંતવન કરે છે અને શુદ્ધ આત્મદ્રવ્યને અભિમુખ છતાં કંઈક અશુદ્ધ આત્મદ્રવ્યની અવસ્થાનું પણ ભાવન કરે છે. જે યોગમાર્ગમાં યત્ન કરતાં યોગીની કંઈક કંઈક શુદ્ધિને પ્રાપ્ત કરતી અવસ્થાઓ છે જેના ચિંતવનથી પોતાનામાં પણ યોગમાર્ગની તે તે ભૂમિકા પ્રગટ થાય છે. જે ક્ષપક-શ્રેણીને અનુકૂળ દ્રવ્ય, ગુણ, પર્યાયના ચિંતવનસ્વરૂપ છે.

વળી, શુદ્ધ પર્યાયને અભિમુખ એવાં આત્માના અશુદ્ધ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ચિંતવન પણ ક્ષપકશ્રેણીનું કારણ બને છે. આથી વીરપ્રભુ છદ્મસ્થઅવસ્થામાં હતા ત્યારે વીર પરમાત્મામાં વર્તતા શુદ્ધ ભાવોને અભિમુખ એવાં અશુદ્ધ દ્રવ્યગુણપર્યાયોના ભાવોથી ઉપરંજિત થઈને જીરણ શેઠ ભગવાન પ્રત્યેની ભક્તિવાળા થયેલ અને તે ભક્તિ પરમાત્માની નિર્લેપ પરિણતિવાળી અશુદ્ધ એવી સંસારી અવસ્થા પ્રત્યે હતી. તેથી તે ભાવોના બળથી જીરણ શેઠ ક્ષપકશ્રેણીને અભિમુખ થયા. માટે સંસારવર્તી અશુદ્ધ અવસ્થાના કોઈક ભાવોને અવલંબીને પણ જીવ ક્ષપકશ્રેણીને અભિમુખ જઈ શકે છે.

વળી, કોઈ સાધક સમવસરણમાં રહેલા પરમાત્માના સ્વરૂપનું ભાવન કરે છે તે પણ પ્રાતિહાર્ય આદિથી યુક્ત પરમાત્માની કેવળજ્ઞાનઅવસ્થા જીવનો અશુદ્ધ જ પર્યાય છે અને પરમાત્માનો યોગનિરોધકાળનો પર્યાય પણ અશુદ્ધ જ છે. છતાં આ સર્વના ભાવનથી યોગ્ય જીવોને **પ્રાતિભજ્ઞાન** થાય છે. તેથી શુદ્ધઆત્માને અભિમુખ એવી અશુદ્ધ આત્મદ્રવ્ય, ગુણ, પર્યાયવાળી અવસ્થાનું ચિંતવન ક્ષપકશ્રેણીનું કારણ છે.

વળી, કોઈ સાધક સર્વકર્મરહિત કેવળજ્ઞાન, કેવળદર્શનમય, અરૂપી એવાં સિદ્ધ આત્માના સ્વરૂપનું ભાવન કરે તેનાથી પણ ક્ષપકશ્રેણીનો પરિણામ પ્રગટે છે. વળી, સંસારી જીવોની કર્મવાળી અવસ્થામાં સંસારીજીવો કઈ રીતે ચાર ગતિની વિડંબના પામે છે, તેના સ્વરૂપના ચિંતવનથી પણ ચિત્ત નિર્લેપભાવને અભિમુખ બને તો ક્ષપકશ્રેણીનો પરિણામ પ્રગટે છે અને ક્ષપકશ્રેણીના પરિણામમાં શુદ્ધ આત્મદ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાયનું પારમાર્થિક ચિંતવન વર્તે છે. તેથી ક્ષપકશ્રેણીના પ્રાદુર્ભાવમાં શુદ્ધ આત્મદ્રવ્યનું ચિંતવન પણ ઉપકારક છે.

વળી, પ્રસ્તુત ગાથાના ટબામાં બતાવ્યું કે જેમ, મૃદ્દ્રવ્ય અધિક પર્યાયને સ્પર્શનારું છે, પરંતુ ઘટદ્રવ્ય થોડા પર્યાયને સ્પર્શનારું છે તેમ, આત્મદ્રવ્ય અધિક પર્યાયને સ્પર્શનારું છે, પરંતુ અશુદ્ધ આત્મદ્રવ્ય અને શુદ્ધ આત્મદ્રવ્ય થોડા પર્યાયને સ્પર્શનારું છે. આ કથન નૈગમનયના મતાનુસાર પ્રાપ્ત થાય છે.

વળી, શુદ્ધ આત્માને જોનાર સંગ્રહનયના મતથી વિચારીએ તો સર્વ આત્માઓમાં ઊર્ધ્વતાસામાન્યનો અને તિર્યક્સામાન્યનો સ્વીકાર થાય છે. તેથી "જગતમાં એક જ આત્મદ્રવ્ય છે, અનેક આત્મા નથી" એ પ્રકારનું તત્ત્વ પ્રાપ્ત થાય અને આ કથન ક્ષપકશ્રેણીની પ્રાપ્તિમાં ઉપયોગી બને.

વળી, ગાથા-૫માં તિર્યક્સામાન્યનું સ્વરૂપ બતાવ્યું તે પ્રમાણે સર્વ દ્રવ્યોમાં સત્રૂપે સદૃશતા છે. તેથી સર્વ દ્રવ્યોમાં એકપણાની પ્રતીતિ થાય છે તે તિર્યક્-સામાન્ય છે અને આત્માના દ્રવ્યગુણપર્યાયના ચિંતવનમાં

શુદ્ધ આત્માને જોનાર સંગ્રહનયના મતે પ્રાપ્ત થયેલ સદદ્વૈતવાદ તેમ જ ગાથા-૫માં બતાવેલ તિર્યક્‌સામાન્યનો ઉપયોગ આ રીતે થાય છે :-

જગતમાં જે આત્માઓ છે તે સર્વ આત્માઓ પોતાના સદૃશ છે અને અનાદિ કાળથી જીવનો પોતાના સદૃશ એવાં પણ આત્મામાં સ્વપરની અત્યંત ભેદબુદ્ધિ વર્તે છે. તેથી પોતાના હિત અર્થે અન્ય જીવોને પીડા થાય તેવા આરંભસમારંભ પણ કરે છે. વળી, જ્યાં કુટુંબપણાની બુદ્ધિ છે ત્યાં પણ પોતાના સ્વાર્થમાંથી ઊઠેલી બુદ્ધિ છે, પરંતુ પરમાર્થથી સર્વ આત્માઓ સિદ્ધસદૃશ છે તેવી ઉપસ્થિતિથી કુટુંબ સાથે એકત્વની બુદ્ધિ નથી. વળી, તિર્યક્‌સામાન્યને જોનારી બુદ્ધિથી વિચારવામાં આવે ત્યારે સંસારી જીવો અને સિદ્ધના જીવોરૂપ સર્વ જીવોમાં આત્માનું સ્વરૂપ સદૃશ છે. તેથી સર્વ આત્મામાં એકત્વની બુદ્ધિ થાય તો સર્વ જીવો પ્રત્યે સમભાવનો પરિણામ સ્થિર થાય. તેથી સર્વ આત્માઓને પોતાના સદૃશરૂપે ચિંતવન કરવાથી પણ ક્ષપકશ્રેણીનો પરિણામ પ્રગટે છે.

વળી, જડ-ચેતન દ્રવ્યનો પણ ભેદ ન કરવામાં આવે અને સત્‌રૂપે જોવામાં આવે ત્યારે શુદ્ધ સંગ્રહનયની દૃષ્ટિથી જગતના સર્વ પદાર્થો સદ્‌રૂપે પ્રતિભાસ થાય છે તેથી તે પદાર્થોમાં વર્તતા કોઈ પર્યાયોને આશ્રયીને તેનો ભેદ ઉપસ્થિત થતો નથી પરંતુ 'સત્ સત્' એ પ્રકારનો દ્રવ્યનો જ ઉપયોગ વર્તતો હોય અને તે ઉપયોગ અતિસ્થિર થાય તો પર્યાયને જોઈને જીવને જ રાગદ્વેષ થાય છે તે રાગ કે દ્વેષ થઈ શકે નહીં. વસ્તુતઃ દ્રવ્યને જોયા પછી તે તે પર્યાયો ઉપર ઉપયોગ જાય છે, ત્યારે રાગદ્વેષ થાય છે; કેમ કે દેખાતો પર્યાય અનુકૂળ જણાય તો રાગ થાય અને પ્રતિકૂળ જણાય તો દ્વેષ થાય. આથી ઊર્ધ્વતાસામાન્યને અને તિર્યક્‌સામાન્યને ગ્રહણ કરીને દ્રવ્યમાં વર્તતો ઉપયોગ પ્રકર્ષવાળો થાય તો ક્ષપકશ્રેણીનો પરિણામ પ્રાપ્ત થાય છે. આથી જ જેઓ દ્રવ્યમાં નિરત છે, તેઓ સ્વસમયમાં રહેલા છે અને જેઓ પર્યાયમાં નિરત છે, તેઓ પરસમયમાં રહેલા છે એમ કુંદકુંદાચાર્યએ 'સમયસાર'માં કહેલ છે.

વળી, ગાથા-૬થી ૯ માં ઊર્ધ્વતાસામાન્યની શક્તિના બે ભેદો બતાવ્યા. (૧) ઓઘશક્તિ અને (૨) સમુચિત શક્તિ. આત્માના દ્રવ્યગુણપર્યાયના ચિંતવનમાં તેનો ઉપયોગ આ રીતે થાય –

સંસારી આત્માઓમાં પરમાત્મભાવની શક્તિ છે અને તે પરમાત્મભાવની શક્તિ ચરમાવર્તને નહીં પામેલા જીવોમાં ઓઘરૂપે છે, જ્યારે ચરમાવર્તને પામેલા જીવોમાં તે શક્તિ સમુચિતરૂપે છે. આ પ્રકારનો બોધ થવાથી મોક્ષના અર્થી જીવને નિર્ણય થાય કે, "હું મોક્ષનો અર્થી છું. માટે નક્કી મારા આત્મામાં રહેલી પરમાત્મભાવની શક્તિ સમુચિત શક્તિ છે. તેથી મારા આત્મામાં રહેલા પરમાત્મભાવના સ્વરૂપને સમ્યક્ જાણીને તેની સાથે તન્મયભાવ થાય તેવી ઉચિતક્રિયામાં જો હું યત્ન કરીશ તો મારા આત્મામાં રહેલ પરમાત્મભાવની શક્તિ અભિવ્યક્તિરૂપે પ્રગટ થશે" અને તેવો બોધ થવાથી મોક્ષનો અર્થી જીવ ઉત્સાહિત થઈને પોતાના પરમાત્મભાવને પ્રગટ કરવાને અનુકૂળ ઉચિત ચિંતવનમાં યત્ન કરે તો તે ચિંતવનથી ઉલ્લસિત થયેલ વીર્ય ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા અવશ્ય ક્ષપકશ્રેણીનું કારણ બને છે.

વળી, ગાથા-૧૦ થી ૧૬માં દ્રવ્યથી ગુણનો અને પર્યાયનો ભેદ છે તેમ બતાવ્યું અને કહ્યું કે, દરેક દ્રવ્યમાં વર્તતા ગુણપર્યાયનો અનેક પ્રકારનો ભેદ છે તે આ રીતે :-

દ્રવ્યમાં જે ભાવો સહભાવી છે તે ગુણ છે અને જે ભાવો ક્રમભાવી છે તે પર્યાય છે. વળી, દ્રવ્ય આધાર છે અને ગુણપર્યાય આધેય છે. વળી, એક-અનેક ઇન્દ્રિય વડે ગ્રાહ્યપણાથી પણ દ્રવ્યથી ગુણપર્યાયનો ભેદ છે. વળી, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અન્યોન્યથી પણ ભેદ છે તે આ રીતે :-

સંજ્ઞાથી ત્રણેનો ભેદ છે અર્થાત્ ત્રણેનાં નામ અલગ અલગ છે. વળી, ત્રણેની સંખ્યા અલગ અલગ છે અર્થાત્ દ્રવ્ય ૬ છે, જ્યારે ગુણ અનેક અને પર્યાયો ગુણો કરતાં પણ અધિક છે. વળી, ત્રણેનાં લક્ષણ અલગ અલગ છે અર્થાત્ દ્રવ્યનું લક્ષણ દ્રવન=અનેક પર્યાયગમન છે; ગુણનું લક્ષણ ગુણન=એકથી અન્યને ભિન્નકરણ છે; અને પર્યાયનું લક્ષણ પરિગમન=સર્વતઃ વ્યાપ્તિ છે.

આમ, દ્રવ્યગુણપર્યાયના પરસ્પરના ભેદનો બોધ થવાથી આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયના ચિંતવનમાં તેનો ઉપયોગ આ રીતે થાય :-

"પોતાના આત્મદ્રવ્યમાં સહભાવી ગુણ કયા છે ? ક્રમભાવી પર્યાયો કયા છે ? વળી, પોતાના આત્મદ્રવ્યથી તેના ગુણનો અને પર્યાયનો જે કથંચિત્ ભેદ છે તે કઈ અપેક્ષાએ છે ? વળી, પર્યાયથી ગુણ પૃથક્ નહીં હોવા છતાં કલ્પનાથી પર્યાયોથી ગુણને પૃથક્ કેમ કહ્યો ?" તેનો માર્ગાનુસારી બોધ થાય તો "પોતાનો આત્મા સંસારી અવસ્થામાં છે ત્યારે, પોતાના અશુદ્ધ ગુણો કયા છે ? અને અશુદ્ધ પર્યાયો કયા છે ? વળી, આત્માથી તે ગુણપર્યાયનો ભેદ કઈ અપેક્ષાએ છે ? વળી, પોતાના શુદ્ધ આત્માના શુદ્ધ ગુણો કયા છે? અને શુદ્ધ પર્યાયો કયા છે ?" તેનો પરમાર્થિક બોધ થવાથી સાધક પોતાના શુદ્ધ આત્માના ગુણ-પર્યાયનો ભેદ ઉપસ્થિત કરીને તેને પ્રગટ કરવા અર્થે આત્માના દ્રવ્યગુણપર્યાયનું ચિંતવન કરવામાં યત્નશીલ બને છે અને તેનાથી ક્ષપકશ્રેણીને અભિમુખ એવો માર્ગાનુસારી ઊહ પ્રગટ થાય છે.

*

ઢાળ-૩

પૂર્વની ઢાળ સાથેનો સંબંધ :-

એ ઢાલઈં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ દેખાડ્યો. હિવઈં ત્રીજીઈં ઢાલઈં એકાંતિ જે ભેદ માનઈ છઈ, તેહનઈં અભેદપક્ષ અનુસરીનઈં દૂષણ દિઈ છઈ –

અવતરણિકાર્થ :-

એ ઢાળમાં=બીજી ઢાળમાં, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ દેખાડ્યો. હવે ત્રીજી ઢાળમાં એકાંતે જે ભેદ માને છે=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર એકાંતે જેઓ ભેદ માને છે, તેઓને અભેદ પક્ષને અનુસરીને=દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદ પક્ષને અનુસરીને, દૂષણ આપે છે –

ગાથા :-

એકાંતિં જો ભાષિઇ જી, દ્રવ્યાદિકનો રે ભેદ;
તો પરદ્રવ્યપરિં હુઇ જી, ગુણ-ગુણિભાવ ઉચ્છેદ રે. ॥૩/૧॥
ભવિકા ધારો ગુરુઉપદેશ.

ગાથાર્થ :-

એકાંતે દ્રવ્યાદિકનો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો, જો ભેદ ભાખીએ, તો પરદ્રવ્યની જેમ=ઘટ કરતાં પટ જેમ પરદ્રવ્ય છે તેની જેમ, ગુણ-ગુણીભાવ ઉચ્છેદ હુઈજી=થાય છે. ભવિકા=તત્ત્વને જાણવા માટે સન્મુખ થયેલા જીવો, ગુરુઉપદેશને ધારો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો કથંચિત્ અભેદ છે તેને બતાવનારા ગુરુઉપદેશને મનમાં ધારણ કરો. ॥૩/૧॥

ટબો :-

દ્રવ્યાદિકનો=દ્રવ્ય-ગુણ-પર્યાયનો, જો એકાંતઈં ભેદ ભાષિઈં તો પરદ્રવ્યનઈં પરિં સ્વદ્રવ્યનઈં વિષે પણિ ગુણ-ગુણિભાવનો ઉચ્છેદ થઈ જાઈ. જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્યના ગુણ રૂપાદિક, ગુણી પુદ્ગલદ્રવ્ય, એ વ્યવસ્થા છઈ-શાસ્ત્રપ્રસિદ્ધ. ભેદ માનતાં તે લોપાઈં. જીવદ્રવ્યનઈં પુદ્ગલગુણસ્યું જિમ ભેદ છઈ, તિમ નિજ ગુણસ્યું પણિ ભેદ છઈં, તો 'એહનો એહ ગુણી, એહના એહ ગુણ' એ વ્યવહારનો વિલોપ થઈ આવઈ; તે માટઈં દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ જ સંભવઈ. એહવો અભેદ નયનો ગુરુનો ઉપદેશ ભણીનઈં ભવ્ય પ્રાણી ધારો. ॥૩/૧॥.

ટબાર્થ :-

દ્રવ્યાદિકનો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો, જો એકાંતથી=સર્વથા, ભેદ કહીએ તો પરદ્રવ્યની જેમ=પરદ્રવ્યની સાથે સ્વદ્રવ્યનો ભેદ છે તેમ, સ્વદ્રવ્યને વિશે પણ=સ્વદ્રવ્યમાં વર્તતા ગુણોની સાથે પણ, ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ થાય. હવે તે કથન સ્પષ્ટ કરે છે.

"જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેનો ગુણી જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્યના ગુણ રૂપાદિ, તેનો ગુણી પુદ્ગલદ્રવ્ય" એ વ્યવસ્થા શાસ્ત્રપ્રસિદ્ધ છે. ભેદ માનતા=દ્રવ્યમાં વર્તતા ગુણ, પર્યાયનો દ્રવ્યની સાથે સર્વથા ભેદ માનતા, તે લોપાય=જીવદ્રવ્યના જ્ઞાનાદિક ગુણો છે અને પુદ્ગલદ્રવ્યના રૂપાદિક ગુણો છે તે વ્યવસ્થા લોપાય.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યમાં વર્તતા ગુણ, પર્યાયનો એકાંત ભેદ માનવાથી શાસ્ત્રપ્રસિદ્ધ વ્યવસ્થાનો લોપ કેમ થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જીવદ્રવ્યનો પુદ્ગલદ્રવ્યની સાથે જેમ ભેદ છે તેમ નિજ ગુણની સાથે પણ=જીવદ્રવ્યનો પોતાના ગુણની સાથે પણ, ભેદ છે એમ માનવામાં આવે તો, "આનો આ ગુણી"= "જ્ઞાનાદિક ગુણનો આ જીવદ્રવ્ય ગુણી" અને "આના આ ગુણ"="જીવદ્રવ્યના આ જ્ઞાનાદિક ગુણ" એ પ્રકારના વ્યવહારનો વિલોપ પ્રાપ્ત થાય. તે માટે=શાસ્ત્રકથિત લોકવ્યવહારનો લોપ કરવો ઉચિત નથી તે માટે, દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ જ સંભવે છે. આવો અભેદનયનો ગુરુનો ઉપદેશ ભણીને=ગુરુ પાસેથી જાણીને, ભવ્ય પ્રાણી ધારો=મનમાં ધારણ કરો. ॥૩/૧॥

ભાવાર્થ:-

સ્યાદ્વાદી સર્વત્ર ભેદાભેદ સ્વીકારે છે, તેથી એકાંતે ભેદ સ્વીકારવો તે પણ દુર્નય છે અને એકાંતે અભેદ સ્વીકારવો તે પણ દુર્નય છે. પૂર્વની ઢાળમાં એક દ્રવ્યમાં વર્તતા ગુણો અને પર્યાયોની સાથે દ્રવ્યનો કઈ રીતે ભેદ છે તે અનુભવ, યુક્તિ અને શાસ્ત્રવચનથી સ્થાપન કર્યું અને તે પ્રમાણે બોધ થવાથી કોઈને ભ્રમ થાય કે, કોઈ એક દ્રવ્યમાં વર્તતા ગુણ અને પર્યાયની સાથે તે દ્રવ્યનો સર્વથા ભેદ છે. તે ભ્રમના નિવારણ માટે હવે કોઈ એક દ્રવ્યમાં વર્તતા ગુણ અને પર્યાયની સાથે તે દ્રવ્યનો કથંચિત્ અભેદ કઈ રીતે છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

કોઈ એક દ્રવ્યમાં વર્તતા ગુણ અને પર્યાયની સાથે તે દ્રવ્યનો એકાંત ભેદ સ્વીકારીએ તો તે કોઈ એક દ્રવ્યનો પરદ્રવ્યની સાથે સર્વથા ભેદ દેખાય છે, તેમ કોઈ એક સ્વદ્રવ્યમાં વર્તતા ગુણો સાથે પણ તેનો ભેદ પ્રાપ્ત થાય. અને કોઈ એક દ્રવ્યમાં વર્તતા ગુણ-પર્યાયની સાથે તે દ્રવ્યનો સર્વથા ભેદ છે તેમ સ્વીકારીએ તો તે દ્રવ્ય અને દ્રવ્યમાં વર્તતા ગુણોની સાથે ગુણ-ગુણીનો ભાવ છે. અર્થાત્ "આ દ્રવ્યનો આ ગુણ છે" અને "આ દ્રવ્ય આ ગુણનો ગુણી છે." એ પ્રકારના સંબંધનો ઉચ્છેદ થાય; કેમ કે જેમ એક દ્રવ્યનો અન્ય દ્રવ્ય સાથે સંબંધ નથી, તેમ પોતાનામાં વર્તતા ગુણો સાથે પણ એકાંત ભેદ હોવાને કારણે તે ગુણો સાથે સંબંધ નથી તેમ માનવું પડે.

અહીં પ્રશ્ન થાય કે, દ્રવ્યમાં વર્તતા ગુણો સાથે દ્રવ્યનો ગુણ-ગુણી ભાવરૂપે સંબંધ નથી તેમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –

જીવદ્રવ્યના જ્ઞાનાદિ ગુણો છે અને તે જ્ઞાનાદિ ગુણોનો ગુણી જીવદ્રવ્ય છે. પુદ્ગલદ્રવ્યના રૂપાદિ ગુણો છે અને તે રૂપાદિ ગુણોનો ગુણી પુદ્ગલદ્રવ્ય છે એ પ્રકારે શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવી ગુણ-ગુણીભાવના સંબંધની વ્યવસ્થા છે. તે વ્યવસ્થા દ્રવ્ય અને ગુણ વચ્ચે એકાંત ભેદ માનતાં, લોપાય છે. તે શાસ્ત્રવ્યવસ્થા કેમ લોપાય છે ? તેથી કહે છે –

જીવદ્રવ્યને પુદ્ગલના ગુણ સાથે જેમ ભેદ છે, તેમ પોતાના ગુણ સાથે પણ ભેદ છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે અને તેમ સ્વીકારીએ તો "આનો આ ગુણી"= "જ્ઞાનાદિક ગુણોનો આ જીવદ્રવ્ય ગુણી" અને "આના આ ગુણો"="જીવદ્રવ્યના આ જ્ઞાનાદિ ગુણો" એ પ્રકારના સંબંધના વ્યવહારનો વિલોપ પ્રાપ્ત થાય, જે વિલોપ શાસ્ત્રવિરુદ્ધ છે અને અનુભવથી પણ વિરુદ્ધ છે; કેમ કે સ્વગુણો સાથે પોતાનો સંબંધ દરેક જીવોને સ્વસંવેદનથી સિદ્ધ છે અને પરના ગુણો સાથે પોતાનો સંબંધ નથી એ પણ દરેક જીવોને સ્વસંવેદનથી સિદ્ધ છે. તેથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ જ સંભવે.

એ પ્રકારનો અભેદનયનો ગુરુનો ઉપદેશ જાણીને, હે ભવ્ય પ્રાણીઓ ! તેને મનમાં ધારણ કરો. જેથી એ સ્થિર થાય કે, અભેદનયની દૃષ્ટિથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ જ છે, ભેદ નથી અને પૂર્વ ઢાળમાં કહ્યું એ રીતે ભેદનયની દૃષ્ટિથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ જ છે, અભેદ નથી. આ રીતે સ્વસ્થાને નયદૃષ્ટિ સ્થિર થવાથી જિનવચનાનુસાર સમ્યક્‌વાદની સિદ્ધિ થાય છે. **॥૩/૧॥**

અવતરણિકા :-

વલી અભેદ ઉપરિ યુક્તિ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

વળી, અભેદ ઉપર યુક્તિ કહે છે –

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો એકાંત ભેદ માનવામાં શું દોષ આવે છે તે બતાવીને દ્રવ્ય, ગુણ અને પર્યાયનો કઈ રીતે અભેદ છે તેનું સ્થાપન કર્યું. હવે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ સ્વીકારવા માટે યુક્તિ બતાવે છે.

ગાથા :-

દ્રવ્યઇં ગુણ પર્યાયનો જી, છઇ અભેદ સંબંધ;
ભિન્ન તેહ જો કલ્પિઇં જી, તો અનવસ્થા બંધ રે. ભવિકા૦ ॥૩/૨॥

ગાથાર્થ :-

દ્રવ્યમાં ગુણપર્યાયનો અભેદ સંબંધ છે. જો તેને=ગુણ-પર્યાયને ભિન્ન કલ્પીએ તો અનવસ્થાનો બંધ થાય=અનવસ્થા દોષનું બંધન થાય=તે પ્રકારની કલ્પના કરવામાં અનવસ્થા દોષ બંધનરૂપ થાય. ॥૩/૨॥

ટબો :-

દ્રવ્યઈં ક૦ દ્રવ્યનઈં વિષઈ, ગુણ-પર્યાયનો અભેદ સંબંધ છઈ. જો દ્રવ્યનઈ વિષઈં ગુણ-પર્યાયનો સમવાય નામઈં ભિન્ન સંબંધ કલ્પિઈં, તો અનવથાદોષનું બંધન થાઈં. જે માટઈં ગુણ-ગુણીથી અલગો સમવાય સંબંધ કહિઈં, તો તે સમવાયનઈં પણિ અનેરો સંબંધ જોઈઈ. તેહનઈં પણિ અનેરો, ઈમ કરતાં કિહાંઈં ઠઈરાવ ન થાઈ. અનઈં જો સમવાયનો સ્વરૂપસંબંધ જ અભિન્ન માનો તો ગુણ-ગુણીનઈં સ્વરૂપસંબંધ માનતાં સ્યૂં વિઘટઈ છઈ ? જે ફોક નવો સંબંધ માનો છો. ॥૩/૨॥

ટબાર્થ :-

દ્રવ્યઈં કહેતાં દ્રવ્યના વિષયમાં, ગુણપર્યાયનો અભેદ સંબંધ છે. જો દ્રવ્યના વિષયમાં ગુણપર્યાયનો સમવાય નામનો ભિન્ન સંબંધ કલ્પીએ, તો તે કલ્પના કરવામાં અનવસ્થા દોષ બંધનરૂપ થાય.

ગુણ-ગુણીનો ભિન્ન એવો સમવાય સંબંધ કેમ ન સ્વીકારી શકાય ? એથી કહે છે –

જે માટે ગુણ-ગુણીથી જુદો સમવાય સંબંધ કહીએ તો તે સમવાયને પણ ગુણ સાથે સંબંધ થવા માટે અને ગુણી સાથે સંબંધ થવા માટે બીજો સંબંધ જોઈએ અને જો તે બીજો સંબંધ કલ્પીએ તો તે બીજા સંબંધને પણ અનેરો સંબંધ જોઈએ=ત્રીજો સંબંધ જોઈએ. એમ કરતાં ક્યાંય અંત થાય નહીં. તેથી અનવસ્થા દોષની પ્રાપ્તિ છે.

વળી, જો નૈયાયિક કહે છે તેમ સમવાયનો સ્વરૂપ સંબંધ જ અભિન્ન માનો=સમવાય સંબંધનો ગુણની સાથે અને સમવાયનો ગુણીની સાથે સ્વરૂપ સંબંધ જ અભિન્ન છે તેમ માનો, તો ગુણ-ગુણીનો સ્વરૂપ સંબંધ માનતાં શું વિઘટન થાય છે ? અર્થાત્ કાંઈ અસંગત થતું નથી, જે ફોકટ સમવાયરૂપ નવો સંબંધ માનો છો ? ॥૩/૨॥

ભાવાર્થ :-

વસ્તુતઃ દ્રવ્યને વિષે ગુણપર્યાયનો અભેદ સંબંધ છે, તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યની સાથે કથંચિત્ એકત્વને પામેલા ગુણપર્યાયો છે. આ કથનની પુષ્ટિ કરવા માટે કહે છે – નૈયાયિકો દ્રવ્યમાં ગુણપર્યાયનો સમવાય નામનો ભિન્ન સંબંધ કલ્પે છે તે સ્વીકારવામાં અનવસ્થાદોષ બંધનરૂપ થાય છે.

આશય એ છે કે દ્રવ્ય-ગુણ-પર્યાય આ ત્રણ વસ્તુ ભિન્ન છે અને સમવાય નામનો સંબંધ ચોથી વસ્તુ છે જે દ્રવ્ય અને ગુણને તેમ જ દ્રવ્ય અને પર્યાયને સંબંધિત કરે છે, તેમ સ્વીકારીએ તો, એ પ્રાપ્ત થાય કે,

જેમ ઘટ અને પટ જુદા છે તેમ દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ વસ્તુ પૃથક્ છે અને સમવાય નામનો સંબંધ દ્રવ્ય અને ગુણ સાથે જોડાયેલો છે. તેથી દ્રવ્ય અને ગુણ પરસ્પર સંબંધિત રૂપે ભાસે છે.

વળી, દ્રવ્ય અને પર્યાય એ બે પણ પૃથક્ છે અને તે બે વચ્ચે સમવાય નામનો સંબંધ છે. તેથી દ્રવ્ય અને પર્યાય પરસ્પર સંબંધિત ભાસે છે. આ પ્રકારે નૈયાયિક મતાનુસાર કલ્પના કરીએ તો અનવસ્થા દોષની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

દ્રવ્ય અને ગુણ જુદા છે અને બેથી અતિરિક્ત સમવાય નામનો સંબંધ જુદો છે અને તે સમવાય સંબંધ દ્રવ્ય અને ગુણને સંબંધિત કરે છે તેમ માનીએ તો દ્રવ્યનો ગુણની સાથે સંબંધ કરનાર એવાં સમવાયનો દ્રવ્યની સાથે પણ સંબંધ છે અને ગુણની સાથે પણ સંબંધ છે અને તે બંને સાથે સંબંધિત થઈને સમવાય સંબંધ દ્રવ્ય અને ગુણને સંબંધિત કરે છે તેમ પ્રાપ્ત થાય.

હવે દ્રવ્યની સાથે સંબંધવાળા સમવાય અને ગુણની સાથે સંબંધવાળા સમવાય-તે બંનેને સંબંધ કરવા માટે અન્ય સંબંધની કલ્પના કરવી પડે. આ રીતે અન્ય સંબંધની કલ્પના કરીએ તો, તે અન્ય પણ સંબંધ તે બેના સંબંધ માટે અન્ય પણ સંબંધની અપેક્ષા રાખશે અને તેમ સ્વીકારવાથી નવા નવા સંબંધનો ક્યાંય અંત નહીં આવે. તેથી સંબંધના અંતના અભાવરૂપ અનવસ્થા નામનો દોષ પ્રાપ્ત થાય છે અને તે દોષના નિવારણ માટે દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો પરસ્પર અભેદ સંબંધ માનવો ઉચિત છે.

હવે નૈયાયિક કહે કે – દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર સંબંધ કરનાર ભિન્ન એવો સમવાય સંબંધ છે એમ સ્વીકારી લઈએ અને દ્રવ્ય અને ગુણ વચ્ચે સંબંધ કરનાર એવાં સમવાયનો અભિન્ન એવો સ્વરૂપ સંબંધ જ માની લઈએ. અર્થાત્ દ્રવ્ય સાથે જોડાયેલો સમવાય, દ્રવ્ય અને સમવાય ઉભય સ્વરૂપ છે અને ગુણ સાથે જોડાયેલો સમવાય, ગુણ અને સમવાય ઉભય સ્વરૂપ છે એમ માની લઈએ, તો નવા સંબંધની કલ્પનાની આવશ્યકતા રહેશે નહીં અને તેમ સ્વીકારવાથી અનવસ્થાદોષની પ્રાપ્તિ થશે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે કે – દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે ભિન્ન એવો સમવાય સંબંધ સ્વીકાર્યા પછી અભિન્ન એવો સ્વરૂપ સંબંધ સ્વીકારવો, તેના કરતાં દ્રવ્ય, ગુણ અને પર્યાય વચ્ચે જ અભિન્ન એવો ગુણ-ગુણીરૂપ અર્થાત્ દ્રવ્ય અને ગુણરૂપ સ્વરૂપ સંબંધ માનવામાં શો વાંધો છે ?

વસ્તુતઃ દ્રવ્ય અને ગુણ એ ઉભય સ્વરૂપ જ સંબંધ છે અને દ્રવ્ય અને પર્યાય એ ઉભય સ્વરૂપ જ સંબંધ છે એમ સ્વીકારવાથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ સંબંધ સંગત થાય છે. તેથી તેના બદલે નકામો સમવાય નામનો નવો સંબંધ માનીએ તે ઉચિત નથી; કેમકે ચક્ષુથી ઘટને જોઈને ઘટ અને ઘટવર્તી ગુણોનો અભેદ પ્રતિભાસ થાય છે, પરંતુ તે ઘટ અને ઘટના ગુણોથી અતિરિક્ત એવો સમવાય સંબંધ પ્રતીત થતો નથી. છતાં તે બેના સંબંધની કલ્પના માટે નવા એવાં સમવાય સંબંધની કલ્પના કરવી ઉચિત નથી. **॥૩/૨॥**

અવતરણિકા :-

વલી અભેદ ન માનઈ તેહનઈં બાધક કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

વળી, અભેદ ન માને તેને બાધક કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧માં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ કઈ રીતે છે તે બતાવ્યું. ત્યાર પછી ગાથા-૨માં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ સ્વીકારવાની યુક્તિ બતાવી. તેથી પણ નક્કી થયું કે, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર અભેદ સંબંધ છે. હવે દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ ન સ્વીકારીએ તો પોતાને દેખાતો અનુભવ તેનો બાધક છે તે બતાવે છે.

ગાથા :-

'સ્વર્ણ કુંડલાદિક હુઉં જી', 'ઘટ રક્તાદિક ભાવ;'
એ વ્યવહાર ન સંભવઇ જી, જો ન અભેદ સ્વભાવ રે. ભવિકા૦ ॥૩/૩॥

ગાથાર્થ :-

સુવર્ણ કુંડલાદિક થાય છે. ઘટ=શ્યામ ઘટ, રક્તાદિ ભાવે થાય છે. એ વ્યવહાર, જો અભેદ સ્વભાવ ન હોય તો, સંભવે નહીં. ॥૩/૩॥

ટબો :-

''સોનું તેહ જ કુંડલ થયું; ઘડો પહિલાં શ્યામ હુતો, તેહ જ રાતો વર્ણઈં થયો'', એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન ઘટઈ, જો અભેદસ્વભાવ દ્રવ્યાદિક-૩ નઈં ન હુઈ તો. ॥૩/૩॥

ટબાર્થ :-

સોનું તે જ કુંડલ થયું=કોઈક અવસ્થામાં રહેલું સોનું જ ઘડવાની પ્રક્રિયાથી કુંડલ થયું. પહેલાં શ્યામ હતો તેવો ઘડો તે જ રાતો થયો, એવો સર્વલોકને અનુભવસિદ્ધ વ્યવહાર ઘટે નહીં. જો દ્રવ્યાદિક ત્રણનો= દ્રવ્ય, ગુણ, પર્યાયનો, અભેદ સ્વભાવ ન હોય તો. ॥૩/૩॥

ભાવાર્થ :-

પિંડાદિ અવસ્થામાં રહેલું સોનું ઘડવાની પ્રક્રિયાથી કુંડલરૂપે થાય છે તે સુવર્ણરૂપ દ્રવ્યમાં પિંડાદિ પર્યાયનો નાશ થઈને કુંડલ પર્યાય ઉત્પન્ન થાય છે. હવે જો સોનારૂપ દ્રવ્ય અને કુંડલરૂપ પર્યાય – તે બેનો અભેદ સ્વભાવ છે=એકત્વભાવ છે, તેમ ન સ્વીકારીએ તો "સોનું કુંડલ થયું" એ પ્રકારનો વ્યવહાર થાય

નહીં, પરંતુ એમ જ કહેવું પડે કે, સોનું અને કુંડલ બે જુદી વસ્તુ છે અને તે બે વચ્ચે કોઈ સંબંધ કરનાર વસ્તુ છે, પરંતુ તેવો વ્યવહાર થતો નથી. તેથી જ નક્કી થાય છે કે સોનારૂપ દ્રવ્ય અને કુંડલરૂપ પર્યાય વચ્ચે અભેદ સંબંધ છે.

હવે દ્રવ્ય અને ગુણ વચ્ચેનો અભેદ સ્વભાવ બતાવે છે –

પહેલાં શ્યામ ઘડો હોય તે પાકક્રિયાથી રાતો થાય છે ત્યારે કહેવાય છે કે, 'શ્યામ ઘડો જ રક્ત થયો'. તેથી ઘટરૂપ દ્રવ્ય અને રક્ત વર્ણરૂપ ગુણ વચ્ચે અભેદ સંબંધ છે તેમ માનવું જોઈએ. આથી જ કહેવાય છે કે, 'શ્યામ ઘડો રક્ત થયો'.

આનાથી એ ફલિત થાય કે, સર્વલોકના અનુભવથી સિદ્ધ એવાં વ્યવહારથી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર અભેદ સ્વભાવ છે તેમ માનવું જોઈએ.

પૂર્વગાથામાં કહ્યું કે, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ સંબંધ છે અને પ્રસ્તુત ગાથામાં કહ્યું કે, દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ સ્વભાવ છે, તે એક અર્થવાચી છે. **॥3/3॥**

અવતરણિકા :-

વલી, બીજું બાધક કહઈં છઈં –

અવતરણિકાર્થ :-

વળી, બીજું બાધક કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ ન સ્વીકારવામાં લોકઅનુભવનો બાધ બતાવ્યો. હવે બીજો બાધ બતાવે છે.

ગાથા :-

ખંધ-દેશ ભેદઇં હુઇ જી, બિમણી ગુરુતા રે ખંધિ;
પ્રદેશ-ગુરુતા પરિણમઇં જી, ખંધ અભેદહ બંધ રે. ભવિકા૦ ॥3/૪॥

ગાથાર્થ :-

સ્કંધ અને દેશના ભેદથી ખંધિ=સ્કંધમાં, બિમણી=બમણી, ગુરુતા હુઈ જી=થાય, અને પ્રદેશગુરુતા=સ્કંધમાં પ્રદેશની ગુરુતા, પરિણમઈજી=સ્કંધમાં પરિણમન પામે છે, તેમ સ્વીકારવામાં આવે તો ખંધ અભેદ સંબંધ છે=સ્કંધ પ્રદેશની સાથે અભેદ સંબંધવાળો છે. ॥3/૪॥

ટબો :-

ખંધ કહિઈ-અવયવી, દેશ કહિઈ-અવયવ; એહોનઈં જો ભેદ માનિઈં, તો બિમણો

ભાર ખંધમાંહિ થયો જોઈઈં. જે માટિં શતતંતુના પટમાંહિ શતતંતુનો જેટલો ભાર તેટલો પટમાંહિં પણ જોઈઈ.

અનઈં જે કોઈ નવા નૈયાયિક ઈમ કહઈ છઈ જે-''અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છઈ,'' તે માટઈં તેહનઈં મતઈં –''દ્વિપ્રદેશાદિક ખંધમાંહિં કિહાંઈં ઉત્કૃષ્ટ ગુરુતા ન થઈ જોઈઈ. જે માટઈં-દ્વિપ્રદેશાદિક ખંધ એકપ્રદેશાદિકની અપેક્ષાઈં અવયવી છઈ. અનઈં પરમાણુમાંહિં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનિઈં, તો રૂપાદિક વિશેષ પણિ પરમાણુમાંહિં માન્યાં જોઈઈં, દ્વિપ્રદેશાદિકમાંહિં ન માન્યાં જોઈઈં''.

અભેદ નયનો બંધ માનઈં તો પ્રદેશનો ભાર તેહ જ ખંધભારપણાઈં પરિણમઈ, જિમ તંતુરૂપ પટરૂપપણાઈ. તિવારઈં ગુરુતાવૃદ્ધિનો દોષ કહિઓ, તે ન લાગઈ. ॥૩/૪॥

ટબાર્થ :-

ખંધ=સ્કંધ, અવયવી કહેવાય. દેશ અવયવ કહેવાય. એનો જો ભેદ માનીએ તો સ્કંધમાં બમણો ભાર થવો જોઈએ=સ્કંધનું વજન અને અવયવોનું વજન મળીને બમણું વજન થવું જોઈએ. બમણું વજન કેમ થવું જોઈએ ? તે બતાવે છે.

જે માટે સો તંતુના પટમાં સો તંતુનો જેટલો ભાર છે, તેટલો ભાર પટમાં પણ જોઈએ=સો તંતુથી બનેલા પટમાં પણ સો તંતુ જેટલો ભાર જોઈએ. તેથી સો તંતુનો ભાર અને પટનો ભાર બેય મળીને બમણો ભાર જોઈએ એમ પૂર્વ સાથે સંબંધ છે.

અને જે કોઈ નવા નૈયાયિક એમ કહે છે, જે અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છે, અર્થાત્ ગણનામાં ન આવે તેવો છે. (માટે અવયવોના ભારથી અવયવીનો ભાર બમણો થતો નથી.) તે માટે=નવ્ય નૈયાયિકો અવયવીમાં બમણા થતા ભારના નિવારણ માટે જે કહે છે તે માટે, તેના મતે દ્વિપ્રદેશાદિક સ્કંધમાં ક્યાંય પણ ઉત્કૃષ્ટ ગુરુતા થવી જોઈએ નહીં. કેમ થવી જોઈએ નહીં ? તેથી કહે છે–જે માટે દ્વિપ્રદેશાદિક સ્કંધ એકપ્રદેશાદિક સ્કંધની અપેક્ષાએ અવયવી છે અને નવ્ય નૈયાયિક પરમાણુમાં જ ઉત્કૃષ્ટ ગુરુતા સ્વીકારી લે તો તેને ગ્રંથકારશ્રી કહે છે-જો પરમાણુમાં જ ઉત્કૃષ્ટ ગુરુતા માનીએ તો રૂપાદિકવિશેષ પણ પરમાણુમાં જ માનવા જોઈએ. દ્વિપ્રદેશાદિકમાં ન માનવા જોઈએ.

અભેદનયનો સંબંધ માનીએ તો=સ્કંધ અને પ્રદેશ વચ્ચે અભેદનયનો સંબંધ માનીએ તો, પ્રદેશનો ભાર તે જ સ્કંધના ભારપણે પરિણમે છે. જેમ, તંતુનું રૂપ પટના રૂપપણે પરિણમે છે. તિવારઈ=સ્કંધ અને પ્રદેશ વચ્ચે અભેદ નયનો સંબંધ માનીએ તો, ગુરુતાવૃદ્ધિનો દોષ કહિયો=નૈયાયિક મતાનુસાર અવયવ-અવયવીનો ભેદ સ્વીકારવાથી ગુરુતાવૃદ્ધિનો દોષ ગ્રંથકારશ્રીએ કહ્યો, તે ન લાગે=જૈનદર્શનની માન્યતા અનુસાર ન લાગે. ॥૩/૪॥

ભાવાર્થ :-

નૈયાયિકના મત પ્રમાણે વિચારીએ તો, સ્કંધ અવયવી છે અને સ્કંધોનો દેશ અવયવ છે. વળી, નૈયાયિક માને છે તેમ સ્કંધ અને દેશનો ભેદ માનીએ તો, સ્કંધના અવયવોનો જેટલો ભાર છે, તેટલો જ ભાર અવયવીમાં પ્રાપ્ત થાય. તેથી જુદા પડેલા અવયવોમાં જે વજન છે તે અવયવીમાં બમણું પ્રાપ્ત થવું જોઈએ. જેમ સો તંતુમાં જેટલું વજન છે તેટલું વજન સો તંતુથી બનેલા પટમાં પણ પ્રાપ્ત થવું જોઈએ અને તેમ સ્વીકારીએ તો, સો તંતુનું વજન અને પટનું વજન – એ બે મળીને બમણું વજન પ્રાપ્ત થાય.

આશય એ છે કે, નૈયાયિકના મતાનુસાર સો તંતુ પડેલા હોય અને તેનું વજન એક કિલો હોય, અને તેનાથી જે વસ્ત્રરૂપ પટ બને તે જુદો હોય તો, સો તંતુનું વજન એક કિલો અને પટનું વજન એક કિલો, એમ કુલ બે કિલો વજનની પ્રાપ્તિ થવી જોઈએ, પરંતુ સો તંતુથી બનેલા પટમાં બમણા વજનની પ્રાપ્તિ થતી નથી. માટે સો તંતુથી બનેલા પટનો તંતુ સાથે અભેદ જ માનવો ઉચિત છે એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે.

નૈયાયિકો અવયવથી અવયવીનો એકાંત ભેદ સ્વીકારે છે. તેથી તેઓને અવયવીમાં બમણો ભાર પ્રાપ્ત થવાનો કોઈક દોષ આપે છે. તેના નિવારણ માટે નવ્ય નૈયાયિક કહે છે કે, અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છે. અર્થાત્ સો તંતુમાં જે ભાર છે તેનાથી બનેલા અવયવીરૂપ પટમાં ભાર ગણના ન થઈ શકે તેવો હીન છે. તેથી સો તંતુરૂપ અવયવો અને પટ બેય જુદા હોવા છતાં બમણા ભારની પ્રાપ્તિ નથી. આ રીતે નવ્ય નૈયાયિક પોતાના મતમાં આવતા દોષનું નિવારણ કરે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે, નવ્ય નૈયાયિકો કહે છે તેમ સ્વીકારીએ તો પરમાણુમાં સૌથી અધિક ભાર છે તેમ માનવું પડે; કેમ કે બે પરમાણુમાંથી બે પ્રદેશનો સ્કંધ બને છે ત્યારે, બે પરમાણુ અવયવ છે અને દ્વયણુક અવયવી છે. વળી, અવયવ કરતાં અવયવીનો ભાર અત્યંત હીન સ્વીકારવાથી દ્વયણુકનો ભાર અત્યંત હીન છે તેમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો ઉત્કૃષ્ટ ગુરુતા પરમાણુમાં છે તેમ માનવાની આપત્તિ આવે. તેથી એ ફલિત થાય કે, કોઈપણ મોટા સ્કંધમાં જે ભારની પ્રાપ્તિ છે, તે સર્વ ભાર તેમાં રહેલા પરમાણુમાં છે, તે પરમાણુઓથી થતા સ્કંધોમાં ભાર અત્યંત હીન છે અને તેમ સ્વીકારવું અત્યંત વિરોધી છે; કેમ કે પરમાણુ ઉત્કૃષ્ટ ગુરુતાવાળો છે. અર્થાત્ ઉત્કૃષ્ટ ભારવાળો છે તેમ કોઈ સ્વીકારતું નથી. આમ છતાં નવ્ય નૈયાયિકો પરમાણુમાં ઉત્કૃષ્ટ ગુરુતા સ્વીકારી લે તો રૂપાદિક વિશેષ પણ પરમાણુમાં જ માનવા જોઈએ, બે પ્રદેશાદિક સ્કંધમાં માનવા જોઈએ નહીં.

આશય એ છે કે, જેમ પરમાણુમાં જ ભાર છે, દ્વિપ્રદેશાદિકમાં ભાર નથી, તેમ પરમાણુમાં જ રૂપ, રસાદિ ભાવો છે. પરમાણુથી બનેલા દ્વિપ્રદેશાદિક સ્કંધોમાં રૂપ, રસાદિ ભાવો નથી, તેમ નવ્ય નૈયાયિકોએ માનવું જોઈએ અને તેમ નવ્ય નૈયાયિકો સ્વીકારે તો તંતુમાં રૂપ છે, પરંતુ તંતુથી બનેલા પટમાં રૂપ નથી તેમ તેને માનવું પડે.

વસ્તુતઃ તંતુમાં રૂપ નથી, પરંતુ તંતુના પરમાણુમાં રૂપ છે તેમ સ્વીકારીને પરમાણુથી બનેલા સર્વ

અવયવીઓમાં રૂપ નથી, તેમ નવ્ય નૈયાયિકે માનવું જોઈએ, પરંતુ નૈયાયિકો તો અવયવના રૂપથી અવયવીમાં રૂપ પેદા થાય છે તેમ માને છે અને જો તે અવયવીમાં ભાર નથી તેમ સ્વીકારે તો અવયવીમાં રૂપ નથી તેમ પણ સ્વીકારવું જોઈએ.

આ દોષનિવારણ માટે સ્કંધ અને દેશનો અભેદ સંબંધ માનવામાં આવે તો એ પ્રાપ્ત થાય કે, પ્રદેશનો ભાર તે સ્કંધના ભારરૂપે પરિણમન પામે છે. અર્થાત્ તે સ્કંધમાં રહેલા જેટલા દેશો છે તેનો ભાર જ સ્કંધના ભારરૂપે પરિણમન પામે છે; કેમ કે સ્કંધના પ્રદેશોથી સ્કંધનો ભેદ નથી, પરંતુ સ્કંધના પ્રદેશો જ સ્કંધરૂપે પરિણમન પામ્યા. જેમ સો તંતુથી પટ બને છે તે વખતે સો તંતુ જ પટરૂપે પરિણમન પામે છે, માટે સો તંતુથી પટ જુદો નથી, પરંતુ સો તંતુનો અને પટનો અભેદ છે અને તેમ સ્વીકારવાથી સો તંતુનો ભાર અને પટનો ભાર ભેગો કરીને બમણા ભારની પ્રાપ્તિનો જે દોષ નૈયાયિકોને પ્રાપ્ત થાય છે તે દોષ સ્યાદ્વાદીને પ્રાપ્ત થાય નહીં. **॥૩/૪॥**

અવતરણિકા :-

દ્રવ્યાદિકનઈં અભેદ ન માંનઈ છઈ, તેહનઈં ઉપાલંભ દિઈં છઈં –

અવતરણિકાર્થ :-

દ્રવ્યાદિકને=દ્રવ્ય, ગુણ અને પર્યાયને, અભેદ જેઓ નથી માનતા તેમને ઉપાલંભ આપે છે –

ગાથા :-

ભિન્ન દ્રવ્ય-પર્યાયનઇં જી, ભવનાદિકનઇં રે એક;
ભાષઇ, કિમ દાખઈ નહીં જી, એક દ્રવ્યમાં વિવેક રે ?
ભવિકા૦ ॥૩/૫॥

ગાથાર્થ :-

ભિન્ન દ્રવ્યના=પાષાણાદિ અનેક દ્રવ્યોના, ભવનાદિક પર્યાયને એક ભાખે છે તો, એક દ્રવ્યમાં કેમ વિવેક દેખાડતો નથી ?=એક દ્રવ્યમાં રહેલા ગુણ-પર્યાયનો અભેદ છે એ પ્રકારનો વિવેક કેમ દેખાડતો નથી ? ॥૩/૫॥

ટબો :-

ભિન્ન દ્રવ્ય જે પાષાણ, કાષ્ઠ, પૃથિવી, જલાદિક, તેહનો પર્યાય જે ભવનાદિક ઘર પ્રમુખ, તેહનઈં તૂં 'એક' કહઈ છઈ. 'એક ઘર એ' ઈત્યાદિક લોકવ્યવહાર માટઈં ? તો એક દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં અભેદ હોઈ, એહવો વિવેક કાં નથી કહિતો ? જે માટઈં આત્મદ્રવ્ય, તેહ જ આત્મગુણ, તેહ જ આત્મપર્યાય એહવો વ્યવહાર અનાદિ સિદ્ધ છઈ. ॥૩/૫॥

ટબાર્થ :-

ભિન્ન દ્રવ્ય – જે પાષાણ, કાષ્ઠ, પૃથ્વી, જલાદિક – તેનો પર્યાય જે ભવનાદિક=ઘર વિગેરે, એને તું એક કહે છે. કેમ એક કહે છે ? તેથી કહે છે – "આ એક ઘર છે." ઇત્યાદિ લોકવ્યવહાર છે માટે.

તો એક દ્રવ્યમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ છે એવો વિવેક કેમ કરતો નથી ? એક દ્રવ્યમાં દ્રવ્ય, ગુણ, પર્યાયનો અભેદ કઈ રીતે છે ? તે બતાવે છે –

જે માટે, આત્મદ્રવ્ય તે જ આત્મગુણ અને તે જ આત્મપર્યાય છે તેવો વ્યવહાર અનાદિસિદ્ધ છે. ॥૩/૫॥

ભાવાર્થ :-

પાષાણ, કાષ્ઠ આદિ અનેક દ્રવ્યોથી ઘર બને છે. તેથી ચોક્કસ રીતે પરસ્પર સંકળાયેલા પાષાણાદિ દ્રવ્યમાં ઘરરૂપ પર્યાય પ્રગટ થાય છે. તે પર્યાયને "આ એક ઘર છે" એમ લોકવ્યવહાર થાય છે. માટે સર્વ વિચારકો તેને એક કહે છે, પરંતુ એમ કહેતાં નથી કે, "પાષાણ, કાષ્ઠાદિનો આ સમૂહ છે." તે રીતે અનેક દ્રવ્યથી પેદા થયેલા એવાં ભવનરૂપ પર્યાયમાં એકતાની પ્રતીતિ થતી હોય તો એ દ્રવ્યમાં રહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ છે એવો વિવેક કેમ સ્વીકારતા નથી ?

અહીં પ્રશ્ન થાય કે, એક દ્રવ્યમાં રહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં અભેદ છે તેમ કઈ રીતે સ્વીકારી શકાય ? તેથી કહે છે –

કોઈનું આત્મદ્રવ્ય સામે રાખીને એમ કહેવામાં આવે છે કે, 'આ આત્મદ્રવ્ય છે તે જ આત્મગુણરૂપ છે અને તે જ આત્મપર્યાયસ્વરૂપ છે' – તેવો વ્યવહાર અનાદિસિદ્ધ છે.

આશય એ છે કે, કોઈ એક આત્માને સામે રાખીને વિચારીએ તો આત્મદ્રવ્યથી અન્યત્ર આત્મગુણ ઉપલબ્ધ નથી, પરંતુ તે ગુણસ્વરૂપ જ આત્મા છે તેમ પ્રતીત થાય છે અને તેનો મનુષ્યાદિરૂપ આત્મપર્યાય પણ તેના આત્માથી જુદો પ્રતીત થતો નથી, પરંતુ તે આત્મસ્વરૂપ જ દેખાય છે. તેથી ત્રણેનો અભેદવ્યવહાર અનાદિસિદ્ધ છે. **॥૩/૫॥**

અવતરણિકા :-

નૈયાયિક દ્રવ્યમાં વર્તતા ગુણનો દ્રવ્યથી ભેદ માને છે અને સમવાય સંબંધથી દ્રવ્યમાં ગુણ રહે છે તેમ માને છે. તેના તે કથનનું નિરાકરણ પૂર્વના શ્લોકમાં કર્યું. હવે વ્યવહારના બળથી પણ દ્રવ્યની સાથે ગુણપર્યાયનો અભેદ છે તે દૃઢ કરવા અર્થે કહે છે –

ગાથા :-

ગુણ-પર્યાય અભેદથી જી, દ્રવ્ય નિયત વ્યવહાર;
પરિણતિ જે છઇ એકતા જી, તેણિં તે એક પ્રકાર રે. ભવિકા૦ ॥૩/૬॥

ગાથાર્થ :-

ગુણ અને પર્યાયના અભેદથી દ્રવ્યનો નિયત વ્યવહાર થાય છે="આ જીવદ્રવ્ય છે, આ અજીવદ્રવ્ય છે" એ પ્રકારનો નિયત વ્યવહાર થાય છે. પરિણતિ જે એકતાની છે=દરેક દ્રવ્યોની ગુણપર્યાયની પરિણતિ-તેની દ્રવ્ય સાથે એકતા છે, તેણિં=તેથી, તે=દ્રવ્યગુણપર્યાય, એક પ્રકાર છે=એક જ છે. ॥૩/૬॥

ટબો :-

જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય ઈત્યાદિ જે નિયત કહેતાં વ્યવસ્થા સહિત વ્યવહાર થાઈ છઈં, તે ગુણ-પર્યાયના અભેદથી. જ્ઞાનાદિક-ગુણપર્યાયથી અભિન્ન દ્રવ્ય તે જીવદ્રવ્ય, રૂપાદિક-ગુણપર્યાયથી અભિન્ન તે અજીવદ્રવ્ય, નહીં તો-દ્રવ્યસામાન્યથી વિશેષ સંજ્ઞા ન થાઈ. દ્રવ્ય, ગુણ, પર્યાય એ ૩ નામ છઈ, પણિ સ્વજાતિં ૩ નઈં એકત્વ પરિણામ છઈં, તે માટિં તે ૩ પ્રકાર એક કહઈ. જિમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિક ગુણ, તત્પર્યાય એ સર્વ એક જ કહિઈં. જિમ રત્ન ૧, કાંતિ ૨, જ્વરાપહાર શક્તિ ૩, એ ૩ નઈં એક જ પરિણામ છઈ, તિમ દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં ઈમ જાણવું. ॥૩/૬॥

ટબાર્થ :-

જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય ઈત્યાદિ જે નિયત કહેતાં વ્યવસ્થા સહિત વ્યવહાર થાય છે તે ગુણ પર્યાયના અભેદથી થાય છે. અર્થાત્ જીવદ્રવ્યના ગુણપર્યાયનો અને અજીવદ્રવ્યના ગુણપર્યાયનો પોતાની સાથે અભેદ છે. તેનાથી "આ જીવદ્રવ્ય છે, આ અજીવદ્રવ્ય છે" એ પ્રકારનો નિયત વ્યવહાર થાય છે.

ગુણપર્યાયના અભેદથી નિયત વ્યવહાર કેમ થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

જ્ઞાનાદિક ગુણપર્યાયથી અભિન્ન તે જીવદ્રવ્ય અને રૂપાદિક ગુણપર્યાયથી અભિન્ન તે અજીવદ્રવ્ય છે એ પ્રકારનો નિયત વ્યવહાર થાય છે. નહીં તો=ગુણપર્યાયનો દ્રવ્ય સાથે અભેદ ન સ્વીકારવામાં આવે અને ભેદ સ્વીકારવામાં આવે તો, દ્રવ્યસામાન્યથી જીવદ્રવ્યમાં અને અજીવદ્રવ્યમાં 'દ્રવ્ય' સામાન્ય થવાથી વિશેષ સંજ્ઞા થાય નહીં= "આ જીવદ્રવ્ય છે, આ અજીવદ્રવ્ય છે." એ પ્રકારે વિશેષ સંજ્ઞા થાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યગુણપર્યાય એ ત્રણ નામ જુદી વસ્તુનાં વાચક છે તોપણ તે ત્રણ જુદાં કેમ નથી ? તેથી કહે છે –

દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણ નામ છે પણ સ્વજાતિ એવાં ત્રણનો એકત્વ પરિણામ છે=કોઈ નિયત વસ્તુમાં વર્તતા ગુણ અને પર્યાય-તે નિયત દ્રવ્યના સ્વજાતિ છે. તે સ્વજાતિ એવાં ત્રણનો એકત્વ પરિણામ છે, તે માટે તે ત્રણ પ્રકારને=દ્રવ્ય, ગુણ અને પર્યાય શબ્દોથી વાચ્ય એવાં ત્રણ

પ્રકારને, એક કહેવાય છે.

જેમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિગુણ અને તેનો=આત્માનો, પર્યાય, એ સર્વ એક જ છે. તે ત્રણ એક જ કેમ છે ? તે દૃષ્ટાંતથી કહે છે –

જેમ રત્ન, કાંતિ=રત્નની કાંતિ અને જ્વરાપહાર શક્તિ=રત્નમાં રહેલી જ્વરને દૂર કરવાની શક્તિ – એ ત્રણનો એક જ પરિણામ છે, તેમ દ્રવ્ય, ગુણ અને પર્યાયનો એક જ પરિણામ છે તેમ જાણવું. ॥૩/૬॥

ભાવાર્થ :-

દરેક દ્રવ્યોમાં વર્તતા ગુણો અને પર્યાયો સાથે તે દ્રવ્યનો અભેદ ન સ્વીકારવામાં આવે તો "આ જીવદ્રવ્ય છે", "આ અજીવદ્રવ્ય છે" એ પ્રકારની વ્યવસ્થાયુક્ત નિયત વ્યવહાર લોકમાં થાય છે તે સંગત થાય નહીં; કેમ કે જ્ઞાનાદિ ગુણપર્યાયથી અભિન્ન એવું જે દ્રવ્ય છે તે દ્રવ્યને જીવદ્રવ્ય કહેવાય છે અને રૂપાદિ ગુણપર્યાયથી અભિન્ન એવું જે દ્રવ્ય છે તે દ્રવ્યને અજીવદ્રવ્ય કહેવાય છે. હવે જો દ્રવ્યમાં ગુણપર્યાયનો એકાંતભેદ સ્વીકારવામાં આવે અને સમવાય સંબંધથી દ્રવ્યમાં ગુણપર્યાય રહે છે તેમ સ્વીકારવામાં આવે તો જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય એ પ્રકારની વિશેષ સંજ્ઞા આપી શકાય નહીં, પરંતુ એમ જ કહેવું પડે કે, દ્રવ્ય બધાં સમાન છે, ફક્ત જે દ્રવ્યમાં સમવાય સંબંધથી જ્ઞાનાદિનો સંબંધ થયો તે દ્રવ્ય જ્ઞાનાદિથી વિપરીત ગુણપર્યાયના સંબંધવાળા દ્રવ્યથી જુદાં જણાય છે, પરમાર્થથી તો દરેક દ્રવ્યો વ્યક્તિથી જુદાં હોવા છતાં સ્વરૂપથી તો સમાન જ છે. તેથી સમાન એવાં દ્રવ્યોમાં જ્ઞાનાદિ ગુણના સંબંધથી કે રૂપાદિ ગુણના સંબંધથી ભેદની પ્રતીતિ થાય છે, છતાં દ્રવ્યોનો પરસ્પર સ્વરૂપથી જે ભેદ છે તે ભેદ તો તેમાં વર્તતા ગુણપર્યાયનો અભેદ સ્વીકારીએ તો જ સંગત થાય.

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્ય, ગુણ, પર્યાય એ ત્રણ શબ્દથી વાચ્ય ભિન્ન વસ્તુની પ્રતીતિ થાય છે. તેથી તે ત્રણ એક છે તેમ કેમ કહેવાય ? તેથી કહે છે –

દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણે સ્વજાતિ છે. તે ત્રણનો એકત્વ પરિણામ છે. અર્થાત્ આત્મદ્રવ્ય, આત્માનો ગુણ અને આત્માનો પર્યાય – એ ત્રણે એક પ્રદેશરૂપ છે, પરંતુ એ ત્રણેના ભિન્ન પ્રદેશો નથી. તેથી તે ત્રણનો એકત્વ પરિણામ છે. માટે દ્રવ્ય, ગુણ અને પર્યાય – એ ત્રણ પ્રકારને એક કહેવાય છે. એક કેમ કહેવાય છે ? તે અનુભવથી સ્પષ્ટ કરે છે.

પોતાનું આત્મદ્રવ્ય, પોતાના આત્મદ્રવ્યમાં વર્તતા જ્ઞાનાદિગુણો અને પોતાના આત્મામાં વર્તતા પર્યાય એ ત્રણે એક જ છે. માટે ત્રણને એક કહેવાય છે. આને રત્નના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

જેમ રત્ન, રત્નની કાંતિ અને તે રત્નમાં વર્તતી જ્વરનાશની શક્તિ, તે ત્રણ શબ્દથી ત્રણ કહેવાય છે તોપણ તે ત્રણનો એક જ પરિણામ છે; કેમ કે રત્નની કાંતિ, રત્નથી ભિન્ન પ્રદેશમાં રહેલી નથી કે રત્નની જ્વરાપહાર શક્તિ તે રત્નથી ભિન્ન પ્રદેશમાં રહેતી નથી, પરંતુ તે સ્વરૂપ જ તે રત્ન છે તેમ ગુણપર્યાય સ્વરૂપ જ દ્રવ્ય છે. માટે તે ત્રણનો ભેદ નથી. **॥૩/૬॥**

અવતરણિકા :-

વલી અભેદ ન માનઈં તેહનઈં દોષ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

વળી, અભેદ ન માને=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ ન માને અને એકાંતે ભેદ માને, તેને દોષ દેખાડે છે –

ગાથા :-

જો અભેદ નહીં એહોનો જી, તો કારય કિમ હોઇ ?;
અછતી વસ્તુ ન નીપજઇ જી, શશવિષાણ પરિ જોઈ રે.

ભવિકા૦ ॥૩/૭॥

ગાથાર્થ :-

જો એહોનો=દ્રવ્ય, ગુણ અને પર્યાયનો, અભેદ ન હોય તો, કાર્ય કેમ થાય ?=દ્રવ્યમાંથી તે તે ગુણ કે પર્યાયની નિષ્પત્તિરૂપ કાર્ય કેમ થાય ? જેમ શશવિષાણ=સસલામાં વિષાણ, ક્યારેય હોતું નથી, તેથી શશવિષાણરૂપ વસ્તુ નિષ્પન્ન થતી નથી. તેમ, અછતી વસ્તુ=દ્રવ્યમાં ગુણપર્યાયરૂપ અછતી વસ્તુ, નિષ્પન્ન થાય નહીં. ॥૩/૭॥

ટબો :-

જો એહનઈં=દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં, અભેદ નથી, તો કારણ-કાર્યનઈં પણ અભેદ ન હોઈ. તિવારઈં મૃત્તિકાદિક કારણથી ઘટાદિ કાર્ય કિમ નીપજઈ ? કારણમાંહિ કાર્યની શક્તિ હોઈ તો જ કાર્ય નીપજઈં, કારણમાંહિ અછતી કાર્યવસ્તુની પરિણતિ ન નીપજઈ જ, જેમ શશવિષાણ. જો કારણમાંહિ કાર્યસત્તા માનિઈં, તિવારઈં અભેદ સહજિ જ આવ્યો. ॥૩/૭॥

ટબાર્થ :-

જો એહને=દ્રવ્યગુણપર્યાયને, અભેદ નથી તો કારણ અને કાર્યનો પણ અભેદ થાય નહીં. અર્થાત્ દ્રવ્યરૂપ કારણનો ગુણપર્યાયરૂપ કાર્યની સાથે અભેદ થાય નહીં. તે વખતે માટી આદિ કારણથી ઘટાદિ કાર્ય કેમ ઉત્પન્ન થાય ? અર્થાત્ થાય નહીં.

માટીમાંથી ઘટાદિ કાર્ય કેમ ઉત્પન્ન થાય નહીં ? તેથી કહે છે –

કારણમાં કાર્યની શક્તિ હોય તો જ કાર્ય નિષ્પન્ન થાય=કારણમાંથી કાર્ય નિષ્પન્ન થાય. કારણમાં અછતી એવી કાર્યવસ્તુની પરિણતિ નિષ્પન્ન થાય નહીં જ.

જેમ શશવિષાણ નિષ્પન્ન થતું નથી.

વળી, જો કારણમાં કાર્યની સત્તા માનીએ=કાર્યની નિષ્પત્તિ પૂર્વે કાર્યની સત્તા છે તેમ માનીએ, તે વારે અભેદ સહેજે જ આવ્યો. અર્થાત્ કારણરૂપ દ્રવ્યથી અભિન્ન જ એવી કાર્યની શક્તિ કારણરૂપ દ્રવ્યમાં છે તેમ આવ્યું. ॥૩/૭॥

ભાવાર્થ :-

નૈયાયિક દ્રવ્યથી ગુણપર્યાયને જુદા માને છે અને કહે છે કે, દ્રવ્યથી અન્ય દ્રવ્ય નિષ્પન્ન થાય છે અને દ્રવ્યમાં જે ગુણપર્યાયો નિષ્પન્ન થાય છે, તે સર્વ ગુણપર્યાયો દ્રવ્યમાં સમવાય સંબંધથી રહે છે. જેમ, માટીરૂપ દ્રવ્યમાંથી ઘટાદિ દ્રવ્ય ઉત્પન્ન થાય છે અને ઘટાદિ દ્રવ્ય પણ શ્યામ ઘટમાંથી રક્ત ઘટ રૂપે બને છે ત્યારે, તે ઘટદ્રવ્યમાં રક્તગુણ સમવાય સંબંધથી ઉત્પન્ન થાય છે. તેથી નૈયાયિક મતાનુસાર માટી દ્રવ્યથી ઘટરૂપ કાર્ય જુદું છે અને ઘટરૂપ દ્રવ્યમાં જે રક્તગુણ પ્રગટ થયો તે પણ ઘટથી જુદો છે.

આ પ્રકારની તેની માન્યતાને દોષ આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે, દ્રવ્ય, ગુણ, પર્યાયનો અભેદ સ્વીકારવામાં ન આવે તો કારણથી કાર્યનો પણ અભેદ થાય નહીં=માટીરૂપ દ્રવ્યથી નિષ્પન્ન થતા ઘટરૂપ કાર્યનો પણ અભેદ પ્રાપ્ત થાય નહીં અને તેમ સ્વીકારીએ તો માટીરૂપ કારણથી ઘટરૂપ કાર્ય થઈ શકે નહીં.

અહીં નૈયાયિક કહે કે માટીરૂપ કારણથી ભિન્ન એવું ઘટરૂપ કાર્ય થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

માટીરૂપ કારણમાં ઘટનિષ્પત્તિ પૂર્વે ઘટની શક્તિ હોય તો જ માટીમાંથી ઘટરૂપ કાર્ય થઈ શકે અને જો માટીરૂપ કારણમાં ઘટરૂપ કાર્યની શક્તિ, ઘટ નિષ્પન્ન થતા પૂર્વે ન હોય તો, પાછળથી પણ તે માટીરૂપ કારણમાંથી ઘટરૂપ કાર્ય થઈ શકે નહીં. જેમ પાણીરૂપ દ્રવ્યમાં ઘટની શક્તિ નથી. તેથી પાણીમાંથી ઘટ નિષ્પન્ન થતો નથી અને તે સ્પષ્ટ કરવા અર્થે જ ગ્રંથકારશ્રી કહે છે –

કારણમાં અવિદ્યમાન એવી કાર્યવસ્તુની પરિણતિ ક્યારેય ઉત્પન્ન થતી નથી. જેમ શશવિષાણ ક્યારેય ઉત્પન્ન થતું નથી; કેમ કે શશમાં=સસલામાં, ક્યારેય વિષાણ=શિંગડાં, ઉત્પન્ન થતાં નથી અને જો કારણમાં કાર્યનિષ્પત્તિ પૂર્વે કાર્યની સત્તા માનીએ=કાર્ય શક્તિરૂપે છે તેમ સ્વીકારીએ, તો કાર્યની સાથે કારણનો સહજ અભેદ પ્રાપ્ત થાય; કેમ કે કાર્યનિષ્પત્તિ પૂર્વે કારણ દેખાય છે અને કારણ સ્વરૂપ જ કાર્યની શક્તિ છે. જેમ, ઘટનિષ્પત્તિ પૂર્વે માટી દેખાય છે, તે માટીસ્વરૂપ જ ઘટરૂપ કાર્યની શક્તિ છે. માટે માટીની સાથે ઘટની શક્તિનો અભેદ પ્રાપ્ત થયો અને તે ઘટની શક્તિ સામગ્રીની પ્રાપ્તિથી કાર્યરૂપે અભિવ્યક્ત થાય છે, માટે દ્રવ્યગુણપર્યાયનો અભેદ માનવો જોઈએ. **॥૩/૭॥**

અવતરણિકા :-

"કારણમાંહિ કાર્ય ઊપના પહિલાઈં જો કાર્યની સત્તા છઈં, તો કાર્યદર્શન કાં નથી થાતું ?" એ શંકા ઉપરિ કહઈ છઈં –

અવતરણિકાર્થ :-

કારણમાં=માટી આદિ કારણમાં, કાર્યની ઉત્પત્તિ પહેલાં=ઘટાદિરૂપ કાર્યની ઉત્પત્તિ પહેલાં, જો કાર્યની સત્તા છે=ઘટાદિરૂપ કાર્યની સત્તા છે, તો કાર્યનું દર્શન=ઘટાદિરૂપ કાર્યનું દર્શન, કેમ થતું નથી ? એ પ્રકારની શંકા ઉપર ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે, કારણમાં શક્તિરૂપે કાર્ય વિદ્યમાન છે. માટે કાર્ય નિષ્પન્ન થાય છે અને કારણમાં કાર્યનિષ્પત્તિ પૂર્વે કાર્યની શક્તિ સ્વીકારીએ તો, કારણની સાથે કાર્યનો અભેદ સિદ્ધ થાય. ત્યાં કોઈ શંકા કરે છે કે, કાર્યની નિષ્પત્તિ પૂર્વે કારણમાં કાર્યની સત્તા છે તેમ સ્વીકારીને કાર્યકારણનો અભેદ તમે સ્થાપન કરો છો, પરંતુ જો કારણમાં કાર્યની સત્તા હોય તો, કારણમાં કાર્યનું દર્શન કેમ થતું નથી ? તે શંકાના નિવારણ માટે કહે છે.

ગાથા :-

દ્રવ્યરૂપ છતી કાર્યની જી, તિરોભાવની રે શક્તિ;
આવિર્ભાવઇં નીપજઈ જી, ગુણપર્યાયની વ્યક્તિ રે. ભવિકા૦ ॥૩/૮॥

ગાથાર્થ :-

દ્રવ્યરૂપ છતી=દ્રવ્યરૂપે વિદ્યમાન એવી, કાર્યની તિરોભાવની શક્તિ છે અને આવિર્ભાવથી ગુણપર્યાયની વ્યક્તિ નીપજે છે. ॥૩/૮॥

ટબો :-

કાર્ય નથી ઊપનું તિવારઈં કારણમાંહિં કાર્યની દ્રવ્યરૂપઈં તિરોભાવની શક્તિ છઈં. તેણઈ કરી છઈ, પણિ કાર્ય જણાતું નથી. સામગ્રી મિલઈ, તિવારઈ ગુણ-પર્યાયની વ્યક્તિથી આવિર્ભાવ થાઈ છઈ, તેણઈ કરી કાર્ય દીસઈ છઈ. તિરોભાવ-આવિર્ભાવ પણિ દર્શન-અદર્શન નિયામક કાર્યના પર્યાય-વિશેષ જ જાણવા. તેણઈં કરી આવિર્ભાવનઈં સત્-અસત્ વિકલ્પઈં દૂષણ ન હોઈ, જે માટઈં અનુભવનઈં અનુસારઈં પર્યાય કલ્પિઈં. ॥૩/૮॥

ટબાર્થ :-

કાર્ય ઉત્પન્ન થયું નથી તે વખતે કારણમાં દ્રવ્યરૂપે કાર્યની તિરોભાવની શક્તિ છે. તેથી વિદ્યમાન પણ કાર્ય=દ્રવ્યમાં તિરોભાવરૂપે વિદ્યમાન પણ કાર્ય, જણાતું નથી અને સામગ્રી મળે છે ત્યારે ગુણપર્યાયની વ્યક્તિથી આવિર્ભાવ પામે છે, તેથી કાર્ય દેખાય છે.

અહીં પ્રશ્ન થાય કે તિરોભાવ અને આવિર્ભાવ શું છે ? તેથી કહે છે –

તિરોભાવ અને આવિર્ભાવ પણ દર્શન અને અદર્શનના નિયામક એવાં=આવિર્ભાવ દર્શનના નિયામક અને તિરોભાવ અદર્શનના નિયામક એવાં, કાર્યના પર્યાયવિશેષ જ જાણવા. અર્થાત્ માટીમાં તિરોભાવરૂપે રહેલા ઘટનો અદર્શનનિયામક પર્યાય તિરોભાવ છે અને જ્યારે માટીમાંથી ઘટ આવિર્ભાવ પામે છે, ત્યારે માટીમાં રહેલા ઘટનો દર્શનનિયામક પર્યાય આવિર્ભાવ છે. તેથી આવિર્ભાવને સત્-અસત્ વિકલ્પથી દૂષણ આવે નહીં.

દૂષણ કેમ ન આવે ? તેથી કહે છે –

જે માટે અનુભવને અનુસાર પર્યાયની કલ્પના કરાય છે=અનુભવને અનુસાર પ્રથમ માટીમાં દ્રવ્યરૂપે રહેલા ઘટપર્યાયની કલ્પના કરાય છે ત્યાર પછી અનુભવને અનુસાર દ્રવ્યરૂપે રહેલા તે ઘટના અદર્શન નિયામક પર્યાયની કલ્પના કરાય છે અને તે માટી જ્યારે ઘટરૂપે પરિણમન પામે છે ત્યારે અનુભવને અનુસાર તે માટીના ઘટપર્યાયમાં દર્શનનિયામક આવિર્ભાવ પર્યાયની કલ્પના કરાય છે, માટે આવિર્ભાવને સત્-અસત્ વિકલ્પથી દૂષણ આવતું નથી, તેમ પૂર્વના કથન સાથે સંબંધ છે. ॥૩/૮॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં દ્રવ્યની સાથે ગુણપર્યાયનો અભેદ છે તે બતાવવા માટે કહ્યું કે, કારણમાં કાર્યની નિષ્પત્તિ પૂર્વે પણ કાર્ય શક્તિરૂપે રહેલું છે. તેથી તે શક્તિરૂપે રહેલું કાર્ય, દ્રવ્યથી અભિન્ન છે, માટે કાર્યનો કારણ સાથે અભેદ છે. ત્યાં પ્રશ્ન થાય કે, દ્રવ્યરૂપ કારણમાં કાર્ય ઉત્પન્ન થયા પૂર્વે પણ કાર્ય સત્તારૂપે રહેલું છે તો, કાર્ય કેમ દેખાતું નથી ? તેના જવાબરૂપે ગ્રંથકારશ્રી કહે છે કે, માટીમાં ઘટરૂપ કાર્ય ઉત્પન્ન થયું નથી ત્યારે પણ માટીરૂપ કારણમાં દ્રવ્યરૂપે ઘટરૂપ કાર્યની તિરોભાવની શક્તિ છે અને દ્રવ્યરૂપે કાર્ય તિરોભાવ હોવાથી તેનું દર્શન કારણમાં થતું નથી. તેથી એ ફલિત થાય કે, પુરોવર્તી પડેલી માટીને જોઈને કોઈ જાણકાર પુરુષ કહી શકે કે આ માટીમાં ઘટ થવાની યોગ્યતા છે અને તે યોગ્યતા એટલે જ તે માટીમાં રહેલી ઘટની તિરોભાવની શક્તિ છે. વળી, માટીમાં ઘટરૂપ કાર્યની તિરોભાવની શક્તિ હોવાથી માટીમાં ઘટરૂપ કાર્યની સત્તા હોવા છતાં ઘટરૂપ કાર્ય દેખાતું નથી અને ઘટશક્તિને પ્રગટ કરવાની સામગ્રી મળે ત્યારે તે માટીમાં ઘટપર્યાયરૂપ કાર્ય પ્રગટ થાય છે, તે વખતે તે દ્રવ્યમાં ગુણપર્યાય આવિર્ભાવ પામેલા છે. તેથી કાર્યરૂપે દેખાય છે.

માટી દ્રવ્ય છે અને તેમાં ઘટપર્યાય પૂર્વમાં તિરોભાવ હતો અને સામગ્રી મળવાથી આવિર્ભાવ પામ્યો તેમ પૂર્વે કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે, આવિર્ભાવ અને તિરોભાવ શું છે ? તેથી કહે છે.

તિરોભાવ એ ઘટરૂપ પર્યાયનો અદર્શનનિયામક પર્યાયવિશેષ છે અને આવિર્ભાવ એ ઘટરૂપ પર્યાયનો દર્શનનિયામક પર્યાયવિશેષ છે. તેથી એ ફલિત થાય કે માટી દ્રવ્ય છે, તેનો ઘટ પર્યાય છે અને ઘટપર્યાય પણ અપેક્ષાએ આપેક્ષિક દ્રવ્ય છે છતાં માટી દ્રવ્યનું ઘટ કાર્ય છે અને આપેક્ષિક દ્રવ્યરૂપ ઘટના બે પર્યાય છે (૧) તિરોભાવરૂપ પર્યાય (૨) આવિર્ભાવરૂપ પર્યાય. તેથી જ્યારે ઘટરૂપ કાર્યમાં તિરોભાવપર્યાય

વર્તતો હોય ત્યારે ઘટનું દર્શન થતું નથી છતાં તે માટીને જોઈને વિચારક કહી શકે છે કે, 'આ માટીમાં ઘટની યોગ્યતા છે'. તેથી યોગ્યતારૂપે જણાતો ઘટપર્યાય તેમાં અદર્શનનિયામક તિરોભાવપર્યાય રૂપે વર્તે છે અને જ્યારે તે માટી ઘટરૂપે પરિણમન પામે છે, ત્યારે તે માટીમાં ઘટપર્યાય પ્રત્યક્ષથી દેખાય છે. તેથી તે ઘટરૂપ કાર્યમાં દર્શનનિયામક આવિર્ભાવ-પર્યાય વર્તે છે. આ પ્રકારે કહેવાથી નૈયાયિક કહે છે તે દૂષણ આવતું નથી. દૂષણ કેમ આવતું નથી તેને સ્પષ્ટ કરવા માટે પ્રથમ નૈયાયિક કઈ રીતે દૂષણ આપે છે તેની સ્પષ્ટતા આવશ્યક છે. તેથી નૈયાયિકના દૂષણની સ્પષ્ટતા કરીને તે દૂષણની અપ્રાપ્તિની સ્પષ્ટતા નીચે પ્રમાણે કરેલ છે.

નૈયાયિક દ્વારા દૂષણની પ્રાપ્તિ આ પ્રકારે છે –

નૈયાયિક અસત્કાર્યવાદી છે. તેથી કહે છે કે માટીમાં ઘટ નિષ્પત્તિ પૂર્વે ઘટ અસત્ છે અને ઘટની સામગ્રીથી માટીમાંથી ઘટ પ્રગટ થાય છે. તેથી માટીથી ઘટ પૃથક્ છે અને સમવાય સંબંધથી માટીમાં ઘટ રહેલો છે. માટે માટીની સાથે ઘટપર્યાયનો અભેદ છે તેમ કહી શકાય નહીં. તેને ગ્રંથકારશ્રીએ સત્કાર્યવાદની દૃષ્ટિને સામે રાખીને કહેલ કે, જો માટીમાં સર્વથા ઘટ અસત્ હોય તો ઘટની સામગ્રીથી પણ ઘટ નિષ્પન્ન થઈ શકે નહીં. જેમ ઘટને અયોગ્ય એવાં જલને દંડ, ચક્ર, ચીવરાદિ સામગ્રી પ્રાપ્ત થાય તોપણ ઘટરૂપ કાર્ય પ્રાપ્ત થઈ શકે નહીં. માટે માટીરૂપ કારણમાં ઘટની સત્તા છે અને ઘટની સામગ્રીથી માટીમાંથી ઘટરૂપ કાર્ય આવિર્ભાવ પામે છે.

આ રીતે સત્કાર્યવાદનું આલંબન લઈને માટીરૂપ કારણમાં ઘટરૂપ કાર્યની સત્તા છે તેમ બતાવીને માટીરૂપ દ્રવ્યની સાથે ઘટપર્યાયનો અભેદ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યો. ત્યાં નૈયાયિક પ્રશ્ન કરે કે, તિરોભાવ અને આવિર્ભાવ શું છે ? તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રીએ કહ્યું કે, તિરોભાવ ઘટરૂપ કાર્યનો અદર્શનનિયામક પર્યાય છે અને આવિર્ભાવ ઘટરૂપ કાર્યનો દર્શનનિયામક પર્યાય છે. ત્યાં નૈયાયિક કહે કે માટીમાં જ્યારે ઘટ દેખાતો નથી તે વખતે માટીમાં દ્રવ્યરૂપે ઘટ રહેલો છે અને સામગ્રીથી તેનો આવિર્ભાવ થાય છે તેમ તમે સ્વીકારો છો તો તે આવિર્ભાવ ઘટની નિષ્પત્તિ પૂર્વે સત્ હતો કે અસત્ હતો ? જો ઘટની નિષ્પત્તિ પૂર્વે તે આવિર્ભાવ સત્ હોય તો ઘટ દેખાવો જોઈએ અને જો ઘટની નિષ્પત્તિ પૂર્વે તે આવિર્ભાવ અસત્ હોય તો અસત્ એવો આવિર્ભાવ થાય છે તેમ અસત્ એવો ઘટ થાય છે તેમ સ્વીકારવામાં શું દોષ છે ? તેમ કહીને નૈયાયિક અસત્કાર્યવાદનું સ્થાપન કરે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે, જેમ માટીમાં ઘટનિષ્પત્તિ પૂર્વે ઘટપર્યાય શક્તિરૂપે હતો તેમ તે ઘટપર્યાયમાં દર્શનનિયામક એવો આવિર્ભાવ પણ શક્તિરૂપે છે. આથી જ માટીને જોઈને વિવેકી પુરુષ કહી શકે છે કે, "આ માટીમાંથી ઘટનો આવિર્ભાવ થઈ શકે છે." તેથી નૈયાયિક આવિર્ભાવપર્યાયને સત્-અસત્ના વિકલ્પથી દૂષણ આપીને અસત્કાર્યવાદનું સ્થાપન કરે છે, તે ઉચિત નથી; કેમ કે અનુભવને અનુસારે પર્યાયની કલ્પના કરાય છે અર્થાત્ માટીને જોઈને અનુભવ અનુસાર કલ્પના કરાય છે કે, "આ માટીમાં ઘટની તિરોભાવશક્તિ છે અને સામગ્રીથી તે આવિર્ભાવ પામી શકે તેમ છે." માટે માટીકાળમાં માટીમાં રહેલી ઘટની તિરોભાવની શક્તિ એ માટીથી

અભિન્ન હતી અને તે માટીમાંથી ઘટ આવિર્ભાવ પામે છે, ત્યારે તે માટીના ઘટપર્યાયમાં આવિર્ભાવપર્યાય દેખાય છે અને તે આવિર્ભાવપર્યાય માટીકાળમાં શક્તિરૂપે હતો તેમ અનુભવથી જણાય છે; કેમ કે જો ઘટમાં આવિર્ભાવપર્યાય શક્તિરૂપે ન હોય તો દર્શનનો નિયામક એવો આવિર્ભાવપર્યાય ઘટમાં પ્રગટ થઈ શકે નહીં.

અહીં વિશેષ એ છે કે, પ્રસ્તુત ઢાળમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ બતાવવો છે અને તે અભેદ બતાવવા માટે દ્રવ્યરૂપ કારણથી પર્યાયરૂપ કાર્યનો અભેદ છે તે બતાવવો છે અને તે બતાવવા માટે સત્કાર્યવાદની દૃષ્ટિ જ કારણ છે. વસ્તુતઃ જૈન દર્શન એકાંત સત્કાર્યવાદી પણ નથી અને એકાંત અસત્કાર્યવાદી પણ નથી. પરંતુ નિશ્ચયનયથી સત્કાર્યવાદી પણ છે અને વ્યવહારનયથી અસત્કાર્યવાદી પણ છે, જ્યારે નૈયાયિક તો એકાંત અસત્કાર્યવાદી છે. તેથી કારણથી કાર્યને એકાંત ભિન્ન માને છે માટે સત્કાર્યવાદની દૃષ્ટિએ કાર્યથી કારણનો અભેદ સ્થાપન કરીને નૈયાયિકની યુક્તિનું ગ્રંથકારશ્રીએ નિરાકરણ કર્યું છે. **॥૩/૮॥**

અવતરણિકા :-

ગાથા-૮માં દ્રવ્ય, ગુણ, પર્યાયનો અભેદ સ્થાપવા માટે ગ્રંથકારશ્રીએ સત્કાર્યવાદને સ્વીકારનાર નયદૃષ્ટિથી દ્રવ્યમાં વિદ્યમાન જ ગુણપર્યાય સામગ્રીથી અભિવ્યક્ત થાય છે તેમ સ્થાપન કરીને દ્રવ્યથી ગુણપર્યાયનો અભેદ સિદ્ધ કર્યો. ત્યાં અસત્કાર્યને સ્વીકારનાર નૈયાયિક જે કહે છે તે હવે બતાવે છે –

ગાથા :-

નઇયાયિક ભાષઇ ઈસ્યું જી, 'જિમ અછતાનું રે જ્ઞાન;
હોવઇ વિષય અતીતનૂં જી, તિમ કારય સહિ નાણ રે.'

ભવિકા૦ ॥૩/૯॥

ગાથાર્થ :-

નૈયાયિક આ પ્રમાણે કહે છેઃ "જેમ અતીત વિષય એવાં અછતાનું જ્ઞાન થાય છે તેમ કાર્ય સહી=અછતનું કાર્ય થાય છે, એમ નાણ રે=એમ તું જાણ." ॥૩/૯॥

ટબો :-

ઈહાં નૈયાયિક એહવું ભાષઈ છઈ–'જિમ અતીત વિષય જે ઘટાદિક અછતા છઈ, તેહનું જિમ જ્ઞાન હોઈ, તિમ ઘટાદિક કાર્ય અછતાં જ, મૃત્તિકાદિક દલથકી સામગ્રી મિલ્યઈ નીપજસ્યઈ. અછતાંની જ્ઞપ્તિ હોઈ તો અછતાંની ઉત્પત્તિ કિમ ન હોઈ ? ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું, તિહાં લાઘવ છઈ, તુમ્હારિં મતિં ઘટાભિવ્યક્તિનું

દંડાદિક કારણ કહવું, તિહાં ગૌરવ હોઈ. બીજું અભિવ્યક્તિનું કારણ ચક્ષુપ્રમુખ છઈ, પણિ દંડાદિક નથી. તે માટિં અભેદ પક્ષ જ ઘટઈ. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડાદિભાવઘટાભિવ્યક્તિનું કારણ ચક્ષુ, તિહાં ગૌરવ છઈ, તે ન ઘટઈ.' ॥૩/૯॥

ટબાર્થ :-

અહીં=પૂર્વગાથામાં સત્કાર્ય થાય છે એમ સ્થાપન કર્યું એમાં, નૈયાયિક એવું બોલે છે. "અતીત વિષય છે જેને, એવાં જે ઘટાદિ અછતા છે તેનું, જેમ જ્ઞાન થાય છે, તેમ ઘટાદિ કાર્ય અછતા જ=ઘટનિષ્પત્તિ પૂર્વે અવિદ્યમાન જ, માટી આદિ દળ થકી=માટી આદિ ઉપાદાન સામગ્રીથી, સામગ્રી મળેથી=નિમિત્ત સામગ્રી મળે ત્યારે, ઉત્પન્ન થાય છે.

હવે નૈયાયિક ફલિતાર્થ કહે છે –

અછતાની=અતીત એવાં અવિદ્યમાન ઘટની, જ્ઞપ્તિ થાય=બોધ થાય, તો અછતાની=માટી અવસ્થામાં અવિદ્યમાન એવાં ઘટની, ઉત્પત્તિ કેમ ન થાય ? અર્થાત્ અસત્ એવાં ઘટાદિ ઉત્પન્ન થઈ શકે.

વળી, નૈયાયિક પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

"ઘટનું કારણ અમે દંડાદિ કહીએ છીએ એમાં લાઘવ છે. તમારા મતે=સત્ એવાં ઘટની નિષ્પત્તિ સ્વીકારનાર એવાં જૈનના મતે, ઘટઅભિવ્યક્તિનું=ઘટનું નહીં પણ ઘટઅભિવ્યક્તિનું, દંડાદિ કારણ કહેવું તેમાં ગૌરવ છે. બીજું, અભિવ્યક્તિનું કારણ=ઘટની અભિવ્યક્તિનું કારણ, ચક્ષુ વિગેરે છે=ચક્ષુ, પ્રકાશ વિગેરે છે, પરંતુ દંડાદિ નથી, તે માટે=ઘટનું કારણ દંડાદિ સ્વીકારી શકાય નહીં તે માટે, ભેદ પક્ષ જ છે=માટીમાં ઘટનો ભેદપક્ષ જ ઈષ્ટ છે."

વળી, નૈયાયિક ભેદપક્ષ સ્થાપન કરે છે ત્યાં જૈનદર્શન કહે કે – માટીમાં દ્રવ્યઘટ સત્ છે અને તેને દંડાદિ અભિવ્યક્ત કરે છે માટે દ્રવ્યઘટઅભિવ્યક્તિનું કારણ દંડાદિ છે અને ઘટ નિષ્પન્ન થયા પછી તે ભાવઘટ છે તેને 'આ ઘટ છે' એ પ્રકારના બોધરૂપ ઘટઅભિવ્યક્તિનું કારણ ચક્ષુઆદિ છે, માટે સત્કાર્યવાદને સ્વીકારી શકાશે. ત્યાં નૈયાયિક કહે છે કે –

દ્રવ્યઘટની અભિવ્યક્તિનું કારણ=પિંડ અવસ્થામાં દ્રવ્યરૂપે રહેલ ઘટની અભિવ્યક્તિનું કારણ, દંડાદિ છે અને ભાવઘટની અભિવ્યક્તિનું કારણ ચક્ષુઆદિ છે એમ સ્વીકારવામાં ગૌરવ દોષ છે. માટે તે ઘટે નહીં=તે પ્રકારનો કાર્યકારણભાવ ઘટે નહીં. ॥૩/૯॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સત્કાર્યવાદ નયનું અવલંબન લઈને દ્રવ્યથી ગુણપર્યાયનો અભેદ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં નૈયાયિક કહે છે. "જેમ ભૂતકાળના ઘટાદિ પદાર્થો અત્યારે નથી, છતાં ભૂતકાળમાં જોયેલા ઘટાદિનું વર્તમાનમાં સ્મરણ થાય છે. તેથી અસત્ એવાં પણ ઘટાદિનું જ્ઞાન થઈ શકે છે, તેમ માટી આદિમાં

અસત્ એવાં ઘટાદિ થઈ શકે છે; કેમ કે માટી આદિ, ઘટની ઉપાદાન સામગ્રી છે અને તે સામગ્રીથી ઘટનિષ્પત્તિ માટે દંડાદિ વિવિધ સામગ્રી મળે તો ઘટ ઉત્પન્ન થઈ શકે છે."

પોતાની વાતની પુષ્ટિ કરવા અર્થે નૈયાયિક કહે છે કે, અછતાનું જ્ઞાન થઈ શકે તો, અછતાની ઉત્પત્તિ કેમ ન થઈ શકે ? આ પ્રમાણે કહીને અસત્કાર્યવાદનું સ્થાપન નૈયાયિક કરે છે અને તેમ સ્વીકારવાથી માટીની સાથે ઘટનો ભેદ સિદ્ધ થાય; કેમ કે માટીની સામગ્રીમાંથી માટીથી ભિન્ન એવો ઘટ નિષ્પન્ન થયો છે તેમ ફલિત થાય અને માટીથી ઘટને ભિન્ન સ્વીકારવામાં આવે તો માટીરૂપ દ્રવ્યથી ઘટરૂપ પર્યાયનો ભેદ સિદ્ધ થાય અને તેમ સ્વીકારીએ તો, દ્રવ્યગુણપર્યાયનો અભેદ સિદ્ધ થાય નહીં અને નૈયાયિકને દ્રવ્યગુણપર્યાયનો એકાંત જ ભેદ ઇષ્ટ છે. તેથી પોતાના કથનની પુષ્ટિ કરવા અર્થે કહે છે. ઘટનું કારણ અમે દંડાદિ કહીશું તેમાં લાઘવ છે અને ઘટાદિની અભિવ્યક્તિનું કારણ દંડાદિ છે તેમ તમે સ્વીકારો છો તેમાં ગૌરવ છે. એ આ રીતે –

ઘટને કાર્યરૂપે સ્વીકારવાથી કાર્યતાઅવચ્છેદક માત્ર ઘટત્વ થાય અને તેનું કારણ દંડાદિ થાય. તેથી કાર્યતાઅવચ્છેદક શરીર નાનું પ્રાપ્ત થાય છે, તેથી લાઘવ છે.

ઘટઅભિવ્યક્તિનું કારણ દંડાદિ સ્વીકારીએ તો ઘટઅભિવ્યક્તિરૂપ કાર્ય સ્વીકારવું પડે. તેથી કાર્યતાઅવચ્છેદક ઘટત્વ ન બને, પરંતુ ઘટઅભિવ્યક્તિત્વ બને. તેથી કાર્યતાઅવચ્છેદક શરીર મોટું પ્રાપ્ત થાય છે.

માટે લાઘવથી ઘટનું કારણ દંડાદિ છે તેમ જ સ્વીકારવું જોઈએ, પરંતુ ઘટઅભિવ્યક્તિનું કારણ દંડાદિ છે તેમ સ્વીકારવું ઉચિત નથી. વળી, પોતાના કથનનું સમર્થન કરવા અર્થે નૈયાયિક અનુભવ અનુસાર કહે છે –

ઘટ અંધારામાં પડ્યો હોય ત્યારે ઘટ દેખાતો નથી અને પ્રકાશ હોય છતાં ચક્ષુ સાથે ઘટનો સંયોગ થાય નહીં ત્યાં સુધી ઘટનો બોધ થાય નહીં. તેથી વિદ્યમાન એવાં ઘટની અભિવ્યક્તિનું કારણ ચક્ષુ, પ્રકાશ વિગેરે છે, પરંતુ ઘટની અભિવ્યક્તિમાં દંડાદિ કારણ નથી. આ પ્રકારે અનુભવ અનુસાર પોતાનું કથન કરીને નૈયાયિક ફલિતાર્થ કહે છે, "માટે ભેદપક્ષ જ સ્વીકારવો જોઈએ"=માટીથી ઘટનો ભેદ છે તેમ જ સ્વીકારવું જોઈએ.

અહીં સત્કાર્યવાદની દૃષ્ટિથી સ્યાદ્વાદી કહે છે – માટીમાં ઘટ દ્રવ્યરૂપે સત્ છે અને તેની અભિવ્યક્તિનું કારણ દંડ છે અને ભાવઘટ જ્યારે નિષ્પન્ન થાય છે, ત્યારે તે ભાવઘટની અભિવ્યક્તિનું કારણ ચક્ષુ વિગેરે છે, દંડાદિ નથી -તેમ સંગત થઈ શકે; કેમ કે ચક્ષુ વિગેરે ભાવઘટની અભિવ્યક્તિનું કારણ છે અને દંડાદિ દ્રવ્યઘટની અભિવ્યક્તિનું કારણ છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ત્યાં નૈયાયિક કહે છે કે, તેમ સ્વીકારવામાં ગૌરવ દોષ છે. માટે તેમ સ્વીકારી શકાય નહીં.

નૈયાયિકનો આશય એ છે કે ઘટનું કારણ દંડાદિ હોવાથી કાર્યતાઅવચ્છેદક ઘટત્વ થશે, જે લઘુધર્મ છે અને દ્રવ્યઘટ અભિવ્યક્તિનું કારણ દંડાદિ કહેવાથી દ્રવ્યઘટ અભિવ્યક્તિત્વ ધર્મ કાર્યતાઅવચ્છેદક

બનશે, જે ગુરુ છે. વળી, અમે ઘટઅભિવ્યક્તિનું કારણ ચક્ષુઆદિ કહીએ છીએ, ત્યાં કાર્યતાઅવચ્છેદક ધર્મ ઘટઅભિવ્યક્તિત્વ બનશે અને તમે ભાવઘટ અભિવ્યક્તિનું કારણ ચક્ષુઆદિ કહો છો, તેથી કાર્યતાઅવચ્છેદક ધર્મ ભાવઘટઅભિવ્યક્તિત્વ બનશે. જેથી ઘટઅભિવ્યક્તિત્વ ધર્મ કરતાં ભાવઘટઅભિવ્યક્તિત્વ ધર્મ ગુરુભૂત બનશે. માટે તે પ્રકારનો કાર્યકારણભાવ માનવો ઉચિત નથી, એમ કહીને દ્રવ્યથી પર્યાયનો ભેદ સ્વીકારવો જોઈએ, તેમ નૈયાયિક સ્થાપન કરે છે. **॥૩/૯॥**

અવતરણિકા :-

હવઈ એ મત દૂષઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે એ મત=પૂર્વગાથામાં બતાવેલ નૈયાયિકનો મત, દૂષિત કરે છે –

ગાથા :-

તે મિથ્યા, નહીં સર્વથા જી, અછતો વિષય અતીત;
પર્યાયારથ તે નહીં જી, દ્રવ્યારથ છઈ નિત્ય રે. ભવિકા૦ ॥૩/૧૦॥

ગાથાર્થ :-

તે મિથ્યા=પૂર્વગાથામાં નૈયાયિકે કહ્યું કે જેમ અતીત ઘટ અછતો હોવા છતાં જ્ઞાન થાય છે તેમ માટીમાં અછતા એવાં ઘટની દંડાદિથી ઉત્પત્તિ થાય છે તે મિથ્યા છે કેમ કે; અતીત વિષય સર્વથા અછતો નથી .

અતીત વિષય કેમ સર્વથા અસત્ નથી તેથી કહે છે –

પર્યાયાર્થિકનયથી તે નથી=અતીત વિષય નથી. દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે=અતીત વિષય પણ સર્વદા છે. ॥૩/૧૦॥

ટબો :-

'અછતાની જ્ઞપ્તિની પરિં અછતાની ઉત્પત્તિ હોઈ' ઈમ કહીઉં તે મત મિથ્યા, જે માટઈં અતીત વિષય ઘટાદિક, સર્વથા અછતો નથી. તે પર્યાયારથથી નથી, દ્રવ્યારથથી નિત્ય છઈ. નષ્ટ ઘટ પણિ મૃત્તિકારૂપઈં છઈ. સર્વથા ન હોઈ તો શશ-શૃંગ સરખો થાઈ. ॥૩/૧૦॥

ટબાર્થ :-

'અછતાના જ્ઞાનની જેમ અછતા એવાં ઘટની ઉત્પત્તિ થાય છે' એમ નૈયાયિકે કહ્યું તે મત મિથ્યા છે, જે માટે અતીત વિષયવાળા એવાં ઘટાદિક સર્વથા અછતા નથી=કથંચિત્ અસત્ હોવા છતાં સર્વથા અસત્ નથી.

કેમ સર્વથા અસત્ નથી તે સ્પષ્ટ કરે છે –

તે=અતીત ઘટાદિ, પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી નથી=વર્તમાનમાં નથી. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી નિત્ય છે માટે વર્તમાનમાં પણ છે.

અતીત ઘટ દ્રવ્યાર્થિકનયથી નિત્ય કેમ છે ? તે સ્પષ્ટ કરે છે –

નાશ પામેલો ઘટ પણ મૃત્તિકારૂપે છે. સર્વથા ન હોય તો શશશૃંગ સરખો થાય=જેમ શશશૃંગ સર્વથા નથી તેમ ઘટ નાશ પામ્યા પછી મૃત્તિકારૂપે પણ ઘટ પ્રાપ્ત થવો જોઈએ નહીં. ॥૩/૧૦॥

ભાવાર્થ :-

સ્યાદ્વાદની દૃષ્ટિથી દરેક પદાર્થો પરિણામી છે. તેથી તે તે દ્રવ્ય તે તે પરિણામરૂપે પરિણમે છે, પરંતુ કોઈ પદાર્થ સર્વથા નાશ પામતો નથી. તેથી એ ફલિત થાય કે દરેક પદાર્થ દ્રવ્યરૂપે છે અને તે દ્રવ્યમાં તે તે પર્યાય પરિવર્તન પામે છે. તે પ્રમાણે ઘટ નાશ થાય છે ત્યારે પણ ઘટ મૃત્તિકારૂપે રહે છે. તેથી જે ઘટનું કોઈને જ્ઞાન થાય છે, ત્યારે તે ઘટ જેમ વિદ્યમાન છે તેમ અતીત ઘટનું જ્ઞાન થાય છે ત્યારે તે અતીત ઘટ પણ દ્રવ્યરૂપે વિદ્યમાન છે, પરંતુ તે ઘટનો સર્વથા અભાવ થયો નથી. માટે નૈયાયિક કહે છે કે, "અવિદ્યમાન એવાં અતીત ઘટનું જ્ઞાન થાય છે તેમ ઘટનિષ્પત્તિ પૂર્વે અવિદ્યમાન એવો ઘટ સામગ્રીથી ઉત્પન્ન થઈ શકે છે. માટે માટીમાં ઘટનો અભેદ માનીને દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્થાપન કરવો એ ઉચિત નથી." તે તેનું વચન મિથ્યા છે; કેમ કે ઘટ નાશ પામ્યા પછી પણ માટીરૂપે તે ઘટ વિદ્યમાન ન હોય તો શશશૃંગની જેમ સર્વથા અસત્ પ્રાપ્ત થવો જોઈએ, પરંતુ જેમ શશશૃંગ કોઈ પ્રકારે અસ્તિત્વરૂપે ઉપલબ્ધ નથી તેમ ઘટ, ઘટપર્યાયરૂપે અનુપલબ્ધ હોવા છતાં ઘટના ઉપાદાન કારણરૂપ માટી દ્રવ્યરૂપે ઉપલબ્ધ છે, માટે સર્વથા ઘટ અસત્ નથી. **॥૩/૧૦॥**

અવતરણિકા :-

'સર્વથા અછતો અર્થ જ્ઞાનમાંહિ ભાસઈ છઈ' એહવું કહઈ છઈ, તેહને બાધક દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

'સર્વથા અવિદ્યમાન અર્થ જ્ઞાનમાં ભાસે છે' એ પ્રમાણે નૈયાયિક કહે છે તેને બાધક દેખાડે છે –

ભાવાર્થ :-

ગાથા-૯માં નૈયાયિકે કહેલ કે અતીત ઘટ નથી છતાં તેનું જ્ઞાન થાય છે અને તેના બળથી માટીમાં અવિદ્યમાન ઘટ ઉત્પન્ન થાય છે તેમ સ્થાપન કર્યું, તે મતને ગાથા-૧૦માં દૂષણ આપ્યું. આમ છતાં નૈયાયિક કહે છે તેમ સર્વથા અવિદ્યમાન એવો અતીત ઘટ જ્ઞાનમાં ભાસે છે, તેમ તે સ્વીકારે તો તેને શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

અછતૂં ભાસઇં ગ્યાનનઇં જી, જો "સ્વભાવિ સંસાર;
કહતો જ્ઞાનાકાર" તો જી, જીપઇ યોગાચાર રે. ભવિકા૦ ॥૩/૧૧॥

ગાથાર્થ :-

જો અછતું જ્ઞાનમાં ભાસે છે=અછતો એવો અતીત ઘટ જ્ઞાનમાં ભાસે છે, તો સ્વભાવિ=સ્વભાવથી, જ્ઞાનાકાર સંસારને કહેતો યોગાચાર જીતે. ॥૩/૧૧॥

ટબો :-

જો "જ્ઞાનનઇં સ્વભાવઇં, અછતો અર્થ, અતીત ઘટ પ્રમુખ ભાસઇ," એહવું માનિઇં, તો-"સારો સંસાર જ્ઞાનાકાર જ છઇ. બાહ્ય આકાર અનાદિ અવિદ્યા વાસનાઇં અછતા જ ભાસઇ છઇ, જિમ સ્વપ્નમાંહિ અછતા પદાર્થ ભાસઇ છઇ. બાહ્યાકારરહિત શુદ્ધ જ્ઞાન, તે બુદ્ધનઇં જ હોઇ," ઇમ કહતો યોગાચાર નામઇં ત્રીજો બૌદ્ધ જ જીપઇ; તે માટઇ અછતાનું જ્ઞાન ન હોઇ. ॥૩/૧૧॥

ટબાર્થ :-

જો જ્ઞાનના સ્વભાવથી અછતો અર્થ=અતીત ઘટ વગેરે અર્થ, ભાસે છે એવું માનીએ=નૈયાયિક કહે છે એવું માનીએ, તો સારો સંસાર જ્ઞાનાકાર જ છે=જ્ઞાનથી અતિરિક્ત દેખાતા બાહ્ય પદાર્થો પરમાર્થથી નથી, પરંતુ સ્વસંવેદનરૂપ જ્ઞાનસ્વરૂપ જ સંસાર છે. બાહ્ય આકાર અનાદિની અવિદ્યા વાસના એ અછતા જ ભાસે છે, જેમ સ્વપ્નમાં અછતા પદાર્થો ભાસે છે. બાહ્ય આકાર રહિત શુદ્ધ જ્ઞાન તે બુદ્ધને જ હોય-એમ કહેતો યોગાચાર નામનો ત્રીજો બૌદ્ધ જીતે=યોગાચાર નામના ત્રીજા બૌદ્ધ મત પ્રમાણે નૈયાયિકે જ્ઞાન અદ્વૈતમત સ્વીકારવો જોઈએ. તે માટે=યોગાચારનો જ્ઞાનઅદ્વૈતમત નૈયાયિકને માન્ય નથી તે માટે, અછતાનું જ્ઞાન થાય નહીં તેમ માનવું જોઈએ. ॥૩/૧૧॥

ભાવાર્થ :-

બૌદ્ધના ચાર મતો છે. તેમાંથી યોગાચાર નામનો ત્રીજો બૌદ્ધ જ્ઞાનઅદ્વૈતવાદી છે. તેના મતે સંસારી જીવોને અવિદ્યાવાસનાથી બાહ્યઆકારરૂપ જ્ઞાનની સંતતિ પ્રવર્તે છે અને બાહ્યઆકારથી રહિત શુદ્ધ જ્ઞાનની સંતતિ બુદ્ધને પ્રવર્તે છે. વળી, બાહ્યઆકારની જ્ઞાનની સંતતિરૂપ આ સંસાર છે અને સાધના કરીને જેઓ મુક્ત થાય છે, તેઓને શુદ્ધ જ્ઞાનની સંતતિ રહે છે. બાહ્યઆકારવાળી જ્ઞાનની સંતતિ રહેતી નથી. વળી, જ્ઞાનથી અતિરિક્ત બાહ્ય પદાર્થ નથી તેમ સ્વીકારવામાં યોગાચાર યુક્તિ આપે છે – આત્માને ઘટપટાદિનું જ્ઞાન થાય છે, તેના જ બળથી ઘટપટાદિ બાહ્ય પદાર્થો છે, તેમ લોકો સ્થાપન કરે છે અને તેમ સ્વીકારવામાં ઘટપટાદિ આકારવાળું જ્ઞાન અને ઘટપટાદિ પદાર્થો એમ બે પદાર્થની કલ્પના કરવી પડે છે

અને ઘટપટાદિ આકારરૂપ જ જ્ઞાન છે, જ્ઞાનથી અતિરિક્ત બાહ્ય પદાર્થ નથી તેમ સ્વીકારીએ તો માત્ર જ્ઞાન સ્વીકારવાથી અનુભવની સંગતિ થાય છે. તેમાં તે દૃષ્ટાંત આપે છે કે સ્વપ્નમાં બાહ્ય પદાર્થો વગર ઘટપટાદિનું જ્ઞાન થઈ શકે છે તેમ સંસારી જીવોને બાહ્ય પદાર્થો વગર ઘટપટાદિ આકારવાળું જ્ઞાન થાય છે અને તેવું જ્ઞાન થવાને કારણે સંસારી જીવો ક્લેશને પામે છે અને દુઃખી થાય છે પરંતુ જ્યારે યોગમાર્ગની સાધનાથી અનાદિની અવિદ્યાની વાસના નાશ પામે છે, ત્યારે ઘટપટાદિ બાહ્યઆકારવાળું જ્ઞાન થતું નથી, માત્ર શુદ્ધ જ્ઞાન, બાહ્યઆકારથી શૂન્ય વર્તે છે. આમ કહીને બાહ્ય પદાર્થોનો યોગાચાર અપલાપ કરે છે.

હવે જો નૈયાયિક કહે કે જ્ઞાનના સ્વભાવને કારણે અતીત ઘટ અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં ભાસે છે, તો નૈયાયિકે સ્વીકારવું જોઈએ કે જ્ઞાનના સ્વભાવને કારણે દેખાતા બાહ્ય પદાર્થો પણ અછતા ભાસે છે, જેમ સ્વપ્નના દૃષ્ટાંતથી યોગાચાર સ્વીકારે છે અને તેમ સ્વીકારવાથી યોગાચારનો મત જ જીતે, જે નૈયાયિકને ઇષ્ટ નથી. તેથી તે મતના નિરાકરણ અર્થે નૈયાયિકે કહેવું જોઈએ કે બાહ્ય પદાર્થ ન હોય તો જ્ઞાન થઈ શકે નહીં. તેથી અતીત ઘટ પણ પર્યાયરૂપે નથી અને દ્રવ્યરૂપે છે માટે તેનું જ્ઞાન થાય છે અને સ્વપ્નમાં પણ સર્વથા અછતા પદાર્થ દેખાતા નથી, પરંતુ જગતમાં વિદ્યમાન જ પદાર્થો જોઈને તે પદાર્થોવિષયક સંસ્કારો આત્મામાં પડેલા છે અને તે સંસ્કારો જાગ્રત થવાથી ઊંઘમાં ઘટપટાદિ દેખાય છે અને તે ઘટપટાદિ જગતમાં વિદ્યમાન છે, સર્વથા અસત્ નથી. ફક્ત ચક્ષુથી પ્રત્યક્ષ કરવા માટે પુરોવર્તી ઘટપટાદિની આવશ્યકતા છે. સ્મૃતિ માટે પુરોવર્તી ઘટ ન હોય તોપણ તેની સ્મૃતિ થઈ શકે છે તેમ ઊંઘમાં પણ પુરોવર્તી અવિદ્યમાન જ એવાં કોઈકરૂપે કોઈક સ્થાને વિદ્યમાન જ એવાં ઘટાપટાદિ પદાર્થો દેખાય છે અને તેમ સ્વીકારવાથી સર્વથા અસત્નું જ્ઞાન થતું નથી તેમ સિદ્ધ થાય અને તેમ સિદ્ધ થવાથી સર્વથા અસત્ એવાં ઘટાદિ ઉત્પન્ન થતા નથી તેમ સિદ્ધ થાય. તેથી દ્રવ્યમાં સત્ જ એવાં ઘટાદિ ઉત્પન્ન થાય છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારવાથી દ્રવ્યગુણપર્યાયનો અભેદ સિદ્ધ થાય છે. **॥૩/૧૧॥**

અવતરણિકા :-

"જો અછતાનું જ્ઞાન ન હોઈ, તો "હવણાં મઈં અતીત ઘટ જાણ્યો" ઈમ-કિમ કહવાઈ છઈ ?" તે ઉપરિ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

જો અછતાનું જ્ઞાન ન થાય તો "હમણાં મને અતીત ઘટ જણાય છે" એમ કેમ કહેવાય છે ? તે ઉપર કહે છે –

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, ભૂતકાળની વસ્તુ સર્વથા અસત્ હોય અને જ્ઞાનમાં ભાસે છે તેમ સ્વીકારીએ તો, સર્વસંસારને જ્ઞાનાકાર માનતો યોગાચાર મત જીતશે. આમ કહીને એ સ્થાપન કર્યું કે, સર્વથા અસત્ પદાર્થનું જ્ઞાન થતું નથી. ત્યાં કોઈ શંકા કરે છે કે જો અછતાનું જ્ઞાન ન થતું હોય તો

અતીત ઘટ હમણાં નથી છતાં "હમણાં મેં તે અતીત ઘટને જાણ્યો છે" એ પ્રકારનો પ્રમાણિક વ્યવહાર થાય છે તે કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં, એ પ્રકારની શંકા ઉપર ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

"હવડાં જાણ્યો અરથ તે જી", ઇમ અતીત જે જણાઇં;
વર્તમાન પર્યાયથી જી, વર્તમાનતા થાઇ રે. ભવિકા૦ ॥૩/૧૨॥

ગાથાર્થ :-

"હમણાં જાણ્યો અર્થ તે અતીત છે" એમ જે જણાય છે. વર્તમાન પર્યાયથી=વર્તમાનમાં વિદ્યમાન એવાં જ્ઞેયાકારરૂપ પર્યાયથી, વર્તમાનતા થાય=તે અતીત ઘટમાં વર્તમાનતા થાય. ॥૩/૧૨॥

ટબો :-

"તે અતીત ઘટ મઈં હવણાં જાણ્યો" ઈમ જે જણાઈ છઈ, તિહાં દ્રવ્યથી છતા= અતીત, ઘટનઈ વિષઈ, વર્તમાનજ્ઞેયાકારરૂપ-પર્યાયથી "હવણાં" અતીત ઘટ જાણ્યો જાઈ છઈ.

અથવા- નૈગમનયથી અતીતનઈં વિષઈં વર્તમાનતાનો આરોપ કીજઈ છઈ, પણિ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાઈ. ॥૩/૧૨॥

ટબાર્થ :-

"તે અતીત ઘટ મેં હમણાં જાણ્યો" એમ જે જણાય છે, ત્યાં દ્રવ્યથી છતા=અતીત ઘટ તૂટી ગયા પછી માટીરૂપ દ્રવ્યમાં ઠીકરારૂપે વિદ્યમાન છતા, એવાં અતીત ઘટમાં વર્તમાન જ્ઞેયાકારરૂપ પર્યાયથી=વર્તમાનમાં ઘટરૂપે જ્ઞેયનો આકાર ઉપસ્થિત કરાવે એ રૂપ પર્યાયથી, હમણાં અતીત ઘટ જાણ્યો જાય છે.

અથવા, નૈગમનયથી અતીતને વિષે=અતીત ઘટના વિષયમાં, વર્તમાનતાનો આરોપ કરાય છે તેથી "અતીત ઘટ મેં હમણાં જાણ્યો" એમ બોલાય છે પણ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાય. ॥૩/૧૨॥

ભાવાર્થ :-

પૂર્વપક્ષી શંકા કરે છે કે જો અછતાનું જ્ઞાન ન થાય તો, વર્તમાનમાં અતીત ઘટ નથી છતાં તૂટેલા ઘટને જોઈને કહેવાય છે કે, "હમણાં મેં અતીત ઘટ જાણ્યો છે" અર્થાત્ "હમણાં મને આ ઠીકરામાં રહેલા ભૂતકાળના ઘટનું જ્ઞાન થાય છે" અને તે વખતે "ઘટ નથી માટે અતીત ઘટનું જ્ઞાન થાય છે તેમ માનવું જોઈએ." તેને ગ્રંથકારશ્રી કહે છે –

ઠીકરાને જોઈને "હમણાં મને અતીત ઘટ જણાય છે" એ પ્રમાણે જે જણાય છે તે સ્થાનમાં પણ તે ઘટ પર્યાયરૂપે વિદ્યમાન નથી તોપણ તે ઘટનું ઉપાદાન કારણ એવું માટીરૂપ દ્રવ્ય વિદ્યમાન છે અને તે માટીને જોઈને માટીમાં અતીત ઘટ વર્તમાન જ્ઞેયાકારરૂપ પર્યાયથી વિદ્યમાન છે અર્થાત્ જેમ માટી, માટીરૂપે વિદ્યમાન છે તેમ માટીમાં ઘટનો જ્ઞેયાકાર પર્યાય પણ વર્તમાનમાં વિદ્યમાન છે. આથી જ તે માટીને જોઈને 'તે ઘટને હું જાણું છું' તેમ બોલાય છે. જો માટીમાં જેમ ઘટનો પર્યાય નથી, તેમ વર્તમાનમાં ઘટનો જ્ઞેયાકાર પર્યાય પણ ન હોય તો, તે માટીને જોઈને ઘટનો બોધ થઈ શકે નહીં. જેમ, તે માટીમાં વર્તમાન જ્ઞેયાકારરૂપે મનુષ્યનો પર્યાય વિદ્યમાન નથી. તેથી તે માટીને જોઈને "અતીત એવાં તે મનુષ્યને હું જોઉ છું" તેવો બોધ થતો નથી. તેથી નક્કી થાય છે કે અતીત ઘટ માટીમાં જણાય છે ત્યારે સર્વથા અસત્ નથી, ફક્ત ઘટપર્યાયરૂપે અસત્ છે અને દ્રવ્યરૂપે સત્ એવાં ઘટમાં વર્તમાનમાં ઘટનો જ્ઞેયાકારપર્યાય વિદ્યમાન છે, તે પર્યાયથી માટીમાં અતીત ઘટ જણાય છે.

કેટલીક વખત ઘટ તૂટી ગયા પછી ઠીકરા આદિ અવસ્થા ત્યાં વિદ્યમાન હોય છે અને તેને જોઈને "અતીત ઘટને હમણાં મેં જાણ્યો" તેવો વ્યવહાર થાય છે પરંતુ કેટલીક વખત તે ઘટ ફૂટી ગયા પછી ત્યાં ઘટ વિદ્યમાન નથી અને ઠીકરારૂપે પણ ત્યાં વિદ્યમાન નથી. આમ છતાં જે સ્થાનમાં ઘટ હંમેશાં રહેતો હોય તે સ્થાનને જોઈને અતીત ઘટ ઉપસ્થિત થાય છે અને કહેવાય છે કે "ગઈકાલનો ઘટ મને અહીં દેખાય છે". તે સ્થાનમાં દ્રવ્યથી પણ ઘટ નથી. તેથી સર્વથા અસત્ એવાં પણ ઘટનો તે સ્થાનમાં બોધ થાય છે. માટે સર્વથા અસત્નું જ્ઞાન થતું નથી તેમ કેમ કહી શકાય ? તેના સમાધાનરૂપે 'અથવા' થી બીજો વિકલ્પ કહે છે.

નૈગમનયથી અતીતના વિષયમાં વર્તમાનતાનો આરોપ કરાય છે. આશય એ છે કે, કોઈ પરિચિત વ્યક્તિને પોતે કોઈક નિયત સ્થાનમાં બેઠેલી જોઈ હોય, ત્યારપછી તે વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તે વ્યક્તિ તે મનુષ્યપર્યાયરૂપે પણ નથી અને દ્રવ્યરૂપે કોઈક ભવમાં હોવા છતાં વર્તમાનમાં દ્રવ્યરૂપે પણ સન્મુખ નથી છતાં જોનાર વ્યક્તિ કહે છે કે, "આ વ્યક્તિને હું સામે બેઠેલી જોઈ રહ્યો છું." તે સ્થાનમાં અસત્ એવી તે વ્યક્તિનું જ્ઞાન થાય છે, તેમ કહીને સર્વથા અસત્ વસ્તુનું જ્ઞાન થઈ શકે છે, તેમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે, જે પુરુષ મૃત્યુ પામેલ છે તે અતીત કાળમાં તે સ્થાનમાં હતો અને તે સ્થાનને જોઈને નૈગમનયથી તે અતીત પુરુષમાં વર્તમાનકાળનો આરોપ કરીને "તે અતીત પુરુષને હું અહીં સન્મુખ જોઉં છું" તે પ્રકારનો વ્યવહાર થાય છે.

જેમ, "વીર ભગવાનનો આજે જન્મદિવસ છે" એમ બોલીએ છીએ તે સ્થાનમાં પણ અતીત એવાં ભગવાનના જન્મદિવસમાં નૈગમનયથી વર્તમાનકાળનો આરોપ કરીને "આજે ભગવાનનો જન્મદિવસ છે" તેમ કહેવાય છે. તેથી અતીતમાં વર્તમાનના આરોપથી જે પ્રયોગ થતો હોય, તેનાથી અછતા એવાં અતીતનું જ્ઞાન થાય છે તેમ સ્થાપન થઈ શકે નહીં. માટે સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન થઈ શકે નહીં તેમ માનવું પડે. **॥૩/૧૨॥**

અવતરણિકા :-

સર્વથા અસત્ વસ્તુનું જ્ઞાન થઈ શકે નહીં, એમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું. આમ છતાં સર્વથા અસત્નું જ્ઞાન નૈયાયિક માને છે તેને તેમ સ્વીકારવામાં દોષ બતાવે છે –

ગાથા :-

ધર્મી, અછતઇં ધર્મ, જો જી, અછતઇં કાલિં સુહાઇં;
સર્વ કાલિં નિર્ભયપણઇ જી, તો શશશૃંગ જણાઇં રે. ભવિકા૦ ॥૩/૧૩॥

ગાથાર્થ :-

ધર્મી એવો ઘટ અછતા ધર્મવાળો=અવિધમાન ઘટત્વ ધર્મવાળો, અવિધમાનકાળમાં=પોતે જ્યારે વિધમાન નથી તે કાળમાં, સુહાય છે=તેનું જ્ઞાન થાય છે, તે પ્રમાણે નૈયાયિકને અભિમત છે તો, સર્વકાળમાં=ત્રણે કાળમાં, નિર્ભયપણે શશશૃંગ પણ તને જણાવું જોઈએ. ॥૩/૧૩॥

ટબો :-

'ધર્મી-અતીત ઘટ, અછતઈં ધર્મ-ઘટત્વ, અછતઈં કાલિં-ઘટનઈં અભાવકાલઈં ભાસઈ છઈં, અથવા ધર્મી-અતીત ઘટ, અછતઈં ધર્મ-જ્ઞેયાકાર, અછતઈં કાલઈ ભાસઈ છઈં,'' ઈમ જો તુઝને ચિત્તમાંહિ સુહાઈ, તો-સર્વ-અતીત, અનાગત, વર્તમાન, કાલઈં નિર્ભયપણાઈ-અદૃષ્ટશંકારહિતપણાઈં શશશૃંગ પણિ જણાણું જોઈઈ. ॥૩/૧૩॥

ટબાર્થ :-

ધર્મી=અતીત ઘટ, તેમાં ઘટત્વ ધર્મ અવિધમાન છે અને અછતાકાળમાં=ઘટના અભાવકાળમાં, ભાસે છે=ઘટ ભાસે છે.

"અથવા"થી બીજી રીતે અર્થ કરે છે.

"અથવા" ધર્મી=અતીત ઘટ, અછતઈ ધર્મ=અછતો જ્ઞેયાકાર ધર્મ, અછતાકાળને વિશે ભાસે છે એમ જો તને=નૈયાયિકને, ચિત્તમાં સોહાય છે=સંગત લાગે છે, તો સર્વ એવાં અતીત, અનાગત અને વર્તમાન – ત્રણે કાળમાં નિર્ભયપણે=ક્યારેય જોવાયેલું નથી એ પ્રકારની અદૃષ્ટ શંકારહિતપણે, શશશૃંગ પણ જણાવું જોઈએ. ॥૩/૧૩॥

ભાવાર્થ :-

નૈયાયિક અસત્ એવાં ઘટની ઉત્પત્તિ સ્વીકારે છે અને તેના બળથી માટીથી ઘટને એકાંત ભિન્ન સ્થાપન કરે છે અને ગ્રંથકારશ્રી માટીરૂપ દ્રવ્યથી ઘટરૂપ પર્યાયને અભિન્ન સ્વીકારે છે. તેના નિરાકરણ માટે નૈયાયિક કહે છે કે, ભૂતકાળનો ઘટ અવિદ્યમાન છે, છતાં તેનું જ્ઞાન થાય છે તેમ માટીમાં અવિદ્યમાન

ઘટ દંડાદિ સામગ્રીથી ઉત્પન્ન થઈ શકે છે. તેને ગ્રંથકારશ્રીએ કહ્યું કે, અતીત ઘટ સર્વથા અસત્ નથી, પરંતુ દ્રવ્યરૂપે સત્ જ છે.હવે જો નૈયાયિક કહે કે, અતીત એવો ઘટ અછતા એવાં ઘટત્વ ધર્મવાળો અવિદ્યમાન કાળમાં ભાસે છે. માટે અસત્નું જ્ઞાન સ્વીકારવામાં દોષ નથી."અથવા" નૈયાયિક કહે કે, અતીત એવો ઘટ અવિદ્યમાન એવાં જ્ઞેયાકાર ધર્મવાળો અછતાકાળમાં ભાસે છે. માટે અસત્નું જ્ઞાન સ્વીકારવામાં વાંધો નથી.

તેને ગ્રંથકારશ્રી દોષ આપે છે કે આ પ્રમાણે નૈયાયિક સ્વીકારે તો, અવિદ્યમાનકાળમાં અવિદ્યમાન ધર્મવાળો અતીત ઘટ જ્ઞાનમાં ભાસે છે. માટે અસત્નું જ્ઞાન થઈ શકે છે તો જેમ અતીત ઘટ અવિદ્યમાનકાળમાં જ્ઞાનનો વિષય બને છે તેમ અવિદ્યમાન એવું શશશૃંગ પણ ત્રણે કાળમાં જ્ઞાનનો વિષય બનવો જોઈએ; કેમ કે જેમ અવિદ્યમાન એવાં પણ ઘટનું જ્ઞાન અવિદ્યમાનકાળમાં થઈ શકે છે તેમ ત્રણે કાળમાં અવિદ્યમાન એવાં શશશૃંગનું જ્ઞાન પણ ત્રણે કાળમાં થવું જોઈએ. પરમાર્થથી શશશૃંગનું જ્ઞાન કલ્પનાથી થઈ શકે છે, પરંતુ શશશૃંગ અતીત કાળમાં વિદ્યમાન હતું, અનાગતકાળમાં વિદ્યમાન હશે કે વર્તમાનકાળમાં વિદ્યમાન છે તેમ ક્યારેય થતું નથી, તેમ નૈયાયિક પણ માને છે. તેથી જેમ સર્વથા શશશૃંગ નથી માટે તેનું જ્ઞાન થતું નથી, તેમ અતીત ઘટ પણ જો સર્વથા ન હોય તો તેનું જ્ઞાન થઈ શકે નહીં.

આનાથી એ ફલિત થયું કે, અતીત વસ્તુનું જ્ઞાન થાય છે માટે તે સર્વથા અસત્ નથી. તેથી અસત્નું જ્ઞાન જેમ થઈ શકે નહીં તેમ અસત્ વસ્તુ પણ ઉત્પન્ન થઈ શકે નહીં, પરંતુ દ્રવ્યરૂપે સત્ જ પર્યાય રૂપે ઉત્પન્ન થાય છે. માટે દ્રવ્યની સાથે પર્યાયનો અભેદ છે. **॥૩/૧૩॥**

અવતરણિકા :-

ઈમ નથી –

અવતરણિકાર્થ :-

એમ નથી –

ભાવાર્થ :-

ગાથા-૧૩માં કહ્યું કે અતીત એવાં અછતા ઘટનું જ્ઞાન થતું હોય તો ત્રણે કાળમાં અછતા એવાં શશશૃંગનું પણ જ્ઞાન થવું જોઈએ-"એમ નથી" અર્થાત્ શશશૃંગનું જ્ઞાન થતું નથી તેથી શું ? તે ગાથા-૧૪માં બતાવે છે –

ગાથા :-

તે માટઇં અછતા તણો જી, બોધ ન જનમ ન હોઇ;
કારય-કારણનઇં સહી જી, છઇ અભેદ ઇમ જોઇ રે. ભવિકા૦ ॥૩/૧૪॥

ગાથાર્થ :-

તે માટે=અછતા એવાં શશશૃંગનું જ્ઞાન થતું નથી તે માટે, અછતા તણોજી બોધ ન=અછતાનો

બોધ થતો નથી, જનમ ન હોઈ=અછતાનો જન્મ થતો નથી. કાર્ય-કારણનો સહી=નક્કી, અભેદ છે ઈમ જોઈ રે=એમ વિચારીને, દ્રવ્યગુણપર્યાયનો પણ અભેદ છે એમ સંબંધ છે. ॥૩/૧૪॥

ટબો :-

તે માટઈ અછતા અર્થનો બોધ ન હોઈ, જન્મ પણિ ન હોઈ. ઈમ નિર્ધાર કાર્ય-કારણનો અભેદ છઈ; તે દૃષ્ટાંતઈ-દ્રવ્ય, ગુણ, પર્યાયનો પણિ અભેદ છઈ, ઈમ સદ્દહવું. ॥૩/૧૪॥

ટબાર્થ :-

તે માટે=અછતા એવાં શશશૃંગનો બોધ થતો નથી તે માટે, અછતા અર્થનો=અવિદ્યમાન એવાં ઘટાદિનો, બોધ ન થાય; જન્મ પણ ન થાય=ઉત્પત્તિ પણ ન થાય; એમ નિર્ધાર કરીને, કાર્ય-કારણનો અભેદ છે. તે દૃષ્ટાંતથી=કાર્ય-કારણનો અભેદ છે તે દૃષ્ટાંતથી, દ્રવ્યગુણપર્યાયનો પણ અભેદ છે એમ શ્રદ્ધા કરવી જોઈએ. ॥૩/૧૪॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું એ પ્રમાણે સર્વથા અસત્ એવાં શશશૃંગનું જ્ઞાન ક્યારેય થતું નથી. તેથી એ ફલિત થાય છે કે જે વસ્તુ સર્વથા ન હોય તેનો બોધ થઈ શકે નહીં. વળી, જેમ અવિદ્યમાન વસ્તુનો બોધ ન થઈ શકે તેમ અવિદ્યમાન વસ્તુની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. માટે માટીમાં દ્રવ્યરૂપે સત્ એવો ઘટ, દંડાદિ સામગ્રીથી પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે.

આ રીતે કાર્યકારણભાવનો અભેદ નિર્ધાર થાય છે; કેમ કે કારણ એવી માટી જ ઘટપર્યાયરૂપે પરિણમન પામી. માટે ઘટરૂપ કાર્ય અને માટીરૂપ કારણનો ભેદ નથી, પરંતુ અભેદ જ છે.

તે દૃષ્ટાંતથી એ સિદ્ધ થાય છે કે દ્રવ્યગુણપર્યાયનો પણ અભેદ છે; કેમ કે દરેક દ્રવ્યો તે તે ગુણસ્વરૂપ છે અને તે તે સામગ્રીને પામીને તે તે પર્યાયરૂપે પરિણમન પામે છે. માટે દ્રવ્યથી, તે દ્રવ્યના ગુણ અને તે દ્રવ્યના પર્યાયનો ભેદ નથી પરંતુ અભેદ જ છે એમ શ્રદ્ધા કરવી જોઈએ. **॥૩/૧૪॥**

અવતરણિકા :-

એ ભેદના ઢાલ ઉપરિ અભેદનો ઢાલ કહિયો, જે માટઈ ભેદનય પક્ષનો અભિમાન અભેદનય ટાલઈ. હવઈ એ બિહું નયના સ્વામી દેખાડીનઈ, સ્થિત પક્ષ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

ભેદ નયને બતાવનારી બીજી ઢાળ ઉપર અભેદ નયને બતાવનારી ત્રીજી ઢાળ ગ્રંથકારશ્રીએ

કહી. જે માટે ભેદનય પક્ષનું અભિમાન અભેદનય ટાળે છે. હવે ભેદનય અને અભેદનય – એ બંને નયના સ્વામી દેખાડીને સ્થિતપક્ષ કહે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી સ્યાદ્વાદને માનનારા છે, આમ છતાં બીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ બતાવ્યો. ત્યારપછી તેના ઉપર ત્રીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો અભેદ બતાવ્યો. ત્યાં પ્રશ્ન થાય કે, દ્રવ્યગુણપર્યાયનો ભેદ બતાવ્યા પછી અભેદપક્ષ કેમ બતાવ્યો ? તેથી કહે છે કે તેમ બતાવવાથી ભેદપક્ષનું અભિમાન અભેદપક્ષ ટાળે છે. તેથી એકાંત ભેદપક્ષ પણ અભિમાન વગરનો બને છે અને અભેદપક્ષ પણ ગ્રંથકારશ્રીને એકાંતે ઇષ્ટ નથી. ફક્ત ભેદપક્ષના અભિમાનને ટાળવા માટે અભેદ પક્ષ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં બતાવેલ છે.

હવે ભેદનયને માનનારા કોણ છે અને અભેદનયને માનનારા કોણ છે તે બતાવીને ઉભયનયને માનનાર એવો સ્થિતપક્ષ બતાવે છે –

ગાથા :-

ભેદ ભણઇ નઇયાયિકો જી, સાંખ્ય અભેદ પ્રકાશ;
જઇન ઉભય વિસ્તારતો જી, પામઇ સુજસ વિલાસ રે. ભવિકા૦ ॥૩/૧૫॥

ગાથાર્થ :-

નૈયાયિક ભેદ ભણે છે=કહે છે, સાંખ્ય અભેદનું પ્રકાશ કરે છે. જૈન ઉભયને=ભેદાભેદને, વિસ્તારતો સુયશના વિલાસને પામે છે. ॥૩/૧૫॥

ટબો :-

ભેદ તે નૈયાયિક ભાષઈ, જે માટઈં તે અસત્કાર્યવાદી છઈ. સાંખ્ય તે અભેદનય પ્રકાશઈ છઈ. જઈન તે બેહુ નય સ્યાદ્વાદઈં કરીનઈં વિસ્તારતો ભલા યશનો વિલાસ પામઈ, જે માટિં પક્ષપાતી બેહુ નય માંહોમાંહિં ઘસાતાં, સ્થિતપક્ષ અપક્ષપાતી-સ્યાદ્વાદીનો જ દીપઈ. ઉક્તં ચ–

"अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते" ।।३०।।

तथा –

"य एव दोषाः किल नित्यवादे, विनाशिवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन! शासनं ते" ।।२६।।

(कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यकृत-अन्ययोगव्यवछेदकद्वात्रिंशिका) ॥३/१५॥

ટબાર્થ :-

ભેદ=દ્રવ્યગુણપર્યાયનો ભેદ, નૈયાયિક બોલે છે, જે માટે તે અસત્કાર્યવાદી છે. સાંખ્ય, તે અભેદનયને પ્રકાશે છે. જૈન-તે બેઉ નયને સ્યાદ્વાદે કરીને વિસ્તારતો ભલા યશના વિલાસને પામે છે.

બેઉ નયને વિસ્તારતો જૈન કેમ ભલા યશના વિલાસને પામે છે ? તેથી કહે છે –

જે માટે પક્ષપાતી બેઉ નય=નૈયાયિકનો ભેદ નય અને સાંખ્યનો અભેદ નય, માંહોમાંહે=પરસ્પર, ઘસાતા=એકબીજાથી નિરાકરણ કરાતા, અપક્ષપાતી એવાં સ્યાદ્વાદીનો જ=બેઉ નય પ્રત્યે પક્ષપાત વગરના એવાં સ્યાદ્વાદીનો જ, સ્થિતપક્ષ દીપે છે=બેઉ નયને સ્વીકારવારૂપ સ્થિત પક્ષ દીપે છે.

उक्तं च=અને કહેવાયું છે –

"अन्योऽन्यपक्षप्रतिपक्षभावात्=અન્યોન્ય પક્ષ-પ્રતિપક્ષભાવને કારણે=તે તે નય પર ચાલનારા તે તે દર્શન વચ્ચે અન્યોન્ય પક્ષ-પ્રતિપક્ષ હોવાને કારણે, यथा परे=જે પ્રમાણે પર અર્થાત્ અન્ય દર્શનવાળા, मत्सरिणः प्रवादाः=મત્સરિ પ્રવાદો છે=પોતાનાથી ભિન્ન દર્શનો પ્રત્યે દ્વેષવાળાં દર્શનો છે, तथा ते समयः=અને તારો સમય=ભગવાનનો સિદ્ધાંત, नयानशेषानविशेषमिच्छन्=અશેષ નયોને અર્થાત્ બધા નયોને, અવિશેષ સ્વીકારતો, न पक्षपाती=પક્ષપાતી નથી=કોઈ નય પ્રત્યે પક્ષપાતવાળો નથી." ॥૩૦॥

तथा=અને –

"य एव किल=જે જ ખરેખર, नित्यवादे दोषाः=નિત્યવાદમાં દોષો છે, તે एव=તે જ, विनाशिवादेऽपि=વિનાશીવાદમાં પણ=અનિત્યવાદમાં પણ, समः=સમાન છે जिन !=હે જિન, ते शासनं=તમારું શાસન, परस्परध्वंसिषु कण्टकेषु=પરસ્પર ધ્વંસ કરનારા કાંટાઓમાં, अधृष्यं जयति=નહીં ઘસાતું, જય પામે છે." ॥૨૬॥ **(કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યકૃત અન્યયોગવ્યવચ્છેદક દ્વાત્રિંશિકા) ॥૩/૧૫॥**

ભાવાર્થ :-

પ્રસ્તુત ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્થાપન કર્યો અને તેની પૂર્વની ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ સ્થાપન કરેલ, તેથી એ ફલિત થયું કે, ભગવાનનું શાસન દ્રવ્યગુણપર્યાયનો કોઈક દૃષ્ટિથી ભેદ સ્વીકારે છે અને કોઈક દૃષ્ટિથી અભેદ સ્વીકારે છે. વળી, જે દૃષ્ટિથી ભેદ સ્વીકારે છે તે દૃષ્ટિથી ભગવાનનું શાસન અસત્કાર્યવાદી છે અર્થાત્ અસત્ જ વસ્તુ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારે છે અને જે દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્વીકારે છે તે દૃષ્ટિથી ભગવાનનું શાસન સત્કાર્યવાદી છે અર્થાત્ સત્ જ વસ્તુ ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારે છે. આ રીતે બે ઢાળો દ્વારા સ્થિતપક્ષ સ્થાપન થયો. તેથી હવે ભેદપક્ષ અને અભેદપક્ષ માનનારા કોણ છે તે બતાવતાં કહે છે –

નૈયાયિક દર્શન દ્રવ્યગુણપર્યાયનો ભેદ માને છે. કેમ ભેદ માને છે તે બતાવતાં કહે છે – નૈયાયિક અસત્કાર્યવાદી છે. તેથી જ્યારે દ્રવ્ય હતું ત્યારે પર્યાયરૂપ કાર્ય ન હતું અને સામગ્રીથી અસત્ એવું પર્યાય ઉત્પન્ન થાય છે, જે દ્રવ્યથી જુદું છે અને દ્રવ્યમાં સમવાય સંબંધથી રહે છે એમ નૈયાયિક માને છે.

સાંખ્ય દર્શન દ્રવ્યગુણપર્યાયનો અભેદ પ્રકાશન કરે છે. કેમ અભેદ માને છે તે બતાવતાં કહે છે – સાંખ્ય સત્કાર્યવાદી છે. તેથી દ્રવ્યમાં પર્યાય વિદ્યમાન જ હતો, સામગ્રીથી તે અભિવ્યક્ત થાય છે એમ સાંખ્ય સ્વીકારે છે.

વળી, જૈન દર્શન સ્યાદ્વાદની દૃષ્ટિથી બેઉ નયને પોતપોતાના સ્થાને સ્વીકારીને ભલા યશનો વિલાસ પામે છે; કેમ કે ભેદનયને સ્વીકારનાર નૈયાયિક, દ્રવ્યગુણપર્યાયનો ભેદ નહીં સ્વીકારનાર સાંખ્યને જે જે દૂષણ આપે છે, તે સર્વ દૂષણો અપેક્ષાએ ભેદનયનો સ્વીકાર કરવાથી જૈન દર્શનને પ્રાપ્ત થતાં નથી.

તે રીતે અભેદનયને સ્વીકારનાર સાંખ્યદર્શનકાર, દ્રવ્યગુણપર્યાયનો અભેદ નહીં સ્વીકારનાર નૈયાયિકને જે જે દૂષણ આપે છે, તે સર્વ દૂષણો અપેક્ષાએ અભેદનયનો સ્વીકાર કરવાથી જૈનદર્શનને પ્રાપ્ત થતાં નથી. તેથી સર્વથા દોષરહિત જૈનદર્શન છે તેવું વિચારકને સ્પષ્ટ જણાય છે. માટે મધ્યસ્થતાથી તત્ત્વના અર્થી જીવોને 'સ્યાદ્વાદ સર્વ દૃષ્ટિથી વિશુદ્ધ છે' તેવું અનુભવ અને યુક્તિથી જણાવાને કારણે જૈનદર્શન સુહાય છે. તેથી મધ્યસ્થ પરીક્ષક યોગ્ય જીવોના હૈયામાં વિસ્તારને પામતું એવું જૈન દર્શન ભલા યશના વિલાસને પામે છે. કેમ ભલા યશને પામે છે ? તેમાં યુક્તિ આપે છે –

જે કારણથી પક્ષપાતી ભેદનય અને અભેદનય પરસ્પર એકબીજાને દૂષણ આપીને અન્ય-અન્ય નયને જર્જરિત કરે છે. તેથી બંને નયો પરસ્પર જર્જરિત થાય છે અને બંને નયોની ઉચિત દૃષ્ટિ પ્રત્યે અપક્ષપાતી એવો સ્થિત પક્ષ=પ્રમાણ એવો સ્યાદ્વાદીનો પક્ષ, દીપે છે.

ભેદપક્ષ પરસ્પર ઘસાય છે અને સ્થિત પક્ષ દીપે છે તેમ પૂર્વમાં કહ્યું તેમાં સાક્ષી આપે છે –

એકાંતે ભેદની મતિ છે એવાં નૈયાયિકો અને એકાંતે અભેદની મતિ છે એવાં સાંખ્યદર્શનકારો 'આ મારો પક્ષ છે અને આ મારો પ્રતિપક્ષ છે' તેવી મતિ ધારણ કરીને સ્વદર્શન પ્રત્યે રાગવાળા અને પરદર્શન પ્રત્યે મત્સરવાળા થાય છે; કેમ કે બંને પક્ષને પોતાનો નય સત્ય જણાય છે, અન્ય નય મિથ્યા જણાય છે. તેથી અન્ય નયની દૃષ્ટિ પ્રત્યે મત્સર ધારણ કરીને તેનું નિરાકરણ કરવા ઉદ્યમ કરે છે.

જૈનશાસન સર્વનયોને અવિશેષથી ઈચ્છે છે. તેથી કોઈ નય પ્રત્યે તેને પક્ષપાત નથી. તેના કારણે "સર્વ નયોની દૃષ્ટિથી દેખાતો પદાર્થ તે તે દૃષ્ટિથી તેમ જ છે" એમ સ્વીકારીને સર્વનય પ્રત્યે અપક્ષપાતી બને છે= મધ્યસ્થી રહે છે.

વળી, માત્ર એક જ નયને માનનારા એવાં નિત્યવાદમાં જે દોષો પ્રાપ્ત થાય છે, તે સર્વ દોષો સમાન જ રીતે ક્ષણિકવાદમાં પણ પ્રાપ્ત થાય છે. તેથી તે બંને નયવાદને એકબીજાનો ધ્વંસ કરવા માટે કંટક જેવા છે. તેથી તેઓના વાદ-પ્રતિવાદ દ્વારા તે બંને નયો પરસ્પર ધ્વંસ પામે છે અને જૈનદર્શન બંને નયોને ઉચિત સ્થાને સ્વીકારે છે. તેથી નિત્યવાદી જે દોષો આપે છે તે સ્થાનમાં નિત્યવાદનો સ્વીકાર હોવાથી સ્યાદ્વાદીને નિત્યવાદી દ્વારા અપાયેલા દોષોરૂપ કાંટાઓ લાગતા નથી. વળી, ક્ષણિકવાદી જે દોષો આપે છે તે સ્થાનમાં ક્ષણિકવાદનો સ્વીકાર હોવાથી સ્યાદ્વાદી એવાં જૈન દર્શનને ક્ષણિકવાદી દ્વારા અપાયેલા દોષરૂપ કાંટાઓ લાગતા નથી. તેથી ભગવાનનું શાસન જય પામે છે; કેમ કે સર્વથા દોષરહિત છે. **॥૩/૧૫॥**

ઢાળ - 3

પ્રસ્તુત ઢાળમાં આત્મકલ્યાણના પ્રયોજન અર્થે યોજનનું સ્વરૂપ :-

પ્રથમ ઢાળની ગાથા-૩ના ટબામાં કહેલ કે, દ્રવ્યાદિકના ચિંતવનથી શુક્લધ્યાન પ્રગટે છે અને તેમાં આત્માના દ્રવ્ય, આત્માના ગુણ અને આત્માના પર્યાયના અભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થાય છે. તેથી ઢાળ-૩માં દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદની ચર્ચા કરી છે.

વળી, ઢાળ-૩માં વર્ણન કરાયેલા દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદનું ચિંતવન આત્મદ્રવ્ય સાથે યોજન કરવામાં આવે તો તેનાથી શુક્લધ્યાનને અનુકૂળ કઈ રીતે ઊહ થઈ શકે તેનો બોધ થાય તે માટે અહીં ત્રીજી ઢાળને અંતે આત્મદ્રવ્યના વિષયમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનું યોજન કંઈક બોધ અર્થે બતાવાય છે.

દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ કઈ અપેક્ષાએ છે તે પૂર્વની ઢાળમાં બતાવ્યું. આમ છતાં બે દ્રવ્યોનો પરસ્પર જેવો ભેદ છે તેવો ભેદ કોઈ એક દ્રવ્યમાં વર્તતા તેના ગુણપર્યાયો સાથે નથી, પરંતુ એક પ્રદેશથી દ્રવ્ય, ગુણ અને પર્યાય પરસ્પર વળગેલા છે અને તેમ વિચારીએ તો પોતાનું આત્મદ્રવ્ય, પોતાના ગુણપર્યાયોથી અપૃથક્ છે એવી ઉપસ્થિતિ થાય છે. આમ છતાં પોતાના આત્મદ્રવ્યના મૂળ ગુણપર્યાયો પોતાનાથી અભિન્ન હોવા છતાં અત્યારે કર્મથી આવૃત્ત હોવાને કારણે મૂળ સ્વરૂપે અનુભવાતા નથી અને મૂળ સ્વરૂપે તેનો અનુભવ કરવાનો અભિલાષ પ્રગટે તો તેને આવરનારાં કર્મોને દૂર કરવાની ઇચ્છા થાય.

વળી, જે જીવોને શાસ્ત્રવચનથી જણાય કે, 'પોતાના આત્માના મૂળ ગુણપર્યાયો જીવ માટે સુખરૂપ છે અને તે ગુણપર્યાયો કર્મથી તિરોધાન થયેલા હોવાથી વિકૃત રીતે વર્તતા ભાવોરૂપે અનુભવાય છે અને તે આત્માની વિડંબના છે. માટે મારા આત્મામાં વર્તતા કર્મોથી આવરાયેલા પણ તે ગુણપર્યાયોનો મારામાં વર્તતો અભેદ શ્રુતના બળથી ઉપસ્થિત કરીને તેમાં તન્મય બનું જેથી તે ગુણપર્યાયનું મને સ્વસંવેદન પ્રગટે.' આ પ્રકારે ચિંતવન કરવાથી પોતાને પોતાનામાં વર્તતા અભેદ એવાં ગુણપર્યાયો પ્રત્યે પક્ષપાત વધે છે. જેથી બાહ્યપદાર્થો સાથેનો પક્ષપાત દૂર થાય છે, જે પ્રકર્ષને પામીને ક્ષપકશ્રેણીનું કારણ બને છે.

નૈયાયિક દ્રવ્યગુણપર્યાયનો એકાંત ભેદ માને છે, તેથી કહે છે કે દરેક દ્રવ્યોમાં તેના ગુણપર્યાયો સમવાય સંબંધથી સંબંધિત છે. પરંતુ દ્રવ્યની સાથે એકત્વભાવવાળા નથી. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં ગાથા નં-૨ થી ૧૪ સુધી ચર્ચા કરીને, એકાંત ભેદ માનવામાં કઈ રીતે અસંગતિ છે ? તેમ સ્થાપન કર્યું છે. જેનાથી, આત્મામાં વર્તતા પોતાના ગુણપર્યાયોનો કથંચિત્ ભેદ હોવા છતાં કઈ અપેક્ષાએ અભેદ છે ? તેનો મર્મસ્પર્શી બોધ કરવામાં પ્રસ્તુત ઢાળનું વર્ણન અત્યંત ઉપકારક બને છે અને તે પ્રમાણે શુદ્ધ આત્મદ્રવ્યના ગુણપર્યાયના અભેદના ચિંતવનથી એકાગ્રતાનો પ્રકર્ષ થાય તો ક્ષપકશ્રેણીનો બીજો પાયો પ્રગટે છે. માટે તેની ભૂમિકાની નિષ્પત્તિ અર્થે નૈયાયિકની દૃષ્ટિથી ભેદ સ્વીકારવામાં, આવતા દોષોનું સૂક્ષ્મ સમાલોચન કરવામાં આવે તો માત્ર શબ્દથી નહીં, પરંતુ આત્મદ્રવ્યનો ગુણપર્યાયો સાથેનો અભેદ પરમાર્થથી દેખાય.

વળી, નૈયાયિક દ્રવ્યગુણપર્યાયનો ભેદ બતાવે છે; કેમ કે તે અસત્‌કાર્યવાદી છે. વળી, જૈનશાસન પણ વ્યવહારનયથી અસત્ કાર્યને સ્વીકારે છે અને તે દૃષ્ટિથી વિચારીએ તો દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે અને તે ભેદ જ ગ્રંથકારશ્રીએ બીજી ઢાળમાં બતાવેલ છે. તે દૃષ્ટિથી જ દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે, પરંતુ નૈયાયિક દ્રવ્યગુણપર્યાયનો એકાંત ભેદ સ્વીકારે છે તે સંગત નથી.

વળી, નૈયાયિક તો એકાંતે અસત્ કાર્યને સ્વીકારે છે. તેથી માટીમાંથી બનેલો ઘટ માટીથી સર્વથા જુદો છે, ફક્ત સમવાય સંબંધથી માટીમાં રહેલો છે તેમ માને છે અને આત્માના વિષયમાં તેમ સ્વીકારીએ તો આત્માના ગુણપર્યાયો આત્માથી સર્વથા પૃથક્ છે તેમ માનવું પડે અને તેમ સ્વીકારીએ તો આત્મામાં સર્વથા અસત્ એવાં સિદ્ધ અવસ્થાના ગુણો સાધનાથી ઉત્પન્ન થાય છે તેમ માનવું પડે. વસ્તુતઃ આત્માના તે ગુણો આત્મામાં વિદ્યમાન જ હતા અને તે આત્મા સાથે અભિન્ન સ્વરૂપે જ વર્તે છે, ફક્ત તદ્‌આવારક કર્મોને કારણે તે ગુણોની અભિવ્યક્તિ નથી અને ક્ષપકશ્રેણીવાળા જીવો પોતાના આત્મામાં વર્તતા સિદ્ધના ગુણોને શ્રુતના બળથી પોતાના આત્મામાં અભેદ રૂપે જોવા માટે યત્નવાળા છે અને તે ઉપયોગના બળથી જ આત્મામાં વિદ્યમાન પણ તે ગુણો અનુભવરૂપે વ્યક્ત થતા ન હતા, તે ગુણો, આવરણ દૂર થવાથી, અનુભવરૂપે વ્યક્ત થાય છે. માટે નિશ્ચયનયથી સત્ જ એવાં જ્ઞાનાદિ ગુણોના અભેદના ચિંતવનથી તે ગુણો આવિર્ભાવ પામે છે.

વળી, સાંખ્યદર્શન એકાંતે સત્ કાર્યને સ્વીકારે છે. તેથી આત્માનો તેના ગુણપર્યાયો સાથે અભેદ સ્વીકારે છે, પરંતુ એકાંતે અભેદ સ્વીકારનાર હોવાથી ગુણપર્યાયોને ઉત્પન્ન કરવા માટે ઉદ્યમ આવશ્યક છે તેમ સ્વીકારી શકાય નહીં. તેથી કથંચિત્ અસત્ એવાં ગુણપર્યાયને પ્રગટ કરવા અર્થે ઉદ્યમ સ્વીકારવો હોય તો વર્તમાનમાં તે ગુણપર્યાયો અસત્ છે તેમ માનવું પડે અને સ્યાદ્વાદી જૈનદર્શન બેઉ નયો સ્વીકારે છે. તેથી કથંચિત્ અસત્‌કાર્ય અને કથંચિત્ સત્‌કાર્ય સ્વીકારે છે અને તેથી એ ફલિત થાય કે, આત્મપ્રદેશમાં એકરૂપે રહેલા ગુણપર્યાયો વર્તમાનમાં વિદ્યમાન નથી, પરંતુ શ્રુતના ઉપયોગના બળથી 'તે ગુણપર્યાયોને પ્રગટ કરું' એ પ્રકારના તીવ્ર અભિલાષથી તેને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરવામાં આવે તો તે પ્રગટ થાય છે.

વળી, તે ગુણપર્યાયો આત્મામાં બહારથી આવતા નથી, પરંતુ આત્મામાં મૂળસ્વરૂપે જ રહેલા છે. તેની ઉપસ્થિતિ થવાથી 'તે ગુણપર્યાયસ્વરૂપ જ હું છું' એ પ્રકારની અભેદ બુદ્ધિ થવાથી શુદ્ધ આત્મદ્રવ્યમાં તન્મયતા આવે છે, જેના પ્રકર્ષથી અનુભવરૂપે નહીં વેદન થતા એવાં તે ગુણપર્યાયો, આવરણ ખસવાથી, અનુભવરૂપે વેદન થાય છે. માટે ક્ષપકશ્રેણીના અર્થીએ દ્રવ્યગુણપર્યાયના અભેદના પરમાર્થને જાણીને તેમાં તન્મય થવા માટે ઉદ્યમ કરવો જોઈએ, જેથી જીવ સંચિત વીર્યવાળો બને તો શુક્લધ્યાનના બીજા પાયાનું બળ સંચય થાય.

વળી, શુદ્ધ આત્મદ્રવ્ય સાથે તેના ગુણપર્યાયના અભેદનું ભાવન કરવામાં આવે તો; દેહ સાથેનો, કુટુંબ સાથેનો અને ધનાદિ સાથેનો જે અભેદરૂપે અનુભવ થઈ રહ્યો છે અને તે અનુભવને કારણે રાગાદિની જે

વૃદ્ધિ થઈ રહી છે, તે સર્વ ક્ષીણ-ક્ષીણતર થાય છે. વળી, આત્માના વીતરાગભાવ સાથે અભેદની બુદ્ધિ થવાથી, અત્યારસુધી અવીતરાગભાવને કારણે રહેલી દેહાદિ સાથેના સંબંધની બુદ્ધિથી ઉલ્લસિત થતા રાગાદિ ભાવો અને તેનાથી ઉત્પન્ન થતી કર્મબંધની પરંપરા, શિથિલ-શિથિલતર થાય છે અને અસંગ ભાવને અનુકૂળ વીર્યનો સંચય થાય છે.

આમ જિનવચનાનુસાર દ્રવ્યગુણપર્યાયનું સમાલોચન યોગમાર્ગની ઉત્તર ઉત્તર ભૂમિકાની નિષ્પત્તિનું બળવાન નિમિત્ત બને છે.



ઢાળ-૪

પૂર્વની ઢાળ સાથેનો સંબંધ :-

હવઈ ચઉથી ઢાલમાંહિ ભેદાભેદનો વિરોધ આશંકીનઈ ટાલઈ છઈ –

ટબાર્થ :-

હવે ચોથી ઢાળમાં ભેદાભેદના વિરોધની આશંકાને કરીને ટાળે છે –

ભાવાર્થ :-

બીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે એમ સ્થાપન કર્યું. ત્રીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો અભેદ છે એમ સ્થાપન કર્યું. તેથી અર્થથી એ ફલિત થયું કે, સ્યાદ્વાદની દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો ભેદ પણ નથી કે અભેદ પણ નથી, પરંતુ ભેદાભેદ છે. તેથી હવે ચોથી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ સ્વીકારવામાં પરસ્પર વિરોધ છે એવી આશંકા કરીને વિરોધનો પરિહાર કરે છે.

અવતરણિકા :-

પરવાદી કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

પરવાદી કહે છે –

ભાવાર્થ :-

બીજી ઢાળમાં ગ્રંથકારશ્રીએ દ્રવ્યગુણપર્યાયનો ભેદ સ્થાપન કર્યો અને ત્રીજી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્થાપન કર્યો ત્યાં પરવાદી કહે છે –

ગાથા :-

‘ભેદ અભેદ ઉભય કિમ માનો? જિહાં વિરોધ નિરધારો રે;
એક ઠામિ કહો કિમ કરિ રહવઇ, આતપ નઇં અંધારો રે ?’ ॥૪/૧॥
શ્રુતધર્મઇ મન દૃઢ કરી રાખો, જિમ શિવસુખ ફલ ચાખો રે. શ્રુતધર્મઇ૦

ગાથાર્થ :-

ભેદ-અભેદ=દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ, ઉભય=બંને, કેમ માનો છો ? જ્યાં= દ્રવ્યગુણપર્યાયના ભેદમાં અને અભેદમાં, વિરોધ નિરધારો રે=વિરોધનો નિર્ધાર છે.

કેમ વિરોધ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

એકસ્થાનમાં આતપ અને અંધારું કેમ કરીને રહે ? એ કહો. શ્રુતધર્મમાં મન દૃઢ કરી રાખો=જિનવચનાનુસાર દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદને બતાવનાર શ્રુતધર્મમાં સ્થિર રુચિ કરીને મનને દૃઢ રાખો, જેમ શિવસુખફળ ચાખો. ॥૪/૧॥

ટબો :-

'દ્રવ્યાદિકનઈં ભેદ, અભેદ, બેહુ ધર્મ કિમ માનો છો ? જિહાં વિરોધ નિર્ધાર છઈ. ભેદ હોઈ, તિહાં અભેદ ન હોઈ; અભેદ હોઈ તિહાં ભેદ ન હોઈ. એ બેહુ ભાવાભાવરૂપઈં વિરોધી છઈ. વિરોધી બેહુ એક ઠામિ ન રહઈ. જિમ આતપ હોઈ, તિહાં અંધારો ન રહઈ, અંધારો હોઈ તિહાં આતપ ન રહઈ, તિમ ભેદાભેદ એકત્ર ન હોઈ'.

ઈહાં શ્રુતધર્મઈં-સ્યાદ્વાદ પ્રવચન માહિં, મન દૃઢ-વિશ્વાસવંત કરી રાખો. જિમ શાસનશ્રદ્ધાદૃઢપણાઈ, મોક્ષરૂપ-કલ્પવૃક્ષનાં સુખરૂપ-ફલ ચાખો. શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન હોઈ, જે માટિં-શંકાસહિત ચારિત્રીઓ પણ સમાધિ ન પામઈ.

उक्तं च–

"वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं ।" (૫-૫ आचाराङ्गे) ॥૪/૧॥

ટબાર્થ :-

પરવાદી કહે છે-દ્રવ્યાદિકનો ભેદ, અભેદ બેઉ ધર્મ કેમ માનો છો ?=સ્યાદ્વાદી એવાં તમે ભેદ અને અભેદ બેઉ ધર્મ કેમ માનો છો ? અર્થાત્ બેઉ ધર્મ માનવા ઉચિત નથી. કેમ ઉચિત નથી ? તેથી કહે છે. જેમાં=બેઉ ધર્મ માનવામાં, વિરોધ નિર્ધાર છે=નક્કી છે.

કેમ વિરોધ નક્કી છે ? તેથી કહે છે –

ભેદ હોય ત્યાં અભેદ ન હોય, અર્થાત્ જે બે વસ્તુનો ભેદ હોય તે બે વસ્તુનો અભેદ ન હોય, અભેદ હોય ત્યાં ભેદ ન હોય; કેમ કે એ બેઉ=ભેદ અને અભેદ બેઉ, ભાવાભાવરૂપે વિરોધી છે. વિરોધી એવાં બેઉ એક ઠામે રહે નહીં. જેમ આતપ હોય ત્યાં અંધારું રહે નહીં અને અંધારું હોય ત્યાં આતપ રહે નહીં=પ્રકાશ રહે નહીં, તેમ ભેદાભેદ=દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ, એકત્ર=એક જ વસ્તુમાં, હોય નહીં.

ઈહાં=ભેદાભેદની વિચારણામાં, શ્રુતધર્મમાં=સ્યાદ્વાદ પ્રવચનમાં, મન દૃઢ કરી=વિશ્વાસવંત કરી, રાખો. જેમ શાસનમાં શ્રદ્ધાના દૃઢપણાથી મોક્ષરૂપ કલ્પવૃક્ષનાં સુખરૂપ ફળો ચાખો. શ્રુતધર્મ વગર ચારિત્રધર્મ ફળવંત ન થાય.

કેમ શ્રુતધર્મ વગર ચારિત્રધર્મ ફળવંત ન થાય ? તેથી કહે છે –

જે માટે શંકાસહિત ચારિત્રીઓ પણ સમાધિ પામે નહીં.

उक्तं च=અને કહેવાયું છે –

"वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं=वितिगिच्छसमापन्नेन आत्मना=વિતિગિચ્છા સમાપન્ન એવાં આત્મા વડે, समाहिं णो लभति=समाधिं न लभति=સમાધિ પ્રાપ્ત થતી નથી." **(આચારાંગસૂત્ર ૫/૫) ॥૪/૧॥**

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ છે એમ સ્થાપન કર્યું અને ત્યારપછી તે દ્રવ્યગુણપર્યાયનો અભેદ છે એમ સ્થાપન કર્યું. ત્યાં પરવાદી કહે છે કે, એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે અને અભેદ છે તેમ બેઉ ધર્મ કેમ માનો છો ? અર્થાત્ બેઉ ધર્મ માનવા ઉચિત નથી. કેમ દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ માનવો ઉચિત નથી ? તેથી કહે છે –

બેઉ ધર્મ સ્વીકારવામાં વિરોધ નક્કી છે. કેમ વિરોધ નક્કી છે ? તે અનુભવથી પરવાદી બતાવે છે.

કોઈ એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ હોય તો તે ત્રણમાં અભેદ ન હોઈ શકે અને જો તે ત્રણનો અભેદ હોય તો તે ત્રણનો ભેદ ન હોઈ શકે. આ રીતે અનુભવથી બતાવ્યા પછી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

આ બેઉ ભાવાભાવરૂપે વિરોધી છે. અર્થાત્ કોઈ સ્થાનમાં ઘટનો ભાવ છે, ત્યાં ઘટનો અભાવ છે તેમ કહેવામાં આવે તો તે વિરોધી વચન છે. તેમ એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે અને અભેદ છે તેમ કહેવામાં આવે તો તે વિરોધી વચન છે.

વળી, તે અન્ય દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. વિરોધી એવી બે વસ્તુ એકસ્થાને રહે નહીં. જેમ જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર રહે નહીં અને જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ રહે નહીં. તેમ કોઈ એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ બન્ને રહી શકે નહીં.

આ રીતે પ્રસ્તુત ગાથામાં પરવાદીનો પ્રશ્ન બતાવ્યા પછી ભગવાનના ધર્મમાં સ્થિર વિશ્વાસ કરવાથી મહાફળ મળે છે અને ભગવાનના વચનમાં સ્થિર વિશ્વાસ કરવા માટે શ્રુતધર્મના અર્થને જાણવો જોઈએ, યુક્તિ અને અનુભવ અનુસાર જોડવો જોઈએ અને જોડીને ભગવાનના વચનાનુસાર દૃઢ શ્રદ્ધા કરવી જોઈએ એ બતાવવા અર્થે કહે છે –

અહીં=દ્રવ્યગુણપર્યાય વિષયક ભેદાભેદની વિચારણામાં, શ્રુતધર્મ વિષયક મન દૃઢ કરી રાખો=ભગવાનના વચનના તે તે નયદૃષ્ટિના તાત્પર્યને યથાર્થ જાણીને અનુભવ અનુસાર તે દૃષ્ટિથી તે પદાર્થનો નિર્ણય કરીને મનને વિશ્વાસવંત કરો કે, ભગવાને જે કહ્યું છે તે યુક્તિથી અને અનુભવથી પણ તે પ્રમાણે છે, જેનાથી ભગવાનના વચનમાં શ્રદ્ધા દૃઢ થાય અને ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધા થાય તો તે વચન અનુસાર દૃઢ યત્ન કરવાનો ઉત્સાહ થાય. જેથી મોક્ષરૂપ કલ્પવૃક્ષનાં સુખરૂપ ફળ ચાખો. અર્થાત્ આત્મા માટે મોક્ષ કલ્પવૃક્ષ સમાન છે અને તેનાં સુખરૂપ ઉત્તમ ફળો સંયમની નિર્લેપ પરિણતિ દ્વારા જિનશાસનમાં દૃઢ શ્રદ્ધાવાળા મુનિઓ ચાખે છે તે તમે ચાખો.

શ્રુતધર્મના મર્મને જાણીને તેવી દૃઢ શ્રદ્ધા ન થઈ હોય તોપણ ચારિત્રાચારના સેવનથી મોક્ષરૂપ કલ્પવૃક્ષના સુખરૂપ ફળની પ્રાપ્તિ થઈ શકે છે એ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે –

શ્રુતધર્મ વગર ચારિત્રધર્મ પણ ફલવાન થાય નહીં.

આશય એ છે કે, ભગવાનના વચન અનુસાર શ્રુતના મર્મને જાણીને તે શ્રુતના મર્મના બોધપૂર્વક અંતરંગ ભાવો ઉલ્લસિત થાય તે ચારિત્ર ધર્મરૂપ છે. માત્ર ચારિત્રાચારની ક્રિયા ચારિત્રધર્મરૂપ નથી. તેથી શ્રુતધર્મના મર્મને જાણવાની શક્તિ હોવા છતાં જેઓ તે જાણવા માટે યત્ન કરતાં નથી તેઓને ભગવાનના વચનના પરમાર્થને જાણવાની રુચિ નથી અને તેવા જીવો દૃઢ યત્નપૂર્વક ચારિત્રાચારનું સેવન કરતાં હોય તોપણ તે ચારિત્રાચારના સેવનથી મોક્ષને અનુકૂળ એવાં પરમ સુખરૂપ ચારિત્રધર્મની પરિણતિ ઉલ્લસિત થાય નહીં.

અહીં કોઈને પ્રશ્ન થાય કે, ભગવાનના વચનમાં રુચિ છે. આથી જ ભગવાનના વચનાનુસાર કોઈ મહાત્મા ચારિત્રાચારની ક્રિયા કરે છે. તેથી તે મહાત્મા શ્રુતધર્મના મર્મને જાણવા યત્ન ન કરે અને શ્રુતધર્મના પરમાર્થનો નિર્ણય કરીને દૃઢ શ્રદ્ધાવાળા ન થાય તોપણ ચારિત્રના સેવનથી ચારિત્રનું ફળ કેમ ન મળે ? તેથી કહે છે –

જે માટે શંકા સહિત ચારિત્રી પણ સમાધિને પામતા નથી. આશય એ છે કે, શ્રુતધર્મનું તાત્પર્ય શું છે ? તેવું જેણે જાણવા યત્ન કર્યો નથી તેવા જીવોને તેના મર્મવિષયક અનાભોગ વર્તે છે અને શ્રુતનું શું તાત્પર્ય છે ? તે વિષયમાં સૂક્ષ્મ દૃષ્ટિથી અનેક વિકલ્પરૂપ કોટિ પડેલી છે. તેથી જેના વિષયમાં અનેક વિકલ્પોની કોટિ હોય તે શંકા કહેવાય અને તેવા વ્યક્ત કે અવ્યક્ત શંકાવાળા ચારિત્રી સાધુ ચારિત્રાચારનું પાલન કરતાં હોય તોપણ સંયમની પરિણતિરૂપ સમાધિને પામતા નથી; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર ચારિત્રની પરિણતિ ન પ્રગટે. વળી, જિનવચનમાં જો શંકા ન હોય અને શક્તિના પ્રકર્ષથી જિનવચનના મર્મને જાણવા ઉદ્યમ થાય, જાણીને જિનવચનના પરમાર્થને સ્થિર કરવા ઉદ્યમ થાય અને તે પરમાર્થના નિયંત્રણ નીચે ચારિત્રાચારના પાલનમાં ઉદ્યમ થાય તો જ ચારિત્રાવરણીય કર્મના વિગમનથી સમાધિની પ્રાપ્તિ થાય. તેમાં આચારાંગની સાક્ષી આપી. તેનો અર્થ એ પ્રાપ્ત થાય કે જેને ભગવાનના વચનમાં લેશ પણ શંકા ન હોય, પરંતુ એકાંત સ્થિર બુદ્ધિ હોય કે ભગવાનનું વચન જ કલ્યાણનું કારણ છે, તેઓ શક્તિના પ્રકર્ષથી જિનવચનને જાણવા અવશ્ય યત્ન કરે છે અને જેઓને ચારિત્રાચારને કહેનારું વચન કલ્યાણને કરનારું જણાય છે, આમ છતાં ચરણસિત્તરી અને કરણસિત્તરીથી અન્ય દ્રવ્યાનુયોગને કહેનારાં ભગવાનનાં વચનો આત્માને ઉપકારક જણાતાં નથી, તેથી તેને જાણવા માટે અનાદરવાળા છે, તેઓ વિતિગિચ્છાસમાપન્ન છે; કેમ કે ભગવાનના વચનના એક અંશમાં રુચિ હોવા છતાં દ્રવ્યાનુયોગને કહેનારાં ભગવાનના વચનના અન્ય અંશમાં રુચિ નથી, તેઓ જિનવચનાનુસાર ચારિત્રાચાર પાળે છે, ચારિત્રની ક્રિયા પણ અપ્રમાદભાવથી કરીને શુભ ભાવને પ્રાપ્ત કરે છે, તોપણ ભગવાનનાં અન્ય વચનો કલ્યાણનાં કારણ છે, તેમાં સંદેહવાળા છે. તેથી તેને જાણવા માટે ઉપેક્ષાવાળા છે, તેઓ ચારિત્રાચારના સેવનથી પણ સંયમની પરિણતિરૂપ વિશેષ પ્રકારની સમાધિને પ્રાપ્ત કરતાં નથી. **॥૪/૧॥**

અવતરણિકા :-

પૂર્વમાં કોઈએ શંકા કરી કે, એક વસ્તુમાં રહેલા દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેનો ભેદ અને અભેદ બંને સ્વીકારી શકાય નહીં. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ઇસી શિષ્યની શંકા જાણી, પરમારથ ગુરુ બોલઇ રે;
'અવિરોધઇં સવિ ઠામઇં દીસઇં, દોઇ ધર્મ એક તોલઇ રે' શ્રુત૦ ॥૪/૨॥

ગાથાર્થ :-

આ પ્રકારની=ગાથા-૧માં બતાવેલ કે, "એક ઠેકાણે ભેદ-અભેદ માનવામાં વિરોધ છે."-એ પ્રકારની, શિષ્યની શંકા જાણી, ગુરુ=સ્યાદ્વાદને બતાવનાર ગુરુ, પરમાર્થને બોલે છે=સ્યાદ્વાદના તાત્પર્યને કહે છે.

સર્વ સ્થાને=દરેક પદાર્થોમાં, બેઉ ધર્મ અવિરોધથી=એક આશ્રયમાં વૃત્તિપણાથી, એક તોલે દેખાય છે=ભેદ અને અભેદ-બેઉ એકસમાન રીતે જણાય છે. ॥૪/૨॥

ટબો :-

એહવી શિષ્યની શંકા જાણી કરી, ગુરુ-સ્યાદ્વાદી, પરમાર્થ બોલઈ છઈ. જે 'ઘટ ઘટાભાવાદિકનઈં યદ્યપિ વિરોધ છઈં, તો પણિ ભેદાભેદનઈં વિરોધ નથી. જે માટઈં સર્વઠામઈં દોઈ ધર્મ ભેદ-અભેદ અવિરોધઈં-એકાશ્રયવૃત્તિપણાઈં જ દીસઈ છઈ, ઈક તોલઈં. પણિ –

'અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ઔપાધિક જૂઠો' ઈમ કોઈ કહઈ છઈ, તે અનુભવતા નથી. વ્યવહારઈં પરાપેક્ષા બેહુનઈ 'ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ' એ વચનથી. ॥૪/૨॥

ટબાર્થ :-

એવી=ગાથા-૧માં કહી એવી, શિષ્યની શંકા જાણી કરી, ગુરુ સ્યાદ્વાદી પરમાર્થ બોલે છે=સ્યાદ્વાદના તાત્પર્યને બતાવે છે. જે ઘટ અને ઘટાભાવાદિકનો જો કે વિરોધ છે=એક સ્થાનમાં ઘટ હોય ત્યાં ઘટાભાવ ન હોય એ રીતે જો કે વિરોધ છે, તોપણ ભેદાભેદનો વિરોધ નથી=એક વસ્તુમાં દ્રવ્યગુણ-પર્યાયનો પરસ્પર ભેદ છે અને પરસ્પર અભેદ છે એનો વિરોધ નથી.

કેમ વિરોધ નથી? તેથી કહે છે –

જે માટે સર્વસ્થાને=સર્વ પદાર્થોમાં, બેઉ ધર્મ=ભેદ-અભેદરૂપ બેઉ ધર્મો, એક તોલે=સમાન રીતે, અવિરોધથી=એકાશ્રયવૃત્તિપણાથી જ દેખાય છે. પણ, "અભેદ સ્વાભાવિક છે માટે સાચો છે, ભેદ

ઔપાધિક છે, માટે જૂઠો છે" એમ કોઈ કહે છે તેઓ અનુભવતા નથી.

શું અનુભવતા નથી ? એથી કહે છે –

'વ્યવહારમાં પરની અપેક્ષા બેઉને છે એમ તેઓ અનુભવતા નથી' એમ અન્વય છે. વ્યવહારમાં ભેદ અને અભેદ બંનેને પરની અપેક્ષા કેમ છે ? તે બતાવવા માટે કહે છે. 'ગુણાદિકનો ભેદ અને ગુણાદિકનો અભેદ' એ બે પ્રકારના વચનથી=એ પ્રકારના વ્યવહારના વચનથી બેઉને પરની અપેક્ષા છે. ॥૪/૨॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં શંકા કરેલ કે, જ્યાં ઘટ હોય, ત્યાં ઘટનો અભાવ રહી શકે નહીં, તેમ જે એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ હોય તે વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો અભેદ રહી શકે નહીં અને દ્રવ્યગુણપર્યાયનો અભેદ હોય ત્યાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ રહી શકે નહીં. આ પ્રકારની શિષ્યની શંકાને જાણીને સ્યાદ્વાદી એવાં ગુરુ શિષ્યને દ્રવ્ય, ગુણ અને પર્યાયનો એક વસ્તુમાં ભેદાભેદ કઈ અપેક્ષાએ છે ? તેનો પરમાર્થ બતાવે છે અને કહે છે કે ઘટ અને ઘટાભાવ જો કે એકસ્થાનમાં વિરોધી છે. તેથી 'અહીં ઘટ છે અને ઘટાભાવ પણ છે' એમ કહી શકાય નહીં; કેમ કે ઘટ અને ઘટાભાવનો વિરોધ પ્રત્યક્ષ સિદ્ધ છે, તોપણ કોઈ એક વસ્તુને જોઈને તે વસ્તુમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ અને અભેદ-બંને અનુભવથી વિરોધી જણાતા નથી=ઘટ અને ઘટાભાવ જેવા વિરોધી જણાતા નથી. કેમ વિરોધી જણાતા નથી ? તેથી કહે છે –

એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ અવિરોધરૂપે દેખાય છે=જે આશ્રયમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ દેખાય છે તે જ આશ્રયમાં અભેદ પણ દેખાય છે. વળી, તે ભેદ અને અભેદ બેઉ એક તોલે દેખાય છે=એક સમાન રીતે દેખાય છે. પરંતુ ભેદમાં કાંઈક વિશેષતા છે અથવા અભેદમાં કાંઈક વિશેષતા છે, તે રીતે દેખાતા નથી.

આશય એ છે કે, ચક્ષુ સામે રહેલા માટીના પિંડમાં વર્તતા ઘટને જોઈને તેમાં વર્તતા માટીરૂપ દ્રવ્ય, ઘટરૂપ પર્યાય અને તેમાં વર્તતા વર્ણાદિ ગુણો અનુભવ અનુસાર જોવા માટે યત્ન કરવામાં આવે તો એકપ્રદેશથી વળગેલા દેખાય છે, પરંતુ ઘટ-પટની જેમ જુદા દેખાતા નથી. તે દૃષ્ટિથી વિચારીએ તો માટીદ્રવ્ય, ઘટપર્યાય અને તેમાં વર્તતા વર્ણાદિકરૂપ ગુણોનો પરસ્પર અભેદ છે, તેવી પ્રતીતિ થાય છે. વળી, અન્ય દૃષ્ટિથી વિચારીએ તો 'દ્રવ્ય' શબ્દથી વાચ્ય માટીનો પ્રતિભાસ થાય છે. 'પર્યાય' શબ્દથી વાચ્ય માટીના ઘટપર્યાયનો પ્રતિભાસ થાય છે અને 'ગુણ' શબ્દથી વાચ્ય તદ્ગત વર્ણાદિનો પ્રતિભાસ થાય છે. એ દૃષ્ટિથી માટી-દ્રવ્ય, ઘટ-પર્યાય અને વર્ણાદિ-ગુણો એ ત્રણેનો ભેદ પ્રતીત થાય છે. માટે એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ અવિરોધરૂપે દેખાય છે.

વળી, તે વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ, એકતોલે પ્રતીત થાય છે, પરંતુ તે બેમાંથી એકને સ્વીકારવામાં કોઈ વિશેષતા દેખાતી નથી.

પૂર્વમાં કહ્યું કે, એક વસ્તુમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ અને અભેદ એક તોલે દેખાય છે. ત્યાં કોઈ કહે કે, ભેદ-અભેદ એક તોલે નથી, પરંતુ દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્વાભાવિક છે અને ભેદ ઔપાધિક છે. આ પ્રકારે કહેનારનો આશય એ છે કે, પુરોવર્તી વસ્તુ જે દેખાય છે તેમાં ગુણપર્યાયનો ભેદ છે તેમ કહેવા માટે કોનો ભેદ ? એ પ્રકારના પ્રશ્નમાં તે ભેદના પ્રતિયોગી એવાં ગુણપર્યાયરૂપ ઉપાધિની અપેક્ષા છે. માટે જે ઔપાધિક ધર્મ હોય તે સાચો ન કહેવાય અને અભેદ એ સ્વાભાવિક ધર્મ છે; કેમ કે દેખાતી વસ્તુ એકસ્વરૂપ જ જણાય છે. માટે દરેક વસ્તુ પોતાના સ્વરૂપે જ હોય છે. તેથી તે દેખાતી વસ્તુથી અતિરિક્ત કોઈ ગુણપર્યાય નામની વસ્તુ નથી, પરંતુ પોતાના સ્વરૂપથી ગુણપર્યાયનો અભેદ દેખાય છે, માટે અભેદ સ્વાભાવિક છે. તેથી સાચો છે. આ પ્રકારની શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

એકાંત અભેદવાદી અભેદને સ્વાભાવિક માનીને સાચો કહે છે અને ભેદને પ્રતિયોગીની આવશ્યકતા હોવાથી ઔપાધિક માનીને જૂઠો કહે છે. તેઓ અનુભવતા નથી=પદાર્થના વાસ્તવિક સ્વરૂપને તેઓ અનુભવતા નથી, પરંતુ શબ્દવચનોથી પોતાના મતનું સ્થાપન કરે છે. કેમ અનુભવતા નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ભેદનો અને અભેદનો વ્યવહાર કરવા માટે પરની અપેક્ષા બેઉને સમાન છે. ભેદનો અને અભેદનો વ્યવહાર કરવા માટે પરની અપેક્ષા બેઉને સમાન કેમ છે ? તે બતાવતાં કહે છે –

ગુણાદિકનો ભેદ=ગુણ, પર્યાય અને દ્રવ્યનો ભેદ, અને ગુણાદિકનો અભેદ=ગુણ, પર્યાય અને દ્રવ્યનો અભેદ, એ પ્રકારનું વ્યવહારવચન પ્રવૃત્ત થાય છે. તેથી ભેદના પ્રતિયોગી ગુણાદિક છે, માટે ગુણાદિક પ્રતિયોગીરૂપ ઉપાધિથી ભેદની પ્રતીતિ થાય છે, માટે ભેદ જૂઠો છે તેમ કહેવામાં આવે તો અભેદના પ્રતિયોગી ગુણાદિક છે. માટે ગુણાદિક પ્રતિયોગીરૂપ ઉપાધિથી અભેદની પ્રતીતિ છે, માટે અભેદ જૂઠો છે તેમ માનવું પડે. તેથી એ ફલિત થાય છે કે ભેદ અને અભેદ એક પદાર્થમાં તુલ્યરૂપે રહેલા છે. માટે દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ જ સ્વીકારવો યુક્તિયુક્ત છે તેમ સ્યાદ્વાદી સ્થાપન કરે છે. **॥૪/૨॥**

અવતરણિકા :-

ગાથા-૨માં ગ્રંથકારશ્રીએ એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ સમાન રીતે દેખાય છે તેમ સ્થાપન કર્યું. હવે તેને દૃઢ કરવા અર્થે અનુભવથી બતાવે છે –

ગાથા :-

એક ઠામિ સવિ જનની સાખિં, પ્રત્યક્ષઇં જે લહિઇં રે;
રૂપરસાદિકની પરિ તેહનો, કહો વિરોધ કિમ કહિઇં રે. શ્રુત૦ ॥૪/૩॥

ગાથાર્થ :-

એક સ્થાનમાં=એક દ્રવ્યના વિષયમાં, રૂપરસાદિકની જેમ, સર્વ જનની સાક્ષીએ પ્રત્યક્ષથી

જે પ્રાપ્ત થાય=પ્રત્યક્ષથી દ્રવ્યગુણપર્યાયનો જે ભેદાભેદ પ્રાપ્ત થાય, તેનો કહો, વિરોધ કેમ કહેવાય ? ।।૪/૩।।

ટબો :-

એક ઠામિ-ઘટાદિક દ્રવ્યનઇં વિષઇં, સર્વલોકની સાખી-પ્રત્યક્ષ પ્રમાણઇ રક્તત્વાદિક ગુણ-પર્યાયનો ભેદાભેદ જે લહિઇ છઇં, તેહનો વિરોધ કહો કિમ કહિઇં ? જિમ રૂપ-રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિઇં, તિમ ભેદાભેદનો પણિ જાણવો.

उक्तं च –

"न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम ।"

તથા-પ્રત્યક્ષદૃષ્ટ અર્થઇં દૃષ્ટાન્તનું પણિ કાર્ય નથી.

उक्तं च –

"क्वेदमन्यत्र दृष्टत्वमहो! निपुणता तव ।
दृष्टान्तं याचसे यत्त्वं प्रत्यक्षेऽप्यनुमानवत्" ।।१।। **।।૪/૩।।**

ટબાર્થ :-

એક સ્થાને=એક ઘટાદિક દ્રવ્યના વિષયમાં, સર્વ લોકની સાક્ષીએ પ્રત્યક્ષ પ્રમાણથી રક્તત્વાદિક ગુણ-પર્યાયનો જે ભેદાભેદ પ્રાપ્ત થાય છે તેનો, કહો, વિરોધ કેમ કહેવાય ? અર્થાત્ જેમ રૂપરસાદિનો એકાશ્રયવૃત્તિત્વના અનુભવથી વિરોધ ન કહેવાય તેમ ભેદાભેદનો પણ=દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદનો પણ, જાણવો=ભેદાભેદનો પણ વિરોધ નથી એમ જાણવું.

उक्तं च=અને કહેવાયું છે –

"न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम=પ્રત્યક્ષ દૃષ્ટ અર્થમાં વિરોધ નથી જ.

અને પ્રત્યક્ષદૃષ્ટ અર્થમાં દૃષ્ટાંતનું પણ કાર્ય નથી=પ્રત્યક્ષથી દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ દેખાતો હોય ત્યાં દૃષ્ટાંત આપવાનું પણ પ્રયોજન નથી.

उक्तं च=અને કહેવાયું છે=પ્રત્યક્ષદૃષ્ટ અર્થમાં દૃષ્ટાંતનું પ્રયોજન નથી તે કહેવાયું છે –

"क्वेदमन्यत्र दृष्टत्वम्="ક્યાં અન્ય જગ્યાએ આ જોવાયું છે ?"

એવી શંકાના ઉત્તરમાં કહે છે –

"अहो ! तव निपुणता=અહો! તારી નિપુણતા, यद्त्वं=જે કારણથી તું, प्रत्यक्षेप्यनुमानवत्=પ્રત્યક્ષમાં પણ અનુમાનની જેમ દૃષ્ટાંતં याचसे=દૃષ્ટાંતને માંગે છે." ।।१।। **।।૪/૩।।**

ભાવાર્થ :-

દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ અને પરસ્પર અભેદ સર્વ લોકોને પ્રત્યક્ષથી દેખાય છે. કઈ

રીતે દેખાય છે ? તે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જ સ્થાપન કરેલ કે, ઘટરૂપ એક દ્રવ્યમાં ઘટના રક્તત્વાદિ ગુણો અને ઘટના તે પ્રકારના આકારાદિરૂપ પર્યાયો અભેદરૂપે પણ દેખાય છે અને ત્રણ શબ્દોથી વાચ્ય=દ્રવ્યગુણપર્યાય એ ત્રણ શબ્દોથી વાચ્ય, ત્રણ વસ્તુ છે તે પણ અનુભવથી દેખાય છે અને જે વસ્તુ અનુભવથી દેખાતી હોય તેનો વિરોધ કઈ રીતે કરી શકાય ? તેમાં યુક્તિ આપે છે –

જેમ, એક દ્રવ્યમાં રૂપ, રસાદિક એક આશ્રયમાં વૃત્તિરૂપે દેખાય છે, પરંતુ એકાશ્રયમાં અન્ય સ્થાને રૂપ છે, અન્ય સ્થાને રસ છે તેમ દેખાતું નથી. તેથી એક પુદ્ગલદ્રવ્યરૂપ એક આશ્રયમાં જ્યાં રૂપ રહેલું છે, ત્યાં જ રસ, ગંધ, આદિ રહેલાં છે. તેથી ત્યાં પદાર્થને જોયા વગર જો કોઈ વિરોધ ઉદ્ભવ કરે કે, જ્યાં રૂપ હોય ત્યાં રસ કઈ રીતે રહી શકે ? અને જ્યાં રસ હોય ત્યાં રૂપ કઈ રીતે રહી શકે ? તો તેમ કહીને વિરોધ ઉદ્ભાવન કરી શકાય નહીં.

તેમ, એક વસ્તુમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો ભેદ હોય ત્યાં અભેદ કઈ રીતે હોઈ શકે ? અને અભેદ હોય ત્યાં ભેદ કઈ રીતે હોઈ શકે ? તેમ વિરોધ ઉદ્ભાવન કરી શકાય નહીં, પરંતુ અનુભવના બળથી માનવું જોઈએ કે, પુદ્ગલદ્રવ્યમાં જે સ્થાનમાં રૂપ રહી શકે છે તે જ સ્થાનમાં રસાદિક પણ રહે છે, તેમ એક વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ રહી શકે છે ત્યાં અભેદ પણ રહી શકે છે. માટે દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

કેમ વિરોધ નથી ? તેમાં સાક્ષીરૂપે કહે છે –

પ્રત્યક્ષદૃષ્ટ અર્થમાં કોઈ વિરોધ નથી. વળી, પ્રત્યક્ષદૃષ્ટ અર્થમાં દૃષ્ટાંત પણ આપવાનું પ્રયોજન નથી.

જો કે, ગ્રંથકારશ્રીએ જ મૂળ ગાથામાં રૂપરસાદિકના દૃષ્ટાંતથી ભેદાભેદનો વિરોધ નથી તેમ સ્થાપન કરેલ છે; કેમ કે પ્રત્યક્ષથી પણ દેખાતા પદાર્થમાં એકાંત મતિથી ગ્રસ્ત દૃષ્ટિવાળા જીવોને વિરોધ દેખાય છે. તેઓને સમજાવવા માટે તેઓના અનુભવને અનુરૂપ એક વસ્તુમાં રૂપાદિનો એક સ્થાનમાં રહેવાનો વિરોધ નથી, તેમ બતાવીને ભેદાભેદનો વિરોધ નથી તેમ બતાવ્યું. તોપણ જે વસ્તુ પ્રત્યક્ષથી દેખાતી હોય ત્યાં દૃષ્ટાંતનું પ્રયોજન નથી. માટે પ્રત્યક્ષથી દેખાતા અનુભવથી જ ભેદાભેદ સ્વીકાર કરવો જોઈએ. **॥૪/૩॥**

અવતરણિકા :-

ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલદ્રવ્યઈં દેખાડઈં છઈં –

અવતરણિકાર્થ :-

દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ=પ્રત્યક્ષથી દેખાતા સ્વરૂપનું કથન, પુદ્ગલદ્રવ્યમાં દેખાડે છે –

ગાથા :-

શ્યામભાવ જે ઘટ છઈં પહિલાં, પછઇ ભિન્ન તે રાતો રે;
ઘટભાવઈં નવિ ભિન્ન જણાઇ, સી વિરોધની વાતો રે? શ્રુત૦ ॥૪/૪॥

ગાથાર્થ :-

પૂર્વમાં જે ઘટ શ્યામભાવમાં છે તે પાછળથી રાતો – ભિન્ન છે. ઘટભાવથી ભિન્ન જણાય નહીં=શ્યામઘટ અને રક્તઘટ ઘટભાવથી ભિન્ન જણાય નહીં, વિરોધની શી વાતો ? તેથી શ્યામભાવથી રક્તભાવ પ્રાપ્ત કરેલા ઘટમાં વિરોધની વાતો કઈ રીતે કહી શકાય ? ॥૪/૪॥

ટબો :-

જે ઘટ પહિલાં શ્યામભાવ છઈં, તે પછઈં રાતો ભિન્ન જણાઈં છઈં, અનઈં-બિહું કાલિં ઘટભાવઈં અભિન્ન જ જણાઈં છઈં. શ્યામ-રક્ત અવસ્થાભેદઈં ઘટ એક જ છઈં, તો ઈહાં વિરોધની વાત સી કહવી ? ॥૪/૪॥

ટબાર્થ :-

જે ઘટ, પહેલાં શ્યામભાવમાં છે, તે ઘટ, પછી રાતો – ભિન્ન જણાય છે=બીજી ક્ષણોમાં રક્ત થયેલો જુદો જણાય છે અને બેઉ કાળમાં ઘટભાવથી અભિન્ન જ જણાય છે. તો=તેથી અર્થાત્ શ્યામ અને રક્ત અવસ્થાભેદમાં ઘટ એક જ છે તો, ઈહાં=ભેદાભેદમાં, વિરોધની વાત કઈ રીતે કહેવાય ? અર્થાત્ કહી શકાય નહીં. ॥૪/૪॥

ભાવાર્થ :-

દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ છે અને અભેદ પણ છે. કઈ અપેક્ષાએ અભેદ છે ? તો કહે છે કે દ્રવ્યની અપેક્ષાએ અભેદ છે અને કઈ અપેક્ષાએ ભેદ છે ? તો કહે છે કે પર્યાયની અપેક્ષાએ ભેદ છે. તે અનુભવથી દેખાડે છે. જેમ,

જે શ્યામભાવવાળો ઘટ પહેલાં છે તે પકવવાની ક્રિયા પછી રાતાભાવવાળો થાય છે. તેથી શ્યામભાવવિશિષ્ટઘટ પાછળથી રક્તભાવવિશિષ્ટઘટ બને છે, તે અપેક્ષાએ ઘટમાં ભેદ છે. વળી, શ્યામભાવના ઘટમાં અને રક્તભાવના ઘટમાં ઘટભાવથી ભિન્નતા જણાતી નથી. તે અપેક્ષાએ ઘટમાં અભેદ છે. તેથી કોઈક દૃષ્ટિથી ઘટમાં ભેદ દેખાય છે તો અન્ય દૃષ્ટિથી ઘટમાં અભેદ દેખાય છે; કેમ કે ઘટમાં વર્તતા શ્યામભાવ અને રક્તભાવ જોનારી દૃષ્ટિથી ઘટનો ભેદ જણાય છે. જ્યારે શ્યામભાવ અને રક્તભાવ બંનેમાં ઘટભાવને જોનારી દૃષ્ટિથી અભેદ જણાય છે. તેથી એક ઘટરૂપ વસ્તુમાં ભેદ પણ છે અને અભેદ પણ છે તેનો વિરોધ નથી.

તેમ, એક વસ્તુમાં રહેલા ગુણપર્યાયનો દ્રવ્યથી ભેદ પણ છે અને તે વસ્તુમાં રહેલા ગુણપર્યાયનો દ્રવ્યથી અભેદ પણ છે. **॥૪/૪॥**

અવતરણિકા :-

હવઈ આત્મદ્રવ્યમાંહિ ભેદાભેદનો અનુભવ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે આત્મદ્રવ્યમાં ભેદાભેદનો અનુભવ દેખાડે છે –

ગાથા :-

બાલભાવ જે પ્રાણી દીસઇં, તરુણ ભાવ તે ન્યારો રે;
દેવદત્ત ભાવઇં તે એક જ, અવિરોધઇં નિરધારો રે. શ્રુત૦ ॥૪/૫॥

ગાથાર્થ :-

બાલભાવથી જે પ્રાણી દેખાય છે તે તરુણભાવે ન્યારો છે=ભિન્ન છે. દેવદત્તભાવે તે એક જ=બાલભાવ અને તરુણભાવવાળો પ્રાણી તે એક જ, અવિરોધથી નિર્ધાર કરો. ॥૪/૫॥

ટબો :-

બાલભાવઇં-બાલકપણે જે પ્રાણી દીસઇં છઇં, તે તરુણભાવે ન્યારો કહતાં-ભિન્ન છઇં. અનઇં દેવદત્તભાવઇં તે-મનુષ્યપણાનઇં પર્યાયઇં તે-એક જ છઇં. તો એકનઇં વિષઇં બાલ-તરુણભાવઇં ભેદ, દેવદત્તભાવઇં અભેદ, એ અવિરોધે નિર્ધારો.

उक्तं च –

"पुरिसम्मि पुरिससद्दो, जम्माईमरणकालपज्जंतो ।
तस्स उ बालाईया, पज्जवभेया बहुवियप्पा"।।१।। **(सम्मतौ-१/३२) ॥४/५॥**

ટબાર્થ :-

બાલભાવથી=બાલકપણે, જે પ્રાણી દેખાય છે, તે જીવ તરુણભાવે ન્યારો કહેતાં ભિન્ન છે અને દેવદત્તભાવે=તે મનુષ્યપણાના પર્યાયરૂપ દેવદત્તભાવે, એક જ છે. તેથી એકના વિષયમાં=મનુષ્યપણાના ભાવરૂપ દેવદત્તભાવે એકના વિષયમાં, બાલતરુણભાવે ભેદ છે અને દેવદત્તભાવે અભેદ છે એ અવિરોધથી નિર્ધારો=નિર્ણય કરો.

उक्तं च=અને કહેવાયું છે –

"पुरिसम्मि=પુરુષમાં, जम्माईमरणकालपज्जंतो=જન્મની આદિવાળો અને મરણકાળના પર્યંતવાળો, पुरिससद्दो=પુરુષ શબ્દ છે, (તેથી અભેદ છે) तस्स उ=વળી, તેના=પુરુષના, बालाईया पज्जवभेया=બાલાદિ પર્યાયના ભેદો, बहुवियप्पा=બહુ વિકલ્પવાળા છે. (તેથી ભેદ છે.)" **(સમ્મતિ પ્રથમકાંડ શ્લોક-૩૨) ॥૪/૫॥**

ભાવાર્થ :-

ગાથા-૪માં પુદ્ગલને આશ્રયીને ભેદાભેદ સ્પષ્ટ કર્યા. તે જ રીતે મનુષ્યપર્યાયને આશ્રયીને પણ ભેદાભેદ સ્પષ્ટ કરે છે. કોઈ દેવદત્ત નામનો મનુષ્ય મનુષ્યભાવથી જન્મથી માંડીને મૃત્યુ સુધી એક છે તેમ દેખાય છે અને તે દેવદત્તરૂપ મનુષ્ય બાલપણારૂપે જે દેખાતો હતો તે તરુણપણામાં ભિન્ન દેખાય છે. તેથી

દેવદત્તાદિરૂપ એક મનુષ્યને આશ્રયીને વિચારીએ તો અનુભવ અનુસાર બાલ, તરુણ આદિ અવસ્થામાં સ્પષ્ટ ભેદ દેખાય છે.

વળી, તે જ પુરુષમાં મનુષ્યપણાના ભાવરૂપે એકની પ્રતીતિ હોવાથી બાલ અને તરુણમાં અભેદ પણ દેખાય છે. તેથી એ ફલિત થાય કે, અનુગત અવસ્થાને જોનારી દ્રવ્યની દૃષ્ટિથી એકતાની પ્રતીતિ થાય છે અને વિસદૃશભાવને જોનારી પર્યાયની દૃષ્ટિથી ભિન્નતાની પ્રતીતિ થાય છે. માટે એક જ વસ્તુમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને દ્રવ્યગુણપર્યાયનો અભેદ સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. **॥૪/૫॥**

અવતરણિકા :-

'ભેદ હોઈ તિહાં અભેદ ન હોઈ જ; ભેદ વ્યાપ્યવૃત્તિ છઈ, તે માટિ' એહવી પ્રાચીન નૈયાયિકની શંકા ટાલઈ છઈ –

અવતરણિકાર્થ :-

'ભેદ હોય, ત્યાં અભેદ ન જ હોય; કેમ કે ભેદ વ્યાપ્યવૃત્તિ છે તે માટે' એ પ્રકારની પ્રાચીન નૈયાયિકની શંકા ટાળે છે –

ભાવાર્થ :-

ગાથા-૪માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, શ્યામભાવવાળો ઘટ પાછળથી ભિન્ન એવો રક્તભાવવાળો ઘટ બને છે. તેથી ઘટમાં શ્યામભાવ અને રક્તભાવરૂપે ભેદ પ્રતીત થાય છે. વળી, તે ઘટમાં શ્યામભાવકાળમાં અને રક્તભાવકાળમાં ઘટભાવથી જોઈએ તો અભેદ પ્રતીત થાય છે. તેથી ઘટરૂપ એક વસ્તુમાં ભેદ-અભેદ અનુભવસિદ્ધ છે. ત્યાં નૈયાયિક કહે છે કે ભેદ વ્યાપ્યવૃત્તિ છે. તેથી ઘટરૂપ વસ્તુમાં વ્યાપીને રહેલો છે, પરંતુ ઘટના એક દેશમાં રહેલ નથી. માટે ઘટમાં ભેદ હોય ત્યાં અભેદ હોઈ શકે નહીં.

આશય એ છે કે શ્યામઘટનો રક્તઘટમાં જે ભેદ છે, તે શ્યામઘટનો રક્તઘટમાં ભેદ, આખા રક્તઘટમાં વ્યાપીને રહેલો છે, પરંતુ રક્તઘટના એક દેશમાં શ્યામઘટનો ભેદ નથી અને શ્યામઘટનો ભેદ આખા રક્તઘટમાં વ્યાપીને રહેલો છે. તેથી રક્તઘટમાં શ્યામઘટનો અભેદ રહી શકે નહીં.

આ પ્રકારની પ્રાચીન નૈયાયિકની શંકાના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ધર્મભેદ જો અનુભવિ ભાસઇં, ધર્મિભેદ નવિ કહિંઇ રે;
ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ ચેતન પણિ લહિંઇ રે. શ્રુત૦ ॥૪/૬॥

ગાથાર્થ :-

જો અનુભવથી ધર્મભેદ ભાસીએ=જો નૈયાયિક અનુભવથી ધર્મનો ભેદ કહે અને ધર્મીનો ભેદ નથી એમ કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ-ચેતન પણ ગ્રહણ

થાય=જડત્વ અને ચેતનત્વરૂપ ભિન્ન ધર્મનો જડ-ચેતનરૂપ એક ધર્મી પણ નૈયાયિકને મતે પ્રાપ્ત થાય. ॥૪/૬॥

ટબો :-

"श्यामो न रक्तः-ઈહાં શ્યામત્વ, રક્તત્વ ધર્મનો ભેદ ભાસઈ છઈ, પણિ-ધર્મિ-ઘટનો, ભેદ ન ભાસઈ" ઈમ જો કહિઈં, તો જડ-ચેતનનો ભેદ ભાસઈ છઈ, તિહાં જડત્વ, ચેતનત્વ ધર્મનો જ ભેદ, પણિ જડ, ચેતન દ્રવ્યનો ભેદ નહીં ? ઈમ અવ્યવસ્થા થાઈ. ધર્મીનો પ્રતિયોગીપણઇં ઉલ્લેખ તો બિહુ ઠામે સરખો છઈ. અનઈં પ્રત્યક્ષસિદ્ધ-અર્થઈં બાધક તો અવતરઈ જ નહીં. ॥૪/૬॥

ટબાર્થ :-

'શ્યામરક્ત નથી' એ અનુભવમાં શ્યામત્વ અને રક્તત્વ ધર્મનો ભેદ ભાસે છે, પરંતુ ધર્મી એવાં ઘટનો ભેદ ભાસતો નથી, એ પ્રમાણે જો નૈયાયિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

જડ ચેતનનો ભેદ ભાસે છે, ત્યાં જડત્વ અને ચેતનત્વ ધર્મનો જ ભેદ છે, પરંતુ જડ અને ચેતન દ્રવ્યનો ભેદ નથી એમ નૈયાયિકે સ્વીકારવું પડે અને એમ નૈયાયિક સ્વીકારે તો અવ્યવસ્થા થાય=જડ અને ચેતનના ભેદની વ્યવસ્થાનો લોપ થવાથી તે પ્રકારના વ્યવહારની અવ્યવસ્થા થાય.

ગ્રંથકારશ્રીએ આપેલી જડચેતનની અવ્યવસ્થાના નિવારણ માટે નૈયાયિક કહે કે, જડદ્રવ્ય અને ચેતનદ્રવ્ય બે જુદાં દ્રવ્યો છે. તેથી જડમાં ચેતનપ્રતિયોગિક ભેદ છે એમ કહી શકાય છે. જ્યારે શ્યામઘટકાળમાં અને રક્તઘટકાળમાં દેખાતો ઘટ જુદો નથી; કેમ કે જે માટીના પુદ્ગલોથી શ્યામઘટ બનેલો હતો તે જ ઘટ રક્ત બને છે. માટે રક્તઘટમાં ઘટપ્રતિયોગિક ભેદ છે એવો ઉલ્લેખ થઈ શકે નહીં.

તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ધર્મીનો પ્રતિયોગીપણે ઉલ્લેખ તો બેઉ સ્થાને સરખો છે=જડ અને ચેતનનો ભેદ છે તે સ્થાનમાં 'જડમાં ચેતનનો ભેદ છે' તે બતાવવા માટે ચેતનરૂપ ધર્મીનો પ્રતિયાગીપણે ઉલ્લેખ છે, તેમ 'શ્યામ ઘટમાં રક્ત ઘટનો ભેદ છે' તે બતાવવા માટે રક્તભાવવિશિષ્ટ એવાં ઘટરૂપ ધર્મીનો પ્રતિયાગીપણે ઉલ્લેખ થઈ શકે છે. તેથી જડચેતનના સ્થાનમાં અને શ્યામઘટ-રક્તઘટના સ્થાનમાં-એમ બેઉ સ્થાનમાં પ્રતિયોગીપણે ઉલ્લેખ સમાન છે.

અને પ્રત્યક્ષસિદ્ધ અર્થમાં બાધકનો અવતાર નથી જ=જેમ જડ અને ચેતનમાં પ્રતિયોગીપણે ઉલ્લેખ પ્રત્યક્ષસિદ્ધ છે તેમ શ્યામઘટ અને રક્તઘટમાં રક્તઘટનો પ્રતિયાગીપણે ઉલ્લેખ પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી પ્રત્યક્ષસિદ્ધ એવાં અર્થનો કોઈ બાધક સ્વીકારી શકાય નહીં. માટે જેમ જડ અને ચેતનનો ભેદ નૈયાયિકને અભિમત છે, તેમ શ્યામઘટ અને રક્તઘટનો ભેદ નૈયાયિકે સ્વીકારવો જોઈએ. ॥૪/૬॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે અને અભેદ પણ છે તેમ સ્થાપન કરવા માટે ઘટદ્રવ્યને આશ્રયીને ભેદાભેદ ગાથા-૪માં બતાવેલ અને ત્યાં કહેલ કે શ્યામભાવવિશિષ્ટઘટ પાકક્રિયાથી રક્ત બને છે ત્યારે રક્તભાવવિશિષ્ટ બને છે તેને સામે રાખીને વિચારીએ તો શ્યામભાવવિશિષ્ટઘટ અને રક્તભાવવિશિષ્ટઘટમાં ભેદ અનુભવથી પ્રતીત થાય છે. વળી, જે માટીના પુદ્ગલો શ્યામ ઘટાકારરૂપે હતા તે જ માટીના પુદ્ગલો રક્ત ઘટાકારરૂપે બને છે. તેથી ઘટભાવથી વિચારીએ તો પૂર્વના અને પછીના ઘટમાં અભેદ પ્રતીત થાય છે. માટે એક ઘટરૂપ વસ્તુમાં ભેદાભેદને સ્વીકારવામાં કોઈ વિરોધ નથી. તેના નિરાકરણ માટે પ્રાચીન નૈયાયિક ભેદને વ્યાપ્યવૃત્તિ સ્વીકારીને કહે કે, જે શ્યામઘટ પાકક્રિયાથી રક્ત થાય છે, તે ઘટની બંને અવસ્થામાં પૂર્વમાં શ્યામત્વધર્મ હતો અને પછી રક્તત્વધર્મ ઉત્પન્ન થયો. તેથી શ્યામત્વધર્મ અને રક્તત્વધર્મનો ભેદ દેખાય છે, પરંતુ શ્યામઘટ અને રક્તઘટ બંનેમાં ધર્મી એવાં ઘટનો ભેદ ભાસતો નથી. માટે એક જ ઘટમાં ભેદ અને અભેદ છે એમ જે ગ્રંથકારશ્રીએ ગાથા-૪માં કહ્યું તે યુક્ત નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો આ રીતે શ્યામઘટ અને રક્તઘટનો ભેદ અનુભવથી દેખાતો હોવા છતાં નૈયાયિક શ્યામત્વ અને રક્તત્વ ધર્મનો ભેદ છે તેમ સ્થાપન કરીને ઘટનો અભેદ છે તેમ સ્થાપન કરે અને કહે કે એક જ ઘટમાં ભેદાભેદ નથી, તો તે નિયમ પ્રમાણે જડ અને ચેતન એવાં બે પદાર્થોમાં ભેદ ભાસે છે તે સ્થાનમાં પણ નૈયાયિકને કહેવું પડે કે જડમાં રહેલા જડત્વધર્મ અને ચેતનમાં રહેલા ચેતનત્વધર્મનો ભેદ છે, પરંતુ જડ અને ચેતન બે દ્રવ્યનો પરસ્પર ભેદ નથી અને એમ સ્વીકારીએ તો જડ-ચેતનને જુદા જુદા દ્રવ્ય સ્વીકારનાર નૈયાયિકને માન્ય એવી વ્યવસ્થાનો લોપ થાય અને તે વ્યવસ્થાની સંગતિ માટે જો નૈયાયિક કહે કે જડત્વવિશિષ્ટ જડદ્રવ્ય અને ચેતનત્વવિશિષ્ટ ચેતનદ્રવ્ય પરસ્પર જુદા છે તો તે નિયમ પ્રમાણે નૈયાયિકને સ્વીકારવું પડે કે શ્યામત્વવિશિષ્ટઘટ અને રક્તત્વવિશિષ્ટઘટ બંને જુદા છે અને તેમ નૈયાયિક સ્વીકારે તો શ્યામત્વવિશિષ્ટઘટ અને રક્તત્વવિશિષ્ટઘટનો ભેદ છે અને શ્યામભાવવાળી અને રક્તભાવવાળી અવસ્થામાં ઘડો ઘટભાવરૂપે એક જ છે, તેથી ઘટનો અભેદ છે તેમ માનવું પડે. તેથી પ્રત્યક્ષથી દેખાતા એક ઘટરૂપ વસ્તુમાં ભેદાભેદ છે તેમ માનવું પડે અને એક ઘટરૂપ વસ્તુમાં રહેલા ભેદાભેદ સિદ્ધ થાય તો એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ પણ અનુભવ અનુસાર સ્વીકારવામાં કોઈ દોષ નથી તેમ સિદ્ધ થાય.

અહીં નૈયાયિક કહે કે, જડ અને ચેતન બે દ્રવ્યો જુદાં છે. તેથી જડદ્રવ્યમાં ચેતનનો ભેદ સ્પષ્ટ પ્રતીત થાય છે. તેથી ચેતનપ્રતિયોગિક ભેદ જડદ્રવ્યમાં છે એ પ્રકારનો ઉલ્લેખ થઈ શકે છે અને શ્યામઘટ જ્યારે રક્તઘટ બને છે ત્યારે જે ઘટ પૂર્વમાં હતો તે જ ઘટ ઉત્તરમાં છે. તેથી પૂર્વના ઘટમાં ઉત્તરના ઘટનો ભેદ છે તેમ કહી શકાય નહીં. તેથી પૂર્વના ઘટમાં ઉત્તરના ઘટપ્રતિયોગિક ભેદ છે તેવો ઉલ્લેખ થાય નહીં. માટે શ્યામત્વ અને રક્તત્વ ધર્મનો જ પરસ્પર ભેદ છે અને પૂર્વના ઘટ અને ઉત્તરના ઘટનો અભેદ જ છે તેમ માનવું જોઈએ. માટે એક એવાં ઘટદ્રવ્યમાં ભેદાભેદ બંને છે તેમ કહેવું અત્યંત વિરોધી છે.

આ પ્રકારના નૈયાયિકના કથનમાં ગ્રંથકારશ્રી કહે છે – "ધર્મીનો પ્રતિયોગીપણે ઉલ્લેખ બેઉ સ્થાનમાં

સરખો છે." આશય એ છે કે, જડમાં ચેતનનો ભેદ છે તે બતાવવા માટે જડમાં ચેતનપ્રતિયોગિક ભેદ છે એ પ્રકારનો જેમ ઉલ્લેખ થાય છે તેમ શ્યામભાવવાળા ઘટમાં રક્તભાવવાળા ઘટનો ભેદ છે તે બતાવવા માટે રક્તભાવવિશિષ્ટ ઘટપ્રતિયોગિક ભેદ શ્યામભાવવિશિષ્ટ ઘટમાં છે એવો ઉલ્લેખ થઈ શકે છે. માટે જો નૈયાયિક જડ અને ચેતન દ્રવ્યનો પરસ્પર ભેદ સ્વીકારે તો તે રીતે જ શ્યામભાવવિશિષ્ટ ઘટ અને રક્તભાવવિશિષ્ટ ઘટનો ભેદ સ્વીકારવો જોઈએ.

"અને પ્રત્યક્ષસિદ્ધ અર્થમાં બાધકનો અવતાર નથી જ." આશય એ છે કે શ્યામભાવવિશિષ્ટ ઘટમાં રક્તભાવવિશિષ્ટ ઘટનો ભેદ પ્રત્યક્ષસિદ્ધ છે, જેમ જડ અને ચેતનનો ભેદ પ્રત્યક્ષસિદ્ધ છે. તેથી રક્તભાવવિશિષ્ટ ઘટ અને શ્યામભાવવિશિષ્ટ ઘટનો ભેદ છે તેમ ન કહી શકાય એમ જે નૈયાયિક કહે છે તે ઉચિત નથી. **॥૪/૬॥**

અવતરણિકા :-

ગાથા-૪માં ગ્રંથકારશ્રીએ ઘટરૂપ વસ્તુમાં ભેદાભેદ સ્થાપન કરીને એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં પ્રાચીન નૈયાયિક કહે છે કે ભેદ વ્યાપ્યવૃત્તિ છે. માટે એક ઘટમાં ભેદાભેદ બંને પ્રાપ્ત થઈ શકે નહીં. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, એક ઘટરૂપ વસ્તુમાં પણ ભેદાભેદ માનવો પડે અને જો તેમ સ્વીકારવામાં ન આવે, અને શ્યામત્વધર્મ અને રક્તત્વધર્મનો ભેદ છે અને ધર્મી એવાં ઘટનો તો શ્યામકાળમાં અને રક્તકાળમાં અભેદ જ છે, પરંતુ ભેદ નથી, તેમ સ્વીકારવામાં આવે તો જડ અને ચેતનનો પણ ભેદ નૈયાયિક સ્વીકારી શકે નહીં. તેથી અવ્યવસ્થા થાય. માટે ઘટમાં ભેદાભેદ નૈયાયિકે સ્વીકારવો જોઈએ.

હવે જડ અને ચેતનનો બે દ્રવ્યરૂપે સ્પષ્ટ ભેદ દેખાય છે, ત્યાં પણ સ્યાદ્વાદની દૃષ્ટિએ ભેદાભેદ છે તેમ બતાવીને ભેદાભેદ સર્વત્ર વ્યાપક છે તેમ બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

ભેદાભેદ તિહાં પણિ કહતાં, વિજય જઇન મત પાવઇં રે;
ભિન્ન રૂપમાં રૂપંતરથી, જગિ અભેદ પણિ આવઇં રે. શ્રુત૦ ॥૪/૭॥

ગાથાર્થ :-

ત્યાં પણ=જડ અને ચેતન દ્રવ્યમાં પણ, ભેદાભેદ કહેતાં=ભેદાભેદને સ્વીકારતાં, જૈન મત વિજય પામે છે=જૈન મત સર્વત્ર પદાર્થના યથાર્થ સ્વરૂપને દેખાડવા દ્વારા તત્ત્વને બતાડનાર છે તે પ્રમાણે પ્રસિદ્ધિને પામે છે.

ભિન્નરૂપમાં=જીવ-અજીવરૂપ ભિન્ન પદાર્થોમાં, રૂપાંતરથી=ઘટમાં જે ભેદાભેદ બતાવ્યો તેના કરતાં અન્ય પ્રકારના સ્વરૂપથી, જગતમાં અભેદ પણ આવે=જગતના સર્વ પદાર્થોમાં ભેદ અને અભેદ-બંને પ્રાપ્ત થાય. ॥૪/૭॥

ટબો :-

તિહાં=જડચેતનમાંહિ, પણિ ભેદાભેદ કહતાં જૈનનું મત વિજય પામઈ. જે માટઈં-ભિન્નરૂપ-જે જીવાજીવાદિક, તેહમાં, રૂપાંતર-દ્રવ્યત્વ, પદાર્થત્વાદિક, તેહથી જગમાંહિ અભેદ પણિ આવઈ. એટલઈં ભેદાભેદનઈં સર્વત્ર વ્યાપકપણું કહિઉં. ॥૪/૭॥

ટબાર્થ :-

ત્યાં=જડ અને ચેતન દ્રવ્યમાં, પણ ભેદાભેદ કહેતાં જૈન મત વિજય પામે છે=સર્વત્ર યથાર્થ પદાર્થનું દર્શન કરાવીને સત્યવાદીરૂપે પ્રસિદ્ધિને પામે છે. જે માટે, ભિન્નરૂપ જે જીવાદિક તેમાં, રૂપાંતર તેહથી=ઘટમાં જે અપેક્ષાએ ભેદાભેદ કર્યો છે તેના કરતાં રૂપાંતર એવાં દ્રવ્યત્વ, પદાર્થત્વાદિકથી, જગતમાં=જગતના સર્વ પદાર્થોમાં, અભેદ પણ આવે.

આનાથી શું પ્રાપ્ત થાય તે સ્પષ્ટ કરે છે –

એટલે=રૂપાંતરથી અભેદ પણ પ્રાપ્ત થાય છે એટલે, ભેદાભેદને સર્વત્ર=સર્વ પદાર્થોમાં, વ્યાપકપણું શાસ્ત્રમાં કહ્યું છે=જગતના સર્વ પદાર્થો કોઈક દૃષ્ટિથી ભેદરૂપ પ્રતીત થાય છે અને કોઈક દૃષ્ટિથી અભેદરૂપ પ્રતીત થાય છે. પરંતુ જગતવર્તી દ્રવ્યોમાં સર્વથા ભેદ નથી કે સર્વથા અભેદ નથી એમ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૪/૭॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં ગ્રંથકારશ્રીએ નૈયાયિકને કહ્યું કે, જો શ્યામઘટ અને રક્તઘટનો ભેદ પ્રતીત થાય છે, તે સ્થાનમાં શ્યામત્વધર્મ અને રક્તત્વધર્મનો ભેદ છે, ઘટનો ભેદ નથી તેમ કહીને નૈયાયિક એક ઘટરૂપ વસ્તુમાં ભેદાભેદ સંભવે નહીં એમ સ્થાપન કરે તો જડ અને ચેતનનો ભેદ તે સ્વીકારે છે, ત્યાં પણ જડત્વ અને ચેતનત્વ ધર્મનો ભેદ છે, જડ અને ચેતન દ્રવ્યનો ભેદ નથી એમ તેણે સ્વીકારવું જોઈએ અને તેમ નૈયાયિક સ્વીકારી શકે નહીં; કેમ કે તેમ સ્વીકારે તો જગતમાં "આ જડ પદાર્થો છે, આ ચેતન પદાર્થો છે" એ પ્રકારની વ્યવસ્થા પ્રસિદ્ધ છે તે સંગત થાય નહીં. માટે એક વસ્તુમાં ભેદાભેદ વિરોધી નથી એમ સ્વીકારવામાં કોઈ બાધ નથી તેમ ગ્રંથકારશ્રીએ ગાથા-૬માં સ્થાપન કર્યું.

હવે એ સ્થાપન કરવું છે કે જગતવર્તી કોઈ પદાર્થોનો પરસ્પર એકાંત ભેદ નથી કે એકાંત અભેદ નથી, પરંતુ જેમ એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ છે અથવા એક ઘટમાં જેમ ભેદાભેદ છે, તેમ જડ અને ચેતનમાં પણ, જ્યાં સ્થૂલ દૃષ્ટિથી ભેદ પ્રતીત થાય છે, ત્યાં પણ ભેદાભેદ છે અને આ રીતે સર્વ પદાર્થોના ભેદાભેદ સ્વીકારવાથી જૈન શાસનના સ્યાદ્વાદનો સિદ્ધાંત સર્વવ્યાપક બને છે અને ભિન્ન પ્રતીત થતા એવાં જડ અને ચેતનમાં ભેદાભેદ કઈ અપેક્ષાએ છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જડ અને ચેતન બધાં દ્રવ્યો છે અથવા બધાં પદાર્થો છે અથવા બધાં જ્ઞેય છે. તેથી બધાં દ્રવ્યમાં દ્રવ્યત્વરૂપે કે પદાર્થત્વરૂપે કે જ્ઞેયત્વરૂપે વિચારીએ તો અભેદ પણ છે. જેમ શ્યામભાવવિશિષ્ટ ઘટ અને

રક્તભાવવિશિષ્ટ ઘટમાં ઘટભાવથી અભેદ છે તેમ ભિન્નરૂપે પ્રતીત થતા એવાં જીવ-અજીવમાં પણ દ્રવ્યભાવથી, પદાર્થભાવથી કે જ્ઞેયભાવથી અભેદ સ્વીકારવામાં અનુભવનો બાધ થતો નથી.

આ રીતે જગતવર્તી સર્વ પદાર્થોમાં કોઈક દૃષ્ટિથી ભેદ છે અને કોઈક દૃષ્ટિથી અભેદ છે. માટે સર્વત્ર ભેદાભેદ વ્યાપક છે. ॥૪/૭॥

અવતરણિકા :-

હિવઈં એહ જ વિવરીનઈં દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે એ જ=ભેદાભેદ સર્વત્ર વ્યાપક છે એ જ, વિવરણ કરીને બતાવે છે –

ગાથા :-

જેહનો ભેદ અભેદ જ તેહનો, રૂપંતર સંયુતનો રે;
રૂપંતરથી ભેદ જ તેહનો, મૂલ હેતુ નય શતનો રે. શ્રુત૦ ॥૪/૮॥

ગાથાર્થ :-

જેહનો=જે બે વસ્તુનો, પરસ્પર ભેદ છે, રૂપાંતર સંયુક્ત એવાં તેહનો જ અભેદ થાય. તેહનો જ=જેહનો પૂર્વમાં અભેદ કર્યો તેનો જ, રૂપાન્તરથી=અન્ય દૃષ્ટિથી, ભેદ થાય. (આ ભેદાભેદ) નયશતનો=સો નયનો=સાતે નયમાંથી એકેક નયના સો નયોનો, મૂળ હેતુ છે. ॥૪/૮॥

ટબો :-

જેહનો ભેદ, તેહનો જ રૂપાંતર સહિતનો અભેદ હોઈ. જિમ સ્થાસ, કોશ, કુશૂલ, ઘટાદિકનો ભેદ છઈ અનઈં તેહ જ મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિત-સ્વપર્યાયનો અભેદ છઈ. તેહનો જ રૂપાંતરથી જ ભેદ હોઈ. જિમ સ્થાસ, કોશ, કુશૂલાદિકવિશિષ્ટ-મૃદ્દ્રવ્યપણાઈં તેહનો જ ભેદ હોઈ.

એ ભેદ અનઈં અભેદ છઈ, તે સઈંગમે નયનો મૂલ હેતુ છઈ. સાત નયના જે સાતસઈં ભેદ છઈ, તે એ રીતેં દ્રવ્ય-પર્યાયની અર્પણા-અનર્પણાઈં થાઈ. તે 'શતારનયચક્રાધ્યયન' માહિં પૂર્વિ હુંતા. હવણાં 'દ્વાદશારનયચક્ર' માંહિં-વિધિ, વિધિર્વિધિઃ ઈત્યાદિ રીતિં એકેક નયમાંહિ ૧૨-૧૨ ભેદ ઊપજતા કહિયા છઈ. ॥૪/૮॥

ટબાર્થ :-

જેહનો=જે બે વસ્તુનો, ભેદ છે=પરસ્પર ભેદ છે, તેહનો જ=તે બે વસ્તુનો જ, રૂપાંતરસહિતનો=જે અપેક્ષાએ ભેદ છે તેના કરતાં અન્ય એવાં રૂપાંતરયુક્તનો, અભેદ થાય. જેમ, સ્થાસ-કોસ-કુશૂલ-

ઘટાદિકનો ભેદ છે=પરસ્પર ભેદ છે, અને તેહ જ=સ્થાસ-કોસ-કુશૂલ-ઘટાદિક જ, મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિત એવાં સ્વપર્યાયનો=મૃદ્દ્રવ્યમાં ગૌણ કર્યાં છે સ્થાસ-કોશાદિ સ્વપર્યાયો જેને એવાં તેનો, અભેદ છે=સ્થાસ-કોસાદિ પરસ્પરનો અભેદ છે.

તેહનો જ=પૂર્વમાં જેનો અભેદ કર્યો તેનો જ, રૂપાંતરથી જ=અન્ય દૃષ્ટિથી જ, ભેદ થાય.

તે અન્ય દૃષ્ટિથી સ્પષ્ટ કરે છે –

જેમ, સ્થાસ-કોસ-કુશૂલાદિવિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે=સ્થાસવિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે કોસવિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે, કુશૂલવિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે; તેનો જ=સ્થાસાદિમાં વર્તતા મૃદ્દ્રવ્યનો જ, ભેદ થાય.

'આ ભેદ અને અભેદ છે' તે સઈગમે નયનો મૂળ હેતુ છે=સો નયનો મૂળ હેતુ છે.

તેનાથી શું ફલિત થાય છે તે સ્પષ્ટ કરે છે –

સાત નયના જે સાતસો ભેદ છે તે ભેદાભેદને આશ્રયીને થાય છે એમ સંબંધ છે. તે=સાત નયના જે સાતસો ભેદ છે તેનો મૂળ હેતુ એવો તે ભેદાભેદ, એ રીતે=ટબામાં પૂર્વમાં બતાવ્યું કે મૃદ્દ્રવ્યવિશિષ્ટ અનર્પિત એવાં સ્થાસ-કોસાદિ સર્વપર્યાયનો અભેદ છે અને સ્થાસ-કોસાદિવિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે તેનો જ ભેદ છે એ રીતે, દ્રવ્યપર્યાયની અર્પણા-અનર્પણાથી થાય=દ્રવ્યની અર્પણા અને પર્યાયની અનર્પણા કરવાથી અર્થાત્ દ્રવ્યને મુખ્ય કરવાથી અને પર્યાયને ગૌણ કરવાથી, અભેદ થાય, તેમ જ દ્રવ્યની અનર્પણા અને પર્યાયની અર્પણા કરવાથી અર્થાત્ દ્રવ્યને ગૌણ કરવાથી અને પર્યાયને મુખ્ય કરવાથી, ભેદ થાય.

તે=પૂર્વમાં કહ્યું કે સાત નયોના સાતસો નય છે તે, 'શતારનયચક્રઅધ્યયન' નામના ગ્રંથમાં પૂર્વમાં હતા (હમણાં તે ગ્રંથ વિચ્છિન્ન છે.) હમણાં=વર્તમાનમાં 'દ્વાદશારનયચક્ર' નામના ગ્રંથમાં વિધિ, વિધિર્વિધિ ઇત્યાદિ રીતે એકેક નયમાં ૧૨-૧૨ ભેદ ઊપજતા કહ્યા છે. તેથી સાત નયોના ૧૨-૧૨ ભેદો કરવાથી કુલ ૮૪ ભેદો થાય. ॥૪/૮॥

ભાવાર્થ :-

ગાથા-૪માં ઘટનો જ ભેદ અને ઘટનો જ અભેદ છે તેમ યુક્તિથી બતાવ્યું અને ગાથા-૭માં સ્થાપન કર્યું કે ભેદાભેદ સર્વત્ર વ્યાપક છે. તેથી કોઈ પદાર્થો વચ્ચે પરસ્પર એકાંત ભેદ નથી કે એકાંત અભેદ નથી, પરંતુ દરેક પદાર્થોનો પરસ્પર ભેદાભેદ છે. જેથી ભેદાભેદરૂપ સ્યાદ્વાદ સર્વત્ર સિદ્ધ થાય છે. તે અનુભવથી પ્રસ્તુતમાં સ્પષ્ટ કરે છે.

જેમ, માટીના એક પિંડમાંથી ઘટ બનાવવામાં આવે છે ત્યારે તે માટીનો પિંડ પ્રથમ સ્થાસ અવસ્થામાં હોય છે, પછી કોસ અવસ્થામાં હોય છે પછી કુશૂલ અવસ્થામાં હોય છે અને અંતે ઘટરૂપે બને છે. આ બધી અવસ્થાઓનો ભેદ પ્રત્યક્ષથી અનુભૂત છે, છતાં અન્ય કોઈક દૃષ્ટિથી જોવામાં આવે તો અભેદ પણ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે. તે અન્ય દૃષ્ટિ સ્પષ્ટ કરે છે.

સ્થાસ-કોસાદિ સર્વ અવસ્થામાં મૃદ્દ્રવ્ય વર્તે છે. તેથી તે સર્વ અવસ્થામાં મૃદ્દ્રવ્યનો અભેદ છે અને તે અભેદ કઈ રીતે પ્રતીત થાય છે તે બતાવવા કહે છે –

મૃદ્દ્રવ્યત્વથી વિશિષ્ટ એવાં સ્થાસ-કોસ-કુશૂલ આદિ પર્યાયોની અનર્પણા કરવામાં આવે અર્થાત્ ગૌણ કરવામાં આવે, તો તે સર્વ અવસ્થામાં અભેદની પ્રતીતિ થાય છે; કેમ કે વિચારક પુરુષને જણાય છે કે સ્થાસ પણ મૃદ્દ્રવ્યરૂપ છે, કોસ પણ મૃદ્દ્રવ્યરૂપ છે, કુશૂલ પણ મૃદ્દ્રવ્યરૂપ છે અને ઘટ પણ મૃદ્દ્રવ્યરૂપ છે. તેથી મૃદ્દ્રવ્યરૂપે અભેદની પ્રતીતિ છે.

વળી, તેને જ અન્ય દૃષ્ટિથી વિચારીએ તો ભેદ પણ દેખાય છે. સ્થાસપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્ય, કોસપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્ય, કુશૂલપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્ય અને ઘટપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્યને જોવામાં આવે ત્યારે તે મૃદ્દ્રવ્યનો જ ભેદ જણાય છે; કેમ કે સ્થાસપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્ય કોસપર્યાયવિશિષ્ટ મૃદ્દ્રવ્ય નથી.

આ પ્રકારે સર્વ પદાર્થોમાં ભેદ અને અભેદ છે. તેને સામે રાખીને એક નયમાંથી સો નયો નિષ્પન્ન થાય છે. તેથી પદાર્થને જોનારી એક દૃષ્ટિના સો ભેદો કરવામાં કારણ ભેદાભેદ છે અને તે રીતે જૈનશાસનમાં પ્રસિદ્ધ સાત નયોમાં ભેદાભેદને ઉતારીને સો નયો કરવામાં આવે તો સાતસો નયોની પ્રાપ્તિ થાય છે.

આ રીતે સાતસો નયોનો ભેદ કરવા માટે જે ભેદાભેદ કરવામાં આવે છે તેમાં દ્રવ્યની અર્પણા કરવામાં આવે અને પર્યાયની અનર્પણા કરવામાં આવે ત્યારે અભેદની પ્રાપ્તિ થાય છે. જેમ, પૂર્વમાં મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ સ્થાસકોસાદિ પર્યાયો અનર્પિત કર્યા ત્યારે તે પર્યાયો અનર્પિત હોવાને કારણે ગૌણ બન્યા અને મૃદ્દ્રવ્ય અર્પિત હોવાને કારણે મુખ્ય બન્યું. તેથી અભેદની પ્રાપ્તિ થઈ. વળી, જ્યારે સ્થાસકોસકુશૂલાદિ-વિશિષ્ટ મૃદ્દ્રવ્યનો ભેદ બતાવ્યો, ત્યારે સ્થાસકોસાદિ પર્યાયો અર્પિત બન્યા. માટે મુખ્ય બન્યા અને મૃદ્દ્રવ્ય અનર્પિત બન્યું. તેથી ગૌણ બન્યું. માટે પર્યાયની અર્પણા કરવામાં આવે અને દ્રવ્યની અનર્પણા કરવામાં આવે ત્યારે ભેદની પ્રાપ્તિ થાય છે.

આ ભેદાભેદને આશ્રયીને જે સાતસો નયો પ્રાપ્ત થાય છે, તે પૂર્વના કાળમાં 'શતારનયચક્રઅધ્યયન' નામના ગ્રંથમાં વિદ્યમાન હતા. વર્તમાનમાં એ ગ્રંથ ઉપલબ્ધ નથી. તેથી તેના વિષયમાં કઈ રીતે સાતસો ભેદો પડે છે. તેની સ્પષ્ટતા વર્તમાનમાં થઈ શકે તેમ નથી, ફક્ત શાસ્ત્રવચનના બળથી તેનો સ્વીકાર થાય છે. વળી, હમણાં 'દ્વાદશારનયચક્ર' નામનો ગ્રંથ ઉપલબ્ધ છે. તેમાં ભેદાભેદને જ ગ્રહણ કરીને વિધિ, વિધિર્વિધિ, વિધિનિષેધ, નિષેધવિધિ, ઇત્યાદિ પ્રકારે બાર ભેદો કરેલ છે. તેથી તે બારેય ભેદો સાતે નયોમાં યોજન થાય છે. તેથી સાતે નયોમાંથી પ્રત્યેક નયોમાં બાર-બાર ભેદોની પ્રાપ્તિ થાય છે, જે અતિ ગંભીર છે. તેથી 'દ્વાદશારનયચક્ર'માંથી જ તેનો બોધ થઈ શકે. **॥૪/૮॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં ભેદાભેદ બતાવવા માટે મૃદ્દ્રવ્યવિશિષ્ટ અનર્પિત સ્વપર્યાયનો અભેદ બતાવ્યો, ત્યાં દ્રવ્યના વિશેષણથી પર્યાયની અનર્પણાને કારણે અભેદના વિકલ્પરૂપ ભાંગો પ્રાપ્ત થયો અને સ્થાસકોસાદિવિશિષ્ટ મૃદ્દ્રવ્યનો ભેદ બતાવ્યો, ત્યાં પર્યાયના વિશેષણથી દ્રવ્યની અનર્પણાને કારણે ભેદના વિકલ્પરૂપ ભાંગો પ્રાપ્ત થયો. તેથી જેમ દ્રવ્યાદિના વિશેષણથી ભાંગાની પ્રાપ્તિ થાય છે તેમ ક્ષેત્રાદિના વિશેષણથી પણ અનેક ભાંગાની પ્રાપ્તિ થાય છે તે બતાવવાપૂર્વક તેમાં કોઈક એક સ્થાનમાં દ્રવ્યક્ષેત્રાદિને આશ્રયીને 'અસ્તિ-નાસ્તિ' આદિ સાત ભાંગા જોડીને બતાવે છે –

ગાથા :-

ક્ષેત્ર-કાલ-ભાવાદિક યોગઇં, થાઇ ભંગની કોડી રે;
સંખેપઇં એ ઠામિં કહિઇં, સપ્તભંગની જોડી રે. શ્રુત૦ ॥૪/૯॥

ગાથાર્થ :-

ક્ષેત્ર, કાળ, ભાવ આદિના યોગથી ભંગની કોડી થાય=અનેક સપ્તભંગીઓ પ્રાપ્ત થાય. સંક્ષેપથી એક સ્થાનમાં સપ્તભંગીની જોડી કહીઈ=જોડી કહીએ છીએ. ॥૪/૯॥

ટબો :-

દ્રવ્યાદિક વિશેષણઇં ભંગ થાઈં, તેમ ક્ષેત્રાદિક વિશેષણઇં પણિ અનેક ભંગ થાઈ. તથા દ્રવ્યઘટ સ્વ કરી વિવક્ષિઇં, તિવારઈં ક્ષેત્રાદિક ઘટ પર થાઈ. ઈમ પ્રત્યેકઇં સપ્તભંગી પણિ કોડીગમઈં નીપજઈં. તથાપિ લોકપ્રસિદ્ધ જે કંબુગ્રીવાદિ પર્યાયોપેત ઘટ છઈ, તેહનઈં જ સ્વત્રેવડીનઈં સ્વરૂપઇં અસ્તિત્વ પરરૂપઇં નાસ્તિત્વ ઈમ લેઈ સપ્તભંગી દેખાડિઇં.

તથાહિ –

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઇં ઘટ છઈ જ.૧

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઇં નથી જ.૨

એક વારઈં ઉભય વિવક્ષાઇં અવક્તવ્ય (અવાચ્ય) જ.૨ પર્યાય એક શબ્દઇં મુખ્ય રૂપઇ ન કહેવાઇ જ.૩

એક અંશ સ્વરૂપઇં, એક અંશ પરરૂપઇ વિવક્ષિઇં, તિવારઈં-''છઈ નઈં નથી''૪.

એક અંશ સ્વરૂપઇં, એક અંશ યુગપત્-ઉભયરૂપઇં વિવક્ષીઇં તિવારઈ-''છઈ અનઈં અવાચ્ય''૫.

એક અંશ પરરૂપઈં, એક અંશ યુગપત્-ઉભયરૂપઈ વિવક્ષીઈં તિવારઈ-''નથી નઈં અવાચ્ય''૬.

એક અંશ સ્વરૂપઈં, એક પરરૂપઈં, એક યુગપત્-ઉભયરૂપઈ વિવક્ષીઈ, તિવારઈ-''છઈં, નથી નઈં અવાચ્ય''૭. ॥૪/૯॥

ટબાર્થ :-

દ્રવ્યાદિકના વિશેષણથી ભંગ થાય=એક વસ્તુમાં દ્રવ્યના વિશેષણથી અને પર્યાયના વિશેષણથી ભેદાભેદ કરીને વિચારણા કરીએ તો ભેદાભેદની એક સપ્તભંગી થાય. તેમ ક્ષેત્રાદિકના વિશેષણથી અનેક ભાંગા થાય=ભેદાભેદના અનેક વિકલ્પો થાય, અને તેને આશ્રયીને અનેક સપ્તભંગીઓ થાય.

તે સ્પષ્ટ કરવા અર્થે 'તથા'થી કહે છે –

દ્રવ્યઘટને સ્વ કરીને વિવક્ષા કરીએ, તે વારે=ત્યારે, ક્ષેત્રાદિઘટ પર થાય. એમ=પૂર્વમાં વર્ણન કર્યું એમ, પ્રત્યેકની=ઘટાદિ પ્રત્યેક દ્રવ્યની, સપ્તભંગી પણ કોડીગમે નીપજે=અનેક રીતે પ્રાપ્ત થાય, અર્થાત્ એક ઘટ દ્રવ્યને આશ્રયીને અનેક પ્રકારની સપ્તભંગી પ્રાપ્ત થાય. તથાપિ=તોપણ, લોકપ્રસિદ્ધ જે કંબુ-ગ્રીવાદિપર્યાયથી યુક્ત એવો ઘટ છે=ચંબુ જેવા આકારના પર્યાયથી યુક્ત એવો ઘટ છે, તેને જ, સ્વત્રેવડીને=એક ઘટને ત્રણ રીતે ગ્રહણ કરીને અર્થાત્ એક વખત પૂર્ણ ઘટને ગ્રહણ કરીને, બીજી વખત ઘટના અગ્ર ભાગ અને પશ્ચાત્ ભાગરૂપ બે અંશોને ગ્રહણ કરીને અને ત્રીજી વખત ઘટના અગ્રભાગ, મધ્યભાગ અને અંતિમ ભાગરૂપ ત્રણ અંશોને ગ્રહણ કરીને; સ્વરૂપે અસ્તિત્વ અને પરરૂપે નાસ્તિત્વ એમ લઈ સપ્તભંગી દેખાડીએ છીએ. તે આ પ્રમાણે –

(૧) સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ ઘટ "છે જ".

(૨) પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ ઘટ "નથી જ". પ્રથમ ભાંગામાં જે ઘટ છે તેમ કહ્યું તે ઘટ નથી જ.

(૩) એક વખત=એકસાથે, ઉભયની વિવક્ષાએ=સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ ઉભયની વિવક્ષાએ "અવક્તવ્ય જ છે"; કેમ કે બે પર્યાય મુખ્યરૂપે એક શબ્દથી કહી શકાય નહીં.

આ ત્રણ ભાંગા પૂર્ણ ઘટને ગ્રહણ કરીને થાય છે.


☐	☐	☐
છે જ	નથી જ	અવક્તવ્ય

(૪) એક અંશ સ્વરૂપથી અને એક અંશ પરરૂપથી વિવક્ષા કરીએ=એક ઘટના બે ભાગની કલ્પના કરીને અગ્ર ભાગ સ્વરૂપની અપેક્ષાએ અને પશ્ચાત્ ભાગ પરરૂપની અપેક્ષાએ વિવક્ષા કરીએ, ત્યારે "છે અને નથી"=અગ્રભાગથી ઘટ છે અને પશ્ચાત્ ભાગથી ઘટ નથી એમ ચોથો ભાંગો પ્રાપ્ત થાય.


(૫) વળી, એક અંશને સ્વરૂપથી=ઘટનો અગ્ર ભાગરૂપ અંશ સ્વરૂપથી, અને એક અંશ યુગપત્ અર્થાત્ ઉભયરૂપે=ઘટનો પશ્ચાત્ અંશ ઉભયરૂપે, વિવક્ષા કરીએ, ત્યારે "છે અને અવાચ્ય છે"= અગ્ર ભાગથી ઘટ છે અને પશ્ચાત્ ભાગથી ઘટ અવાચ્ય છે એમ પાંચમો ભાંગો પ્રાપ્ત થાય.

(૬) વળી, એક અંશને પરરૂપથી=ઘટનો અગ્ર ભાગરૂપ અંશ પરરૂપથી અને એક અંશ યુગપત્ અર્થાત્ ઉભયરૂપે=ઘટનો પશ્ચાત્ અંશ ઉભયરૂપે, વિવક્ષા કરીએ, ત્યારે "નથી અને અવાચ્ય છે"=અગ્ર ભાગથી ઘટ નથી અને પશ્ચાત્ ભાગથી ઘટ અવાચ્ય છે એમ છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય.


આ ત્રણ ભાંગા એક ઘટના બે અંશોને ગ્રહણ કરીને થાય છે.



છે નથી



છે અવાચ્ય



નથી અવાચ્ય

(૭) એક અંશને સ્વરૂપથી=ઘટના ત્રણ અંશોની કલ્પના કરીને અગ્ર ભાગરૂપ અંશને સ્વરૂપથી, એક અંશને પરરૂપથી=ઘટના મધ્યભાગરૂપ અંશને પરરૂપથી, એક અંશને યુગપત્ અર્થાત્ ઉભયરૂપે=ઘટના અંતિમ ભાગરૂપ અંશને સ્વરૂપ અને પરરૂપ-ઉભયરૂપે, વિવક્ષા કરીએ, ત્યારે, તે ઘટ "છે, નથી અને અવાચ્ય છે"=અગ્ર ભાગથી ઘટ છે, મધ્ય ભાગથી ઘટ નથી અને અંતિમ ભાગથી ઘટ આવચ્ય છે એમ સાતમો ભાંગો પ્રાપ્ત થાય.

આ અંતિમ ભાંગો એક ઘટના ત્રણ અંશોને ગ્રહણ કરીને થાય છે. ॥૪/૯॥

છે નથી અવાચ્ય



ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટને ગ્રહણ કરીને અભેદનો વિકલ્પ બતાવ્યો અને સ્થાસકોસાદિવિશિષ્ટને ગ્રહણ કરીને ભેદનો વિકલ્પ બતાવ્યો. તેથી દ્રવ્યના અને પર્યાયના વિશેષણથી બે ભાંગાની પ્રાપ્તિ થઈ અને એ રીતે એક સપ્તભંગી થાય.

તે રીતે ક્ષેત્રના, કાળના અને ભાવના વિકલ્પોથી પણ અનેક ભાંગાઓ પ્રાપ્ત થાય. તે આ રીતે :-

(૧) દ્રવ્યઘટને=દ્રવ્યવિશિષ્ટઘટને, સ્વ કરીને અને ક્ષેત્ર ઘટને=ક્ષેત્રવિશિષ્ટઘટને, પર કરીને વિવક્ષા કરીએ ત્યારે સ્વ અને પરને આશ્રયીને એક સપ્તભંગી થાય.

(૨) વળી, દ્રવ્યઘટને સ્વ કરીને અને કાળઘટને=કાળવિશિષ્ટઘટને, પર કરીને વિવક્ષા કરીએ ત્યારે સ્વ અને પરને આશ્રયીને એક સપ્તભંગી થાય.

(૩) વળી, દ્રવ્યઘટને સ્વ કરીને અને ભાવઘટને=ઘટમાં વર્તતા ઘટત્વભાવવિશિષ્ટ ઘટને, પર કરીને વિવક્ષા કરીએ ત્યારે સ્વ અને પરને આશ્રયીને એક સપ્તભંગી થાય.

અહીં મૂળગાથામાં 'ક્ષેત્રકાળભાવાદિ' શબ્દમાં 'આદિ' પદથી ઘટમાં વર્તતા રૂપ, રસ, સ્પર્શાદિ

ભાવોનું ગ્રહણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, રૂપવિશિષ્ટઘટને સ્વ કરીને અને રસવિશિષ્ટઘટને પર કરીને વિવક્ષા કરીએ, ત્યારે પણ, સ્વ અને પરને આશ્રયીને અલગ સપ્તભંગીઓ પ્રાપ્ત થાય.

(૪) વળી, ક્ષેત્રઘટને સ્વ કરીને અને દ્રવ્યઘટને પર કરીને વિવક્ષા કરીએ ત્યારે સ્વ અને પરને આશ્રયીને એક સપ્તભંગી થાય.

અહીં જે ક્ષેત્રમાં ઘડો રહેલો છે તે ક્ષેત્રને પ્રધાન કરીને તે ક્ષેત્રથી વિશિષ્ટ એવાં ઘટને સ્વ કરીને અને તે ક્ષેત્રમાં વિદ્યમાન મૃદ્દ્રવ્યથી વિશિષ્ટ એવાં ઘટને પર કરીને વિવક્ષા કરીએ ત્યારે ક્ષેત્ર અને દ્રવ્યને આશ્રયીને આ સપ્તભંગી થાય.

(૫) વળી, ક્ષેત્રઘટને સ્વ કરીને અને કાળઘટને પર કરીને વિવક્ષા કરીએ ત્યારે સ્વ અને પરને આશ્રયીને એક સપ્તભંગી થાય.

અહીં જે ક્ષેત્રમાં કોઈ ઘડો રહેલો હોય તે ક્ષેત્રથી વિશિષ્ટ તે ઘડો છે તેમ કહીએ ત્યારે તે ઘડો જે કાળમાં રહેલો છે તે કાળમાં તે ઘડો હોવા છતાં તે કાળઘટને પરરૂપે, વિવક્ષા કરીએ અને ક્ષેત્રઘટને સ્વરૂપે વિવક્ષા કરીએ ત્યારે 'ક્ષેત્રઘટ છે, કાળઘટ નથી.' એમ 'અસ્તિ-નાસ્તિ'ના વિકલ્પની પ્રાપ્તિ થાય અને એ રીતે આ સપ્તભંગી થાય.

આ રીતે અન્ય પણ પરસ્પર સંયોગોથી 'અસ્તિનાસ્તિ'ના જે વિકલ્પો સંભવિત હોય તે ગ્રહણ કરવામાં આવે તો 'અસ્તિનાસ્તિ'ના ઘણા વિકલ્પો પ્રાપ્ત થાય. તેથી તેને આશ્રયીને પણ 'અસ્તિનાસ્તિ'ના વિકલ્પોની પ્રાપ્તિ થાય.

આ રીતે 'અસ્તિનાસ્તિ'ના બે વિકલ્પોની પ્રાપ્તિ કર્યા પછી ગ્રંથકારશ્રી સ્વયં ઘટદ્રવ્યમાં એક સપ્તભંગીને જોડીને બતાવે છે. તે રીતે પૂર્વમાં જે 'અસ્તિનાસ્તિ'ના વિકલ્પો પ્રાપ્ત થયા ત્યાં પણ સાત ભાંગાની પ્રાપ્તિ થાય. માટે અનેક સપ્તભંગીઓ પ્રાપ્ત થાય છે. તેથી જ ટબામાં કહ્યું કે, 'એમ પ્રત્યેક સપ્તભંગી પણ ક્રોડો પ્રાપ્ત થાય છે.'

હવે લોકમાં કંબુગ્રીવાદિ પર્યાયથી યુક્ત ઘટ પ્રસિદ્ધ છે તે ઘટમાં સપ્તભંગી જોડીને ગ્રંથકારશ્રી બતાવે છે અને આ સપ્તભંગી કરવા અર્થે એક ઘટને ત્રણ વખત ગ્રહણ કરવામાં આવે છે.

(૧) સૌ પ્રથમ તે ઘટને ગ્રહણ કરીને સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ તે ઘટ છે તેમ અસ્તિત્વનો એક ભાંગો પ્રાપ્ત થાય છે. જેમાં તે ઘટમાં વર્તતા મૃદ્ના પુદ્ગલોરૂપ દ્રવ્ય, જે ક્ષેત્રમાં તે ઘટ ઉત્પન્ન થયો હોય તે ક્ષેત્ર, જે કાળમાં તે ઘટ વિદ્યમાન હોય તે કાળ અને તે ઘટમાં વર્તતા જે ભાવો હોય તે ભાવો-સર્વને સ્વ કરીને ગ્રહણ કરીએ ત્યારે 'ઘટ છે' એમ કહેવાય છે.

(૨) વળી, તે જ ઘટને ગ્રહણ કરીને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવની અપેક્ષાએ તે ઘટ નથી તેમ નાસ્તિત્વનો બીજો ભાંગો પ્રાપ્ત થાય છે, જેમાં તે ઘટ માટીના જે પુદ્ગલોથી બન્યો છે તેનાથી અન્ય પુદ્ગલોરૂપ દ્રવ્ય નથી, જે ક્ષેત્રમાં તે ઘટ નિષ્પન્ન થયો છે તેનાથી અન્ય ક્ષેત્રનો તે ઘટ નથી, જે કાળમાં તે ઘટ છે તેનાથી અન્ય કાળમાં તે ઘટ નથી અને તે ઘટમાં જે ભાવો વર્તે છે તેનાથી અન્ય ભાવો

તે ઘટમાં નથી. તેથી પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ગ્રહણ કરીએ ત્યારે 'ઘટ નથી' એમ કહેવાય છે.

આમ, એકના એક ઘટને આશ્રયીને 'કોઈક અપેક્ષાએ ઘટ છે' અને 'કોઈક અપેક્ષાએ ઘટ નથી' એમ બે ભાંગાની પ્રાપ્તિ થાય છે.

(૩) હવે તે જ ઘટને ગ્રહણ કરીને સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ બંનેને સામે રાખીને એકસાથે કહેવાની વિવક્ષાથી પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે ઘટ કોઈ શબ્દોથી કહી શકાતો નથી તેથી તે ઘટ અવક્તવ્ય બને છે.

અહીં પ્રશ્ન થાય કે, એક સાથે બે કેમ કહી શકાય નહીં ? તેથી કહે છે –

તે ઘટમાં વર્તતા સ્વદ્રવ્યાદિરૂપ પર્યાયો અને પરદ્રવ્યાદિરૂપ પર્યાયો એ બંને પર્યાયો એકસાથે એક શબ્દથી મુખ્યરૂપે કહી શકાતા નથી.

આ રીતે એક પૂર્ણ ઘટને આશ્રયીને ત્રણ ભાંગાઓની પ્રાપ્તિ થઈ.

(૪) હવે તે ઘટને ગ્રહણ કરીને તે ઘટના બે અંશની કલ્પના કરવામાં આવે અને તે ઘટના એક અંશમાં સ્વરૂપથી વિવક્ષા કરવામાં આવે અને બીજા અંશમાં પરરૂપથી વિવક્ષા કરવામાં આવે ત્યારે 'ઘટ છે' અને 'ઘટ નથી' એમ ચોથો ભાંગો પ્રાપ્ત થાય.

(૫) વળી, તે ઘટના બે અંશોને જ ગ્રહણ કરીને એક અંશમાં સ્વરૂપથી વિવક્ષા કરવામાં આવે અને તેના બીજા અંશમાં એકસાથે સ્વરૂપથી અને પરરૂપથી એમ ઉભયથી વિવક્ષા કરવામાં આવે ત્યારે 'તે ઘટ છે અને ઘટ અવાચ્ય છે' એમ પાંચમો ભાંગો પ્રાપ્ત થાય.

(૬) વળી, તે ઘટના આ બે અંશોને જ ગ્રહણ કરીને તે ઘટના એક અંશને પરરૂપથી વિવક્ષા કરવામાં આવે અને તેના બીજા અંશમાં એકસાથે સ્વરૂપથી અને પરરૂપથી એમ ઉભયથી વિવક્ષા કરવામાં આવે ત્યારે 'તે ઘટ નથી અને ઘટ અવાચ્ય છે' એમ છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય.

આ રીતે ઘટના બે અંશોને ગ્રહણ કરીને ત્રણ ભાંગા થાય.

(૭) હવે તે ઘટને ફરી ગ્રહણ કરીને ત્રણ અંશો પાડવામાં આવે અને એક અંશને સ્વરૂપથી વિવક્ષા કરવામાં આવે, બીજા અંશને પરરૂપથી વિવક્ષા કરવામાં આવે અને ત્રીજા અંશને એકસાથે સ્વરૂપથી અને પરરૂપથી એમ ઉભયથી વિવક્ષા કરવામાં આવે ત્યારે 'ઘટ છે, ઘટ નથી અને ઘટ અવાચ્ય છે' એમ સાતમો ભાંગો પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે કોઈપણ વસ્તુમાં રહેલા એક પર્યાયને સામે રાખીને શ્રુતના બળથી તેનું સ્વરૂપ જાણવામાં આવે તે વિચારકને સાત પ્રકારની જિજ્ઞાસા થઈ શકે છે. તે સાત પ્રકારની જિજ્ઞાસાને અનુરૂપ સાત પ્રશ્નો થાય છે અને તે સાત પ્રશ્નોના સાત ઉત્તર પ્રાપ્ત થાય છે, જે સાત ઉત્તરો આ સાત ભાંગારૂપ છે અને આ સાત ભાંગાથી તે વસ્તુમાં રહેલા એક પર્યાયનો પરિપૂર્ણ બોધ થાય છે અને તેં એક વસ્તુમાં રહેલા અન્ય અન્ય પર્યાયોને આશ્રયીને અન્ય અન્ય સપ્તભંગીઓ થાય છે અને એક વસ્તુમાં રહેલા અનંત પર્યાયોને આશ્રયીને અનંત સપ્તભંગીઓ થાય છે. **॥૪/૯॥**

અવતરણિકા :-

હવઈ એ સપ્તભંગી ભેદાભેદમાં જોડીઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે એ સપ્તભંગી ભેદાભેદમાં જોડે છે –

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં અસ્તિનાસ્તિને આશ્રયીને સપ્તભંગી બતાવી. હવે ભેદાભેદને આશ્રયીને સપ્તભંગી બતાવે છે –

❖ ગાથા-૧૦થી ગાથા-૧૩ સુધી આ સાત ભાંગા બતાવ્યા છે. તેથી ગાથા-૧૦ થી ગાથા-૧૩ના ગાથાર્થ, ટબાર્થ લખ્યા પછી ભાવાર્થ એકસાથે બતાવવામાં આવશે.

ગાથા :-

પર્યાયારથ ભિન્ન વસ્તુ છઇં, દ્રવ્યારથઇં અભિન્નો રે;
ક્રમઇં ઉભય નય જો અર્પીજઇ, તો ભિન્ન નઇં અભિન્નો રે.

શ્રુત૦ ॥૪/૧૦॥

ગાથાર્થ :-

પર્યાયાર્થિકનયથી વસ્તુ=કોઈપણ પદાર્થ, ભિન્ન છે=તે વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાય ભિન્ન છે. દ્રવ્યાર્થિકનયથી અભિન્ન છે=તે વસ્તુમાં રહેલા ગુણ અને પર્યાય, દ્રવ્યથી અભિન્ન છે. ક્રમથી ઉભયનયની જો અર્પણા કરીએ=ક્રમસર દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયની જો અર્પણા કરીએ, તો ભિન્ન અને અભિન્ન થાય=પર્યાયાર્થિકનયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન થાય અને દ્રવ્યાર્થિકનયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ અભિન્ન થાય. ॥૪/૧૦॥

ટબો :-

પર્યાયાર્થનયથી સર્વ વસ્તુ દ્રવ્ય, ગુણ, પર્યાય, લક્ષણઇં કથંચિત્ ભિન્ન જ છઈ. (૧) દ્રવ્યાર્થનયથી કથંચિત્ અભિન્ન જ છઈ. જે માટિં ગુણ-પર્યાય દ્રવ્યના જ આવિર્ભાવ, તિરોભાવ છઈ. (૨) અનુક્રમઈ જો-બે નય-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક અર્પીઈં તો-કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન કહિઈં. (૩) ॥૪/૧૦॥

ટબાર્થ :-

(૧) પર્યાયાર્થિકનયથી સર્વ વસ્તુ દ્રવ્યગુણપર્યાય લક્ષણથી=ત્રણેના સ્વતંત્ર લક્ષણથી કથંચિત્ ભિન્ન જ છે.

(૨) દ્રવ્યાર્થિકનયથી કથંચિત્ અભિન્ન જ છે.

દ્રવ્યાર્થિકનયથી એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાય કેમ અભિન્ન છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે માટે ગુણ અને પર્યાય, દ્રવ્યના જ આવિર્ભાવ અને તિરોભાવ છે અર્થાત્ દ્રવ્યની જ આવિર્ભાવ અવસ્થા કે તિરોભાવ અવસ્થા છે, પરંતુ દ્રવ્યથી પૃથક્ ગુણ-પર્યાયરૂપ બે વસ્તુ નથી.

(૩) અનુક્રમથી જો બે નય=દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને – બેઉને અર્પીએ=મુખ્ય કરીએ તો કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન કહેવાય=દ્રવ્યાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે દ્રવ્યગુણપર્યાય અભિન્ન થાય અને પર્યાયાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે દ્રવ્યગુણપર્યાય ભિન્ન થાય. ॥૪/૧૦॥

ગાથા :-

જો એકદા ઉભય નય ગહિઇં, તો અવાચ્ય તે લહિઇં રે;
એકઇં શબ્દઇં એક જ વારઇં, દોઇ અર્થ નવિ કહિઇં રે. શ્રુત૦ ॥૪/૧૧॥

ગાથાર્થ :-

જો એકસાથે બે નય ગ્રહણ કરીએ=દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય બેઉ નય ગ્રહણ કરીએ, તો તે=દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ, અવાચ્ય પ્રાપ્ત થાય.

કેમ અવાચ્ય પ્રાપ્ત થાય ? તેથી કહે છે –

એક શબ્દથી એક જ વારે=ક્રમસર નહીં પણ એકસાથે જ બેઉ અર્થ કહી શકાય નહીં=ભેદ અને અભેદરૂપ બેઉ અર્થ કહી શકાય નહીં. ॥૪/૧૧॥

ટબો :-

જો એકવાર બે નયના અર્થ વિવક્ષિઇં, તો તે અવાચ્ય લહિઇં. જે માટિં એક શબ્દઇં એક વારઇં બે અર્થ ન કહિયા જાઇ. સંકેતિત શબ્દ પણિ એક જ સંકેતિત રૂપ કહઇ, પણિ બે રૂપ સ્પષ્ટ ન કહી સકઇં. પુષ્પદંતાદિક શબ્દ પણિ એકોક્તિ ચંદ્ર, સૂર્ય કહઇં, પણિ ભિન્નોક્તિ ન કહી સકઇ અનઇં બે નયના અર્થ મુખ્યપણાઇં તો ભિન્નોક્તિ જ કહવા ઘટઇં. ઈત્યાદિક યુક્તિ શાસ્ત્રાંતરથી જાણવી. (૪) ॥૪/૧૧॥

ટબાર્થ :-

(૪) જો એકસાથે બે નયના અર્થની વિવક્ષા કરીએ, તો તે=દ્રવ્યગુણપર્યાયમાં રહેલો ભેદ અને અભેદ તે અવાચ્ય થાય.

કેમ અવાચ્ય થાય ? તેથી કહે છે –

જે માટે=જે કારણથી, એક શબ્દથી એક વખત બે અર્થ કહી શકાય નહીં.

અહીં પ્રશ્ન થાય કે એક શબ્દમાં બે અર્થનો સંકેત કરવો હોય તો તે સંકેતિત શબ્દથી એક વખતે બે અર્થોની ઉપસ્થિતિ થઈ શકે તે માટે તે તે સંકેતિત શબ્દથી ભેદાભેદ વાચ્ય થઈ શકે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

સંકેતિત શબ્દ પણ એક જ સંકેતિત રૂપ કહે, પણ બે રૂપ સ્પષ્ટ કહી શકે નહીં અર્થાત્ કોઈ એક શબ્દમાં બંને નયના અર્થનો સંકેત કરેલો હોય તો તે શબ્દ સંકેતિતરૂપ બંને નયોના અર્થોને કહે, પરંતુ તે બે રૂપોને સ્પષ્ટ કહી શકે નહીં.

કેમ બે રૂપોને સ્પષ્ટ કહી શકે નહીં ? તે બતાવતાં કહે છે –

'પુષ્પદંતાદિક' શબ્દ પણ એકોક્તિ ચંદ્ર-સૂર્યને કહે છે, પરંતુ ભિન્ન ઉક્તિ એવાં ચંદ્ર-સૂર્યને કહેતો નથી. તેથી બે રૂપને 'પુષ્પદંતાદિક' સ્પષ્ટ કહી શકતો નથી, તેમ સંકેતિત શબ્દ પણ બે રૂપને ભિન્નોક્તિરૂપે સ્પષ્ટ કહી શકે નહીં, એમ પૂર્વ સાથે અન્વય છે.

અને બે નયના અર્થો મુખ્યપણે તો ભિન્નોક્તિથી જ કહેવા ઘટે, ઇત્યાદિક યુક્તિ શાસ્ત્રાન્તરથી જાણવી. ॥૪/૧૧॥

ગાથા :-

પર્યાયારથ કલ્પન, ઉત્તર-ઉભય વિવક્ષા સંધિ રે;
ભિન્ન અવાચ્ય વસ્તુ તે કહિઇં, સ્યાત્કારનઇં બંધિ રે. શ્રુત૦ ॥૪/૧૨॥

ગાથાર્થ :-

પર્યાયાર્થની કલ્પના=પાંચમા ભાંગામાં પ્રથમ પર્યાયાર્થની કલ્પનાથી, ભેદનું ગ્રહણ, ઉત્તર= ભેદના ગ્રહણ પછી, ઉભયની વિવક્ષાની સંધિ છે=પાંચમા ભાંગામાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંનેની વિવક્ષાની સંધિ છે, તેથી તે=પાંચમો ભાંગો 'ભિન્ન અને અવાચ્ય' વસ્તુને કહે છે.

કઈ રીતે 'ભિન્ન અવાચ્ય' વસ્તુને કહે છે, તેથી કહે છે –

સ્યાત્કારને બંધિથી=સ્યાત્કારના બંધનથી, 'ભિન્ન અવાચ્ય' વસ્તુને કહે છે અર્થાત્ 'સ્યાત્ ભિન્ન-અવાચ્ય' એ પ્રમાણે ભાંગો પ્રાપ્ત થાય છે. ॥૪/૧૨॥

ટબો :-

પ્રથમ પર્યાયાર્થ કલ્પના, પછઈ-દ્રવ્યાર્થ-પર્યાયાર્થ કલ્પના વિચારતાં ઈમ વિવક્ષાઇં, એકદા ઉભયનયાર્પણા કરિઇં, તિવારઇં ભિન્ન અવક્તવ્ય કથંચિત્ ઈમ કહિઇં. (૫) ॥૪/૧૨॥

ટબાર્થ :-

(૫) પ્રથમ=પાંચમા ભાંગામાં પ્રથમ, પર્યાયાર્થની કલ્પના છે. પછી દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ ઉભય નયની કલ્પના વિચારતાં એ પ્રકારની વિવક્ષાએ=પાંચમા ભાંગામાં પાછળથી દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ-ઉભયની કલ્પના વિચારી એ વિવક્ષાથી, એકદા ઉભય નયની અર્પણા કરાય તે વારે=ત્યારે, 'ભિન્ન અવક્તવ્ય કથંચિત્' એમ કહેવાય='કથંચિત્ ભિન્ન અવક્તવ્ય' એ પ્રકારનો પાંચમો ભાંગો કહેવાય. ॥૪/૧૨॥

ગાથા :-

દ્રવ્યારથ નઈં ઉભય ગ્રહિયાથી, અભિન્ન તેહ અવાચ્યો રે;
ક્રમ યુગપત નય ઉભય ગ્રહિયાથી, ભિન્ન અભિન્ન અવાચ્યો રે.

શ્રુત૦ ॥૪/૧૩॥

ગાથાર્થ :-

દ્રવ્યારથ નઈં=અને, ઉભય=દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ ઉભય, ગ્રહણથી તે=વસ્તુ, અભિન્ન અવાચ્ય થાય=તે વસ્તુ 'કથંચિત્ અભિન્ન અવાચ્ય' એમ છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય.

ક્રમ અને યુગપદ્-ઉભયનય ગ્રહણ કરવાથી=દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયને ક્રમથી ગ્રહણ કરીને અને ત્યાર પછી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ઉભયનયને ગ્રહણ કરવાથી, 'ભિન્ન-અભિન્ન-અવાચ્ય' પ્રાપ્ત થાય=ક્રમ ગ્રહણ કરવાથી 'ભિન્ન-અભિન્ન' પ્રાપ્ત થાય અને યુગપદ્ બંને નયોને ગ્રહણ કરવાથી 'અવાચ્ય' પ્રાપ્ત થાય. તેથી 'ભિન્ન-અભિન્ન-અવાચ્ય' એમ સાતમો ભાંગો પ્રાપ્ત થાય. ॥૪/૧૩॥

ટબો :-

પ્રથમ દ્રવ્યાર્થકલ્પના, પછઈ એકદા ઉભયનયાર્પણા કરિઈં, તિવારઈં-કથંચિત્ અભિન્ન અવક્તવ્ય ઈમ કહિઈં. (૬) અનુક્રમઈ ૨ નયની પ્રથમ અર્પણા-પછઈ ૨ નયની એકવાર અર્પણા કરિઈં, તિવારઈ-કથંચિત્ ભિન્ન અભિન્ન અવક્તવ્ય ઈમ કહિઈં. (૭) એ ભેદાભેદ પર્યાયમાંહિ સપ્તભંગી જોડી. ઈમ સર્વત્ર જોડવી.

ટબાર્થ :-

(૬) પ્રથમ દ્રવ્યાર્થની કલ્પના, પછી એકસાથે ઉભયનયની અર્પણા કરીએ, તે વખતે 'કથંચિત્ અભિન્ન અવક્તવ્ય' એમ કહેવાય='એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાય અભિન્ન છે અને અવક્તવ્ય છે' એમ છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય.

(૭) પ્રથમ અનુક્રમથી બે નયની અર્પણા કરાય=અનુક્રમથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે

નયની અર્પણા કરાય, પછી બેઉ નયની એક સાથે અર્પણા કરીએ તે વખતે 'કથંચિત્ ભિન્ન અભિન્ન અવક્તવ્ય' એમ કહેવાય='એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય છે' એમ સાતમો ભાંગો પ્રાપ્ત થાય.

એ ભેદાભેદ પર્યાયમાં સપ્તભંગી જોડી, એમ સર્વત્ર જોડવી=નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, એક-અનેક આદિમાં જોડવી.

❖ ગાથા-૧૦થી શરૂ કરીને ગાથા-૧૩ના ઉપર્યુક્ત ટબા સુધી ભેદાભેદની સપ્તભંગી બતાવી છે. તેથી તેનો ભાવાર્થ સંયુક્ત રીતે હવે બતાવવામાં આવે છે. ગાથા-૧૩નો બાકીનો ટબો પાછળથી બતાવવામાં આવશે.

ભાવાર્થ :-

સપ્તભંગી 'અસ્તિનાસ્તિ'ની, 'ભેદાભેદ'ની, 'શુદ્ધાશુદ્ધ'ની, 'નિત્યાનિત્ય'ની, અને 'એક-અનેક'ની થાય છે, તેમાં 'અસ્તિનાસ્તિ'ની સપ્તભંગી "પદાર્થ ભાવાભાવાત્મક છે" તેને આશ્રયીને થાય છે; કેમ કે દરેક પદાર્થો પોતાના સ્વરૂપે ભાવાત્મક છે, પરસ્વરૂપે અભાવાત્મક છે અને આ 'અસ્તિનાસ્તિ'ની સપ્તભંગીમાં નયની દૃષ્ટિથી 'અસ્તિનાસ્તિ'નો વિકલ્પ નથી, પરંતુ સ્વરૂપ-પરરૂપની અપેક્ષાએ વિકલ્પ છે. તેથી તે સપ્તભંગી ગાથા-૯માં બતાવેલ તે રીતે કોઈપણ પદાર્થને ત્રેવડીને જ થઈ શકે, અન્ય રીતે થઈ શકે નહીં અને 'ભેદાભેદ'ની સપ્તભંગી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને આશ્રયીને થાય છે. તેથી ત્યાં કોઈ પદાર્થને ત્રેવડીને ગ્રહણ કરવાની આવશ્યકતા રહેતી નથી, પરંતુ દ્રવ્યાર્થિકનયની અને પર્યાયાર્થિકનયની ક્રમસર અર્પણા કે એકદા અર્પણાને આશ્રયીને થાય છે. તેથી પ્રથમ ભાંગામાં કેવલ પર્યાયાર્થિકનયની અર્પણા કરાય છે, બીજા ભાંગામાં કેવલ દ્રવ્યાર્થિકનયની અર્પણા કરાય છે, ત્રીજા ભાંગામાં દ્રવ્યાર્થિકનયની અને પર્યાયાર્થિકનયની ક્રમસર અર્પણા કરાય છે. પરંતુ 'અસ્તિનાસ્તિ'માં જેમ એક અંશસ્વરૂપે અને એક અંશ પરરૂપે ગ્રહણ થાય છે તેમ અહીં 'ભેદાભેદ'માં પદાર્થનો અંશ ગ્રહણ કરીને ભાંગા થતા નથી. વળી, ચોથા ભાંગામાં એકદા ઉભયનયની અર્પણા કરાય છે. પાંચમા ભાંગામાં ક્રમસર પર્યાયાર્થિકનય અને ઉભયનયની અર્પણા કરાય છે. છઠ્ઠા ભાંગામાં ક્રમસર દ્રવ્યાર્થિકનય અને ઉભયનયની અર્પણા કરાય છે. સાતમા ભાંગામાં ક્રમસર બે નયની અર્પણા અને ઉભયનયની અર્પણા કરાય છે.

આ રીતે કોઈ એક વસ્તુને ગ્રહણ કરીને તે વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદને આશ્રયીને સાત ભાંગાઓ પ્રાપ્ત થાય છે. તે આ રીતે :-

(૧) પર્યાયાર્થિકનયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન છે.

(૨) દ્રવ્યાર્થિકનયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ અભિન્ન છે.

(૩) ક્રમસર પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક બંને નયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્નાભિન્ન છે.

(૪) ક્રમ વગર એકસાથે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાય ભેદાભેદરૂપે અવાચ્ય બને છે.

(૫) પ્રથમ પર્યાયાર્થિકનયની અર્પણા અને ઉત્તરમાં ઉભયનયની અર્પણાથી વિચારણા કરવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય પ્રાપ્ત થાય.

(૬) પ્રથમ દ્રવ્યાર્થિકનયની અર્પણા અને ઉત્તરમાં ઉભયનયની અર્પણાથી વિચારણા કરવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય કથંચિત્ અભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય પ્રાપ્ત થાય.

(૭) અનુક્રમથી પ્રથમ બેઉ નયની અર્પણા અને ઉત્તરમાં ક્રમ વગર એકસાથે બેઉ નયની અર્પણાથી વિચારણા કરવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય પ્રાપ્ત થાય.

આ સાત ભાંગાનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે –

(૧) પર્યાયાર્થિકનય ભેદને સ્વીકારનાર છે. તેથી કોઈ એક વસ્તુને તેના દ્રવ્યગુણપર્યાયરૂપ લક્ષણને આશ્રયીને પર્યાયાર્થિકનયથી જોવામાં આવે તો તે દ્રવ્યગુણપર્યાયનો ભેદ જ પ્રાપ્ત થાય; કેમ કે દ્રવ્યનું લક્ષણ જુદું છે, ગુણનું લક્ષણ જુદું છે અને પર્યાયનું લક્ષણ જુદું છે. તેથી તે લક્ષણોને ભિન્ન રીતે જોનારી પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી તે વસ્તુ દ્રવ્યગુણપર્યાયરૂપે કથંચિત્ ભિન્ન છે એ રૂપ પ્રથમ ભાંગો પ્રાપ્ત થાય.

(૨) દ્રવ્યાર્થિકનય અભેદને સ્વીકારનાર છે. તેથી કોઈ એક વસ્તુ દ્રવ્યગુણપર્યાયરૂપ હોવા છતાં અભિન્ન જ છે. કેમ દ્રવ્યગુણપર્યાય અભિન્ન છે ? તેને ટબામાં સ્પષ્ટ કરે છે. ગુણ અને પર્યાય એ દ્રવ્યના જ આવિર્ભાવ અને તિરોભાવ છે અર્થાત્ તે દ્રવ્ય કોઈક સ્વરૂપે આવિર્ભાવ પામે છે અને કોઈક સ્વરૂપે તિરોભાવ પામે, તે દ્રવ્યનો પર્યાય છે. માટે દ્રવ્યથી પૃથક્ નથી અને ગુણ પણ તે દ્રવ્યસ્વરૂપ જ છે, પરંતુ દ્રવ્યથી પૃથક્‌ભૂત નથી. તેથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ અભિન્ન છે. એ રૂપ બીજો ભાંગો પ્રાપ્ત થાય.

(૩) કોઈ વ્યક્તિને જિજ્ઞાસા થાય કે વસ્તુમાં રહેલ દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ છે કે અભેદ છે ? એ જિજ્ઞાસામાં પર્યાયાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન છે તેમ પ્રાપ્ત થયું; કેમ કે પર્યાયાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે દ્રવ્યાર્થિકનયની અનર્પણા છે તે બતાવવા માટે કથંચિત્ ભિન્ન છે એમ કહેવું આવશ્યક છે અને દ્રવ્યાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે પર્યાયાર્થિકનયની અનર્પણા છે તે બતાવવા માટે કથંચિત્ અભિન્ન છે એમ કહેવું આવશ્યક છે. હવે બેઉ નયની ક્રમસર અર્પણા કરીએ તો, પ્રથમ દ્રવ્યાર્થિકનયની અર્પણાથી કથંચિત્ અભિન્ન પ્રાપ્ત થાય અને પછી પર્યાયાર્થિકનયની અર્પણાથી કથંચિત્ ભિન્ન પ્રાપ્ત થાય. તેથી બેઉ નયની ક્રમસર અર્પણા દ્વારા દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે એ રૂપ ત્રીજો ભાંગો પ્રાપ્ત થાય.

આ ભાંગામાં પણ પ્રથમ દ્રવ્યાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે પર્યાયાર્થિકનય ગૌણ બને છે અને પછી પર્યાયાર્થિકનયની અર્પણા કરીએ ત્યારે દ્રવ્યાર્થિકનય ગૌણ બને છે. તે બતાવવા માટે કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્ન એમ કહેલ છે.

(૪) વળી, દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ છે કે અભેદ છે ? તે જિજ્ઞાસાના ઉત્તરમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બેઉ નયની ક્રમ વગર એકસાથે અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે તે દ્રવ્યગુણપર્યાય ભિન્નરૂપે કે અભિન્નરૂપે કહી શકાતા નથી. તેથી આવચ્ય છે એ રૂપ ચોથો ભાંગો પ્રાપ્ત થાય.

અહીં પ્રશ્ન થાય કે, જેમ 'પુષ્પદંત' શબ્દ ચંદ્ર અને સૂર્યને કહે છે તેમ 'ભેદાભેદ' ઉપસ્થિત કરાવે એવો સંકેત કોઈ એક શબ્દમાં કરવામાં આવે અને ક્રમ વગર બે નયની અર્પણાથી દ્રવ્યગુણપર્યાયનું કથન કરવું હોય તો તે શબ્દથી ક્રમ વગર ભેદાભેદની ઉપસ્થિતિ થશે. તેથી 'અવાચ્ય' ભાંગો પ્રાપ્ત થશે નહીં. તેના સમાધાનરૂપે કહે છે –

'પુષ્પદંત' શબ્દ પણ ચંદ્ર અને સૂર્યને એકોક્તિરૂપે કહે છે, પરંતુ ભિન્નોક્તિરૂપે કહેતો નથી અર્થાત્ જેમ 'સેના' શબ્દ હાથી, ઘોડા, પાયદળ આદિના સમુદાયરૂપ એકોક્તિને કહેનાર છે, પરંતુ હાથી, ઘોડા, પાયદળ આદિને ભિન્નોક્તિરૂપે કહેતો નથી. તે રીતે 'પુષ્પદંત' શબ્દ પણ સૂર્ય અને ચંદ્રને એકોક્તિરૂપે કહે છે, ભિન્નોક્તિ રૂપે કહેતો નથી. વળી, પ્રસ્તુતમાં બેઉ નયની ક્રમ વગર એકસાથે અર્પણા કરીને દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે કે અભેદ છે તેની ભિન્નોક્તિરૂપે જિજ્ઞાસા છે. તેથી કોઈ એક શબ્દમાં ભેદાભેદનો સંકેત કરીને બેઉ નયની અર્પણાથી તેને કહેવામાં આવે તોપણ ભિન્નોક્તિરૂપે ભેદાભેદ અવાચ્ય બને છે.

(૫) કોઈને જિજ્ઞાસા થાય કે કોઈ એક વસ્તુવિષયક દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે કે અભેદ છે ? તે જિજ્ઞાસાના ઉત્તરમાં પ્રથમ પર્યાયાર્થિકનયની અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય ભિન્ન છે અને પછી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય બંનેની અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાયનું કથન અવક્તવ્ય બને છે. તેથી દ્રવ્યગુણપર્યાય 'કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય છે' એ રૂપ પાંચમો ભાંગો પ્રાપ્ત થાય.

(૬) વળી, કોઈને જિજ્ઞાસા થાય કે કોઈ એક વસ્તુવિષયક દ્રવ્યગુણપર્યાયનો ભેદ છે કે અભેદ છે ? તે જિજ્ઞાસાના ઉત્તરમાં પ્રથમ દ્રવ્યાર્થિકનયની અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય અભિન્ન છે અને પછી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય બંનેની અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાયનું કથન અવક્તવ્ય બને છે. તેથી દ્રવ્યગુણપર્યાય 'કથંચિત્ અભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય છે' એ રૂપ છઠ્ઠો ભાંગો પ્રાપ્ત થાય.

(૭) વળી, કોઈને કોઈ વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદની જિજ્ઞાસામાં ઉત્તર આપતી વખતે પ્રથમ ક્રમસર દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે નયોની અર્પણા કરવામાં આવે ત્યારે કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન પ્રાપ્ત થાય અને પછી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બેઉ નયની એકસાથે અર્પણા કરવામાં આવે ત્યારે કથંચિત્ અવક્તવ્ય પ્રાપ્ત થાય. તેથી દ્રવ્યગુણપર્યાય કથંચિત્ ભિન્ન, કથંચિત્ અભિન્ન અને કથંચિત્ અવક્તવ્ય છે એ રૂપ સાતમો ભાંગો પ્રાપ્ત થાય.

વળી, કોઈ એક વસ્તુમાં રહેલા દ્રવ્યગુણપર્યાયના પરસ્પર ભેદ અને અભેદને આશ્રયીને જેમ સપ્તભંગી બતાવી તેમ સર્વ મનુષ્યોમાં દ્રવ્યાર્થિકનયથી મનુષ્યમાં સાદૃશ્યતા છે. તેથી અભેદ છે અને પર્યાયાર્થિકનયથી

તે તે મનુષ્યમાં વિશ્રાંત એવી તેની આકૃતિ આદિનો પરસ્પર ભેદ છે ત્યાં પણ મનુષ્યના ભેદાભેદને આશ્રયીને સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, જેમ મનુષ્યને આશ્રયીને ભેદાભેદની વિચારણા કરી તેમ દરેક જીવોમાં ચૈતન્યરૂપે સાદૃશ્ય છે. તેથી દ્રવ્યાર્થિકનયથી સર્વ આત્મામાં અભેદ છે અને પર્યાયાર્થિકનયથી સર્વ આત્મામાં પરસ્પર ભેદ છે. તેથી 'આત્માના ભેદાભેદને' આશ્રયીને પણ સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી સર્વ દ્રવ્યોમાં દ્રવ્યત્વરૂપ સાદૃશ્ય છે. તેથી જગતનાં સર્વ દ્રવ્યોમાં પણ પરસ્પર અભેદ છે અને પર્યાયાર્થિકનયથી સર્વ દ્રવ્યોમાં પરસ્પર ભેદ છે. તેથી 'દ્રવ્યના ભેદાભેદને' આશ્રયીને પણ સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, એક આત્માને આશ્રયીને વિચારીએ તો દ્રવ્યથી આત્મા એક છે અને તે આત્મામાં વર્તતા ગુણોથી તે આત્મા અનેક છે અથવા તે આત્મામાં વર્તતા પ્રદેશોથી તે આત્મા અનેક છે. તેથી એક આત્માને આશ્રયીને દ્રવ્યાર્થિકનયથી એક અને પર્યાયાર્થિકનયથી અનેક સ્વીકારીને 'એક-અનેક'ની સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, સર્વ આત્માઓમાં સાદૃશ્ય છે. તેથી દ્રવ્યાર્થિકનયથી સર્વ આત્માઓને એક સ્વીકારીએ અને પર્યાયાર્થિકનયથી સર્વ આત્માઓમાં વિશ્રાંત એવું તેમનું સ્વરૂપ ભિન્ન છે તેથી આત્મા અનેક છે. તેથી સર્વ આત્માને આશ્રયીને 'એક-અનેક'ની સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, સંસારી જીવો શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શુદ્ધ છે અને વ્યવહારનયથી અશુદ્ધ છે અથવા સંસારી જીવો પર્યાયાર્થિકનયને અવલંબી એવાં નિશ્ચયનયથી શુદ્ધ છે અને વ્યવહારનયથી અશુદ્ધ છે. તેથી કોઈ સંસારી જીવને આશ્રયીને બે નયોને ગ્રહણ કરીને 'શુદ્ધાશુદ્ધ'ની સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, સિદ્ધના આત્માઓ વર્તમાનમાં સર્વથા કર્મરહિત હોવા છતાં ભૂતપૂર્વ નયની દૃષ્ટિથી અર્થાત્ પૂર્વમાં થયેલા તેઓના સંસારી પર્યાયને જોનારી દૃષ્ટિથી અશુદ્ધ છે અને વર્તમાનમાં સર્વ નયોથી શુદ્ધ છે. તેથી સિદ્ધના આત્માને આશ્રયીને 'શુદ્ધાશુદ્ધ'ની સપ્તભંગી પ્રાપ્ત થાય છે.

વળી, દરેક વસ્તુ દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. તેથી કોઈ પણ જીવ કે કોઈપણ દ્રવ્યને ગ્રહણ કરીને દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને આશ્રયીને 'નિત્યાનિત્ય'ની સપ્તભંગી પ્રાપ્ત થાય છે. **॥૪/૧૦-૧૧-૧૨॥**

ટબો :-

શિષ્ય પુછઈ છઈ–"જિહાં બે જ નયના વિષયની વિચારણા હોઈ, તિહાં એક એક ગૌણ-મુખ્યભાવઈં સપ્તભંગી થાઓ, પણિ જિહાં પ્રદેશ, પ્રસ્થકાદિ વિચારઈં સાત, છ, પાંચ – પ્રમુખ નયના ભિન્ન ભિન્ન વિચાર હોઈ, તિહાં અધિક ભંગ થાઈ, તિવારઈં સપ્તભંગીનો નિયમ કિમ રહઈ ?"

ગુરુ કહઈ છઈ-"તિહાં પણિ-એક નયાર્થનો મુખ્યપણઇં વિધિ, બીજા સર્વનો નિષેધ, ઈમ લેઈ પ્રત્યેકિં અનેક સપ્તભંગી કીજઈ.

ટબાર્થ :-

શિષ્ય પૂછે છે – જ્યાં બે જ નયના વિષયની વિચારણા છે=દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય આદિ પ્રતિસ્પર્ધી એવાં બે જ નયની વિચારણા છે, ત્યાં એકને મુખ્ય અને એકને ગૌણ ભાવે ગ્રહણ કરીએ તો સપ્તભંગી થાય. પણ જ્યાં પ્રદેશ, પ્રસ્થક આદિ='આદિ' પદથી વસતિની વિચારણા છે, ત્યાં સાત, છ, પાંચ વગેરે નયના ભિન્ન ભિન્ન વિચારો છે ત્યાં, સાતથી અધિક ભાંગા પ્રાપ્ત થાય.તે વખતે સપ્તભંગીનો નિયમ કઈ રીતે રહે ? અર્થાત્ રહી શકે નહીં.

તેને ગુરુ કહે છે –

ત્યાં પણ= પ્રદેશાદિ સ્થાનોમાં પણ, એક નયનો અર્થ મુખ્યપણે વિધિરૂપે અને બીજા સર્વનો નિષેધરૂપે, એ પ્રમાણે ગ્રહણ કરીને પ્રત્યેકની=પ્રદેશ પ્રસ્થકાદિ પ્રત્યેકની, અનેક સપ્તભંગી કરવી જોઈએ.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આદિ પ્રતિસ્પર્ધી એવાં બે નયોને ગ્રહણ કરીને સપ્તભંગી બતાવી. ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે કે, કોઈ એક વસ્તુનો પરિપૂર્ણ બોધ કરવા અર્થે બે નયની વિચારણા હોય ત્યાં દરેક ભાંગામાં એક નયને મુખ્ય કરીને અને બીજા નયને ગૌણ કરીને ભાંગા કરવામાં આવે છે. તે રીતે સાત ભાંગા પ્રાપ્ત થાય છે. તે સાત ભાંગાથી તે વસ્તુનો પરિપૂર્ણ યથાર્થ બોધ થાય છે. માટે પરિપૂર્ણ યથાર્થ બોધ કરવા અર્થે સપ્તભંગીની વિચારણા બે નયોને સામે રાખીને થઈ શકે, પરંતુ પ્રદેશ, પ્રસ્થક અને વસતિના વિષયમાં નૈગમાદિ નયોના ભિન્ન ભિન્ન વિચારો પ્રાપ્ત થાય છે. તે સ્થાનમાં પ્રદેશનો પરિપૂર્ણ યથાર્થ બોધ કરવા માટે સાતથી અધિક ભાંગાની પ્રાપ્તિ થશે. તે આ રીતે :-

અહીં પ્રદેશાદિ વિષયક નયોની માન્યતા આ પ્રમાણે છે.

(૧) પ્રદેશવિષયક નયોની માન્યતા :-

(૧) નૈગમનય – ધર્માસ્તિકાયના, અધર્માસ્તિકાયના, આકાશાસ્તિકાયના, જીવાસ્તિકાયના અને પુદ્ગલના સ્કંધોના અને તે પાંચેયના દેશના એમ છએના પ્રદેશને સ્વીકારે છે.

(૨) સંગ્રહનય – ધર્માસ્તિકાયના, અધર્માસ્તિકાયના, આકાશાસ્તિકાયના, જીવાસ્તિકાયના અને પુદ્ગલના સ્કંધોના એ પાંચના પ્રદેશને સ્વીકારે છે.

(૩) વ્યવહારનય પાંચના પ્રદેશને સ્વીકારતો નથી, પરંતુ પંચવિધ પ્રદેશને=પાંચ પ્રકારના પ્રદેશને સ્વીકારે છે.

(૪) ઋજુસૂત્રનય ભાજ્યપ્રદેશને સ્વીકારે છે. અર્થાત્ ધર્માસ્તિકાયનો પ્રદેશ છે, અધર્માસ્તિકાયનો

પ્રદેશ છે, આકાશાસ્તિકાયનો પ્રદેશ છે, જીવાસ્તિકાયનો પ્રદેશ છે અને પુદ્ગલના સ્કંધોનો પ્રદેશ છે. એ પ્રમાણે પાંચેના ભાજ્યપ્રદેશને સ્વીકારે છે.

(૫) શબ્દનય ધર્મમાં ધર્મનો પ્રદેશ છે એમ સ્વીકારે છે અર્થાત્ ધર્માસ્તિકાયમાં ધર્મનો પ્રદેશ છે અથવા પ્રદેશ ધર્મ છે=પ્રદેશ ધર્મરૂપ જ છે એમ સ્વીકારે છે. એ પ્રમાણે અધર્માસ્તિકાયમાં અધર્મનો પ્રદેશ છે અથવા પ્રદેશ અધર્મરૂપ જ છે, આકાશાસ્તિકાયમાં આકાશનો પ્રદેશ છે અથવા પ્રદેશ આકાશરૂપ જ છે, જીવાસ્તિકાયમાં જીવનો પ્રદેશ છે અથવા પ્રદેશ જીવરૂપ જ છે અને સ્કંધમાં સ્કંધનો પ્રદેશ છે અથવા પ્રદેશ સ્કંધરૂપ જ છે એ પ્રમાણે પ્રદેશને સ્વીકારે છે.

(૬) સમભિરૂઢનય પ્રદેશ ધર્મ જ છે=ધર્માસ્તિકાયનો પ્રદેશ ધર્માસ્તિકાયરૂપ જ છે, એમ સ્વીકારે છે. એ પ્રમાણે અધર્માસ્તિકાયનો પ્રદેશ અધર્માસ્તિકાયરૂપ જ છે, આકાશાસ્તિકાયનો પ્રદેશ આકાશાસ્તિકાયરૂપ જ છે, જીવનો પ્રદેશ નોજીવ છે, સ્કંધનો પ્રદેશ નોસ્કંધ છે એ પ્રમાણે પ્રદેશને સ્વીકારે છે.

(૭) એવંભૂતનય કહે છે કે દેશ, પ્રદેશની કલ્પનાથી રહિત અખંડ જ વસ્તુ છે.

(૨) પ્રસ્થક વિષયક નયોની માન્યતા :- મગધ દેશમાં ધાન્યને માપવાના પ્રસિદ્ધ એવાં સાધનવિશેષને પ્રસ્થક કહેવાય છે.

(૧) નૈગમનય :- પ્રસ્થક માટે કોઈ પુરુષ વનમાં ગમન કરતો હોય, લાકડાને છેદતો હોય, લાકડું લાવીને પ્રસ્થક આકાર માટે ક્ષણન કરતો હોય=લાકડાને છોલતો હોય, ઉત્કિરણ કરતો હોય, લેખન કરતો હોય – એ બધા પ્રસ્થક પર્યાયના આવિર્ભાવને અનુકૂળ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરના શુદ્ધ નૈગમનયના ભેદો છે. તેથી તે સર્વ પ્રવૃત્તિને નૈગમનય 'પ્રસ્થક કરું છું' એમ કહે છે.

(૨) વ્યવહારનય :- વ્યવહારનયનો પણ આ જ માર્ગ છે. અર્થાત્ વનગમનાદિકાળમાં અશુદ્ધ વ્યવહારનય 'પ્રસ્થક કરું છું' એમ સ્વીકારે છે અને લાકડાને લઈને પ્રસ્થક બનાવવાની ક્રિયાકાળમાં શુદ્ધ વ્યવહારનય 'પ્રસ્થક કરું છું' એમ સ્વીકારે છે.

(૩) સંગ્રહનય :- સંગ્રહનય વિશુદ્ધ હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર સ્વીકારતો નથી અને કાર્યના અકરણકાળમાં પ્રસ્થક સ્વીકારતો નથી. તેથી પ્રસ્થકના કાર્યના કરણકાળમાં જ પ્રસ્થક સ્વીકારે છે=સંપન્ન થયેલ પ્રસ્થક ધાન્ય માપવાની ક્રિયા કરતું હોય ત્યારે જ તેને પ્રસ્થક સ્વીકારે છે.

(૪) ઋજુસૂત્રનય :- નિષ્પન્ન સ્વરૂપવાળું, ધાન્ય માપવાની ક્રિયાનો હેતુ એવો પ્રસ્થક અને પ્રસ્થકથી મપાયેલા ધાન્ય બંનેને ઋજુસૂત્રનય પ્રસ્થક સ્વીકારે છે.

(૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય અને (૭) એવંભૂતનય :- પ્રસ્થકના જાણનારનો પ્રસ્થકનો ઉપયોગ અથવા પ્રસ્થક બનાવનારનો પ્રસ્થકનો ઉપયોગ એ પ્રસ્થક છે તેમ આ ત્રણે નયો સ્વીકારે છે.

(૩) વસતિ વિષયક નયોની માન્યતા :- વસતિ એટલે આધારતા.

(૧) નૈગમનય અને (૨) વ્યવહારનય :- લોકમાં, તિર્યક્લોકમાં, જંબુદ્વીપમાં, ભરતક્ષેત્રમાં, ભરતક્ષેત્રના

દક્ષિણાર્ધ ભરતમાં, પાટલીપુત્રમાં, દેવદત્તના ગૃહમાં અથવા દેવદત્તના મધ્યગૃહમાં નૈગમનયથી તે પુરુષની વસતિ જાણવી. વળી, અતિશુદ્ધ નૈગમનય તો જે પુરુષ જ્યાં વસતો હોય તે સ્થાનને જ તે પુરુષની વસતિ કહે છે.

વ્યવહારનયનો પણ આ જ માર્ગ છે.

(૩) સંગ્રહનય :- સંથારા ઉપર આરૂઢ પુરુષને સ્પર્શેલા સંથારાના પ્રદેશો તે પુરુષની વસતિ છે એમ સંગ્રહનય સ્વીકારે છે.

(૪) ઋજુસૂત્રનય :- જે આકાશપ્રદેશને અવગાહન કરીને પુરુષ રહેલો હોય તે આકાશપ્રદેશોને ઋજુસૂત્રનય તે પુરુષની વસતિ કહે છે.

(૫) શબ્દનય, (૬) સમભિરૂઢનય અને (૭) એવંભૂતનય :- દરેક જીવો પોતાના આત્મામાં વસે છે, આકાશમાં નહીં. તેથી દરેક જીવોની વસતિ પોતાનો આત્મા છે. એ પ્રમાણે આ ત્રણે નયો વસતિ સ્વીકારે છે.

હવે પ્રદેશવિષયક સાત ભાંગાથી અધિક ભાંગાની પ્રાપ્તિ આ રીતે થાય –

(૧) નૈગમનયથી 'છના પ્રદેશો છે.' તેથી નૈગમનયને આશ્રયીને 'છના પ્રદેશો છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'છના પ્રદેશો નથી' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થાય.

(૨) સંગ્રહનયથી 'પાંચના પ્રદેશો છે.' તેથી સંગ્રહનયને આશ્રયીને 'પાંચના પ્રદેશો છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'પાંચના પ્રદેશો નથી' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આમ કુલ ચૌદ ભાંગાની પ્રાપ્તિ થાય.

(૩) વ્યવહારનયથી 'પંચવિધ પ્રદેશો છે' પરંતુ 'પાંચના પ્રદેશો નથી.' તેથી વ્યવહારનયને આશ્રયીને 'પંચવિધ પ્રદેશો છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'પંચવિધ પ્રદેશો નથી' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આમ કુલ એકવીસ ભાંગાની પ્રાપ્તિ થાય.

(૪) ઋજુસૂત્રનય ભાજ્યને પ્રદેશ માને છે. અર્થાત્ 'ધર્માસ્તિકાયનો પ્રદેશ છે' એમ માને છે. પરંતુ 'પંચવિધ પ્રદેશો નથી.' એમ માને છે. તેથી ઋજુસૂત્રનયને આશ્રયીને 'ધર્માસ્તિકાયનો પ્રદેશ છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'ધર્માસ્તિકાયનો પ્રદેશ નથી' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આમ કુલ અઠ્ઠાવીસ ભાંગાની પ્રાપ્તિ થાય.

(૫) શબ્દનયથી 'ધર્માસ્તિકાયમાં ધર્મનો પ્રદેશ છે' અથવા 'પ્રદેશ ધર્માસ્તિકાય રૂપ જ છે.' તેથી શબ્દનયને આશ્રયીને 'ધર્માસ્તિકાયમાં ધર્મનો પ્રદેશ છે' અને 'પ્રદેશ ધર્માસ્તિકાયરૂપ જ છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'ધર્માસ્તિકાયમાં ધર્મનો પ્રદેશ નથી' અને 'પ્રદેશ ધર્માસ્તિકાયરૂપ નથી' એ રૂપ

અસ્તિ-નાસ્તિના બે ભાંગા પ્રાપ્ત થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આમ કુલ પાંત્રીસ ભાંગાની પ્રાપ્તિ થાય.

(૬) સમભિરૂઢનયથી 'પ્રદેશ જ ધર્મ છે.' તેથી સમભિરૂઢનયને આશ્રયીને 'પ્રદેશ જ ધર્મ છે' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'પ્રદેશ જ ધર્મ નથી' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આ રીતે કુલ બેંતાલીસ ભાંગાની પ્રાપ્તિ થાય.

(૭) એવંભૂતનયથી 'અખંડ દ્રવ્ય જ છે, પરંતુ પ્રદેશ નથી'. તેથી એવંભૂતનયને આશ્રયીને 'અખંડ દ્રવ્ય જ છે, પ્રદેશ નથી' એ રૂપ 'અસ્તિ' અને અન્ય સર્વ નયોથી 'પ્રદેશ નથી એમ નહીં' એ રૂપ 'નાસ્તિ' એમ અસ્તિ-નાસ્તિના બે ભાંગા થશે. બાકીના ભાંગા પૂર્વની જેમ કરવાથી સાત ભાંગાની પ્રાપ્તિ થશે. આમ કુલ ઓગણપચાસ ભાંગાની પ્રાપ્તિ પ્રદેશને આશ્રયીને થાય.

વળી, પ્રસ્થક અને વસતિના વિષયમાં પણ અઠ્ઠાવીસ-અઠ્ઠાવીસ ભાંગાની પ્રાપ્તિ થાય.

આ રીતે પ્રદેશને આશ્રયીને સર્વ નયોની દૃષ્ટિથી પરિપૂર્ણ બોધ કરવા અર્થે કેટલી જિજ્ઞાસા થાય તેનો વિચાર કરીએ તો ઉપર બતાવ્યા પ્રમાણે ઓગણપચાસ જિજ્ઞાસાઓ થાય અને તે જિજ્ઞાસાઓના ઉત્તરમાં ઓગણપચાસ ભાંગાઓની પ્રાપ્તિ થાય, ત્યારે સર્વ દૃષ્ટિકોણથી પ્રદેશનો પૂર્ણ બોધ થઈ શકે. માટે તે સ્થાનમાં સપ્તભંગીનો નિયમ કઈ રીતે રહી શકે ? અર્થાત્ સપ્તભંગીનો નિયમ રહી શકે નહીં એમ શિષ્ય પૂછે છે.

ત્યાં ગુરુ કહે છે=પ્રદેશાદિ સ્થાનમાં પણ એક નયનો અર્થ મુખ્ય કરીને વિધિવાક્ય ગ્રહણ કરીને અસ્તિરૂપ ભાંગો કરવો અને બાકીના સર્વ નયોને મુખ્ય કરીને તે સ્વરૂપે નિષેધવાક્ય ગ્રહણ કરીને નાસ્તિરૂપ બીજો ભાંગો કરવો. ત્યાર પછી બાકીના પાંચ ભાંગા કરી એક સપ્તભંગી પ્રાપ્ત થાય. એ રીતે દરેક નયોની સપ્તભંગી કરવાથી અલગ અલગ સપ્તભંગીની પ્રાપ્તિ થાય.

જેમ, પ્રદેશના વિષયમાં નૈગમનયની માન્યતા 'છના પ્રદેશો છે'ને મુખ્ય કરીએ ત્યારે અસ્તિનો ભાંગો થાય અને બીજા સર્વ નયોને મુખ્ય કરીએ ત્યારે 'છના પ્રદેશો નથી' એ રૂપ નાસ્તિનો બીજો ભાંગો થાય. ત્યાર પછી બાકીના પાંચ ભાંગા કરી એક સપ્તભંગી થાય. એ રીતે દરેક નયોની પૃથક્ પૃથક્ સપ્તભંગી કરવાથી પ્રદેશાદિના સ્થાનમાં સાત સપ્તભંગી પ્રાપ્ત થશે અને તે સાતે સપ્તભંગીના સમુદાયથી પ્રદેશનો પરિપૂર્ણ બોધ થશે. માટે સાત સપ્તભંગી દ્વારા પ્રદેશનો પ્રમાણભૂત બોધ પ્રાપ્ત થાય છે. આ સ્થાનમાં શિષ્યએ જે રીતે કહ્યું તેમ ઓગણપચાસ ભાંગા સ્વીકારવા ઉચિત નથી, પરંતુ શાસ્ત્રમર્યાદા અનુસાર સાત સપ્તભંગી સ્વીકારવી ઉચિત છે અને આ રીતે પ્રસ્થકાદિ સ્થાનોમાં પણ નયોને આશ્રયીને જેટલા ભિન્ન ભિન્ન વિચારો પ્રાપ્ત થાય તેટલી સપ્તભંગી કરવી. તેથી જે સ્થાનમાં છ નયોના ભિન્ન ભિન્ન વિચારો પ્રાપ્ત થાય ત્યાં છ સપ્તભંગી કરવી. જે સ્થાનમાં પાંચ નયોના ભિન્ન ભિન્ન વિચારો પ્રાપ્ત થાય ત્યાં પાંચ સપ્તભંગી કરવી અને 'પ્રમુખ' શબ્દથી ચાર આદિનું ગ્રહણ કરવું.

ઉત્થાન :-

પૂર્વમાં 'સપ્તભંગીથી પરિપૂર્ણ બોધ થાય છે' તેમ સ્થાપન કર્યું. ત્યાં શિષ્યએ શંકા કરેલ કે પ્રદેશાદિ સ્થાનોમાં નયોની વિચારણા જુદી જુદી પ્રાપ્ત થાય છે તે સ્થાનોમાં પ્રદેશાદિનો પરિપૂર્ણ બોધ કરવા માટે સાત ભાંગાની મર્યાદા સંગત થશે નહીં. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે તે સ્થાનમાં પણ અનેક સપ્તભંગી કરીને તે સર્વ સપ્તભંગીથી પ્રદેશાદિનો પરિપૂર્ણ બોધ થશે. હવે સપ્તભંગી કર્યા વગર પણ પરિપૂર્ણ બોધ સર્વ નયોથી કરી શકાય છે તે બતાવવા અર્થે કહે છે –

ટબો :-

'અહ્મે તો ઈમ જાણું છું – 'सकलनयार्थप्रतिपादकतात्पर्यादधिकरणवाक्यं प्रमाणवाक्यम्' એ લક્ષણ લેઈનઈં, તેહવે ઠામે સ્યાત્કારલાંછિત સકલનયાર્થ-સમૂહાલંબન એક ભંગઈ પણિ નિષેધ નથી. જે માટિં વ્યંજનપર્યાયનઈં ઠામિં-૨ ભંગઈં પણિ અર્થસિદ્ધિ સમ્મતિનઈં વિષઈં દેખાડી છઈ. તથા ચ તદ્ગાથા –

"एवं सत्तविअप्पो, वयणपहो होइ अत्थपज्जाए ।
वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य" ।।१।।

એહનો અર્થ-એવં-પૂર્વોક્ત પ્રકારઈં, સપ્તવિકલ્પ-સપ્તપ્રકાર, વચનપંથસપ્ત-ભંગીરૂપ વચનમાર્ગ તે અર્થપર્યાય=અસ્તિત્વ-નાસ્તિત્વાદિકનઈં વિષઈ હોઈ. વ્યંજનપર્યાય-જે ઘટ-કુંભાદિ શબ્દવાચ્યતા, તેહનઈં વિષઈં-સવિકલ્પ-વિધિરૂપ, નિર્વિકલ્પ-નિષેધરૂપ-એ બે જ ભાંગા હોઈ. પણિ અવક્તવ્યાદિ ભંગ ન હોઈ. જે માટિં-અવક્તવ્ય શબ્દવિષય કહિઈં તો વિરોધ થાઈ. અથવા સવિકલ્પ-શબ્દ, સમભિરૂઢનયમતઈં, અનઈં નિર્વિકલ્પ-એવંભૂતનયમતઈં, ઈમ બે ભંગ જાણવા. અર્થનય પ્રથમ ચાર. તો વ્યંજનપર્યાય માનઈં નહીં, તે માટઈં તે નયની ઈહાં પ્રવૃત્તિ નથી. અધિકું અનેકાન્તવ્યવસ્થા થી જાણવું.

ટબાર્થ :-

અમે તો એમ જાણ્યું છે – 'સકલનયના અર્થના પ્રતિપાદક એવાં તાત્પર્યથી અધિકરણવાક્ય પ્રમાણવાક્ય છે' અર્થાત્ જ્ઞાનનય, દર્શનનય, ચારિત્રનયના તાત્પર્યથી 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' ઇત્યાદિરૂપ અધિકરણવાક્ય એ પ્રમાણવાક્ય છે. એ લક્ષણ લઈને એવાં સ્થાને સ્યાત્કારલાંછિત સકલનયના અર્થના સમૂહ આલંબનરૂપ એક ભંગ પણ નિષેધ નથી. અર્થાત્ 'स्यात् सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः।' એ રૂપ એક ભંગ પણ નિષેધ નથી. જે માટે વ્યંજનપર્યાયને સ્થાને બે ભાંગાથી પણ અર્થની સિદ્ધિ=પરિપૂર્ણ અર્થની સિદ્ધિ સમ્મતિને વિશે બતાવે છે.

तथा च=અને તે પ્રમાણે=બે ભાંગાથી અર્થની સિદ્ધિ છે તે પ્રમાણે, तद्गाथा=તે ગાથા છે=સમ્મતિની ગાથા છે.

"एवं=આ રીતે='સમ્મતિ'ની પ્રસ્તુત ગાથાથી પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, अत्थपज्जाए=અર્થપર્યાયમાં, सत्तविअप्पो वयणपहो होइ=સાત વિકલ્પોરૂપ વચનપથ થાય. वंजणपज्जाए पुण=વળી, વ્યંજનપર્યાયમાં, सविअप्पो णिव्विअप्पो य=સવિકલ્પ અને નિર્વિકલ્પ – બે વિકલ્પ છે." **(સમ્મતિ, પ્રથમ કાંડ, શ્લોક-૪૧)**

એનો અર્થ=સમ્મતિની ગાથાનો અર્થ આ પ્રમાણે છે.

આ રીતે=પૂર્વોક્ત પ્રકારે=સમ્મતિની આ ગાથાથી પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, સાત વિકલ્પ=સાત પ્રકારે, વચનપથ=સપ્તભંગીરૂપ વચનમાર્ગ, તે અર્થપર્યાયવિષયક=અસ્તિત્વ-નાસ્તિત્વરૂપના વિષયક, થાય. વ્યંજનપર્યાયવિષયક=જે ઘટકુંભાદિની શબ્દવાચ્યતા, તેના વિષયમાં, સવિકલ્પ=વિધિરૂપ, અને નિર્વિકલ્પ=નિષેધરૂપ, એ બે જ ભાંગા થાય, પરંતુ અવક્તવ્યાદિ ભાંગાઓ થાય નહીં.

અવક્તવ્યાદિ ભાંગાઓ કેમ થાય નહીં ? તેથી કહે છે –

જે માટે અવક્તવ્ય અને શબ્દનો વિષય='અવક્તવ્ય' ભાંગો અને કુંભાદિ શબ્દની વાચ્યતારૂપ શબ્દનો વિષય, કહીએ તો વિરોધ થાય.

અથવા, સવિકલ્પ=વ્યંજનપર્યાયમાં સવિકલ્પરૂપ ભાંગો, શબ્દનય અને સમભિરૂઢનયના મતે અને નિર્વિકલ્પરૂપ ભાંગો એવંભૂતનયના મતે એમ બે ભાંગા જાણવા=વ્યંજનપર્યાયના બે ભાંગા જાણવા. અર્થનય=વ્યંજનપર્યાયને સ્વીકારનાર વ્યંજનનય કરતાં ભિન્ન એવો અર્થનય, પ્રથમ ચારને સ્વીકારે છે=નૈગમાદિ પ્રથમના ચાર નયને સ્વીકારે છે, તે તો વ્યંજનપર્યાય માને નહીં=પ્રથમના ચાર નયો વ્યંજનપર્યાય માને નહીં. તે માટે તે નયની=પ્રથમના ચાર નયની, અહીં=વ્યંજનપર્યાયમાં, પ્રવૃત્તિ નથી. અધિક 'અનેકાન્ત વ્યવસ્થા'થી જાણવું.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સપ્તભંગીનો નિયમ બતાવ્યો અને જ્યાં પ્રદેશ, પ્રસ્થાકાદિના વિષયમાં ભિન્ન ભિન્ન વિચારો છે ત્યાં અનેક સપ્તભંગી છે તેમ કહ્યું. હવે એ વિષયમાં પોતાને શું લાગે છે ? તે બતાવે છે –

બધા નયોના અર્થના પ્રતિપાદનના તાત્પર્યથી બોલાયેલું અધિકરણવાક્ય એ પ્રમાણવાક્ય છે. આ લક્ષણને સામે રાખીને વિચારીએ તો પ્રદેશના વિષયમાં "સ્યાત્ છના પ્રદેશો છે, સ્યાત્ પાંચના પ્રદેશો છે, સ્યાત્ પંચવિધ પ્રદેશો છે, સ્યાત્ ભાજ્ય પ્રદેશો છે, સ્યાત્ ધર્મનો પ્રદેશ છે અથવા પ્રદેશ જ ધર્મ છે, સ્યાત્ પ્રદેશ જ ધર્મ છે, સ્યાત્ અખંડ જ દ્રવ્ય છે, પ્રદેશ નથી" એ પ્રમાણવાક્ય થાય.

આ રીતે કોઈ પણ વસ્તુનો સર્વનયોથી અર્થ કરીને સ્યાત્કારપૂર્વક કહેવામાં આવે તો તે પ્રમાણવાક્ય બને. આથી જ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્રને મોક્ષમાર્ગ કહેનાર વાક્ય પ્રમાણવાક્ય બને છે; કેમ કે "ज्ञात्वा अभ्युपेत्य करणं" એ શાસ્ત્રવચન અનુસાર કોઈ પુરુષ મોક્ષમાર્ગને અનુકૂળ ઉચિત જ્ઞાન મેળવીને 'આ જ માર્ગ સેવવા જેવો છે' તેવી રુચિ કરીને તે પ્રકારની અંતરંગ પરિણતિ થાય એવી ઉચિત પ્રવૃત્તિ કરે તો તે ત્રણના સમુદાયરૂપ મોક્ષગમનને અનુકૂળ માર્ગ બને છે.

આ પ્રકારના કથનમાં બધા નયોના અર્થોના સમૂહઆલંબનરૂપ એક ભંગ સ્વીકારવામાં પણ બાધ નથી. તેથી સપ્તભંગી કર્યા વગર આ રીતે સર્વ નયોથી કોઈ બોધ કરે તો જેમ સપ્તભંગીથી વસ્તુનો પૂર્ણ બોધ થાય છે, તેમ એક ભાંગાથી પણ સર્વનયને આશ્રયીને પૂર્ણ બોધ થાય છે. આ પ્રકારનો અર્થ ગ્રંથકારશ્રીને પોતાને જણાયો છે અને તેની પુષ્ટિ અર્થે યુક્તિ આપે છે કે 'સમ્મતિ'ગ્રંથમાં વ્યંજનપર્યાયના સ્થાનમાં બે ભાંગાના બોધથી પણ પૂર્ણ અર્થના બોધરૂપ અર્થની સિદ્ધિ થાય છે તેમ બતાવેલ છે.

અને તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે –

સમ્મતિ ગ્રંથમાં પ્રસ્તુત ગાથાની પૂર્વની ગાથામાં સાત પ્રકારનો સપ્તભંગીનો માર્ગ બતાવ્યો, તે અર્થપર્યાયના વિષયમાં થાય છે. આશય એ છે કે ઘટાદિ પદાર્થોરૂપ અર્થમાં વર્તતા જે પર્યાયો છે તે પર્યાયોને આશ્રયીને સાત ભાંગા થાય છે. જેમ, ઘટાદિ અર્થમાં વર્તતો ઘટત્વ ધર્મ છે, ઘટત્વ ધર્મ નથી ઇત્યાદિ વિકલ્પો કરીને તેના સાત ભાંગાઓ થાય છે, તે અર્થનિષ્ઠ પર્યાયને આશ્રયીને છે. વળી, ઘટાદિ પદાર્થોમાં 'ઘટશબ્દવાચ્યતા'રૂપ વ્યંજનપર્યાય છે, તે પર્યાયને આશ્રયીને બે જ વિકલ્પો થાય છે. અર્થાત્ ઘટાદિ અર્થમાં 'ઘટ' પદની વાચ્યતા છે અને 'પટ' પદની વાચ્યતા નથી એમ અસ્તિ-નાસ્તિરૂપ બે વિકલ્પોની પ્રાપ્તિ થાય છે, પરંતુ અવક્તવ્યાદિ ભાંગાઓ પ્રાપ્ત થતા નથી.

કેમ અવક્તવ્યાદિ ભાંગાઓ પ્રાપ્ત થતા નથી ? તેથી કહે છે –

ઘટમાં 'ઘટ' પદની વાચ્યતા છે એમ કહેવાથી તે 'વાચ્યતા' ઘટ શબ્દનો વિષય છે એમ અર્થ પ્રાપ્ત થાય છે અને શબ્દનો વિષય છે એમ કહ્યા પછી 'ઘટ' પદનો વિષય એવી ઘટપદની વાચ્યતા અવક્તવ્ય છે તેમ કહેવામાં વિરોધ પ્રાપ્ત થાય. તેથી અવક્તવ્યાદિ ભાંગા વ્યંજનપર્યાયમાં સ્વીકારી શકાય નહીં. અથવા બીજી રીતે અર્થ કરે છે.

'સમ્મતિ'માં કહેલ 'સવિકલ્પ' શબ્દને સમભિરૂઢનયથી ગ્રહણ કરવો અને 'નિર્વિકલ્પ' શબ્દને એવંભૂતનયથી ગ્રહણ કરવો. તેથી એ પ્રાપ્ત થાય કે વ્યંજનપર્યાયને શબ્દાદિ ત્રણ નયો સ્વીકારે છે અને તે વ્યંજનપર્યાય 'ઘટ' શબ્દની વાચ્યતારૂપ છે અને તે 'ઘટ' પદની વાચ્યતા શબ્દનય અને સમભિરૂઢનયથી સવિકલ્પ છે; કેમ કે જ્યારે પનિહારીના મસ્તક ઉપર ઘટમાં પાણી લાવવાની ક્રિયા થતી હોય ત્યારે પણ તે ઘટમાં 'ઘટ' પદની વાચ્યતા છે અને પાણી લાવવાની તે ક્રિયા થતી ન હોય તેવા પણ વિદ્યમાન ઘટમાં 'ઘટ' પદની વાચ્યતા છે એમ શબ્દનય અને સમભિરૂઢનય સ્વીકારે છે. વળી, એવંભૂતનયના મતે પનિહારીના મસ્તક ઉપર ઘટમાં પાણી લાવવાની ક્રિયા થતી હોય ત્યારે જ તે ઘટમાં 'ઘટ' પદની વાચ્યતા છે, પરંતુ અન્યકાળમાં નહીં. તેથી એવંભૂતનયથી 'ઘટ' પદની વાચ્યતા નિર્વિકલ્પ છે.

આ રીતે વ્યંજનપર્યાયમાં બે ભાંગાની પ્રાપ્તિ છે અને અર્થનય=અર્થમાં વર્તતા પર્યાયોને સ્વીકારનાર પ્રથમના જે ચાર નયો છે તે નયો, વ્યંજનપર્યાયને માનતા નથી, પરંતુ પાછળના શબ્દાદિ ત્રણ નયો વ્યંજનપર્યાયને માને છે. તેથી પ્રથમના ચાર નયોરૂપ અર્થનયોની વ્યંજનપર્યાયમાં પ્રવૃત્તિ નથી.

આ વિષયમાં=વ્યંજનપર્યાયમાં બે જ વિકલ્પો થાય છે અને અર્થપર્યાયમાં સાત વિકલ્પો થાય છે. એ વિષયમાં વિશેષ ગ્રંથકારશ્રી રચિત 'અનેકાન્ત વ્યવસ્થા' નામના ગ્રંથમાંથી જાણવું.

ઉત્થાન :-

'શિષ્ય પૂછે છે' ત્યાંથી શરૂ કરીને અત્યાર સુધી જે કથન કર્યું તેનો ફલિતાર્થ બતાવે છે.

ટબો :-

'तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थप्रकारकसमूहालम्बन बोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवद् । यदि च सर्वत्र सप्तभङ्गीनियम एव आश्वासः, तदा चालनीयन्यायेन तावन्नयार्थनिषेधबोधको द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पंच भङ्गाश्च कल्पनीयाः इत्थमेव निराकाङ्क्षसकलभङ्गनिर्वाहाद्, इति युक्तं पश्यामः।'

એ વિચાર સ્યાદ્વાદપંડિતઈં સૂક્ષ્મ બુદ્ધિ ચિત્તમાંહિ ધારવો. ॥૪/૧૩॥

ટબાર્થ :-

તે કારણથી, 'આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, એકત્ર વિષયમાં પ્રતિસ્વ=પ્રદેશ, પ્રસ્થકાદિ, પ્રત્યેકને આશ્રયીને, અનેક નયના વિપ્રતિપત્તિના સ્થળમાં=જુદા જુદા નયોના વિપરીત સ્વીકારના સ્થળમાં, સ્યાત્કારલાંછિત તેટલા નયોના અર્થના પ્રકારક સમૂહ આલંબન બોધજનક એક જ ભંગ ઇચ્છનીય છે, વ્યંજનપર્યાયના સ્થળમાં ભંગદ્વયની જેમ અને જો સર્વત્ર સપ્તભંગીનિયમમાં જ આશ્વાસ છે, તો 'ચાલની ન્યાયથી'=પ્રદેશાદિ સ્થળોમાં જેટલા નયોના વિકલ્પો થાય તેટલા નયોથી ચાળીને જુદી જુદી સપ્તભંગી કરવારૂપ ચાલની ન્યાયથી, એટલા નયના અર્થનો નિષેધબોધક બીજો પણ ભંગ=જેટલા વિકલ્પો થાય તેટલા નયોના અર્થનો નિષેધબોધક બીજો પણ ભંગ કલ્પનીય છે અને તદ્મૂલક=પ્રથમ અને બીજા ભંગમૂલક, અન્ય પણ તેટલી કોટિના=પ્રદેશાદિમાં ભિન્ન ભિન્ન નયોને આશ્રયીને જેટલા વિકલ્પો થાય તેટલા પ્રકારના, પાંચ ભાંગા કલ્પનીય છે; કેમ કે આ રીતે જ=પૂર્વમાં 'ચાલની ન્યાય'થી સાત ભાંગાની કલ્પના કરવાનું કહ્યું એ રીતે જ, નિરાકાંક્ષ સકલ ભાંગાના સ્વીકારનો નિર્વાહ છે એ પ્રમાણે અમે યુક્ત જોઈએ છીએ.

આ વિચાર=तदेवमेकत्र....पश्यामः।માં જે કહ્યું એ વિચાર, સ્યાદ્વાદના પંડિતે સૂક્ષ્મ બુદ્ધિથી ચિત્તમાં ધારવો. ॥૪/૧૩॥

ભાવાર્થ :-

પ્રદેશ, પ્રસ્થાદિ કોઈપણ એક વિષયમાં પ્રત્યેકને આશ્રયીને=પ્રદેશાદિ પ્રત્યેકને આશ્રયીને, અનેક નયોની વિપરીત માન્યતા પ્રાપ્ત થતી હોય તેવા સ્થળમાં 'સ્યાત્'કારનો ઉપયોગ કરીને તેટલા નયોના અર્થને પ્રકારરૂપે બતાવીને તે સર્વના સમૂહરૂપ આલંબનવાળો બોધ ઉત્પન્ન થાય તેવો એક જ ભંગ ઇચ્છવો જોઈએ.

જેમ પ્રદેશના વિષયમાં "સ્યાત્ છના પ્રદેશો છે, સ્યાત્ પાંચના પ્રદેશો છે, સ્યાત્ પંચવિધ પ્રદેશો છે, સ્યાત્ પાંચના ભાજ્યપ્રદેશો છે, સ્યાત્ ધર્માસ્તિકાયાદિમાં ધર્માદિનો પ્રદેશ છે અથવા પ્રદેશ જ ધર્માસ્તિકાયાદિ છે, સ્યાત્ પ્રદેશ જ ધર્માસ્તિકાયાદિરૂપ છે, સ્યાત્ અખંડ જ દ્રવ્ય છે, પ્રદેશ નથી" એ મુજબનો એક જ ભંગ ઇચ્છવો જોઈએ.

જેમ 'સમ્મતિ' ગ્રંથમાં વ્યંજનપર્યાયના સ્થળમાં બે ભાંગા સ્વીકાર્યા છે, તેમ એક જ ભાંગો સ્વીકારવો જોઈએ.

આ રીતે 'અમે જાણ્યું છે' એમ કહીને 'સમ્મતિ'ની સાક્ષી આપી તેનો ફલિતાર્થ ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યો. આમ છતાં જે સ્યાદ્વાદના પંડિત છે, જેઓને સર્વત્ર સાત ભાંગાના નિયમમાં જ આશ્વાસન છે, અર્થાત્ સાત ભાંગાથી તેનો બોધ થાય ત્યારે તેને જણાય છે કે, 'આ વસ્તુવિષયક બધા વિકલ્પોથી મને બોધ થયો છે.' વળી, સ્યાદ્વાદના પંડિત પુરુષને થાય કે, 'એક જ ભાંગાથી સર્વનયોનો મેં બોધ કર્યો' છતાં તેને વિકલ્પ થાય કે 'મેં એક ભાંગાથી પ્રદેશનો બોધ કર્યો છતાં તે વિરોધી નયોનું કથન એક જ સાથે એક શબ્દથી કહી શકાય છે કે નહીં ? તે વિરોધી નયોનું કથન ક્રમસર કહી શકાય છે કે નહીં ? ઇત્યાદિ આકાંક્ષાઓ સ્યાત્કારપૂર્વક સર્વનયોના સમૂહથી બનેલા એક ભાંગાથી સંતોષાતી નથી. માટે સાત ભાંગાથી હું તેનો બોધ કરું તો જ મને પ્રદેશાદિ સ્થળમાં પૂર્ણ બોધ થાય' તેવું જે સ્યાદ્વાદના પંડિત પુરુષને આશ્વાસન છે, તેઓને ગ્રંથકારશ્રી કહે છે કે તો તમારે 'ચાલની ન્યાય'થી તેટલા નયાર્થ વિષયબોધક બીજો પણ ભાંગો કરવો જોઈએ અર્થાત્ પૂર્વમાં પ્રદેશસ્થળમાં બતાવ્યું તે પ્રમાણે નૈગમાદિ એક એક નયને ગ્રહણ કરીને તેનો 'અસ્તિ'નો પ્રથમ ભાંગો કરવો જોઈએ અને અન્ય નયોને ગ્રહણ કરીને તેનો 'નાસ્તિ'નો બીજો ભાંગો કરવો જોઈએ અને તેમ કરીને તેટલા નયોના વિધિ-નિષેધબોધક બે ભાંગા તેટલી વખત કરવા જોઈએ અને 'અસ્તિ-નાસ્તિ'રૂપ બે ભાંગામૂલક અન્ય પણ પાંચ ભાંગા તેટલી વખત કરવા જોઈએ. જેમ પ્રદેશના સ્થળમાં સાત વખત સપ્તભંગી બનાવી તે પ્રમાણે સાત વખત પાંચ ભાંગાની કલ્પના કરવી. તેથી પ્રદેશના સ્થળમાં જેમ સાત સપ્તભંગી બની તેમ જે સ્થાનમાં જેટલી સપ્તભંગી થાય તેટલી સપ્તભંગીઓથી તે વસ્તુનો બોધ કરવામાં આવે તો બધી આકાંક્ષાઓ શાંત થાય છે. માટે તેટલી સપ્તભંગીઓના સ્વીકારથી પૂર્ણ બોધનો નિર્વાહ થાય છે.

જેમ પ્રદેશના સ્થળમાં પૂર્વમાં બતાવ્યું તેમ સાત નયોને આશ્રયીને સાત સપ્તભંગી કરી તે રીતે કરવાથી સાત નયોને આશ્રયીને પ્રદેશનો બોધ થાય છે. માટે દરેક નયોને આશ્રયીને થંતી સપ્તભંગી કરીને પ્રદેશનો બોધ કરવામાં આવે તો પ્રદેશના વિષયમાં કોઈ નવો વિકલ્પ ઉત્થિત થતો નથી. તેથી સંભવિત સર્વ વિકલ્પોથી ઉત્પન્ન થયેલી જિજ્ઞાસાનો ઉત્તર તે સાત સપ્તભંગીથી પ્રાપ્ત થાય છે.

અહીં 'ચાલની ન્યાય' કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જેમ ચોખા આદિ ધાન્યો મિશ્ર થઈ ગયેલાં હોય તો તેને ચાળીને પૃથક્ કરાય છે તેમ સાત નયના સમૂહાત્મક એક ભાંગો કર્યો, તેમાં બધા નયો મિશ્ર હતા, તેને ચાળીને પૃથક્ કરવાથી દરેક નયોની સપ્તભંગી જુદી પ્રાપ્ત થઈ, તેથી 'ચાલની ન્યાય'થી તે એક ભાંગાને ચાળીને સાત નયના વિભાગો પાડીને તેટલી સપ્તભંગી કરવાથી સર્વ ભાંગાનો બોધ થાય તેવું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. **॥૪/૧૩॥**

અવતરણિકા :-

ફલિતાર્થ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

ફલિતાર્થ કહે છે –

ભાવાર્થ :-

દરેક પદાર્થમાં ભેદાભેદની પ્રાપ્તિ છે તે નિયમ પ્રમાણે પદાર્થમાં રહેલા દ્રવ્યગુણપર્યાયનો પણ ભેદાભેદ છે, તે ચોથી ઢાળમાં અત્યારસુધી સ્થાપન કર્યું. હવે તે સર્વ કથનથી શું ફલિતાર્થ પ્રાપ્ત થાય છે તે કહે છે –

ગાથા :-

સપ્તભંગ એ દૃઢ અભ્યાસી, જે પરમારથ દેખઈં રે;
જસ કીરતિ જગિ વાધઈં તેહની, જઇન ભાવ તસ લેખઈં રે.
શ્રુતધર્મઇં મન દૃઢ કરી રાખો, જિમ શિવસુખફલ ચાખો રે. ॥૪/૧૪॥

ગાથાર્થ :-

એ સપ્તભંગનો=પૂર્વમાં વર્ણન કર્યાં એ સપ્તભંગનો, દૃઢ અભ્યાસી પુરુષ જે પરમાર્થને દેખે છે=જૈનશાસનના સ્યાદ્વાદના પરમાર્થને જોઈ શકે છે, તેનાં યશ અને કીર્તિ જગતમાં વધે છે= "આ મહાત્માએ ભગવાનના શાસનમાં પરમાર્થનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે" એ પ્રકારનાં યશ અને કીર્તિ જગતમાં વધે છે. તસ=તેનો, જૈન ભાવ લેખે છે. ॥૪/૧૪॥

શ્રુત ધર્મમાં દૃઢ મન કરીને રાખો, જેમ મોક્ષસુખના ફળને ચાખો.

ટબો :-

એ-કહિયા જે સપ્તભંગ, તે દૃઢ અભ્યાસ-સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ ઈત્યાદિ ભેદઈ ઘણો અભ્યાસ કરી, જે પરમાર્થ દેખઈ-જીવાજીવાદિ પરમાર્થ-રહસ્ય સમજઈ, તેહની યશકીર્તિ વાધઈં. જે માટઈં સ્યાદ્વાદ પરિજ્ઞાનઈં જ જૈનનઈં તર્કવાદનો યશ છઈ. અનઈં જૈનભાવ પણિ તેહનો જ લેખઈં. જે માટિં નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદ પરિજ્ઞાનેં જ છઈ. ॥૪/૧૪॥

उक्तं च सम्मतौ —

"चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति" ।।३-६७।। **॥૪/૧૪॥**

ટબાર્થ :-

એ કહિયા=પૂર્વમાં કહ્યા એ, જે સપ્તભંગ, તેનો દૃઢ અભ્યાસ=સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ ઇત્યાદિ ભેદથી ઘણો અભ્યાસ કરી, જે પુરુષ પરમાર્થને દેખે છે=જીવાજીવાદિના પરમાર્થને અર્થાત્ રહસ્યને સમજે છે, તેનાં યશકીર્તિ વધે છે.

તેનાં યશકીર્તિ કેમ વધે છે ? તેથી કહે છે –

જે માટે સ્યાદ્વાદના પરિજ્ઞાનથી જ જૈનનો તર્કવાદનો યશ છે અને જૈનભાવ પણ તેહનો જ= સ્યાદ્વાદના પરિજ્ઞાનવાળા પુરુષનો જ, લેખે છે. જે માટે નિશ્ચયથી=પરમાર્થથી, સમ્યક્ત્વ સ્યાદ્વાદના પરિજ્ઞાને જ છે.

उक्तं च सम्मतौ=અને સમ્મતિમાં કહેવાયું છે=સમ્મતિમાં સ્યાદ્વાદના પરિજ્ઞાને પરમાર્થથી સમ્યક્ત્વ કહેવાયું છે.

"चरणकरणप्पहाणा=ચરણકરણપ્રધાન=સંયમની ચરણસિત્તરી, કરણસિત્તરીને શાસ્ત્રાનુસારી સેવવાવાળા, ससमयपरसमयमुक्कवावारा=સ્વસમયપરસમયમાં મુક્ત વ્યાપારવાળા=ચરણસિત્તરી કરણસિત્તરીથી અતિરિક્ત જૈન દર્શનના સ્યાદ્વાદના અને પરદર્શનના એકાંતવાદના પરમાર્થને જાણવામાં અવ્યાપારવાળા, એવાં સાધુઓ चरणकरणसारं=ચરણકરણના સારને=ચારિત્રાચારના સેવનના સમ્યક્ત્વરૂપ પરમાર્થને, णिच्छयसुद्धं=નિશ્ચયશુદ્ધ= પરમાર્થશુદ્ધ, ण याणंति=જાણતા નથી." **(સમ્મતિ, ત્રીજો કાંડ, શ્લોક-૬૭) ॥૪/૧૪॥**

ભાવાર્થ :-

અસ્તિ-નાસ્તિની, ભેદાભેદની, નિત્યાનિત્યની, શુદ્ધાશુદ્ધની, એક-અનેકની સપ્તભંગીઓ કઈ રીતે થાય છે, તેનું કથન ગ્રંથકારશ્રીએ પૂર્વમાં અત્યારસુધી કર્યું અને જે મહાત્મા જૈનશાસનના પરમાર્થને જાણવાના અત્યંત અર્થી છે, તેઓ તે સપ્તભંગી વિષયક દૃઢ અભ્યાસ કરે તો તેમને બોધ થાય કે, પદાર્થનો બોધ કરવા માટે સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગી, પ્રમાણસપ્તભંગી ઇત્યાદિ અનેક ભેદો છે. તે આ રીતે :-

સકલાદેશ :- સકલધર્મનો આદેશ છે=કથન છે જેમાં તે સકલાદેશ.

કોઈ એક જીવપદાર્થને ગ્રહણ કરીને 'स्यात् अस्ति एव जीवः' એમ કહેવામાં આવે ત્યારે તેમાં રહેલો 'स्यात्' શબ્દ 'કથંચિત્' અર્થમાં નથી પરંતુ 'स्यात्' શબ્દ અનેકાન્તદ્યોતક અવ્યય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, 'અપેક્ષાએ જીવ છે' એ કથનમાં 'સ્યાત્' કથનથી અનંત ધર્મનો પરામર્શ થાય છે તેથી જેમ 'અપેક્ષાએ જીવ છે' તેમ 'અપેક્ષાએ દ્રવ્ય છે', 'અપેક્ષાએ અમૂર્ત છે', 'અપેક્ષાએ જ્ઞેય છે' એ પ્રકારે જીવમાં વર્તતા યાવત્ધર્મોનો 'સ્યાત્' શબ્દથી સંગ્રહ થાય છે. તેથી 'स्यात् अस्ति एव जीवः' એ કથનથી 'અનંતધર્માત્મક જીવ છે' એ પ્રકારનો બોધ થાય છે. તેથી તે બોધ સકલાદેશરૂપ છે અર્થાત્ જીવમાં રહેલા સકલ ધર્મોનો આદેશ કરનાર એવું તે કથન છે.

વિકલાદેશ :- સકલ ધર્મથી રહિત એવાં કેવલ એક ધર્મનો આદેશ=કથન, છે જેમાં તે વિકલાદેશ. 'सत्' અથવા 'जीव' એ પ્રમાણે કહેવામાં આવે ત્યારે 'એવ'કારાર્થ પ્રયોગ નહીં હોવાથી सत् જ છે અથવા જીવ જ છે, તેવો બોધ થતો નથી માટે દુર્નય નથી અને 'स्यात्' શબ્દનો પ્રયોગ નહીં હોવાથી અનંતધર્મની ઉપસ્થિતિ નથી તેથી 'सत्त्वेन सत्'ની ઉપસ્થિતિ છે અથવા 'जीवत्वेन जीव'ની ઉપસ્થિતિ છે માટે તે પ્રયોગ વિકલાદેશ કહેવાય=તે વસ્તુમાં રહેલા અન્ય સર્વ ધર્મોથી વિકલ એવાં એક ધર્મથી તે વસ્તુની ઉપસ્થિતિ થાય છે માટે વિકલાદેશ છે.

નયસપ્તભંગી અને પ્રમાણસપ્તભંગી :- ઘટાદિ કોઈપણ પદાર્થને ગ્રહણ કરીને સાત પ્રકારની જિજ્ઞાસાને સામે રાખીને સાત પ્રકારના ઉત્તરથી અસ્તિ-નાસ્તિની સપ્તભંગી થાય છે. તે સપ્તભંગી કર્યા પછી કાલાદિ આઠને આશ્રયીને તે ઘટાદિ પદાર્થમાં રહેલા અનંતધર્મોનો દ્રવ્યાર્થિકનયથી ભેદનો ઉપચાર અને પર્યાયાર્થિકનયથી ભેદની વૃત્તિ ગ્રહણ કરીએ તો તે સપ્તભંગી નયસપ્તભંગી કહેવાય છે; કેમ કે અનંત ધર્માત્મક વસ્તુના એક ધર્મનો સાત ભાંગાથી પૂર્ણ બોધ કરવામાં આવે છે. વળી, આ સપ્તભંગીને કાલાદિ આઠને આશ્રયીને દ્રવ્યાર્થિકનયથી અભેદની વૃત્તિ અને પર્યાયાર્થિકનયથી અભેદનો ઉપચાર કરવામાં આવે ત્યારે તે પ્રમાણ સપ્તભંગી બને છે; કેમ કે પદાર્થમાં વર્તતા અનંત ધર્મોનો કાલાદિ આઠ દ્વારા અભેદ કરવાથી તે સપ્તભંગી દ્વારા અનંત ધર્માત્મક પૂર્ણ વસ્તુનો બોધ થાય છે. માટે તે સપ્તભંગીને પ્રમાણસપ્તભંગી કહેવાય છે.

અહીં કાલાદિ આઠમાં કાલ, આત્મરૂપ, અર્થ, સંબંધ, ઉપકાર, ગુણીદેશ, સંસર્ગ અને શબ્દનો સમાવેશ થાય છે. તે આઠને આશ્રયીને નયસપ્તભંગી અને પ્રમાણસપ્તભંગી કઈ રીતે થાય છે ? તેની વિશદ ચર્ચા ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ.સા. દ્વારા રચાયેલ 'જૈન તર્કભાષા'માં છે તેથી તેનો અર્થ ત્યાંથી જાણવો.

આ રીતે જે બુદ્ધિમાન પુરુષ જૈનશાસનમાં બતાવેલા સપ્તભંગી આદિનો અભ્યાસ કરે છે અને તે અભ્યાસના બળથી જીવ-અજીવાદિ નવ તત્ત્વોનું રહસ્ય જાણે છે, તે મહાત્મા વર્તમાનમાં ઉપલબ્ધ ગ્રંથો અનુસાર જીવાદિ નવ તત્ત્વોના જાણકાર બને છે. જો કે જીવાદિ નવ તત્ત્વોના પરિજ્ઞાનમાં ચૌદ પૂર્વીઓના જ્ઞાનમાં પણ અનંત ગુણતરતમતાની પ્રાપ્તિ છે તેથી વર્તમાનના બોધવાળા જીવો જીવાદિ તત્ત્વના વિશેષ રહસ્યને ચૌદ પૂર્વીની જેમ પામી શકે નહીં, તોપણ જે જીવોએ 'નવતત્ત્વ પ્રકરણ'માં જીવાદિ નવ તત્ત્વો બતાવ્યાં છે તેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તેના કરતાં ઘણા સૂક્ષ્મ પદાર્થોનો બોધ, આ રીતે સપ્તભંગી આદિનો અભ્યાસ કરવાથી થાય છે અને જેઓને તે જીવાદિ નવ તત્ત્વોનો સપ્તભંગી આદિના દૃઢ અભ્યાસથી વિશદ બોધ થયો છે તેઓનાં યશ-કીર્તિ જગતમાં વધે છે; કેમ કે તે મહાત્માએ જીવાદિ નવ તત્ત્વોનો જે સૂક્ષ્મબોધ પ્રાપ્ત કર્યો છે તે સૂક્ષ્મબોધના બળથી યોગ્ય જીવોને તે બોધ કરાવે છે. તેથી 'મહાકલ્યાણની પ્રાપ્તિ કરનાર છે' એ પ્રકારે તેનાં યશકીર્તિ વધે છે.

સપ્તભંગી આદિના અભ્યાસથી જીવાદિ તત્ત્વના પરિજ્ઞાનને કારણે યશકીર્તિ કેમ વધે છે? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે માટે સ્યાદ્વાદના પરિજ્ઞાનથી જ જૈનોને તર્કવાદનો યશ છે. આશય એ છે કે જૈનશાસન સ્યાદ્વાદની પ્રરૂપણા કરે છે અને સ્યાદ્વાદ યથાર્થવાદ છે; કેમ કે સર્વ ઉચિત સ્થાને ઉચિત દૃષ્ટિથી પદાર્થનું યથાર્થ સ્વરૂપ બતાવે છે અને જેઓ સ્યાદ્વાદના મર્મને જાણનારા થાય છે તેઓ સર્વ પદાર્થો ઉચિત સ્થાને ઉચિત દૃષ્ટિથી યોજનારા છે. તેથી મધ્યસ્થ દૃષ્ટિવાળા છે અને જેઓ મધ્યસ્થ દૃષ્ટિથી યથાર્થ તત્ત્વને જોનારા છે તેઓ જિનના ઉપાસક છે અને જિનના ઉપાસકો જે તર્કદૃષ્ટિથી પદાર્થનું સ્થાપન કરે છે, તે સ્થાપન કરાયેલો પદાર્થ મધ્યસ્થ વિદ્વાનને સહજ સુહાય છે. તેથી જૈનોના તર્કવાદથી તે મધ્યસ્થ વિદ્વાનો પ્રભાવિત થઈને કહે છે કે 'આ પદાર્થને કહેનાર આપ્તપુરુષ જ છે, કે જેઓએ અનુભવને અનુરૂપ સર્વ ઉચિત દૃષ્ટિઓથી પદાર્થનું યથાર્થ સ્થાપન કર્યું છે' તેથી સ્યાદ્વાદના પરિજ્ઞાનથી જૈનોને તર્કવાદનો યશ પ્રાપ્ત થાય છે.

વળી, જેઓ સપ્તભંગી આદિના બળથી જીવાદિ તત્ત્વોને જાણે છે, તેઓને સ્યાદ્વાદનું યથાર્થ પરિજ્ઞાન છે અને જેઓએ પોતાની શક્તિ અનુસાર અપ્રમાદથી યત્ન કરીને સ્યાદ્વાદનું પરિજ્ઞાન મેળવ્યું છે, તેનો જૈનભાવ લેખે છે; કેમ કે જે જિનના ઉપાસક હોય તે જૈન કહેવાય અને જે જૈન હોય તેમાં જૈનનો ભાવ હોય અને જેઓ જિનના ઉપાસક હોય, આમ છતાં શક્તિ હોવા છતાં સ્યાદ્વાદનું પરિજ્ઞાન કરતાં નથી તેનો જૈનભાવ પણ સફળ નથી.

સ્યાદ્વાદના પરિજ્ઞાન વગરના જીવોનો જૈન ભાવ કેમ સફળ નથી? તેથી કહે છે –

જે માટે નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદના પરિજ્ઞાનવાળા પુરુષને જ છે. તેથી જેઓ સ્યાદ્વાદના પરિજ્ઞાનને પામ્યા નથી તેઓને નિશ્ચયથી સમ્યક્ત્વ નથી અને જેઓને નિશ્ચયથી સમ્યક્ત્વ નથી તેઓનો જૈન ભાવ પણ લેખે નથી=સફળ નથી.

નિશ્ચયથી સ્યાદ્વાદના પરિજ્ઞાનમાં જ સમ્યક્ત્વ છે તેમાં 'સમ્મતિ'ની સાક્ષી આપે છે.

જેઓ મોક્ષના અર્થી છે, સંયમ ગ્રહણ કરેલું છે અને સંયમની ચરણસિત્તરી-કરણસિત્તરી શાસ્ત્રવચનાનુસાર સેવે છે, આમ છતાં તે શુદ્ધ આચારમાં સંતોષવાળા છે અને માને છે કે 'આ શુદ્ધ આચારના બળથી અમે સંસારસાગરને તરશું.' તેથી સ્વદર્શન-પરદર્શનના પરમાર્થને જાણવા માટે મુક્તવ્યાપારવાળા છે તેવા સાધુઓ ચરણ-કરણનો સાર અર્થાત્ ચારિત્રપાલનના જે અસંગભાવની પ્રાપ્તિનું પ્રબળ કારણ એવાં સમ્યક્ત્વરૂપ સાર, તે સારને નિશ્ચયશુદ્ધ જાણતા નથી અર્થાત્ પરમાર્થથી જાણતા નથી; કેમ કે સર્વ નયોની દૃષ્ટિથી ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે યત્ન નહીં કરનારા હોવાથી સર્વ નયોની દૃષ્ટિથી ઉચિત પરિણામોને પ્રાપ્ત કરવાને અનુકૂળ માર્ગાનુસારી બોધનો અભાવ છે. **॥૪/૧૪॥**

ઢાળ-૪

પ્રસ્તુત ઢાળનું આત્મકલ્યાણના પ્રયોજન અર્થે યોજનનું સ્વરૂપ :-

પ્રથમ ઢાળની ગાથા-૬ના ટબામાં કહેલ કે દ્રવ્યાદિકના ચિંતવનથી શુક્લધ્યાન પ્રગટે છે અને તેમાં આત્મદ્રવ્યના, આત્માના ગુણના, આત્માના પર્યાયના ભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે અને આત્મદ્રવ્યના, આત્માના ગુણના, આત્માના પર્યાયના અભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થાય છે. તેથી ઢાળ-૨માં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદની અને ઢાળ-૩માં દ્રવ્ય, ગુણ, પર્યાયના અભેદની ચર્ચા કરી.

હવે જૈનમત દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદાભેદને સ્વીકારે છે, તેની વિસ્તૃત ચર્ચા પ્રસ્તુત ઢાળમાં કરવામાં આવી છે. તેથી પ્રસ્તુત ઢાળમાં વર્ણન કરાયેલા દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદાભેદનું ચિંતવન આત્મદ્રવ્ય સાથે યોજન કરવામાં આવે તો તેનાથી શુક્લધ્યાનને અનુકૂળ કઈ રીતે ઊહ થઈ શકે તેનો બોધ થાય. તે માટે અહીં ચોથી ઢાળને અંતે કંઈક બોધ અર્થે આત્મદ્રવ્યના વિષયમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદાભેદનું યોજન કરવામાં આવ્યું છે.

દ્રવ્ય, ગુણ, પર્યાયનું ચિંતવન ભેદાભેદથી થાય છે. વળી, ભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત થાય છે અને અભેદના ચિંતવનથી શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થાય છે તે બતાવ્યા પછી ભેદાભેદ ખરેખર પરસ્પર વિરોધી નથી તેનું યુક્તિથી સ્થાપન કરવા અર્થે પ્રસ્તુત ઢાળની ગાથા-૧માં સ્થૂળ દૃષ્ટિથી ભેદાભેદનો પરસ્પર વિરોધ છે તેનું ઉદ્‌ભાવન કરીને ગાથા-૨માં ભેદાભેદનો પરસ્પર વિરોધ નથી તેનું યુક્તિથી સ્થાપન કર્યું છે. જેથી અનુભવથી પણ ભેદાભેદ યુક્તિયુક્ત છે તેમ સ્થિર થાય. વળી, જેમ દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદાભેદ છે તેમ સર્વ દ્રવ્યોનો પણ પરસ્પર ભેદાભેદ છે. તેથી સ્યાદ્વાદની દૃષ્ટિથી દેખાતું ચરાચર જગત ભેદાભેદાત્મક જ છે તેમ પ્રસ્તુત ઢાળમાં યુક્તિથી બતાવેલ છે અને આ ભેદાભેદનો સમ્યક્ બોધ ઉચિત રીતે યોજવામાં આવે તો જીવના રાગાદિનો ઉચ્છેદ થાય છે અને જીવ વીતરાગભાવને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. તે આ રીતે :-

સંસારી જીવોને પોતાના દેહ સાથે અભેદબુદ્ધિ છે, કુટુંબ સાથે અભેદબુદ્ધિ છે. તે અભેદબુદ્ધિ પદાર્થના સ્વરૂપના અવલોકનથી થયેલ નથી, પરંતુ તે તે પ્રકારના મોહના પરિણામથી અભેદબુદ્ધિ થયેલ છે. તેથી તે સ્થાનમાં મોહના પરિણામના ત્યાગ અર્થે યોગીઓ ભેદબુદ્ધિનું ચિંતવન કરે છે, અભેદબુદ્ધિનું નહીં. આથી જ 'અધ્યાત્મસાર'માં કહેલ છે –

भिन्ना प्रत्येकमात्मानो विभिन्ना पुद्‌गलाऽपि ।
शून्यः संसर्गः इत्येवं यः पश्यति स पश्यति ।।

તેથી તે સ્થાનમાં પોતાના દેહના પુદ્‌ગલોથી, ધનાદિના પુદ્‌ગલોથી અને સ્નેહીસંબંધી આદિ જીવોથી ભેદની જ ઉપસ્થિતિ કરવાથી, મોહને કારણે ઉત્પન્ન થયેલી અભેદબુદ્ધિનો નાશ થાય છે. વળી, પદાર્થની વ્યવસ્થાથી વિચારવામાં આવે તો, જીવનો કર્મની સાથે કથંચિત્ અભેદ છે, દેહની સાથે પણ કથંચિત્ અભેદ

છે. આથી જીવ પોતાના દેહથી જે કૃત્યો કરે છે તે કૃત્યોને અનુરૂપ પોતાને શુભ કે અશુભ ભાવો થાય છે. તેથી વિવેકી પુરુષ પોતાના દેહથી પોતાનો અભેદ છે તેવી બુદ્ધિથી પોતાના દેહને યોગમાર્ગમાં પ્રવર્તાવવા યત્ન કરે છે અને વિચારે છે કે, "અનાદિના કર્મના સંસર્ગને કારણે મને દેહની સાથે અભેદની પ્રાપ્તિ થઈ છે અને જો આ દેહને અનુકૂળ ક્રિયામાં પ્રવર્તાવીશ અથવા 'આ ક્રિયા દેહ કરે છે, હું કરતો નથી' એવું વિચારીશ તોપણ દેહથી કરાયેલી ક્રિયાને અનુકૂળ મને જે ભાવો થાય છે તે સર્વ દેહની સાથે મારો અભેદ ન હોય તો સંભવે નહીં." જેમ અન્યના દેહથી કરાયેલી ક્રિયાથી પોતાને કોઈ ભાવો થતા નથી, માટે પોતાના દેહની સાથે પોતાનો કથંચિત્ અભેદ છે તેમ વિચારીને પદાર્થને યથાર્થ જોનારી નિર્મળ દૃષ્ટિવાળો જીવ પોતાનાથી અભિન્ન એવાં દેહને પોતાના આત્મહિત માટે પ્રવર્તાવે છે. આથી જ તીર્થંકરો પણ નિર્લેપયોગી હોવા છતાં દીક્ષા ગ્રહણ કર્યા પછી નિર્દોષ આહારાદિમાં સર્વ ઉચિત યતનાઓ કરે છે. તેથી એ ફલિત થાય કે, ઉચિત સ્થાને જોડાયેલો ભેદ મોહના નાશનું કારણ બને છે અને ઉચિત સ્થાને જોડાયેલો અભેદ પણ મોહના નાશનું કારણ બને છે, પરંતુ મોહને પરવશ એવી અભેદબુદ્ધિ થાય તો તે અભેદબુદ્ધિ જ કર્મબંધનું કારણ બને છે.

જેમ, સંસારી જીવોને મોહને પરવશ, દેહમાં અભેદબુદ્ધિ થાય છે, ધનાદિમાં અભેદબુદ્ધિ થાય છે કે કુટુંબમાં પણ અભેદબુદ્ધિ થાય છે, તે કર્મબંધનું કારણ છે. વળી, મોહને પરવશ ભેદબુદ્ધિ કરવામાં આવે તોપણ તે કર્મબંધનું કારણ બને છે.

જેમ, એકાંતનિશ્ચયનયમાં અભિનિવેશવાળા જીવો પોતાના આત્માથી દેહ ભિન્ન છે તેમ સ્વીકારીને "દેહથી કરાતી ભોગાદિ પ્રવૃત્તિઓ સાથે મારે કોઈ સંબંધ નથી" તેવી કલ્પના કરીને મનમાં સંતોષ માને છે કે અલિપ્તભાવથી કરાયેલા ભોગો પણ અનર્થકારી નથી. વસ્તુતઃ પોતાના દેહને અનુકૂળ ભાવો પ્રત્યેના મોહના ભાવોથી પ્રેરિત બુદ્ધિ જ તેઓને 'આ દેહ કાર્ય કરે છે, હું કરતો નથી' તેવા વિકલ્પો કરાવીને દેહની અનુકૂળતા અર્થે સર્વ પ્રયત્ન કરવા પ્રેરણા કરે છે.

વળી, સંસારી જીવો પણ પોતાની સ્વાર્થવૃત્તિ હોય ત્યારે પોતાના સ્વજન આદિ સાથે ભેદબુદ્ધિ કરીને તેઓની હિતચિંતાને અનુકૂળ કોઈ પ્રયત્ન કરતાં નથી કે તેઓની સાથે પોતાનો જે સંબંધ છે તેને કારણે પોતે શું ઉચિત કરવું જોઈએ તેનો પણ વિચાર કરતાં નથી. આ સ્થાનમાં પણ તેઓની સ્વજનાદિ સાથેની ભેદબુદ્ધિ મોહથી જ પ્રેરિત છે. આથી જ વીર ભગવાને પોતાનાં માતાપિતા પ્રત્યેના હિત અર્થે તેઓના જીવતાં સંયમ ગ્રહણ નહીં કરવાની પ્રતિજ્ઞા ગર્ભાવસ્થામાં ગ્રહણ કરી હતી; કેમ કે પોતાનાં માતાપિતા સાથે પોતાનો કથંચિત્ અભેદ છે. તેથી તે અભેદની અપેક્ષાએ ઔચિત્યનો વિચાર કર્યા વગર સંયમ ગ્રહણ કરવામાં આવે તોપણ તે સંયમ કલ્યાણનું કારણ બને નહીં.

વળી, ગાથા-૧ના ટબામાં કહ્યું કે "વિતિગિચ્છાસમાપન્ન એવાં આત્મા સમાધિને પ્રાપ્ત કરતાં નથી", તેથી એ ફલિત થાય કે, જેઓ પોતાની શક્તિ અનુસાર શ્રુતધર્મનું અવલંબન લઈને ભેદાભેદનો ઉચિત નિર્ણય કરવા યત્ન કરતાં નથી, તેઓને શ્રુતધર્મમાં દૃઢ વિશ્વાસ નથી અને તે શ્રુતધર્મમાં દૃઢ વિશ્વાસ નહીં હોવાને કારણે તેઓ સમાધિને પ્રાપ્ત કરતાં નથી. માટે સમાધિના પ્રાપ્તિના અર્થીએ શક્તિના પ્રકર્ષથી

ભેદાભેદનો ઉચિત નિર્ણય કરીને કયા સ્થાને ભેદની વિચારણા મોહના ઉન્મૂલનનું કારણ બને છે અને કયા સ્થાને અભેદની વિચારણા મોહના ઉન્મૂલનનું કારણ બને છે, તેનો માર્ગાનુસારી ઊહ સદા કરવો જોઈએ. જેથી શ્રુતધર્મમાં દૃઢ મન રહે, જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીને અનુકૂળ એવાં ભેદાભેદની વિચારણાનું કારણ બનશે. વળી, જેઓ તે પ્રકારના ભેદાભેદનો નિર્ણય કરવા માટે યત્ન કરતાં નથી, તેઓને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા નથી. આથી જ જિનવચનાનુસાર તત્ત્વને જાણવા માટે વિશેષ પ્રકારનો ઉત્સાહ નથી તેવા જીવો સંયમની ઉચિત ક્રિયા કરતાં હોય તોપણ સમાધિને પામતા નથી. જેથી તેઓની ક્રિયાઓ સંસારના ઉચ્છેદનું કારણ બનતી નથી.

ગાથા-૩થી ૭ સુધી અનુભવને અનુરૂપ દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ બતાવ્યો અને તે ભેદાભેદની વિચારણા આત્મકલ્યાણ માટે આ રીતે ઉપયોગી થાય –

જેમ સામાન્યથી સંસારી જીવ પોતાના અનુભવ અનુસાર દેહ આદિથી પોતાનો અભેદ વિચારે છે કે તેથી દેહની સારસંભાળ આદિ કરવામાં જે સુખ થાય છે તે 'મને થાય છે' તેમ વિચારે છે અને પ્રસંગે દેહનો કોઈક ભાગ વિષાદિથી દૂષિત થયેલો હોય તો પોતાના સુખમાં તે ભાગ બાધિત છે તેમ વિચારીને પોતાનાથી દેહનો ભેદ છે તેવી બુદ્ધિ કરીને તે ભાગનું છેદનાદિ પણ કરાવે છે. જો સર્વથા દેહાદિ સાથે અભેદબુદ્ધિ હોય તો દેહના ભાગના છેદથી 'મારો જ છેદ થશે' તેવી બુદ્ધિ થાય, પરંતુ તે સમયે તે વિચારે છે કે 'દેહનો આ ભાગ જ વિષાદિથી દૂષિત હોવાને કારણે મને ઉપદ્રવ કરનાર છે.' માટે ઉપદ્રવ કરનાર એવાં તે ભાગને પોતાનાથી ભિન્ન માનીને ઉચ્છેદ કરવાને માટે તૈયાર થાય છે. આ પ્રકારના દેહ સાથેની કથંચિત્ ભેદની અને કથંચિત્ અભેદની બુદ્ધિ મોહધારાના પરિણામમાંથી થયેલ હોવાથી કલ્યાણનું કારણ નથી, પરંતુ સંસારવૃદ્ધિનું જ કારણ છે; કેમ કે જેઓ માત્ર શાતામાં જ સુખની બુદ્ધિ ધારણ કરે છે, અશાતામાં દુઃખની બુદ્ધિ ધારણ કરે છે અને આત્માના પારમાર્થિક સ્વરૂપની લેશ પણ કલ્પના જેઓ કરી શકતા નથી, તેઓ દેહથી કથંચિત્ ભિન્ન અને કથંચિત્ અભિન્ન એવાં આત્માના સાચા સુખના અર્થી થઈને અનુભવ અનુસાર દેહના ભેદાભેદનો વિચાર કરતાં નથી. તેથી સંસારી જીવોએ સ્વીકારેલ દેહ સાથેનો ભેદાભેદ પ્રમાણિક અનુભવ અનુસાર હોવા છતાં આત્માના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનથી ઉત્થિત હોવાને કારણે સંસારનું જ કારણ બને છે.

વળી, જેઓને દેહથી પૃથક્‌ભૂત એવાં આત્માના સુખ પ્રત્યે પક્ષપાત થયેલો છે, તેઓ મોહના ઉન્મૂલનનું કારણ બને તે પ્રકારે દેહની સાથે ભેદાભેદનો વિચાર કરે છે. વળી, તેઓ દેહને પોતાનાથી કથંચિત્ પૃથક્ માનીને દેહજન્ય ભાવો આત્માના ભાવો નથી તે રૂપે જુએ છે અને દેહ આદિના સંગ વગરનો નિર્લેપ પરિણામ આત્માનો પરિણામ છે તે રૂપે જુએ છે. વળી, પોતાને દેહની સાથે કથંચિત્ અભેદ છે તેમ વિચારીને પોતાના અસંગભાવોને પ્રગટ કરવામાં દેહ કઈ રીતે ઉપકારક થાય તેનો વિચાર કરીને પોતાનાથી અભિન્ન એવાં દેહને યોગમાર્ગની સાધનામાં પ્રવર્તાવે છે. તેઓના ભેદાભેદની વિચારણા જિનવચનાનુસાર હોવાથી સંયમની પરિણતિનું કારણ બને છે અને અંતે ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ થાય છે ત્યારે પોતાના શુદ્ધ આત્માના દ્રવ્યગુણપર્યાયનો કઈ રીતે પરસ્પર ભેદ છે તેનો અનુભવ અનુસાર ચિંતવન કરીને

શુક્લધ્યાનનો પ્રથમ પાયો પ્રાપ્ત કરે છે અને પોતાના શુદ્ધ આત્માના દ્રવ્યગુણપર્યાયનો કઈ રીતે અભેદ છે તેનો અનુભવ અનુસાર ચિંતવન કરીને શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત કરે છે. માટે જિનવચનાનુસાર ભેદાભેદનું સમ્યક્ ચિંતવન અનુભવ અનુસાર કરીને યત્ન કરવાથી જ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

વળી, ગાથા-૭માં કહ્યું કે, જિનશાસન માત્ર દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ સ્વીકારતો નથી, પરંતુ જગતના સર્વ પદાર્થો સાથે ભેદાભેદ સ્વીકારે છે. તેથી ભેદાભેદ સર્વત્ર વ્યાપક છે અને તે ભેદાભેદની વિચારણા આત્મકલ્યાણ માટે આ રીતે ઉપયોગી થાય –

દ્રવ્યાર્થિકનયથી સર્વ દ્રવ્યોનો પરસ્પર અભેદ છે; કેમ કે શુદ્ધ દ્રવ્યાર્થિકનય ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્ય સ્વીકારે છે. તેથી સર્વ દ્રવ્યમાં દ્રવ્યત્વ સમાન છે. માટે સર્વ દ્રવ્યોને અભેદ કરીને એક માને છે અને પર્યાયાર્થિકનય તે દ્રવ્યોમાં વર્તતા જડત્વ, ચેતનત્વાદિ ધર્મોને ગ્રહણ કરીને ભેદ માને છે અને યોગીઓ રાગાદિ વિકલ્પોના શમન અર્થે શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી સર્વ દ્રવ્યોનો અભેદ વિચારે છે ત્યારે કોઈપણ દ્રવ્યમાં રહેલ વિશેષ ધર્મમાં ઉપયોગ જતો નથી. તેથી સર્વ દ્રવ્યોમાં વર્તતા સમાન ધર્મના બળથી યોગીઓ પોતાનામાં સમતાની પરિણતિ ઉત્પન્ન કરે છે અને જ્યારે તે દ્રવ્યોમાં વર્તતા કોઈક વિશેષ ધર્મ પ્રત્યે યોગીનો ઉપયોગ જાય તો તે વિશેષ ધર્મના ઉપયોગને કારણે યોગીના ચિત્તમાં તે ધર્મ પ્રત્યે પક્ષપાત થવાથી સમભાવનો પરિણામ મ્લાન થાય છે. તેથી સમભાવના અર્થી યોગી સર્વ દ્રવ્યોને સમાન જોઈને સમભાવને અતિશય કરવા અર્થે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું અવલંબન લે છે. જેથી અભેદ બુદ્ધિ સ્થિર થાય છે.

વળી, આત્માથી ભિન્ન એવાં સર્વ પદાર્થો પ્રત્યે મમત્વના પરિહાર અર્થે યોગી ભેદનયની દૃષ્ટિનું અવલંબન લઈને આત્માથી ભિન્ન એવાં દેહાદિ અને ભિન્ન એવાં અન્ય દ્રવ્યો પ્રત્યેના મમત્વના પ્રતિબંધનો નાશ કરે છે. તેથી શ્રુતાનુસારે સર્વ દ્રવ્યો સાથે ભેદાભેદની વિચારણા પણ મોહનું ઉન્મૂલન કરીને વીતરાગતાની પ્રાપ્તિનું કારણ બને છે.

વળી, ગાથા-૮માં કહ્યું કે જે વસ્તુનો પરસ્પર ભેદ છે તે જ વસ્તુનો અન્ય દૃષ્ટિથી અભેદ પણ છે અને આ ભેદાભેદ સાતસો નયોનો મૂળ હેતુ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે પદાર્થને શ્રુતાનુસારે યથાર્થ રીતે જોનારી દૃષ્ટિ અનેક પ્રકારની છે અને તે સર્વ દૃષ્ટિને સાત નયમાં વિભાગ પાડીને ભગવાનના શાસનમાં સાત નયો બતાવાયા છે. વળી, આ સાતે નયોમાં પણ અવાંતર અનેક દૃષ્ટિ પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાડનાર છે તેને આશ્રયીને એક એક નયોના સો-સો ભેદો પડે છે. તેથી સાત નયોને આશ્રયીને સાતસો ભેદો પડે છે અને તે સર્વ નયદૃષ્ટિથી પદાર્થના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે ભેદાભેદની દૃષ્ટિ જ ઉપકારક છે. તેથી ગાથા-૮માં કહ્યું કે તે ભેદાભેદ જ સાતસો નયોનો મૂળ હેતુ છે અને જે યોગીઓ તે સાતસો નયોના પરમાર્થને જાણીને શ્રુતાનુસાર તે સર્વ નયોની દૃષ્ટિથી જગતના સ્વરૂપનું અવલોકન કરે છે તેઓ શુદ્ધ આત્માના સ્વરૂપના અવલોકન અર્થે તે સર્વ નયોની દૃષ્ટિના બળથી જ વિશેષ પ્રકારની નિર્લેપ પરિણતિ પ્રગટ કરી શકે છે; કેમ કે સર્વ નયો જિનવચનાનુસાર બોધ કરાવીને પોતાના ભાવોને જિનતુલ્ય પ્રગટ કરાવવામાં જ ઉપકારક બને છે. તેથી ક્ષપકશ્રેણી તરફ જવા માટે સૂક્ષ્મ માર્ગાનુસારી ઊહ પ્રગટ કરવામાં આ સર્વ નયની દૃષ્ટિઓ અત્યંત ઉપકારક છે અને વર્તમાનમાં દ્વાદશાર નયચક્ર અનુસાર એક-એક

નયના બાર-બાર ભેદો ઉપલબ્ધ છે અને તે અનુસાર જે મહાત્માઓ સૂક્ષ્મ દ્રવ્યપર્યાયનું ચિંતવન કરી શકે છે, તેઓ પણ તે ચિંતવનથી સંયમના કંડકની વૃદ્ધિ કરી શકે છે.

હવે ગાથા-૯થી ૧૩ સુધી અસ્તિ-નાસ્તિને અને ભેદાભેદને આશ્રયીને થતી સપ્તભંગી બતાવેલ છે અને તે સપ્તભંગીની નિષ્પત્તિ આ રીતે થાય છે –

પદાર્થના કોઈ એક ધર્મને આશ્રયીને વિચારણા કરવામાં આવે તો સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે. તે સાત પ્રકારની જિજ્ઞાસાથી સાત પ્રકારના પ્રશ્નો થાય છે અને તે પ્રશ્નોના સાત ઉત્તરો પ્રાપ્ત થાય છે. તે સાત ઉત્તરો જ સપ્તભંગી રૂપ છે. તેથી સપ્તભંગી દ્વારા પદાર્થમાં રહેલ એક જ ધર્મ વિષયક સર્વ જિજ્ઞાસાઓનો ઉત્તર મળવાથી એક ધર્મને આશ્રયીને તે પદાર્થનો પૂર્ણ બોધ થાય છે. વળી, આ સપ્તભંગી સકલાદેશ અને વિકલાદેશની વિવક્ષાથી પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી બને છે અર્થાત્ સકલાદેશની વિવક્ષાથી પ્રમાણસપ્તભંગી બને છે અને વિકલાદેશની વિવક્ષાથી નયસપ્તભંગી બને છે. આ સપ્તભંગીના રહસ્યને પામ્યા પછી કોઈ યોગી કોઈપણ પદાર્થના સ્વરૂપનું ચિંતવન કરવા અર્થે શ્રુતના વચનથી ઉપયોગવાળા થઈને સપ્તભંગીના બોધને અનુરૂપ સૂક્ષ્મ પદાર્થનો ઊહાપોહ કરે તે યોગી શ્રુતના બળથી તે પદાર્થના સૂક્ષ્મ ભાવોને પ્રાપ્ત કરીને શુદ્ધ આત્માના સ્વરૂપના અવલોકન અર્થે ક્ષપકશ્રેણીની શક્તિનો સંચય કરે છે.

જેમ, છદ્મસ્થ અવસ્થામાં વીર ભગવાને પરમાણુ ઉપર ધ્યાન કરેલ ત્યારે તેઓની ઇન્દ્રિયોથી પરમાણુ સાક્ષાત્ ગ્રહણ થાય તેવી અવસ્થા ન હતી છતાં શ્રુતના બળથી પરમાણુના સૂક્ષ્મ સ્વરૂપના અવલોકનમાં વીર ભગવાન ઉપયોગવાળા હતા. તે વખતે સપ્તભંગીનો બોધ તે પરમાણુના ચિંતવનમાં અત્યંત ઉપકારક બને છે અને આ પ્રકારે પરમાણુ પ્રત્યે ચિત્તની સ્થિર દૃષ્ટિ રાખીને ચિંતવન કરવાથી ક્ષપકશ્રેણીને અનુકૂળ એવી શક્તિનો સંચય થાય છે. માટે સપ્તભંગીનો બોધ પણ યોગમાર્ગના ભાવોને અતિશય કરવામાં અત્યંત ઉપકારક છે.

વળી, પ્રસ્તુત ઢાળની અંતિમ ગાથા-૧૪માં કહ્યું કે, સકલાદેશ અને વિકલાદેશરૂપ પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગીનો અભ્યાસ કરીને જે યોગીઓ શ્રુતના બળથી જીવ-અજીવાદિ તત્ત્વોનાં રહસ્યોને સમજે છે તેઓને સ્યાદ્વાદનું પરિજ્ઞાન થાય છે અને તેઓનો જૈનભાવ સફળ છે.

આ કથનથી એ ફલિત થાય છે કે, જે યોગીઓ સપ્તભંગીનો યથાર્થ બોધ કરીને જીવાજીવાદિ તત્ત્વોના સૂક્ષ્મ બોધમાં તે સપ્તભંગીને યોજી શકે છે અર્થાત્ જેમ પરમાણુના ધ્યાનમાં વીર ભગવાન નયસપ્તભંગીને ઉચિત રીતે જોડીને સૂક્ષ્મ ભાવોને પ્રાપ્ત કરી શકયા, તેમ જે યોગી જીવાદિ તત્ત્વોના રહસ્યને પ્રમાણસપ્તભંગી અને નયસપ્તભંગી દ્વારા પ્રાપ્ત કરે છે, તેઓ પોતાના જૈનભાવને પ્રગટ કરવા અર્થે જિનની જે ઉપાસના કરે છે તે સફળ થાય છે; કેમ કે તે પ્રકારના ચિંતવનથી જ વીતરાગ થવાને અનુકૂળ સૂક્ષ્મ ઊહ પ્રવર્તે છે. માટે સપ્તભંગીનું જ્ઞાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે પ્રબળ કારણ બને છે.

❋

ઢાળ-૫

પૂર્વની ઢાળ સાથેનો સંબંધ :-

એ ચોથઈં ઢાલઈં ભેદાભેદ દેખાડ્યો અનઈં સપ્તભંગીનું સ્થાપન કરિઉં. હિવઈં પાંચમઈં ઢાલઈં નય-પ્રમાણ વિવેક કરઈ છઈ –

અવતરણિકાર્થ :-

એ ચોથી ઢાળમાં ભેદાભેદ દેખાડ્યો=દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ દેખાડ્યો, અને સપ્તભંગીનું સ્થાપન કર્યું. હવે પાંચમી ઢાળમાં નય-પ્રમાણનો વિવેક કરે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ દ્રવ્યગુણપર્યાયનો બોધ કરાવવા અર્થે પ્રસ્તુત ગ્રંથની રચના કરેલ છે. તેમાં પ્રથમ ઢાળમાં દ્રવ્યાનુયોગનું મહત્ત્વ બતાવી દ્રવ્યગુણપર્યાયનો કઈ અપેક્ષાએ ભેદ છે ? તે બીજી ઢાળમાં બતાવ્યું અને દ્રવ્યગુણપર્યાયનો કઈ અપેક્ષાએ અભેદ છે ? તે ત્રીજી ઢાળમાં બતાવ્યું. આમ છતાં પરમાર્થથી તો દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ જ છે, માત્ર ભેદ નથી કે માત્ર અભેદ નથી. તેથી ચોથી ઢાળમાં દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ બતાવ્યો.

વળી, દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ વિચારતાં તેની સાથે સંલગ્ન એવી ભેદાભેદની સપ્તભંગી બતાવવી આવશ્યક છે. તેથી ચોથી ઢાળમાં સપ્તભંગીનું સ્થાપન કર્યું. આ રીતે દ્રવ્યગુણપર્યાયના ભેદાભેદનો સપ્તભંગીથી બોધ કરાવ્યા પછી નય અને પ્રમાણ દ્વારા સર્વ પદાર્થોનો બોધ કરાવનાર જિનશાસન છે. તેથી દ્રવ્યગુણપર્યાયના બોધમાં નય-પ્રમાણનો બોધ પણ ઉપયોગી છે; કેમ કે નયપ્રમાણનો બોધ થાય તો નયની દૃષ્ટિથી અને પ્રમાણની દૃષ્ટિથી પણ દ્રવ્યગુણપર્યાયનો વિચાર થઈ શકે છે. તેથી પાંચમી ઢાળમાં નયપ્રમાણનો વિવેક કરે છે –

ગાથા :-

એક અરથ ત્રયરૂપ છઇં, દેખ્યો ભલઇં પ્રમાણઇં રે;
મુખ્યવૃત્તિ ઉપચારથી, નયવાદી પણિ જાણઇં રે. ॥૫/૧॥
જ્ઞાનદૃષ્ટિં જગ દેખિઇં.

ગાથાર્થ :-

એક અર્થ=કોઈપણ એક પદાર્થ, ત્રણરૂપ છે=દ્રવ્યગુણપર્યાયરૂપ છે, પ્રમાણઇં=પ્રમાણદૃષ્ટિથી, ભલઇં દેખ્યો=યથાર્થ દેખાય છે. નયવાદી પણ=એક નયની દૃષ્ટિથી જોનાર પુરુષ પણ, મુખ્યવૃત્તિ

અને ઉપચારથી જાણે છે=ઘટપટાદિ કોઈ એક અર્થ ત્રણરૂપ જાણે છે. જ્ઞાનદૃષ્ટિ=સ્યાદ્વાદની માર્ગાનુસારી એવી શ્રુતજ્ઞાનરૂપ દૃષ્ટિથી, જગતને જોવું જોઈએ. ।।૫/૧।।

ટબો :-

એક અર્થ ઘટ-પટાદિક, જીવ-અજીવાદિક – ત્રય રૂપ કહતાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છઈ. જે માટિં ઘટાદિક-મૃત્તિકાદિરૂપઈં દ્રવ્ય, ઘટાદિરૂપઈં સજાતીય દ્રવ્યપર્યાય, રૂપ-રસાદ્યાત્મકપણઈં ગુણ. ઈમ જીવાદિકમાં જાણવું. એહવું પ્રમાણઈં-સ્યાદ્વાદ વચનઈં દેખ્યું. જે માટિં-પ્રમાણઈં-સપ્તભંગાત્મકઈં ત્રયરૂપપણું મુખ્યરીતિં જાણિઈં. નયવાદી જે એકાંશવાદી તે પણિ મુખ્યવૃત્તિં અનઈં ઉપચારઈં એક અર્થનઈં વિષઈં ત્રયરૂપપણું જાણઈં. યદ્યપિ નયવાદીનઈં એકાંશવચનઈં શક્તિ એક જ અર્થ કહિઈં, તો પણિ લક્ષણારૂપ ઉપચારઈં બીજા ૨ અર્થ પણિ જાણિઈં. 'એકદા વૃત્તિદ્વય ન હોઈ' એ પણિ તંત નથી. 'गङ्गायां मत्स्यघोषौ' ઈત્યાદિ સ્થાનિં જે માટિ ૨ વૃત્તિ પણિ માની છઈ. ઈહાં પણિ મુખ્ય-અમુખ્યપણઈં અનંત ધર્માત્મક વસ્તુ જણાવવાનઈં પ્રયોજનઈં એક નય શબ્દની ૨ વૃત્તિ માનતાં વિરોધ નથી.

અથવા 'નયાત્મક શાસ્ત્રઈં-ક્રમિકવાક્યદ્વયઈં પણિ એ અર્થ જણાવિઈં.

અથવા 'एकबोधशब्दे एकबोध अर्थः' ઈમ-અનેક ભંગ જાણવા.

ઈમ જ્ઞાનદૃષ્ટિં જગના ભાવ દેખિઈં. ।।૫/૧।।

❖ ટબામાં 'જીવઅજીવાદિ' કહેલ છે તેમાં 'આદિ' પદથી આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષનું ગ્રહણ કરવાનું છે.

ટબાર્થ :-

એક અર્થ=બાહ્ય દેખાતા એવાં ઘટપટાદિક પદાર્થ અને નવતત્ત્વ અંતર્ગત જીવ-અજીવાદિ તત્ત્વ, ત્રયરૂપ કહેતાં=દ્રવ્યગુણપર્યાયરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે, ઘટાદિ અર્થ ત્રયરૂપ કઈ રીતે છે ? તેથી કહે છે –

જે માટે ઘટાદિક-મૃત્તિકાદિરૂપે દ્રવ્ય છે, ઘટાદિરૂપે સજાતીય એવાં દ્રવ્યનો પર્યાય છે અને રૂપરસાત્મકાદિરૂપે ગુણ છે અર્થાત્ ઘટ-માટીરૂપે દ્રવ્ય છે, ઘટરૂપે પર્યાય છે અને રૂપરસાદિરૂપે ગુણ છે. એમ જીવાદિમાં પણ જાણવું. એ પ્રમાણે પ્રમાણથી=સ્યાદ્વાદના વચનથી, દેખ્યું=અમે જોયું.

કેમ સ્યાદ્વાદના વચનથી એક અર્થ=પદાર્થ, ત્રણરૂપે દેખ્યું ? તેથી કહે છે –

જે માટે સપ્તભંગીઆત્મક પ્રમાણથી ત્રયરૂપપણું મુખ્ય રીતે જણાય છે અર્થાત્ ઉપચાર અને મુખ્યવૃત્તિથી નહીં, પરંતુ માત્ર મુખ્યવૃત્તિથી એક અર્થનું=પદાર્થનું, ત્રયરૂપપણું જણાય છે.

નયવાદી જે એકાંશવાદી છે=પદાર્થના અનેક અંશોમાંથી કોઈક એક અંશને કહેનાર છે, તે પણ મુખ્યવૃત્તિ અને ઉપચારથી એક અર્થને=પદાર્થને, વિશે ત્રયરૂપપણે જાણે છે. જો કે, નયવાદીની એકઅંશવચનની શક્તિ એક જ અર્થને કહે છે તોપણ લક્ષણારૂપ ઉપચારથી બીજા બે અર્થ=મુખ્યવૃત્તિથી કહ્યા છે તેનાથી બીજા બે અર્થ, પણ જાણે છે.

અહીં કોઈ કહે કે એકસાથે વૃત્તિદ્વય ન હોય=મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિ બંને વૃત્તિ ન હોય, તે પણ તંત નથી=અર્થવાળું નથી.

કેમ અર્થવાળું નથી ? તેથી કહે છે –

"ગંગામાં મત્સ્ય અને ઘોષ છે" ઈત્યાદિ સ્થાનમાં જે માટે બે વૃત્તિ પણ=મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિ પણ, માની છે. અહીં પણ=નયવાદીના વચનમાં પણ, મુખ્ય અને અમુખ્યપણે અનંતધર્માત્મક વસ્તુ જણાવવાના પ્રયોજનથી એક નયના વચનથી શબ્દની બે વૃત્તિ માનતાં=મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિ-બંને વૃત્તિ માનતાં, વિરોધ નથી.

અથવા નયાત્મક શાસ્ત્રમાં ક્રમિકવાક્યદ્વય પણ એ અર્થ જણાવે છે અર્થાત્ દ્રવ્યગુણપર્યાયને ક્રમિકવાક્યદ્વયથી જણાવે છે. અર્થાત્ પ્રથમ વાક્યથી દ્રવ્યરૂપે જણાવે તો, બીજા વાક્યથી ગુણપર્યાયરૂપે જણાવે છે.

અથવા એક બોધ શબ્દમાં છે અને એક બોધ અર્થમાં છે, એમ અનેક ભંગ જાણવા અર્થાત્ પ્રથમ અર્થ મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી બતાવ્યો, 'અથવા'થી બીજો અર્થ ક્રમિકવાક્યદ્વયરૂપે બતાવ્યો અને 'અથવા'થી ત્રીજો અર્થ 'એક બોધ શબ્દથી અને એક બોધ અર્થથી' એ રીતે અનેક વિકલ્પ જાણવા.

આ પ્રમાણે જ્ઞાનદૃષ્ટિથી=નય અને પ્રમાણરૂપ જ્ઞાનદૃષ્ટિથી જગતના ભાવ જોવા જોઈએ. ॥૫/૧॥

ભાવાર્થ :-

જગતમાં ચક્ષુથી દેખાતા ઘટપટાદિ અર્થો છે અર્થાત્ ઘટપટાદિ પદાર્થો છે અને શ્રુતચક્ષુથી દેખાતાં જીવઅજીવાદિ સાત તત્ત્વો છે. તેમાંથી કોઈપણ એક પદાર્થને ગ્રહણ કરીને વિચારવામાં આવે તો પ્રમાણદૃષ્ટિથી તે પદાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ છે; કેમ કે પ્રમાણદૃષ્ટિ તે પદાર્થને પૂર્ણ સ્વરૂપે જુએ છે અને પૂર્ણ સ્વરૂપે ઘટાદિ કોઈ એક પદાર્થને જોવા માટે પ્રયત્ન કરવામાં આવે તો તે પદાર્થ દ્રવ્યરૂપ, ગુણરૂપ અને પર્યાયરૂપ જણાય છે. જેમ ચક્ષુ સામે પડેલો ઘટ હોય અને સ્યાદ્વાદથી પક્વ બુદ્ધિવાળો પુરુષ તેને જુએ તો તે ચક્ષુથી દેખાતો ઘટ તેને માટી દ્રવ્યરૂપે જણાય છે, તે માટી દ્રવ્યનો ઘટપર્યાય દેખાય છે અને તે દેખાતા ઘટપદાર્થમાં માટીદ્રવ્યના રૂપરસાદિ ગુણ પણ દેખાય છે. તેથી સ્થૂલદૃષ્ટિથી "આ ઘટ છે" તેમ કહેવામાં આવે છે, પરંતુ સ્યાદ્વાદના વચનથી તે ઘટપદાર્થને જોવામાં આવે તો તે દ્રવ્યરૂપ, પર્યાયરૂપ અને ગુણરૂપ દેખાય છે. એ રીતે કોઈ સંસારી જીવને જોવામાં આવે તો સંસારી જીવ આત્મરૂપે દ્રવ્ય છે, શરીરાદિ તેના પર્યાય છે અને જ્ઞાનવીર્યાદિ તેના ગુણ છે.

વળી, પૂર્વમાં જેમ ઘટમાં દ્રવ્યગુણપર્યાયનું યોજન બતાવ્યું. તેમ કર્મ આદિ અને અજીવ પદાર્થોમાં પણ દ્રવ્યગુણપર્યાયનું યોજન કરવું.

વળી, આસ્રવરૂપ એક અર્થને=પદાર્થને, ગ્રહણ કરીને વિચારીએ તો આસ્રવ એ કર્મના આગમનને અનુકૂળ એવો જીવનો પરિણામ છે. માટે તે જીવદ્રવ્યનો પર્યાય છે, દ્રવ્યરૂપે જીવ ભાસે છે અને તે જીવદ્રવ્યના જ્ઞાનવીર્યાદિ ગુણો દેખાય છે. તેથી પ્રમાણદૃષ્ટિથી જીવદ્રવ્ય, જીવદ્રવ્યનો આસ્રવપર્યાય અને તે જીવદ્રવ્યના જ્ઞાનવીર્યાદિ ગુણો છે તે સ્વરૂપે આસ્રવ પદાર્થ દેખાય છે.

વળી, સંવરરૂપ એક અર્થને=પદાર્થને, ગ્રહણ કરીને વિચારીએ તો, સંવર એ કર્મના આગમનના રોધને અનુકૂળ એવો જીવનો પરિણામ છે. માટે તે જીવદ્રવ્યનો પર્યાય છે, દ્રવ્યરૂપે જીવ ભાસે છે અને જીવદ્રવ્યના જ્ઞાનવીર્યાદિ ગુણો દેખાય છે. તેથી પ્રમાણદૃષ્ટિથી જીવદ્રવ્ય, જીવદ્રવ્યનો સંવરપર્યાય અને તે જીવદ્રવ્યના જ્ઞાનવીર્યાદિ ગુણો છે તે સ્વરૂપે સંવર પદાર્થ દેખાય છે.

વળી, બંધ એ જીવ અને કર્મ એ બેના સંબંધરૂપ પર્યાય છે અને પ્રમાણદૃષ્ટિથી તેને જોવામાં આવે ત્યારે બંધ એ જીવ અને કર્મ એ બન્નેમાં મિશ્રદ્રવ્યનો પર્યાય દેખાય છે. તેથી પ્રમાણદૃષ્ટિથી બંધપર્યાયના દર્શનકાળમાં જીવદ્રવ્ય કર્મદ્રવ્ય સાથે મિશ્ર થયેલું એક દ્રવ્ય દેખાય છે અને જીવદ્રવ્યના જ્ઞાનવીર્યાદિ ગુણો તથા કર્મદ્રવ્યના રૂપરસાદિ ગુણો તે મિશ્રદ્રવ્યના ગુણો દેખાય છે.

વળી, નિર્જરા એ નિર્જરાને અનુકૂળ એવાં જીવના અધ્યવસાયથી આત્માથી છૂટા પડાયેલા કર્મની અવસ્થા છે. તેથી આત્માથી છૂટા પડેલા કર્મનો અને જીવનો નિર્જરાપર્યાય છે. તેથી આત્મદ્રવ્ય અને કર્મદ્રવ્ય બે દ્રવ્યોરૂપે જણાય છે, કર્મદ્રવ્યોનો નિર્જરાપર્યાય, આત્મદ્રવ્યનો નિર્જરાપર્યાય અને આત્મદ્રવ્યનો નિર્જરાને અનુકૂળ એવો અધ્યવસાયપર્યાય જણાય છે, આત્માના જ્ઞાનાદિ ગુણો અને નિર્જરા કરાયેલાં કર્મોના રૂપાદિ ગુણો દેખાય છે. આ સર્વની ઉપસ્થિતિ પ્રમાણદૃષ્ટિથી મુખ્યરૂપે કરવામાં આવે ત્યારે તે નિર્જરા એ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે બોધનો વિષય બને છે.

વળી, મોક્ષ એ સંપૂર્ણ કર્મક્ષયરૂપ છે=સંપૂર્ણ કર્મક્ષય થવાથી પ્રગટ થતી જીવની અવસ્થા એ મોક્ષ છે. તેથી મોક્ષ એ જીવનો પર્યાય છે અને તે મોક્ષપર્યાયનો આધાર જીવદ્રવ્ય છે અને મુક્તાવસ્થામાં વર્તતા જ્ઞાનાદિ ગુણો છે. તેથી જીવદ્રવ્ય, તેના જ્ઞાનાદિગુણો અને તેનો મોક્ષપર્યાય તે ત્રણેની મુખ્યરૂપે ઉપસ્થિતિ કરવામાં આવે ત્યારે મોક્ષરૂપ એક અર્થ=પદાર્થ, ત્રણરૂપે જણાય છે.

અહીં ટબામાં કહ્યું કે, સપ્તભંગીઆત્મક પ્રમાણથી દ્રવ્યગુણપર્યાય ત્રયરૂપપણું મુખ્ય રીતે જણાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્યગુણપર્યાયરૂપ પૂર્ણ પદાર્થને પ્રમાણદૃષ્ટિથી જોવામાં આવે ત્યારે દ્રવ્યગુણપર્યાય ત્રણે મુખ્યરૂપે જણાય છે અને તે પ્રમાણવચન જેમ ત્રણેને મુખ્ય જણાવે છે તેમ તે દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ અને અભેદ કરીને સાત ભાંગા કરીને પણ જણાવે છે. તેથી તે પ્રમાણવચન સપ્તભંગીઆત્મક પણ છે અને મુખ્યરૂપે દ્રવ્યગુણપર્યાયનો બોધ કરાવનાર પણ છે, પરંતુ નયદૃષ્ટિની જેમ તે દ્રવ્યગુણપર્યાયમાંથી એકને મુખ્યરૂપે અને અન્ય બેને ઉપચારથી=ગૌણરૂપે, જણાવતું નથી.

વળી, નયવાદી એકાંશવાદી છે, પરંતુ એકાંતવાદી નથી; કેમ કે એકાંતવાદી એ દુર્નયવાદી છે જ્યારે સ્યાદ્વાદને જાણનાર પણ કોઈક પ્રયોજનથી એક જ અંશને કહેનારા તાત્પર્યને કહે ત્યારે તે નયવાદી કહેવાય છે. તેથી નયવાદી પણ કોઈ ઘટપટાદિ અર્થ કે જીવઅજીવાદિ અર્થને ત્રયરૂપે=દ્રવ્યગુણપર્યાયરૂપે, જાણે છે. આમ છતાં જે નયની દૃષ્ટિથી તે બોલે છે, તે નયની દૃષ્ટિથી ત્રણમાંથી જે નયનું કથન છે તે પ્રધાન બને છે. અને અન્ય બે ગૌણ બને છે. જેમ ઘટરૂપ પદાર્થને જોવા માટે દ્રવ્યનયની દૃષ્ટિ, ગુણનયની દૃષ્ટિ અને પર્યાયનયની દૃષ્ટિ પ્રવર્તે છે અને પ્રયોજન અનુસાર સ્યાદ્વાદી પર્યાયનયની દૃષ્ટિથી 'આ ઘટ છે' એમ કહે છે ત્યારે ઘટપર્યાયનો બોધ મુખ્યવૃત્તિથી થાય છે અને માટીદ્રવ્ય અને રૂપાદિ ગુણોનો બોધ ગૌણવૃત્તિથી અર્થાત્ ઉપચારવૃત્તિથી થાય છે; કેમ કે 'अर्पितानर्पितसिद्धेः'એ પ્રકારના કથન અનુસાર પર્યાયનયની અર્પણા કરવાથી દ્રવ્ય અને ગુણને જોનારી નયદૃષ્ટિના અનર્પિતની સિદ્ધિ છે. તેથી 'આ ઘટ છે' એ પ્રકારના ઘટપર્યાયને જોનારી દૃષ્ટિથી બોલનારના વચનથી ઘટપર્યાયની મુખ્યરૂપે ઉપસ્થિતિ થાય છે અને મૃદ્દ્રવ્ય અને રૂપાદિ ગુણોની ઉપચારથી ઉપસ્થિતિ થાય છે.

જો કે નયવાદીની એક અંશના વચનની શક્તિ એક જ અર્થને કહે છે તોપણ લક્ષણારૂપ ઉપચારથી બીજા બે અર્થ પણ જણાય છે. તેથી નયવાદી પર્યાયાસ્તિક નયથી "આ ઘટ છે" એમ કહે ત્યારે દ્રવ્ય અને ગુણ બે અર્થો પણ જણાય છે.

અહીં પ્રશ્ન થાય કે, એક વખતે વૃત્તિદ્વય ન હોય અર્થાત્ 'આ ઘટ છે' એમ કોઈ કહે તો ઘટ અર્થની શક્તિથી ઘટપર્યાયની ઉપસ્થિતિ થઈ શકે પરંતુ લક્ષણારૂપ ઉપચાર દ્વારા બીજા બે અર્થ જણાય નહીં એમ કોઈ કહે છે એને ગ્રંથકારશ્રી કહે છે – 'એ પણ તંત નથી'=એ વચન પણ સારવાળું નથી.

એ વચન સારવાળું કેમ નથી ? તેથી અનુભવને અનુરૂપ દૃષ્ટાંત બતાવે છે –

ગંગામાં મત્સ્ય અને ઘોષ છે-એ પ્રકારના પ્રામાણિક શિષ્ટ પુરુષના વ્યવહારના સ્થાનમાં બે વૃત્તિ પણ સ્વીકારાયી છે.

આશય એ છે કે 'ગંગામાં મત્સ્ય અને ઘોષ છે' એમ કહેવામાં આવે ત્યારે 'ગંગા' પદનો અર્થ 'પાણીનો પ્રવાહ' મુખ્યવૃત્તિથી કરીને 'ગંગામાં મત્સ્ય છે' તેની સંગતિ કરાય છે અને 'ગંગામાં ઘોષ છે' તે અર્થની સંગતિ કરવા માટે 'ગંગા' પદનો અર્થ 'પાણીના પ્રવાહ સાથે સંકળાયેલું ગંગાનું તીર' ગ્રહણ કરવામાં આવે છે, જ્યાં 'ગંગા' શબ્દનો અર્થ લક્ષણાથી તીરરૂપે ઉપસ્થિત થાય છે અને 'તે ગંગાના તીરમાં ઘોષ છે' તેમ સંગતિ કરવામાં આવે છે. તેથી જેમ 'ગંગામાં મત્સ્ય અને ઘોષ છે' એ પ્રકારના વચનમાં 'ગંગા' શબ્દનો અર્થ મુખ્યવૃત્તિથી અને લક્ષણારૂપ ઉપચારવૃત્તિથી ગ્રહણ થાય છે, તેમ સ્યાદ્વાદીના વચનથી બોલાયેલ નયવાદમાં પણ મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિ દ્વારા પૂર્ણ અર્થનો બોધ થાય છે, ફક્ત પ્રમાણદૃષ્ટિથી પૂર્ણ અર્થનો બોધ ઉપચારના પરિહારપૂર્વક મુખ્યવૃત્તિથી જ થાય છે અને નયવાદના વચનથી મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિથી પૂર્ણ અર્થનો બોધ થાય છે.

પૂર્વમાં 'ગંગામાં મત્સ્ય અને ઘોષ છે' એ અનુભવસિદ્ધ દૃષ્ટાંતથી 'ગંગા'નો અર્થ એક જ પ્રયોગમાં મુખ્યવૃત્તિથી અને ઉપચારવૃત્તિથી કઈ રીતે સ્વીકારાય છે તે બતાવ્યું. તેથી હવે કહે છે કે અહીં પણ=નયવાદીના વચનમાં પણ, મુખ્ય અને અમુખ્યપણાથી=મુખ્ય અને ઉપચારપણાથી, અનંતધર્માત્મક વસ્તુ જણાવવાના પ્રયોજનથી એક 'નય' શબ્દની બે વૃત્તિ માનવામાં વિરોધ નથી=મુખ્યવૃત્તિ અને ઉપચારવૃત્તિ, એ વૃત્તિ માનવામાં વિરોધ નથી.

જો કે અહીં પ્રમાણદૃષ્ટિથી અને નયદૃષ્ટિથી એક અર્થને દ્રવ્યગુણપર્યાયરૂપ બતાવે છે. તેથી વસ્તુ ત્રણસ્વરૂપ છે એવો જ બોધ થાય છે. 'અનંત ધર્માત્મક વસ્તુ છે' તેવું સ્થૂલથી જણાતું નથી, પરંતુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો તે દ્રવ્યગુણપર્યાયની ઉપસ્થિતિથી 'અનંત ધર્માત્મક વસ્તુ છે' તેવી ઉપસ્થિતિ થાય છે; કેમ કે તે દ્રવ્ય, તે ગુણ અને તે પર્યાય એ ત્રણેયની ભેદાભેદાત્મક વિચારણા કરવામાં આવે ત્યારે એ દ્રવ્યરૂપ વસ્તુ માત્ર એક ગુણરૂપ નથી, પરંતુ અનંત ગુણરૂપ છે. માટે તે વસ્તુમાં રહેલા અનંત ધર્મોની ઉપસ્થિતિ થાય છે, ફક્ત પ્રમાણદૃષ્ટિથી તે અનંત ધર્મો મુખ્યરૂપે ભાસે છે અને નયદૃષ્ટિથી કોઈ એક ધર્મ મુખ્ય જણાય છે, અન્ય સર્વ અમુખ્યરૂપે જણાય છે.

અથવા

નયાત્મક શાસ્ત્રમાં ક્રમિકવાક્યદ્વય પણ એ અર્થને જણાવે છે. જેમ કોઈ સ્યાદ્વાદી પુરુષ દ્રવ્યગુણપર્યાયાત્મક એવાં ઘટરૂપ અર્થને દ્રવ્યાર્થિકનયથી કહે ત્યારે પ્રથમ મૃદ્રૂપદ્રવ્યની ઉપસ્થિતિ થાય છે અને ત્યારપછી પર્યાયાર્થિકનયથી કહે ત્યારે મૃદ્દ્રવ્યમાં વર્તતા ઘટપર્યાય અને રૂપાદિ ગુણોની ઉપસ્થિતિ થાય છે. તેથી નયાત્મક શાસ્ત્ર દ્વારા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ ક્રમિક વાક્યદ્વયને ગ્રહણ કરીને શ્રોતાને બોધ કરાવવામાં આવે ત્યારે શ્રોતાને દ્રવ્યગુણપર્યાયરૂપ ત્રયાત્મક વસ્તુનો બોધ થાય છે.

અથવા

'એક બોધ શબ્દમાં અને એક બોધ અર્થમાં' એમ કહેવાથી પણ દ્રવ્યગુણપર્યાયરૂપ પદાર્થની ઉપસ્થિતિ નયાત્મક વચનથી થાય છે.

આશય એ છે કે, કોઈ સ્યાદ્વાદી વક્તા દ્રવ્યાર્થિકનયથી એક વસ્તુનું કથન કરે ત્યારે જે શબ્દથી કથન કર્યું હોય તે શબ્દથી તે અર્થનો બોધ થાય છે, તે એક બોધ શબ્દમાં છે=તે શબ્દથી વાચ્ય અર્થમાં છે અને બીજો એક બોધ શબ્દથી વાચ્ય અર્થમાં નથી, પરંતુ અર્થથી પ્રાપ્ત અર્થમાં છે. જેમ કોઈ પુરુષને કહેવામાં આવે કે, 'દ્રવ્યાર્થિકનયથી તારો આત્મા નિત્ય છે' ત્યારે શબ્દથી તેની નિત્યતાનો બોધ થાય છે અને અર્થથી પર્યાયાર્થિકનયથી તેની અનિત્યતાનો બોધ થાય છે. તે રીતે દ્રવ્યગુણપર્યાય-ત્રયાત્મક વસ્તુમાંથી જેનો શબ્દથી બોધ કરાવવામાં આવે તે નયવચનથી એક બોધ શબ્દથી થાય છે અને જે અન્ય બેનું શબ્દથી કથન કર્યું નથી તેનો બોધ અર્થથી થાય છે. તેથી નયદૃષ્ટિથી પણ શબ્દથી અને અર્થથી દ્રવ્યગુણપર્યાયનો બોધ થાય છે.

એમ અનેક ભંગ જાણવા=નયદૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો બોધ કઈ રીતે થાય ? તેમ પૂર્વમાં ત્રણ

ભાંગાથી બતાવ્યું. (૧) એક મુખ્યવૃત્તિ અને અન્ય લક્ષણારૂપ ઉપચારથી દ્રવ્યગુણપર્યાયનો બોધ થાય છે એમ બતાવ્યું. (૨) ક્રમિકવાક્યદ્વયથી પણ નયાત્મક વચનથી દ્રવ્યગુણપર્યાયનો બોધ થાય છે. (૩) એક બોધ શબ્દમાં અને એક બોધ અર્થમાં એ રીતે પણ નય દ્વારા દ્રવ્યગુણપર્યાયનો અર્થ થાય છે. એમ અનેક વિકલ્પો નયાત્મક દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયના બોધવિષયક જાણવા.

આ પ્રમાણે=ગાથામાં પ્રમાણદૃષ્ટિ અને નયદૃષ્ટિ બતાવી એ પ્રમાણે, જ્ઞાનદૃષ્ટિથી જગતના ભાવોને= જગતના સર્વભાવોને, જોવા જોઈએ. જેથી જિનવચનાનુસાર જગતના પદાર્થોની વ્યવસ્થાનો સમ્યક્ બોધ થાય. **॥૫/૧॥**

અવતરણિકા :-

કહિઓ અર્થ તેહ જ સ્પષ્ટપણઇં જણાવઇં છઇં –

અવતરણિકાર્થ :-

કહિયો અર્થ=પૂર્વ ગાથામાં કહેલો અર્થ, તેને જ સ્પષ્ટપણે જણાવે છે –

ભાવાર્થ :-

પ્રથમ ગાથામાં કહ્યું કે, પ્રમાણથી મુખ્યવૃત્તિએ એક અર્થ દ્રવ્યગુણપર્યાયરૂપે જણાય છે અને નયથી મુખ્યવૃત્તિ અને ઉપચાર દ્વારા એક અર્થ દ્રવ્યગુણપર્યાયરૂપે જણાય છે, તે કહેલો અર્થ મુખ્યવૃત્તિથી અને ઉપચારથી કઈ રીતે જણાય છે ? તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

મુખ્ય વૃત્તિ દ્રવ્યારથો, તાસ અભેદ વખાણઇં રે;
ભેદ પરસ્પર એહનો, તે ઉપચારઇં જાણઇં રે. ગ્યાન૦ ॥૫/૨॥

ગાથાર્થ :-

મુખ્યવૃત્તિ='શબ્દની શક્તિ' એ શબ્દનો અર્થ છે તેમ સ્વીકારનાર મુખ્યવૃત્તિ, દ્રવ્યાર્થ નય તેના=દ્રવ્યગુણપર્યાયના, અભેદને વખાણે છે=અભેદને કહે છે. એહનો=દ્રવ્યગુણપર્યાયનો, પરસ્પર ભેદ, તે ઉપચારથી જણાય છે=લક્ષણથી જણાય છે. ॥૫/૨॥

ટબો :-

મુખ્ય વૃત્તિ કહતાં શક્તિ શબ્દાર્થ કહતો, જે દ્રવ્યાર્થનય, તે. તાસ કહતાં-દ્રવ્ય, ગુણ, પર્યાયનઇં અભેદ વખાણઇં; જે માટઇં ગુણપર્યાયાભિન્ન મૃદ્દ્રવ્યાદિકનઇં વિષયઇં ઘટાદિપદની શક્તિ છઇ. એહનો પરસ્પર કહતાં-માંહોમાહિં, ભેદ છઇ, તે ઉપચાર કહિતાં-લક્ષણાઇં જાણઇ; જે માટિં-દ્રવ્યભિન્નકંબુગ્રીવાદિપર્યાયનઇં વિષઇં તે ઘટાદિપદની

લક્ષણા માનઈં. મુખ્યાર્થ બાધઈં, મુખ્યાર્થ સંબંધઈં તથાવિધવ્યવહારપ્રયોજન અનુસરી, તિહાં-લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી. ॥૫/૨॥

ટબાર્થ :-

મુખ્યવૃત્તિ કહેતાં શક્તિને શબ્દાર્થ કહેતો=જે શક્તિ હોય તે શક્તિને શબ્દનો અર્થ કહેતો, જે દ્રવ્યાર્થિકનય, તે તેના=દ્રવ્યગુણપર્યાયના, અભેદને વખાણે છે.

દ્રવ્યાર્થિકનય દ્રવ્યગુણપર્યાયના અભેદને કેમ કહે છે ? તેથી કહે છે –

જે માટે ગુણપર્યાયથી અભિન્ન=રૂપરસાદિ ગુણ અને કંબુગ્રીવાદિ પર્યાયથી અભિન્ન, એવી મૃદ્ દ્રવ્યાદિના વિષયમાં ઘટાદિ પદની શક્તિ છે. એહનો=દ્રવ્યગુણપર્યાયનો, પરસ્પર=માંહોમાંહિ, ભેદ છે, તે=તે ભેદ, ઉપચારથી કહેતાં લક્ષણાથી, જણાય છે.

દ્રવ્યગુણપર્યાયનો પરસ્પર ભેદ ઉપચારથી કેમ જણાય છે? તે સ્પષ્ટ કરે છે –

જે માટે દ્રવ્યથી ભિન્ન=મૃદ્દ્રવ્યથી ભિન્ન, એવાં કંબુગ્રીવાદિ પર્યાયના વિષયમાં તે=દ્રવ્યાર્થિકનય, ઘટાદિપદની લક્ષણા માને છે.

કેમ ઘટાદિપદની લક્ષણા માને છે ? તેથી કહે છે –

મુખ્યાર્થના બાધમાં=દ્રવ્યાર્થિકનયથી વાચ્ય જે મુખ્ય દ્રવ્ય, તેના અર્થના બાધમાં અર્થાત્ પર્યાયમાં તે અર્થનો બાધ છે માટે, મુખ્યાર્થ સંબંધમાં=મુખ્ય એવાં દ્રવ્ય સાથે સંબંધવાળા એવાં પર્યાયમાં, તેવા પ્રકારના વ્યવહારના પ્રયોજનને અનુસરીને=ઘટપદથી કંબુગ્રીવાદિ પર્યાયને કહેવાના વ્યવહારના પ્રયોજનને અનુસરીને, ત્યાં=કંબુગ્રીવાદિ પર્યાયમાં, લક્ષણાની પ્રવૃત્તિ દુર્ઘટ નથી=ઘટપદથી કંબુગ્રીવાદિ પર્યાયની લક્ષણાથી ઉપસ્થિતિ થઈ શકે છે. ॥૫/૨॥

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં કહ્યું કે, કોઈપણ એક પદાર્થને જોવામાં આવે ત્યારે તે પદાર્થ દ્રવ્યગુણપર્યાયરૂપ જ ભાસે છે. વળી, પ્રમાણની દૃષ્ટિ તે ત્રણેને મુખ્યવૃત્તિથી જાણે છે અને નયદૃષ્ટિ તે ત્રણમાંથી એકને મુખ્યવૃત્તિથી જાણે છે અને અન્ય બેને ઉપચારથી જાણે છે. તેથી દ્રવ્યાર્થિકનય દ્રવ્યગુણપર્યાયને મુખ્યવૃત્તિથી કઈ રીતે જાણે છે ? અને ઉપચારવૃત્તિથી કઈ રીતે જાણે છે ? તે હવે બતાવે છે –

દ્રવ્યાર્થિકનય દ્રવ્યગુણપર્યાયને અભેદરૂપે દેખાડે છે. તેથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ઘટ શબ્દથી માટી દ્રવ્ય, કંબુગ્રીવાદિ પર્યાય અને રૂપાદિ ગુણો – ત્રણે અભિન્ન રીતે જણાય છે. અને ઘટપદની શક્તિ ગુણપર્યાયથી અભિન્ન મૃદ્દ્રવ્યમાં છે; કેમ કે, દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી 'ઘટ'પદથી વાચ્ય માત્ર ઘટ નથી, પરંતુ ગુણપર્યાયથી અભિન્ન એવું માટીદ્રવ્ય છે.

વળી, દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યગુણપર્યાયને ભિન્ન બતાવવા હોય તો મુખ્યવૃત્તિથી બતાવી શકાય નહીં; કેમ કે દ્રવ્યાર્થિકનયથી ઘટપદની શક્તિ ગુણપર્યાયથી અભિન્ન એવાં મૃદ્દ્રવ્યમાં છે, પરંતુ મૃદ્દ્રવ્યથી ભિન્ન

કંબુગ્રીવાદિ પર્યાયમાં નથી. આમ છતાં જ્યારે ઘટપદથી કંબુગ્રીવાદિને ઉપસ્થિત કરવા હોય તો લક્ષણાથી કરી શકાય. જેમ, गंगायां घोषः । એ પ્રકારના પ્રયોગમાં 'ગંગા' પદથી 'ગંગાનો પ્રવાહ' ઉપસ્થિત થાય છે, પરંતુ 'ગંગા' પદથી 'ગંગાનું તીર' ઉપસ્થિત થતું નથી. આમ છતાં 'આ ઘોષ શીતલ છે અને પાવન છે' એ પ્રકારનો બોધ કરાવવા અર્થે 'गंगायां घोषः ।' એ પ્રકારનો પ્રયોગ થાય છે અને તે સ્થાનમાં કરાયેલા 'गंगायां घोषः ।' એ પ્રકારના વચનથી વિવેકીને 'ગંગાના કિનારામાં ઘોષ છે અને ગંગાના કિનારામાં હોવાથી તે ઘોષ શીતલ અને પાવન છે' એ પ્રકારનો અર્થ ઉપસ્થિત થાય છે. માટે તેવા સ્થાનમાં લક્ષણાની પ્રવૃત્તિ દુર્ઘટ નથી.

તેમ, દ્રવ્યાર્થિકનયથી ઘટપદ દ્વારા ગુણપર્યાયથી અભિન્ન એવાં મૃદ્દ્રવ્યની ઉપસ્થિતિ હોવા છતાં કંબુગ્રીવાદિ પર્યાયની ઉપસ્થિતિ કરાવવાનું પ્રયોજન હોય ત્યારે તેવા પ્રકારના પ્રયોજનને અનુસારે લક્ષણાની પ્રવૃત્તિથી કંબુગ્રીવાદિ પર્યાયની પણ વિવેકીને ઉપસ્થિતિ થાય છે.

જેમ કોઈ વ્યક્તિને 'ઘટ પદથી વાચ્ય દ્રવ્યાર્થિકનયથી ગુણપર્યાયથી અભિન્ન મૃદ્દ્રવ્ય છે' તેવો સામાન્ય બોધ હોવા છતાં 'ગમે તે મૃદ્દ્રવ્ય ઘટપદથી વાચ્ય નથી, પરંતુ કંબુગ્રીવાદિ પર્યાયવાળું મૃદ્દ્રવ્ય જ ઘટપદથી વાચ્ય છે' તેવો સ્પષ્ટ બોધ ન હોય તે વખતે મૃદ્દ્રવ્યથી ભિન્ન કંબુગ્રીવાદિ પર્યાયને ઘટપદથી ઉપસ્થિત કરાવવું હોય તો દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી કહેનાર પુરુષ પણ લક્ષણા દ્વારા દ્રવ્યથી ભિન્ન એવાં કંબુગ્રીવાદિ પર્યાયનું કથન કરે તો અસંગત થાય નહીં. **॥૫/૨॥**

અવતરણિકા :-

પૂર્વની ગાથામાં દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યગુણપર્યાયનો મુખ્યવૃત્તિથી અભેદ છે અને ઉપચારથી ભેદ છે તેમ બતાવ્યું. હવે પર્યાયાર્થિકનયથી દ્રવ્યગુણપર્યાયનો મુખ્યવૃત્તિથી ભેદ છે અને ઉપચારથી અભેદ છે તેમ બતાવે છે –

ગાથા :-

મુખ્યવૃત્તિ સવિ લેખવઇં, પર્યાયારથ ભેદઇં રે;
ઉપચારઇં અનુભવબલઇં, માનઇં તેહ અભેદઇં રે. જ્ઞાન૦ ॥૫/૩॥

ગાથાર્થ :-

મુખ્યવૃત્તિથી સર્વ=દ્રવ્યગુણપર્યાય, પર્યાયાર્થિકનય ભેદઇં=ભેદથી, લેખવે=કહે. વળી, અનુભવના બળથી તેહ=તેને=દ્રવ્યગુણપર્યાયને, ઉપચારથી અભેદ માને. ॥૫/૩॥

ટબો :-

ઈમ-પર્યાયાર્થનય મુખ્યવૃત્તિથકો સર્વ-દ્રવ્ય, ગુણ, પર્યાય-ભેદઇં લેખવઇં, જે માટઇં એ નયનઇં મતઇં મૃદાદિપદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ, ઘટાદિપદનો કંબુગ્રીવાદિ

પર્યાય ૪. તથા ઉપચારઈં-લક્ષણાઈં કરી અનુભવનઈં બલઈં તે અભેદઈં માનઈં. 'ઘટાદિ મૃદ્દ્રવ્યાદ્યભિન્ન ૪ છઈ.' એ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિદ્રવ્યનઈં વિષઈં લક્ષણા માનિઈં; એ પરમાર્થ. ।।૫/૩।।

ટબાર્થ :-

એમ=જેમ દ્રવ્યાર્થિકનય માને છે તે પૂર્વમાં બતાવ્યું એમ, પર્યાયાર્થિકનય મુખ્યવૃત્તિથી સર્વ= દ્રવ્યગુણપર્યાય સર્વ, ભેદથી લેખે છે=કહે છે.

ભેદથી કેમ કહે છે ? તેથી કહે છે –

જે માટે એ નયના મતે=પર્યાયાર્થિકનયના મતે, મૃદાદિ પદનો દ્રવ્ય જ અર્થ છે, રૂપાદિ પદનો ગુણ જ અર્થ છે અને ઘટાદિ પદનો કબુંગ્રીવાદિ પર્યાય જ અર્થ છે. તથા=અને, ઉપચારથી=લક્ષણાએ કરી, અનુભવના બળે=પર્યાયાર્થિકનય લોકઅનુભવના બળે, તે અભેદ માને=દ્રવ્યગુણપર્યાયનો અભેદ માને. તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે.

'ઘટાદિ મૃદ્દ્રવ્યાદિ અભિન્ન જ છે' એ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિ દ્રવ્યના વિષે લક્ષણાથી માને છે અર્થાત્ મુખ્યવૃત્તિથી ઘટાદિ પદની શક્તિ કંબુગ્રીવાદિ પર્યાયમાં છે એમ માને છે અને લક્ષણાથી ઘટાદિ પદથી વાચ્ય મૃદ્દ્રવ્યથી અભિન્ન એવાં કંબુગ્રીવાદિ પર્યાયને માને છે એ પરમાર્થ છે= પર્યાયાર્થિકનયનું એ તાત્પર્ય છે. ।।૫/૩।।

ભાવાર્થ :-

પર્યાયાર્થિકનય દ્રવ્યગુણપર્યાયનો ભેદ માને છે. તેથી પર્યાયાર્થિકનયના મતે મૃદાદિ પદથી વાચ્ય દ્રવ્ય થાય છે, રૂપાદિ પદથી વાચ્ય ગુણ થાય છે અને ઘટાદિ પદથી મૃદાદિ દ્રવ્યમાં વર્તતો કંબુગ્રીવાદિ પર્યાય થાય છે. તેથી પર્યાયાર્થિકનયથી પદાર્થને જોવા માટે પ્રયત્ન કરાય ત્યારે ઘટપદથી કંબુગ્રીવાદિ પર્યાયની જ ઉપસ્થિતિ થાય, પરંતુ જેમ દ્રવ્યાર્થિકનયથી ઘટ પદથી કંબુગ્રીવાદિ પર્યાયથી અભિન્ન એવાં મૃદ્દ્રવ્યની ઉપસ્થિતિ થાય છે તેમ કંબુગ્રીવાદિ પર્યાયથી અભિન્ન એવાં મૃદ્દ્રવ્યની ઉપસ્થિતિ પર્યાયાર્થિકનયની મુખ્યવૃત્તિથી થાય નહીં. તેથી પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી ઘટપદથી કંબુગ્રીવાદિથી અભિન્ન એવાં મૃદ્દ્રવ્યની ઉપસ્થિતિ લોકઅનુભવના બળથી કરવી હોય ત્યારે પર્યાયાર્થિકનય લક્ષણાથી અભેદ માને છે=કંબુગ્રીવાદિ પર્યાયની સાથે મૃદ્દ્રવ્યનો અભેદ માને છે. તેથી જેમ 'गंगायां घोषः ।'માં 'ગંગા' પદથી 'ગંગાના પ્રવાહ'ને બદલે લક્ષણા દ્વારા 'ગંગાનું તીર' ઉપસ્થિત થાય છે, તેમ પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી ઘટપદથી મૃદ્દ્રવ્યથી ભિન્ન એવાં કંબુગ્રીવાદિ પર્યાયની ઉપસ્થિતિ થવાને બદલે કંબુગ્રીવાદિ પર્યાયની સાથે સંબંધિત એવાં મૃદ્દ્રવ્યની ઉપસ્થિતિ લક્ષણાથી થાય છે. આથી ઘટપદથી મૃદ્દ્રવ્યથી અભિન્ન એવાં કંબુગ્રીવાદિની ઉપસ્થિતિ કરીને લોકઅનુભવને પર્યાયાર્થિકનય સંગત કરે છે અર્થાત્ લોકને અનુભવ છે કે ઘટ અને પટ જેમ જુદા છે તેમ કંબુગ્રીવાદિથી મૃદ્દ્રવ્ય જુદું નથી, પરંતુ કંબુગ્રીવાદિસ્વરૂપ જ મૃદ્દ્રવ્ય છે તે પ્રકારના લોકઅનુભવની સંગતિ પર્યાયાર્થિકનય કરે છે. **।।૫/૩।।**

અવતરણિકા :-

ગાથા-૨માં દ્રવ્યાર્થિકનય દ્રવ્યગુણપર્યાયનો અભેદ કઈ રીતે માને છે અને ભેદ કઈ રીતે માને છે તે બતાવ્યું અને ગાથા-૩માં પર્યાયાર્થિકનય દ્રવ્યગુણપર્યાયનો ભેદ કઈ રીતે માને છે અને અભેદ કઈ રીતે માને છે તે બતાવ્યું. તેથી પ્રશ્ન થાય કે એક નય ભેદ અને અભેદ બેય કઈ રીતે સ્વીકારી શકે ? તેના સમાધાન અર્થે કહે છે –

ગાથા :-

દોઈ ધર્મ નય જે ગ્રહઈં, મુખ્ય અમુખ્ય પ્રકારો રે;
તે અનુસારઇં કલ્પિઇં, તાસ વૃત્તિ ઉપચારો રે. ગ્યાન૦ ॥૫/૪॥

ગાથાર્થ :-

નય બેઉ ધર્મો મુખ્ય અમુખ્ય પ્રકારે જે ગ્રહણ કરે છે, તે અનુસારે=બે ધર્મો ગ્રહણ કરે છે તે અનુસારે, તાસ=તે બે નયની, વૃત્તિ અને ઉપચાર કલ્પે છે=કલ્પના કરે છે. ॥૫/૪॥

ટબો :-

બેહુ ધર્મ=ભેદ-અભેદ પ્રમુખ, જે નય-દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક ગ્રહઈ-ઊહાખ્ય પ્રમાણઇં ધારઇં, મુખ્ય-અમુખ્ય પ્રકારઇં-સાક્ષાત્ સંકેતઇં તથા વ્યવહિત સંકેતઇં, તે નયની વૃત્તિ અનઇં તે નયનો ઉપચાર કલ્પિઇં. જિમ-ગંગા પદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થનઇં વિષયઇં છઇં, તે માટઇં પ્રવાહઇં શક્તિ; તથા ગંગાતીરઇં ગંગાસંકેત વ્યવહિત સંકેત છઇં, તે માટઇં ઉપચાર. તિમ દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદઇં છઇં, તે માટઇં-તિહાં શક્તિ ભેદઇં વ્યવહિત સંકેત છઇ તે માટઇં-ઉપચાર. ઈમ પર્યાયાર્થિકનયની પણિ શક્તિ, ઉપચાર; ભેદ, અભેદનઇં વિષયઇં જોડવા. ॥૫/૪॥

ટબાર્થ :-

ભેદ-અભેદ વગેરે બે ધર્મો=નિત્ય-અનિત્ય, એક-અનેક વગેરે બે ધર્મો, જે દ્રવ્યાર્થિકનય અથવા પર્યાયાર્થિકનય ગ્રહણ કરે છે=ઊહાખ્ય પ્રમાણથી ધારણ કરે છે=પોતાની નયદૃષ્ટિની વિચારણારૂપ બોધથી ધારણ કરે છે.

કઈ રીતે ભેદ-અભેદ બેઉ ધર્મો ધારણ કરે છે ? તેથી કહે છે –

મુખ્ય-અમુખ્ય પ્રકારે ધારણ કરે છે અર્થાત્ સાક્ષાત્ સંકેતથી અને વ્યવહિત સંકેતથી ધારણ કરે છે, તે નયની વૃત્તિ અને તે નયનો ઉપચાર કલ્પાય છે અર્થાત્ જે સાક્ષાત્ સંકેતથી ગ્રહણ કરે છે તે નયની વૃત્તિ છે એમ કલ્પના કરાય છે અને જે વ્યવહિત સંકેતથી ગ્રહણ કરે છે તે નયનો ઉપચાર છે એમ કલ્પના કરાય છે.

જેમ, 'ગંગા' પદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થના વિષયમાં છે તે માટે પ્રવાહની શક્તિ છે='ગંગા' પદમાં પ્રવાહને કહેવાની શક્તિ છે અને 'ગંગાતીર'માં 'ગંગા'નો સંકેત વ્યવહિત સંકેત છે='ગંગા' પદમાં 'ગંગાતીર'ને કહેવાની શક્તિ વ્યવહિત સંકેત છે તે માટે ઉપચાર છે='ગંગા' પદનો અર્થ 'ગંગાનું તીર' ઉપચારથી છે.

તેમ, દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદમાં છે તે માટે ત્યાં=દ્રવ્યગુણપર્યાયના અભેદની વિચારણામાં, શક્તિ છે અને ભેદમાં વ્યવહિત સંકેત છે=દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી સાક્ષાત્ સંકેત નથી પરંતુ વ્યવહિત સંકેત છે, તે માટે ઉપચાર છે=ભેદમાં ઉપચાર છે. એમ=જેમ દ્રવ્યાર્થિકનયમાં ગ્રંથકારશ્રીએ જોડીને બતાવ્યું એમ, પર્યાયાર્થિકનયમાં પણ શક્તિ અને ઉપચાર ભેદ અને અભેદને વિષે જોડવા=ભેદમાં શક્તિ છે અને અભેદમાં ઉપચાર છે તેમ જોડવું. ॥૫/૪॥

ભાવાર્થ :-

સામાન્યથી વિચારીએ તો નયદૃષ્ટિ એક ધર્મને ગ્રહણ કરીને પ્રવર્તે છે તેથી દ્રવ્યાર્થિકનય દ્રવ્યગુણપર્યાયના અભેદને કઈ રીતે સ્વીકારે છે? તે ગાથા-૨માં બતાવ્યું અને પર્યાયાર્થિકનય દ્રવ્યગુણપર્યાયના ભેદને કઈ રીતે સ્વીકારે છે ? તે ગાથા-૩માં બતાવ્યું. તેથી વિચારકને શંકા થાય કે દ્રવ્યાર્થિકનય ભેદ અને અભેદ બંનેને એક સાથે કઈ રીતે ગ્રહણ કરે છે ? અને પર્યાયાર્થિકનય ભેદ અને અભેદ બંનેને એકસાથે કઈ રીતે ગ્રહણ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય ભેદાભેદરૂપ બે ધર્મોને મુખ્ય-અમુખ્યરૂપે સ્વીકારે છે અર્થાત્ મુખ્ય-ગૌણરૂપે સ્વીકારે છે; કેમ કે સુનય પોતાની દૃષ્ટિને મુખ્યરૂપે સ્વીકારીને અન્ય નયની દૃષ્ટિને સર્વથા ન જ સ્વીકારે તો તે નય દુર્નય બને. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય જે ભેદાભેદરૂપ બંને ધર્મો મુખ્ય-અમુખ્યરૂપે સ્વીકારે છે તે અનુસારે તે નયની એક વૃત્તિ છે અને એક ઉપચાર છે.

જેમ, દ્રવ્યાર્થિકનયની અભેદમાં વૃત્તિ છે અને ભેદમાં ઉપચાર છે તથા પર્યાયાર્થિકનયની ભેદમાં વૃત્તિ છે અને અભેદમાં ઉપચાર છે. તેથી એ ફલિત થાય કે, દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદમાં છે અને વ્યવહિત સંકેત ભેદમાં છે. જે સાક્ષાત્ સંકેત છે તે, નયનો વિષય છે અને જે વ્યવહિત સંકેત છે તે, તે નયનો વિષય નથી, પરંતુ તેના પ્રતિપક્ષ નયનો વિષય છે. અને સુનય પ્રતિપક્ષના વિષયને ગૌણરૂપે સ્વીકારે છે, તેની=પ્રતિપક્ષનયના વિષયની પ્રાપ્તિ લક્ષણાથી થાય છે. આથી તત્ત્વાર્થ સૂત્રમાં 'અર્પિતથી અનર્પિતની સિદ્ધિ છે' એ પ્રકારનું સૂત્ર છે. તે પ્રમાણે દ્રવ્યાર્થિકનય અભેદની અર્પણા કરે છે, જે મુખ્યરૂપે છે અને તેના દ્વારા ભેદની સિદ્ધિ છે, જેને ગૌણરૂપે સ્વીકારે છે.

અહીં અર્પિત કહો કે, મુખ્યવૃત્તિ કહો કે, સાક્ષાત્ સંકેત કહો કે, વૃત્તિ કહો, તે એકાર્થવાચક છે. વળી, અનર્પિત કહો, કે અમુખ્યવૃત્તિ કહો, અર્થાત્ લક્ષણા કહો કે, ઉપચાર કહો, વ્યવહિત સંકેત કહો, તે એકાર્થવાચક છે.

મૂળ ગાથામાં 'ગ્રહઈ' શબ્દ છે તેનો અર્થ ટબામાં કર્યો કે 'ઊહાખ્ય પ્રમાણથી ધારણ કરે છે,' તેથી એ

પ્રાપ્ત થાય કે, નયદૃષ્ટિ પોતાના વિષયનો નિર્ણય કરવા માટે ઊહ કરે છે અને તે ઊહ પણ સુનય પ્રમાણિક ઊહ કરે છે. તેથી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય પોતાની પ્રમાણિક દૃષ્ટિથી જે પ્રમાણિક ઊહ કરે છે તે ઊહના બળથી તેને મુખ્ય-અમુખ્યરૂપે ભેદ-અભેદ વગેરે બેઉ ધર્મોનું ગ્રહણ થાય છે. **॥૫/૪॥**

અવતરણિકા :-

કોઈક કહઈ છઈ, જે-'એક નય એક જ વિષય ગ્રહઈ, બીજા નયનો વિષય ન ગ્રહઈ' તે દૂષઈ છઈ –

અવતરણિકાર્થ :-

કોઈ કહે છે, જે 'એક નય એક જ વિષયને ગ્રહણ કરે=પોતાનો વિષય જ ગ્રહણ કરે, બીજા નયનો વિષય ગ્રહણ કરે નહીં, તેને દૂષણ આપે છે –

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં કહ્યું કે, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય ભેદાભેદરૂપ બંને વિષયોને મુખ્ય-અમુખ્યરૂપે ગ્રહણ કરે છે, ત્યાં કોઈક કહે છે –

શું કહે છે ? તે બતાવે છે. જે,

"એક નય એક જ વિષયને ગ્રહણ કરે અર્થાત્ ભેદાભેદમાંથી કોઈક એક, ભેદને કે અભેદને જ ગ્રહણ કરે અથવા નિત્યાનિત્યમાંથી કોઈક એક, નિત્યને કે અનિત્યને જ ગ્રહણ કરે અથવા એક-અનેકમાંથી કોઈક એક, એકને કે અનેકને જ ગ્રહણ કરે. જેમ દ્રવ્યાર્થિકનય અભેદને જ ગ્રહણ કરે અથવા નિત્યને જ ગ્રહણ કરે અથવા એકને જ ગ્રહણ કરે, પરંતુ પોતાના પ્રતિપક્ષ એવાં નયના વિષયને ગ્રહણ કરે નહીં અર્થાત્ દ્રવ્યાર્થિકનયના પ્રતિપક્ષ એવાં પર્યાયાર્થિકનયના વિષયને ગ્રહણ કરે નહીં અર્થાત્ ભેદરૂપ, અનિત્યરૂપ કે અનેકરૂપ વિષયને ગ્રહણ કરે નહીં."

કોઈકના તે કથનને દૂષિત કરે છે.

ગાથા :-

ભિન્ન વિષય નયગ્યાનમાં, જો સર્વથા ન ભાસઈ રે;
તો સ્વતંત્ર ભાવઈં રહઈં, મિથ્યાદૃષ્ટિ પાસઈં રે. ગ્યાન૦ ॥૫/૫॥

ગાથાર્થ :-

નયજ્ઞાનમાં જો સર્વથા ભિન્ન વિષય ન ભાસે, તો સ્વતંત્ર ભાવને કારણે=તે નય સર્વથા નયાંતર વિમુખપણાને કારણે, મિથ્યાદૃષ્ટિ પાસે રહે. ॥૫/૫॥

ટબો :-

જો નયજ્ઞાનમાંહિં ભિન્ન વિષય કહતાં-નયાંતરનો મુખ્યાર્થ, સર્વથા કહતાં-અમુખ્યપણાઈં

પણિ, ન ભાસઈ, તો સ્વતંત્રભાવઈ-સર્વથા નયાંતરવિમુખપણાઈં, મિથ્યાદૃષ્ટિ પાસઈ રહઈ, એટલઈ દુર્નય થાઈ, પણિ સુનય ન થાઈં; ઈમ-જાણવું. ॥૫/૫॥

ટબાર્થ :-

જો નયજ્ઞાનમાં ભિન્ન વિષય કહેતાં નયાંતરનો મુખ્યાર્થરૂપ વિષય, સર્વથા કહેતાં અમુખ્યપણે, પણ, ન ભાસે અર્થાત્ નયાંતરનો વિષય મુખ્યરૂપે તો ન ભાસે, પરંતુ અમુખ્યરૂપે પણ ન ભાસે, તો સ્વતંત્રભાવથી=સર્વથા નયાંતર વિમુખપણાથી, મિથ્યાદૃષ્ટિ પાસે રહે=તે નય મિથ્યાદૃષ્ટિ પાસે રહે એટલે દુર્નય થાય, પરંતુ સુનય થાય નહીં, એમ જાણવું. ॥૫/૫॥

ભાવાર્થ :-

જૈનશાસનમાં બતાવાયેલા દરેક નયો પોતાનો વિષય મુખ્યરૂપે સ્વીકારે છે અને પોતાનાથી પ્રતિપક્ષ એવાં ભિન્ન નયનો વિષય અમુખ્યરૂપે સ્વીકારે છે. તેથી દ્રવ્યાર્થિકનય પણ ભેદાભેદને મુખ્ય-અમુખ્ય પ્રકારે સ્વીકારે છે અને પર્યાયાર્થિકનય પણ ભેદાભેદને મુખ્ય-અમુખ્ય પ્રકારે સ્વીકારે છે. વળી, જો નય પોતાનો મુખ્ય વિષય સ્વીકારે અને નયાંતરનો મુખ્ય વિષય મુખ્યરૂપે તો ન સ્વીકારે, પરંતુ અમુખ્યરૂપે પણ ન સ્વીકારે તો તે નય, નયાંતર સાથે સંબદ્ધ નથી, પરંતુ સ્વતંત્ર છે. આથી જ સર્વથા નયાંતરથી વિમુખ હોય છે અને જે નય નયાંતર સાથે સંબદ્ધ નથી, પરંતુ સ્વતંત્ર રહે છે તે નય દુર્નય થાય છે, પરંતુ સુનય થતો નથી અને દુર્નય તો મિથ્યાદૃષ્ટિ જીવો પાસે રહે, સમ્યક્‌દૃષ્ટિ જીવો પાસે ન રહે. વળી, સુનય હંમેશાં પ્રતિપક્ષ નય સાથે સંબદ્ધ હોવાથી પોતાનો વિષય મુખ્યરૂપે સ્વીકારે છે અને પ્રતિપક્ષ નયનો વિષય ગૌણરૂપે સ્વીકારે છે, પરંતુ પ્રતિપક્ષ નયના વિષયનો સર્વથા અપલાપ કરતો નથી. **॥૫/૫॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં કહ્યું કે, સુનય હંમેશાં પ્રતિપક્ષનો વિષય પણ અમુખ્યરૂપે સ્વીકારે છે. તેને શાસ્ત્રવચનની સાક્ષીથી દૃઢ કરે છે –

ગાથા :-

એહ વિશેષાવશ્યકઇં, સમ્મતિમાં પણિ ધારો રે;
ઇમ નયથી સવિ સંભવઈ, ભેદ-અભેદુપચારો રે. ગ્યાન૦ ॥૫/૬॥

ગાથાર્થ :-

એહ=સુનય પ્રતિપક્ષનો વિષય પણ અમુખ્યરૂપે સ્વીકારે છે એ, વિશેષાવશ્યક અને સમ્મતિમાં પણ ધારો=વિશેષાવશ્યક અને સમ્મતિમાં પણ છે એમ ધારો. ઈમ=એ રીતે=સુનય પ્રતિપક્ષ નયના વિષયને અમુખ્યરૂપે સ્વીકારે છે એ રીતે, નયથી ભેદ, અભેદ અને ઉપચાર સર્વ સંભવે છે. ॥૫/૬॥

ટબો :-

એહ અર્થ વિશેષાવશ્યકઈં, તથા-સમ્મતિમાંહિં છઈ, ઈમ ધારો.

ગાથા –

"दोहिं वि णयेहिं णीअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा" ।।१।।

(विशे० भा० २१९५, सम्मति० ३/४९)

"स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम् ।
स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः, इति दुर्नयलक्षणम् ।।"

ઈમ-નયથી=નયવિચારથી, ભેદ-અભેદ ગ્રાહ્ય વ્યવહાર સંભવઈ તથા નયસંકેત-વિશેષથી ગ્રાહકવૃત્તિવિશેષરૂપ ઉપચાર પણિ સંભવઈ. તે માટઈં ભેદ-અભેદ તે મુખ્યપણઇં પ્રત્યેકનયવિષય, મુખ્યામુખ્યપણઇ ઉભયનયવિષય, ઉપચાર-તે મુખ્યવૃત્તિની પરિં નયપરિકર પણિ વિષય નહીં. એ સમો માર્ગ શ્વેતામ્બર પ્રમાણશાસ્ત્રસિદ્ધ જાણવો. ।।૫/૬।।

ટબાર્થ :-

એહ અર્થ=પૂર્વ ગાથામાં કહ્યું કે, સુનય પોતાનો વિષય મુખ્યરૂપે સ્વીકારે છે અને અન્ય નયનો વિષય અમુખ્યરૂપે પણ સ્વીકારે છે એ અર્થ, વિશેષાવશ્યક અને સમ્મતિમાં છે, એમ ધારો=એમ નિર્ણય કરો. વિશેષાવશ્યકની ગાથા છે.

"उलूएण=ઉલ્લૂક વડે=નૈયાયિક વડે, दोहिं वि णयेहिं णीअं सत्थं=બંને પણ નયોથી નીત શાસ્ત્ર છે=પ્રવૃત્ત શાસ્ત્ર છે, तह वि मिच्छत्तं=તોપણ મિથ્યાત્વ છે, जं=જે કારણથી, सविसयप्पहाणत्तणेण=સ્વવિષયના પ્રધાનપણા વડે, अण्णुण्णनिरवेक्खा=અન્યોન્યનિરપેક્ષ છે=બંને પણ નયો પોતાના વિષયના પ્રધાનપણા વડે અન્યોન્યનિરપેક્ષ છે, (તે કારણથી મિથ્યાત્વ છે.)" **(विशेषावश्यक भाष्य-२१९५, सम्मति० ३/४९)**

"स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम्=સ્વઅર્થગ્રાહી અને ઈતર અંશનો અપ્રતિક્ષેપી સુનય છે એ પ્રમાણે સુનયનું લક્ષણ છે. स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः, इति दुर्नयलक्षणम्=સ્વઅર્થગ્રાહી અને ઈતરઅંશનો પ્રતિક્ષેપી દુર્નય છે એ પ્રમાણે દુર્નયનું લક્ષણ છે."

એમ નયથી=નય વિચારથી=પૂર્વમાં વિશેષાવશ્યક અને સમ્મતિની સાક્ષી આપી એ પ્રમાણે નય વિચારથી, ભેદ-અભેદ ગ્રાહ્ય વ્યવહાર સંભવે છે અને નયના સંકેતવિશેષથી=નયના વ્યવહિત સંકેત-વિશેષથી, ગ્રાહકવૃત્તિ વિશેષરૂપ ઉપચાર પણ સંભવે છે=પ્રતિપક્ષનયના વિષયની ગ્રાહક એવી વૃત્તિવિશેષરૂપ અર્થાત્ લક્ષણારૂપ ઉપચાર પણ સંભવે છે.

તે માટે ભેદ-અભેદ તે મુખ્યપણે પ્રત્યેક નયનો વિષય છે=ભેદ મુખ્યપણે પર્યાયાર્થિકનયનો વિષય છે અને અભેદ મુખ્યપણે દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને મુખ્ય-અમુખ્યપણે ઉભયનયનો

વિષય છે=ભેદ-અભેદ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયનો મુખ્ય-અમુખ્યપણે વિષય છે. ઉપચાર તે=દરેક નય લક્ષણા દ્વારા પ્રતિપક્ષ નયનો વિષય ગ્રહણ કરે છે તે સ્થાનમાં લક્ષણારૂપ ઉપચાર તે, મુખ્યવૃત્તિની જેમ નયના પરિકરપણે વિષય નહીં=દરેક નયનો પોતાનો વિષય તે, તે નયનો પરિકર કહેવાય અને અન્ય નયનો વિષય તે, તે નયનો વિષય કહેવાય નહીં માટે ઉપચારથી પ્રાપ્ત થતો વિષય નયના પરિકરપણે વિષય નહીં, એ સમો માર્ગ શ્વેતાંબર પ્રમાણ-શાસ્ત્ર સિદ્ધ=શ્વેતાંબરને માન્ય એવાં શાસ્ત્રથી સિદ્ધ જાણવો. ॥૫/૬॥

ભાવાર્થ :-

ગાથા-૫ની અવતરણિકામાં કહેલ, કોઈક કહે છે કે, 'કોઈ એક નય પોતાનો વિષય ગ્રહણ કરે, બીજા નયના વિષયને ગ્રહણ કરે નહીં,' તેનું સમાધાન ગાથા-૫માં કર્યું કે, નયજ્ઞાનમાં પણ પોતાના વિષય કરતાં અન્યનો વિષય ગૌણરૂપે સ્વીકાર થાય તો જ તે સુનય બને, અન્યથા મિથ્યાદૃષ્ટિરૂપ બને. આ કથન ગ્રંથકારશ્રીએ સ્વમતિથી કર્યું નથી, પરંતુ વિશેષાવશ્યક અને સમ્મતિમાં પણ તે પ્રમાણે કહેલ છે. તેથી ગ્રંથકારશ્રીએ પણ કહેલ છે કે સુનય અન્ય નયનો વિષય પણ ગૌણરૂપે સ્વીકારે છે.

વિશેષાવશ્યકની સાક્ષી આપતાં કહ્યું કે, નૈયાયિક બંને નયો સ્વીકારે છે. તેથી જેમ, જૈનદર્શન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયો સ્વીકારે છે, માટે તે પ્રમાણ છે, તેમ નૈયાયિકનું દર્શન પણ પ્રમાણ થવું જોઈએ, તેમ છતાં વિશેષાવશ્યકમાં બંને નયોને સ્વીકારનાર એવાં નૈયાયિકના શાસ્ત્રને મિથ્યાશાસ્ત્ર કહેલ છે અને તેમાં વિશેષાવશ્યકમાં યુક્તિ આપેલ છે કે, નૈયાયિક દર્શન બંને નયોને સ્વવિષયના પ્રધાનપણાથી સ્વીકારે છે, પરંતુ તે બંને નયો અન્યોન્યનિરપેક્ષ છે માટે મિથ્યા છે. તેથી એ પ્રાપ્ત થાય કે નૈયાયિક જે સ્થાનમાં દ્રવ્યાર્થિકનય સ્વીકારે છે તે સ્થાનમાં તે દ્રવ્યાર્થિકનયને પર્યાયાર્થિકનયસાપેક્ષ સ્વીકારતો નથી પરંતુ એકાંત દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી તે પદાર્થને કહે છે અને જે સ્થાનમાં પર્યાયાર્થિકનય સ્વીકારે છે તે સ્થાનમાં તે પર્યાયાર્થિકનયને નૈયાયિક દ્રવ્યાર્થિકનયસાપેક્ષ સ્વીકારતો નથી, પરંતુ એકાંત પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી તે પદાર્થને કહે છે. તેથી અન્યોન્યનિરપેક્ષ એવાં તે બે નયો મિથ્યાદૃષ્ટિ હોવાથી તેનું શાસ્ત્ર પણ મિથ્યાશાસ્ત્ર છે; કેમ કે નૈયાયિક પરમાણુને એકાંત નિત્ય કહે છે ત્યારે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી તે પરમાણુ નિત્ય છે અને તે જ પરમાણુ પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી અનિત્ય છે તેમ છતાં નૈયાયિક પરમાણુને અનિત્ય સ્વીકારતો નથી. વળી, પરમાણુમાંથી બનેલા દ્વયણુકાદિ સ્કંધોને અનિત્ય સ્વીકારે છે તે જ દ્વયણુકાદિ સ્કંધોને દ્રવ્યરૂપે નિત્ય સ્વીકારતો નથી. તેથી કેટલાક દ્રવ્યોને એકાંત નિત્ય કહે છે અને કેટલાક દ્રવ્યોને એકાંત અનિત્ય કહે છે. માટે નૈયાયિક મિથ્યાદૃષ્ટિ છે. જ્યારે સ્યાદ્વાદી તો દરેક પદાર્થોની વિચારણામાં દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને સ્વીકારે છે તેથી સ્યાદ્વાદી દ્રવ્યાર્થિકનયની વિવક્ષા વખતે દ્રવ્યાર્થિકનયથી પદાર્થનું નિરૂપણ કરે ત્યારે પણ તે જ પદાર્થને આશ્રયીને તે દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનયની સાપેક્ષ સ્વીકારે છે. તેથી તે સુનય બને છે અને સ્યાદ્વાદી પર્યાયાર્થિકનયની વિવક્ષા વખતે પર્યાયાર્થિકનયથી પદાર્થનું નિરૂપણ કરે ત્યારે પણ તે જ પદાર્થને આશ્રયીને તે પર્યાયાર્થિકનય દ્રવ્યાર્થિકનયની સાપેક્ષ સ્વીકારે છે. તેથી તે સુનય બને છે. વળી, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને સુનયના સમુદાયરૂપ જૈનપ્રવચન હોવાથી જૈનપ્રવચન મિથ્યા નથી.

વળી, સમ્મતિની સાક્ષી આપતાં કહ્યું કે, સુનયનું લક્ષણ છે કે "જે નય પોતાનો અર્થ અર્થાત્ વિષય, હોય તેને ગ્રહણ કરે ત્યારે પણ ઇતર અંશનો પ્રતિક્ષેપ કરતો નથી. તેથી અર્થથી અમુખ્યરૂપે ઇતર નયનો વિષય સ્વીકારે છે, માટે તે સુનય છે. વળી, જે નય સ્વઅર્થનું ગ્રહણ કરે છે અને તે પદાર્થમાં રહેલા ઇતર અંશનો પ્રતિક્ષેપ કરે છે તે દુર્નય છે." જેમ, નૈયાયિક જે સ્થાનમાં દ્રવ્યાર્થિકનયનો વિષય સ્વીકારે છે તે સ્થાનમાં પર્યાયાર્થિકનયના વિષયનો પ્રતિક્ષેપ કરે છે અને જે સ્થાનમાં પર્યાયાર્થિકનયનો વિષય સ્વીકારે છે તે સ્થાનમાં દ્રવ્યાર્થિકનયના વિષયનો પ્રતિક્ષેપ કરે છે. માટે નૈયાયિકે સ્વીકારેલા બંને નયો દુર્નય છે.

આ રીતે ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી ટબામાં હવે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરતાં કહે છે –

આ રીતે નયના વિચારથી ભેદ-અભેદગ્રાહ્ય વ્યવહાર સંભવે છે અર્થાત્ પૂર્વમાં સ્થાપન કર્યું કે, દ્રવ્યાર્થિકનય મુખ્યરૂપે અભેદ સ્વીકારે છે અને ગૌણરૂપે ભેદ સ્વીકારે છે તથા પર્યાયાર્થિકનય મુખ્યરૂપે ભેદ સ્વીકારે છે અને ગૌણરૂપે અભેદ સ્વીકારે છે એ રૂપ ભેદ-અભેદગ્રાહ્ય વ્યવહારનયની દૃષ્ટિથી સંભવે છે.

ગાથામાં કહેલ નયદૃષ્ટિથી ભેદ-અભેદ કઈ રીતે સંભવે છે ? તે સ્પષ્ટ કર્યા પછી હવે ગાથામાં કહેલ નયદૃષ્ટિથી ઉપચાર કઈ રીતે સંભવે છે ? તે સ્પષ્ટ કરે છે –

"અને નયના સંકેતવિશેષથી ગ્રાહકવૃત્તિવિશેષરૂપ ઉપચાર પણ સંભવે છે."

આશય એ છે કે 'ગંગા' શબ્દનો સાક્ષાત્ સંકેત 'પ્રવાહ'માં છે અને પરંપરાસંકેતરૂપ સંકેતવિશેષ 'ગંગાના તીર'માં છે. તે રીતે દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદમાં છે અને પરંપરાસંકેતરૂપ સંકેતવિશેષ ભેદમાં છે. વળી, તે સંકેતવિશેષથી ગ્રાહક એવી વૃત્તિવિશેષરૂપ ઉપચાર પણ નય સ્વીકારે છે=સાક્ષાત્ ગ્રાહક એવી વૃત્તિથી અભેદ સ્વીકારે છે અને પરંપરાગ્રાહક એવી વૃત્તિવિશેષરૂપ લક્ષણા પણ સ્વીકારે છે, તેથી નયથી ઉપચારનો પણ સંભવ છે.

ગાથાના ઉત્તરાર્ધના કથનથી શું ફલિત થાય છે ? તે હવે બતાવે છે –

જે માટે નયવિચારથી ભેદ-અભેદનો સંભવ છે અને ઉપચારનો સંભવ છે, તે માટે ભેદ-અભેદ તે મુખ્યપણે પ્રત્યેક નયનો વિષય છે અને મુખ્ય-અમુખ્યપણે ઉભયનયનો વિષય છે.

આશય એ છે કે, પર્યાયાર્થિકનયનો મુખ્યપણે વિષય ભેદ છે અને દ્રવ્યાર્થિકનયનો મુખ્યપણે વિષય અભેદ છે. વળી, મુખ્ય-અમુખ્યપણે, દ્રવ્યાર્થિકનયનો વિષય પણ ભેદ-અભેદ છે અને પર્યાયાર્થિકનયનો વિષય પણ ભેદ-અભેદ છે.

આ રીતે ગાથાના ઉત્તરાર્ધમાં કહેલ કે, "નયદૃષ્ટિથી ભેદ-અભેદ સંભવે છે" તેનો ફલિતાર્થ બતાવ્યો.

હવે "નયદૃષ્ટિથી ઉપચાર સંભવે છે" તેમ કહ્યું તેનો ફલિતાર્થ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

"ઉપચાર તે મુખ્યવૃત્તિની જેમ નયના પરિકરપણે વિષય નથી."

આશય એ છે કે, જે નયનો જે વિષય હોય, તે નયનો તે વિષય પરિકર કહેવાય. જેમ, દ્રવ્યાર્થિકનયનો વિષય અભેદ છે, દ્રવ્યાર્થિકનયનો વિષય નિત્ય છે અને એ સિવાય દ્રવ્યાર્થિકનયના જે જે મુખ્ય વિષય હોય

તે સર્વ દ્રવ્યાર્થિકનયના વિષયો તેનો પરિકર કહેવાય. વળી, દ્રવ્યાર્થિકનય ઉપચારથી ભેદ સ્વીકારે છે, તે મુખ્યવૃત્તિની જેમ તે નયનો પરિકર કહેવાય નહીં, ફક્ત તે નય ઇતર અંશનો પ્રતિક્ષેપ કરતો નથી. તેથી ઇતર નયનો વિષય તેનો પરિકર નહીં હોવા છતાં 'अनिषिद्धं अनुमतं' એ ન્યાયથી ઇતર નયના વિષયમાં તે નયનો સ્વીકાર છે, અને દ્રવ્યાર્થિકનય પોતાના પરિકરભૂત સર્વ કથન ગૌણરૂપે સ્વીકારતો નથી, પરંતુ સાક્ષાત્ તેનું સમર્થન કરે છે.

આ પ્રકારનો માર્ગ=નયવિચારથી ભેદ-અભેદનો વ્યવહાર સંભવે છે અને નયવિચારથી ઉપચાર પણ સંભવે છે એ પ્રકારનો માર્ગ, શ્વેતાંબરને માન્ય એવો શાસ્ત્રસિદ્ધ જાણવો. **॥૫/૬॥**

અવતરણિકા :-

દ્રવ્યગુણપર્યાયના વિષયમાં નયદૃષ્ટિથી ભેદાભેદ કઈ રીતે સંભવે છે ? અને પ્રમાણદૃષ્ટિથી ભેદાભેદ કઈ રીતે સંભવે છે ? તે અત્યારસુધી બતાવ્યું. હવે એ માર્ગને છોડીને દિગંબરો ઉપનય વગેરેની કલ્પના કરે છે તે બતાવીને તે કઈ રીતે સંગત નથી ? ઇત્યાદિ બતાવવા માટે કહે છે –

ગાથા :-

છાંડી મારગ એ સમો, ઉપનય મુખ જે કલ્પઇં રે;
તેહ પ્રપંચ પણિ જાણવા, કહઇં, તે જિમ જલ્પઇં રે. ગ્યાન૦ ॥૫/૭॥

ગાથાર્થ :-

એ સમો=પ્રસ્તુત ઢાળમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ સમાન, માર્ગને છોડીને, જે=દિગંબરબાલ, ઉપનયમુખ=ઉપનય વગેરે, કલ્પના કરે છે, તે પ્રપંચ પણ=તે વિસ્તાર પણ, જાણવા માટે કહીએ છીએ=પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રી કહે છે.

કઈ રીતે કહે છે ? તે કહે છે –

તે=દિગંબર બાલ, જિમ જલ્પઇં=જેમ બોલે છે, તેમ કહે છે એમ અન્વય છે. ॥૫/૭॥

ટબો :-

એ સમો માર્ગ છાંડી કરીનઇં, જે-દિગંબર બાલ-ઉપચારાદિ ગ્રહવાનઇં કાજિ ઉપનય પ્રમુખ કલ્પઇં છઇં, તે પ્રપંચ-શિષ્યબુદ્ધિધંધન માત્ર. પણિ-સમાન તંત્ર સિદ્ધાંત છઇ, તે માટઇં જાણવાનઇં કાજિં કહિઇં; જિમ-તે જલ્પઇં છઇ-સ્વપ્રક્રિયાઇં બોલઇં છઇ. ॥૫/૭॥

ટબાર્થ :-

એ સમો માર્ગ=અત્યાર સુધી નય-પ્રમાણ દૃષ્ટિથી દ્રવ્યગુણપર્યાયનો ભેદ અને અભેદ કઈ રીતે છે ? તે બતાવ્યું તે સમાન માર્ગ, છોડી કરીને, જે=દિગંબરબાલ, ઉપચારાદિ ગ્રહવાને માટે=પૂર્વમાં

ગ્રંથકારશ્રીએ નયદૃષ્ટિ લક્ષણા સ્વીકારે છે તેમ કહ્યું તે વગેરે ગ્રહણ કરવા માટે, ઉપનય વગેરેની કલ્પના કરે છે. તે પ્રપંચ=દિગંબરનું તે વર્ણન, શિષ્યબુદ્ધિધંધનમાત્ર છે=શિષ્યની બુદ્ધિમાં વ્યામોહ કરવામાત્રરૂપ છે, પરંતુ સમાનતંત્ર સિદ્ધાંત છે, તે માટે=જૈનદર્શનનું જે શ્વેતાંબર દર્શન છે તેને સમાન એવું દિગંબર દર્શન છે તે માટે, જણાવવાને કાજે=તેઓ શું કહે છે તે બતાવવા માટે, કહીએ છીએ= હવે પછી ગ્રંથકારશ્રી કહે છે.

કઈ રીતે કહે છે ? તેથી કહે છે –

જે પ્રમાણે તે બોલે છે=પોતાની પ્રક્રિયા અનુસાર જે બોલે છે, તે પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે. ॥૫/૭॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ શ્વેતાંબર શાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે દ્રવ્યગુણપર્યાયનો ભેદાભેદ કઈ રીતે યુક્તિયુક્ત છે? તે અત્યાર સુધી બતાવ્યું. તે સુંદર માર્ગને છોડીને દિગંબરબાલ ઉપચારાદિને ગ્રહણ કરવા અર્થે=લક્ષણાથી ઉપચાર કઈ રીતે થઈ શકે છે તે વગેરે પદાર્થો બતાવવા અર્થે, નયથી અતિરિક્ત ઉપનય વગેરેની કલ્પના કરે છે, તેની કલ્પના અનુભવને અનુરૂપ પદાર્થને સ્પર્શનારી નથી અને સ્યાદ્વાદ સિદ્ધાંત અનુસાર નથી. તેથી શિષ્યની બુદ્ધિને વ્યામોહમાત્ર કરાવે કે, "અમારા આચાર્યો નયની જેમ ઉપનય વગેરે બતાવીને સ્યાદ્વાદના જ સૂક્ષ્મ પદાર્થો બતાવે છે."

વસ્તુતઃ તે કલ્પનાઓ સ્યાદ્વાદને સંમત નથી. તેથી તેનો બોધ કરવા જેવો નથી, આમ છતાં જૈનમત અંતર્ગત શ્વેતાંબરની જેમ દિગંબર પણ એક મત છે. તેથી સમાનતંત્ર છે અને તેની માન્યતા તે સમાનતંત્રની માન્યતા છે. તેથી તે સમાનતંત્રની માન્યતા કેવા પ્રકારની છે તે જાણવા અર્થે અહીં બતાવે છે. વળી, તેનું નિરૂપણ પણ જે પ્રમાણે દિગંબરબાલ પોતાની પ્રક્રિયા અનુસાર કહે છે તે પ્રમાણે જ ગ્રંથકારશ્રી કહે છે, પરંતુ તેનું પરિમાર્જન કરીને કઈ રીતે ઉચિત પ્રક્રિયા છે ? તે પ્રક્રિયા બતાવતા નથી. **॥૫/૭॥**

અવતરણિકા :-

દિગંબરની પ્રક્રિયા અનુસાર નય, ઉપનયનો વિભાગ સામાન્યથી બતાવે છે –

ગાથા :-

નવ નય, ઉપનય તીન છઈં, તર્કશાસ્ત્ર અનુસારો રે;
અધ્યાત્મવાચઈં વલી, નિશ્ચય નઈં વ્યવહારો રે. જ્ઞાન૦ ॥૫/૮॥

ગાથાર્થ :-

તર્કશાસ્ત્ર અનુસાર નવ નય અને ત્રણ ઉપનય છે. વળી, અધ્યાત્મની વાચાથી=અધ્યાત્મની શૈલીથી, નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે નયો છે. ॥૫/૮॥

ટબો :-

તેહનઈ મતઈ-તર્કશાસ્ત્રનઈં અનુસારઈં નવ નય અનઈં ત્રણિ ઉપનય છઈં. તથા અધ્યાત્મવાચઈં-અધ્યાત્મશૈલીઈં-નિશ્ચયનય, વ્યવહારનય-ઈમ-૨ ૪ નય કહિઈં. ॥૫/૮॥

ટબાર્થ :-

તેના મતે=દિગંબરના મતે, તર્કશાસ્ત્ર અનુસાર નવ નય અને ત્રણ ઉપનય છે. વળી, અધ્યાત્મની વાણીથી=અધ્યાત્મની શૈલીથી, નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે જ નય દિગંબરો કહે છે. ॥૫/૮॥

ભાવાર્થ :-

દિગંબરો પદાર્થના સ્વરૂપનો બોધ કરવા અર્થે તર્કશાસ્ત્રની યુક્તિઓ લગાડે છે અને તે યુક્તિ અનુસાર કોઈ પદાર્થનો બોધ કરવાઅર્થે નયદૃષ્ટિથી વિચાર કરે તો તેઓ નવ નયથી તેની વિચારણા કરે છે. જેમ, શ્વેતાંબર મત અનુસાર નૈગમાદિ સાત નયો છે. તે સાત નયોથી અતિરિક્ત દિગંબરો દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય સ્વીકારે છે. તેથી તેના મતે સાત નયોને બદલે નવ નયોનો સ્વીકાર છે અને ત્રણ ઉપનયોનો સ્વીકાર છે, જેનું સ્વરૂપ સ્વયં ગ્રંથકારશ્રી આગળ કહેશે.

વળી, દિગંબરો યોગમાર્ગની પ્રવૃત્તિને બતાવવા અર્થે અધ્યાત્મની દૃષ્ટિથી નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે નયો છે, તેમ કહે છે. **॥૫/૮॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં કહ્યું કે, દિગંબર મતાનુસાર નવ નયો છે. તેથી હવે દિગંબર મતાનુસાર તે નવ નયોના અવાંતર ભેદો બતાવવા અર્થે ગ્રંથકારશ્રી નવ નયમાંથી પહેલા દ્રવ્યાર્થિકનયના દસ ભેદો છે, તેમ બતાવીને તેનો પ્રથમ ભેદ બતાવે છે –

ગાથા :-

પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે;
શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો રે. ગ્યાન૦ ॥૫/૯॥

ગાથાર્થ :-

પહેલો દ્રવ્યાર્થિકનય છે તેના દસ પ્રકાર જાણો=દસ ભેદો જાણવા. દ્રવ્યાર્થિકનયનો ધુરિ=પહેલો ભેદ, શુદ્ધ અકર્મઉપાધિથી આણો=શુદ્ધ દ્રવ્યાર્થિકનય મનમાં આણો. ॥૫/૯॥

ટબો :-

દ્રવ્યાર્થનય ૧; પર્યાયાર્થનય ૨; નૈગમનય ૩; સંગ્રહનય ૪; વ્યવહારનય ૫; ઋજુસૂત્રનય ૬; શબ્દનય ૭; સમભિરૂઢનય ૮; એવંભૂતનય ૯-એ નવ નયનાં નામ. તિહાં પહિલો દ્રવ્યાર્થિકનય-તેહના દસ પ્રકાર જાણવા. તે દ્રવ્યાર્થિકનયના દસ ભેદમાંહિ ધુરિ કહતાં પહિલાં, અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિક મનમાંહિ આણો. 'कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिकः' એ પ્રથમ ભેદ. ॥૫/૯॥

ટબાર્થ :-

દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય, નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ નવ નયનાં નામો છે. તેમાં=તે નવ નયોમાં, પહેલો દ્રવ્યાર્થિકનય છે. તેના દસ પ્રકાર જાણવા=તેના દસ ભેદો જાણવા. તે દ્રવ્યાર્થિકનયના દસ ભેદમાંથી ધુરિ કહેતાં પહેલો ભેદ અકર્મઉપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિકનય મનમાં આણો અર્થાત્ કર્મઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ પ્રથમ ભેદ છે. ॥૫/૯॥

ભાવાર્થ :-

દિગંબરો નવ નયો માને છે, તેમાંથી પહેલો નય દ્રવ્યાર્થિકનય છે. તેના દસ ભેદો છે અને તે દસ ભેદમાંથી પહેલો ભેદ કર્મઉપાધિથી રહિત એવાં શુદ્ધ દ્રવ્યને જોનારી દૃષ્ટિરૂપ નય છે અર્થાત્ આ નય માત્ર જીવને જોવા માટે પ્રવૃત્ત છે અને સંસારી જીવ કર્મવાળા છે, છતાં કર્મઉપાધિથી રહિત એવાં સંસારી જીવોમાં વર્તતા શુદ્ધ આત્મદ્રવ્યને જોનારી જે દૃષ્ટિ તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પહેલો ભેદ છે. **॥૫/૯॥**

અવતરણિકા :-

એહનો વિષય દેખાડઈં છઈં –

અવતરણિકાર્થ :-

એહનો=કર્મઉપાધિરહિત એવાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય દેખાડે છે –

ગાથા :-

જિમ-સંસારી પ્રાણિઆ, સિદ્ધ સમોવડિ ગણિઇં રે;
સહજભાવ આગલિં કરી, ભવપર્યાય ન ગણિઇં રે. ગ્યાન૦ ॥૫/૧૦॥

ગાથાર્થ :-

જેમ, સંસારી જીવો સિદ્ધ સમોવડિયા ગણે છે=આ દ્રવ્યાર્થિકનયનો પ્રથમ ભેદ સંસારી જીવોને સિદ્ધતુલ્ય ગણે છે. સહજ ભાવને આગળ કરીને=જીવનો જે સહજ ભાવ છે તેને આગળ કરીને, ભવપર્યાયને ગણતો નથી. ॥૫/૧૦॥

ટબો :-

જિમ-સંસારી પ્રાણિયા સર્વ સિદ્ધ સમાન ગણિઈં, સહજભાવ-જે શુદ્ધાત્મસ્વરૂપ, તે આગલિં કરીનઈં. તિહાં-ભવપર્યાય જે-સંસારના ભાવ, તે ન ગણિઈં-તેહની વિવક્ષા ન કરીઈં. એ અભિપ્રાયઈં-દ્રવ્યસંગ્રહઈં કહિઉં છઈ –

"મગ્ગણગુણઠાણેહિં ય ચઉદસહિં તહ અસુદ્ધણયા ।
વિણ્ણેયા સંસારી, સવ્વે સુદ્ધા હુ સુદ્ધણયા" ।।૧૩।। **।।૫/૧૦।।**

ટબાર્થ :-

જેમ=પૂર્વની ગાથામાં કહ્યું કે, 'કર્મઉપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય પ્રથમ ભેદ છે' અને અવતરણિકામાં કહ્યું કે, 'તેનો વિષય દેખાડે છે.' તેથી તે પ્રથમ ભેદનો વિષય 'જેમ'થી બતાવે છે.

સંસારી સર્વ પ્રાણીઓને સિદ્ધ સમાન ગણે છે અર્થાત્ દ્રવ્યાર્થિકનયનો આ પ્રથમ ભેદ સર્વ સંસારી પ્રાણીઓને સિદ્ધસમાન ગણે છે.

સિદ્ધસમાન કેમ ગણે છે ? તેથી કહે છે –

સહજ ભાવ=જે શુદ્ધ આત્મસ્વરૂપ જીવનો સહજ ભાવ, તે આગળ કરીને, સંસારી જીવોને સિદ્ધ સમાન ગણે છે. એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે સંસારી જીવોમાં ભવપર્યાય પ્રત્યક્ષ દેખાય છે. તેથી તેને સિદ્ધસમાન કેમ કહી શકાય ? તેથી કહે છે –

તિહાં=સંસારી જીવમાં, ભવપર્યાય=જે સંસારનો ભાવ, તેને ગણતો નથી=તેની વિવક્ષા કરતો નથી. એ અભિપ્રાયથી દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે.

"સંસારી=સંસારી જીવો, ચઉદસહિં મગ્ગણગુણઠાણેહિં ય=ચૌદ માર્ગણાઓ અને ગુણસ્થાનકોથી હોય છે. તહ અસુદ્ધણયા વિણ્ણેયા=તે પ્રમાણે અશુદ્ધ નય જાણવા=તે પ્રમાણે અશુદ્ધ નય કહે છે. સવ્વે સુદ્ધા હુ=વળી, સર્વશુદ્ધ છે=સર્વ જીવો શુદ્ધ છે. સુદ્ધણયા=એમ શુદ્ધ નયો કહે છે." **।।૧૩।। (દ્રવ્યસંગ્રહ, શ્લોક-૧૩) ।।૫/૧૦।।**

ભાવાર્થ :-

દિગંબરના 'દ્રવ્યસંગ્રહ' નામના ગ્રંથમાં દ્રવ્યાર્થિકનયના દસ ભેદો બતાવ્યા છે તેમાંથી પ્રથમ ભેદ કર્મઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય છે અને તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ કઈ રીતે સંસારી જીવોનું સ્વરૂપ બતાવે છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

સંસારી જીવોમાં ભવપર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે. આમ છતાં સંસારી જીવનો આત્મા કર્મઉપાધિથી રહિત કેવો છે તે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવા માટે પ્રવૃત્ત થયેલી શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે, જે ચક્ષુથી દેખાતા

ભવપર્યાયની વિવક્ષા કર્યા વગર સિદ્ધસદૃશ આત્માનું જે સ્વરૂપ છે તેને આગળ કરીને સંસારી જીવોને પણ સિદ્ધતુલ્ય જોવા માટે પ્રવર્તે છે.

'દ્રવ્યસંગ્રહ'માં કર્મઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી જીવો કેવા છે તે બતાવવા માટે કહે છે –

ચૌદ માર્ગણાસ્થાનો છે અને ચૌદ ગુણસ્થાનો છે. તેનાથી સંસારી જીવોનું જે સ્વરૂપ બતાવાય છે તે સ્વરૂપને બતાવનાર અશુદ્ધ નયો છે. જ્યારે શુદ્ધ નય તો સર્વ જીવોને શુદ્ધ જ બતાવે છે; કેમ કે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે પ્રવૃત્ત થયેલી શુદ્ધ નયની દૃષ્ટિ છે. **॥૫/૧૦॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ બતાવે છે –

ગાથા :-

ઉત્પાદ-વ્યયગૌણતા, સત્તામુખ્યજ બીજઇં રે;
ભેદ શુદ્ધ-દ્રવ્યારથિં, દ્રવ્ય નિત્ય જિમ લીજઇં રે. ગ્યાન૦ ॥૫/૧૧॥

ગાથાર્થ :-

બીજઇં=બીજો ભેદ, શુદ્ધ દ્રવ્યારથિં=દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ શુદ્ધ દ્રવ્યાર્થિક, સત્તા મુખ્ય કરીને ઉત્પાદવ્યયની ગૌણતા કરે છે. જેમ દ્રવ્યને નિત્ય લહે છે. ॥૫/૧૧॥

ટબો :-

ઉત્પાદ એક નઈં વ્યય બેની ગૌણતાઈં, અનઈં સત્તામુખ્યતાઈં બીજો ભેદ-શુદ્ધ દ્રવ્યાર્થનો જાણવો. 'उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः' એ બીજો ભેદ.

એહનઈં મતિં-દ્રવ્ય નિત્ય લીજઈ, નિત્ય તે-ત્રિકાલઈં અવિચલિતરૂપ, સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવઈં. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છઈ, તો પણિ-જીવ-પુદ્ગલાદિ દ્રવ્યસત્તા કદાપિ ચલતી નથી. ॥૫/૧૧॥

ટબાર્થ :-

ઉત્પાદ અને વ્યયની ગૌણતાએ અને સત્તાની મુખ્યતાએ બીજો ભેદ=દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ, શુદ્ધ દ્રવ્યાર્થનો જાણવો. 'ઉત્પાદવ્યયના ગૌણપણાથી સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક' એ બીજો ભેદ છે=દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ છે.

એના મતે=દ્રવ્યાર્થિકનયના બીજા ભેદના મતે, દ્રવ્ય નિત્ય ગ્રહણ થાય છે. નિત્ય તે ત્રણે કાળમાં અવિચલિતરૂપ છે.

કઈ રીતે ત્રણ કાળમાં અવિચલિતરૂપ દ્રવ્ય નિત્ય પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સત્તાને મુખ્ય લેતાં=દ્રવ્યમાં વર્તતી દ્રવ્યની સત્તાને મુખ્ય લેતાં, એ ભાવ સંભવે=દ્રવ્ય ત્રણે કાળમાં અવિચલિતરૂપવાળો નિત્ય સંભવે. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છે તોપણ જીવ, પુદ્ગલાદિ દ્રવ્યની સત્તા ક્યારેય પણ ચલાયમાન થતી નથી. ॥૫/૧૧॥

ભાવાર્થ :-

દ્રવ્યાર્થિકનયના દસ ભેદમાં કર્મઉપાધિ રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય પહેલો ભેદ છે. તેનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત પૂર્વમાં બતાવ્યું. હવે પદાર્થ ઉત્પાદ, વ્યય અને સત્તારૂપ છે. તેમાંથી ઉત્પાદ, વ્યયને ગૌણ કરીને સત્તાનો ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ છે તે બતાવતાં કહે છે –

વિવેકી પુરુષ પદાર્થને જોવા માટે ઉપયુક્ત થાય તો પદાર્થ કોઈક સ્વરૂપે ઉત્પન્ન થાય છે, કોઈક સ્વરૂપે વ્યય પામે છે અને કોઈક સ્વરૂપે સ્થિર સત્તાવાળો છે તેમ દેખાય છે, તોપણ પર્યાયના સ્પર્શ વગર શુદ્ધ દ્રવ્યને જોનારી દૃષ્ટિથી કોઈ પુરુષ પદાર્થને જોવામાં ઉપયુક્ત થાય ત્યારે પર્યાયના સ્પર્શ વગરનું શુદ્ધ દ્રવ્ય તેને સત્તારૂપે દેખાય છે. તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી સત્તાને મુખ્ય કરીને તે પદાર્થને કહે ત્યારે ત્રણ કાળમાં અવિચલિતરૂપવાળું નિત્ય દ્રવ્ય તેને દેખાય છે; કેમ કે દેખાતા પદાર્થની સત્તા ક્યારેય નાશ પામતી નથી, પરંતુ સદા સત્તારૂપે અવિચલિત રહે છે અને શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ઉત્પાદ-વ્યય ગૌણ હોવાથી તેને જીવ, પુદ્ગલ આદિ સર્વ દ્રવ્યોની સત્તા અવિચલિત સ્વરૂપે સદા દેખાય છે. **॥૫/૧૧॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ બતાવે છે –

ગાથા :-

ત્રીજો-શુદ્ધ દ્રવ્યારથો, ભેદકલ્પનાહીનો રે;
જિમ-નિજ ગુણ-પર્યાયથી, કહિઇં દ્રવ્ય અભિન્નો રે. ગ્યાન૦ ॥૫/૧૨॥

ગાથાર્થ :-

ભેદ કલ્પનાથી હીન=ગુણપર્યાયથી દ્રવ્યનો જે ભેદ છે તેની કલ્પનાથી રહિત, એવો શુદ્ધ દ્રવ્યાર્થિકનય રૂપ ત્રીજો ભેદ છે. જેમ, પોતાના ગુણપર્યાયથી દ્રવ્ય અભિન્ન કહે છે=શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે. ॥૫/૧૨॥

ટબો :-

ત્રીજો ભેદ ભેદકલ્પનાઇં હીન શુદ્ધદ્રવ્યાર્થ. "भेदकल्पनारहितः शुद्धद्रव्यार्थिकः" इति तृतीयो भेदः જિમ-એક જીવ-પુદ્ગલાદિક દ્રવ્ય નિજગુણપર્યાયથી અભિન્ન કહિઇં. ભેદ છઇં, પણિ તેહની અર્પણા ન કરી, અભેદની અર્પણા કરી; તે માટિં-અભિન્ન. એ 3 ભેદ શુદ્ધ. ॥૫/૧૨॥

ટબાર્થ :-

ત્રીજો ભેદ, ભેદકલ્પનાથી હીન શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ છે તે અર્થને સ્પષ્ટ કરે છે –

ભેદકલ્પનાથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ ત્રીજો ભેદ છે. જેમ, એક જીવને કે એક પુદ્ગલાદિ દ્રવ્યને પોતાના ગુણપર્યાયથી અભિન્ન કહે છે=શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે.

કેમ અભિન્ન કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

ભેદ છે=પોતાનાથી ગુણપર્યાયનો ભેદ છે, પણ તેની=ભેદની અર્પણા ન કરી, પરંતુ અભેદની અર્પણા કરે. તે માટે અભિન્ન છે=પોતાના ગુણપર્યાયથી દ્રવ્ય અભિન્ન છે. એ ત્રણ ભેદ શુદ્ધ=દ્રવ્યાર્થિકનયના આ ત્રણ ભેદો શુદ્ધ છે. ॥૫/૧૨॥

ભાવાર્થ :-

શુદ્ધ દ્રવ્યને જોનારી ત્રણ દૃષ્ટિ છે. પ્રથમ દૃષ્ટિથી 'કર્મની ઉપાધિથી રહિત એવું શુદ્ધ આત્મદ્રવ્ય' જોવાનો ઉપયોગ મૂકવામાં આવે ત્યારે સંસારવર્તી સર્વ જીવો સિદ્ધસદૃશ દેખાય છે તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ પ્રથમ ભેદ છે, જે કેવલ શુદ્ધ દ્રવ્યરૂપ જીવને આશ્રયીને જ જોવાના વ્યાપારરૂપ છે.

વળી, કોઈ જીવદ્રવ્યને જોતી વખતે તેના દ્રવ્યને જોવામાં આવે, તો તેનું દ્રવ્ય ત્રણેય કાળમાં દ્રવ્યરૂપે અસ્તિત્વ ધરાવે છે અને તે રીતે પુદ્ગલાદિ કોઈપણ દ્રવ્યને જોવામાં આવે તો તે પુદ્ગલદ્રવ્ય દ્રવ્યરૂપે ત્રણે કાળમાં અસ્તિત્વ ધરાવે છે. તે દૃષ્ટિથી દ્રવ્યને જોવાનો ઉપયોગ પ્રવર્તે ત્યારે શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ બીજો ભેદ પ્રાપ્ત થાય છે.

વળી, કોઈ એક જીવદ્રવ્યને જોતી વખતે તે દ્રવ્યમાં વર્તતા ગુણપર્યાયને દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે ત્યારે તેના ગુણપર્યાયો દ્રવ્યથી પૃથક્‌રૂપે જણાતા નથી, પરંતુ તે ગુણપર્યાયરૂપ જ તે દ્રવ્ય છે તેમ જણાય છે; કેમ કે એક પ્રદેશથી દ્રવ્યની સાથે ગુણપર્યાયો વળગેલા છે. તેથી ગુણપર્યાયથી અભિન્ન દ્રવ્યને જોનારી દૃષ્ટિ એ શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ ત્રીજો ભેદ છે અને આ ભેદને જોનાર પણ સ્યાદ્વાદી છે. તેથી પર્યાયાર્થિકનયથી ગુણપર્યાય દ્રવ્યથી પૃથક્ જણાય છે તોપણ ગુણપર્યાયના ભેદની અર્પણા કર્યા વગર દ્રવ્યાર્થિકનયથી ગુણપર્યાયના અભેદની અર્પણા કરીને આ નયદૃષ્ટિ પ્રવર્તે છે.

દ્રવ્યાર્થિકનયના આ ત્રણે ભેદો શુદ્ધ છે; કેમ કે અશુદ્ધ અર્થને સ્પર્શતા નથી. જેમ, પ્રથમ ભેદમાં કર્મઉપાધિરૂપ અશુદ્ધ અંશનો સ્પર્શ નથી માટે શુદ્ધ છે, બીજા ભેદમાં ઉત્પાદવ્યયરૂપ પર્યાય અંશનો સ્પર્શ નથી માટે શુદ્ધ છે અને ત્રીજા ભેદમાં ગુણપર્યાયના ભેદ અંશનો સ્પર્શ નથી માટે શુદ્ધ છે. **॥૫/૧૨॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ બતાવે છે –

ગાથા :-

અશુદ્ધ કર્મોપાધિથી, ચોથો એહનો ભેદો રે;
કર્મભાવમય આતમા, જિમ ક્રોધાદિક વેદો રે. ગ્યાન૦ ॥૫/૧૩॥

ગાથાર્થ :-

એહનો=દ્રવ્યાર્થિકનયનો, કર્મઉપાધિથી અશુદ્ધ ચોથો ભેદ છે. જેમ ક્રોધાદિક કર્મભાવમય આતમા વેદો છો=અનુભવો છો. ।।૫/૧૩।।

ટબો :-

ચોથો એહનો-દ્રવ્યાર્થિકનો ભેદ કર્મોપાધિથી અશુદ્ધ કહવો. "कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः" इति चतुर्थो भेदः।

જિમ-ક્રોધાદિક-કર્મભાવમય આતમા વેદો છો-જાણો છો. જિવારઈં-જે દ્રવ્ય, જે ભાવઈં પરિણમઈં, તિવારઈં-તે દ્રવ્ય, તન્મય કરિ જાણવું. જિમ-લોહ અગ્નિપણાઈં પરિણમિઉં, તે કાલિ-લોહ અગ્નિરૂપ કરી જાણવું. ઈમ-ક્રોધમોહનીયાદિકર્મોદયનઈં અવસરઈં ક્રોધાદિભાવપરિણત આતમા, ક્રોધાદિરૂપ કરી જાણવો. अत एव-આઠ આતમાના ભેદ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છઈ. ।।૫/૧૩।।

ટબાર્થ :-

એહનો=દ્રવ્યાર્થિકનો, ચોથો ભેદ કર્મઉપાધિથી અશુદ્ધ કહેવો.

તે જ સ્પષ્ટ કરે છે –

કર્મઉપાધિસાપેક્ષ એવો અશુદ્ધ દ્રવ્યાર્થિક એ ચોથો ભેદ છે. જેમ, ક્રોધાદિ કર્મભાવમય આત્મા વેદો છો=જાણો છો=તે તે ભાવરૂપે આત્માનો અનુભવ કરો છો.

ક્રોધાદિભાવરૂપે આત્મા કેમ વેદન કરે છે તે સ્પષ્ટ કરે છે –

જે વખતે જે દ્રવ્ય જે ભાવે પરિણમે તે વારે=તે વખતે, તે દ્રવ્ય તન્મય કરી જાણવો=તે ભાવમય જાણવો. જેમ, લોખંડ અગ્નિપણે પરિણમે=અગ્નિથી તપાવીને લાલચોળ બને, તે કાળે લોખંડ અગ્નિરૂપ કરી જાણવું એમ, ક્રોધમોહનીયાદિ કર્મના ઉદયના અવસરે ક્રોધાદિ ભાવપરિણત આત્મા ક્રોધાદિરૂપ કરી જાણવો. આથી જ આત્માના આઠ ભેદ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે. ।।૫/૧૩।।

ભાવાર્થ :-

પારમાર્થિક દૃષ્ટિથી સંસારી અવસ્થામાં રહેલા જીવો આત્મદ્રવ્યરૂપે આત્મા છે અને આત્મા સાથે એક પ્રદેશથી વળગેલાં કર્મો પણ પુદ્ગલરૂપ હોવાથી પુદ્ગલ જ છે, છતાં આત્મા અને કર્મો કથંચિત્ એકત્વ ભાવને પામેલાં છે. તેથી કર્મની ઉપાધિથી આત્મા અશુદ્ધ ભાવવાળો છે; કેમ કે પોતાનો શુદ્ધ ભાવ શક્તિરૂપે હોવા છતાં કર્મના ઉદયને કારણે પ્રગટરૂપે અશુદ્ધ ભાવો વર્તે છે અને કર્મની ઉપાધિથી યુક્ત એવાં અશુદ્ધ ભાવવાળા આત્મદ્રવ્યને જોનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ છે.

આ ચોથા ભેદની દૃષ્ટિથી સંસારી આત્મા જે જે કર્મના ઉદયથી જે જે ભાવોનું વેદન કરે છે, તે ભાવમય તે આત્મા કહેવાય છે. જેમ, અગ્નિથી તપાવેલું લોઢું લાલચોળ બને તે વખતે લોઢું તો લોઢું જ છે

તોપણ તે અગ્નિરૂપ જણાય છે. તેમ, સંસારી જીવોનો આત્મા ક્રોધમોહનીયાદિ કર્મોના ઉદયથી ક્રોધાદિ ભાવથી પરિણત બને છે ત્યારે લોહની જેમ પરમાર્થથી આત્મા તો આત્મા જ છે તોપણ જેમ લોહ અગ્નિરૂપે જણાય છે તેમ તે સંસારી આત્મા ક્રોધાદિરૂપ દેખાય છે. આ રીતે અશુદ્ધ આત્માને જોનારી જે દૃષ્ટિ, તે દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ છે.

વળી, દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ કર્મઉપાધિથી અશુદ્ધ આત્માને સ્વીકારે છે તેથી માત્ર શુદ્ધ આત્માના ભેદો ન સ્વીકારતાં, શુદ્ધ અને અશુદ્ધ બંને આત્માને ગ્રહણ કરીને સિદ્ધાંતમાં આઠ ભેદો કહ્યા છે.

'શ્રી ભગવતીસૂત્ર'ના ૧૨મા શતકના ૧૦મા ઉદ્દેશમાં અને 'પ્રશમરતિ પ્રકરણ'માં આત્માના દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા અને વીર્યાત્મા એ આઠ ભેદો દર્શાવ્યા છે. એમાંથી 'કષાયાત્મા'ના ક્રોધાત્મા આદિ પેટાભેદ જાણવા.

ગાથા-૯માં કર્મની ઉપાધિથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો ભેદ બતાવેલો ત્યાં કર્મવાળી અવસ્થામાં પણ રહેલા એવાં આત્માને જોવાની દૃષ્ટિથી પ્રવર્તતો શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો પહેલો ભેદ હતો. જ્યારે તેનાથી વિરુદ્ધ એવી કર્મની ઉપાધિથી યુક્ત અશુદ્ધ આત્મદ્રવ્યને જોવા માટે પ્રવૃત્ત એવો આ ચોથો ભેદ છે. **॥૫/૧૩॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો પાંચમો ભેદ બતાવે છે –

ગાથા :-

તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉતપતિસાપેખો રે;
ઉત્પાદ, વ્યય, ધ્રુવ-એકઈં, સમઈં દ્રવ્ય જિમ પેખો રે. જ્ઞાન૦ ॥૫/૧૪॥

ગાથાર્થ :-

વળી, તે પાંચમો=દ્રવ્યાર્થિકનયનો પાંચમો, અશુદ્ધ દ્રવ્યાર્થિક, વ્યય-ઉત્પત્તિસાપેક્ષ છે. જેમ, એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ દ્રવ્ય જુઓ. ॥૫/૧૪॥

ટબો :-

તે દ્રવ્યાર્થિક ભેદ પાંચમો – વ્યય-ઉત્પત્તિસાપેક્ષ જાણવો.

"उत्पादव्ययसापेक्षसत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः" पञ्चमः ।

જિમ-એક સમયઈં દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ કહિઈં. જે કટકાદ્યુત્પાદસમય, તેહજ કેયૂરાદિવિનાશસમય; અનઈં-કનકસત્તા તો અવર્જનીય જ છઈં.

"एवं सति-त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्" इति चेत् ?
"न मुख्यगौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात् मुख्यतया स्वस्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापारात् ।" ॥૫/૧૪॥

ટબાર્થ :-

તે=દ્રવ્યાર્થિકનયનો પાંચમો ભેદ, વ્યય-ઉત્પત્તિસાપેક્ષ જાણવો. "ઉત્પાદવ્યયસાપેક્ષસત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક પાંચમો ભેદ છે." જેમ, એક સમયે દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાય છે. જે કટકાદિનો ઉત્પાદ સમય છે તે જ કેયુરઆદિનો વિનાશસમય છે અને કનકસત્તા=સુવર્ણની સત્તા, તો અવર્જનીય જ છે=તે સમયે સુવર્ણની સત્તા તો છે જ.

"આમ હોતે છતે=એક જ સમયે ઉત્પાદવ્યયધ્રૌવ્યને ગ્રહણ કરે છે એમ હોતે છતે, ત્રૈલક્ષણ્યગ્રાહકપણું હોવાને કારણે=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણનું ગ્રાહકપણું હોવાને કારણે, આ=અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનું વચન, પ્રમાણ વચન જ થાય પરંતુ નયવચન થાય નહીં." એ પ્રમાણે જો કોઈ શંકા કરે તો ગ્રંથકારશ્રી કહે છે કે 'એમ ન કહેવું'; કેમ કે મુખ્યગૌણભાવથી જ આ નય વડે=અશુદ્ધ દ્રવ્યાર્થિકનય વડે, ત્રૈલક્ષણ્યનું ગ્રહણ હોવાને કારણે મુખ્યપણાથી તો સ્વસ્વઅર્થગ્રહણમાં નયોનો સપ્તભંગી મુખથી જ વ્યાપાર છે. ॥૫/૧૪॥

ભાવાર્થ :-

ગાથા-૧૧માં શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ બીજો ભેદ બતાવ્યો અને તે ભેદ ઉત્પાદ-વ્યયને ગૌણ સ્વીકારીને સત્તાનો ગ્રાહક હોવાથી શુદ્ધ દ્રવ્યાર્થિકનય બન્યો; કેમ કે સત્તાની જ તે વિવક્ષા કરે છે, ઉત્પાદ-વ્યયની વિવક્ષા કરતો નથી અર્થાત્ વિશેષણરૂપે પણ ગ્રહણ કરતો નથી પરંતુ ઉત્પાદ-વ્યયનો અપલાપ નહીં કરતો હોવાથી સુનય બને છે તેથી ઉત્પાદ-વ્યયનો અનપલાપ કરવારૂપે જ પર્યાયને સ્વીકારે છે. માટે તે દ્રવ્યાર્થિકનયનો બીજો ભેદ શુદ્ધ છે.

વળી, આ પાંચમો ભેદ બીજા ભેદ જેવો જ છે, છતાં તે અશુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ હોવાથી બીજાથી જુદો પડે છે. તે આ રીતે –

આ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એક સમયમાં આભૂષણની કેયૂર અવસ્થાનો નાશ, કટક અવસ્થાનો ઉત્પાદ અને સુવર્ણની સત્તા જોનાર છે. આમ છતાં સુવર્ણની સત્તાને મુખ્ય કરે છે અને ઉત્પાદ-વ્યયને સુવર્ણની સત્તાના વિશેષણરૂપે સ્વીકારે છે તેથી "જેનો વિશેષણરૂપે સ્વીકાર છે તે ગૌણ છે" તે નિયમ મુજબ ઉત્પાદ-વ્યયને ગૌણરૂપે સ્વીકારે છે અને સુવર્ણની સત્તાને મુખ્યરૂપે સ્વીકારે છે. માટે દ્રવ્યાર્થિકનો ભેદ છે. આમ છતાં શુદ્ધ દ્રવ્યાર્થિકનયરૂપ બીજા ભેદની જેમ ઉત્પાદ-વ્યયનો ઉલ્લેખ કરતો નથી એમ નહીં પરંતુ ઉત્પાદ-વ્યયનો વિશેષણરૂપે ઉલ્લેખ કરે છે માટે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયના સ્પર્શને કારણે દ્રવ્યાર્થિકનયનો આ પાંચમો ભેદ અશુદ્ધ બને છે.

અહીં શંકા કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે જો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એક સમયમાં ઉત્પાદ, વ્યય અને સત્તા ત્રણેનું ગ્રહણ કરે છે તેમ સ્વીકારવામાં આવે તો આ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ ત્રિલક્ષણનું ગ્રાહક બને અને જે ત્રણ લક્ષણનું ગ્રહણ કરે તે પ્રમાણવચન છે તેથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનયના વચનને પ્રમાણવચન જ કહેવું પડે, નયવચન છે તેમ કહી શકાય નહીં. આ પ્રકારની શંકાનું નિરાકરણ કરતાં

ગ્રંથકારશ્રી કહે છે કે એમ ન કહેવું અર્થાત્ અશુદ્ધ દ્રવ્યાર્થિકના વચનને નયવચન ન કહી શકાય એમ ન કહેવું; કેમ કે મુખ્ય-ગૌણભાવથી જ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય વસ્તુને ત્રિલક્ષણરૂપે સ્વીકારે છે અર્થાત્ મુખ્યભાવથી તો તે દ્રવ્યને જ સ્વીકારે છે અને ગૌણભાવથી તે ઉત્પાદવ્યયને સ્વીકારે છે માટે નયવચન છે અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણેને જે મુખ્યરૂપે સ્વીકારે તેને પ્રમાણવચન કહેવાય. માટે ઉત્પાદ-વ્યયને ગૌણ સ્વીકારનાર અને ધ્રૌવ્યને મુખ્ય સ્વીકારનાર એવાં અશુદ્ધ દ્રવ્યાર્થિકનયવચનને પ્રમાણવચન કહેવાની આપત્તિ આવે નહીં.

આપત્તિ કેમ આવે નહીં ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

મુખ્યપણાથી સ્વસ્વઅર્થના ગ્રહણમાં=દરેક નય પોતપોતાના અર્થના ગ્રહણમાં, નયોનો સપ્તભંગીમુખથી જ વ્યાપાર છે. આશય એ છે કે દરેક નયો પોતાના વિષય મુખ્ય કરીને 'સ્વરૂપથી અસ્તિ' અને 'પરરૂપથી નાસ્તિ'ને આશ્રયીને સપ્તભંગી કરે છે અને તેમ સ્વીકારીને સપ્તભંગીથી પોતાના વિષયનો પૂર્ણ બોધ કરાવે છે તેથી જે નયો મુખ્યરૂપે પોતાનો વિષય ગ્રહણ કરતાં હોય અને ગૌણરૂપે અન્ય નયોનો વિષય સ્વીકારે એટલા માત્રથી તે નયનાં વચનોને પ્રમાણરૂપે સ્વીકારવાની આપત્તિ આવે નહીં. **॥૫/૧૪॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો છઠ્ઠો ભેદ બતાવે છે –

ગાથા :-

ગહત ભેદની કલ્પના, છટ્ઠો તેહ અશુદ્ધો રે;
જિમ-આતમના બોલિઇં, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે. ગ્યાન૦ ॥૫/૧૫॥

ગાથાર્થ :-

ભેદની કલ્પનાને ગ્રહણ કરતો તે=દ્રવ્યાર્થિકનય, છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. જેમ આત્માના શુદ્ધ જ્ઞાનાદિક ગુણ બોલે છે. ॥૫/૧૫॥

ટબો :-

ભેદની કલ્પના ગ્રહતો છઠો – અશુદ્ધ દ્રવ્યાર્થિક જાણવો. જિમ જ્ઞાનાદિક શુદ્ધ ગુણ આત્માના બોલિઇ. ઈહાં-ષષ્ઠી વિભક્તિ ભેદ કહિઇં છઇ. "भिक्षोः पात्रम्" इति वत्. અનઈં-ભેદ તો ગુણગુણિનઈ છઈ નહીં. "भेदकल्पना सापेक्षोऽशुद्धद्रव्यार्थिकः" षष्ठः ॥૫/૧૫॥

ટબાર્થ :-

ભેદની કલ્પનાને ગ્રહણ કરતો છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિકનય જાણવો. જેમ, 'જ્ઞાનાદિક શુદ્ધ ગુણો આત્માના છે' તેમ બોલે છે. અહીં='આત્માના જ્ઞાનાદિક શુદ્ધ ગુણો છે' એ કથનમાં, છઠ્ઠી વિભક્તિ

ભેદને કહે છે. 'ભિક્ષુનું પાત્ર'-તેની જેમ ભેદને કહે છે અને ભેદ તો ગુણ-ગુણીનો નથી=દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ગુણ-ગુણીનો ભેદ નથી, છતાં ભેદ કહે છે તેથી અશુદ્ધ છે.

ફલિતાર્થ કહે છે –

'ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનો છઠ્ઠો ભેદ છે.' ॥૫/૧૫॥

ભાવાર્થ :-

દ્રવ્યાર્થિકનય દ્રવ્યને જોનારી દૃષ્ટિ છે. તેથી તે દૃષ્ટિથી દ્રવ્યમાં વર્તતા ગુણપર્યાયો-તેને પોતાનાથી પૃથક્ જણાતા નથી પરંતુ ગુણપર્યાય સ્વરૂપ જ દ્રવ્ય છે તેમ જણાય છે. આમ છતાં દ્રવ્યના ગુણપર્યાયોના ભેદની કલ્પના કરીને જ્યારે દ્રવ્યાર્થિકનય પદાર્થને પૃથક્ કરે છે ત્યારે તે અશુદ્ધ બને છે; કેમ કે દ્રવ્યની દૃષ્ટિ છોડીને પર્યાયની દૃષ્ટિથી દ્રવ્યથી પૃથક્ ગુણપર્યાયોને ગ્રહણ કરે છે. આમ છતાં ગુણપર્યાયોની જે ભેદની કલ્પના કરે છે તે વિશેષણરૂપે ગ્રહણ કરે છે તેથી દ્રવ્યની પ્રધાનતા બને છે. માટે દ્રવ્યાર્થિકનય કહેવાય છે અને ગુણપર્યાયના ભેદને દ્રવ્યના વિશેષણરૂપે સ્વીકારીને અશુદ્ધ બને છે. આથી દ્રવ્યાર્થિકનયનો છઠ્ઠો ભેદ ગુણપર્યાયના ભેદની કલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. અશુદ્ધ દ્રવ્યાર્થિકનયની માન્યતાનું દૃષ્ટાંત સ્પષ્ટ કરે છે.

ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય આત્માના જ્ઞાનાદિક શુદ્ધ ગુણોને કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે, શુદ્ધ અવસ્થામાં જે જ્ઞાનાદિક ગુણો છે તે આત્માના ગુણો છે પરંતુ તે ગુણો દ્રવ્યાર્થિકનયથી દૃષ્ટિથી પૃથક્ નથી. આમ છતાં 'આત્માના ગુણો' એ પ્રમાણે કહીને ષષ્ઠી વિભક્તિ કરીને આત્માથી ગુણોનો ભેદ કરે છે. જેમ, 'ભિક્ષુનું પાત્ર' એ કથનમાં ભિક્ષુથી ભિક્ષુના પાત્રનો ભેદ છે તેમ આત્માના જ્ઞાનાદિક ગુણોનો આત્માથી ભેદ કહે છે. વસ્તુતઃ ભિક્ષુના પાત્રનો જેમ ભિક્ષુથી ભેદ છે તેમ આત્માના જ્ઞાનાદિક ગુણોનો આત્માથી ભેદ નથી, છતાં ભેદ કહે છે. માટે દ્રવ્યાર્થિકનયનો આ છઠ્ઠો ભેદ અશુદ્ધ છે.

આત્માદિમાં વર્તતા ગુણપર્યાયનો આત્માદિથી ભેદ છે એ પ્રકારની કલ્પનાથી રહિત એવાં શુદ્ધ દ્રવ્યને જોવા માટે પ્રવૃત્ત એવો શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો ત્રીજો ભેદ હતો. તેથી ત્રીજા ભેદમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો અભેદ પ્રતીત થતો હતો. તેના બદલે આ છઠ્ઠા ભેદમાં આત્માદિના ગુણપર્યાયોને આત્માદિ સાથે અભેદ હોવા છતાં ભેદની કલ્પના કરીને આ છઠ્ઠો ભેદ પ્રવર્તે છે. તેથી અશુદ્ધ દ્રવ્યાર્થિકનય છે. **॥૫/૧૫॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો સાતમો ભેદ બતાવે છે –

ગાથા :-

અન્વયદ્રવ્યાર્થિક કહિઓ, સપ્તમ એક સ્વભાવો રે;
દ્રવ્ય એક જિમ ભાષિઇં, ગુણ-પર્યાય સ્વભાવો રે. ગ્યાન૦ ॥૫/૧૬॥

ગાથાર્થ :-

એક સ્વભાવ "અન્વય દ્રવ્યાર્થિક" સાતમો ભેદ કહ્યો છે. જેમ એક દ્રવ્ય ગુણપર્યાયસ્વભાવ ભાખે છે=બોલે છે. ।।૫/૧૬।।

ટબો :-

સાતમો અન્વયદ્રવ્યાર્થિક કહિઓ, જે-એક સ્વભાવ બોલઈ. જિમ-એક જ દ્રવ્ય-ગુણપર્યાયસ્વભાવ કહિઈં. ગુણપર્યાયનઈં વિષયઈં દ્રવ્યનો અન્વય છઈ. अत एव-દ્રવ્ય જાણિ દ્રવ્યાર્થદેશઈં "तदनुगत सर्व गुणपर्याय जाणया" કહિઈં. જિમ-સામાન્ય પ્રત્યાસત્તિ પરવાદી "સર્વ વ્યક્તિ જાણી" કહઈ, તિમ-ઈહાં જાણવું. "अन्वयद्रव्यार्थिकः सप्तमः"। ।।૫/૧૬।।

ટબાર્થ :-

સાતમો "અન્વય દ્રવ્યાર્થિક" કહ્યો છે, જે એકસ્વભાવ બોલે છે.

કઈ રીતે એકસ્વભાવ બોલે છે તે સ્પષ્ટ કરે છે –

જેમ, એક જ દ્રવ્ય ગુણપર્યાયસ્વભાવ કહે છે.

એક દ્રવ્યને ગુણપર્યાયસ્વભાવ કહે છે તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

ગુણપર્યાયના વિષયમાં દ્રવ્યનો અન્વય છે=ગુણપર્યાયની અંદર દ્રવ્ય અન્વિતરૂપે વ્યાપીને રહેલ છે. આથી જ દ્રવ્યાર્થ દેશથી=દ્રવ્યાર્થનયની દૃષ્ટિથી, દ્રવ્યને જાણીએ, તેના અનુગત=તે દ્રવ્યમાં અનુગત, સર્વ ગુણપર્યાયો જાણ્યા કહેવાય છે. જેમ, સામાન્ય પ્રત્યાસત્તિથી=ઘટત્વરૂપ સામાન્ય ઉપસ્થિતિથી, પરવાદી=નૈયાયિક, 'સર્વ વ્યક્તિ જાણી' એમ કહે છે તેમ અહીં જાણવું=દ્રવ્યને જાણવાથી તેને અનુગત સર્વ ગુણપર્યાય જણાય છે તેમ જાણવું. 'અન્વયદ્રવ્યાર્થિક' સાતમો ભેદ છે. ।।૫/૧૬।।

ભાવાર્થ :-

દ્રવ્યાર્થિકનયનો સાતમો ભેદ 'અન્વયદ્રવ્યાર્થિક' કહ્યો છે અને તે નય કહે છે કે, દ્રવ્ય એકસ્વભાવ છે અર્થાત્ એક જ દ્રવ્ય, ગુણપર્યાયસ્વભાવ છે. દ્રવ્યાર્થિકનય દ્રવ્યને ગુણપર્યાયસ્વભાવ કેમ કહે છે ? તેથી કહે છે –

કોઈ એક દ્રવ્યના ગુણપર્યાયને જોઈએ તો તેમાં દ્રવ્યનો અન્વય દેખાય છે અર્થાત્ કોઈ એક સ્થાનમાં દ્રવ્ય છે, અન્ય સ્થાનમાં ગુણ છે અને અન્ય સ્થાનમાં પર્યાય છે એવું દેખાતું નથી પરંતુ તે ગુણપર્યાયમાં દ્રવ્ય અન્વયીરૂપે પ્રતીત થાય છે તેથી અન્વયી પ્રતીતિવાળા દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી તે દ્રવ્ય ગુણપર્યાયએકસ્વભાવ પ્રતીત થાય છે. આ અન્વય દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ગુણપર્યાયના વિષયમાં દ્રવ્યઅન્વયી છે. તેની સ્પષ્ટતા કરવા યુક્તિ બતાવે છે –

આથી જ=ગુણપર્યાયના વિષયમાં દ્રવ્યનો અન્વય છે આથી જ, દ્રવ્યાર્થિકનયના આદેશથી દ્રવ્યને જાણીએ ત્યારે 'તે દ્રવ્યઅનુગત સર્વ ગુણપર્યાયો જાણ્યા' તેમ કહેવાય છે; કેમ કે તે દ્રવ્ય ગુણપર્યાય એકસ્વભાવ છે. તેથી દ્રવ્યના બોધ સાથે જ ગુણપર્યાયનો અવશ્ય બોધ થાય છે. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યને જાણવાથી ગુણપર્યાય જણાય છે તેમાં યુક્તિ બતાવે છે –

જેમ પરવાદી એવાં નૈયાયિક કહે છે કે 'સામાન્ય પ્રત્યાસત્તિથી સર્વ વ્યક્તિ જણાય છે', તેમ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યને જાણવાથી ગુણપર્યાય જણાય છે.

આશય એ છે કે કોઈ વ્યક્તિને સામે રહેલા એક ઘટનો 'આ ઘટ છે' એવો બોધ કરાવવામાં આવે અને તે વ્યક્તિનો તે બોધ સ્થિર થાય તો જે ઘટને તે વ્યક્તિએ પૂર્વે ક્યારેય જોયો નથી તે ઘટને જોઈને પણ તે વ્યક્તિ કહે છે કે 'આ ઘટ છે.' આ પ્રકારનો બોધ થવાનું કારણ એ છે કે, જે ઘટને પૂર્વે તેણે જોયેલો, તેમાં રહેલું ઘટત્વ, તે સર્વ ઘટમાં સામાન્ય છે અને તે સામાન્ય ઘટત્વની પ્રત્યાસત્તિ=તે સામાન્ય ઘટત્વનો સંબંધ, અન્ય સર્વ ઘટોમાં છે. તેથી એક ઘટના બોધથી તે સર્વ ઘટવ્યક્તિને જાણે છે એમ નૈયાયિકો કહે છે. તેની જેમ તે દ્રવ્યના સર્વ ગુણપર્યાયોમાં તે દ્રવ્ય અન્વયી છે. તેથી કોઈ વ્યક્તિએ એક દ્રવ્યને જાણ્યું તો તે દ્રવ્યના ભૂતના, ભાવિના અને વર્તમાનના સર્વ ગુણપર્યાયોને દ્રવ્યાર્થિકનયના આદેશથી તે જાણે છે એમ કહેવાય છે; કેમ કે તે સર્વ ગુણપર્યાયએકસ્વભાવ દ્રવ્ય છે. તેથી 'દ્રવ્યના બોધને કારણે સામાન્યથી સર્વ ગુણપર્યાયોનો બોધ થયો' તેમ કહેવાય છે. **॥૫/૧૬॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો આઠમો ભેદ બતાવે છે –

ગાથા :-

સ્વદ્રવ્યાદિકગ્રાહકો, ભેદ આઠમો ભાખ્યો રે;
સ્વદ્રવ્યાદિક ચ્યારથી, છતો અરથ જિમ દાખ્યો રે. જ્ઞાન૦ ॥૫/૧૭॥

ગાથાર્થ :-

સ્વદ્રવ્યાદિકગ્રાહક આઠમો ભેદ કહેવાયો છે. જેમ સ્વદ્રવ્યાદિક ચારથી વિદ્યમાન અર્થ બતાવ્યો છે. ॥૫/૧૭॥

ટબો :-

સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક આઠમો ભેદ ભાષિઓ. જિમ અરથ ઘટાદિક-સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ-એ ૪થી છતો કહિઓ. સ્વદ્રવ્યથી-મૃત્તિકાઈં, સ્વક્ષેત્રથી-પાટલિપુત્રાદિકઈં, સ્વકાલથી-વિવક્ષિત કાલઈં, સ્વભાવથી-રક્તતાદિક ભાવઈ જ ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છઈ. "स्वद्रव्यादिग्राहको द्रव्यार्थिकः अष्टमः"। ॥૫/૧૭॥

ટબાર્થ :-

સ્વદ્રવ્યાદિકગ્રાહક દ્રવ્યાર્થિકનો આઠમો ભેદ કહેવાયો છે. જેમ ઘટાદિક અર્થ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એ ચારથી વિદ્યમાન કહેવાયો છે.

'સ્વદ્રવ્યાદિક' પદાર્થ સ્પષ્ટ કરે છે –

સ્વદ્રવ્યથી મૃત્તિકાદિ દ્રવ્ય, સ્વક્ષેત્રથી પાટલીપુત્રાદિક નિષ્પત્તિનું ક્ષેત્ર, સ્વકાળથી વિવક્ષિતકાળ અર્થાત્ ઘટનો વિદ્યમાન કાળ અને સ્વભાવથી ઘટમાં વર્તતા રક્તાદિ ભાવ જ. આ દ્રવ્યાદિ ચારથી ઘટાદિની સત્તા પ્રમાણસિદ્ધ છે. 'સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયનો આઠમો ભેદ છે'. ॥૫/૧૭॥

ભાવાર્થ :-

કોઈપણ ઘટાદિ દ્રવ્યને જોવામાં આવે અને તે ઘટાદિની સત્તા કઈ રીતે વિદ્યમાન છે તેનું વર્ણન કરવા માટે ચાર દૃષ્ટિથી તેનો વિચાર થાય છે. તે આ રીતે –

જેમ કોઈ વિવક્ષિત ઘટનું વર્ણન કરીએ તો, જે માટીનો તે ઘટ બનેલો છે તે માટીરૂપ સ્વદ્રવ્યથી તે ઘટની સત્તા છે, અન્ય માટી કે અન્ય દ્રવ્યથી તે ઘટની સત્તા નથી. સ્વક્ષેત્રથી તેની સત્તા છે અર્થાત્ જે પાટલીપુત્રાદિ ક્ષેત્રમાં તે રહેલો છે અથવા જે પાટલીપુત્રાદિ ક્ષેત્રમાં ઉત્પન્ન થયો છે તે અપેક્ષાએ તે ઘટની સત્તા છે, અન્ય ક્ષેત્રમાં તે ઘટની સત્તા નથી. જે કાળમાં ઘટ વિદ્યમાન છે તે કાળની અપેક્ષાએ તે ઘટની સત્તા છે, પરંતુ જ્યારે તે ઘટ ઉત્પન્ન થયો ન હતો કે ઉત્પન્ન થયા પછી જ્યારે તે ઘટ નાશ પામ્યો તે કાળમાં તે ઘટની સત્તા નથી. વળી, તે ઘટાદિ વસ્તુમાં જે રક્તાદિ ભાવો વર્તી રહ્યા છે તે ભાવથી તે ઘટની સત્તા છે, અન્ય ભાવોથી તે ઘટની સત્તા નથી.

આ રીતે દરેક દ્રવ્યની સ્વદ્રવ્યાદિકથી જોવાની દૃષ્ટિ તે સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયનો આઠમો ભેદ છે. **॥૫/૧૭॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો નવમો ભેદ બતાવે છે –

ગાથા :-

પરદ્રવ્યાદિકગ્રાહકો, નવમ ભેદ તે માંહી રે;
પરદ્રવ્યાદિક ચ્યારથી, અર્થ છતો જિમ નાંહી રે. જ્ઞાન૦ ॥૫/૧૮॥

ગાથાર્થ :-

તે માંહી=દ્રવ્યાર્થિકનયમાં, પરદ્રવ્યાદિગ્રાહક નવમો ભેદ છે. જેમ, પરદ્રવ્યાદિક ચારથી અર્થ છતો નાંહી=છે નહીં=વિદ્યમાન નથી. ॥૫/૧૮॥

ટબો :-

તે માંહિં-દ્રવ્યાર્થિકમાંહિ, પર-દ્રવ્યાદિ ગ્રાહક નવમો ભેદ કહિઓ છઈ. જિમ-અર્થ ઘટાદિક, પરદ્રવ્યાદિક ૪થી છતો નહીં. પરદ્રવ્ય-તંતુ પ્રમુખ-તેહથી ઘટ અસત્ કહીઈં, પરક્ષેત્ર-જે કાશી પ્રમુખ તેહથી, પરકાલ-અતીત, અનાગતકાલ તેહથી, પરભાવથી-કાલાદિક ભાવઈં વિવક્ષિત વિષયઈં અછતા પર્યાય-તેહથી. "परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः"। **॥૫/૧૮॥**

ટબાર્થ :-

તે માંહી=દ્રવ્યાર્થિકનયમાં, પરદ્રવ્યાદિકગ્રાહક નવમો ભેદ કહ્યો છે=દિગંબર સંપ્રદાયવાળાએ કહ્યો છે. જેમ, ઘટાદિ અર્થ પરદ્રવ્યાદિક ચારથી છતો નથી=વિદ્યમાન નથી.

કઈ રીતે વિદ્યમાન નથી ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

પરદ્રવ્ય તંતુ વગેરે, તેહથી ઘટ અસત્ કહેવાય છે અર્થાત્ ઘટ નથી એમ કહેવાય છે. પરક્ષેત્ર જે કાશી વગેરે, તેહથી ઘટ નથી. પરકાળ=અતીત અનાગતકાળ=ઘટના વિદ્યમાન કાળથી અતીત અને અનાગતકાળ, તેહથી ઘટ નથી. પરભાવથી=કાલાદિક ભાવથી=વિવક્ષિત વિષયવાળા અછતા પર્યાય તેહથી=વિવક્ષિત એવાં ઘટમાં અવિદ્યમાન એવાં શ્યામ આદિ પર્યાયથી, ઘટ નથી. એ પ્રમાણે કહેનાર પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયનો નવમો ભેદ છે. ॥૫/૧૮॥

ભાવાર્થ :-

વર્તમાનમાં કોઈ ઘટ વિદ્યમાન છે તે ઘટ, તંતુદ્રવ્યથી વિદ્યમાન નથી કે તે ઘટની મૃદ્થી અન્ય એવી મૃદ્થી પણ ઘટ વિદ્યમાન નથી તેથી તંતુને કે તે ઘટના મૃદ્થી અન્ય મૃદ્ને ગ્રહણ કરીને તે સ્વરૂપે પુરોવર્તી 'ઘટ નથી' એમ કહેવાય છે.

વળી, જે ક્ષેત્રમાં ઘટ નિષ્પન્ન થયો છે અથવા વિદ્યમાન છે, તે ક્ષેત્રથી અન્ય ક્ષેત્રને ગ્રહણ કરીને 'તે ક્ષેત્રથી આ ઘટ નથી' એમ કહેવાય છે.

વળી, ઘટના વિદ્યમાન કાળથી પૂર્વના કાળની અપેક્ષાએ કે ભવિષ્યના કાળની અપેક્ષાએ 'આ ઘટ નથી' એમ કહેવાય છે.

વળી, તે વિવક્ષિત ઘટમાં જે શ્યામાદિ ભાવો વિદ્યમાન નથી તેનો વિષય કરીને તે ભાવ સ્વરૂપે 'આ ઘટ નથી' એમ કહેવાય છે.

આ પ્રકારનું કથન પરદ્રવ્યાદિનું ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનયનો નવમો ભેદ કરે છે. **॥૫/૧૮॥**

અવતરણિકા :-

દ્રવ્યાર્થિકનયનો દસમો ભેદ બતાવે છે –

ગાથા :-

પરમભાવગ્રાહક કહિઓ, દસમો જસ અનુસારો રે;
જ્ઞાનસ્વરૂપી આતમા, જ્ઞાન સર્વમાં સારો રે. જ્ઞાન૦ ॥૫/૧૯॥

ગાથાર્થ :-

પરમભાવગ્રાહક દસમો ભેદ કહ્યો છે. જેને અનુસારે=જે દસમા ભેદરૂપ દ્રવ્યાર્થિકનયને અનુસારે, જ્ઞાનસ્વરૂપી આત્મા છે. આત્મા અન્ય સ્વરૂપ હોવા છતાં જ્ઞાન સ્વરૂપ કેમ કહ્યો ? તેથી કહે છે.

જ્ઞાન સર્વમાં સાર છે=પ્રધાન છે. ॥૫/૧૯॥

ટબો :-

દસમો દ્રવ્યાર્થિક પરમભાવગ્રાહક કહિઓ, જે નયનઈં અનુસારઈં-આત્મા જ્ઞાનસ્વરૂપ કહિઈં છઈ. દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિક આત્માના અનંત ગુણ છઈ, પણિ-સર્વમાં જ્ઞાન સાર-ઉત્કૃષ્ટ છઈ. અન્ય દ્રવ્યથી આત્માનઈં ભેદ જ્ઞાનગુણઈ દેખાડિઈં છઈ તે માટિં, શીઘ્રોપસ્થિતિકપણાઈં આત્માનો જ્ઞાન તે પરમ ભાવ છઈ. ઈમ બીજાઈં દ્રવ્યના પરમભાવ-અસાધારણ ગુણ લેવા. "परमभावग्राहको द्रव्यार्थिकः" दशमः । ॥૫/૧૯॥

ટબાર્થ :-

દ્રવ્યાર્થિકનો દસમો ભેદ પરમભાવગ્રાહક કહ્યો છે. જે નયના અનુસારે, આત્મા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિક આત્માના અનંત ગુણ છે, પણ સર્વમાં જ્ઞાન સાર છે=ઉત્કૃષ્ટ છે.

સર્વમાં જ્ઞાન કેમ ઉત્કૃષ્ટ છે ? તેથી કહે છે –

અન્યદ્રવ્યથી આત્માનો ભેદ જ્ઞાનગુણ દેખાડે છે તે માટે, જ્ઞાન ઉત્કૃષ્ટ છે-એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે, આત્માનો જ્ઞાનગુણ ઉત્કૃષ્ટ હોય તોપણ તેને પરમભાવ કેમ કહ્યો ? તેથી કહે છે –

શીઘ્ર ઉપસ્થિતિકપણે આત્માનું જ્ઞાન છે તેથી તે પરમભાવ છે. એ રીતે બીજા દ્રવ્યના=આત્માથી અતિરિક્ત પુદ્ગલાદિક દ્રવ્યના, પરમભાવ=અસાધારણ ગુણ, લેવા.

ફલિતાર્થ કહે છે –

પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક એ દસમો ભેદ છે. ॥૫/૧૯॥

ભાવાર્થ :-

દ્રવ્યાર્થિકનયનો દસમો ભેદ પરમભાવગ્રાહક નય છે, જે નય આત્માને જ્ઞાનસ્વરૂપ કહે છે. અહીં પ્રશ્ન થાય કે આત્મા માત્ર જ્ઞાન-સ્વરૂપ નથી પરંતુ દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિ આત્માના અનંત ગુણો છે અર્થાત્ સંસારી આત્મામાં અપરિમિત ગુણો છે છતાં તે સર્વ ગુણોને ગ્રહણ ન કરતાં માત્ર આત્મામાં વર્તતા જ્ઞાનરૂપ ઉત્કૃષ્ટ ગુણને ગ્રહણ કરીને આત્માને જ્ઞાનસ્વરૂપ કહેલ છે. આ પરમભાવગ્રાહકનય માત્ર સિદ્ધના આત્માને જ્ઞાનગુણરૂપ કહેતો નથી પરંતુ સંસારી આત્માને પણ જ્ઞાનસ્વરૂપ કહે છે.

આત્મામાં વર્તતા અન્ય ગુણોને છોડીને જ્ઞાનગુણને જ પરમભાવગ્રાહકનય કેમ ગ્રહણ કરે છે ? તેથી કહે છે –

અન્ય દ્રવ્યોથી આત્માનો ભેદ જ્ઞાનગુણ દેખાડે છે તેથી તેને પરમભાવગ્રાહકનય ગ્રહણ કરે છે. અહીં પ્રશ્ન થાય કે, દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિ ગુણો પણ આત્માથી અન્યમાં નથી તેથી તે ગુણોથી પણ આત્માનો અન્ય કરતાં ભેદ છે એમ ઉપસ્થિત થાય છે. છતાં પરમભાવગ્રાહકનય જ્ઞાનગુણને જ કેમ ગ્રહણ કરે છે ? તેથી કહે છે –

આત્માને જોતાં શીઘ્રઉપસ્થિતિ પણ જ્ઞાનથી થાય છે; કેમ કે જડ કરતાં આત્માનો ભેદ જ્ઞાનગુણથી જ શીઘ્ર ઉપસ્થિત થાય છે તેથી પરમભાવગ્રાહકનય આત્માને દર્શનચારિત્રસ્વરૂપ કહેતો નથી પરંતુ જ્ઞાનસ્વરૂપ જ કહે છે. વળી, જેમ જ્ઞાનસ્વરૂપથી આત્માના પરમભાવને આ દસમો ભેદ ગ્રહણ કરે છે તેમ, પુદ્ગલાદિક અન્ય દ્રવ્યોને પણ આ પરમભાવગ્રાહકનય અસાધારણ ગુણોથી ગ્રહણ કરે છે તેથી પુદ્ગલને પૂરણ-ગલન સ્વભાવથી પરમભાવગ્રાહકનય ગ્રહણ કરે છે, પરંતુ પુદ્ગલાદિને જડપણા સ્વરૂપે ગ્રહણ કરતો નથી. ધર્માસ્તિકાયને ગતિમાં સહાયક ગુણથી ગ્રહણ કરે છે, અધર્માસ્તિકાયને સ્થિતિમાં સહાયક ગુણથી ગ્રહણ કરે છે, આકાશાસ્તિકાયને અવગાહનાદાયક ગુણથી ગ્રહણ કરે છે અને કાળને વર્તના ગુણથી ગ્રહણ કરે છે.

ઢાળની અંતિમ ગાથામાં 'જસ' શબ્દ 'જેનો=જે નયનો' વાચક છે અને ઢાળ રચનાર 'શ્રી યશોવિજયજી'ના નામનો પણ વાચક છે. આથી 'जस' શબ્દ લિપ્યંતરમાં લખેલ છે. **॥૫/૧૯॥**



ઢાળ-૬

પૂર્વની ઢાળ સાથેનું જોડાણ :-

પાંચમી ઢાળની ગાથા-૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, આવો સુંદર માર્ગ છોડીને દિગંબર ઉપનય વગેરે કલ્પે છે અને તે પ્રપંચ જાણવા માટે ગ્રંથકારશ્રી બતાવે છે એમ કહીને ગાથા-૮માં કહેલ કે, નવ નય અને ત્રણ ઉપનય દિગંબરો માને છે. તે નવ નયમાંથી દ્રવ્યાર્થિકનયના દસ ભેદો દિગંબરો કઈ રીતે માને છે ? તે અત્યાર સુધી બતાવેલ છે. હવે પર્યાયાર્થિકનયથી શરૂ કરીને બાકીના આઠે નયો અને તેના ભેદો દિગંબરો કઈ રીતે માને છે ? તે પ્રસ્તુત ઢાળમાં બતાવે છે.

અવતરણિકા :-

પર્યાયાર્થિકનયના છ ભેદો દિગંબરો માને છે તેને ક્રમસર બતાવે છે –

ગાથા :-

ષટ ભેદ નય પર્યાયઅરથો, પહિલો અનાદિક નિત્ય રે;
પુદ્‌ગલતણા પર્યાય કહિઇં, જિમ મેરુગિરિમુખ નિત્ય રે. ॥૬/૧॥
બહુભાંતિ ફઇલી જઇન શઇલી, સાચલૂં મનિ ધારિ રે;
ખોટડૂં જે કાંઇ જાણઇ, તિહાં ચિત્ત નિવારિ રે. બહુ૦ ॥૬/૨॥

ગાથાર્થ :-

પર્યાયાર્થિકનયના છ ભેદો છે. પહેલો=પર્યાયાર્થિકનયના છ ભેદોમાંથી પહેલો, અનાદિ નિત્ય=અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય, દિગંબરો કહે છે. જેમ પુદ્‌ગલના પર્યાય મેરુગિરિ પ્રમુખ નિત્ય કહે છે=પ્રવાહથી નિત્ય કહે છે. ॥૬/૧॥

બહુભાંતિ જૈન શૈલી ફેલી છે=ઘણા પ્રકારે જૈન શૈલી દિગંબર મતમાં ફેલાઈ છે. સાચું મનમાં ધારી=દિગંબર મતની તે શૈલીમાં જે સાચું હોય તેને મનમાં ધારી, જે કાંઈ ખોટું જણાય, ત્યાં ચિત્ત નિવારવું જોઈએ. ॥૬/૨॥

ટબો :-

પર્યાયાર્થનય છ ભેદ જાણવો. તિહાં-પહલો અનાદિ નિત્ય શુદ્ધપર્યાયાર્થિક કહિઇં. જિમ પુદ્‌ગલનો પર્યાય મેરુપ્રમુખ, પ્રવાહથી અનાદિ, નઈં નિત્ય છઈ. અસંખ્યાતકાલઈં-અન્યાન્ય પુદ્‌ગલ સંક્રમઈં, પણિ-સંસ્થાન તેહ જ છઈ. ઈમ રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાય પણિ જાણવા. ॥૬/૧॥

ઘણાઈં પ્રકારઈં જૈન શૈલી ફઈલી છઈ. દિગમ્બર મત પણિ જૈનદર્શન નામ ધરાવી એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવઈ છઈ. તેહમાંહિં વિચારતાં જે સાચું હોઈ તે મન માંહિં ધારિઈ. તિહાં-જે કાંઈ ખોટું જાણાઈં તે ચિત્તમાંહિં ન ધરઈ, પણિ-શબ્દફેરમાત્રઈં દ્વેષ ન કરવો, અર્થ જ પ્રમાણ છઈ. ॥૬/૨॥

ટબાર્થ :-

પર્યાયાર્થિકનય છ ભેદવાળો જાણવો. તેમાં પહેલો ભેદ અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય દિગંબરો કહે છે. જેમ પુદ્ગલનો પર્યાય મેરુ વિગેરે પ્રવાહથી અનાદિ છે અને નિત્ય છે.

અહીં પ્રશ્ન થાય કે પર્યાય અનાદિ અને નિત્ય કઈ રીતે સંભવે ? અર્થાત્ સંભવે નહીં, પરંતુ દ્રવ્ય જ અનાદિ નિત્ય સંભવી શકે. તેથી તેના નિવારણ અર્થે કહે છે –

અસંખ્યાત કાળે અન્ય અન્ય પુદ્ગલ સંક્રમે પણ સંસ્થાન તે જ છે=પ્રતિક્ષણ મેરુમાંથી પુદ્ગલો ચય પામે છે અને અન્ય અન્ય પુદ્ગલો પ્રવેશ પામે છે અને અસંખ્યાતકાળે તે મેરુમાં સર્વ પુદ્ગલો પરિવર્તન થઈ જાય છે તોપણ મેરુનું સંસ્થાન અસંખ્યાતકાળે પૂર્વમાં જેવું હતું તેવું જ રહે છે, તેથી શુદ્ધ પર્યાયાર્થિકનયનો પહેલો ભેદ તે મેરુના પર્યાયને અનાદિ નિત્ય કહે છે. ઈમ=એ રીતે=મેરુમાં જેમ સંગતિ કરી એ રીતે, રત્નપ્રભાદિક પૃથ્વીના પર્યાય પણ જાણવા. ॥૬/૧॥

ઘણા પ્રકારની જૈન શૈલી ફેલાઈ છે.

અહીં પ્રશ્ન થાય કે દિગંબર મતમાં ઘણા પ્રકારનું કથન હોય તે કથનને જૈન શૈલી કેમ કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહીં; કેમ કે જિન વડે કહેવાયેલી હોય તેને જૈન શૈલી કહી શકાય. તેના નિવારણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

દિગંબર મત પણ જૈન દર્શન નામ ધરાવે છે અને નયની શૈલી પ્રવર્તાવે છે. તેથી તેને ગ્રંથકારશ્રીએ જૈન શૈલી કહેલ છે. તેમાં વિચારતાં=દિગંબર દ્વારા ઘણા પ્રકારની જૈન શૈલી પ્રવર્તાઈ છે તેમાં વિચારતાં, જે સાચું હોય તે મનમાં ધારણ કરવું જોઈએ. તેમાં જે કાંઈ ખોટું જણાય, તે ચિત્તમાં ધારણ કરવું જોઈએ નહીં, પરંતુ શબ્દફેરમાત્રથી=શ્વેતાંબર સંપ્રદાયના શબ્દ કરતાં દિગંબર સંપ્રદાયના શબ્દો જુદા છે તેટલા માત્રથી, દ્વેષ કરવો નહીં=તે વચનો મિથ્યા છે તેમ માનવું નહીં; કેમ કે અર્થ જ પ્રમાણ છે=દિગંબરના શબ્દોથી વાચ્ય યથાર્થ અર્થ હોય તો તે અર્થ જ પ્રમાણ છે. ॥૬/૨॥

ભાવાર્થ :-

દિગંબર સંપ્રદાયમાં નવ નયો સ્વીકારાયા છે. તેમાંથી પર્યાયાર્થિકનયરૂપ બીજો ભેદ છે જેમાં દિગંબર મત છ ભેદો સ્વીકારે છે. તેમાં પર્યાયાર્થિકનયનો પહેલો ભેદ 'અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય છે' એમ તેઓ કહે છે તેમાં દૃષ્ટાંત આપે છે કે મેરુપર્વત વગેરે જે શાશ્વત વસ્તુઓ છે તે અનાદિકાળથી છે અને

નિત્ય તે સ્વરૂપે રહેલા છે. તેને જોનારી પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી તે મેરુપર્વતનો પર્યાય મેરુપર્વતરૂપે અનાદિ નિત્ય દેખાય છે; કેમ કે જે રૂપે વર્તમાનમાં તે મેરુપર્વત દેખાય છે તે રૂપે જ સદા રહેવાનો છે. આમ છતાં તે મેરુપર્વતમાં રહેલા પુદ્ગલો પ્રતિક્ષણ તેમાંથી નીકળે છે અને અન્ય પુદ્ગલ પ્રતિક્ષણ તેમાં સંક્રમણ પામે છે. તેથી અસંખ્યાતકાળ પૂર્વે મેરુપર્વતમાં જે પુદ્ગલો હતા તેનાથી સર્વ અન્ય પુદ્ગલો અસંખ્યાતકાળ પછી મેરુપર્વતમાં પ્રાપ્ત થાય છે, છતાં તે મેરુપર્વતનું સંસ્થાન એવું જ રહે છે જરા પણ બદલાતું નથી. તેથી અનાદિનિત્ય શુદ્ધપર્યાયાર્થિકનય તે મેરુપર્વતને તેના પર્યાયને આશ્રયીને અનાદિ નિત્ય કહે છે.

વળી, મેરુપર્વતની જેમ રત્નપ્રભાઆદિ પૃથ્વીઓમાં પણ સદા પુદ્ગલોનું પરિવર્તન થવા છતાં તેનું સંસ્થાન સદા સમાન રહે છે. તેને જોનાર આ પર્યાયાર્થિકનયનો પહેલો ભેદ છે. તેથી તે પર્યાયની દૃષ્ટિએ પણ તે સર્વને અનાદિ નિત્ય કહે છે. **॥૬/૧॥**

પૂર્વ ગાથામાં પર્યાયાર્થિકનયનો પહેલો ભેદ બતાવ્યો. તે ગ્રંથકારશ્રીને સર્વથા ઇષ્ટ જણાતો નથી; કેમ કે આ નય અનાદિ નિત્ય પદાર્થને સ્વીકારનાર હોય છતાં તેને શુદ્ધપર્યાયાર્થિકનય કહેવો ઉચિત નથી છતાં જિનવચનથી સર્વથા વિરુદ્ધ પણ નથી તેથી કહે છે –

ઘણા પ્રકારની જૈન શૈલી ફેલાયેલી છે. તેથી તે જૈન શૈલીથી આ પર્યાયાર્થિકનયનો પહેલો ભેદ કહેવાયો છે. અહીં પ્રશ્ન થાય કે, જૈન શૈલી તો જિન વડે કહેવાયેલી હોવાથી પ્રમાણિક જ છે. તેથી જૈન શૈલી કહ્યા પછી તે ઘણા પ્રકારે ફેલાયેલી છે એમ કહીને તે સંગત નથી એમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

દિગંબર મત પણ જૈનદર્શન નામ ધરાવે છે તેથી તેનું જે કથન સર્વજ્ઞના વચનઅનુસાર ન હોય તોપણ તે જૈનદર્શનની શૈલી છે તે બતાવવા માટે એમ કહ્યું કે ઘણા પ્રકારની જૈન શૈલી ફેલાયેલી છે અને કંઈક જિનવચનાનુસાર અને કંઈક વિપરીત એવી નયની અનેક શૈલી તે દિગંબર પ્રવર્તાવે છે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે દિગંબરની તે જૈન શૈલીમાંથી વિચારતાં જે સાચું હોય તેને મનમાં ધારણ કરવું જોઈએ અને તેમાં જે કાંઈ ખોટું જણાય, તેને ચિત્તમાં ધારણ કરવું જોઈએ નહીં પરંતુ શ્વેતાંબર સંપ્રદાયથી દિગંબરની શૈલીમાં જે શબ્દફેરમાત્ર હોય તેનો વિચાર કરીને તે પ્રમાણભૂત નથી એમ કહીને દિગંબરના વચન પ્રત્યે દ્વેષ કરવો જોઈએ નહીં પરંતુ તેના કથનમાં પણ જે કાંઈ જિનવચનાનુસાર અર્થ છે તે પ્રમાણ છે માટે વિવેકીએ દિગંબરની શૈલીથી બતાવાયેલા નયોની વિચારણા કરવી જોઈએ અને શ્વેતાંબર સંપ્રદાયના સુવિહિત એવાં પૂર્વપુરુષોએ જિનવચનાનુસાર નયોનાં જે વચનો કહ્યાં છે તેનો યથાર્થ બોધ કરીને તે વચનોને અનુરૂપ જ અર્થને બતાવનાર દિગંબર શૈલીના શબ્દફેરથી જે બતાવેલું હોય તેને પ્રમાણરૂપે સ્વીકારવું જોઈએ અને શ્વેતાંબર સંપ્રદાયના સુવિહિત એવાં પૂર્વમુનિઓના વચનથી નયના પરમાર્થને જાણીને તે વચનથી વિપરીત અર્થને કહેનારાં જે વચનો દિગંબર શૈલીમાં બતાવેલાં હોય તેને 'આ જિનવચનાનુસાર નથી' તેમ નિર્ણય કરીને ચિત્તમાં રુચિથી ધારણ કરવાં નહીં. **॥૬/૨॥**

અવતરણિકા :-

પર્યાયાર્થિકનયનો બીજો અને ત્રીજો ભેદ બતાવે છે –

ગાથા :-

સાદિ નિત્ય પર્યાય અરથો, જિમ સિદ્ધનો પજ્જાઉ રે;
ગહઇં શુદ્ધ અનિત્ય સત્તા, ગૌણ વ્યય ઉપ્પાઉ રે. બહુ૦ ॥૬/૩॥

ગાથાર્થ :-

સાદિ નિત્ય પર્યાય અર્થ=શુદ્ધ પર્યાયાર્થિકનય, બીજો ભેદ છે. જેમ સિદ્ધનો પર્યાય=સિદ્ધનો શુદ્ધ પર્યાય.

સત્તા ગૌણ=સત્તાને ગૌણ કરીને, ઉત્પાદવ્યય ગહઈ=ગ્રહણ કરે, તે અનિત્ય શુદ્ધ=અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય, ત્રીજો ભેદ છે. ॥૬/૩॥

ટબો :-

સાદિ નિત્ય શુદ્ધપર્યાયાર્થ નય બીજો ભેદ ૨, જિમ-સિદ્ધનો પર્યાય-તેહની આદિ છઈ, કર્મક્ષય સર્વ થયો તિવારઈં-સિદ્ધપર્યાય ઊપનો, તે વતી. પણિ-તેહનો અંત નથી, જે માટિં-સિદ્ધભાવ સદાકાલ છઈ. એ રાજપર્યાય સરખો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો. સત્તાગૌણત્વઈં ઉત્પાદ-વ્યયગ્રાહક અનિત્ય શુદ્ધપર્યાયાર્થિક કહિઈં. ॥૬/૩॥

ટબાર્થ :-

સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનયનો બીજો ભેદ છે. જેમ સિદ્ધનો પર્યાય=સિદ્ધત્વ પર્યાય, તેની આદિ છે; કેમ કે સર્વકર્મક્ષય થયો, તે વખતે સિદ્ધપર્યાય ઉત્પન્ન થયો તે માટે પણ તેનો=સિદ્ધપર્યાયનો, અંત નથી. જે માટે સિદ્ધભાવ સદાકાળ છે. આ રાજપર્યાય જેવો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો.

વળી, પર્યાયાર્થિકનયનો ત્રીજો ભેદ બતાવે છે. સત્તાને ગૌણ કરીને, ઉત્પાદવ્યય ગ્રહણ કરનાર અનિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે. ॥૬/૩॥

ભાવાર્થ :-

દિગંબર મતાનુસાર સાદિનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનયનો બીજો ભેદ છે. તે બીજા ભેદની દૃષ્ટિથી શું દેખાય છે ? તે દૃષ્ટાંતથી બતાવે છે. સિદ્ધનો સિદ્ધપર્યાય, આ બીજા ભેદથી દેખાય છે અને સિદ્ધનો સિદ્ધપર્યાય સાદિ કેમ છે તે સ્પષ્ટ કરે છે –

જ્યારે કોઈ આત્માએ સર્વકર્મક્ષય કર્યા ત્યારે તેનો સિદ્ધપર્યાય ઉત્પન્ન થયો. તેના પૂર્વે તે સિદ્ધપર્યાય તે જીવનો ન હતો. તેથી સિદ્ધપર્યાય સાદિ છે.

વળી, તે સિદ્ધપર્યાય ઉત્પન્ન થયા પછી નાશ પામતો નથી તેથી નિત્ય છે. આ સિદ્ધનો પર્યાય કેવો છે તે સ્પષ્ટ કરે છે. જેમ કોઈ પુરુષ પૂર્વમાં રાજા ન હોય અને પાછળથી રાજા થાય ત્યારે કર્મના ઉદયથી તે પુરુષને રાજપર્યાયની પ્રાપ્તિ થાય છે તેમ સિદ્ધના જીવોને પૂર્વમાં સિદ્ધપર્યાય ન હતો પરંતુ જ્યારે સર્વ કર્મોનો નાશ થાય છે ત્યારે શુદ્ધ દ્રવ્યનો સિદ્ધપર્યાય પ્રાપ્ત થાય છે=સિદ્ધના જીવને સિદ્ધપર્યાય પ્રગટ થાય છે.

સામાન્યથી પર્યાય પ્રતિક્ષણ પરિવર્તન પામે છે. સ્થિર હોય તો પર્યાય કહેવાય નહીં. છતાં સિદ્ધપર્યાય સદૃશપ્રવાહરૂપે સતત પરિણમન પામે છે તેથી સદૃશતાને કારણે નિત્ય દેખાય છે.

વસ્તુતઃ જે આત્મા સર્વ કર્મોનો નાશ કરીને સિદ્ધપર્યાયને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વકર્મરહિત એવાં શુદ્ધ આત્માના મૂળ સ્વરૂપનું જે વેદન કરે છે તે વેદન સિદ્ધપર્યાય છે અને શુદ્ધ આત્માના મૂળ સ્વરૂપનું વેદન જે પ્રથમ ક્ષણમાં પ્રગટ થયું તદ્સદૃશ જ બીજી આદિ ક્ષણમાં પણ વેદન છે પરંતુ પ્રથમ ક્ષણનું વેદન બીજી આદિ ક્ષણમાં નથી તેથી પ્રથમ ક્ષણનો સિદ્ધપર્યાય બીજી આદિ ક્ષણમાં નથી પરંતુ પ્રથમ ક્ષણના વેદન સદૃશ બીજી આદિ ક્ષણોમાં અન્યવેદન છે માટે સિદ્ધપર્યાય પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે છતાં પણ સદૃશ પરિવર્તનને સામે રાખીને તેને નિત્ય કહેવાય છે અને સિદ્ધપર્યાયને આદિ છે તેથી સાદિ નિત્ય કહેવાય છે.

ગાથાના ઉત્તરાર્ધથી પર્યાયાર્થિકનયનો ત્રીજો ભેદ બતાવે છે –

સત્તાને ગૌણ કરીને ઉત્પાદવ્યયનો ગ્રાહક અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે જેનું દૃષ્ટાંત ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૬/૩॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં બતાવેલા પર્યાયાર્થિકનયના ત્રીજા ભેદનું દૃષ્ટાંત અને પર્યાયાર્થિકનયનો ચોથો ભેદ હવે બતાવે છે –

ગાથા :-

જિમ સમયમઈં પર્યાય નાશી, છતિં ગહત નિત્ય અશુદ્ધ રે;
એક સમઈં યથા પર્યય, ત્રિતયરૂપઈં રુદ્ધ રે. બહુ૦ ॥૬/૪॥

ગાથાર્થ :-

જેમ સમયમાં પર્યાય નાશી છે. (આ ત્રીજા ભેદનું દૃષ્ટાંત છે.) છતિં=સત્તા, તેને ગ્રહણ કરતો નિત્ય અશુદ્ધ=નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનયનો ચોથો ભેદ છે. જે પ્રમાણે એક સમયમાં ત્રિતયરૂપે રુદ્ધ એવાં પર્યાય=એક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રિતયરૂપે રુદ્ધ એવો પર્યાય, સ્વીકારે છે. ॥૬/૪॥

ટબો :-

જિમ-એક સમય મધ્યે પર્યાય વિનાશી છઈ, ઈમ કહિઈં. ઈહાં-નાશ કહતાં-ઉત્પાદઈ

આવ્યો, પણિ ધ્રુવતા-તે ગૌણ કરી દેખાડીઈં નહીં. છતિં કહતાં-સત્તા, તે ગ્રહતો નિત્ય અશુદ્ધપર્યાયાર્થિક કહિઈં, જિમ-એક સમય મધ્યે પર્યાય ત્રિતયરૂપઈં-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણાઈં રૂદ્ધે છઈં, એહવું બોલિઈં. પર્યાયનું શુદ્ધ રૂપ તે જે સત્તા ન દેખાવવી. ઈહાં સત્તા દેખાવી, તે માટિં-અશુદ્ધ ભેદ થયો. ॥૬/૪॥

ટબાર્થ :-

જેમ એક સમયમાં પર્યાય વિનાશી છે એમ કહે છે=ત્રીજો પર્યાયાર્થિકનયનો ભેદ કહે છે. અહીં=ત્રીજા પર્યાયાર્થિકનયના કથનમાં, નાશ કહેવાથી ઉત્પાદ આવ્યો; (કેમ કે પદાર્થ કોઈક રીતે નાશ પામીને કોઈક રીતે ઉત્પન્ન થાય છે તેથી નાશ કહેવાથી ઉત્પાદ આવ્યો.) પણ ધ્રુવતા તે ગૌણ કરી, (માટે) દેખાડી નહીં અર્થાત્ નાશ કહેવાથી જેમ ઉત્પાદ આવ્યો તેમ ધ્રુવતા પણ પ્રાપ્ત થાય છતાં ત્રીજા પર્યાયાર્થિકનયે તે ધ્રુવતાને ગૌણ કરીને દેખાડી નહીં.

ગાથાની પ્રથમ પંક્તિના બીજા પાદથી ચોથો પર્યાયાર્થિકનયનો ભેદ બતાવે છે –

છતિં કહેવાથી સત્તા, તેને ગ્રહણ કરતો નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે=પર્યાયાર્થિકનયનો ચોથો ભેદ કહેવાય છે. જેમ એક સમયમાં પર્યાય ત્રિતયરૂપે=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ ત્રિતયરૂપે, રુદ્ધ છે=આ ત્રણ લક્ષણથી અવરુદ્ધ છે, એવું બોલે છે=એવું નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય બોલે છે.

આ નય અશુદ્ધ કેમ છે ? તેથી કહે છે –

પર્યાયનું શુદ્ધ રૂપ તે છે કે જે સત્તાને દેખાડે નહીં, અહીં=ચોથા ભેદમાં, સત્તા દેખાડી, તે માટે અશુદ્ધ ભેદ થયો. ॥૬/૪॥

ભાવાર્થ :-

પૂર્વગાથામાં અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો ત્રીજો ભેદ બતાવેલ તેમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ એક સમયમાં દરેક પદાર્થનો નાશ થાય છે એ પ્રકારે જોનારી નયની દૃષ્ટિ સત્તાને ગૌણ કરીને, ઉત્પાદવ્યયને બતાવે છે અને પ્રતિક્ષણ નાશને સ્વીકારે છે, તેથી તે અનિત્ય છે. વળી, સત્તાને ગૌણ કરી છે માટે કહેતો નથી તેથી તે શુદ્ધ પર્યાયાર્થિકનય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, પર્યાયાર્થિકનયના પ્રથમ ભેદમાં મેરુપર્વતના પ્રતિક્ષણ પરિવર્તન થતા પર્યાયને ગૌણ કરીને અનાદિ નિત્ય કહેલ. વળી, સત્તાને સ્વીકારેલ નહીં, તેથી શુદ્ધ પર્યાયાર્થિકનય બનેલ અને શુદ્ધ પર્યાયાર્થિકનય હોવા છતાં સદૃશ પર્યાયને સામે રાખીને મેરુપર્વતને અનાદિ નિત્ય કહેલ.

વળી, પર્યાયાર્થિકનયના બીજા ભેદે પણ સિદ્ધના આત્મામાં વર્તતા પ્રતિક્ષણ સિદ્ધપર્યાયને ગ્રહણ કરીને સાદિ નિત્ય કહેલ પરંતુ સિદ્ધના આત્મામાં વર્તતી સત્તાને ગ્રહણ કરેલ નહીં તેથી તે પણ શુદ્ધ પર્યાયાર્થિકનય બનેલ અને સિદ્ધનો પર્યાય પ્રતિક્ષણ નાશવંત હોવા છતાં તે સિદ્ધનો પર્યાય પ્રતિક્ષણ સદૃશ હોય છે તેથી તેને સાદિ નિત્ય કહેલ.

વળી, પર્યાયાર્થિકનયનો ત્રીજો ભેદ, 'પર્યાય પ્રતિક્ષણ નાશ પામે છે' એમ કહીને પર્યાયના ઉત્પાદ અને વ્યય સ્વીકારે છે અને ઉત્પાદવ્યયના આધારભૂત એવી દ્રવ્યની સત્તાને ગૌણ કરે છે તેથી શુદ્ધ છે; કેમ કે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત સત્તાનો સાક્ષાત્ ઉલ્લેખ કરતો નથી અને પ્રતિક્ષણ ઉત્પાદવ્યય સ્વીકારે છે તેથી અનિત્ય છે.

હવે પર્યાયાર્થિકનયનો ચોથો ભેદ શું કહે છે તે બતાવે છે –

પર્યાયાર્થિકનયનો ચોથો ભેદ નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય છે અને તે પદાર્થમાં રહેલી સત્તાને ગ્રહણ કરે છે તેથી કહે છે કે, એક સમયમાં પર્યાય ત્રિતયરૂપે અવરુદ્ધ છે અર્થાત્ પદાર્થમાં વર્તતો કોઈપણ પર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય અવરુદ્ધ છે તેથી એ ફલિત થાય કે, જીવ આદિ કોઈક દ્રવ્યને ગ્રહણ કરીને વિચારીએ તો, જીવમાં વર્તતો વર્તમાન ક્ષણનો મનુષ્યપર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી અવરુદ્ધ છે; કેમ કે તે સમયમાં પૂર્વનો પર્યાય વ્યય થાય છે, નવો પર્યાય ઉત્પન્ન થાય છે અને તે મનુષ્યનો આત્મા ધ્રુવ છે તેથી તેમાં ધ્રુવપણું છે તેથી મનુષ્યનો વર્તમાન ક્ષણનો મનુષ્યપર્યાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી અવરુદ્ધ છે.

અહીં પ્રશ્ન થાય કે ચોથા ભેદને નિત્ય કેમ કહ્યો ? તેનું કારણ એ છે કે, આ નય એક સમયમાં પણ જે ધ્રૌવ્ય સ્વીકારે છે, તે નિત્યતાને બતાવે છે અને આ ભેદને અશુદ્ધ પર્યાયાર્થિકનય કેમ કહ્યો ? તેથી કહે છે –

આ પર્યાયાર્થિકનયના ચોથો ભેદ ઉત્પાદ-વ્યયથી અવરુ દ્ધ એવી સત્તાને દેખાડી અને સત્તા પર્યાયાર્થિકનયનો વિષય નથી તેથી દ્રવ્યાર્થિકનયના વિષયભૂત સત્તાનો ઉલ્લેખ હોવાથી અશુદ્ધ છે અને સત્તાને પર્યાયાર્થિકનય સાક્ષાત્ સ્વીકારતો નથી પરંતુ ગૌણરૂપે સ્વીકારે છે તેથી પ્રમાણવાક્ય નથી પરંતુ પર્યાયાર્થિકનય છે, ફક્ત સત્તાને ગૌણ સ્વીકારવા છતાં સત્તાનો ઉલ્લેખ કરે છે માટે અશુદ્ધ છે. **॥૬/૪॥**

અવતરણિકા :-

હવે પર્યાયાર્થિકનયનો પાંચમો ભેદ બતાવે છે –

ગાથા :-

પર્યાયઅરથો નિત્ય શુદ્ધો, રહિત કર્મોપાધિ રે;
જિમ-સિદ્ધના પર્યાય સરિખા, ભવ-જંતુના નિરુપાધિ રે.

બહુ૦ ॥૬/૫॥

ગાથાર્થ :-

કર્મોપાધિરહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય છે. જેમ સિદ્ધના પર્યાય સરખા સંસારી જીવોના નિરુપાધિ પર્યાયને કહે છે=કર્મઉપાધિ રહિત એવાં શુદ્ધ પર્યાયને કહે છે. ॥૬/૫॥

ટબો :-

કર્મોપાધિરહિત નિત્ય શુદ્ધપર્યાયાર્થિક – પાંચમો ભેદ. જિમ ભવજંતુના-સંસારી જીવના પર્યાય સિદ્ધ જીવના સરખા કહિઈ. કર્મોપાધિભાવ છતા છઈ, તેહની વિવક્ષા ન કરી, જ્ઞાન, દર્શન, ચારિત્ર-શુદ્ધપર્યાયની જ વિવક્ષા કરી. ॥૬/૫॥

ટબાર્થ :-

કર્મઉપાધિરહિત નિત્યશુદ્ધ પર્યાયાર્થિક પાંચમો ભેદ છે=પર્યાયાર્થિકનયનો પાંચમો ભેદ છે. જેમ ભવજંતુના=સંસારી જીવોના, પર્યાયને સિદ્ધના જીવ સરખા કહે છે.

આ નય સંસારી જીવોના પર્યાયને સિદ્ધસરખા કેમ કહે છે? તે સ્પષ્ટ કરે છે –

કર્મની ઉપાધિવાળો ભાવ વિદ્યમાન છે, તેની વિવક્ષા કરતો નથી પરંતુ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ આત્માના શુદ્ધ પર્યાયની જ વિવક્ષા કરે છે. ॥૬/૫॥

ભાવાર્થ :-

આત્મામાં કર્મ વિદ્યમાન હોવા છતાં કર્મની ઉપાધિની વિવક્ષા કર્યા વગર આત્માના શુદ્ધ પર્યાયને શુદ્ધ પર્યાયરૂપે સદા દેખાડે તેવી નયની દૃષ્ટિ એ કર્મઉપાધિરહિત નિત્યશુદ્ધ પર્યાયાર્થિકનયરૂપ પર્યાયાર્થિકનયનો પાંચમો ભેદ છે.

સંસારી જીવો કર્મની ઉપાધિવાળા છે છતાં શુદ્ધદૃષ્ટિથી જોવાથી કર્મ પુદ્ગલરૂપ દેખાય છે અને આત્મા આત્મારૂપ દેખાય છે. વળી, બે દ્રવ્યોનો પરસ્પર સંયોગ થાય તોપણ તે બંને દ્રવ્યો પોતાના સ્વભાવને છોડતા નથી તેથી પુદ્ગલનો સ્વભાવ પુદ્ગલમાં વર્તે છે અને આત્માનો સ્વભાવ આત્મામાં વર્તે છે. વળી, સંસારી જીવોના આત્મામાં પણ આત્માનો સ્વભાવ સિદ્ધના સ્વભાવ જેવો છે અને પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી આત્માનો શુદ્ધ પર્યાય પ્રતિક્ષણ અન્યઅન્ય શુદ્ધ પર્યાયરૂપે પરિણમન પામે છે તોપણ એ શુદ્ધ પર્યાય અનાદિનો છે અને અનંતકાળ સુધી તે શુદ્ધ પર્યાય રહેવાનો છે તેથી તે નિત્ય છે એમ આ નય કહે છે. **॥૬/૫॥**

અવતરણિકા :-

હવે પર્યાયાર્થિકનયનો છઠ્ઠો ભેદ બતાવે છે –

ગાથા :-

પર્યાયઅર્થ અનિતિ અશુદ્ધો, સાપેક્ષ કર્મોપાધિ રે;
સંસારવાસી જીવનઇં જિમ, જનમ-મરણહ વ્યાધિ રે. બહુ૦ ॥૬/૬॥

ગાથાર્થ :-

કર્મ ઉપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય છઠ્ઠો ભેદ છે. જેમ સંસારવાસી જીવને જન્મ, મરણ, વ્યાધિ છે. ॥૬/૬॥

ટબો :-

કર્મોપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક – એ છઠ્ઠો ભેદ. જિમ-''સંસારવાસી જીવનઈં જનમ, મરણ-વ્યાધિ છઈ''-ઈમ કહિઈં. ઈહાં-જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગજનિત અશુદ્ધ છઈ, તે કહિયા. તે જન્માદિક પર્યાય છઈ, તો-તેહના નાશનઈં અર્થઈં મોક્ષાર્થઈં જીવ પ્રવર્તઈં છઈ. ॥૬/૬॥

ટબાર્થ :-

કર્મઉપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય એ છઠ્ઠો ભેદ છે=પર્યાયાર્થિકનયનો છઠ્ઠો ભેદ છે. જેમ, 'સંસારવાસી જીવને જન્મમરણવ્યાધિ છે' એમ કહે છે. અહીં=આ નયના કથનમાં, જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગજનિત છે માટે અશુદ્ધ છે. તેને આ નય કહે છે. તે જન્માદિક પર્યાય છે તો તેના નાશ માટે મોક્ષાર્થી જીવ પ્રવર્તે છે. ॥૬/૬॥

ભાવાર્થ :-

પર્યાયાર્થિકનયનો છઠ્ઠો ભેદ કર્મની ઉપાધિની અપેક્ષાએ વર્તતા જીવના અનિત્ય અને અશુદ્ધ પર્યાયને બતાવે છે. જેમ, આ નય 'સંસારી જીવને જન્મમરણ વ્યાધિ છે' એમ કહે છે, તે જન્મમરણ કર્મથી થયેલ જીવનો અશુદ્ધ પર્યાય છે અને તે પર્યાય જીવમાં ઉત્પન્ન થાય છે અને તેનો નાશ થાય છે અને મોક્ષ અર્થે યત્ન કરવામાં આવે તો તે અશુદ્ધ પર્યાય સદા માટે નાશ પામે છે તેથી આત્માનો તે અનિત્ય પર્યાય અશુદ્ધ છે.

વળી, આ પર્યાયને આ નય વ્યાધિરૂપે કહે છે તેથી એ ફલિત થાય કે, જીવનો આ પર્યાય જીવની વિકૃતિરૂપ છે અને આથી જ જેમ સંસારી જીવો વ્યાધિને કાઢવા માટે ઔષધાદિમાં યત્ન કરે છે તેમ યોગીઓ જન્મમરણરૂપ વ્યાધિનો નાશ કરવા અર્થે યોગમાર્ગમાં પ્રવર્તે છે. **॥૬/૬॥**

અવતરણિકા :-

પાંચમી ઢાળની ગાથા-૮માં કહેલ કે, દિગંબરો નવ નય અને ત્રણ ઉપનય સ્વીકારે છે. ત્યાર પછી તે નવ નયમાંથી પહેલા દ્રવ્યાર્થિકનયના દસ ભેદો પાંચમી ઢાળમાં દિગંબર મતાનુસારે બતાવ્યા અને છઠ્ઠી ઢાળમાં અત્યારસુધી બીજા પર્યાયાર્થિકનયના છ ભેદો દિગંબર મતાનુસારે બતાવ્યા. હવે નવ નયમાંથી ત્રીજા નૈગમનયના ત્રણ ભેદો ક્રમસર બતાવે છે –

ગાથા :-

બહુ-માન-ગ્રાહી કહિઓ નૈગમ, ભેદ તસ છઇં તીન રે;
વર્તમાનારોપ કરવા, ભૂત અર્થઇં લીન રે. બહુ૦ ॥૬/૭॥

ગાથાર્થ :-

બહુ=ઘણાં, માન=પ્રમાણને, ગ્રાહી=ગ્રહણ કરનાર, નૈગમનય કહ્યો છે. તેના ત્રણ ભેદ છે. ભૂત અર્થમાં વર્તમાનનો આરોપ કરવા માટે લીન=તત્પર, (પહેલો ભેદ છે.) ॥૬/૭॥

ટબો :-

બહુમાન કહતાં ઘણાં પ્રમાણ-સામાન્ય-વિશેષજ્ઞાનરૂપ-તેહનો ગ્રાહી નૈગમનય કહિઈં. "નૈકૈર્માનૈર્મિનોતિ" ઇતિ નૈકગમઃ, ककारलोपात् नैगमः, इति व्युत्पत्तिः" નૈગમનયના 3 ભેદ છઈ. પ્રથમ નૈગમ-ભૂતાર્થઈં વર્તમાનનો આરોપ કરવાનઈં લીન કહતાં-તત્પર છઈ. ॥૬/૭॥

ટબાર્થ :-

બહુમાન કહેતાં સામાન્યવિશેષજ્ઞાનરૂપ ઘણાં પ્રમાણ-તેનો ગ્રાહી નૈગમનય કહેવાય છે.

નૈગમનય ઘણાં પ્રમાણને કેમ માને છે ? તેથી કહે છે –

એક માન વડે=એક પ્રમાણ વડે, પદાર્થને માપતો નથી એથી 'એકગમ નથી' અને 'નૈકગમ'માંથી 'ક' કારનો લોપ થવાથી 'નૈગમ' એ પ્રકારની વ્યુત્પત્તિ છે તેથી નૈગમનય ઘણાં પ્રમાણને માને છે.

નૈગમનયના ત્રણ ભેદ છે. પ્રથમ નૈગમ ભૂતાર્થમાં વર્તમાનનો આરોપ કરવામાં લીન છે કહેતાં તત્પર છે. ॥૬/૭॥

ભાવાર્થ :-

સ્યાદ્વાદની દૃષ્ટિથી પદાર્થ સામાન્ય અને વિશેષરૂપ છે. આથી જ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ બે નયો પ્રવર્તે છે. દ્રવ્યાર્થિકનય સામાન્યને ગ્રહણ કરે છે અને પર્યાયાર્થિકનય વિશેષને ગ્રહણ કરે છે અને પ્રમાણદૃષ્ટિ સામાન્ય-વિશેષ ઉભયને ગ્રહણ કરે છે, જ્યારે નૈગમનય જુદી જુદી દૃષ્ટિથી પદાર્થને જોનાર છે તેથી કેટલાંક સ્થાને સામાન્યને ગ્રહણ કરીને નૈગમનય પ્રવર્તે છે અને કેટલાંક સ્થાને વિશેષને ગ્રહણ કરીને નૈગમનય પ્રવર્તે છે. માટે નૈગમનયના ભેદોમાંથી કોઈક ભેદથી સામાન્યનો બોધ થાય છે અને કોઈક ભેદથી વિશેષનો બોધ થાય છે પરંતુ પ્રમાણદૃષ્ટિ જેમ એક જ વસ્તુમાં સામાન્યવિશેષ ઉભયને પ્રધાનરૂપે બતાવે છે તેમ નૈગમનય બતાવતો નથી. માટે સામાન્ય વિશેષ-ઉભયને ગ્રહણ કરનાર હોવા છતાં નૈગમનય એ નયનો ભેદ છે, પ્રમાણ નથી.

અહીં ઘણાં પ્રમાણ કહેવાથી ઘણી દૃષ્ટિઓથી જોનાર નૈગમનય છે તેથી સામાન્યને જોનાર ઘણી અવાંતર દૃષ્ટિઓને નૈગમનય ગ્રહણ કરે છે અને વિશેષને જોનાર પણ ઘણી અવાંતર દૃષ્ટિઓને નૈગમનય ગ્રહણ કરે છે તેથી જુદા જુદા સ્થાને જુદી જુદી દૃષ્ટિઓથી પદાર્થને નૈગમનય બતાવે છે.

આ નૈગમનયના ત્રણ ભેદો દિગંબરો સ્વીકારે છે. તેમાં પ્રથમ નૈગમનય ભૂત અર્થમાં વર્તમાનનો આરોપ કરવામાં તત્પર હોય છે તેથી ભૂતકાળમાં થયેલી ઘટનાને વર્તમાનરૂપે જ સ્વીકારે છે જેનું દૃષ્ટાંત સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૬/૭॥**

અવતરણિકા :-

તે પ્રથમ ભેદનું ઉદાહરણ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

નૈગમનયના પ્રથમભેદનું ઉદાહરણ દેખાડે છે –

ગાથા :-

ભૂત-નૈગમ કહિઉ પહિલો, દીવાલી દિન આજ રે;
યથા સ્વામી વીરજિનવર, લહિયા શિવપુર રાજ રે. બહુ૦ ॥૬/૮॥

ગાથાર્થ :-

ભૂત નૈગમ પહેલો કહ્યો. જે પ્રમાણે " આજે દિવાળીના દિવસે સ્વામી વીર જિનવર શિવપુર રાજ પામ્યા." ॥૬/૮॥

ટબો :-

જિમ કહિઈં – 'આજ દીવાલી દિનનઈં વિષઈ શ્રી મહાવીર શિવપુરનું રાજ્ય પામ્યા.' ઈહાં-અતીત દીવાલી દિનનઈ વિષઈ વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિઈં છઈં. વર્તમાન દિનનઈં વિષયઈં ભૂતદિનનો આરોપ કરિઈં, દેવાગમનાદિ મહાકલ્યાણ ભાજનત્વ-પ્રતીતિ પ્રયોજનનઈ અર્થિં, જિમ-"गङ्गायां घोषः". ઈહાં ગંગાતટનઈં વિષયઈં ગંગાનો આરોપ કીજઈં છઈં, શૈત્યપાવનત્વાદિ પ્રત્યાયન પ્રયોજન ભણી, તોઈ ઘટમાન છઈં, જો વીરસિદ્ધિગમનનો અન્વય ભક્તિભણી પ્રાતીતિક માનિઈં. એ અલંકારના જાણ પંડિત હોઈ, તે વિચારજો. ॥૬/૮॥

ટબાર્થ :-

જેમ કહીએ=પહેલો નૈગમનયનો ભેદ કહે, 'આજે દિવાળીના દિનને વિષે શ્રી મહાવીર ભગવાન શિવપુરનું રાજ્ય પામ્યા.' અહીંયા='આજે દિવાળીના દિનને વિષે શ્રી મહાવીર ભગવાન શિવપુરનું રાજ્ય પામ્યા'-એ કથનમાં, અતીત દિવાળી દિનના વિષયમાં વર્તમાન દિવાળીના દિનનો આરોપ કરીએ છીએ. અને વર્તમાન દિવસને વિષે=વર્તમાનના દિવાળીના દિવસે, ભૂતનો આરોપ કરીએ=વીર ભગવાન જે દિવસે નિર્વાણ પામ્યા તે ભૂતદિનનો આરોપ કરીએ.

કેમ આરોપ કરીએ ? તેથી કહે છે –

'દેવ-આગમનાદિ મહાકલ્યાણનું ભાજનપણું આ દિવસમાં છે' એ પ્રકારની પ્રતીતિના પ્રયોજન અર્થે ભૂતદિનનો આરોપ કરાય છે એમ અન્વય છે.

જેમ 'ગંગામાં ઘોષ છે' એ કથનમાં 'ગંગાતટ'ને વિષે ગંગાનો આરોપ કર્યો છે તે સ્થાનમાં શૈત્ય-

પાવનત્વાદિ બોધના પ્રયોજન અર્થે છે='ગંગાના તટે રહેલો ઘોષ શીતલ છે અને પવિત્ર છે' ઇત્યાદિ બોધના પ્રયોજન માટે 'ગંગામાં ઘોષ' કહેવાય છે, તો જ ઘટમાન છે='गंगायां घोषः'નો અર્થ શૈત્ય-પાવનત્વાદિ બોધના પ્રયોજન માટે છે એ પ્રમાણે સ્વીકારીએ તો જ 'गंगायां घोषः।' એ પ્રયોગ ઘટમાન છે.

જો વીરસિદ્ધિગમનનો અન્વય વર્તમાનના દિવાળીના દિવસમાં કરવામાં આવે તો ભક્તિ ભણી=ભક્તિને આશ્રયીને, પ્રાતીતિક માન છે=પ્રાતીતિક સત્યપ્રમાણ છે=યોગ્ય જીવનો 'આજનો દિવસ ભગવાનના નિર્વાણનો દિવસ જ છે' તેવા પ્રકારની પ્રતીતિના પ્રમાણથી, આ પ્રકારનો આરોપ કરવામાં આવે છે. એ અલંકારના જાણનારા પંડિત હોય તે વિચારજો. ॥૬/૮॥

ભાવાર્થ :-

નૈગમનયનો પ્રથમ ભેદ ભૂતાર્થને વર્તમાનમાં આરોપ કરવામાં લીન હોય છે એમ કહ્યું તે ભૂતાર્થનો વર્તમાનમાં આરોપ કરવાનો પ્રયત્ન બે પ્રકારે થાય છે.

(૧) અતીત એવી દિવાળીના દિવસના વિષયમાં વર્તમાનની દિવાળીના દિવસનો આરોપ કરીને કહેવાય છે કે, "આ જ દિવાળીના દિવસે શ્રી વીર ભગવાન મોક્ષનું રાજ્ય પામ્યા." આ સ્થાનમાં શ્રી વીર ભગવાન નિર્વાણ પામ્યા તે દિવાળીના દિવસમાં વર્તમાનની દિવાળીના દિવસનું આરોપણ કરીને પ્રયોગ થયો છે.

(૨) વળી, ભગવાન પ્રત્યેના ભક્તિના પ્રકર્ષ અર્થે વર્તમાન દિવાળીના દિવસમાં ભગવાનના નિર્વાણકાળની જે ભૂત દિવાળી હતી તેનું આરોપણ કરાય છે અને તેમ આરોપણ કરીને આ દિવાળીના દિવસમાં ભગવાનના નિર્વાણની આરાધના કરાય છે, તે વખતે વર્તમાનની દિવાળીમાં ભૂતની દિવાળીના આરોપણને કારણે પ્રતીતિ થાય છે કે દેવના આગમનાદિ મહાકલ્યાણનું ભાજન આ દિવસ છે અને તેવી પ્રતીતિ થવાથી ભગવાનના કલ્યાણકની આરાધનાનો ભાવ પ્રકર્ષવાળો બને છે. અહીં પ્રશ્ન થાય કે, આ વર્તમાનનો દિવાળીનો દિવસ પરમાર્થથી દેવઆગમનાદિ મહાકલ્યાણનું ભાજનવાળો નથી, છતાં તેવી પ્રતીતિના અર્થે વર્તમાનની દિવાળીના દિવસે ભૂતની દિવાળીનો આરોપ કેમ કર્યો ? તે સ્પષ્ટ કરવા અર્થે દૃષ્ટાંત બતાવે છે –

જેમ, 'ગંગામાં ઘોષ છે' ત્યાં 'ગંગા' પદનો અર્થ 'ગંગાનો પ્રવાહ' થાય છે અને 'ગંગાના તટ'ના વિષયમાં 'ગંગા' શબ્દથી વાચ્ય 'પ્રવાહ'નો આરોપ કરાય છે. જેથી 'તે ઘોષ શૈત્યપાવનાદિ પરિણામવાળો છે' તેવો બોધ થાય છે. તેથી જેમ શૈત્યપાવનાદિના બોધના પ્રયોજન અર્થે 'गंगायां घोषः' કહેવાય છે, તેમ ભગવાનના કલ્યાણકના દિવસની આરાધનામાં ભાવના પ્રકર્ષ અર્થે 'આ દિવસ દેવઆગમનાદિ મહાકલ્યાણનું ભાજન છે' એવી પ્રતીતિ અર્થે ભગવાનના નિર્વાણ કલ્યાણક દિવાળી દિનનો વર્તમાનની દિવાળીના દિનમાં આરોપ કરાય છે.

આ કથનને જ દૃઢ કરવા અર્થે કહે છે કે શ્રી વીર ભગવાનના સિદ્ધિગમનનો અન્વય વર્તમાનની

દિવાળીમાં કરાવવા અર્થે ભૂતદિનનો આરોપ કરાય છે, જેથી ભક્તિને આશ્રયીને પ્રાતીતિક પ્રમાણસિદ્ધ થાય છે. શ્રી વીર ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે 'સાક્ષાત્ શ્રી વીર ભગવાનના કલ્યાણની હું આરાધના કરું છું' એ પ્રકારની પ્રતીતિના પ્રમાણ અર્થે આરોપ કરાય છે. એ અલંકારના જાણકાર=તે દિવાળી અને આ દિવાળીના અભેદની પ્રતીતિ કરાવનાર એવાં અલંકારના જાણકાર, એવાં પંડિત થઈને વિચારજો. ॥૬/૮॥

અવતરણિકા :-

નૈગમનયના ત્રણ ભેદો છે એમ ગાથા-૭માં કહ્યું અને નૈગમનયનો પ્રથમ ભેદ બતાવીને તેનું ઉદાહરણ ગાથા-૮માં બતાવ્યું. હવે નૈગમનયનો બીજો અને ત્રીજો ભેદ બતાવે છે –

ગાથા :-

ભૂતવત કહઇં ભાવિ નૈગમ, ભાવિ જિમ જિન સિદ્ધ રે;
સિદ્ધવત છઇં વર્તમાનઇં, કાંઇ સિદ્ધ-અસિદ્ધ રે. બહુ૦ ॥૬/૯॥
ભાષિઇં જિમ 'ભક્ત પચિઇં' વર્તમાનારોપ રે;
કરઇં ક્રિયા ભૂત લેઇ, ભૂત વચન વિલોપ રે. બહુ૦ ॥૬/૧૦॥

ગાથાર્થ :-

ભાવિનૈગમ ભાવિમાં ભૂતની જેમ કહે છે=ભાવિનૈગમનયનો બીજો ભેદ ભાવિમાં થનારને ભૂતની જેમ કહે છે. જેમ જિનસિદ્ધ=જિન એવાં સિદ્ધ, સિદ્ધવત્ છઇં=સિદ્ધના જીવો જેવા છે.

વર્તમાનમાં કાંઈક સિદ્ધ અને કાંઈક અસિદ્ધને બોલે=વર્તમાનનૈગમરૂપ ત્રીજો ભેદ બોલે (ગાથા-૯ સાથેનો આ પ્રમાણે અન્વય છે) ॥૬/૯॥

જેમ, ભક્ત પચિઇં='ચોખા રાંધે છે'માં વર્તમાનનો આરોપ છે='કંઈક રંધાયેલા અને કંઈક નહીં રંધાયેલા'માં વર્તમાનનો આરોપ છે.

ભૂત લઈને='કંઈક રંધાયેલા એવાં ચોખાને' લઈને, ક્રિયા કરે છે=રાંધવાની ક્રિયા કરે છે અને ભૂતવચનનો વિલોપ કરે છે='કંઈક રંધાયેલા ચોખા'નો, વિલોપ કરે છે. ॥૬/૧૦॥

ટબો :-

ભાવિનિ ભૂતવદુપચારઃ-એ બીજો નૈગમ. જિમ જિનનઇં સિદ્ધ કહિઇં, કેવલીનઇં સિદ્ધપણું અવશ્યંભાવી છઇ, તે માટિં. કાંઈ સિદ્ધ અનઇં કાંઇ અસિદ્ધનઇં વર્તમાન કહઇં, તે વર્તમાન નૈગમ ભાષિઇં. ॥૬/૯॥

❖ 'ભાષિઇં' શબ્દ મૂળ ગાથા-૯માં નથી અને ગાથા-૧૦માં છે, પરંતુ અહીં ટબામાં ગ્રંથકારશ્રીએ સ્વયં 'ભાષિઇં' શબ્દથી અન્વય પૂર્ણ કરેલ છે.

ટબો :-

જિમ કહિઈં-"ભક્ત રાંધિઈં છઈં." ઈહાં ભક્તના કેતલાઈક અવયવ સિદ્ધ થયા છઈ, અનઈં કેતલાઈક સાધ્યમાન છઈ, પણિ પૂર્વાપરીભૂતાવયવ ક્રિયાસંતાન એક બુદ્ધિ આરોપીનઈં તેહનઈં વર્તમાન કહિઈં છઈં. એ આરોપ સામગ્રી મહિમાઈં કોઈ અવયવની ભૂત ક્રિયા લેઈ, 'पचति' એ ઠામઈં 'अपाक्षीत्' એ પ્રયોગ નથી કરતાં.

જે નૈયાયિકાદિક ઈમ કહઈ છઈ, જે 'ચરમક્રિયા-ધ્વંસ અતીતપ્રત્યય વિષય' તેહનઈં 'किञ्चत्पक्वम्, किञ्चत्पच्यते' એ પ્રયોગ ન થયો જોઈઈ. તે માટિં-એ વર્તમાનારોપનૈગમ ભેદ જ ભલો જાણવો. ॥૬/૧૦॥

ટબાર્થ :-

ભાવિમાં=ભાવિમાં થનાર વસ્તુમાં, ભૂતની જેમ ઉપચાર એ બીજો નૈગમનયનો ભેદ છે. જેમ 'જિનને=કેવલી જિનને, સિદ્ધ કહીએ છીએ.'

કેમ કેવલી જિનને સિદ્ધ કહીએ છીએ ? તેથી કહે છે –

'કેવલીને સિદ્ધપણું અવશ્યભાવી છે તે માટે કેવલીને સિદ્ધ કહીએ છીએ.' એમ અન્વય છે.

ત્રીજો નૈગમનો ભેદ બતાવે છે –

કાંઈક સિદ્ધ અને કાંઈક અસિદ્ધનો વર્તમાન કહીએ તે વર્તમાન નૈગમ બોલે છે=ત્રીજા ભેદરૂપ વર્તમાન નૈગમ કહે છે. ॥૬/૯॥

ટબાર્થ :-

ત્રીજા નૈગમના ભેદમાં દૃષ્ટાંત બતાવે છે –

જેમ કહેવાય છે 'ભક્ત=ચોખા, રાંધીએ છીએ' અહીં='ચોખા રાંધીએ છીએ' એ પ્રયોગમાં, ચોખાના કેટલાક અવયવ સિદ્ધ થયા છે=રંધાઈ ચૂકેલા છે, અને કેટલાક સાધ્યમાન છે=રંધાવાના બાકી છે, પણિ=પરંતુ, પૂર્વ અપરિભૂત જે અવયવ તેના ક્રિયાસંતાનને એક બુદ્ધિમાં આરોપીને તેને વર્તમાન કહીએ છીએ=ચોખાનો જે ભાગ રંધાઈ ચૂકેલો છે તે પૂર્વ અવયવ છે અને જે રંધાવાનો બાકી છે તે અપરિભૂત અવયવ છે અને તે બન્નેની વચમાં જે રંધાવાની ક્રિયા તે ક્રિયાસંતાન છે અને તે ક્રિયાસંતાનને એક બુદ્ધિમાં આરોપીને તેને 'વર્તમાનમાં રંધાય છે' તેમ કહેવાય છે. એ આરોપસામગ્રીના મહિમાથી=નૈગમના ત્રીજા ભેદની મર્યાદાથી જે આરોપ કરવામાં આવે છે તે આરોપસામગ્રીના મહિમાથી, કોઈ અવયવની ભૂતક્રિયા લઈને=ચોખાના રંધાયેલા એવાં કોઈ અવયવની ભૂતક્રિયા લઈને, 'पचति=રાંધે છે'ને સ્થાને 'अपाक्षीत्=રંધાઈ ગયા' એ પ્રકારનો પ્રયોગ કરતાં નથી.

જે નૈયાયિકાદિ એમ કહે છે, જે ચરમક્રિયાધ્વંસ અતીતપ્રત્યયનો વિષય છે અર્થાત્ પૂર્ણ રંધાઈ જાય ત્યારે જે રાંધવાની ચરમક્રિયા થાય છે તેનો ઉત્તરની ક્ષણમાં ધ્વંસ થાય છે, તે ધ્વંસ 'આ

રંધાયેલા છે' એ પ્રકારના ભૂતકાળના પ્રત્યયનો વિષય છે અર્થાત્ 'આ રંધાયેલા છે' એ પ્રકારના જ્ઞાનનો વિષય છે. તેના મતે 'કાંઈક પક્વ અને કાંઈક પકાય છે'='ચોખા કંઈક રંધાયેલા છે અને કંઈક રંધાય છે' એ પ્રકારનો પ્રયોગ ન થવો જોઈએ.

તે માટે=ત્રીજા પ્રકારના નૈગમના ભેદમાં 'કાંઈક પક્વ છે અને કાંઈક પકાવાય છે' એ પ્રકારનો પ્રયોગ થાય છે તેને આશ્રયીને નૈગમનયનો ત્રીજો ભેદ પ્રાપ્ત થાય છે તે માટે, વર્તમાનના આરોપરૂપ વર્તમાન નૈગમભેદ જ ભલો જાણવો. ॥૬/૧૦॥

❖ ગાથા-૯ના અંતિમ ચરણનો અન્વય ગાથા-૧૦ના પ્રથમ ચરણના પ્રથમ શબ્દ સાથે છે. તેથી બંને ગાથાનો ભાવાર્થ એક સાથે લીધેલ છે.

ભાવાર્થ :-

નૈગમનયના બીજા ભેદમાં, ભાવિમાં થનાર વસ્તુના ભૂતનો ઉપચાર કરાય છે. જેમ વર્તમાનમાં કોઈ મહાત્મા કેવળજ્ઞાન પામેલા હોય તેઓ તે ભવમાં અવશ્ય સિદ્ધ થવાના છે તેથી ભાવિમાં થનારા તેઓના સિદ્ધભાવમાં ભૂતનો ઉપચાર કરીને, 'આ સિદ્ધ ભગવંત છે' એમ કહેવાય છે. આથી આત્માને માટે ઉપાસ્ય દેવ સિદ્ધ ભગવંત જ છે છતાં કેવલી અવસ્થામાં વિચરતા તીર્થંકરોને ઉપાસ્યદેવરૂપે સ્વીકારાય છે; કેમ કે ભવિષ્યમાં થનારા અવશ્યભાવી સિદ્ધ અવસ્થાને ભૂતની જેમ ઉપચાર કરીને તેઓને સિદ્ધ કહેવાય છે અર્થાત્ 'સર્વ પ્રયોજનો સિદ્ધ થઈ ચૂકેલાં છે' એમ કહેવાય છે.

ત્રીજા નૈગમનો ભેદ બતાવતાં કહે છે –

કાંઈક સિદ્ધ થયેલા હોય અને કાંઈક અસિદ્ધ હોય તેને વર્તમાન તરીકેનો વ્યવહાર કરે તે વર્તમાનનૈગમ છે. જેમ, રંધાતા દરેક ચોખાના કંઈક અવયવો રંધાઈ ચૂકેલા છે તેથી સિદ્ધ છે અને કંઈક અંશથી રંધાવાના બાકી છે તેથી અસિદ્ધ છે. છતાં કહેવાય છે કે 'ચોખા રાંધીએ છીએ.' ત્યાં રંધાયેલા અને રંધાવાના બાકી રહેલા એવાં સર્વ ચોખામાં વર્તમાનની રંધાવાની ક્રિયાનો આરોપ કરીને 'ચોખા રંધાય છે' એમ કહેવાય છે. આ ત્રીજા નૈગમનયનું તાત્પર્ય ટબામાં સ્પષ્ટ કરતાં કહે છે –

ચોખાનો જે અંશ રંધાઈ ગયો છે તે પૂર્વ અવયવ કહેવાય અને જે અંશ રંધાવાનો બાકી છે તે અપર અવયવ કહેવાય. વળી, તે પૂર્વ અને અપર અવયવ વચ્ચે રંધાવાની ક્રિયાનું સંતાન રાંધવાની ક્રિયાના પ્રારંભથી માંડીને રંધાવાની સમાપ્તિ સુધી ચાલે છે તેને એક બુદ્ધિમાં આરોપણ કરીને=ક્રિયાના પ્રારંભથી માંડીને ક્રિયાની સમાપ્તિ સુધીની ક્રિયાને એક બુદ્ધિમાં આરોપણ કરીને અર્થાત્ વર્તમાનમાં ચાલતી ક્રિયાને ભિન્ન ભિન્ન ક્રિયા સ્વીકાર્યા વગર એક ક્રિયા છે એ રીતે બુદ્ધિમાં આરોપણ કરીને, 'તે વર્તમાનમાં રંધાય છે' તેમ કહેવાય છે. આ પ્રકારનો આરોપ કરવાનો વ્યવહાર હોવાથી તે ચોખાના કોઈક અવયવની ભૂતક્રિયાને લઈને 'ચોખા રંધાય છે'ને સ્થાને 'ચોખા રંધાઈ ગયા' એવો પ્રયોગ કોઈ કરતું નથી.

નૈયાયિકાદિ જે આ પ્રમાણે કહે છે કે રાંધવાની ક્રિયાની સમાપ્તિ પછી રાંધવાની ચરમ ક્રિયાનો ધ્વંસ પ્રાપ્ત થાય છે. તે અતીત પ્રત્યયનો વિષય છે='ચોખા રંધાઈ ગયા છે' એમ કહેવાનો વિષય છે. તેથી તેના

મતાનુસાર રાંધવાની ક્રિયા દરમિયાન 'ચોખા કંઈક પક્વ છે' અર્થાત્ 'કંઈક રંધાઈ ગયેલા છે' અને 'ચોખા કંઈક પકાવાય છે' અર્થાત્ 'કંઈક રંધાય છે' એ પ્રયોગ થઈ શકે નહીં.

આશય એ છે કે, રાંધનાર વ્યક્તિને કોઈ પૂછે કે 'ચોખા રંધાય છે ?' કે 'ચોખા સર્વથા રાંધવાના બાકી છે ?' અને 'ચોખા રાંધવાની ક્રિયાનો પ્રારંભ જ થયો છે?' કે 'ચોખા રંધાવાની તૈયારી છે ?' ત્યારે તે વ્યક્તિ કહે છે કે 'ચોખા કંઈક રંધાઈ ગયા છે અને ચોખા કંઈક રંધાય છે.' આ પ્રકારનો જે પ્રયોગ થાય છે, તે નૈયાયિક મતે થઈ શકે નહીં; કેમ કે રાંધવાની ચરમ ક્રિયાનો ધ્વંસ થાય ત્યારે જ 'ચોખા રંધાયેલા છે' એમ કહી શકાય, પરંતુ અર્ધરંધાયેલી અવસ્થામાં 'કંઈક રંધાયેલા છે' એ પ્રકારનો ભૂતકાળનો પ્રયોગ થઈ શકે નહીં.

આ રીતે 'કંઈક સિદ્ધ અને કંઈક અસિદ્ધ'માં વર્તમાનના આરોપરૂપ નૈગમનો ભેદ જ સુંદર જાણવો; કેમ કે નૈગમનયના ત્રીજા ભેદની મર્યાદાથી 'ચોખા રંધાય છે' તેમ કહ્યા પછી કોઈક પૂછે કે 'કેટલા રંધાયા છે ?' ત્યારે રાંધનાર પુરુષ 'કંઈક રંધાયેલા છે અને કંઈક રંધાનાર છે' તેમ કહે છે તે સંગત થાય છે. **॥૬/૯-૧૦॥**

અવતરણિકા :-

ગાથા-૭થી ૧૦ સુધી દિગંબર મતાનુસાર નૈગમનયના ત્રણ ભેદો બતાવ્યા પછી હવે સંગ્રહનયના બે ભેદો બતાવે છે –

ગાથા :-

સંગ્રહઈં નય સંગ્રહો તે, દ્વિવિધ-ઓઘ વિસેસ રે;
'દ્રવ્ય સબ અવિરોધિયાં', જિમ, તથા 'જીવ અસેસ રે.' બહુ૦ ॥૬/૧૧॥

ગાથાર્થ :-

(જે) સંગ્રહે=સંગ્રહ કરે, તે સંગ્રહો નય=સંગ્રહનય છે. બે પ્રકારનો=ઓઘ અને વિશેષ એમ બે પ્રકારનો, સંગ્રહનય છે. જેમ, દ્રવ્ય સબ અવિરોધિયાં=બધાં દ્રવ્યો અવિરોધી છે, (જે ઓઘસંગ્રહનય છે.) તથા=અને, જીવ અશેષ છે=બધા જીવો અવિરોધી છે. (જે વિશેષ સંગ્રહનય છે.) ॥૬/૧૧॥

ટબો :-

જે સંગ્રહઈં તે સંગ્રહનય કહિઈં. તેહના-૨ ભેદ, ઓઘ-વિશેષથી. ઓઘ કહિઈં-સામાન્ય. એતલઈં-એક સામાન્ય સંગ્રહ, એક વિશેષ સંગ્રહ-એવં ૨ ભેદ જાણવા. "द्रव्याणि सर्वाणि अविरोधीनि" એ પ્રથમ ભેદનું ઉદાહરણ, તથા "जीवाः सर्वेऽविरोधीनः" એ દ્વિતીય ભેદનું ઉદાહરણ. ॥૬/૧૧॥

ટબાર્થ :-

જે સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય. તેના બે ભેદ છે. ઓઘથી અને વિશેષથી. ઓઘ તે સામાન્ય કહેવાય એટલે એક સામાન્યસંગ્રહ, એક વિશેષ સંગ્રહ. એ રીતે બે ભેદ જાણવા=સંગ્રહનયના બે ભેદ જાણવા. સર્વ દ્રવ્યો અવિરોધી છે=સર્વ દ્રવ્યો પરસ્પર દ્રવ્યરૂપે સમાન છે એ પ્રથમ ભેદનું=સામાન્ય સંગ્રહનયનું, ઉદાહરણ છે. તથા જીવો સર્વ અવિરોધી છે=સર્વ જીવો જીવરૂપે સમાન છે એ, બીજા ભેદનું=વિશેષ સંગ્રહનયનું, ઉદાહરણ છે. ॥૬/૧૧॥

ભાવાર્થ :-

જે અનેક દ્રવ્યોને કોઈક સ્વરૂપે સંગ્રહ કરે, તેને સંગ્રહનય કહેવાય છે. વળી, તે સંગ્રહનય સામાન્યથી સંગ્રહ કરે છે અને વિશેષથી સંગ્રહ કરે છે તેને આશ્રયીને સંગ્રહનયના બે ભેદો પ્રાપ્ત થાય છે.

સામાન્યથી સંગ્રહ કરનાર નય ધર્માસ્તિકાયાદિ છએ દ્રવ્યોને તે છએ દ્રવ્યોમાં વર્તતા દ્રવ્યત્વભાવથી સંગ્રહ કરે છે અને કહે છે કે, સર્વ દ્રવ્યો પરસ્પર સમાન સ્વરૂપવાળાં હોવાથી અવિરોધી છે. ત્યાં છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વરૂપ સમાન સ્વરૂપને ગ્રહણ કરીને એ છએ દ્રવ્યોને અવિરોધી કહે છે. માટે છએ દ્રવ્યોમાં પરસ્પર ભિન્ન સ્વભાવ હોવાને કારણે છએ દ્રવ્યો પરસ્પર વિરોધી હોવા છતાં 'અવિરોધી છે' તેમ કહેવું અસંગત નથી.

વળી, સંગ્રહનયનો બીજો ભેદ વિશેષથી સંગ્રહ કરે છે. તેથી જગતવર્તી સર્વ દ્રવ્યોનો સંગ્રહ કરવાનું છોડીને માત્ર સર્વ જીવોનો સંગ્રહ કરનાર નયનો ઉપયોગ વિશેષગ્રાહી સંગ્રહનય છે અને તે કહે છે કે, સર્વ જીવો અવિરોધી છે. ત્યાં પણ સર્વ જીવોના ચૈતન્યધર્મને ગ્રહણ કરીને સંગ્રહ કરે છે. તેથી પૃથ્વીકાયાદિના ભેદોથી જીવોનો પરસ્પર ભેદ હોવા છતાં સર્વ જીવોને અવિરોધી કહેવામાં કોઈ દોષ નથી. વળી, જીવોની જેમ જીવના અવાંતર મનુષ્યાદિ ભેદોનું ગ્રહણ કરીને પણ મનુષ્યાદિ રૂપે સંગ્રહ કરનાર નય વિશેષસંગ્રહનય છે. તેથી વિશેષસંગ્રહનયના અનેક ભેદ પ્રાપ્ત થાય અને સામાન્ય સંગ્રહનયનો તો એક જ ભેદ પ્રાપ્ત થાય. **॥૬/૧૧॥**

અવતરણિકા :-

હવે વ્યવહારનયના બે ભેદો બતાવે છે –

ગાથા :-

વ્યવહાર સંગ્રહવિષયભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે;
દ્રવ્ય જીવાજીવ ભાષઇં, જીવ ભવિયા સિદ્ધ રે. બહુ૦ ॥૬/૧૨॥

ગાથાર્થ :-

સંગ્રહનયના વિષયનો ભેદક વ્યવહારનય તિમ જ=તેની જેમ=સંગ્રહનયની જેમ જ, દ્વિવિધ=બે પ્રકારનો, પ્રસિદ્ધ છે. દ્રવ્ય જીવાજીવ કહે છે=સંગ્રહનયનો પ્રથમ ભેદ-જે દ્રવ્ય છે તે જીવ-

અજીવરૂપ છે-એમ પહેલો વ્યવહારનય કહે છે. જે જીવ છે તે ભવિયા=ભવવાળા=સંસારી, અને સિદ્ધ છે, એમ બીજો ભેદ કહે છે. ॥૬/૧૨॥

ટબો :-

સંગ્રહનયનો જે વિષય-તેહના ભેદનો દેખાડણહાર-તે વ્યવહારનય કહિઈં. તે તિમજ-સંગ્રહનયની પરિં, દ્વિવિધ કહિઈં. એક સામાન્ય-સંગ્રહ-ભેદક વ્યવહાર ૧, એક-વિશેષ-સંગ્રહ-ભેદક વ્યવહાર ૨ એવં ૨. ભેદ જાણવા. "द्रव्यं जीवाजीवौ" એ સામાન્ય-સંગ્રહ-ભેદક વ્યવહાર. "जीवाः संसारिणः सिद्धाश्च" એ વિશેષ-સંગ્રહ-ભેદક વ્યવહાર. ઈમ-ઉત્તરોત્તર વિવક્ષાઈં સામાન્ય-વિશેષપણું ભાવવું. ॥૬/૧૨॥

ટબાર્થ :-

સંગ્રહનયનો જે વિષય છે તેના ભેદને દેખાડનાર, તે વ્યવહારનય કહેવાય છે. તે=વ્યવહારનય, તેમ જ=સંગ્રહનયની જેમ જ, બે પ્રકારનો કહેવાય છે. એક સામાન્યસંગ્રહનો ભેદક વ્યવહાર, એક વિશેષસંગ્રહનો ભેદક વ્યવહાર એમ બે ભેદ જાણવા=વ્યવહારનયના બે ભેદ જાણવા.

વ્યવહારનયના ઉપયોગથી કેવા પદાર્થનો બોધ થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

'દ્રવ્ય જીવ-અજીવરૂપ છે' એ પ્રમાણે કહેનાર, એ સામાન્યસંગ્રહનો ભેદક વ્યવહારનય છે. 'જીવો સંસારી અને સિદ્ધ છે' એ પ્રમાણે કહેનાર, એ વિશેષસંગ્રહનો ભેદક વ્યવહારનય છે. એ રીતે ઉત્તર ઉત્તરની વિવક્ષાથી સામાન્યવિશેષપણું ભાવવું=જીવના સંસારી અને સિદ્ધ, એમ બે ભેદો બતાવ્યા પછી તે ભેદમાં સંસારી જીવોને ગ્રહણ કરીને 'સંસારી જીવો ત્રસ અને સ્થાવરરૂપ છે' એમ કહેવામાં આવે છે ત્યારે જે 'જીવો સંસારી અને સિદ્ધ છે' તે ભેદના ઉત્તરની અપેક્ષાએ સામાન્યવિશેષરૂપ છે અર્થાત્ 'સંસારી જીવો સામાન્યરૂપ છે' અને તેના 'ત્રસ અને સ્થાવર' તે વિશેષ છે. માટે સંગ્રહનયને અભિમત એવું સંસારી જીવોરૂપ જે સામાન્ય તેનું ભેદક 'ત્રસ અને સ્થાવર'રૂપ વ્યવહારનય છે અને તે ભેદ કર્યા પછી વળી, ત્રસને સામાન્યગ્રહણ કરીને પણ સામાન્યવિશેષપણે ગ્રહણ કરવું. ॥૬/૧૨॥

ભાવાર્થ :-

સંગ્રહનય જે વિષયોને દેખાડે છે તે વિષયોનો વિભાગ કરવાથી વ્યવહાર પ્રવર્તે છે; કેમ કે 'સર્વદ્રવ્યો છે તે સમાન છે' એમ કહેવાથી કોઈ વ્યવહાર થઈ શકે નહીં. તેથી વ્યવહારનય 'આ દ્રવ્યો અજીવરૂપ છે, આ દ્રવ્યો જીવરૂપ છે' એમ વિભાગ કરે છે. વળી, જીવરૂપે વિભાગ કર્યા પછી અવાંતર ભેદોનો વ્યવહાર કરવા અર્થે વ્યવહારનય જીવના પણ ત્રસ, સ્થાવર ઇત્યાદિ રૂપે ભેદો પાડે છે જેને આશ્રયીને હિંસા, અહિંસાનો વ્યવહાર પ્રવર્તે છે.

વળી, અજીવદ્રવ્યોમાં પણ ધર્માસ્તિકાયાદિ અને પુદ્ગલરૂપે વિભાગ કરીને વ્યવહાર પ્રવર્તે છે અને પુદ્ગલદ્રવ્યમાં પણ 'આ ઘટ છે', 'આ પટ છે' એમ કહીને પોતાને ઉપયોગી એવાં ઘટાદિને ગ્રહણ કરવાનો

વ્યવહાર પ્રવર્તે છે અને પોતાને અનુપયોગી એવાં પટાદિના ત્યાગનો વ્યવહાર પ્રવર્તે છે.

વળી, આ વ્યવહારનયના બે ભેદ છે. (૧) સામાન્ય સંગ્રહનયે જે સર્વ દ્રવ્યોનો દ્રવ્યરૂપે સંગ્રહ કરેલો તેના ભેદ કરીને વ્યવહારનય બોધ કરાવે છે કે જે દ્રવ્ય છે તે જીવ અને અજીવ એમ બે ભેદવાળા છે અને આ પ્રકારના બોધને કારણે અજીવદ્રવ્યથી આત્મા જીવરૂપે પૃથક્ છે તેવો નિર્ણય થાય તો તેના હિતને અનુકૂળ સર્વત્ર ઉચિત વ્યવહારની સંગતિ થઈ શકે.

(૨) વળી, વ્યવહારનયનો બીજો ભેદ, વિશેષસંગ્રહનયે જે સર્વજીવોનો જીવરૂપે સંગ્રહ કરેલો તેના ભેદ કરીને વ્યવહારનય બોધ કરાવે છે કે, જે જીવ છે તે સંસારી અને સિદ્ધ એમ બે ભેદવાળા છે અને આ પ્રકારના બોધને કારણે સંસારી જીવોની અવસ્થાનો અને સિદ્ધના જીવોની અવસ્થાનો બોધ કરાવવા માટે સમર્થ બને છે જેના કારણે જીવની સંસારી અવસ્થા અસુંદર છે અને સિદ્ધ અવસ્થા સુંદર છે એવો બોધ થાય છે. જેથી તત્ત્વને જાણવાના અર્થી પુરુષો સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરે છે.

વળી, સંસારી જીવોને ગ્રહણ કરીને તેના અવાંતર ભેદોનો બોધ કરાવવા અર્થે જ્યારે વ્યવહારનય પ્રવર્તે છે ત્યારે સંસારી જીવોને સંગ્રહનયે જે સંસારીરૂપે સંગ્રહ કર્યો તેનો જ ત્રસ-સ્થાવરરૂપે વ્યવહારનય વિભાગ કરે છે અને આવો જીવોનો વિભાગ વ્યવહારનય કરે ત્યારે સંસારી જીવોના ત્રસસ્થાવરઆદિ ભેદને કહેનારા વ્યવહારનયની અપેક્ષાએ જીવના સંસારી અને મુક્તરૂપ ભેદને કહેનારો વ્યવહારનય સામાન્ય વ્યવહારનય બનશે અને સંસારી જીવના ત્રસસ્થાવરઆદિ ભેદને કહેનારો વ્યવહારનય વિશેષને કહેનારો વ્યવહારનય બનશે.

એ રીતે સામાન્યવિશેષરૂપે વ્યવહારનયના અનેક ભેદો પ્રાપ્ત થશે. **॥૬/૧૨॥**

અવતરણિકા :-

હવે ઋજુસૂત્રનયના બે ભેદો બતાવે છે –

ગાથા :-

વર્તતો ઋજુસૂત્ર ભાસઈં, અર્થ નિજ અનુકૂલ રે;
ક્ષણિક પર્યય કહઈં-સૂષિમ, મનુષ્યાદિક-થૂલ રે. બહુ૦ ॥૬/૧૩॥

ગાથાર્થ :-

નિજ અનુકૂલ એવો વર્તતો અર્થ=પોતાને ઉપયોગી એવો વર્તમાનમાં વર્તતો અર્થ, ઋજુસૂત્ર કહે છે. સૂક્ષ્મ ઋજુસૂત્ર ક્ષણિક પર્યાય કહે છે. સ્થૂલ ઋજુસૂત્ર મનુષ્યાદિક પર્યાય કહે છે. ॥૬/૧૩॥

ટબો :-

ઋજુસૂત્રનય-વર્તતો અર્થ ભાષઈં, પણિ અતીત, અનાગત-અર્થ ન માનઈં. વર્તમાન પણિ-નિજ અનુકૂલ-આપણા કામનો અર્થ માનઈં, પણિ-પરકીય ન માનઈં. તે ઋજુસૂત્ર

નય દ્વિભેદ કહ્યો—એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ, સૂક્ષ્મ-તે ક્ષણિક પર્યાય માનઈં. સ્થૂલ-તે મનુષ્યાદિ પર્યાય માનઈં, પણિ-કાલત્રયવર્તી પર્યાય ન માનઈં. વ્યવહારનય-તે ત્રિકાલ પર્યાય માનઈં, તે માટિં-સ્થૂલ ઋજુસૂત્ર, વ્યવહારનયનઈં સંકર ન જાણવો. ॥૬/૧૩॥

ટબાર્થ :-

ઋજુસૂત્રનય વર્તતો અર્થ બોલે છે પરંતુ અતીત અર્થ અને અનાગત અર્થને માનતો નથી=પદાર્થરૂપે સ્વીકારતો નથી, વર્તમાન પણ નિજ અનુકૂળ=પોતાના કામનો અર્થ માને છે પરંતુ પરકીય એવો વર્તમાન અર્થ પણ માનતો નથી. તે ઋજુસૂત્રનય બે પ્રકારનો કહેવો. એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ. સૂક્ષ્મ ઋજુસૂત્રનય તે ક્ષણિકપર્યાયને માને. સ્થૂલ ઋજુસૂત્રનય તે મનુષ્યાદિ પર્યાય માને પણ કાલત્રયવર્તી મનુષ્યપર્યાયને ન માને અને વ્યવહારનય તે ત્રિકાલ પર્યાયને માને તેથી સ્થૂલ ઋજુસૂત્ર અને વ્યવહારનયનો સંકર નથી એમ જાણવું. ॥૬/૧૩॥

ભાવાર્થ : -

પોતાને ઉપયોગી હોય અને વર્તમાનમાં જે વર્તતો હોય તેવા પદાર્થને જોવાની દૃષ્ટિ તે ઋજુસૂત્રનય છે. આથી પરકીય ધનને ઋજુસૂત્રનય ધનરૂપે સ્વીકારતો નથી; કેમ કે પરકીય ધન વ્યવહારનયની દૃષ્ટિથી ધન હોવા છતાં પોતાને અનુપયોગી છે. વળી, અતીત ધન કે અનાગત ધન પણ ઋજુસૂત્રનય સ્વીકારતો નથી. આ ઋજુસૂત્રનયના બે ભેદ છે. (૧) સૂક્ષ્મ (૨) સ્થૂલ

(૧) સૂક્ષ્મ ઋજુસૂત્રનય એક ક્ષણના જ પર્યાયને સ્વીકારે છે. તેથી વર્તમાનની ક્ષણમાં જે વસ્તુ છે તેને જ વસ્તુરૂપે કહે છે. પૂર્વની અને ભાવિની ક્ષણવાળી વસ્તુને ઋજુસૂત્રનય વસ્તુરૂપે સ્વીકારતો નથી.

(૨) વળી, સ્થૂલ ઋજુસૂત્રનય સ્થૂલથી મનુષ્યાદિ પર્યાયને માને છે અર્થાત્ તે જીવની વર્તમાનના મનુષ્યભવની આખી ક્ષણને વર્તમાનક્ષણરૂપે માને છે. તેથી મનુષ્યભવના પૂર્વના પર્યાયોને ભૂતરૂપે કહીને અસ્વીકાર કરે છે અને મનુષ્યભવ પછીના પર્યાયોને ભાવિરૂપે કહીને અસ્વીકાર કરે છે; કેમ કે ભૂત કે ભવિષ્યવાળી વસ્તુ નથી પરંતુ આખા મનુષ્યભવરૂપી ક્ષણ જ વર્તમાનમાં છે.

વળી, વ્યવહારનય મનુષ્યભવના ત્રણ કાળના પર્યાયને સ્વીકારે છે અને સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્યપર્યાયથી આખા મનુષ્યભવને સ્વીકારે છે. તેથી વ્યવહારનયે સ્વીકારેલા મનુષ્યભવના ત્રણ કાળના પર્યાય અને સ્થૂલ ઋજુસૂત્રનયે સ્વીકારેલ આખા મનુષ્યભવની ક્ષણરૂપ પર્યાય એ બે સ્થૂલથી એક થાય છે તોપણ ઋજુસૂત્રનય વર્તમાનના આખા મનુષ્યભવને મનુષ્યભવરૂપે સ્વીકારે છે, જ્યારે વ્યવહારનય તો મનુષ્યભવની વર્તમાનની ક્ષણને વર્તમાનરૂપે સ્વીકારે છે, ભૂતની ક્ષણને ભૂતરૂપે સ્વીકારે છે અને ભવિષ્યની ક્ષણને ભવિષ્યરૂપે સ્વીકારે છે. માટે સ્થૂલ ઋજુસૂત્રનયના વિષયનો અને વ્યવહારનયના વિષયનો સંકર નથી; કેમ કે ઋજુસૂત્રનય માત્ર મનુષ્યપર્યાયરૂપ વર્તમાનક્ષણનો વિષય સ્વીકારે છે, જ્યારે વ્યવહારનય તો મનુષ્યભવના ત્રણે કાળના પર્યાયોને ત્રણ કાળરૂપે સ્વીકારે છે. **॥૬/૧૩॥**

અવતરણિકા :-

હવે શબ્દનય અને સમભિરૂઢનય બતાવે છે –

ગાથા :-

શબ્દ-પ્રકૃતિ, પ્રત્યયાદિકસિદ્ધ માનઇં શબ્દ રે;
સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઇં ભિન્ન જ શબ્દ રે. બહુ૦ ॥૬/૧૪॥

ગાથાર્થ :-

શબ્દનય પ્રકૃતિપ્રત્યયાદિ સિદ્ધ એવાં શબ્દને માને=કહેવાતા શબ્દથી વાચ્ય અર્થને સ્વીકારે. સમભિરૂઢનય વિભિન્ન અર્થક શબ્દને ભિન્ન જ કહે છે. ॥૬/૧૪॥

ટબો :-

શબ્દનય-તે પ્રકૃતિ, પ્રત્યયાદિક=વ્યાકરણવ્યુત્પત્તિસિદ્ધ શબ્દ માનઇં, પણિ-લિંગ, વચનાદિ ભેદઇં અર્થનો ભેદ માનઇં, જિમ-"तटः, तटी, तटम्"એ ૩ લિંગભેદઇં અર્થભેદ, તથા "आपः, जलम्" ઇહાં-એકવચન-બહુવચન ભેદઇં અર્થભેદ. ઋજુસૂત્રનયનઇં એ ઇમ કહઇ, જે-"કાલભેદઇં અર્થભેદ તું માનઇ છઇ, તો લિંગાદિભેદઇં ભેદ કાં ન માનઇ ?" સમભિરૂઢનય ઇમ કહઇ જે "ભિન્ન શબ્દ ભિન્નાર્થક જ હોઇ". શબ્દનયનઇં એ ઇમ કહઇં, જે-"જો તું લિંગાદિભેદઇં અર્થભેદ માનઇં છઇં, તો શબ્દભેદઇં અર્થભેદ કાં ન માનઇં ?" તે-"માટિં" ઘટશબ્દાર્થ ભિન્ન, કુંભશબ્દાર્થ ભિન્ન-ઇમ એ માનઇં. એકાર્થપણું પ્રસિદ્ધ છઇં, તે શબ્દાદિનયની વાસના થકી. ॥૬/૧૪॥

ટબાર્થ :-

શબ્દનય તે પ્રકૃતિ=મૂળશબ્દરૂપ પ્રકૃતિ અને પ્રત્યયાદિક=તે શબ્દને લાગતા પ્રત્યયાદિક, જે વ્યાકરણવ્યુત્પત્તિસિદ્ધ છે તે શબ્દને માને=તે શબ્દથી વાચ્ય અર્થને સ્વીકારે અર્થાત્ ઘટ, કુંભ ઇત્યાદિક શબ્દભેદથી અર્થભેદ ન સ્વીકારે પરંતુ એક જ અર્થ સ્વીકારે, પણ લિંગવચનાદિના ભેદથી=તે શબ્દના લિંગ અને તે શબ્દના એકવચન-બહુવચનભેદથી, અર્થનો ભેદ માને. જેમ तटः, तटी અને तटम् એ ત્રણ લિંગના ભેદથી અર્થભેદ માને અર્થાત્ કોઈ એક તળાવના કિનારાને જોઈને કોઈ तटः એમ પુલિંગમાં કહે, કોઈ तटी એમ સ્ત્રીલિંગમાં કહે, કે કોઈ तटम् એમ નપુંસકલિંગમાં કહે તો તે ત્રણ લિંગના ભેદથી વાચ્ય "તળાવના કિનારા રૂપ" વસ્તુ એક હોવા છતાં શબ્દનયની દૃષ્ટિથી જુદી છે.

વળી, आपः અને जलम् માં પણ એકવચન અને બહુવચનના ભેદથી શબ્દનય અર્થભેદ માને અર્થાત્ પાણીને જોઈને કોઈ પુરુષ आपः કહે અને અન્ય કોઈ પુરુષ जलम् કહે તો તે બંને પ્રયોગમાં

એકવચનનો અને બહુવચનનો ભેદ હોવાથી आपः શબ્દથી વાચ્ય પાણી જુદું છે અને जलम् શબ્દથી વાચ્ય પાણી જુદું છે એમ શબ્દનય કહે.

ઋજુસૂત્રનયને એ=શબ્દનય, એમ કહે છે=આગળમાં બતાવે છે એમ કહે છે, જે "કાલભેદથી અર્થભેદ=ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળરૂપ કાળભેદથી અર્થનો ભેદ કરીને, વર્તમાનમાત્રના અર્થને તું=ઋજુસૂત્રનય, માને છે=સ્વીકારે છે, તો લિંગાદિના ભેદથી ભેદ=અર્થનો ભેદ=પદાર્થનો ભેદ, કેમ નથી માનતો ?" એમ કહીને ઋજુસૂત્રનયે સ્વીકારેલ પદાર્થ ઉચિત નથી પરંતુ પોતે સ્વીકારેલ પદાર્થ ઉચિત છે એમ શબ્દનય સ્થાપન કરે છે.

સમભિરૂઢનય એમ કહે, જે ભિન્ન શબ્દ હોય તે ભિન્નાર્થક જ હોય. તેથી ઘટ અને કુંભ શબ્દથી વાચ્ય શબ્દનયથી એક હોવા છતાં સમભિરૂઢનયથી ભિન્ન જ અર્થ પ્રાપ્ત થાય છે. શબ્દનયને એ=સમભિરૂઢનય, એમ કહે છે=આગળમાં બતાવે છે એમ કહે છે, જે 'જો તું=શબ્દનય, લિંગાદિભેદથી અર્થનો ભેદ માને છે તો શબ્દભેદથી અર્થભેદ કેમ માનતો નથી ?' એમ કહીને શબ્દનયે સ્વીકારેલ પદાર્થ ઉચિત નથી પરંતુ પોતે સ્વીકારેલ પદાર્થ ઉચિત છે એમ સમભિરૂઢનય સ્થાપન કરે છે. તે માટે=શબ્દનય માને છે તે ઉચિત નથી તે માટે, ઘટ શબ્દનો અર્થ=ઘટ શબ્દથી વાચ્ય એવો અર્થ, ભિન્ન છે, કુંભ શબ્દનો અર્થ=કુંભ શબ્દથી વાચ્ય એવો અર્થ, ભિન્ન છે. એમ એ નય=સમભિરૂઢનય, માને છે. સમભિરૂઢનયે ઘટ શબ્દથી વાચ્ય પદાર્થ અને કુંભ શબ્દથી વાચ્ય પદાર્થ ભિન્ન છે એમ કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે લોકમાં ઘટ શબ્દથી વાચ્ય પદાર્થ અને કુંભ શબ્દથી વાચ્ય પદાર્થ ભિન્ન પ્રસિદ્ધ નથી છતાં સમભિરૂઢનય તેને ભિન્ન કેમ કહે છે ? તેથી સમભિરૂઢનય કહે છે. 'એકાર્થપણું પ્રસિદ્ધ છે તે=ઘટ શબ્દ અને કુંભ શબ્દથી વાચ્ય એક અર્થ પ્રસિદ્ધ છે તે, શબ્દાદિનયની=શબ્દનયની અને ઋજુસૂત્રનયની અને વ્યવહારનયની વાસનાથી છે.' ॥૬/૧૪॥

(પાઠાંતરથી 'શબ્દનયની વાસનાથી છે' જે પણ ઉચિત છે)

ભાવાર્થ :-

શબ્દનય વ્યાકરણની મર્યાદાથી પ્રાપ્ત એવાં દરેક શબ્દોની પ્રકૃતિ અને તે શબ્દોને લાગતા પ્રત્યયાદિ તે અનુસાર શબ્દથી વાચ્ય અર્થને સ્વીકારે છે પરંતુ એક જ અર્થને કહેનારા ભિન્ન ભિન્ન શબ્દોના ભેદથી અર્થના ભેદને કહેતો નથી. તેથી ઘટ, કુંભ આદિ પ્રકૃતિના ભેદથી અર્થભેદ માનતો નથી. વળી, તે શબ્દોના સ્ત્રીલિંગ, પુંલિંગ અને નપુંસકલિંગના ભેદથી કે એકવચન અને બહુવચનના ભેદથી શબ્દોના અર્થનો ભેદ માને છે. જેમ, કોઈ સમુદ્રનું તટ હોય અને તેનો ઉલ્લેખ કોઈ तटः તરીકે કરે, કોઈ तटी તરીકે કરે કે 'तटम्' તરીકે કરે તો ત્રણે શબ્દોમાં પુંલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગનો ભેદ છે તેથી તે ત્રણે શબ્દોથી વાચ્ય સન્મુખ દેખાતું એક જ તટ હોવા છતાં પુંલિંગ શબ્દથી વાચ્ય અન્ય તટ છે, સ્ત્રીલિંગ શબ્દથી વાચ્ય અન્ય તટ છે અને નપુંસકલિંગ શબ્દથી વાચ્ય અન્ય તટ છે એમ શબ્દનય સ્વીકારે છે.

વળી, જેમ સન્મુખ રહેલા પાણીનો બોધ કરાવવા અર્થે કોઈ 'आपः' પ્રયોગ કરે તો તે પ્રયોગ બહુવચનમાં છે અને કોઈ 'जलम्' પ્રયોગ કરે તો તે પ્રયોગ એકવચનમાં છે. તેથી 'आपः' શબ્દથી અને 'जलम्' શબ્દથી સન્મુખ રહેલું પાણી વાચ્ય હોવા છતાં બહુવચનના પ્રયોગથી વાચ્ય પાણી જુદું છે અને એકવચનના પ્રયોગથી વાચ્ય પાણી જુદું છે એ પ્રકારનો અર્થભેદ શબ્દનય સ્વીકારે છે.

વળી, પૂર્વ પૂર્વના નયો કરતાં ઉત્તર ઉત્તરના નયો સૂક્ષ્મ અર્થને માનનારા છે તે નિયમ અનુસાર ઋજુસૂત્રનય સૂક્ષ્મ અર્થને જોનાર છે. તેથી ઋજુસૂત્રનય કાળના ભેદથી અર્થનો ભેદ કરતો હોવા છતાં શબ્દનયની જેમ સૂક્ષ્મ જોનાર નહીં હોવાથી લિંગ અને વચનના ભેદથી અર્થભેદ માનતો નથી. તેને શબ્દનય કહે છે કે "વ્યવહારનયને માન્ય એવાં એક જ ઘટરૂપી અર્થનો જો તું=ઋજુસૂત્રનય, કાળના ભેદથી ભેદ કરે છે અર્થાત્ પૂર્વક્ષણનો ઘટ જુદો છે અને વર્તમાન ક્ષણનો ઘટ જુદો છે એમ કહીને ભૂતકાળનો અને ભવિષ્યકાળનો ઘટ નથી માત્ર વર્તમાનનો જ ઘટ છે તેમ સ્વીકારે છે, તો લિંગ અને વચનના ભેદથી પ્રતીત થતા અર્થનો ભેદ કેમ સ્વીકારતો નથી ?" એ પ્રકારે કહીને શબ્દનય પોતાને અભિમત-'લિંગાદિના ભેદથી અર્થભેદ માનવો ઉચિત છે' તેમ સ્થાપન કરે છે.

વળી, સમભિરૂઢનય શબ્દનયને અભિમત લિંગવચનાદિના ભેદથી તો અર્થભેદ સ્વીકારે છે, પરંતુ ભિન્ન ભિન્ન શબ્દ પણ ભિન્ન અર્થના વાચક છે એમ પણ સ્વીકારે છે. તેથી 'आपः' અને 'जलम्' એ પ્રયોગમાં જેમ એકવચન અને બહુવચનના ભેદથી વાચ્ય પાણી જુદું છે તેમ 'आपः' અને 'जलम्' એ બંને શબ્દો ભિન્ન હોવાથી 'आपः'થી વાચ્ય પાણી જુદું છે અને 'जलम्'થી વાચ્ય પાણી જુદું છે એમ સમભિરૂઢનય સ્વીકારે છે. આથી કોઈ એક ઘટને સામે રાખીને કોઈ કહે કે 'આ ઘટ છે' અને કોઈ કહે કે 'આ કુંભ છે' ત્યારે પણ 'ઘટ' શબ્દથી વાચ્ય અર્થ ભિન્ન છે અને 'કુંભ' શબ્દથી વાચ્ય અર્થ ભિન્ન છે; કેમ કે ઘટન ક્રિયાને આશ્રયીને તે 'ઘટ' છે અને કુંભન ક્રિયાને આશ્રયીને તે 'કુંભ' છે. માટે ઘટન ક્રિયાવાળો ઘટ છે અને કુંભન ક્રિયાવાળો કુંભ છે, તેથી ઘટ શબ્દથી વાચ્ય અર્થ અન્ય છે અને કુંભ શબ્દથી વાચ્ય અર્થ અન્ય છે એમ સમભિરૂઢનય માને છે.

વળી, શબ્દનય કરતાં સમભિરૂઢનય સૂક્ષ્માર્થ જોનાર હોવાથી પોતાની માન્યતા ઉચિત છે અને શબ્દનયની માન્યતા ઉચિત નથી એમ બતાવવા અર્થે શબ્દનયને કહે છે. "જો તું=શબ્દનય, લિંગ અને વચનાદિના ભેદથી વાચ્ય અર્થ ભિન્ન છે એમ સ્વીકારે છે તો, ઘટ અને કુંભ-એ રૂપ શબ્દના ભેદથી અર્થભેદ કેમ માનતો નથી ?" વસ્તુતઃ ઘટ શબ્દનો અર્થ જુદો છે અને કુંભ શબ્દનો અર્થ જુદો છે. આમ છતાં જેમ, પ્રતિક્ષણનો ઘટ જુદો હોવા છતાં વ્યવહારનયની વાસનાથી 'અનેકક્ષણવર્તી આ એક જ ઘટ છે' એમ પ્રતીત થાય છે તે રીતે, ઘટ શબ્દથી અને કુંભ શબ્દથી વાચ્ય ભિન્ન અર્થ હોવા છતાં શબ્દનય અને ઋજુસૂત્રનયની વાસનાથી એક અર્થ પ્રતીત થાય છે એમ પ્રસિદ્ધ છે. છતાં વાસ્તવિક રીતે સમભિરૂઢનયની દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે તો ઘટ, કુંભાદિ શબ્દથી વાચ્ય અર્થ પણ તે તે શબ્દથી દ્યોતિત ક્રિયાના ભેદથી ભિન્ન જ છે તેવો બોધ થાય છે. **॥૬/૧૪॥**

અવતરણિકા :-

હવે એવંભૂતનય બતાવે છે –

ગાથા :-

ક્રિયા પરિણત અર્થ માનઈં, સર્વ એવંભૂત રે;
નવઈં નયના ભેદ ઇણિ પરિ, અઠાવીસ પ્રભૂત રે. બહુ૦ ॥૬/૧૫॥

ગાથાર્થ :-

એવંભૂત=એવંભૂતનય ક્રિયાપરિણત સર્વ અર્થ માને=તે શબ્દથી વાચ્ય એવી ક્રિયાના કાળમાં તે અર્થ છે તેમ સ્વીકારે, ઈણી પરિ=આ રીતે=ઢાળ પાંચમીની ગાથા-૭થી અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, નવનયના અઠ્ઠાવીસ પ્રભૂત=ઘણા, ભેદો થાય. ॥૬/૧૫॥

ટબો :-

એવંભૂતનય સર્વ અર્થ, ક્રિયાપરિણત-ક્રિયાવેલાઈં માનઈં, અન્યદા ન માનઈં, જિમ રાજઈંછત્ર ચામરાદિકઈં શોભઈ, તે-રાજા. તિં પર્ષદામાંહિં બઈઠાં ચામર ઢલાઈં, તિવારઈ. સ્નાનાદિક વેલાઈં-તે અર્થ વિના રાજા ન કહિઈં.

ઈમ નવઈં નયના અઠાવીસ-ભેદ પ્રભૂત કહતાં-ઘણા, થયા. ॥૬/૧૫॥

ટબાર્થ :-

એવંભૂતનય સર્વ અર્થ=તે શબ્દોથી વાચ્ય સર્વ અર્થ, ક્રિયાપરિણત=ક્રિયાવેળામાં, માને છે અર્થાત્ તે શબ્દથી વાચ્ય ક્રિયા તે કરતો હોય ત્યારે તે પદાર્થને તે શબ્દથી વાચ્ય માને છે. અન્યદા= તે ક્રિયા નહીં કરતો હોય ત્યારે, માનતો નથી=તે શબ્દથી વાચ્ય તે વસ્તુને માનતો નથી.

જેમ, રાજા શબ્દથી 'છત્ર, ચામરાદિથી શોભતો હોય તે રાજા' તે પ્રકારની પરિણતિને આશ્રયીને પર્ષદામાં બેઠેલો હોય, ચામરાદિ વીંઝાતા હોય ત્યારે તેને રાજા કહે છે. સ્નાનાદિ વેળાએ રાજા શબ્દનો અર્થ પ્રાપ્ત થતો નહીં હોવાથી તેને રાજા કહેતો નથી.

આમ=અત્યાર સુધી વર્ણન કર્યું એમ, નવ નયના અઠ્ઠાવીસ ભેદ પ્રાપ્ત થાય.

વળી, પ્રભૂત કહેતાં ઘણા થયા=હજી અવાંતર અધિક ભેદો ગ્રહણ કરવામાં આવે તો અધિક ભેદો થાય. ॥૬/૧૫॥

ભાવાર્થ :-

સમભિરૂઢનય ઘટન ક્રિયાને આશ્રયીને અને કુંભન ક્રિયાને આશ્રયીને પુરોવર્તી રહેલા એક જ ઘટને ઘટ અને કુંભ એમ અલગ શબ્દોથી વાચ્ય કરીને ભિન્ન માને છે. આમ છતાં તે ઘટ જો ઘટન ક્રિયા ન કરતો હોય કે ઘટન ક્રિયા કરતો હોય તોપણ તે ઘટને ઘટ શબ્દથી વાચ્ય સ્વીકારે છે.

વળી, એવંભૂતનય સમભિરૂઢનય કરતાં સૂક્ષ્મ જોનાર હોવાથી ઘટન ક્રિયાવાળા ઘટને પણ ક્રિયા ન કરતો હોય ત્યારે ઘટ શબ્દથી વાચ્ય સ્વીકારતો નથી અને 'घटचेष्टायाम्' એ પ્રકારની શબ્દની વ્યુત્પત્તિથી જ્યારે પનિહારી તે ઘટમાં પાણી ભરીને મસ્તક પર મૂકીને લાવતી હોય ત્યારે તે ચેષ્ટાને આશ્રયીને તે ઘટમાં ઘટન ક્રિયા છે એમ કહે છે અને જ્યારે તે ઘટ તે ચેષ્ટા ન કરતો હોય ત્યારે સમભિરૂઢનય તેને ઘટ શબ્દથી વાચ્ય સ્વીકારે છે છતાં તે ઘટમાં ક્રિયાની પરિણતિ નહીં હોવાને કારણે એવંભૂતનય તે ઘટને ઘટ શબ્દથી વાચ્ય સ્વીકારતો નથી.

વળી, રાજા શબ્દની વ્યુત્પત્તિ છે કે 'ચામરાદિથી શોભે તે રાજા'. તેથી પર્ષદામાં બેઠેલા હોય, ચામરાદિ વીંઝાતા હોય ત્યારે જ એવંભૂતનય તેને રાજા કહે છે અને જ્યારે તે રાજા સ્નાનાદિ કરતો હોય કે સૂતેલો હોય ત્યારે એવંભૂતનય તેને રાજા કહેતો નથી.

આ રીતે=ગ્રંથકારશ્રીએ પાંચમી ઢાળની ગાથા-૮થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, દિગંબર પ્રક્રિયા અનુસાર નવ નયના અઠ્ઠાવીસ ભેદ પ્રાપ્ત થયા. વળી, પ્રભૂત શબ્દથી તેવા અન્ય ભેદો પણ જાણી લેવા. ॥૬/૧૫॥

અવતરણિકા :-

દિગંબર પ્રક્રિયા અનુસાર નવ નયના ભેદો બતાવ્યા પછી હવે ઢાળનો ઉપસંહાર કરતાં કહે છે –

ગાથા :-

નવઈં નય ઈમ કહિયા, ઉપનય તીન કહિઈં સાર રે;
સાચલો શ્રુતઅરથ પરખી, લહો જસ વિસ્તાર રે. બહુ૦ ॥૬/૧૬॥

ગાથાર્થ :-

ઈમ=આ રીતે, નવ નય કહ્યા, ત્રણ ઉપનય કહીએ છીએ. સાચો શ્રુત અર્થ પરખી=દિગંબરોએ કરેલા અર્થોમાંથી જિનવચનાનુસાર જે સાચો શ્રુત હોય તેનો અર્થ પરખીને, યશનો વિસ્તાર પામો. ॥૬/૧૬॥

ટબો :-

ઈમ નવઈં નય કહિયા. હિવઈ ૩ ઉપનય દિગંબર પ્રક્રિયાઈં કહિઈં છઈં. એહમાંહિ સાચો શ્રુતનો અર્થ પરખી કરીનઈં બહુશ્રુતપણાના યશનો વિસ્તાર પામો. "नयानां समीपे उपनयाः"॥ ॥૬/૧૬॥

ટબાર્થ :-

આ પ્રમાણે નવ નય કહ્યા. હવે દિગંબરની પ્રક્રિયા અનુસાર ત્રણ ઉપનયો કહીએ છીએ. એમાંથી=દિગંબરની પ્રક્રિયામાંથી, સાચો શ્રુતનો અર્થ=જિનવચનાનુસાર શ્રુતનો અર્થ, પરખી કરીને, બહુશ્રુતપણાના યશનો વિસ્તાર પામો.

ઉપનય શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે –

'નયોના સમીપમાં હોય તેને ઉપનય કહેવાય છે.' ॥૬/૧૬॥

ભાવાર્થ :-

ઢાળનું નિગમન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દિગંબર પ્રક્રિયા અનુસાર નયના પેટાભેદ સહિત નવ નયો ગ્રંથકારશ્રીએ બતાવ્યા. હવે આગળની ઢાળમાં દિગંબરની પ્રક્રિયા અનુસાર ત્રણ ઉપનય કહે છે. વળી, આ નવ નયો અને ત્રણ ઉપનયોમાંથી બુદ્ધિમાન પુરુષ જિનવચનાનુસાર કયો સાચો અર્થ છે ? તેની પરખ કરે અને સાચા અર્થનું ગ્રહણ કરે અને ખોટા અર્થનો ત્યાગ કરે તો બહુશ્રુતપણાના યશનો વિસ્તાર પામે. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે સુગુરુ પાસે ભણનાર વિવેકી શ્રોતા આ વર્ણન સાંભળીને સાચો અર્થ પરખવા પ્રયત્ન કરે અને તેના દ્વારા બહુશ્રુતપણાના વિસ્તારને પ્રાપ્ત કરે, જેથી કીર્તિની પ્રાપ્તિ થાય.

વળી, આગળની ઢાળમાં ત્રણ ઉપનય બતાવવાની પ્રક્રિયા કરે છે તેથી ઉપનય શબ્દનો વ્યુત્પત્તિઅર્થ શું છે ? તે સ્પષ્ટ કરે છે.

'નયોના સમીપમાં જે હોય તે ઉપનય છે' આ પ્રકારનો વ્યુત્પત્તિ અર્થ દિગંબરો કરીને તે ઉપનયના ત્રણ ભેદો બતાવે છે.

ઢાળની અંતિમ ગાથાના અંતિમ ચરણમાં 'જસ' શબ્દ 'કીર્તિ'નો વાચક છે અને ઢાળ રચનાર 'શ્રી યશોવિજયજી'ના નામનો પણ વાચક છે. આથી 'जस' એ મુજબ લિપ્યંતરમાં લખેલ છે. **॥૬/૧૬॥**

ઢાળ-૭

પૂર્વની ઢાળ સાથેનું જોડાણ :-

પૂર્વમાં દિગંબર પ્રક્રિયા અનુસાર નવ નયો અને તેના ભેદો બતાવ્યા અને પૂર્વની ઢાળના અંતે કહ્યું કે, દિગંબરની પ્રક્રિયા અનુસાર ત્રણ ઉપનયો કહીએ છીએ. તેથી હવે તે ત્રણ ઉપનયો ક્રમસર બતાવે છે –

અવતરણિકા :-

ઉપનયના ત્રણ ભેદમાંથી ઉપનયનો પ્રથમ ભેદ ગાથા-૧થી ૪ સુધી બતાવે છે –

ગાથા :-

સદ્‌ભૂત વ્યવહાર, ભેદ પ્રથમ તિહાં;
ધર્મ-ધર્મિના ભેદથી એ. ॥૭/૧॥

ગાથાર્થ :-

તિહાં=ત્રણ પ્રકારના ઉપનયમાં, પ્રથમ ભેદ=ઉપનયનો પ્રથમ ભેદ, ધર્મ-ધર્મીના ભેદથી, સદ્‌ભૂતવ્યવહારરૂપ છે. ॥૭/૧॥

ટબો :-

તિહાં-સદ્‌ભૂત વ્યવહાર-પ્રથમ ઉપનયનો ભેદ. તે-ધર્મ અનઈં ધર્મિ-તેહના ભેદ દેખાડવાથી હોઈ. ॥૭/૧॥

ટબાર્થ :-

તિહાં=ઉપનયના ત્રણ ભેદમાં, સદ્‌ભૂત વ્યવહાર, પ્રથમ ઉપનયનો ભેદ છે. તે ધર્મ અને ધર્મી, તેના ભેદ દેખાડવાથી થાય છે. ॥૭/૧॥

અવતરણિકા :-

સદ્‌ભૂતવ્યવહારના જ હવે બે ભેદ બતાવે છે –

ગાથા :-

શુદ્ધ, અશુદ્ધ-દ્વિભેદ, શુદ્ધ-અશુદ્ધના;
તેહ અરથના ભેદથી એ. ॥૭/૨॥

ગાથાર્થ :-

શુદ્ધ, અશુદ્ધ-બે ભેદ=સદ્‌ભૂત વ્યવહારના શુદ્ધ, અશુદ્ધ-બે ભેદ, તે શુદ્ધ-અશુદ્ધના અર્થના ભેદથી=શુદ્ધ-અશુદ્ધ પર્યાયના ભેદથી, છે. ॥૭/૨॥

ટબો :-

તે વલી, ૨ પ્રકારિ હોઈ-૧ શુદ્ધ, બીજો-અશુદ્ધ ૨. શુદ્ધ ધર્મ-ધર્મિના ભેદથી શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર, અશુદ્ધ ધર્મ-ધર્મિના ભેદથી અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. સદ્‌ભૂત તે માટિં જે-એક દ્રવ્ય જ છઈ, ભિન્ન દ્રવ્ય સંયોગાપેક્ષા નથી. વ્યવહાર તે માટિં જે-ભેદ દેખાડિઈ છઈં. ॥૭/૨॥

ટબાર્થ :-

તે વળી,=સદ્‌ભૂત વ્યવહાર વળી, બે પ્રકારે થાય. (૧) શુદ્ધ, બીજો (૨) અશુદ્ધ.

(૧) શુદ્ધ ધર્મ-ધર્મીના ભેદથી શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

(૨) અશુદ્ધ ધર્મ-ધર્મીના ભેદથી અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

ઉપનયના પ્રથમ ભેદમાં 'સદ્‌ભૂત' અને 'વ્યવહાર' એમ બે શબ્દોનો પ્રયોગ કેમ કર્યો ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સદ્‌ભૂત તે માટે, જે એક દ્રવ્ય જ છે. ભિન્ન દ્રવ્યના સંયોગની અપેક્ષા નથી અર્થાત્ આત્માથી ભિન્ન એવાં કર્માદિ દ્રવ્યના સંયોગની અપેક્ષા નથી. વ્યવહાર તે માટે, જે ભેદ દેખાડે છે અર્થાત્ ધર્મ અને ધર્મીનો ભેદ દેખાડે છે. ॥૭/૨॥

ગાથા :-

જિમ જગિ કેવલગ્યાન, આતમદ્રવ્યનૂં;
મઈ નાણાદિક તેહનૂં એ. ॥૭/૩॥

ગાથાર્થ :-

જેમ જગતમાં આત્મદ્રવ્યનું કેવળજ્ઞાન (એ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.) તેહનું=આત્મદ્રવ્યનું, મતિજ્ઞાનાદિક, (એ અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.) ॥૭/૩॥

ટબો :-

જિમ-જગમાંહિ "આત્મદ્રવ્યનૂં કેવલજ્ઞાન" ઈમ ષષ્ઠીઈં પ્રયોગ કીજઈ. તથા- "મતિજ્ઞાનાદિક આત્મદ્રવ્યના ગુણ" ઈમ-બોલાવિઈં. ॥૭/૩॥

ટબાર્થ :-

જેમ જગતમાં 'આત્મદ્રવ્યનું કેવળજ્ઞાન' એમ ષષ્ઠીનો પ્રયોગ કરાય છે, જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે. તથા=અને, 'આત્મદ્રવ્યના મતિજ્ઞાનાદિક ગુણ છે' એમ બોલાય છે, તે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે. ॥૭/૩॥

ગાથા :-

ગુણ, પર્યાય, સ્વભાવ, કારક, તન્મયનો;
ભેદ અરથ છઇં એહનો એ. ॥૭/૪॥

ગાથાર્થ :-

ગુણ, પર્યાય, સ્વભાવ, કારક; અને તન્મયનો=ગુણીનો, પર્યાયવંતનો, સ્વભાવવંતનો, કારકીનો; ભેદ અર્થ એનો છે=સદ્‌ભૂત વ્યવહારનો છે. ॥૭/૪॥

ટબો :-

ગુણ-ગુણીનો પર્યાય-પર્યાયવંતનો સ્વભાવ-સ્વભાવવંતનો કારક અનઈં-તન્મય કહતાં-કારકી, તેહનો જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાવિઈં, તે સર્વ એ ઉપનયનો અર્થ જાણવો. "ઘટસ્ય રૂપમ્, ઘટસ્ય રક્તતા, ઘટસ્ય સ્વભાવઃ, મૃદા ઘટો નિષ્પાદિતઃ" ઈત્યાદિ પ્રયોગ જાણવા. ॥૭/૪॥

ટબાર્થ :-

ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવંતનો, સ્વભાવ-સ્વભાવવંતનો, કારક અને તન્મયનો કહેતાં કારકી, તેનો, જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાય, તે સર્વ એ ઉપનયનો=સદ્‌ભૂત વ્યવહારરૂપ ઉપનયનો, અર્થ જાણવો. ઘટનું રૂપ (ગુણ-ગુણીનો ભેદ), ઘટની રક્તતા (પર્યાય-પર્યાયવંતનો ભેદ), ઘટનો સ્વભાવ=ઘટનો જલધારણનો સ્વભાવ (સ્વભાવ-સ્વભાવવંતનો ભેદ), માટીથી ઘટ નિષ્પાદિત કરાયો (કારક-કારકીનો ભેદ) ઈત્યાદિ પ્રયોગ જાણવા. ॥૭/૪॥

❖ ગાથા-૧થી ૪ સુધી ઉપનયના પ્રથમ ભેદ 'સદ્‌ભૂત વ્યવહાર' અને તેના બે ભેદનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ કર્યું છે. તેથી ભાવાર્થમાં એ ચારેય ગાથાનો એક સાથે સમાવેશ કરેલ છે.

ભાવાર્થ :-

દિગંબર પ્રક્રિયા અનુસાર ઉપનયનો પ્રથમ ભેદ સદ્‌ભૂત વ્યવહાર છે. આ સદ્‌ભૂત વ્યવહાર એક જ દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં રહેલા ધર્મોનો ધર્મીથી ભેદ કરે છે માટે સદ્‌ભૂત છે, અર્થાત્ આત્મા અને દેહનો સંબંધ સ્વીકારીને તેમાં રહેલા ધર્મીના ભેદને કહેતો નથી, જે પ્રમાણે 'આત્માનું શ્યામરૂપ' તે પ્રમાણે કહેતો નથી, પરંતુ આત્મરૂપ એક દ્રવ્ય સ્વીકારીને ધર્મ-ધર્મીનો ભેદ સ્વીકારે છે માટે સદ્‌ભૂત છે. વળી, વ્યવહાર ભેદ સ્વીકારે છે, માટે આ ભેદને સદ્‌ભૂત વ્યવહાર કહેવાય છે.

'સદ્‌ભૂત વ્યવહાર' ઉપનયના બે ભેદ છે.

(૧) **શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય** :- જેમ, 'આત્મદ્રવ્યનું કેવળજ્ઞાન' કહેવામાં આવે ત્યારે પરમાર્થથી આત્મા કેવળજ્ઞાનરૂપ જ છે છતાં વ્યવહારદૃષ્ટિથી 'આત્મદ્રવ્યનું કેવળજ્ઞાન' કહીને આત્મદ્રવ્ય અને

કેવળજ્ઞાનનો ભેદ બતાવાય છે અને આત્માનું કેવળજ્ઞાન એ આત્માનો શુદ્ધ પર્યાય છે, માટે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

(૨) **અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય :-** જેમ, 'આત્માના મતિજ્ઞાનાદિ ગુણો છે' એમ કહેવામાં આવે ત્યારે મતિજ્ઞાનાદિ આત્મામાં જ રહેલા છે, પરંતુ આત્મા સાથે સંયુક્ત એવાં દેહમાં રહેનાર નથી માટે સદ્‌ભૂત છે.

'આત્માનું મતિજ્ઞાન' એ પ્રકારે ભેદની વિવક્ષા કરી માટે વ્યવહાર છે અને આત્માનું મતિજ્ઞાન એ આત્માનો શુદ્ધ ગુણ નથી પરંતુ આત્માનો અશુદ્ધ ગુણ છે માટે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

અહીં 'મતિજ્ઞાનાદિ'માં 'આદિ' પદથી શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યવજ્ઞાન કે આત્મામાં વર્તતા રાગાદિ ભાવોનું ગ્રહણ છે.

વળી, સદ્‌ભૂત વ્યવહારનય ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવંતનો, સ્વભાવ-સ્વભાવવંતનો અને કારક-કારકીનો ભેદ કહે છે તેથી તે સર્વ સદ્‌ભૂત વ્યવહારમાં અંતર્ભાવ પામે અને તે ભેદ પણ શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદથી પ્રાપ્ત થાય.

જેમ, 'આત્માનું કેવળજ્ઞાન' કહેવાથી ગુણ-ગુણીનો ભેદ પ્રાપ્ત થયો, જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે. અને 'આત્માના મતિજ્ઞાનાદિ ગુણો' કહેવાથી ગુણ-ગુણીનો ભેદ પ્રાપ્ત થયો, તે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

વળી, આત્માના સિદ્ધત્વ પર્યાયને ગ્રહણ કરીને 'આત્માનો સિદ્ધત્વ પર્યાય' કહેવાથી પર્યાય-પર્યાયવંતનો ભેદ પ્રાપ્ત થયો, જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે અને સંસારવર્તી આત્માના રાગાદિ પર્યાયને ગ્રહણ કરીને 'આત્માના રાગાદિ પર્યાય' કહેવાથી પર્યાય-પર્યાયવંતનો ભેદ પ્રાપ્ત થયો, તે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

વળી, 'આત્માનો અસંશ્લેષનો સ્વભાવ' કહેવાથી સ્વભાવ-સ્વભાવવંતનો ભેદ પ્રાપ્ત થયો, જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે અને 'આત્માનો પરદ્રવ્ય સાથે સંશ્લેષનો સ્વભાવ' કહેવાથી સ્વભાવ-સ્વભાવવંતનો ભેદ પ્રાપ્ત થયો, તે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

વળી, આત્માના છએ કારકોને શુદ્ધ સ્વભાવમાં પ્રવર્તતા ગ્રહણ કરીને કારકી એવાં 'આત્માના છ કારકો છે' એમ કહેવાથી કારક-કારકીનો ભેદ પ્રાપ્ત થયો. જે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે અને આત્મા રાગાદિ ભાવોને કરે છે તેને આશ્રયીને કારકી એવાં 'આત્માના છ કારકો છે' એમ કહેવાથી કારક-કારકીનો ભેદ પ્રાપ્ત થયો તે અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે.

ટબામાં 'ઘટ'ને આશ્રયીને ગુણ-ગુણીના, પર્યાય-પર્યાયવંતના, સ્વભાવ-સ્વભાવવંતના અને કારક-કારકીના ભેદનું જે યોજન કરેલ છે, તે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર છે. **॥૭/૧-૨-૩-૪॥**

અવતરણિકા :-

હવે ઉપનયનો બીજો ભેદ ગાથા-૫થી ૧૧ સુધી બતાવે છે –

ગાથા :-

અસદ્‌ભૂત વ્યવહાર, પર-પરિણતિ ભલ્યઇ;
દ્રવ્યાદિક ઉપચારથી એ. ॥૭/૫॥

ગાથાર્થ :-

પર પરિણતિ ભળવાને કારણે, દ્રવ્યાદિક ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહાર એ ઉપનયનો બીજો ભેદ છે. ॥૭/૫॥

ટબો :-

પરદ્રવ્યની પરિણતિ ભલ્યઈ, જે દ્રવ્યાદિક નવવિધ ઉપચારથી કહિઈં, તે-અસદ્‌ભૂત વ્યવહાર જાણવો. ॥૭/૫॥

ટબાર્થ :-

પરદ્રવ્યની પરિણતિ ભળવાથી, જે દ્રવ્યાદિક નવવિધ ઉપચારથી કહેવાય છે, તે અસદ્‌ભૂત વ્યવહાર જાણવો. ॥૭/૫॥

અવતરણિકા :-

દ્રવ્યાદિક નવવિધ ઉપચારને ક્રમસર બતાવે છે –

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર :-

ગાથા :-

દ્રવ્યઇં દ્રવ્ય ઉપચાર, પુદ્‌ગલ જીવનઇં;
જિમ-કહિઇં જિનઆગમઇં રે. ॥૭/૬॥

ગાથાર્થ :-

જેમ જિનઆગમમાં દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર કરીને જીવને પુદ્‌ગલ કહેવાય છે. ॥૭/૬॥

ટબો :-

તિહાં-પહલો-દ્રવ્યઈં દ્રવ્યનો ઉપચાર. જિમ-જિનઆગમમાંહિ જીવનઈં પુદ્‌ગલ કહિઈં. ક્ષીર-નીર ન્યાયઈં પુદ્‌ગલસ્યું મિલ્યો છઈ, તે કારણઇં-જીવ પુદ્‌ગલ કહિઈં. એ-જીવદ્રવ્યઈં પુદ્‌ગલદ્રવ્યનો ઉપચાર એક. ॥૭/૬॥

ટબાર્થ :-

તિહાં=નવવિધ ઉપચારમાં, પહેલો=દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર, જેમ, જિનઆગમમાં જીવને પુદ્‌ગલ કહેવાય છે. ॥૭/૬॥

જીવને પુદ્ગલ કેમ કહેવાય છે ? તેથી કહે છે –

ક્ષીર-નીરના ન્યાયથી પુદ્ગલની સાથે મળ્યો છે=જીવ પુદ્ગલની સાથે મળ્યો છે, તે કારણે જીવ પુદ્ગલ કહેવાય છે-એ જીવદ્રવ્યને વિશે પુદ્ગલદ્રવ્યનો ઉપચાર છે. ॥૭/૬॥

(૨) ગુણમાં ગુણનો ઉપચાર :-

ગાથા :-

કાલી લેશ્યા ભાવ, શ્યામગુણઇં ભલી;
ગુણઉપચાર ગુણઇં કહો એ. ॥૭/૭॥

ગાથાર્થ :-

શ્યામ ગુણથી ભલી=ભળેલી, ભાવલેશ્યા કાળી, કહેવાય છે. ત્યાં ગુણઇં=ગુણમાં=આત્માના ગુણમાં, ગુણ ઉપચાર=પુદ્ગલના ગુણનો ઉપચાર કહો. ॥૭/૭॥

ટબો :-

ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છઈં, તેહનઈં-જે કૃષ્ણ, નીલાદિક કહિઈં છઈં, તે-કૃષ્ણાદિ-પુદ્ગલદ્રવ્ય-ગુણનો ઉપચાર કીજઈ છઈ. એ આત્મગુણઇં પુદ્ગલગુણનો ઉપચાર જાણવો. ૨. ॥૭/૭॥

ટબાર્થ :-

ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છે. તેને=ભાવલેશ્યાને જે કૃષ્ણ નીલાદિક કહેવાય છે= જીવની ભાવલેશ્યાને કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા આદિ કહેવાય છે, તે કૃષ્ણાદિ પુદ્ગલદ્રવ્યના ગુણનો ઉપચાર કરાય છે. આ આત્મગુણમાં પુદ્ગલગુણનો ઉપચાર જાણવો. (૨) ॥૭/૭॥

(૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર :-

ગાથા :-

પર્યાયઇં પર્યાય, ઉપચરિઇં વલી;
હય, ગય, ખંધ યથા કહિયા રે. ॥૭/૮॥

ગાથાર્થ :-

વળી, પર્યાયમાં પર્યાયનો ઉપચાર કરાય છે, જે પ્રમાણે હયગય=અશ્વ-ગજ, સ્કંધો કહ્યા છે. ॥૭/૮॥

ટબો :-

પર્યાયઇં-હય, ગય-પ્રમુખ આત્મદ્રવ્યના અસમાન જાતીય દ્રવ્ય પર્યાય, તેહનઈં-

ખંધ કહિઇં છઇં, તે-આત્મપર્યાય ઉપરિ પુદ્ગલ-પર્યાય જે સ્કંધ, તેહનો-ઉપચાર કરીનઇં. ૩. ॥૭/૮॥

ટબાર્થ :-

પર્યાયમાં-હાથી, ઘોડા વગેરે, આત્મદ્રવ્યના અસમાન જાતીય એવાં દ્રવ્યના પર્યાય છે તેને સ્કંધ કહેવાય છે. તે આત્મપર્યાય ઉપરિ=આત્મદ્રવ્યના હાથી-ઘોડારૂપ પર્યાયમાં, પુદ્ગલપર્યાય જે સ્કંધ તેનો ઉપચાર કરીને કહેવાય છે. (૩) ॥૭/૮॥

(૪-૫) દ્રવ્યમાં ગુણ અને દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર :-

ગાથા :-

દ્રવ્યઇં ગુણઉપચાર, વલી પર્યાયનો;
'ગૌર' 'દેહ' 'હૂં' બોલતાં એ. ॥૭/૯॥

ગાથાર્થ :-

"હું ગૌર" બોલતાં, દ્રવ્યમાં ગુણનો ઉપચાર છે. વળી, "હું દેહ" બોલતાં પર્યાયનો=દ્રવ્યમાં પર્યાયનો, ઉપચાર છે. ॥૭/૯॥

ટબો :-

'द्रव्ये गुणोपचारः'-"હૂં ગૌર" ઈમ બોલતાં. "હૂં" તે આત્મદ્રવ્ય, તિહાં-"ગૌર" તે-પુદ્ગલનો ઉજ્વલતા ગુણ ઉપચરિઓ ૪. 'द्रव्ये पर्यायोपचारः' જિમ-"હૂં દેહ" ઈમ બોલિઇં. "હૂં તે" આત્મદ્રવ્ય, તિહાં-"દેહ" તે-પુદ્ગલદ્રવ્યનો અસમાન જાતીય દ્રવ્યપર્યાય ઉપચરિઓ. ૫. ॥૭/૯॥

ટબાર્થ :-

દ્રવ્યમાં ગુણનો ઉપચાર :- "હું ગૌર" એમ બોલતાં, 'હું'-તે આત્મદ્રવ્ય, તેમાં=આત્મદ્રવ્યમાં, "ગૌર"-તે પુદ્ગલનો ઉજ્જ્વલતાગુણનો ઉપચાર કરાયો છે. (૪)

દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર :- જેમ "હું દેહ" એમ બોલાય ત્યાં 'હું'-તે આત્મદ્રવ્ય, તેમાં=આત્મદ્રવ્યમાં, 'દેહ'-તે પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્ય પર્યાય છે તેનો, ઉપચાર કરાયો છે. (૫) ॥૭/૯॥

(૬-૭) ગુણમાં દ્રવ્યનો અને પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર :-

ગાથા :-

ગુણઇં દ્રવ્ય ઉપચાર, પર્યયદ્રવ્યનો;
"ગૌર દેહ" જિમ-આતમા એ. ॥૭/૧૦॥

ગાથાર્થ :-

જેમ "ગૌર આત્મા"એ ગુણમાં દ્રવ્યનો ઉપચાર છે. "દેહ આત્મા" એ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર છે. ॥૭/૧૦॥

ટબો :-

'गुणे द्रव्योपचारः'-જિમ જે-'એ ગૌર દીસઇ છઈ' તે આત્મા. ઈમ-ગૌર ઉદ્દિશીનઈં આત્મવિધાન કીજઈં, એ ગૌરતારૂપ પુદ્ગલગુણઊપરિ આતમ દ્રવ્યનો ઉપચાર ૬. 'पर्याये द्रव्योपचारः' જિમ-કહિઈં 'દેહ તે આત્મા,' ઈહાં-દેહરૂપપુદ્ગલપર્યાયનઈ વિષયઈં આત્મદ્રવ્યનો ઉપચાર કરિઓ. ૭. ॥૭/૧૦॥

ટબાર્થ :-

ગુણમાં દ્રવ્યનો ઉપચાર :- જેમ જે-"આ ગૌર દેખાય છે તે આત્મા છે" એમ ગૌરને ઉદ્દેશીને આત્માનું વિધાન કરાય છે એ ગૌરતારૂપ પુદ્ગલગુણમાં આત્મદ્રવ્યનો ઉપચાર છે. (૬)

પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર :- જેમ-"દેહ તે આત્મા" કહેવાય છે. અહીં="દેહ તે આત્મા છે" એમ જે કહ્યું તેમાં, દેહરૂપ પુદ્ગલપર્યાયના વિષયમાં આત્મદ્રવ્યનો ઉપચાર કરાયો છે. (૭) ॥૭/૧૦॥

(૮-૯) ગુણમાં પર્યાયનો અને પર્યાયમાં ગુણનો ઉપચાર :-

ગાથા :-

ગુણિ પજ્જવ ઉપચાર, ગુણનો પજ્જવઈં;
જિમ મતિ તનુ તનુ મતિ ગુણો એ. ॥૭/૧૧॥

ગાથાર્થ :-

જેમ 'મતિ=મતિજ્ઞાન, તે જ તનુ=શરીર,' તે ગુણમાં પર્યાયનો ઉપચાર છે. જેમ 'તનુ=શરીર, તે મતિ ગુણો=મતિજ્ઞાનરૂપ ગુણ, તે પર્યાયમાં ગુણનો ઉપચાર છે. ॥૭/૧૧॥

ટબો :-

'गुणे पर्यायोपचारः' 'મતિજ્ઞાન તે શરીર જ' શરીરજન્ય છઈં તે માટિં. ઈહાં-મતિજ્ઞાનરૂપ આત્મગુણનઈં વિષયઈં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર કરિઉં. ૮. 'पर्याये गुणोपचारः' જિમ પૂર્વપ્રયોગ જ અન્યથા કરિઈં-'શરીર તે મતિજ્ઞાનરૂપ ગુણ જ.' ઈહાં-શરીરરૂપ પર્યાયનઈં વિષયઈં મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર કીજઈ છઈ. ૯. ॥૭/૧૧॥

ટબાર્થ :-

ગુણમાં પર્યાયનો ઉપચાર :- 'મતિજ્ઞાન તે શરીર જ છે.'

મતિજ્ઞાન શરીર કેમ છે ? તેથી કહે છે –

શરીરજન્ય છે તે માટે. અહીં=મતિજ્ઞાન શરીર છે એ પ્રકારના કથનમાં, મતિજ્ઞાનરૂપ આત્મગુણના વિષયમાં શરીરરૂપ પુગદ્ગલપર્યાયનો ઉપચાર કરાયો છે. (૮)

પર્યાયમાં ગુણનો ઉપચાર :- જેમ પૂર્વનો પ્રયોગ જ=ગુણમાં પર્યાયના ઉપચાર માટે જે પ્રયોગ કરાયો તે પ્રયોગ જ, અન્યથા કરાય છે.

કઈ રીતે અન્યથા કરાય છે ? તે સ્પષ્ટ કરે છે –

"શરીર તે મતિજ્ઞાનરૂપ ગુણ જ છે." અહીં="શરીર મતિજ્ઞાનરૂપ ગુણ જ છે" તેમ જે કહ્યું તેમાં, શરીરરૂપ પર્યાયના વિષયમાં મતિજ્ઞાનરૂપ ગુણનો=આત્માના ગુણનો, ઉપચાર કરાય છે. (૯) ॥૭/૧૧॥

❖ ગાથા-૫થી ૧૧ સુધી ઉપનયના દ્વિતીય ભેદ 'અસદ્ભૂતવ્યવહાર' અને દ્રવ્યાદિના નવવિધ ઉપચારનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેથી ભાવાર્થમાં ગાથા-૫થી ૧૧નો એકસાથે સમાવેશ કરેલ છે.

ભાવાર્થ :-

આત્મદ્રવ્ય અને આત્માથી પર એવું પુદ્ગલદ્રવ્ય, તેની પરિણતિ ભળે અને તેને આશ્રયીને દ્રવ્યાદિકના નવ પ્રકારના ઉપચાર કહેવાય છે તે દિગંબર મતાનુસાર અસદ્ભૂત વ્યવહાર નામનો ઉપનયનો બીજો ભેદ છે અને તે નવ પ્રકારના ઉપચાર ક્રમસર બતાવે છે.

(૧) **દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર :-** જીવદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય ક્ષીર-નીરની જેમ એકમેક થયેલા હોય ત્યારે જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો ઉપચાર કરીને કહેવાય છે કે 'આ પુદ્ગલ છે.' તે દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર છે.

(૨) **ગુણમાં ગુણનો ઉપચાર :-** ભાવલેશ્યા એ જીવના અધ્યવસાયરૂપ છે તેથી રાગાદિવાળા અધ્યવસાયો જેમ અરૂપી છે તેમ કર્મબંધને અનુકૂળ એવી લેશ્યાની પરિણતિ પણ અરૂપી છે. તેથી અરૂપી લેશ્યાને કૃષ્ણ-નીલાદિ કહી શકાય નહીં આમ છતાં કૃષ્ણાદિ પુદ્ગલોના સાંનિધ્યથી જીવમાં તે તે પ્રકારના ક્લેશવાળા કે અક્લેશવાળા અધ્યવસાયો થાય છે તે અધ્યવસાયો ભાવલેશ્યામાં તદ્સહવર્તી કારણ એવાં કૃષ્ણાદિ પુદ્ગલદ્રવ્યના કૃષ્ણાદિ ગુણનો ઉપચાર કરીને ભાવલેશ્યાને પણ કૃષ્ણાદિ લેશ્યા કહેવાય છે. તે આત્મગુણ=આત્મગુણરૂપ ભાવલેશ્યામાં, પુદ્ગલગુણનો=પુદ્ગલના કૃષ્ણાદિ ગુણનો, ઉપચાર જાણવો.

(૩) **પર્યાયમાં પર્યાયનો ઉપચાર :-** આત્મદ્રવ્યના બે પર્યાયો છે. (૧) સમાનજાતીય અને (૨) અસમાનજાતીય. શુદ્ધ આત્મામાં પ્રતિક્ષણ જે નવા નવા પર્યાયો થાય છે તે સમાનજાતીય પર્યાયો છે. વળી, કર્મ સાથે એકમેક થયેલા આત્મદ્રવ્યના હાથી, ઘોડા વગેરે જે પર્યાયો છે તે અસમાનજાતીય પર્યાયો છે. તે પર્યાયોને શાસ્ત્રમાં સ્કંધ કહેવાય છે અર્થાત્ હયસ્કંધ=અશ્વસ્કંધ, ગયસ્કંધ=ગજસ્કંધ, તે આત્માના અશ્વ, ગજ આદિ પર્યાયોમાં પુદ્ગલનો જે સ્કંધપર્યાય તેનો ઉપચાર કરીને કહેવાય છે. તે પર્યાયમાં પર્યાયનો ઉપચાર છે.

(૪) **દ્રવ્યમાં ગુણનો ઉપચાર** :- 'હું ગૌર છું' એ પ્રકારનો જે વ્યવહાર થાય છે તે વ્યવહારમાં 'હું' શબ્દથી વાચ્ય આત્મદ્રવ્ય છે અને તે આત્મદ્રવ્યમાં, તે આત્મદ્રવ્ય સાથે અભિન્ન એવાં દેહના પુદ્ગલમાં વર્તતા ઉજ્જ્વલતા ગુણનો ઉપચાર થાય છે તે દ્રવ્યમાં ગુણનો ઉપચાર છે.

(૫) **દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર** :- 'હું દેહ છું' એ પ્રકારનો જે વ્યવહાર થાય છે તે વ્યવહારમાં 'હું' શબ્દથી વાચ્ય આત્મદ્રવ્ય છે અને તે આત્મા સાથે કથંચિત્ એકત્વભાવને પામેલ દેહના પુદ્ગલોનો આત્મામાં ઉપચાર થાય છે તે આત્મદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્યપર્યાયનો ઉપચાર છે.

અહીં પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્યપર્યાય કહેવાથી એ પ્રાપ્ત થાય કે, જે પુદ્ગલદ્રવ્યો કોઈ જીવદ્રવ્ય સાથે ભળેલા નથી પરંતુ સ્વતંત્ર પુદ્ગલના સ્કંધો છે તે પુદ્ગલદ્રવ્યોના સમાનજાતીય પર્યાયો છે અને જે પુદ્ગલસ્કંધો કોઈક જીવદ્રવ્ય સાથે ભળેલા છે તે પુદ્ગલદ્રવ્યોમાં જીવના સંબંધને કારણે જે પર્યાય વર્તે છે તે પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે. જેમ આત્માની સાથે કથંચિત્ એકત્વને પામેલ દેહ, તે પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્યપર્યાય છે.

(૬) **ગુણમાં દ્રવ્યનો ઉપચાર** :- જેમ શરીરધારી આત્માના દેહમાં ગૌરવર્ણરૂપ પુદ્ગલનો ગુણ દેખાય છે, તે ગૌરરૂપને "આ આત્મા છે" એમ કહેવામાં આવે ત્યાં ગૌરરૂપને ઉદ્દેશીને આત્માનું વિધાન થાય છે. એ સ્થાનમાં ગૌરતારૂપ પુદ્ગલના ગુણમાં આત્મદ્રવ્યનો ઉપચાર થાય છે.

(૭) **પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર** :- જેમ કોઈ પુરુષના દેહરૂપ પુદ્ગલના પર્યાયને 'આ આત્મા છે' એમ કહેવામાં આવે ત્યારે દેહરૂપ પુદ્ગલના પર્યાયમાં આત્મદ્રવ્યનો ઉપચાર થાય છે.

(૮) **ગુણમાં પર્યાયનો ઉપચાર** :- મતિજ્ઞાન એ આત્માનો ગુણ છે. તે મતિજ્ઞાનને જ 'આ શરીર છે' એમ કહેવામાં આવે ત્યારે આત્માના ગુણરૂપ મતિજ્ઞાનમાં શરીરરૂપ પર્યાયનો ઉપચાર થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, મતિજ્ઞાનને શરીર કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

શરીરજન્ય છે માટે શરીર છે અર્થાત્ મતિજ્ઞાન પાંચ ઈન્દ્રિય અને મનરૂપ શરીરના પુદ્ગલોથી જન્ય છે માટે શરીર છે તેમ ઉપચારથી કહી શકાય. આ પ્રયોગમાં મતિજ્ઞાનરૂપ આત્મગુણના વિષયમાં શરીરરૂપ પુદ્ગલના પર્યાયનો ઉપચાર થાય છે.

(૯) **પર્યાયમાં ગુણનો ઉપચાર** :- ગુણમાં પર્યાયનો ઉપચાર કર્યો તેના કરતાં વિપરીત પ્રયોગ કરવામાં આવે ત્યારે પર્યાયમાં ગુણનો ઉપચાર થાય છે. જેમ, 'શરીર એ મતિજ્ઞાનરૂપ ગુણ જ છે.' અહીં મતિજ્ઞાનના કારણરૂપ શરીરમાં મતિજ્ઞાનરૂપ કાર્યનો ઉપચાર કરાયો છે અને શરીર એ પુદ્ગલનો પર્યાય છે અને મતિજ્ઞાન આત્માનો ગુણ છે તેથી પુદ્ગલના પર્યાયરૂપ શરીરમાં આત્માના મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર થાય છે. **॥૭/૫ થી ૧૧॥**

અવતરણિકા :-

અસદ્ભૂત વ્યવહારના નવ ભેદો બતાવ્યા. હવે અન્ય રીતે અસદ્ભૂત વ્યવહારના ત્રણ ભેદો બતાવે છે –

ગાથા :-

અસદ્‌ભૂત વ્યવહાર, ઇમ ઉપચારથી;
એહ ત્રિવિધ હિવઇં સાંભલો એ. ॥૭/૧૨॥

ગાથાર્થ :-

ઈમ=એમ=ગાથા-૬થી ૧૧ સુધી વર્ણન કર્યું એમ, ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહાર છે= અસદ્‌ભૂત વ્યવહાર નવ પ્રકારે છે. એહ=અસદ્‌ભૂત વ્યવહાર, હિવઇં=હવે, ત્રિવિધ=ત્રણ પ્રકારનો, સાંભળો. ॥૭/૧૨॥

ટબો :-

ઈમ-ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહાર ૯ પ્રકારનો કહિઈ, હવઈ એહના ૩. ભેદ કહિઈં છઈ, તે સાંભલો. ॥૭/૧૨॥

ટબાર્થ :-

એમ=ગાથા-૫થી ૧૧માં બતાવ્યું એમ, ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહાર નવ પ્રકારનો ગ્રંથકારશ્રીએ કહ્યો. હવે તેના=અસદ્‌ભૂત વ્યવહારના, ત્રણ ભેદો કહીએ છીએ, તે સાંભળો. ॥૭/૧૨॥

અવતરણિકા :-

અસદ્‌ભૂતવ્યવહારના ત્રણ ભેદો હવે ગાથા-૧૩થી ૧૫માં બતાવે છે –

(૧) સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર :-

ગાથા :-

અસદ્‌ભૂત નિજ જાતિં, જિમ પરમાણુઓ;
બહુ પ્રદેશી ભાષિઇં એ. ॥૭/૧૩॥

ગાથાર્થ :-

નિજ જાતિથી અસદ્‌ભૂત વ્યવહાર (પ્રથમ ભેદ છે.) જેમ, પરમાણુઓ=પરમાણુ, બહુપ્રદેશી કહેવાય છે. ॥૭/૧૩॥

ટબો :-

એક સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર કહિઈં. જિમ-પરમાણુ બહુપ્રદેશી કહિઈં. બહુપ્રદેશી થાવાની જાતિ છઈ તે માટિં. ૧. ॥૭/૧૩॥

ટબાર્થ :-

એક=અસદ્‌ભૂત વ્યવહારનો પ્રથમ ભેદ, સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય. જેમ પરમાણુ

બહુપ્રદેશી કહેવાય છે.

પરમાણુ બહુપ્રદેશી કેમ કહેવાય છે ? તેથી કહે છે –

બહુપ્રદેશી થાવાની જાતિ પરમાણુમાં છે તે માટે, પરમાણુ બહુપ્રદેશી કહેવાય છે એમ અન્વય છે. ॥૭/૧૩॥

(૨) વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર :-

ગાથા :-

તેહ વિજાતિં જાણો, જિમ મૂરત મતી;
મૂરત દ્રવ્યઇં ઊપની એ. ॥૭/૧૪॥

ગાથાર્થ :-

તેહ=અસદ્‌ભૂત વ્યવહાર, વિજાતિથી જાણો, જેમ મૂરત મતી=મૂર્ત મતિજ્ઞાન, મૂર્ત દ્રવ્યથી ઊપની=મૂર્ત દ્રવ્યથી ઉત્પન્ન થઇ છે, માટે મૂર્ત છે. ॥૭/૧૪॥

ટબો :-

તેહ અસદ્‌ભૂત વિજાતિ જાણો. જિમ "मूर्तं मतिज्ञानम्" કહિઇં. મૂર્ત-જે વિષયાલોક મનસ્કારાદિક-તેહથી ઊપનું, તે માટિં. ઈહાં-મતિજ્ઞાન આત્મગુણ-તેહનઇં વિષઇં મૂર્ત્તત્વ પુદ્‌ગલગુણ ઉપચરિઓ. તે વિજાત્યસદ્‌ભૂતવ્યવહાર કહિઇં. ૨. ॥૭/૧૪॥

ટબાર્થ :-

તેહ અસદ્‌ભૂત વ્યવહાર વિજાતિ જાણો=પૂર્વમાં સ્વજાતિ કહ્યો તેનાથી વિજાતિ જાણો. જેમ, 'મૂર્ત મતિજ્ઞાન' કહેવાય છે.

મતિજ્ઞાન મૂર્ત કેમ કહેવાય છે ? તેથી કહે છે –

જે વિષય=મતિજ્ઞાનનો જે વિષય, આલોક=વિષયને જોવા માટેનો કારણીભૂત પ્રકાશ, મનસ્કારાદિક =મન અને ઈન્દ્રિયો, તે મૂર્ત છે, તેનાથી ઉત્પન્ન થયું છે, માટે મતિજ્ઞાનને મૂર્ત કહેવાય છે.

ઈહાં=અહીં=વિજાતિ અસદ્‌ભૂત વ્યવહારમાં, મતિજ્ઞાન આત્માનો ગુણ છે તેમાં, મૂર્તત્વરૂપ પુદ્‌ગલનો ગુણ ઉપચાર કરાયો, તે વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય. ॥૭/૧૪॥

(૩) સ્વજાતિ-વિજાતિ અસદ્‌ભૂતવ્યવહાર :-

ગાથા :-

અસદ્‌ભૂત દોઉ ભાંતિ, જીવ અજીવનઇં;
વિષયગ્યાન જિમ ભાસિઇં એ. ॥૭/૧૫॥

ગાથાર્થ :-

દોઉ ભાંતિ=સ્વજાતિવિજાતિ બેઉ સ્વરૂપથી, અસદ્‌ભૂત વ્યવહાર છે. જેમ 'જીવ-અજીવના વિષયજ્ઞાન' કહેવાય. ॥૭/૧૫॥

ટબો :-

દોઉ ભાંતિ-સ્વજાતિવિજાતિ-અસદ્‌ભૂત વ્યવહાર કહિઈં. જિમ જીવાજીવ-વિષય જ્ઞાન કહિઈં. ઈહાં જીવ-જ્ઞાનની સ્વજાતિ છઈ, અજીવ-વિજાતિ છઈ, એ ૨નો વિષયવિષયિભાવ નામઈં ઉપચરિત સંબંધ છઈ, તે સ્વજાતિવિજાત્યસદ્‌ભૂત કહિઈં. ૩.

"स्वजातीयांशे किं नायं सद्‌भूतः ?" इति चेत्, "न. विजातीयांश इव विषयतासम्बन्धस्योप-चरितस्यैवानुभवाद्" इति गृहाण ।" ॥૭/૧૫॥

ટબાર્થ :-

દોઉ ભાંતિ=સ્વજાતિવિજાતિ બેઉ સ્વરૂપથી, અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય. જેમ 'જીવ-અજીવવિષયક જ્ઞાન' કહેવાય છે. અહીં=જીવ-અજીવ વિષયક જ્ઞાનમાં, જીવ જ્ઞાનની સ્વજાતિ છે અને અજીવ વિજાતિ છે. એ બેનો=સ્વજાતિ એવાં જીવ અને વિજાતિ એવાં અજીવનો, વિષય-વિષયિભાવ નામે= જીવ-અજીવ વિષય છે અને તેનું જ્ઞાન વિષયિ છે તેથી વિષય-વિષયિભાવ નામનો, ઉપચરિત સંબંધ છે. તે સ્વજાતિવિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય.

"स्वजातीयांशे=સ્વજાતીયઅંશમાં=જીવ-અજીવ વિષયક જ્ઞાનમાં રહેલ જીવરૂપ સ્વજાતીય અંશમાં, अयं=આ=ત્રીજો ભેદ, किं न सद्‌भूतः ?=સદ્‌ભૂત કેમ નથી ?=ત્રીજો ભેદ સદ્‌ભૂત વ્યવહારમાં કેમ અંતર્ભાવ પામતો નથી ? અને અસદ્‌ભૂત વ્યવહારમાં જ કેમ અંતર્ભાવ પામે છે ? इति चेत्=એમ કોઈ કહે તો ગ્રંથકારશ્રી કહે છે. न="એમ ન કહેવું"=સદ્‌ભૂત વ્યવહારમાં અંતર્ભાવ પામે છે એમ ન કહેવું, विजातीयांश इव (स्वजातिअंशे) विषयतासम्बन्धस्य उपचरितस्य एव अनुभवात्=કેમ કે વિજાતીય અંશની જેમ=જીવ-અજીવ વિષયક જ્ઞાનમાં રહેલ અજીવરૂપ વિજાતીય અંશની જેમ, સ્વજાતીયઅંશમાં પણ=જીવવિષયક જ્ઞાનમાં રહેલ જીવરૂપ સ્વજાતીયઅંશમાં પણ, ઉપચરિત જ એવાં વિષયતા સંબંધનો અનુભવ છે=પોતાના જ્ઞાનથી ભિન્ન એવાં જ્ઞાનના વિષયભૂત જીવની સાથે ઉપચરિત એવાં વિષયતા સંબંધનો જ અનુભવ છે, માટે (સદ્‌ભૂત વ્યવહાર નથી, અસદ્‌ભૂત વ્યવહાર જ છે), इति गृहाण=એ પ્રમાણે ગ્રહણ કરો." **॥૭/૧૫॥**

ભાવાર્થ :-

દિગંબરની માન્યતા અનુસાર ઉપનયનો બીજો ભેદ અસદ્‌ભૂત વ્યવહાર છે અને અસદ્‌ભૂત વ્યવહારના અન્ય રીતે ત્રણ ભેદ છે.

(૧) **સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર** :- પ્રથમ ભેદ **સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર** છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જેમ "પરમાણુ બહુપ્રદેશવાળો કહેવાય છે."

વસ્તુતઃ પરમાણુના પ્રદેશો નથી તેથી બહુપ્રદેશી કહેવાય નહીં, છતાં પરમાણુમાંથી સ્કંધ બને છે ત્યારે અનેક પરમાણુના બનેલા તે સ્કંધમાં ઘણા પ્રદેશો છે તેથી પરમાણુમાં ઘણા પ્રદેશ થવાની યોગ્યતારૂપ જાતિ છે તેથી ઉપચારથી પરમાણુને બહુપ્રદેશવાળો કહેવાય છે. અહીં પુદ્‌ગલરૂપ પરમાણુના બહુપ્રદેશો સ્વજાતિ છે તેથી પ્રથમ ભેદને **સ્વજાતિ** અસદ્‌ભૂત વ્યવહાર કહેવાયો છે. વળી, વાસ્તવિક પરમાણુ વર્તમાનમાં બહુપ્રદેશી નથી છતાં બહુપ્રદેશી થવાની યોગ્યતામાં બહુપ્રદેશનો ઉપચાર કરેલો છે તેથી તે **અસદ્‌ભૂત** વ્યવહાર છે અને **વ્યવહાર** એટલે 'પરમાણુબહુપ્રદેશી છે' એ પ્રકારનો વચનપ્રયોગ થાય છે તે.

(૨) **વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર** :- વળી, બીજો ભેદ **વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર** છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જેમ "મૂર્ત મતિજ્ઞાન કહેવાય છે."

વસ્તુતઃ મતિજ્ઞાન એ આત્માના જ્ઞાનનો પરિણામ છે અને આત્મા અરૂપી છે તેમ આત્માના પરિણામો પણ અરૂપી છે તેથી મતિજ્ઞાન પણ અરૂપી છે આથી મતિજ્ઞાન કોઈ ઇન્દ્રિયોથી ગ્રહણ થતું નથી કે અવધિજ્ઞાનનો વિષય પણ મતિજ્ઞાન થતું નથી. આમ છતાં મતિજ્ઞાન પાંચ ઇન્દ્રિયો અને મનથી થાય છે. વળી, ચક્ષુથી મતિજ્ઞાન કરવા માટે પ્રકાશની અપેક્ષા છે અને ઇન્દ્રિયોથી થતા મતિજ્ઞાનનો વિષય મૂર્ત દ્રવ્યો છે તેથી ઈન્દ્રિયો, મન, પ્રકાશ અને વિષય એ સર્વ મૂર્ત દ્રવ્યોથી ઉત્પન્ન થતું હોવાથી મતિજ્ઞાનને પણ મૂર્ત કહેવાય છે.

અહીં પુદ્‌ગલનો મૂર્તત્વગુણ આત્માના મતિજ્ઞાનરૂપ ગુણનો વિજાતિ હોવાથી **વિજાતિ** અસદ્‌ભૂત વ્યવહાર કહેવાયો છે. અને આત્માના મતિજ્ઞાનમાં મૂર્તત્વરૂપ પુદ્‌ગલના ગુણનો ઉપચાર કરાયો છે તેથી તે **અસદ્‌ભૂત** વ્યવહાર છે અને **વ્યવહાર** એટલે 'મૂર્ત મતિજ્ઞાન છે' એ પ્રકારનો વચનપ્રયોગ થાય છે તે.

(૩) **સ્વજાતિવિજાતિ અસદ્‌ભૂતવ્યવહાર** :- વળી, ત્રીજો ભેદ **સ્વજાતિવિજાતિ અસદ્‌ભૂતવ્યવહાર** છે. તેમાં દૃષ્ટાંત બતાવે છે. જેમ, "જીવ અજીવ વિષયક જ્ઞાન છે."

આશય એ છે કે, કોઈ પુરુષ જીવ અને અજીવ વિષયક જ્ઞાન કરે ત્યારે તે જ્ઞાનનો પરિણામ તે જ્ઞાતા પુરુષમાં છે પરંતુ તે પુરુષનું જ્ઞાન તે જ્ઞાનના વિષયભૂત એવાં જીવ અને અજીવમાં નથી છતાં જ્ઞાતા પુરુષમાં રહેલું જ્ઞાન "જ્ઞાનના વિષયભૂત એવાં જીવ અને અજીવમાં છે" એ પ્રમાણે કહેવામાં આવે ત્યારે સ્વજાતિવિજાતિ અસદ્‌ભૂત વ્યવહારરૂપ ત્રીજો ભેદ પ્રાપ્ત થાય છે. અહીં જ્ઞાન કરનાર પુરુષમાં જ્ઞાન હોવા છતાં જ્ઞાનના વિષય સાથે જ્ઞાનનો વિષય-વિષયિ ભાવસંબંધ છે અર્થાત્ 'જીવઅજીવ' એ જ્ઞાનનો વિષય છે અને 'જીવઅજીવનું જ્ઞાન' એ વિષયિ છે તેથી જ્ઞાનના વિષયભૂત પદાર્થ સાથે જ્ઞાનનો વિષય-વિષયિ ભાવસંબંધ હોવાથી જ્ઞાતા એવાં પુરુષમાં સમવાય સંબંધથી રહેલું જ્ઞાન જીવઅજીવરૂપ વિષયમાં છે એમ ઉપચાર કરીને કહેવાય છે કે, "જીવઅજીવમાં જ્ઞાન રહેલું છે." આ પ્રકારનો ઉપચાર હોવાથી **અસદ્‌ભૂત** વ્યવહાર કહેવાય છે. અને તે જ્ઞાનના વિષયભૂત જીવ અને અજીવ બે પદાર્થો છે, તેમાં જીવ એ જ્ઞાનનો સ્વજાતિ છે; કેમ કે જીવમાં જ્ઞાન રહે છે અને અજીવ એ જ્ઞાનનો વિજાતિ છે; કેમ કે અજીવમાં જ્ઞાન રહેતું નથી. તેથી

આ ત્રીજો ભેદ **સ્વજાતિવિજાતિ** અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય છે. અને **વ્યવહાર** એટલે 'જીવઅજીવ વિષયક જ્ઞાન છે' એ પ્રકારનો વચનપ્રયોગ થાય છે તે.

અહીં શંકા થાય કે, સ્વજાતિ અંશમાં આ સદ્‌ભૂત વ્યવહાર કેમ ન બને ? તેનો ઉત્તર આપે છે કે, જેમ વિજાતિ અંશમાં વિષયતા સંબંધથી જ્ઞાન રહેલું છે તેમ સ્વજાતિ અંશમાં પણ વિષયતા સંબંધથી જ્ઞાન રહેલું છે તેથી સ્વજાતિ અને વિજાતિ બંને સ્થાનમાં ઉપચરિતનો જ અનુભવ છે માટે અસદ્‌ભૂત વ્યવહાર કહી શકાય, સદ્‌ભૂત વ્યવહાર કહી શકાય નહીં. **॥૭/૧૨થી ૧૫॥**

અવતરણિકા :-

છઠ્ઠી ઢાળની અંતિમ ગાથામાં કહેલ કે, દિગંબરની પ્રક્રિયા પ્રમાણે હવે અમે ત્રણ ઉપનયને કહીશું. ત્યારબાદ પ્રસ્તુત સાતમી ઢાળની પ્રથમ ચાર ગાથાથી સદ્‌ભૂત વ્યવહારરૂપ ઉપનયના પ્રથમ ભેદનું સ્વરૂપ દિગંબર મતાનુસાર બતાવ્યું. વળી, અસદ્‌ભૂત વ્યવહારરૂપ બીજા ઉપનયના નવ ભેદો ગાથા-૫થી ૧૧ સુધી બતાવ્યા. ત્યારપછી ગાથા-૧૨થી ૧૫ સુધી બીજા ઉપનયના જ અન્ય રીતે ત્રણ ભેદો બતાવ્યા. હવે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારરૂપ ત્રીજા ઉપનયના ત્રણ ભેદોનું સ્વરૂપ ગાથા-૧૬થી ૧૮ સુધી બતાવે છે –

ગાથા : –

ઉપચરિતાસદ્‌ભૂત, કરિઇં ઉપચારો;
જેહ એક ઉપચારથી રે. ॥૭/૧૬॥

ગાથાર્થ :-

જેહ એક ઉપચારથી ઉપચારો કરે=બીજો ઉપચાર કરે, તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર છે. ॥૭/૧૬॥

ટબો :-

જેહ-એક ઉપચારથી બીજો ઉપચાર કરિઓ, તે-ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર કહિઇં. ॥૭/૧૬॥

ટબાર્થ :-

જે એક ઉપચારથી બીજો ઉપચાર કર્યો, તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય. ॥૭/૧૬॥

ગાથા :-

તેહ સ્વજાતિં જાણો રે, હું પુત્રાદિક;
પુત્રાદિક છઇં માહરા એ. ॥૭/૧૭॥

ગાથાર્થ :-

તેહ=ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર, સ્વજાતિ જાણો. (પ્રથમ ભેદ સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર જાણો) જે "હું પુત્રાદિક, પુત્રાદિક મારાં છે" એમ કહે છે. ॥૭/૧૭॥

ટબો :-

તે સ્વજાતિઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર જાણો, જે-'હૂં પુત્રાદિક' ઈમ કહિઈ. ઈહાં-"માહરા" એ કહ્યું, પુત્રાદિકનઈં વિષયઈં, તે પુત્રાદિક ઉપચરિયા છઈં, તેહસ્યું આત્માનો ભેદાભેદ સંબંધ ઉપચરિઈં છઈં. પુત્રાદિક-તે આત્મપર્યાયરૂપઈં સ્વજાતિ છઈં, પણિ કલ્પિત છઈ, નહીં તો, સ્વશરીરજન્ય-મત્કુણાદિકનઈં પુત્ર કાં ન કહિઈં? ॥૭/૧૭॥

ટબાર્થ :-

તે સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર જાણો. જે "હું પુત્રાદિક", "મારાં પુત્રાદિક" એમ કહે છે. અહીં "હું પુત્રાદિક" અને "મારાં પુત્રાદિક" એ કથનમાં 'હું' અને 'મારાં' એમ કહેવું તે પુત્રાદિકના વિષયમાં 'હું' અને 'મારાં' ઉપચરિયા છે=હુંપણા અને મારાંપણાનો ઉપચાર કરાયો છે. તેમાં=પુત્રાદિકમાં હુંપણા અને મારાંપણાના ઉપચારમાં, આત્માનો=પુત્રાદિક સાથે આત્માનો, ભેદાભેદ સંબંધ ઉપચાર્યો છે='પુત્રાદિક હું' એમ કહીએ ત્યારે આત્મા સાથે અભેદ સંબંધ ઉપચાર્યો છે અને 'પુત્રાદિક મારાં' એમ કહીએ ત્યારે આત્મા સાથે ભેદસંબંધ ઉપચાર્યો છે.

અહીં પ્રશ્ન થાય કે, 'હું પુત્રાદિક' અને 'મારાં પુત્રાદિક' એ કથનમાં સ્વજાતિપણું શું છે ? તેથી કહે છે –

પુત્રાદિક તે આત્મપર્યાયરૂપ સ્વજાતિ છે='પુત્રાદિક હું' કહીએ ત્યારે તે આત્માનો સ્વજાતિ ઉપચાર છે અને 'મારા પુત્રાદિક' કહીએ ત્યારે પણ તે આત્માનો સ્વજાતિ પર્યાય છે, પણ કલ્પિત છે.

કેમ કલ્પિત છે ? તેથી કહે છે –

નહીં તો=જો કલ્પિત ન હોય તો, સ્વશરીરજન્ય માંકડાદિને પુત્ર કેમ ન કહીએ ? અર્થાત્ જેમ સ્વશરીરજન્ય સ્વજાતિ પુત્રાદિક છે તેમ સ્વશરીરજન્ય માંકડાદિ છે છતાં માંકડને માંકડ કહેવાય છે, પુત્ર કહેવાતો નથી. તેથી પુત્રમાં 'આ પુત્ર છે' એ પ્રમાણેનો જે વ્યવહાર થાય છે, એ કલ્પિત છે. ॥૭/૧૭॥

ગાથા :-

વિજાતિથી તે જાણો રે, વસ્ત્રાદિક મુઝ;
ગઢ દેશાદિક ઉભયથી એ. ॥૭/૧૮॥

ગાથાર્થ :-

તે=ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર વિજાતિ જાણો (બીજો ભેદ વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત

વ્યવહાર જાણો.) જે મુજ=મારા, વસ્ત્રાદિક કહે. ઉભયથી=સ્વજાતિ વિજાતિ ઉભયથી, ગઢ દેશાદિક મારા, કહે. (ત્રીજો ભેદ સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર જાણવો.) ॥૭/૧૮॥

ટબો :-

વિજાત્યુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર-તે કહિઈં, જે-'માહરાં વસ્ત્રાદિક' ઈમ-કહિઈં. ઈહાં-વસ્ત્રાદિક પુદ્‌ગલ પર્યાય નામાદિ ભેદ કલ્પિત છઈ, નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિઈં ? તેહ વિજાતિમાં સ્વસંબંધ ઉપચરિઈં છઈ. 'માહરા ગઢ, દેશ પ્રમુખ છઈ' ઈમ કહતાં-સ્વજાતિ વિજાત્યુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર કહિઈં. જે માટિં-ગઢ, દેશાદિક-જીવ, અજીવ-ઉભય સમુદાયરૂપ છઈ. ॥૭/૧૮॥

ટબાર્થ :-

વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર તે કહેવાય, જે 'મારાં વસ્ત્રાદિક' એમ કહે. અહીં='મારાં વસ્ત્રાદિક' એ કથનમાં, વસ્ત્રાદિક પુદ્‌ગલનો પર્યાય છે તેમાં નામાદિનો ભેદ='આ વલ્કલાદિ નથી પણ વસ્ત્રાદિ છે' એ પ્રકારનો નામનો ભેદ આદિ પદથી 'આ વલ્કલ નથી, વસ્ત્ર છે' એ પ્રકારના વ્યવહારનો ભેદ, કલ્પિત છે, નહીં તો=પુદ્‌ગલના પર્યાયમાં વસ્ત્રાદિરૂપ નામાદિ ભેદ કલ્પિત ન સ્વીકારીએ તો, શરીરના આચ્છાદક એવાં વલ્કલાદિને વસ્ત્ર કેમ ન કહેવાય ? અર્થાત્ પુદ્‌ગલના પર્યાયરૂપ વસ્ત્રાદિ છે તેમ વલ્કલાદિ પણ છે અને તે બંનેમાં શરીરાચ્છાદકત્વ ધર્મ પણ છે છતાં વલ્કલાદિને વસ્ત્ર કહેવાતા નથી અને વસ્ત્રને વસ્ત્ર કહેવાય છે એ પ્રકારનો નામભેદ અને વ્યવહારભેદ કલ્પિત છે. તે='વસ્ત્રાદિ મારાં' એ પ્રકારના કથનમાં, વિજાતિમાં=આત્માથી વિજાતીય એવાં વસ્ત્રાદિમાં, સ્વસંબંધ ઉપચર્યો છે.

'મારા ગઢ, દેશ વગેરે છે.' એમ કહેતાં=એ પ્રમાણે રાજાદિ વડે કહેવાતાં, સ્વજાતિવિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય.

સ્વજાતિ વિજાતિ ઉપચરિતઅસદ્‌ભૂત વ્યવહાર કેમ કહેવાય ? તેથી કહે છે –

જે માટે ગઢ, દેશાદિક જીવઅજીવ ઉભયના સમુદાયરૂપ છે; કેમ કે 'ગઢ' શબ્દથી ગઢયુક્ત માનવ-સમૂહરૂપ ગામ વિવક્ષિત છે અને 'દેશ' શબ્દથી અમુક મોટું ગામ વિવક્ષિત છે અને આદિ પદથી નગર વિવક્ષિત છે, જેમાં તે ભૂમિ અને તે ભૂમિમાં વસતા જીવો – બંનેનો સંગ્રહ થાય છે માટે સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર કહેવાય છે. ॥૭/૧૮॥

ભાવાર્થ :-

ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારરૂપ ત્રીજા ઉપનયના ત્રણ ભેદો છે.

(૧) સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર

(૨) વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર

(૩) સ્વજાતિ વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર

(૧) **સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર** :- જેમ કોઈ પુરુષ કહે કે 'હું પુત્રાદિ છું,' 'મારાં પુત્રાદિક છે'-તે કથનમાં પિતાને સામે રાખીને પુત્ર કહે કે, 'હું પુત્ર છું' અને પુત્રને સામે રાખીને પિતા કહે કે, 'આ પુત્ર મારો છે' આ કથનમાં 'હું પુત્રાદિ છું' એમ કહેતી વખતે પુત્રની સાથે પોતાનો અભેદ સંબંધ કલ્પાય છે અને 'મારા પુત્રો છે' એમ કહેતી વખતે પુત્રની સાથે પોતાનો ભેદ સંબંધ કલ્પાય છે. વળી, પુત્રાદિ એ જીવપર્યાયરૂપ છે તેથી સ્વજાતિ છે પરંતુ કલ્પિત છે; કેમ કે પિતાથી જન્ય જેમ પુત્રાદિ છે તેમ તે પિતાથી જન્ય માંકડાદિ પણ છે અને તે માંકડાદિને 'આ મારા પુત્રો છે' એવો વ્યવહાર પિતા કરતાં નથી તેથી શરીરથી જન્ય જીવરૂપ પુત્ર છે અને શરીરથી જન્ય જીવરૂપ માંકડ છે છતાં માંકડને પુત્ર ન કહેવો અને પોતાના શરીરથી જન્ય એવાં મનુષ્યને પુત્ર કહેવો એ કલ્પિત વ્યવહાર છે તેથી પુત્રમાં મારાપણારૂપ કલ્પના એ ઉપચાર છે તેથી ઉપચરિત વ્યવહાર છે અને શરીરજન્ય માંકડ અને પુત્ર બંને હોવા છતાં માંકડને પુત્ર ન કહેવો અને શરીરથી જન્ય એવાં પુત્રને જ પુત્ર કહેવો એ કલ્પિત વ્યવહાર છે માટે અસદ્‌ભૂત છે અને તેમાં જીવરૂપ સ્વજાતિમાં ઉપચાર હોવાથી **સ્વજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર**રૂપ પ્રથમ ભેદ થયો.

સંક્ષેપથી, પ્રથમ ભેદમાં સ્વજાતિ, ઉપચરિત અને અસદ્‌ભૂત એમ ત્રણ શબ્દો છે. તેમાં **'સ્વજાતિ'** શબ્દથી જીવની સ્વજાતિ એવાં પુત્રાદિ ગ્રહણ થાય છે. વળી, **'ઉપચરિત'** શબ્દથી પુત્રમાં મારાપણાનો ઉપચાર અથવા હુંપણાનો ઉપચાર ગ્રહણ થાય છે. વળી, **'અસદ્‌ભૂત'** શબ્દથી એ ગ્રહણ કરવાનું છે કે પુત્ર અને માંકડ બંનેનો સ્વશરીરજન્યત્વ ધર્મ સમાન હોવા છતાં માંકડને પુત્ર કહેવાતો નથી. તેથી માંકડ અને પુત્ર વચ્ચે નામાદિનો ભેદ છે, તે કલ્પિત છે માટે અસદ્‌ભૂત છે.

(૨) **વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર** :- સંસારી જીવો 'આ વસ્ત્ર મારાં છે' એમ કહે છે, ત્યાં વસ્ત્ર સાથે પોતાના ભેદનો સંબંધ ઉપચારથી કરાય છે; કેમ કે વાસ્તવિક રીતે આત્મા આત્મા છે અને વસ્ત્ર વસ્ત્ર છે. વસ્ત્ર અને આત્માનો પારમાર્થિક કોઈ સંબંધ નથી, પરંતુ પોતે ખરીદેલાં વસ્ત્રોને 'આ મારાં વસ્ત્રો છે' તેમ ઉપચારથી સંબંધની કલ્પના કરાય છે. વળી, વસ્ત્ર શરીરના આચ્છાદનનું કારણ છે તેમ વલ્કલ પણ શરીરના આચ્છાદનનું કારણ છે=શરીરને ઢાંકવા માટે વપરાતી ઝાડની છાલ પણ શરીરના આચ્છાદનનું કારણ છે તેથી પુદ્‌ગલપર્યાયરૂપ વલ્કલાદિને વસ્ત્ર ન કહેવામાં આવે અને પુદ્‌ગલપર્યાયરૂપ વસ્ત્રને વસ્ત્ર કહેવામાં આવે ત્યાં શરીરના આચ્છાદનરૂપ કાર્ય સમાન હોવા છતાં 'આ વસ્ત્ર છે' અને 'આ વલ્કલ છે' એ પ્રકારનો નામનો ભેદ કલ્પિત છે અને એ પ્રકારનો લોકમાં જે વ્યવહારનો ભેદ થાય છે તે પણ કલ્પિત છે. વળી, 'તે વસ્ત્ર મારાં છે' તે વચનમાં 'આ પુત્ર મારા છે' એની જેમ સ્વજાતિ સંબંધનો ઉપચાર કરાયો નથી પરંતુ વિજાતિ સંબંધનો ઉપચાર કરાયો છે. માટે **વિજાતિ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર**રૂપ આ બીજો ભેદ પ્રથમ ભેદ કરતાં વિલક્ષણ છે.

સંક્ષેપથી, બીજા ભેદમાં વિજાતિ, ઉપચરિત અને અસદ્‌ભૂત એમ ત્રણ શબ્દ છે. તેમાં **'વિજાતિ'** શબ્દથી આત્માના વિજાતિ એવાં વસ્ત્રનું ગ્રહણ થાય છે. વળી, **'ઉપચરિત'** શબ્દથી વસ્ત્રનો આત્માની સાથે

ભેદસંબંધથી ઉપચાર ગ્રહણ થાય છે. વળી, **'અસદ્‌ભૂત'** શબ્દથી એ ગ્રહણ થાય છે કે. વલ્કલ અને વસ્ત્ર-બંનેનું શરીરઆચ્છાદકપણું સમાન હોવા છતાં વલ્કલને વસ્ત્ર કહેવાતું નથી. તેથી વલ્કલ અને વસ્ત્ર વચ્ચે નામાદિનો ભેદ છે, તે કલ્પિત છે માટે અસદ્‌ભૂત છે.

(૩) **સ્વજાતિ વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર** :-કોઈ જમીનદાર હોય તો કહે કે 'આ મારો ગઢ છે' અને કોઈ રાજા હોય તો કહે કે, 'આ મારો દેશ છે' ત્યાં 'ગઢ' શબ્દથી અને 'દેશ' શબ્દથી વાચ્ય ત્યાંની ભૂમિ અને તે ભૂમિમાં વસતા મનુષ્યનો સમૂહ ગ્રહણ થાય છે. વળી, ગઢના સ્વામી સાથે ભૂમિનો સંબંધ વિજાતિ છે અને મનુષ્યનો સંબંધ સ્વજાતિ છે. તેથી **સ્વજાતિવિજાતિ ઉપચરિત અસદ્‌ભૂતવ્યવહાર** બને છે.

સંક્ષેપથી, ત્રીજા ભેદમાં સ્વજાતિવિજાતિ, ઉપચરિત અને અસદ્‌ભૂત એમ ત્રણ શબ્દો છે. તેમાં **'સ્વજાતિવિજાતિ'** શબ્દથી ગઢના સ્વામી જીવના સ્વજાતિ એવાં દેશવાસી જીવો અને ગઢના સ્વામી જીવના વિજાતિ એવાં દેશરૂપ ભૂમિનું ગ્રહણ થાય છે. વળી, **'ઉપચરિત'** શબ્દથી આત્માનો દેશની સાથે અને દેશવાસી મનુષ્યની સાથે ભેદસંબંધનો ઉપચાર ગ્રહણ થાય છે. વળી, **'અસદ્‌ભૂત'** શબ્દથી એ ગ્રહણ થાય છે કે, જંગલનું ક્ષેત્ર અને પોતાના માલિકીપણાના દેશનું ક્ષેત્ર સમાન હોવા છતાં જંગલને દેશ કહેવાતો નથી. તેથી જંગલ અને દેશ વચ્ચે નામાદિનો ભેદ છે તે કલ્પિત છે માટે અસદ્‌ભૂત છે. **॥૭/૧૬-૧૭-૧૮॥**

અવતરણિકા :-

પ્રસ્તુત ઢાળનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

ઉપનય ભાખ્યા એમ, અધ્યાતમ નય;
કહી પરીક્ષા જસ લહો એ. ॥૭/૧૯॥

ગાથાર્થ :-

એમ=પ્રસ્તુત ઢાળની પૂર્વની ગાથાઓમાં વર્ણન કર્યું એમ, ઉપનય ભાખ્યા=દિગંબરો વડે કહેવાયા. અધ્યાત્મ નય કહીને પરીક્ષાનો જશ લહો=પામો. ॥૭/૧૯॥

ટબો :-

ઈમ-ઉપનય કહિયા, હિવઈ-આગિલી ઢાળમાંહિં, અધ્યાત્મનય કહીનઈં, એહમાંહિં ગુણ, દોષ-પરીક્ષાનો યશ પામો. ॥૭/૧૯॥

ટબાર્થ :-

એમ=પ્રસ્તુત ઢાળની પૂર્વની ગાથાઓમાં વર્ણન કર્યું એમ, દિગંબર મતાનુસાર ઉપનય કહ્યા. હવે આગલી ઢાળમાં અધ્યાત્મનય કહીને ગ્રંથકારશ્રી કહે છે કે એમાં=પાંચમી ઢાળની ગાથા-૮થી અત્યાર

સુધી નવ નયો અને ત્રણ ઉપનયોનું વર્ણન કર્યું અને હવે આગલી ઢાળમાં અધ્યાત્મનય કહેશે એમાં, શ્વેતાંબર પ્રક્રિયા અનુસાર ગુણની અને દોષની પરીક્ષાનો યશ પામો. ॥૭/૧૯॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં દિગંબર મતાનુસાર ત્રણ ઉપનયો બતાવ્યા, આગલી ઢાળમાં દિગંબર મતાનુસાર બે અધ્યાત્મનયો બતાવશે અને પૂર્વની ઢાળમાં દિગંબર મતાનુસાર નવ નયો અને તેના પેટા ભેદો બતાવ્યા, તે સર્વમાં ગ્રંથકારશ્રી હવે પછી ગુણદોષની પરીક્ષા બતાવશે તેની ઉચિત પરીક્ષા કરીને સાચા તત્ત્વના સ્વીકારરૂપ યશને શ્રોતા પ્રાપ્ત કરો.

ઢાળની અંતિમ ગાથાના અંતિમ ચરણમાં 'જસ' શબ્દ કીર્તિનો વાચક છે અને ઢાળ રચનાર 'શ્રી યશોવિજયજી'ના નામનો પણ વાચક છે. આથી 'जस' એ મુજબ લિપ્યંતરમાં લખેલ છે. **॥૭/૧૯॥**

ઢાળ-૮

પૂર્વની ઢાળ સાથેનો સંબંધ :-

ઢાળ-૭ ની અંતિમ ગાથામાં કહ્યું કે હવે અધ્યાત્મ નય દિગંબર મતાનુસાર કહેવાશે. તેથી હવે દિગંબર મતાનુસાર અધ્યાત્મ નયનું સ્વરૂપ બતાવે છે.

ગાથા :-

દોઉ મૂલનય ભાષિયા રે, નિશ્ચય નઈં વ્યવહાર;
નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ રે, શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે.
પ્રાણી પરખો આગમભાવ. ॥૮/૧॥

ગાથાર્થ :-

મૂળ નય=અધ્યાત્મના મૂળ નય, બે કહ્યા છે. નિશ્ચય અને વ્યવહાર. તેમાં=તે બે નયોમાં, નિશ્ચય શુદ્ધ અને અશુદ્ધ પ્રકારવાળો, બે પ્રકારનો કહ્યો છે. હે પ્રાણી ! આગમના ભાવ પરખો. ॥૮/૧॥

ટબો :-

પ્રથમ અધ્યાત્મભાષાઈં ૨ નય કહિયા. એક-નિશ્ચયનય, બીજો વ્યવહારનય. તિહાં-નિશ્ચયનય દ્વિવિધ કહિઓ. એક-શુદ્ધ નિશ્ચયનય, બીજો-અશુદ્ધ નિશ્ચયનય. હે પ્રાણી ! આગમના ભાવ પરખીનઈં ગ્રહો. ॥૮/૧॥

ટબાર્થ :-

અધ્યાત્મભાષામાં પ્રથમ=મુખ્ય, બે નય કહ્યા છે. એક નિશ્ચયનય, બીજો વ્યવહારનય. તેમાં= અધ્યાત્મનયના બે ભેદોમાં, નિશ્ચયનય, બે પ્રકારનો કહ્યો છે. એક શુદ્ધ નિશ્ચયનય, બીજો અશુદ્ધ નિશ્ચયનય. હે પ્રાણી ! આગમના ભાવો=સર્વજ્ઞએ કહેલા શાસ્ત્રોના ભાવો, પરખીને ગ્રહો= પરીક્ષા કરીને ગ્રહણ કરો. ॥૮/૧॥

ભાવાર્થ :-

પદાર્થને જોવા માટે પ્રવૃત્ત જે નયો છે, તે નયોના દિગંબરો દ્રવ્યાર્થિકાદિ નવ ભેદો સ્વીકારે છે અને યોગીની યોગમાર્ગની જે પ્રવૃત્તિ આત્માને આત્મભાવોમાં લઈ જવા માટે કારણ છે, તે અધ્યાત્મ છે. વળી, અધ્યાત્મના પારમાર્થિક સ્વરૂપને જાણવા માટે જે નયવિભાગ છે, તે નયવિભાગના પ્રથમ=મુખ્ય, બે ભેદો છે-તેમ દિગંબરો કહે છે. તે બે નયોમાંથી એક નિશ્ચયનય છે અર્થાત્ પદાર્થના પારમાર્થિક સ્વરૂપને જોનારી દૃષ્ટિરૂપ નિશ્ચયનય છે અને બીજો વ્યવહારનય છે અર્થાત્ યોગમાર્ગની ઉચિત પ્રવૃત્તિના વ્યવહારને

જોનારી દૃષ્ટિરૂપ વ્યવહારનય છે. વળી, તે બે નયોમાં પ્રથમ જે નિશ્ચયનય છે, તેના બે ભેદો દિગંબરો કહે છે. એક શુદ્ધ નિશ્ચયનય=શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારી દૃષ્ટિરૂપ શુદ્ધ નિશ્ચયનય અને બીજો અશુદ્ધ નિશ્ચયનય=અશુદ્ધ એવાં સંસારી જીવોમાં વર્તતા અશુદ્ધ ભાવોને જોનારી દૃષ્ટિરૂપ અશુદ્ધ નિશ્ચયનય.

આ પ્રકારના દિગંબરના નયોના વર્ણનને સાંભળીને હે જીવો ! તમે ભગવાને કહેલા આગમના ભાવોને જિનવચનાનુસાર સમ્યક્ પરીક્ષા કરીને દિગંબર જે કહે છે, તેમાંથી જે ભાવો જિનવચનાનુસાર હોય તેને ગ્રહણ કરો, જેથી નિર્મળ મતિ પ્રગટ થાય. ॥૮/૧॥

અવતરણિકા :-

નિશ્ચયનયના શુદ્ધ, અશુદ્ધરૂપ બે નયોના ભેદોનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

જીવ કેવલાદિક યથા રે, શુદ્ધવિષય નિરુપાધિ;
મઇનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે. પ્રાણી૦ ॥૮/૨॥

ગાથાર્થ :-

યથા=જે પ્રમાણે, નિરુપાધિ=કર્મની ઉપાધિથી રહિત, શુદ્ધ એવાં આત્માના વિષયરૂપ કેવલજ્ઞાનાદિ જીવ છે. (એ પ્રમાણે શુદ્ધ નિશ્ચયનય કહે છે.)

સોપાધિ=કર્મની ઉપાધિથી સહિત, અશુદ્ધ તે=અશુદ્ધ વિષય, મતિજ્ઞાનાદિ આત્મા છે. (એ પ્રમાણે અશુદ્ધ નિશ્ચયનય કહે છે.) ॥૮/૨॥

ટબો :-

જીવ-તે-કેવલજ્ઞાનાદિરૂપ છઈ, ઈમ-જે નિરુપાધિ કહિઈં-કર્મોપાધિરહિત, કેવલજ્ઞાનાદિ શુદ્ધ વિષય લેઈ આત્માનઈં અભેદ દેખાડિઈં, તે-શુદ્ધ નિશ્ચયનય. મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણનઈં આત્મા કહિઈં, તે અશુદ્ધ નિશ્ચયનય. ॥૮/૨॥

ટબાર્થ :-

જીવ, તે કેવળજ્ઞાનાદિરૂપ છે, એમ, જે નિરુપાધિ=કર્મની ઉપાધિથી રહિત, કહીને, કેવળજ્ઞાનાદિ શુદ્ધ વિષય=આત્માના કેવળજ્ઞાનાદિ શુદ્ધ વિષય, લઈને આત્માના અભેદ દેખાડે છે=આત્માને કેવળજ્ઞાનાદિ ગુણો સાથે અભેદ દેખાડે છે, તે શુદ્ધનિશ્ચયનય છે=તે શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ છે. મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણને આત્મા કહે તે અશુદ્ધ નિશ્ચયનય છે=તે અશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ છે. ॥૮/૨॥

ભાવાર્થ :-

ગાથા-૧માં અધ્યાત્મના બે નયો બતાવ્યા અને તે બે નયોમાંથી નિશ્ચયનયના શુદ્ધ, અશુદ્ધ બે ભેદો છે એમ બતાવ્યું. તેથી હવે પ્રસ્તુત ગાથામાં 'યથા'થી તે શુદ્ધનિશ્ચનયનું અને અશુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ બતાવે છે.

નય એટલે વસ્તુને જોવાની કોઈક દૃષ્ટિવિશેષ અને પદાર્થ અનેક સ્વરૂપવાળો હોવા છતાં કોઈક દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે તો તે દૃષ્ટિને અનુરૂપ પદાર્થ દેખાય છે. વળી, નિશ્ચયનય એ પદાર્થમાં વર્તતા ભાવને ગ્રહણ કરનાર દૃષ્ટિ છે અને તેમાં પણ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ આત્માના શુદ્ધ ભાવોને ગ્રહણ કરીને તે શુદ્ધ ભાવો સાથે આત્માનો અભેદ દેખાડનારી દૃષ્ટિ છે. વળી, અશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ દેહકર્માદિક સાથે સંબંધવાળા આત્માને ગ્રહણ કરતી નથી પરંતુ દેહકર્માદિ સાથે સંબંધવાળી અવસ્થામાં આત્મામાં વર્તતા અશુદ્ધ ભાવોને ગ્રહણ કરીને તે અશુદ્ધ ભાવો સાથે આત્માનો અભેદ દેખાડનારી દૃષ્ટિ છે.

વળી, શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ કર્મની ઉપાધિથી રહિત એવાં આત્મામાં વર્તતા કેવળજ્ઞાનાદિ ગુણોને આત્માની સાથે અભેદ દેખાડે છે. તેથી સંસારી અવસ્થામાં પણ પોતાનો આત્મા કેવળજ્ઞાનાદિ ગુણોથી અભિન્ન છે તેવો બોધ થાય છે. ફક્ત સંસારી અવસ્થામાં આત્મા કર્મથી યુક્ત છે તેથી આત્માથી અભિન્ન એવાં કેવળજ્ઞાનાદિ સ્થૂળ બુદ્ધિથી દેખાતાં નથી છતાં નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી જોવામાં આવે તો કેવળજ્ઞાનાદિ ગુણો જેમ સિદ્ધના આત્માના છે તેમ શક્તિ રૂપે પોતાના આત્મામાં પણ છે અને શુદ્ધનિશ્ચયનયથી સિદ્ધસદૃશ આત્માના ગુણોનો બોધ કરીને યોગીઓ તે ગુણોમાં તન્મય થઈને કર્મથી આવૃત્ત એવાં તે ગુણોને પ્રગટ કરવા સમર્થ બને છે. માટે શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિને દિગંબરો અધ્યાત્મનય કહે છે.

વળી, અશુદ્ધ નિશ્ચયનય કર્મથી આત્માને પૃથક્ માને છે તોપણ કર્મની ઉપાધિકાળમાં આત્મામાં વર્તતા ક્ષયોપશમભાવવાળા મતિજ્ઞાનાદિ ગુણો સાથે આત્માનો અભેદ કરે છે. વળી, મોહનીય કર્મના ઉદયથી જન્મેલ રાગાદિ ભાવોને પણ આત્માની સાથે અભેદ કરીને દેખાડે છે; કેમ કે કર્મની ઉપાધિવાળી અવસ્થામાં પ્રત્યક્ષથી જીવોને પોતાનો આત્મા મતિજ્ઞાનાદિ પરિણામરૂપ કે રાગાદિ ભાવરૂપ દેખાય છે. તેથી તે મતિજ્ઞાનાદિ કે રાગાદિ ભાવો સ્વરૂપ જ સંસારી આત્મા છે. આ પ્રકારના આત્મામાં વર્તતા અશુદ્ધ ભાવોને આત્મા સાથે અભેદ દેખાડનાર અશુદ્ધ નિશ્ચયનય છે. **॥૮/૨॥**

અવતરણિકા .-

નિશ્ચયનય-તે અભેદ દેખાડઈં, વ્યવહારનય-તે ભેદ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

નિશ્ચયનય-તે અભેદ દેખાડે છે અને વ્યવહારનય-તે ભેદ દેખાડે છે –

ભાવાર્થ :-

ગાથા-૧માં કહેલ કે અધ્યાત્મના મૂળ નયો બે છે. નિશ્ચયનય અને વ્યવહારનય. તે પ્રમાણે પૂર્વ ગાથામાં નિશ્ચયનયના બે ભેદો દેખાડ્યા. તે નિશ્ચયનય આત્મામાં વર્તતા ભાવોને આત્મા સાથે અભેદ

દેખાડે છે અને વ્યવહારનય આત્મામાં વર્તતા ભાવોને આત્મા સાથે ભેદ દેખાડે છે. તેથી નિશ્ચયનય અને વ્યવહારનયમાં શો ભેદ છે તે બતાવીને હવે વ્યવહારનયના ભેદો બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

દોઇ ભેદ વ્યવહારના જી, સદ્‌ભૂતાસદ્‌ભૂત;
એક વિષય સદ્‌ભૂત છઇં જી, પરવિષયાસદ્‌ભૂત રે. પ્રાણી૦ ॥૮/૩॥

ગાથાર્થ :-

વ્યવહારનયના બે ભેદ છે, સદ્‌ભૂત અને અસદ્‌ભૂત. એક વિષય=એક દ્રવ્યાશ્રિત જે વિષય, તેને ગ્રહણ કરે તે સદ્‌ભૂત છે. પર વિષય=પરદ્રવ્યાશ્રિત જે વિષય, તેને ગ્રહણ કરે તે અસદ્‌ભૂત વ્યવહાર. ॥૮/૩॥

ટબો :-

વ્યવહારનયના ૨ ભેદ કહ્યા છઈ. એક-સદ્‌ભૂત વ્યવહાર, બીજો અસદ્‌ભૂત વ્યવહાર. એક વિષય કહતાં-એક દ્રવ્યાશ્રિત, તે સદ્‌ભૂત વ્યવહાર. પરવિષય-તે અસદ્‌ભૂત વ્યવહાર. ॥૮/૩॥

ટબાર્થ :-

વ્યવહારનયના બે ભેદ કહ્યા છે. એક સદ્‌ભૂત વ્યવહાર, બીજો અસદ્‌ભૂત વ્યવહાર. એક વિષય કહેતાં-એક દ્રવ્યાશ્રિત વિષયને, ગ્રહણ કરે તે સદ્‌ભૂત વ્યવહાર. પરવિષય=એક દ્રવ્યથી અન્ય દ્રવ્યના વિષયને, જે ગ્રહણ કરે તે અસદ્‌ભૂત વ્યવહાર. ॥૮/૩॥

ભાવાર્થ :-

અધ્યાત્મના મૂળ બે નયો છે. તેમાંથી નિશ્ચયનય ભેદ સહિત બતાવ્યા પછી હવે વ્યવહારનયના ભેદ બતાવે છે. વ્યવહારનયના બે ભેદો છે :- (૧) સદ્‌ભૂત અને (૨) અસદ્‌ભૂત. ગુણ-ગુણીનો ભેદ દેખાડે તે વ્યવહારનય છે.

(૧) **સદ્‌ભૂત વ્યવહારનય :-** જે વ્યવહારનય આત્મારૂપ એક દ્રવ્યમાં વર્તતા ભાવોને ગ્રહણ કરીને ગુણ-ગુણીનો ભેદ દેખાડે તે સદ્‌ભૂત વ્યવહારનય છે અર્થાત્ આત્મામાં વિદ્યમાન સદ્‌ભૂત એવાં ગુણોને ગ્રહણ કરીને આત્માના જ્ઞાનાદિ ગુણોના ભેદનું કથન કરે છે માટે સદ્‌ભૂત વ્યવહાર છે.

(૨) **અસદ્‌ભૂત વ્યવહારનય :-** જે વ્યવહારનય આત્મારૂપ એક દ્રવ્યની સાથે લાગેલાં કર્મોનો કે દેહનો આત્મા સાથે ભેદ દેખાડીને આત્માનાં કર્મો અથવા આત્માનો દેહ એ પ્રમાણે બતાવે તે અસદ્‌ભૂત વ્યવહારનય છે. આ વ્યવહારનય આત્માના સદ્‌ભૂત એવાં ભાવોને ગ્રહણ કરનાર નથી પરંતુ આત્માથી ભિન્ન એવાં કર્માદિરૂપ વિષયને ગ્રહણ કરનાર છે તેથી અસદ્‌ભૂત વ્યવહારનય છે. **॥૮/૩॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં વ્યવહારનયના બે ભેદ બતાવ્યા. હવે ગાથા-૪ અને ૫માં વ્યવહારનયના પ્રથમ ભેદના બે ભેદો બતાવે છે –

ગાથા :-

ઉપચરિતાનુપચરિતથી રે, પહિલો દોઈ પ્રકાર;
સોપાધિક ગુણ-ગુણિં ભેદઈં રે, જિઅની મતિ ઉપચાર રે.
પ્રાણી૦ ॥૮/૪॥

ગાથાર્થ :-

ઉપચરિતાનુપચરિતથી=ઉપચરિત અને અનુપચરિતથી, પહેલો=સદ્‌ભૂત વ્યવહાર, બે પ્રકારનો છે. સોપાધિક ગુણ-ગુણીના ભેદથી જિઅની=જીવની, મતિ એ ઉપચાર=સદ્‌ભૂત વ્યવહારનો ઉપચરિતરૂપ પહેલો ભેદ છે. ॥૮/૪॥

ટબો :-

પહલો જે-સદ્‌ભૂત વ્યવહાર તે ૨ પ્રકારિં છઈ. એક ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર, બીજો અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર. સોપાધિક ગુણગુણિભેદ દેખાડિઈં, તિહાં પ્રથમ ભેદ-જિમ-"जीवस्य मतिज्ञानम्." ઉપાધિ-તેહ જ ઈહાં ઉપચાર. ॥૮/૪॥

ટબાર્થ :-

પહેલો જે સદ્‌ભૂત વ્યવહાર, તે બે પ્રકારે છે. એક ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર, બીજો અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર. સોપાધિક=કર્મની ઉપાધિથી સહિત, એવાં ગુણ-ગુણીનો ભેદ=ગુણ જ્ઞાનાદિક અને ગુણી આત્મા-તેનો ભેદ, દેખાડે. તેમાં પ્રથમ ભેદ=ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારરૂપ પ્રથમ ભેદ, કહે છે. 'જેમ જીવનું મતિજ્ઞાન.'

અહીં પ્રશ્ન થાય કે, 'જીવનું મતિજ્ઞાન' તે કથનમાં ઉપચાર શું છે કે જેથી ઉપચરિતરૂપ પ્રથમ ભેદ બને ? તેથી કહે છે –

ઉપાધિ=આત્માને કર્મરૂપ ઉપાધિ, સ્વીકારી તેહ જ અહીં=ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારમાં, ઉપચાર છે. ॥૮/૪॥

ગાથા :-

નિરુપાધિક ગુણ ગુણિ ભેદઈં રે, અનુપચરિત સદ્‌ભૂત;
કેવલજ્ઞાનાદિક ગુણા રે, આતમના અદ્‌ભૂત રે. પ્રાણી૦ ॥૮/૫॥

ગાથાર્થ :-

નિરુપાધિક=કર્મરૂપ ઉપાધિથી રહિત, એવાં ગુણ-ગુણીના ભેદને (જે સ્વીકારે) તે અનુપચરિત સદ્‌ભૂત=અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર છે. કેવળજ્ઞાનાદિ ગુણા=ગુણો, આત્માના સદ્‌ભૂત છે (એમ અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય સ્વીકારે છે.) ॥૮/૫॥

ટબો :-

નિરુપાધિક ગુણગુણિ ભેદઈં બીજો ભેદ. યથા-"जीवस्य केवलज्ञानम्" ઈહાં-ઉપાધિ-રહિતપણું-તેહ જ નિરુપચારપણું જાણવું. ॥૮/૫॥

ટબાર્થ :-

નિરુપાધિક ગુણ-ગુણીના ભેદથી બીજો ભેદ છે=સદ્‌ભૂત વ્યવહારનો બીજો ભેદ છે. જે પ્રમાણે જીવનું કેવળજ્ઞાન. અહીં=બીજા ભેદમાં, ઉપાધિરહિતપણું=કર્મની ઉપાધિથી રહિતપણું, તેહ જ, નિરુપચારપણું જાણવું. ॥૮/૫॥

ભાવાર્થ :-

ગાથા-૩માં વ્યવહારનયના બે ભેદો બતાવ્યા. સદ્‌ભૂત અને અસદ્‌ભૂત વ્યવહાર. તેમાંથી સદ્‌ભૂત વ્યવહારના બે ભેદો છે. એક ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર અને બીજો અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર.

(૧) **ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર** :- જે વ્યવહારનય કર્મરૂપ ઉપાધિવાળા આત્માને ગ્રહણ કરીને, આત્મામાં વર્તતા ગુણોનો અને આત્મારૂપ ગુણીનો ભેદ દેખાડે છે, તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે. જેમ, કર્મની ઉપાધિવાળા આત્મામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનરૂપ ગુણો છે અને રાગદ્વેષના પરિણામરૂપ જે ભાવો છે તે સર્વને "જીવના ભાવો" કહે છે. માટે ઉપચરિત છે અને જીવરૂપ ગુણી અને જ્ઞાનાદિ કે રાગાદિ ભાવોનો ભેદ દેખાડે છે તેથી વ્યવહારનય છે. વળી, મતિજ્ઞાનાદિ ગુણો અને રાગાદિ ભાવો આત્મારૂપ એક દ્રવ્યમાં વિદ્યમાન છે તેથી સદ્‌ભૂત છે. અને આત્મામાં કર્મરૂપ ઉપાધિનો અભેદ ઉપચાર કરીને આત્મામાં વર્તતા ભાવોના ભેદને ગ્રહણ કરનારી નયદૃષ્ટિ છે. માટે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે.

(૨) **અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર** :- જે વ્યવહારનય કર્મરૂપ ઉપાધિથી રહિત આત્માને ગ્રહણ કરીને આત્મામાં વર્તતા ગુણોનો અને આત્મારૂપ ગુણીનો ભેદ દેખાડે છે, તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય છે. જેમ, કર્મની ઉપાધિરહિત એવાં આત્માના કેવળજ્ઞાનાદિ ગુણો છે તે સર્વ "આત્માના ગુણો" છે અને આત્મારૂપ ગુણી અને કેવળજ્ઞાનાદિ ગુણોનો ભેદ દેખાડે છે તેથી વ્યવહારનય છે. વળી, કેવળજ્ઞાનાદિ ગુણો આત્મારૂપ એક દ્રવ્યમાં વિદ્યમાન છે તેથી સદ્‌ભૂત છે. વળી, કર્મની ઉપાધિરહિત એવાં આત્માના ભાવોને ગ્રહણ કરીને પ્રવૃત્ત થયેલો આ વ્યવહારનય છે તેથી અનુપચરિત છે. વળી, આ અનુપચરિત સદ્‌ભૂત વ્યવહારનય કહે છે કે, આત્માના કેવળજ્ઞાનાદિ ગુણો છે તે આત્માના સદ્‌ભૂત ગુણો છે; કેમ કે તે ગુણો

જડ પદાર્થોમાં નથી અને જડ સાથે મિશ્રિત એવાં સંસારી જીવમાં પણ નથી પરંતુ કર્મઉપાધિથી રહિત શુદ્ધ એવાં સિદ્ધના આત્મામાં જ છે માટે સદ્‌ભૂત છે. ॥૮/૪-૫॥

અવતરણિકા :-

ગાથા-૧માં અધ્યાત્મની ભાષાથી નયના બે ભેદ બતાવેલ (૧) નિશ્ચયનય, (૨) વ્યવહારનય. તેમાંથી નિશ્ચયનયના બે ભેદ બતાવ્યા પછી વ્યવહારનયના બે ભેદો છે તેમ ગાથા-૩માં બતાવેલ. ત્યારપછી વ્યવહારનયના બે ભેદોમાંથી સદ્‌ભૂત વ્યવહારનયના બે ભેદો ગાથા-૪ અને ૫માં બતાવ્યા. હવે અસદ્‌ભૂત વ્યવહારના બે ભેદો ગાથા-૬ અને ૭માં ક્રમસર બતાવે છે –

ગાથા :-

અસદ્‌ભૂત વ્યવહારના જી, ઇમ જ ભેદ છઇં દોઇ;
પ્રથમ અસંશ્લેષિતયોગઇં જી, દેવદત્ત ધન જોઇ રે. પ્રાણી૦ ॥૮/૬॥

ગાથાર્થ :-

ઇમ જ=એમ જ=જેમ સદ્‌ભૂત વ્યવહારના બે ભેદ છે એમ જ, અસદ્‌ભૂત વ્યવહારના બે ભેદ છે. પ્રથમ=પ્રથમ ભેદ, અસંશ્લેષિતના યોગથી છે. (જેમ) દેવદત્તનું ધન જોઈ ('આ દેવદત્તનું ધન છે' એ પ્રમાણે દેખાડે.) ॥૮/૬॥

ટબો :-

અસદ્‌ભૂત વ્યવહારના ઇમ જ ૨ ભેદ છઇ, એક ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર, બીજો અનુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર. પહેલો ભેદ-અસંશ્લેષિતયોગઇં કલ્પિત સંબંધઇં હોઇ, જિમ-'દેવદત્તનું ધન'. ઇહાં-ધન દેવદત્તનઇં સંબંધ-સ્વસ્વામિભાવરૂપ કલ્પિત છઇ, તે માટિં-ઉપચાર. દેવદત્ત નઇં ધન-એક દ્રવ્ય નહીં, તે માટિં-અસદ્‌ભૂત, એમ ભાવના કરવી. ॥૮/૬॥

ટબાર્થ :-

ઇમ જ=એમ જ=સદ્‌ભૂત વ્યવહારના બે ભેદ છે એમ જ, અસદ્‌ભૂત વ્યવહારના બે છે=ભેદ બે છે. (૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર (૨) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર. પહેલો ભેદ અસંશ્લેષિતના યોગથી કલ્પિત સંબંધ હોવાને કારણે થાય છે. જેમ "દેવદત્તનું ધન." ઇહાં=અહીં="દેવદત્તનું ધન" એમ કહ્યું એમાં, ધન અને દેવદત્તનો સંબંધ સ્વસ્વામિભાવરૂપ કલ્પિત છે="આ ધનનો મારો સ્વામિભાવ છે" એ પ્રકારનો સંબંધ કલ્પિત છે. તે માટે ઉપચાર છે=ઉપચારને સ્વીકારનાર વ્યવહારનય છે. વળી, દેવદત્ત અને ધન એક દ્રવ્ય નથી તે માટે અસદ્‌ભૂત છે એમ ભાવના કરવી. ॥૮/૬॥

ગાથા :-

સંશ્લેષિતયોગઇં બીજો રે, જિમ આતમનો દેહ;
નય ઉપનય નયચક્રમાં રે, કહિયા મૂલનય એહ રે. પ્રાણી૦ ॥૮/૭॥

ગાથાર્થ :-

સંશ્લેષિતના યોગથી બીજો=અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારરૂપ બીજો, (ભેદ છે.) જેમ "આત્માનો દેહ". નયચક્રમાં નય, ઉપનય અને એહ મૂળ નય=નિશ્ચય અને વ્યવહારરૂપ અધ્યાત્મના બે મૂળનય, કહ્યા છે. ॥૮/૭॥

ટબો :-

બીજો ભેદ-સંશ્લેષિતયોગઇં=કર્મજ સંબંધઇં, જાણવો. જિમ-'આત્માનું શરીર'. આત્મ-દેહનો સંબંધ, ધન સંબંધની પરિં કલ્પિત નથી. વિપરીત ભાવનાઇં નિવર્ત્તઇં નહીં, યાવજ્જીવ રહઇ, તે માટિં-એ અનુપચરિત અનઇં-ભિન્ન વિષય, માટઇં-અસદ્‌ભૂત જાણવો.

એ નય-ઉપનય દિગંબર દેવસેનકૃત નયચક્રમાંહિં કહિયા છઇં, ૨. મૂલનય સહિત. ॥૮/૭॥

ટબાર્થ :-

બીજો ભેદ=અસદ્‌ભૂત વ્યવહારનો બીજો ભેદ, સંશ્લેષિતના યોગથી=કર્મથી જન્ય એવાં સંબંધથી, જાણવો. જેમ 'આત્માનું શરીર'. આત્મા અને દેહનો સંબંધ ધનના સંબંધની જેમ કલ્પિત નથી.

કેમ કલ્પિત નથી ? તેથી કહે છે –

વિપરીત ભાવનાથી નિવર્તન પામતો નથી પરંતુ જીવન સુધી રહે છે, તે માટે, એ=આત્માનો દેહની સાથેનો સંબંધ અનુપચરિત છે અને ભિન્ન વિષયવાળો=આત્મા અને દેહ-એ રૂપ ભિન્ન વિષયવાળો, સંબંધ છે, માટે અસદ્‌ભૂત જાણવો.

બે મૂળનય સહિત=નિશ્ચય અને વ્યવહારરૂપ અધ્યાત્મના બે મૂળ નય સહિત, એ નય અને ઉપનય=પૂર્વમાં વર્ણન કર્યાં તે નવ નય અને ત્રણ ઉપનય, દિગંબર દેવસેનકૃત નયચક્રમાં કહ્યા છે. ॥૮/૭॥

ભાવાર્થ :-

અસદ્‌ભૂત વ્યવહારનયના બે ભેદો છે. (૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર અને (૨) અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર.

(૧) ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર :- ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી 'દેવદત્તનું ધન' એમ કહેવાય છે અને 'દેવદત્તનું ધન' એ પ્રકારના કથનમાં દેવદત્તનો ધન સાથેનો સંબંધ છે તેવો બોધ થાય

છે, છતાં પ્રત્યક્ષથી દેવદત્ત અને ધન પૃથક્ દેખાય છે, તોપણ વ્યવહારમાં 'આ ધનનો સ્વામી દેવદત્ત છે' એ પ્રકારનો વ્યવહાર થાય છે. માટે દેવદત્ત અને ધનનો સંશ્લેષયુક્ત સંબંધ નહીં હોવા છતાં અસંશ્લેષવાળો કલ્પિત સંબંધ છે તેથી ઉપચરિત વ્યવહાર કહેવાય છે. વળી, દેવદત્ત અને ધન એક દ્રવ્ય નથી પરંતુ દેવદત્ત ચેતન છે અને ધન જડ છે તેથી તે વ્યવહારના પ્રયોગને અસદ્‌ભૂત કહેવાય છે.

(૨) **અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર** :- અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયની દૃષ્ટિથી 'આત્માનું શરીર' એમ કહેવાય છે અને આત્માનો દેહની સાથેનો સંબંધ, દેવદત્તના ધનની સાથેના સંબંધની જેમ કલ્પિત નથી પરંતુ પ્રત્યક્ષથી આત્મા અને દેહનો સંશ્લેષ દેખાય છે. આથી જ જેમ, વિપરીત ભાવના કરવાથી ધનનો સંબંધ નિવર્તન પામે છે અર્થાત્ મહાત્માઓ સંયમ ગ્રહણ કરે છે ત્યારે 'આ ધનની સાથે મારે હવે સંબંધ નથી' તેવી ભાવના કરે છે ત્યારે પૂર્વમાં ધનની સાથે જે સ્વસ્વામિભાવરૂપ સંબંધ હતો, તે નિવર્તન પામે છે. તેમ, 'આ શરીર હું નથી અને આ શરીર સાથે પરમાર્થથી મારો સંબંધ નથી' તેવી ભાવના મહાત્માઓ કરીને આત્માને અશરીરી ભાવનાથી વાસિત કરે છે, તોપણ પોતાના જીવનના અંત સુધી દેહનો સંબંધ રહે છે. માટે ધનના જેવો ઉપચરિત સંબંધ નથી પરંતુ અનુપચરિત સંબંધ છે. વળી, સદ્‌ભૂત વ્યવહારનય આત્માના જ્ઞાનને ગ્રહણ કરે ત્યાં આત્મા અને જ્ઞાન એક દ્રવ્ય છે, ભિન્ન દ્રવ્ય નથી પરંતુ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે અને અસદ્‌ભૂત વ્યવહારનયમાં 'આત્માનું શરીર' એમ કહેવામાં આવે છે ત્યારે સંબંધનો વિષય આત્માથી પૃથક્ એવો દેહ છે માટે અસદ્‌ભૂત છે.

ઢાળ-૫ની ગાથા-૭થી અત્યારસુધી દિગંબરના મતાનુસાર નય, ઉપનય અને નિશ્ચય-વ્યવહારરૂપ અધ્યાત્મના મૂળનયનું વર્ણન કર્યું તેનું નિગમન કરતાં કહે છે –

બે મૂળનય સહિત=અધ્યાત્મના બે મૂળનય સહિત, પૂર્વમાં વર્ણન કર્યું એ નવ નય અને ત્રણ ઉપનય, દિગંબર દેવસેનકૃત નયચક્રમાં કહ્યા છે. તેથી ગ્રંથકારશ્રીએ તેમના વચનાનુસાર અત્યાર સુધી વર્ણન કર્યું છે. **॥૮/૬-૭॥**

અવતરણિકા :-

અત્યાર સુધી દિગંબર પ્રક્રિયાનુસાર નય-ઉપનયો બતાવ્યા. તેના વિષયમાં ગ્રંથકારશ્રી પોતાનો અભિપ્રાય બતાવતાં કહે છે –

ગાથા :-

વિષયભેદ યદ્યપિ નહીં રે, ઇહાં અહ્મારઇ થલ;
ઉલટી પરિભાષા ઇસી રે, તો પણિ દાઝઇ મૂલ રે. પ્રાણી૦ ॥૮/૮॥

ગાથાર્થ :-

ઇહાં=દિગંબરની પ્રક્રિયામાં, જો કે થલ=સ્થૂલથી, અહ્મારઈ=અમારે, વિષયભેદ નથી તોપણ, મૂલ=મૂળથી, ઈસી=આવી, ઊલટી પરિભાષા છે (તેથી તે) દાઝઈ=તે ખેદ કરે છે. ॥૮/૮॥

ટબો :-

ઈહાં-યદ્યપિ અહ્મારઈં-શ્વેતામ્બરનઈં, થલ-કહતાં-મોટો, વિષયભેદ-કહતાં-અર્થનો ફેર નથી. તોપણિ-મૂલ કહતાં-પ્રથમથી, ઉલટી-વિપરીત, પરિભાષા-શૈલી કરી, તે દાઝઈં છઈ-ખેદ કરઈ છઈ–

"यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम् ।
असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः" ।।१।। **इति वचनात् ।।८/८।।**

ટબાર્થ :-

ઈહાં=અહીં=દિગંબરની પ્રક્રિયામાં, જો કે, અમારે=શ્વેતાંબરનો, થલ કહેતાં મોટો, વિષયભેદ=અર્થનો ફેર નથી, તોપણ, મૂલ કહેતાં પ્રથમથી=નયના ભેદોનું વર્ણન કરવાનો પ્રારંભ કર્યો ત્યારથી, વિપરીત પરિભાષા=વિપરીત શૈલી, કરી તે, દાઝે છે=ખેદ કરે છે.

દિગંબરની પ્રક્રિયા ગ્રંથકારશ્રીને કેમ ખેદ કરે છે તેમાં યુક્તિ આપે છે –

"यद्यपि=જો કે, परकीयां द्राक्षाम् चरति रासभे=બીજાની દ્રાક્ષને ગધેડો ચરતો હોતે છતે, हानिः न भवति=હાનિ થતી નથી=પોતાને કાંઈ નુકસાન થતું નથી. तथापि=તોપણ, असमञ्जसं तु दृष्ट्वा=અસમંજસ જોઈને=શ્વેતાંબરને સમાન જૈનતંત્ર હોવા છતાં ભગવાનના વચનની દિગંબરોની અસમંજસ પ્રરૂપણા જોઈને, चेतः परिखिद्यते=ચિત્ત ખેદ પામે છે." **इति वचनात्=એ પ્રકારનું વચન હોવાથી, ગ્રંથકારશ્રીને દિગંબરની પ્રક્રિયા ખેદને કરે છે. ।।૮/૮।।**

ભાવાર્થ :-

દિગંબરોએ નવ નયો, ત્રણ ઉપનયો અને અધ્યાત્મભાષાના બે મૂળ નયો બતાવ્યા તેમાં સ્થૂલથી કોઈ વિષયભેદની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ નયોના જે અર્થો જિનવચનાનુસાર શ્વેતાંબર સંપ્રદાયમાં પ્રાપ્ત થાય છે તેવા જ અર્થો દિગંબર એવાં દેવસેનાચાર્યએ કરેલ છે. તેથી સ્થૂલથી કોઈ વિષયભેદની પ્રાપ્તિ થતી નથી તોપણ, તે નયના કથનના પ્રારંભમાં સાત નયોને છોડીને નવ નયો કહ્યા તે પ્રથમથી જ વિપરીત પરિભાષા છે અને આ વિપરીત પરિભાષારૂપ શૈલી સર્વજ્ઞના વચનથી અને સર્વજ્ઞના વચનાનુસાર યુક્તિથી બાધિત છે માટે ગ્રંથકારશ્રીને તે જોઈને ખેદ ઉત્પન્ન થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, કોઈ વિપરીત કથન કરે તેમાં ગ્રંથકારશ્રીને કેમ ખેદ થાય છે ? તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

જેમ કોઈ અન્યની દ્રાક્ષની વાટિકામાં ગધેડો ચરતો હોય તો તે બીજાની વાટિકામાં થતા નુકસાનથી પોતાને કોઈ નુકસાન થતું નથી તેમ દિગંબર સંપ્રદાય શ્વેતાંબર સંપ્રદાયથી ભિન્ન છે માટે તેઓની અસમંજસ પ્રરૂપણાથી તેઓના સંપ્રદાયની હાનિ થાય પરંતુ શ્વેતાંબર સંપ્રદાયને કોઈ હાનિ પ્રાપ્ત થતી નથી; કેમ કે દિગંબર સંપ્રદાયની તે અસમંજસ પ્રરૂપણા જોઈને શિષ્ટ લોકોથી તે વચન અગ્રાહ્ય બને છે.

તોપણ, જેમ ગધેડો અન્યની વાટિકામાં દ્રાક્ષો ચરીને અસમંજસ કરતો હોય તો વિવેકીને ખેદ થાય છે તેથી પરને થતા નુકસાનના પરિહાર અર્થે તે ગધેડાથી તે વાટિકાનું રક્ષણ કરે છે તેમ દિગંબરની અસમંજસ નયની પ્રક્રિયા જોઈને શ્વેતાંબર સંપ્રદાયને કોઈ હાનિ પ્રાપ્ત થતી નથી, તોપણ દિગંબરની અસમંજસ પ્રરૂપણાને જોઈને ગ્રંથકારશ્રીને ખેદ થાય છે અને તેનાથી કોઈ જીવને વિપરીત બોધ થાય તો યોગ્ય જીવને વિપરીત બોધરૂપ અહિતની પ્રાપ્તિ થાય તેથી તે અસમંજસ પ્રરૂપણાના નિવારણ અર્થે અને સન્માર્ગના રક્ષણ અર્થે ગ્રંથકારશ્રી પ્રવૃત્તિ કરે છે. ॥૮/૮॥

અવતરણિકા :-

તે બોટિકની ઊલટી પરિભાષા દેખાડિઈં છઈ –

અવતરણિકાર્થ :-

તે દિગંબરની વિપરીત પરિભાષા બતાવે છે –

ભાવાર્થ :-

અત્યાર સુધી દિગંબરના મતાનુસાર નય, ઉપનયો બતાવ્યા અને ગાથા-૮માં કહ્યું કે, દિગંબરની પ્રથમથી જ ઊલટી પરિભાષા છે તેથી દિગંબરની પરિભાષા ઊલટી કઈ રીતે છે ? તે પ્રસ્તુત ઢાળના અંત સુધી સ્પષ્ટ કરે છે –

ગાથા :-

तत्त्वारथि नय सात छइं जी, आदेशांतर पंच;
अंतरभावित उद्धरी रे, नवनो किस्यो ए प्रपंच रे? प्राणी० ॥८/९॥

ગાથાર્થ :-

तत्त्वार्थ सूत्रमां सात नयो छे अने आदेशांतरथी=मतांतरथी पांच नयो छे. अंतरभावितने उद्धरीने=सात नयोमां अंतर्भाव पामेला એવાં द्रव्यार्थिक अने पर्यायार्थिकने जुदा काढीने, नव नयोनो केवो आ प्रपंच ?=आ विस्तार असंबद्ध छे. ॥८/९॥

ટબો :-

तत्त्वार्थसूत्रईं ७ नय कहिया छइं, अनईं-आदेशांतर-कहतां मतांतर तेहथी-५ नय कहिया छईं. "सप्त मूलनयाः पञ्च-इत्यादेशान्तरम् ।" એ सूत्रईं. सांप्रत, समभिरूढ, એવંભૂત-એ ૩ नईं शब्द એક नामई संग्रहिईं, तिवारईं-प्रथम चार साथि पांच कहिईं. अत एव-ईकेकना १०० भेद हुईं छईं, तिहां-पणि ७००, तथा ५०० भेद. ईम २ मत कहिया छईं. यथोक्तमावश्यके –

"एक्केक्को य सयविहो, सत्तणयसया हवंति एमेव ।

अण्णोऽवि य आएसो, पंचेव सया नयाणं तु" ।।१।।

એહવી શાસ્ત્રરીતિ છોડી, અંતર્ભાવિત-સાતમાંહિં ભેલ્યા, જે-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક-તે ઉદ્ધરી-અલગા કાઢી, નવ નય કહિયા, તે સ્યો પ્રપંચ ? ચતુર મનુષ્ય વિચારી જોઓ. ॥૮/૯॥

ટબાર્થ :-

તત્ત્વાર્થસૂત્રમાં સાત નય કહ્યા છે અને આદેશાંતરથી કહેતાં=મતાંતરથી કહેતાં, પાંચ નયો કહ્યા છે.

આ જ કથનની સાક્ષી આપે છે –

સાત મૂળ નયો છે અને પાંચ આદેશાંતર છે એ પ્રમાણે સૂત્રમાં છે.

કઈ રીતે સાત નયમાંથી પાંચ નય થયા ? તે સ્પષ્ટ કરે છે –

સાંપ્રતનય, સમભિરૂઢનય, એવંભૂતનય – આ ત્રણે નયોને શબ્દ=શબ્દનય, એક નામથી સંગ્રહ કરાય તે વખતે પ્રથમ ચાર સાથે પાંચ નય કહેવાય.

આથી જ=તત્ત્વાર્થમાં મૂળ સાત નય અને આદેશાંતરથી પાંચ નયો છે આથી જ, એકેકના સો ભેદ થાય છે તેમાં પણ ૭૦૦ ભેદ અને ૫૦૦ ભેદ એમ બે મત કહ્યા છે.

જે પ્રમાણે આવશ્યકમાં કહેવાયું છે –

"એક-એક પણ સો પ્રકારનો છે તેથી સાતસો નય થાય છે એ રીતે જ અન્ય પણ આદેશ છે. નયોના પાંચસો ભેદો છે." **(આવશ્યકનિર્યુક્તિ, ગાથા-૭૫૯)**

આવી શાસ્ત્રરીતિને છોડીને=ગ્રંથકારશ્રીએ તત્ત્વાર્થ સૂત્રની સાક્ષી બતાવી એવી શાસ્ત્રરીતિને છોડીને, અંતર્ભાવિત=સાત નયોમાં ભેળવાયેલા એવાં જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, તેને ઉદ્ધરીને=જુદા કાઢીને, નવ નયો કહ્યા=દિગંબરોએ નવ નયો કહ્યા, તે સ્યો પ્રપંચ ?=તે અસમંજસ કથન છે, એ પ્રમાણે ચતુર મનુષ્યો=વિભાગવાક્યને જાણવામાં ચતુર મનુષ્યો, વિચારીને જોજો. ॥૮/૯॥

ભાવાર્થ :-

દિગંબર મત તત્ત્વાર્થસૂત્રને સ્વીકારે છે અને તત્ત્વાર્થસૂત્રમાં નૈગમાદિ સાત નયો બતાવેલ છે અને અપેક્ષા ભેદને સામે રાખીને છેલ્લા ત્રણ નયને અર્થાત્ સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત-એ ત્રણ નયને, શબ્દનયથી સંગ્રહ કરીને પાંચ નય બતાવ્યા છે. વળી, તે સાત નયોમાંથી એકેકના સો ભેદો થાય છે તેથી સાતસો નય બને છે અને તત્ત્વાર્થસૂત્રમાં આદેશાંતરથી જે પાંચ નયો કહ્યા, તેના પણ સો સો ભેદ થાય છે, તેથી પાંચસો નય બને છે તેને સામે રાખીને આવશ્યકસૂત્રમાં સાતસો અને પાંચસો નયો બતાવ્યા છે તેથી

નૈગમાદિ સાત નય પરમાર્થથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયના ભેદો છે એમ ફલિત થાય છે. માટે દિગંબરો તત્ત્વાર્થસૂત્રમાં બતાવેલ સાત નયોથી પૃથક્ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયને ગ્રહણ કરીને જે નવ ભેદો કહે છે તે અસંબદ્ધ વિભાગ છે.

વસ્તુતઃ જેમ, જીવનો વિભાગ કરતી વખતે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય કહ્યા પછી ત્રસ, સ્થાવર ભેદને ગ્રહણ કરીને જીવના સાત ભેદો છે તેમ કહેવું, તે વિભાગની મર્યાદાથી વિપરીત છે, તેમ, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને ઉમેરીને નવ નયો કહેવા તે અસંબદ્ધ વિભાગ છે એ પ્રમાણે વિભાગની મર્યાદામાં ચતુર પુરુષે વિચારવું જોઈએ. ॥૮/૯॥

અવતરણિકા :-

દિગંબરના નવ નયો સંગત નથી એમ તત્ત્વાર્થસૂત્રના વચનથી પૂર્વગાથામાં સ્થાપન કર્યું. હવે યુક્તિથી પણ નવ નયોનો વિભાગ સંગત નથી તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

પજ્જયત્થ દ્રવ્યારથો રે, જો તુમ્હે અલગા દિટ્ઠ;
અપ્પિયણપ્પિય ભેદથી રે, કિમ ઇગ્યાર ન ઇટ્ઠ રે. પ્રાણી૦ ॥૮/૧૦॥

ગાથાર્થ :-

જો તમે પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક અલગ જોયા=સાત નયોથી જુદા જોયા, તો અર્પિત-અનર્પિત ભેદથી અગિયાર નયો કેમ ન ઇચ્છ્યા ? ॥૮/૧૦॥

ટબો :-

ઈમઈં કરતાં-પર્યાયાર્થ, દ્રવ્યાર્થ નય જો-તુમ્હે અલગા દીઠા, અનઈં ૯ નય કહિયા. તો-અર્પિત, અનર્પિત નય અલગા કરીનઈં, ૧૧ નય કિંમ ન વાંછયા ? ॥૮/૧૦॥

ટબાર્થ :-

ઈમઈં કરતાં=દિગંબરોએ નવ નયોને વિભાગ કર્યો એમ કરતાં, પર્યાયાર્થિકનય અને દ્રવ્યાર્થિકનય જો તમે જુદા જોયા અને નવ નયો કહ્યા, તો અર્પિતનય અને અનર્પિતનય જુદા કરીને ૧૧ નય કેમ ન વાંછયા ? ॥૮/૧૦॥

ભાવાર્થ :-

પદાર્થને જોવાની જેટલી દૃષ્ટિઓ છે તે સર્વ નયવચન છે. વળી, દ્રવ્યને જોનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનય છે અને પર્યાયને જોનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિકનય છે અને જગતમાં દરેક પદાર્થો દ્રવ્ય-પર્યાયરૂપ છે. તેના સ્વરૂપને બતાવવા માટે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય પ્રવર્તે છે. તે નયથી પદાર્થના પૂર્ણ સ્વરૂપનો બોધ થાય છે.

વળી, દ્રવ્યાર્થિકનયની જે દૃષ્ટિ છે તે દૃષ્ટિની જ અવાંતર દૃષ્ટિને ગ્રહણ કરીને વિચારીએ, તો નૈગમ, સંગ્રહ અને વ્યવહારનયની દૃષ્ટિ પ્રવર્તે છે.

વળી, પર્યાયાર્થિકનયની દૃષ્ટિની અવાંતર દૃષ્ટિને ગ્રહણ કરીને વિચારીએ તો, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયની દૃષ્ટિ પ્રવર્તે છે.

આ સાત દૃષ્ટિઓમાં દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ અને પર્યાયાર્થિકનયની દૃષ્ટિને સ્વતંત્ર ગ્રહણ કરીને પદાર્થને જોનારી નવ દૃષ્ટિ છે તેમ સ્વીકારીને દેવસેનાચાર્ય નયચક્રમાં નવ નય કહે છે તો પદાર્થને જોનારી અન્ય પણ અર્પિતનય અને અનર્પિતનયરૂપ બે દૃષ્ટિ છે તેને નવ નયોમાં ઉમેરીને ૧૧ નય દિગંબરો કેમ સ્વીકારતા નથી ? અર્થાત્ અર્પિતનય અને અનર્પિતનયરૂપ બે દૃષ્ટિમાં સર્વ નયોનો સમાવેશ થાય છે તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયોમાં પણ સાત નયોનો સમાવેશ થાય છે, માટે સાત નયથી પૃથક્ અર્પિતનય અને અનર્પિતનય સ્વીકારી શકાય નહીં તેમ જો દિગંબર કહે તો સાત નયથી પૃથક્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય પણ સ્વીકારી શકાય નહીં માટે નવ નયોના સ્વીકારની દિગંબરની રીતિ ઊલટી છે.

અર્પિતનય એટલે અનંત ધર્માત્મક પદાર્થમાંથી જે ધર્મની અર્પણા કરીને તેનું સ્વરૂપ બતાવવામાં આવે ત્યારે તે ધર્મને જોનારી દૃષ્ટિ અર્પિતનય છે અને જે ધર્મની અર્પણા કરી છે તેનાથી અન્ય જે ધર્મો પદાર્થમાં છે તેને જોનારી દૃષ્ટિ અનર્પિતનય છે. તેથી સ્યાદ્વાદીને એક નયની અર્પણા કરીને પદાર્થને જોનારી દૃષ્ટિથી પદાર્થને જોતી વખતે અનર્પિતનયની દૃષ્ટિથી ગૌણરૂપે અન્ય ધર્મ પણ જણાય છે. તેથી અર્પિતનયથી મુખ્ય કરાયેલો ધર્મ જણાય છે અને અનર્પિતનયથી ગૌણ કરાયેલો ધર્મ જણાય છે અને ઉભયનયથી અનંત ધર્માત્મક પદાર્થ જણાય છે. **॥૮/૧૦॥**

અવતરણિકા :-

ગાથા-૧૦માં ગ્રંથકારશ્રીએ દિગંબરને આપત્તિ આપી કે, જો દિગંબર નવ નયો સ્વીકારે તો, અર્પિત-અનર્પિતનયને અલગ સ્વીકારીને ૧૧ નયો પણ સ્વીકારવા જોઈએ. તેનું સમાધાન દિગંબરો શું કરી શકે તે બતાવીને તેનાથી જ સાત નયની સિદ્ધિ થાય છે તે બતાવે છે –

ગાથા :-

સંગ્રહવ્યવહારાદિકઇં રે, જો તુહે ભેલો તેહ;
આદિ-અંત નય થોકમાં જી, કિમ નવિ ભેલો એહ રે. પ્રાણી૦ ॥૮/૧૧॥

ગાથાર્થ :-

તેહ=અર્પિત-અનર્પિતનય, સંગ્રહ વ્યવહારાદિકમાં જો તુમ્હે ભેલો=સંગ્રહનયમાં અર્પિતનય અને વ્યવહારાદિક નયમાં અનર્પિતનય જો તમે ભેગા કરો, તો આદિ-અંત નયના થોકમાં =આદિના ત્રણ નયના થોકડામાં અને અંતના ચાર નયના થોકડામાં એહ=દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય, કેમ નવિ ભેલો=કેમ ભેગા ન કરો ? ॥૮/૧૧॥

ટબો :-

હિવઈં, ઈમ કહસ્યો જે-'अर्पितानर्पितसिद्धेः' પ. ઈત્યાદિ તત્ત્વાર્થ સૂત્રાદિકમાંહિ, જે-અર્પિત-અનર્પિતનય કહિયા છઈ;-તે અર્પિત-કહતાં-વિશેષ કહિઈં. અનર્પિત-કહતાં-સામાન્ય કહિઈં. અનર્પિત-સંગ્રહમાંહિં ભિલઈં, અર્પિત-વ્યવહારાદિક વિશેષનયમાંહિં ભિલઈ, તો આદિ-અંત કહતાં-પહિલા-પાછિલા નયના થોકડાં માંહિ એહ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય કિમ નથી ભેલતાં ? જિમ-સાત જ મૂલનય કહવાઈ છઈ, તે વચન સુબદ્ધ રહઈ. ॥૮/૧૧॥

ટબાર્થ :-

હવે એમ કહેશો, જે="અર્પિત દ્વારા અનર્પિતની સિદ્ધિ હોવાથી" એ પ્રકારના વગેરે 'તત્ત્વાર્થ સૂત્ર' આદિમાં જે અર્પિત-અનર્પિતનય કહ્યા છે તે, અર્પિત કહેતાં વિશેષ કહીએ અર્થાત્ જે ધર્મની અર્પણા કરી તે ધર્મ વિશેષ કહેવાય અને અનર્પિત કહેતાં સામાન્ય કહીએ અર્થાત્ જે ધર્મની અનર્પણા કરી તે સર્વ ધર્મ સામાન્ય કહેવાય તેથી અનર્પિત ધર્મો સંગ્રહમાં ભળે=સંગ્રહનયમાં અંતર્ભાવ પામે અને અર્પિત ધર્મો વ્યવહારાદિ વિશેષમાં ભળે=વ્યવહારાદિ નયમાં અંતર્ભાવ પામે, તો=આ પ્રમાણે દિગંબરો કહે તો, ગ્રંથકારશ્રી કહે છે –

આદિઅંત કહેતાં પહેલાં અને પાછળના નયના થોકડામાં એ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય કેમ ભેળતા નથી ?=આદિના ત્રણ નયના થોકડામાં દ્રવ્યાર્થિકનય અને પાછળના ચાર નયના થોકડામાં પર્યાયાર્થિકનય કેમ ભેગા કરતાં નથી ?

જેમ સાત જ મૂળ નય કહેવાય છે, તે વચન સુબદ્ધ રહે. ॥૮/૧૧॥

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ દિગંબરોને ૧૧ નય સ્વીકારવાની આપત્તિ આપી ત્યાં દિગંબર તરફથી કોઈક કહે કે, અર્પિત-અનર્પિતની સિદ્ધિ હોવાથી=અર્પિતનય દ્વારા અનર્પિતનયની સિદ્ધિ હોવાથી, પદાર્થ અનંતધર્માત્મક છે તેમ તત્ત્વાર્થસૂત્રમાં કહેલ છે તેથી અર્પિત અને અનર્પિતનય તત્ત્વાર્થસૂત્રના વચનથી કે અન્ય શાસ્ત્રોનાં અન્ય વચનોથી સિદ્ધ થાય છે તોપણ, તે બે નયોને સાત નયોમાં અંતર્ભાવ કરી શકાય છે; કેમ કે જે ધર્મની અર્પણા કરવામાં આવે તે વિશેષ કહેવાય અને જે ધર્મની અનર્પણા કરવામાં આવે તે સામાન્ય કહેવાય.

આશય એ છે કે, જે ધર્મની અર્પણા કરવામાં આવે તે ધર્મ પદાર્થમાં રહેલા અન્ય ધર્મો કરતાં વિશેષરૂપે ઉપસ્થિત થાય છે માટે વિશેષ કહેવાય છે અને બાકીના સર્વ ધર્મો પ્રત્યેકરૂપે વિશેષથી ઉપસ્થિત થતા નથી પરંતુ 'આ વિશેષ ધર્મ સિવાયના અન્ય સર્વ ધર્મો છે' એ રૂપે સામાન્યથી ગ્રહણ થાય છે એથી અર્પિત ધર્મને વિશેષ કહેવાય છે અને અનર્પિત કહેવાથી અન્ય સર્વ ધર્મોને સામાન્ય કહેવાય છે. તેથી અનર્પિત ધર્મો સંગ્રહમાં ભળે છે; કેમ કે સામાન્યથી અન્ય સર્વ ધર્મોનો સંગ્રહ છે અને અર્પિતનય

સંગ્રહનયથી અન્ય એવાં વ્યવહારાદિ છ નયોમાં ભળે છે, માટે સાત નયોથી પૃથક્ અર્પિત-અનર્પિતનય નથી.

તેમ જો દિગંબર સમાધાન કરે તો, તત્ત્વાર્થસૂત્રમાં જે સાત નય કહ્યા છે તેમાંથી નૈગમ, સંગ્રહ, અને વ્યવહારરૂપ ત્રણ નયના પ્રથમ થોકડામાં દ્રવ્યાર્થિકનયનો અંતર્ભાવ થાય છે અને ઋજુસૂત્ર આદિ ચાર નયોના અંતિમ થોકડામાં પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ થાય છે તે, દિગંબર કેમ સ્વીકારતા નથી ? અને જો તેમ સ્વીકારે તો સાત મૂળ કહેવાય છે, તે શાસ્ત્રવચન સુબદ્ધ થાય છે અર્થાત્ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે મૂળ નય છે અને તે બેના પેટા ભેદરૂપ સાત નયો છે, અને સાતસો નયોના પેટા ભેદોમાં મૂળ નય સાત જ બોલાય છે તે વચન સંગત થાય છે.

ટબામાં 'अर्पितानर्पितसिद्धेः ઇત્યાદિ' છે ત્યાં એવું અન્ય કોઈ સૂત્ર તત્ત્વાર્થસૂત્રમાં નથી પરંતુ અર્પિત અને અનર્પિતને કહેનારું આવું જ વચન અન્ય ગ્રંથમાં હોય તેનું 'ઇત્યાદિ' થી ગ્રહણ છે. વળી, 'તત્ત્વાર્થસૂત્રાદિક'માં 'આદિ' પદથી તત્ત્વાર્થસૂત્રની જેમ અર્પિત અને અનર્પિતને બતાવનાર અન્ય શાસ્ત્ર હોય તેનું ગ્રહણ છે. વળી, 'વ્યવહારાદિક'માં 'આદિ' પદથી સંગ્રહ અને વ્યવહારને છોડીને અન્ય સર્વ નયોનું ગ્રહણ છે તેથી વ્યવહાર કરવા માટે જ્યારે કોઈ ધર્મની અર્પણા કરવામાં આવે ત્યારે અર્પિતનય વ્યવહારનયમાં અંતર્ભાવ પામે અને સંગ્રહનયમાં અનર્પિતનય અંતર્ભાવ પામે છે અને ઋજુસૂત્રનયની દૃષ્ટિને સામે રાખીને પદાર્થને ક્ષણિક સ્થાપન કરવા અર્થે પ્રતિક્ષણના ઘટને જુદો કહેવા અર્થે વર્તમાન ક્ષણના ઘટવિશેષને અર્પિતનયથી ગ્રહણ કરવામાં આવે ત્યારે તે અર્પિતનય ઋજુસૂત્રનયમાં અંતર્ભાવ પામે અને ઋજુસૂત્રનયને અભિમત વર્તમાનક્ષણના ઘટથી અન્ય પૂર્વઉત્તરના ઘટને અને અન્ય સર્વ ધર્મોને સંગ્રહ કરે તેવા સંગ્રહનયમાં અનર્પિતનય અંતર્ભાવ પામે છે. તે રીતે અન્ય નયોમાં પણ જાણવું. **॥૮/૧૧॥**

અવતરણિકા :-

સાત નય મધ્યે-દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેલ્યાની આચાર્યમત પ્રક્રિયા દેખાડઈ છઈ -

અવતરણિકાર્થ :-

સાત નયમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય ભળ્યાની આચાર્યના મતની પ્રક્રિયા હવે બતાવે છે –

ભાવાર્થ :-

નૈગમાદિ સાત નયોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય કઈ રીતે અંતર્ભાવ થાય છે તેના વિષયમાં અપેક્ષાના ભેદથી આચાર્યના મતના ભેદની પ્રક્રિયા બતાવે છે, જેથી સાત નયોમાંથી કયા નયો દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ પામે છે અને કયા નયો પર્યાયાર્થિકનયમાં અંતર્ભાવ પામે છે તેનો બોધ શ્વેતાંબર મતની પ્રક્રિયા અનુસાર થાય.

ગાથા :-

'પજ્જવનય તિઅ અંતિમા રે, પ્રથમ દ્રવ્યનય ચ્યાર;'
જિનભદ્રાદિક ભાસિઆ રે, મહાભાષ્ય સુવિચાર રે. પ્રાણી૦ ॥૮/૧૨॥

ગાથાર્થ :-

અંતિમ ત્રણ=શબ્દ-સમભિરૂઢ-એવંભૂતરૂપ અંતિમ ત્રણ, પર્યાયનય, (અને) પ્રથમ ચાર= નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજૂસૂત્ર રૂપ પ્રથમ ચાર, દ્રવ્યનય, જિનભદ્રગણિ આદિએ મહાભાષ્યના સુવિચારમાં ભાસિયા=કહ્યા છે. ॥૮/૧૨॥

ટબો :-

અંતિમ કહતાં-છેહલા, જે ૩ ભેદ-શબ્દ, સમભિરૂઢ, એવંભૂત રૂપ, તે-પર્યાયનય કહિઈં. પ્રથમ ૪ નય-નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર લક્ષણ, તે-દ્રવ્યાર્થિકનય કહિઈ. ઈમ-જિનભદ્રગણિક્ષમાશ્રમણ પ્રમુખ સિદ્ધાંતવાદી આચાર્ય કહઈ છઈ. મહાભાષ્ય કહતાં વિશેષાવશ્યક, તે મધ્યે નિર્ધાર્યું ॥૮/૧૨॥

ટબાર્થ :-

અંતિમ કહેતાં છેલ્લા, જે ત્રણ ભેદ=શબ્દ-સમભિરૂઢ-એવંભૂતરૂપ ત્રણ ભેદ, તે પર્યાયનય કહેવાય. પ્રથમ ચાર નય=નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રરૂપ ચાર નય, તે દ્રવ્યાર્થિકનય કહેવાય. એમ જિન-ભદ્રગણિ ક્ષમાશ્રમણ વગેરે સિદ્ધાંતવાદી આચાર્ય કહે છે.

ક્યાં કહે છે તે સ્પષ્ટ કરે છે –

મહાભાષ્ય કહેતાં વિશેષાવશ્યક ભાષ્ય તેમાં નિર્ધારે છે=આ પ્રમાણે ભેદ કરે છે. ॥૮/૧૨॥

ગાથા :-

સિદ્ધસેન મુખ ઇમ કહઇ રે, પ્રથમ દ્રવ્યનય તીન;
તસ ઋજુસૂત્ર ન સંભવઇં રે, દ્રવ્યાવશ્યક લીન રે. પ્રાણી૦ ॥૮/૧૩॥

ગાથાર્થ :-

સિદ્ધસેન વગેરે આમ કહે છે – પ્રથમ ત્રણ દ્રવ્યનય છે. તસ=તેના, મતે=સિદ્ધસેન દિવાકરસૂરિ વગેરેના મતે, ઋજુસૂત્ર દ્રવ્યાવશ્યક લીન સંભવતો નથી=અનુપયોગપૂર્વક કરાયેલી ક્રિયાને ઋજૂસૂત્રનય દ્રવ્યાવશ્યક સ્વીકારે છે તે તેમના મતે ઘટતી નથી. (એમ જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણાદિ કહે છે.) ॥૮/૧૩॥

ટબો :-

હિવઈ-સિદ્ધસેનદિવાકરઃ મલ્લવાદીઃ પ્રમુખ તર્કવાદી આચાર્ય ઈમ કહઈં છઈ, જે-પ્રથમ ૩ નય-૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર લક્ષણ, તે દ્રવ્યનય કહિઈં. ઋજુસૂત્ર ૧, શબ્દ ૨, સમભિરૂઢ ૩, એવંભૂત ૪-એ ૪ નય પર્યાયાર્થિક કહિઈં.

"द्रव्यार्थिकमते-'सर्वे पर्यायाः खलु कल्पिताः ।
तेष्वन्वयि द्रव्यं कुण्डलादिषु हेमवत्' ।।१।।
पर्यायार्थमते-'द्रव्यं पर्यायेभ्योऽस्ति नो पृथक् ।
यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते ?" ।।२।। **इति**

'द्रव्यार्थपर्यायार्थनयलक्षणात् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद् ?" इत्येतेषामाशयः ।

તે આચાર્યનઈં મતઈં ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકનઈં વિષઈં લીન ન સંભવઈ. તથા ચ–"उज्जुसुअस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं, पुहुत्तं नेच्छइ" अनुयोगद्वारसूत्रविरोधः" । **(અનુયોગદ્વાર, સૂત્ર-૧૫)**

વર્તમાનપર્યાયાધારાંશદ્રવ્યાંશ, પૂર્વાપરપરિણામસાધારણઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યાંશ, સાદૃશ્યાસ્તિત્વરૂપતિર્યક્સામાન્ય દ્રવ્યાંશ-એહમાં-એકઈં પર્યાયનય ન માનઈં, તો ઋજુસૂત્ર પર્યાયનય કહતાં, એ સૂત્ર કિમ મિલઈ ? તે માટઈં-'ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્ર, તત્તદ્વર્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી સ્થૂલ ઋજુસૂત્ર નય કહવો' ઈમ સિદ્ધાંતવાદી કહઈ છઈં.

"अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम्, इत्यस्मदेक-परिशीलितः पन्थाः"। ।।८/१३।।

ટબાર્થ :-

હવે, સિદ્ધસેન દિવાકર, મલ્લવાદી વગેરે તર્કવાદી આચાર્ય એમ કહે છે કે "જે પ્રથમ ત્રણ નય=નૈગમ-સંગ્રહ-વ્યવહારરૂપ ત્રણ નય, તે દ્રવ્યનય કહેવાય. ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એ ચાર નય પર્યાયાર્થિકનય કહેવાય."

"द्रव्यार्थिकमते=દ્રવ્યાર્થિક મતમાં, 'सर्वे पर्यायाः खलु कल्पिताः=સર્વ પર્યાયો ખરેખર કલ્પિત છે. कुण्डलादिषु हेमवत्=કુણ્ડલાદિમાં સુવર્ણાદિની જેમ, तेषु=તેઓમાં=પર્યાયોમાં, अन्वयि द्रव्यं=અન્વયિદ્રવ્ય છે=અન્વયિદ્રવ્ય અકલ્પિત છે.' ।।१।।

"पर्यायार्थमते=પર્યાયાર્થિકના મતમાં पर्यायेभ्यः पृथक् द्रव्यं नो अस्ति=પર્યાયોથી પૃથક્ દ્રવ્ય નથી, यत्तैः=જે કારણથી, તેઓ વડે=પર્યાયો વડે, અર્થક્રિયા दृष्टा=અર્થક્રિયા જોવાઈ છે. नित्यं कुत्रोपयुज्यते ?=નિત્ય ક્યાં ઉપયોગી થાય ?=નિત્ય એવું દ્રવ્ય નથી. ।।२।।

इति=આ પ્રકારના द्रव्यार्थपर्यायार्थनयलक्षणात्=દ્રવ્યાર્થિકનયનાં અને પર્યાયાર્થિકનયનાં લક્ષણો હોવાથી अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः=અતીત-અનાગત પર્યાયનું પ્રતિક્ષેપી ઋજુસૂત્ર शुद्धमर्थपर्यायं मन्यमानः=શુદ્ધ અર્થપર્યાયને માનતો=એકક્ષણવર્તી પદાર્થમાં વર્તતા એવાં શુદ્ધ અર્થપર્યાયને સ્વીકારતો, कथं द्रव्यार्थिकः स्याद् ?=કઈ રીતે દ્રવ્યાર્થિક થાય ? અર્થાત્ ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિકનય થઈ શકે નહીં इत्येतेषामाशयः=એ પ્રકારનો આમનો=સિદ્ધસેન વગેરેનો, આશય છે.

તે આચાર્યના મતે=સિદ્ધસેનાદિ આચાર્યના મતે, ઋજુસૂત્રનય દ્રવ્યઆવશ્યકના વિષયમાં= અનુપયોગપૂર્વક કરાયેલી ક્રિયા દ્રવ્યાવશ્યક છે એમ સ્વીકારનાર ઋજુસૂત્રનયના વિષયમાં, લીન સંભવે નહીં=અનુયોગદ્વારના વચનને સિદ્ધસેનાચાર્યાદિ દ્રવ્યાવશ્યક તરીકે સ્વીકારી શકે નહીં એ પ્રકારે જિનભદ્રગણિક્ષમાશ્રમણાદિ કહે છે. तथा च=અને તે રીતે=સિદ્ધસેન દિવાકર આદિ ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ કરતાં નથી. તેથી તેમના મતે દ્રવ્યાવશ્યકના વિષયમાં ઋજુસૂત્રનય લીન સંભવે નહીં તે રીતે, "उज्जुसुअस्स=ઋજુસૂત્રનયને एगे=એક अणुवउत्ते=અનુપયુક્ત एगं दव्वावस्सयं=એક દ્રવ્યાવશ્યક છે, पुहुत्तं=પૃથક્ત્વને णेच्छइ=ઇચ્છતો નથી" (એ પ્રમાણેના) अनुयोगद्वारसूत्रविरोधः=અનુયોગદ્વાર સૂત્રનો વિરોધ છે.

આ કથનથી જિનભદ્રગણિક્ષમાશ્રમણાદિના મતે શું ફલિત થાય તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

વર્તમાનપર્યાયના આધારાંશરૂપ દ્રવ્યાંશ=વસ્તુમાં વર્તતો વર્તમાનક્ષણનો પર્યાય-તેનો આધારાંશરૂપ દ્રવ્યાંશ, પૂર્વાપરપરિણામસાધારણ-ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યાંશ=અનેક ક્ષણવર્તી ઘટાદિ પદાર્થમાં પૂર્વ-અપર પરિણામમાં સાધારણ અર્થાત્ અનુગત એવું જે ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યાંશ, સાદૃશ્યઅસ્તિત્વરૂપ તિર્યક્સામાન્યરૂપ દ્રવ્યાંશ-એમાંથી=આ ત્રણે દ્રવ્યાંશમાંથી, એકને પર્યાયનય માને નહીં. તો=તેથી, ઋજુસૂત્ર પર્યાયનય કહેતાં આ સૂત્ર=અનુયોગદ્વારનું સૂત્ર, કેમ ઘટે ? અર્થાત્ ઘટે નહીં. તે માટે ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્ર=પ્રતિક્ષણના પર્યાયના આધારભૂત એવાં દ્રવ્યને સ્વીકારનાર સૂક્ષ્મ ઋજુસૂત્રનય, અને તે તે વર્તમાનપર્યાયને પામેલ દ્રવ્યવાદી=મનુષ્ય-તિર્યંચાદિ તે તે વર્તમાનપર્યાયને પામેલ દ્રવ્યવાદી, સ્થૂલ ઋજુસૂત્રનય કહેવો. (જેથી અનુયોગદ્વાર સૂત્રનો વિરોધ આવે નહીં.) એમ સિદ્ધાંતવાદી= જિનભદ્રગણિક્ષમાશ્રમણાદિ, કહે છે=સિદ્ધસેન વગેરે આચાર્યના મતવાદીને કહે છે.

સૂત્રમાં પરિભાષિત અનુપયોગરૂપ દ્રવ્યાંશને જ ગ્રહણ કરીને ઉક્ત સૂત્ર=અનુયોગદ્વારસૂત્ર, તાર્કિકના મતથી=તાર્કિક એવાં સિદ્ધસેનાદિના મતથી ઉપપાદન કરવું=સંગત કરવું, એ પ્રકારે અમારા વડે=ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વડે, એકપરિશીલન કરાયેલો માર્ગ છે. ॥૮/૧૩॥

ભાવાર્થ :-

સાત નયોમાંથી કયા નયો દ્રવ્યાર્થિકમાં અંતર્ભાવ પામે છે ? અને કયા નયો પર્યાયાર્થિકમાં અંતર્ભાવ પામે છે ? તેના વિષયમાં અપેક્ષાભેદથી જિનભદ્રગણિક્ષમાશ્રમણ અને સિદ્ધસેનદિવાકરસૂરિના વચનમાં જે ભેદ છે તે ગાથા-૧૨ અને ૧૩થી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ વિશેષાવશ્યક મહાભાષ્યમાં સાત નયોમાંથી પ્રથમના ચાર નયોને દ્રવ્યાર્થિકનય કહે છે અર્થાત્ નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય-એ ચાર નયોને દ્રવ્યાર્થિકનય કહે છે અને અંતિમ ત્રણને પર્યાયાર્થિકનય કહે છે અર્થાત્ શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય-એ ત્રણ નયોને પર્યાયાર્થિકનય કહે છે.

વળી, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ આદિ પ્રથમના ત્રણ નયોને દ્રવ્યાર્થિકનય કહે છે અને અંતિમ ચાર નયોને પર્યાયાર્થિકનય કહે છે તેથી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિના વચનાનુસાર ઋજુસૂત્રનય પર્યાયાર્થિકનય છે અને શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણના વચનાનુસાર ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિકનય છે.

અહીં પ્રશ્ન થાય કે, શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય કેમ કહે છે ?

તેનું તાત્પર્ય એ છે કે, દ્રવ્યાર્થિકનય સામાન્યને જોનાર છે અને તે સામાન્ય ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્યરૂપ છે. વળી, શુદ્ધ સંગ્રહનય ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્યને સ્વીકારે છે તેથી સત્રૂપે ત્રણે કાળના સર્વ દ્રવ્યોનો સંગ્રહ કરે છે. વળી, તિર્યક્સામાન્યનો ત્યાગ કરીને ઊર્ધ્વતાસામાન્યનો સ્વીકાર કરીને નૈગમનય અને વ્યવહારનય પ્રવર્તે છે તેથી નૈગમનય અને વ્યવહારનય પણ ઊર્ધ્વતાસામાન્યનો સ્વીકાર કરે છે માટે દ્રવ્યાર્થિકનય છે. વળી, ઋજુસૂત્રનય વર્તમાન ક્ષણમાત્રને જ સ્વીકારે છે તેથી વર્તમાનક્ષણવર્તી પદાર્થને સ્વીકારીને ઊર્ધ્વતાસામાન્યનો પણ ત્યાગ કરે છે માટે તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્ય-બંનેનો ત્યાગ કરનાર છે માટે તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્ય-બંનેનો ત્યાગ કરનાર હોવાથી ઋજુસૂત્રનય દ્રવ્યાર્થિકનયમાં અતંર્ભાવ પામી શકે નહીં; કેમ કે ઊર્ધ્વતાસામાન્યરૂપ અને તિર્યક્સામાન્યરૂપ દ્રવ્યાંશને જોનારી દૃષ્ટિ દ્રવ્યાર્થિકનયની છે અને સામાન્યનો ત્યાગ કરીને પ્રતિક્ષણના પર્યાયને જોનારી ઋજુસૂત્રનયની દૃષ્ટિ છે માટે ઋજુસૂત્રનય પર્યાયાર્થિકનયમાં અંતર્ભાવ પામે છે એમ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ કહે છે.

વળી, શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ કહે છે કે, અનુયોગદ્વારસૂત્રમાં કહેલું છે કે ઋજુસૂત્રનયના મતે એક અનુપયુક્ત એક દ્રવ્યાવશ્યક છે, પૃથક્ત્વને ઇચ્છતો નથી. તે કથન અનુસાર કોઈ સાધુ કે શ્રાવક આવશ્યક ક્રિયા કરતાં હોય અને તદર્થના જ્ઞાતા હોવા છતાં તદર્થમાં ઉપયુક્ત ન હોય તો તેઓના આવશ્યકને ઋજુસૂત્રનય દ્રવ્ય આવશ્યક સ્વીકારે છે અને જો ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનય સ્વીકારીએ તો અનુયોગદ્વારસૂત્રનો વિરોધ આવે; કેમ કે ભાવનું કારણ હોય તે દ્રવ્ય કહેવાય અર્થાત્ પર્યાયનું કારણ હોય તે દ્રવ્ય કહેવાય અને ઋજુસૂત્રનયનો દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ કરીએ તો પર્યાયના કારણભૂત એવાં દ્રવ્યનો તે સ્વીકાર કરે છે તેમ કહી શકાય અને તેમ સ્વીકારીએ તો આત્મામાં પ્રગટ થતા ભાવ આવશ્યકરૂપ પર્યાયનું કારણ એવું દ્રવ્ય આવશ્યક ઋજુસૂત્રનય સ્વીકારે છે તેમ કહી શકાય, માટે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ કરે છે.

વળી, તે પદાર્થને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી ટબામાં કહે છે કે –

(૧) વર્તમાનપર્યાયના આધારાંશરૂપ દ્રવ્યાંશ=વર્તમાનમાં જે પર્યાય વર્તી રહ્યો છે તેનો આધાર એવું દ્રવ્ય છે.

(૨) પૂર્વઅપરપરિણામરૂપ સાધારણ એવાં ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યાંશ=આત્માદિ વસ્તુની પૂર્વઅવસ્થા અને ઉત્તરઅવસ્થારૂપ પરિણામ=તે બંનેમાં અનુગત એવું ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્યાંશ છે.

(૩) સાદૃશ્યાસ્તિત્વરૂપ તિર્યક્સામાન્યરૂપ દ્રવ્યાંશ=ઘટાદિ સર્વ પદાર્થમાં 'આ ઘટ છે', 'આ ઘટ છે' એ પ્રકારના ઘટરૂપ સાદૃશ્યના અસ્તિત્વરૂપ તિર્યક્સામાન્યરૂપ દ્રવ્યાંશ છે.

હવે આ ત્રણ દ્રવ્યાંશમાંથી એકપણ દ્રવ્યાંશને પર્યાયનય માનતો નથી એમ સિદ્ધાંતવાદી જિનભદ્રગણિક્ષમાશ્રમણાદિ કહે છે અને સિદ્ધસેનદિવાકરાદિને આપત્તિ આપતાં તેઓ કહે છે કે, જો ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનયમાં અંતર્ભાવ કરીએ તો અનુયોગદ્વારનું સૂત્ર મળે નહીં માટે અનુયોગદ્વારના સૂત્રની સંગતિ કરવા અર્થે ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્રનય સ્વીકારવો જોઈએ અર્થાત્ દરેક પદાર્થો ક્ષણસ્થાયી છે તોપણ વર્તમાન પર્યાયના આધારાંશરૂપ દ્રવ્યને સ્વીકારીને ઋજુસૂત્રનય ક્ષણિક દ્રવ્યને સ્વીકારે છે પરંતુ પર્યાયને સ્વીકારતો નથી તેમ માનવું જોઈએ જેનાથી અનુયોગસૂત્રના વચનથી સંગતિ થાય. માટે ક્ષણિક દ્રવ્યવાદીએ સૂક્ષ્મ ઋજુસૂત્રનય અને તે તે વર્તમાનપર્યાયના આધારાંશરૂપ સ્થૂલ ઋજુસૂત્રનય સ્વીકારવો જોઈએ અર્થાત્ મનુષ્યાદિ દીર્ઘકાલીન વર્તમાનપર્યાયને પામેલ એવાં મનુષ્યાદિ દ્રવ્યને સ્વીકારનાર એવાં સ્થૂલ ઋજુસૂત્રનયને સ્વીકારવો જોઈએ એમ સિદ્ધાંતવાદી કહે છે. વળી, અનુપયોગથી આવશ્યકક્રિયા કરનાર પુરુષના ભાવઆવશ્યકના કારણીભૂત એવાં દ્રવ્યઆવશ્યકનો સ્વીકાર અનુયોગદ્વાર કરે છે તેની સંગતિ વર્તમાનપર્યાયના આધારાંશરૂપ દ્રવ્ય સ્વીકારવાથી ભાવઆવશ્યકના કારણીભૂત એવાં દ્રવ્યાવશ્યકના સ્વીકારથી થાય છે તેથી ઋજુસૂત્રનય દ્રવ્યનો સ્વીકાર કરે છે એમ ફલિત થાય છે. અને તેમ સ્વીકારીએ તો ઋજુસૂત્રનયનો અંતર્ભાવ દ્રવ્યાર્થિકનયમાં થઈ શકે, પર્યાયાર્થિકનયમાં ન થઈ શકે. એમ સિદ્ધાંતવાદી શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ કહે છે.

વળી, અનુયોગદ્વારસૂત્રની સંગતિ કરવા અર્થે સિદ્ધાંતવાદી ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ કરવા અંગે જે સ્પષ્ટતા કરે છે તે બતાવીને તાર્કિક એવાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીના મતે અનુયોગદ્વારની સંગતિ કઈ રીતે થઈ શકે તે ગ્રંથકારશ્રી પોતે સ્વપરિશીલનથી હવે બતાવે છે –

પર્યાયનો આધાર એવું દ્રવ્ય ઋજુસૂત્રનયના મતથી સ્વીકારીએ તો ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકમાં અંતર્ભાવ કરવો પડે પરંતુ અનુપયોગરૂપ દ્રવ્યાંશને ગ્રહણ કરીને અનુયોગદ્વારનું કથન સંગત કરવામાં આવે તો, ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં અંતર્ભાવ કરવાની આવશ્યકતા રહેતી નથી. તેથી એ પ્રાપ્ત થાય કે, ઋજુસૂત્રનય ઊર્ધ્વતાસામાન્ય કે તિર્યક્સામાન્ય સ્વીકારતો નથી કે વર્તમાનપર્યાયના આધારાંશરૂપ દ્રવ્યાંશને પણ સ્વીકારતો નથી પરંતુ પર્યાયને જોનારો છે અને અનુયોગદ્વારમાં અનુપયુક્ત આવશ્યક કરનારને જે દ્રવ્યઆવશ્યક કહ્યું છે તે અનુપયોગરૂપ દ્રવ્યાંશ છે માટે ઋજુસૂત્રનય દ્રવ્યને સ્વીકારે છે તેમ સ્વીકાર્યા વગર

પણ 'अनुपयोगो द्रव्यं' એ વચનાનુસાર આવશ્યક ક્રિયાકાળમાં વર્તતો આવશ્યક કરનાર પુરુષનો જે અનુપયોગરૂપ પર્યાય છે તેને આશ્રયીને તે આવશ્યકની ક્રિયાને દ્રવ્યાવશ્યક કહેવાયું છે પરંતુ પર્યાયના આધારરૂપ દ્રવ્યાંશના સ્વીકારથી દ્રવ્યાવશ્યક કહેવાતું નથી એ પ્રમાણે અર્થ કરીને તાર્કિક એવાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીના મતાનુસાર અનુયોગદ્વારની સંગતિ કરવી એ પ્રમાણે ગ્રંથકારશ્રી વડે એક પરિશીલન કરાયેલો માર્ગ છે અર્થાત્ ગ્રંથકારશ્રી વડે ઉત્પ્રેક્ષિત આ દિશા છે **॥૮/૧૨-૧૩॥**

અવતરણિકા :-

ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે, સાત નયથી અતિરિક્ત દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય જો દિગંબર સ્વીકારે, તો અર્પિતનય અને અનર્પિતનયને પણ દિગંબરે પૃથક્ સ્વીકારવા જોઈએ. વળી, જો અર્પિત-અનર્પિતનયને તે નવ નયમાં અંતર્ભાવ કરે તો દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને પણ સાત મૂળનયમાં અંતર્ભાવ કરવા જોઈએ. ત્યારબાદ સાત મૂળનયોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના અંતર્ભાવની પ્રક્રિયા ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨, ૧૩માં બતાવી. હવે તે સાતનયમાં જ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ દિગંબરે કરવો જોઈએ, તે યુક્તિથી સ્પષ્ટ કરે છે –

ગાથા :-

ઇમ અંતર્ભાવિતતણો રે, કિમ અલગો ઉપદેશ;
પાંચ થકી જિમ સાતમાં રે, વિષયભેદ નહીં લેશ રે. પ્રાણી૦ ॥૮/૧૪॥

ગાથાર્થ :-

આમ=ગાથા-૧૨ અને ૧૩માં બતાવ્યું એ પ્રમાણે, અંતર્ભાવિત તણો=અંતર્ભાવિત કરાયેલા એવાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો, અળગો ઉપદેશ કેમ છે ?=સાતનયથી દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો પૃથક્ ઉપદેશ દિગંબરના મતમાં અસંગત છે.

અહીં દિગંબર કહે કે, તત્ત્વાર્થમાં પાંચ નય પ્રસિદ્ધ છે છતાં શબ્દનયથી પૃથક્ સમભિરૂઢ અને એવંભૂતને ગ્રહણ કરીને સાત નય કર્યા તેમ સાત નયથી પૃથક્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનું ગ્રહણ થઈ શકશે.

તેના નિરાકરણ અર્થે ગાથાના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ પાંચ નય થકી સાતમાં વિષયભેદ છે (તેમ) લેશ નથી=(તેમ) દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો વિષયભેદ લેશ નથી.

(તેથી સાત નયથી પૃથક્ દ્રવ્યાર્થિકનય કે પર્યાયાર્થિકનય નથી એમ દિગંબરે સ્વીકારવું જોઈએ-એમ અન્વય છે.) ॥૮/૧૪॥

ટબો :-

ઈમ-અંતર્ભાવિત કહતાં-સાત માંહિ ભેલ્યા, જે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક-તેહનો-અલગો ઉપદેશ કિમ કરિઓ ? જો, ઈમ કહસ્યો-'મતાંતરઈ-પાંચ નય કહિઈં છઈં, તેહમાં-બે નય ભલ્યા; તેહનો-સાત નય કરતાં જિમ-અલગો ઉપદેશ છઈં, તિમ અહ્મારઈ-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો અલગો ઉપદેશ હુસ્યઈ' તો-શબ્દ, સમભિરૂઢ, એવંભૂતનઈ જિમ વિષયભેદ છઈ, તિમ-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો સાત નયથી ભિન્ન વિષય દેખાડો. ત્રણ નયનઈં એક સંજ્ઞાઈં સંગ્રહી પાંચ નય કહિયા છઈં, પણિ-વિષય ભિન્ન છઈં. ઈહાં-વિષયભિન્ન નથી. જે-દ્રવ્યાર્થિકના દશ ભેદ દેખાડ્યા, તે-સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિક માંહિ આવઈ. જે-૬ ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા, તે-સર્વ ઉપચરિતાનુપચરિત-વ્યવહાર-શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકમાંહિ આવઈ. 'गोबलिवर्द' ન્યાયઈં વિષયભેદઈં ભિન્ન નય કહિઈં, તો-"स्यादस्त्येव, स्यान्नास्त्येव" ઈત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિ પ્રકારઈ અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક નયપ્રક્રિયા ભાંજઈ, એ-પંડિતઈં વિચારવું. ॥૮/૧૪॥

ટબાર્થ :-

આમ=ગાથા-૧૨, ૧૩માં બતાવ્યું, એ પ્રમાણે, અંતર્ભાવ કહેતાં સાત નયમાં ભળેલા, જે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયો છે તેનો જુદો ઉપદેશ કેમ કર્યો ?=દિગંબરોએ જે જુદો ઉપદેશ કર્યો છે તે સંગત નથી. જો એમ કહે=જો દિગંબરો એમ કહે કે, મતાંતરથી પાંચ નયો કહ્યા છે તેમાં બે નય ભળ્યા-તેના સાત નય કરતાં જેમ જુદો ઉપદેશ છે=પાંચ નય કરતાં સાત નયનું જુદું કથન છે તેમ અમારો દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો જુદો ઉપદેશ થશે=સાત નય કરતાં જુદું કથન થશે. તેને ગ્રંથકારશ્રી કહે છે – તો, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયનો જેમ વિષયભેદ છે=શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય પોતપોતાના પૃથક્ વિષય બતાવે છે, તેમ દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો સાત નયથી ભિન્ન વિષય દિગંબરે બતાવવા જોઈએ અને ભિન્ન વિષય નથી માટે નવ નય કહેવા અસંગત છે.

અહીં પ્રશ્ન થાય કે, સાત નય હોવા છતાં પાંચ નય કઈ અપેક્ષાએ કહ્યા છે કે જેથી તેનો ભિન્ન વિષય પ્રાપ્ત થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ત્રણ નયને=શબ્દ-સમભિરૂઢ અને એવંભૂતરૂપ ત્રણ નયને, એક સંજ્ઞાથી સંગ્રહ કરીને પાંચ નય કહ્યા છે પરંતુ એ ત્રણે નયનો વિષય ભિન્ન છે. અહીંયાં=દિગંબરો નવ નયો સ્વીકારે છે એમાં, વિષય ભિન્ન નથી=સાત નયથી દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય ભિન્ન નથી.

અહીં પ્રશ્ન થાય કે, દિગંબરોએ દ્રવ્યાર્થિકનયના દસ ભેદો અને પર્યાયાર્થિકનયના છ ભેદો બતાવ્યા છે તેના બળથી સાત નયો કરતાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય ભિન્ન છે તેમ કહી શકાશે. તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જે દ્રવ્યાર્થિકના દસ ભેદ દેખાડ્યા=દિગંબરની પ્રક્રિયા અનુસાર ગ્રંથકારશ્રીએ પૂર્વમાં દ્રવ્યાર્થિકના દસ ભેદ દેખાડ્યા, તે સર્વ=દ્રવ્યાર્થિકનયના સર્વ ભેદો, શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિકમાં આવે=શુદ્ધ-અશુદ્ધ સંગ્રહ કે શુદ્ધ-અશુદ્ધ વ્યવહારમાં અંતર્ભાવ પામે. વળી, જે છ ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા=દિગંબરની પ્રક્રિયા અનુસાર ગ્રંથકારશ્રીએ પૂર્વમાં પર્યાયાર્થિકના છ ભેદ દેખાડ્યા, તે સર્વ=પર્યાયાર્થિકનયના ઉપચરિતાનુપચરિત વ્યવહારરૂપ સર્વ ભેદો, શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકમાં આવે=શુદ્ધ-અશુદ્ધ ઋજુસૂત્રનય અને શબ્દનયમાં અંતર્ભાવ પામે. 'ગોબલિવર્દ' ન્યાયથી=ગાય અને બળદ એમ કહેવાથી સ્ત્રીગાય કરતાં પુરુષગાયરૂપ બળદ જુદો છે એ ન્યાયથી, વિષયના ભેદથી ભિન્ન નય કહીએ તો=સાત નયોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ હોવા છતાં દ્રવ્યાર્થિકનયના દસ ભેદો દેખાડ્યા અને પર્યાયાર્થિકનયના છ ભેદો દેખાડ્યા એરૂપ વિષયના ભેદથી દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને સાત નયથી ભિન્ન નય કહીએ તો 'स्याद् अस्ति एव, स्याद् नास्ति एव' ઇત્યાદિ સાત ભાંગામાં કોડો પ્રકારે અર્પિત-અનર્પિત, સત્ત્વ-અસત્ત્વના ગ્રાહક એવાં નયની પ્રક્રિયા ભાંગશે અર્થાત્ વિષયભેદથી ભિન્ન નય ગ્રહણ ન કરીએ તો સાત નયને આશ્રયીને જે કોડો પ્રકારથી સપ્તભંગી કરવામાં આવી છે તે સપ્તભંગી સંગત થાય પરંતુ વિષયભેદથી ભિન્ન નય ગ્રહણ કરીએ તો, તે નયની પ્રક્રિયા અસંગત થાય, એ પ્રમાણે પંડિતે વિચારવું જોઈએ. ॥૮/૧૪॥

ભાવાર્થ :-

દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો સાત નયોમાં કઈ રીતે અંતર્ભાવ થાય છે ? તે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨, ૧૩માં યુક્તિથી સ્થાપન કર્યું. આ રીતે દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો સાત નયોમાં અંતર્ભાવ થયો હોવા છતાં, દિગંબરો દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને સાત નય કરતાં પૃથક્ કરીને નવ નય કહે છે, તે કથન સંગત નથી.

અહીં દિગંબર કહે કે, તત્ત્વાર્થ સૂત્રમાં પાંચ નય કહ્યા છે અને તેમાં બે નય ભેળવીને સાત નયો થાય છે તેમ અમે પણ સાત નયોમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ બે નયોને ભેળવીને નવ નયો કહીએ, તેમાં શું દોષ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

તત્ત્વાર્થસૂત્રમાં પાંચ નય કહ્યા છે તેમાં છેલ્લો જે શબ્દનય છે, તેના કરતાં સમભિરૂઢનય અને એવંભૂતનયના વિષય જુદા પ્રાપ્ત થાય છે. માટે પાંચ નય કહેતી વખતે શબ્દનયથી તે ત્રણે નયનો વિષય એક કરીને પાંચ નય કહેવાય છે અને શબ્દનયનો વિષય છેલ્લા બે નયથી પૃથક્ કરવામાં આવે તો પાંચ નયમાં બે નયો ભેળવીને સાત નયો કહેવાની પ્રક્રિયા દોષરૂપ નથી, જ્યારે દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય નૈગમાદિ સાત નયોથી ભિન્ન નથી, તેથી દિગંબર કહે છે તેમ નવ નયો સ્વીકારી શકાય નહીં.

વસ્તુતઃ તત્ત્વાર્થસૂત્રમાં શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનયના વિષયોનો એક શબ્દનયની સંજ્ઞાથી સંગ્રહ કરીને પાંચ નયો કહ્યા છે છતાં સમભિરૂઢનય અને એવંભૂતનયનો વિષય શબ્દનયથી જુદો પ્રાપ્ત

થાય છે તેથી સાત નયો સ્વીકારી શકાય, જ્યારે દિગંબર સ્વીકારે છે તેમ નવ નયોમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય સાત નયોના વિષયો કરતાં ભિન્ન પ્રાપ્ત થતો નથી, માટે દિગંબરની નવ નય સ્વીકારવાની પ્રક્રિયા જૂઠી છે.

અહીં દિગંબર કહે કે, દ્રવ્યાર્થિકનયના દસ ભેદો બતાવ્યા અને પર્યાયાર્થિકનયના છ ભેદો બતાવ્યા, તે ભેદોના બળથી જ નક્કી થાય છે કે, સાત નયના વિષય કરતાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષયભેદ છે. દિગંબરોનું તે કથન સંગત નથી, તે બતાવવા ગ્રંથકારશ્રી કહે છે –

દિગંબરોએ દ્રવ્યાર્થિકનયના જે દસ ભેદો બતાવ્યા તે સર્વ ભેદો શુદ્ધ-અશુદ્ધ સંગ્રહનય અને વ્યવહારનયમાં અંતર્ભાવ પામે છે. વળી, દિગંબરોએ ઉપચરિત-અનુપચરિત વ્યવહારરૂપ પર્યાયાર્થિકનયના જે છ ભેદો બતાવ્યા, તે સર્વ ભેદો શુદ્ધ-અશુદ્ધ ઋજુસૂત્રનય અને શબ્દનયમાં અંતર્ભાવ પામે છે માટે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયનો સાત નયથી ભેદ પ્રાપ્ત થતો નથી.

અહીં દિગંબર કહે કે, 'गोबलिवर्द' ન્યાયથી સાત નય કરતાં, દ્રવ્યાર્થિકનયના અને પર્યાયાર્થિકનયના વિષયનો ભેદ પ્રાપ્ત થાય છે, માટે સાત નયથી પૃથક્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય સ્વીકારવામાં દોષ નથી.

આશય એ છે કે, પશુઓના ભેદમાં ગાય, હાથી, ઘોડા વગેરે કહેવામાં આવે ત્યારે 'ગાય' શબ્દથી 'બળદ'નો સંગ્રહ થાય છે તેમ સાત નયોમાં દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદોનો સંગ્રહ થાય છે માટે પૃથક્ સ્વીકારી શકાય નહીં પરંતુ જેમ 'ગાય છે' 'બળદ છે' એમ કહેવામાં આવે ત્યારે 'ગાય' શબ્દથી સ્ત્રીપશુની પ્રાપ્તિ થાય અને 'બળદ' શબ્દથી પુરુષપશુની પ્રાપ્તિ થાય તેથી ગાય અને બળદના વિષયના ભેદની પ્રાપ્તિ છે, તેમ સાત નય કરતાં દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદો પૃથક્ બતાવવામાં આવે ત્યારે તે દ્રવ્યાર્થિકનયના અને પર્યાયાર્થિકનયના વિષયો સાત નયોમાં અંતર્ભાવ પામે નહીં માટે નવ નય સ્વીકારવામાં દોષ પ્રાપ્ત થતો નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આ રીતે 'गोबलिवर्द' ન્યાયથી દ્રવ્યાર્થિકનયના અને પર્યાયાર્થિકનયના ભિન્ન વિષયને ગ્રહણ કરીને નવ નયો કહેવામાં આવે તો 'स्यात् अस्ति एव, स्यात् नास्ति एव' ઇત્યાદિ સાત ભાંગામાં ઘણા પ્રકારે અર્પિત-અનર્પિત, સત્ત્વ-અસત્ત્વ ગ્રાહક નયની પ્રક્રિયા થાય છે તેનો ભંગ થશે એ પ્રમાણે, પંડિતે વિચારવું જોઈએ.

આશય એ છે કે, સપ્તભંગી કરવા માટે સાત નયોમાંથી કોઈ એક નયની અર્પણા કરીને, તેનાથી અન્ય નયોની અનર્પણા કરવામાં આવે છે તેથી જે નયની અર્પણા કરીને કહેવામાં આવે ત્યારે એ નયનો 'स्यात् अस्ति एव' ભાંગો પ્રાપ્ત થાય છે. તેથી અર્પિતનયથી સત્ત્વનું ગ્રહણ થાય છે અને જે નયની અનર્પણા કરીને કહેવામાં આવે ત્યારે એ નયનો 'स्यात् नास्ति एव' ભાંગો પ્રાપ્ત થાય છે તેથી અનર્પિતનયથી અસત્ત્વનું ગ્રહણ થાય છે માટે 'स्यात् अस्ति एव' અને 'स्यात् नास्ति एव' એમ બે ભાંગાની પ્રાપ્તિ થાય છે અને

ત્યારપછી અનર્પિત-અર્પિત ઉભયને સાથે ગ્રહણ કરવા આદિ દ્વારા અન્ય ભાંગાઓ પ્રાપ્ત થાય છે. હવે જો દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય આ સાત નયમાં પૂર્વે બતાવ્યું એ રીતે અંતર્ભાવ થતો હોવા છતાં 'गोबलिवर्द न्याय'થી જુદો કરવામાં આવે તો, તે નવ નયમાંથી કોઈક એક નયની અર્પણા કરીએ ત્યારે અન્ય આઠ નયના વિષય અનર્પણામાં પ્રાપ્ત થાય નહીં પરંતુ સાત નય ગ્રહણ કરવામાં આવે તો, કોઈ એક નયની અર્પણા કરવામાં આવે ત્યારે અન્ય સર્વ નયો અનર્પિત બને છે. તેથી સાત નયને આશ્રયીને જુદી જુદી સપ્તભંગીઓ થાય છે. હવે જો દિગંબર કહે છે તેમ નવ નયો સ્વીકારીએ તો, દ્રવ્યાર્થિકનયનો વિષય શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિમાં સંગ્રહિત થતો હોવાથી એક નયથી 'स्यात् अस्ति एव' કહીએ ત્યારે અન્ય છ નયથી 'स्यात् नास्ति एव' કહી શકાય પરંતુ દ્રવ્યાર્થિકનયનો વિષય કંઈક અંશથી અર્પિતનયમાં પણ આવે છે અને કંઈક અંશથી અનર્પિતનયમાં પણ આવે છે તેથી તેનો વિષય 'स्यात् अस्ति एव'માં પણ અંતર્ભાવ થાય અને 'स्यात् नास्ति एव'માં પણ અંતર્ભાવ થાય માટે નવ નય સ્વીકારવાથી સપ્તભંગીની પ્રક્રિયા ભાંગી પડે છે.

અહીં વિશેષ એ છે કે, કોઈક એક વસ્તુને પ્રથમ નૈગમનયથી સ્થૂલથી ગ્રહણ કરાય છે એને જ સૂક્ષ્મ-સૂક્ષ્મતર દૃષ્ટિરૂપ ઉત્તર ઉત્તરના નયથી ગ્રહણ કરાય છે અને એવંભૂતનયથી અંતિમ સૂક્ષ્મ પ્રાપ્ત થાય છે તેથી સાત નયોથી તે વસ્તુના પૂર્ણ સ્વરૂપનો બોધ થાય છે. વળી, સપ્તભંગી કરવા અર્થે કોઈ એક નયની અર્પણા કરવામાં આવે ત્યારે તે નયની દૃષ્ટિથી 'તે વસ્તુ તેવી છે' અને અન્ય સર્વ નયોથી 'તે વસ્તુ તેવી નથી' એમ પ્રાપ્ત થાય છે માટે 'અસ્તિ-નાસ્તિ'ના ભાંગા પ્રાપ્ત થાય છે. આ રીતે સાત નયથી બતાવ્યા મુજબ પદાર્થનો બોધ કરવામાં આવે તો, દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય સાત નયથી પૃથક્ પ્રાપ્ત થતો નથી છતાં, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય સાત નયથી પૃથક્ સ્વીકારવામાં આવે તો એક નયની અર્પણા કર્યા પછી અન્ય આઠ નયનો વિષય પૃથક્ પ્રાપ્ત થતો નથી તેથી સપ્તભંગી કરવા માટે કોઈક એક નયની અર્પણા કરીને અન્ય નયોની અનર્પણા કરવામાં આવે છે માટે સાત ભાંગાથી તે વસ્તુનો પૂર્ણ બોધ થાય છે અને દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને 'गोबलिवर्द न्याय'થી પૃથક્ કરવામાં આવે તો શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવી સપ્તભંગીની પ્રક્રિયા ભાંગી પડે માટે દિગંબર વડે સ્વીકારાયેલા નવ નયો સ્યાદ્વાદાદિકની પ્રક્રિયાના ભંજક છે. **॥૮/૧૪॥**

અવતરણિકા :-

"જો-વિષયભેદઈં નયભેદ કહસ્યો, તો સામાન્યનૈગમ-સંગ્રહમાં, વિશેષનૈગમ-વ્યવહારનયમાં ભેલતાં, છ જ નય થઈ જાસ્યઈં." એહવી-શિષ્યની શંકા ટાલવાનઈં અર્થિ કહઈ છઈં –

અવતરણિકાર્થ :-

જો વિષયના ભેદથી નયભેદ કહેશો તો સામાન્યનૈગમનય સંગ્રહમાં ભળે છે અને વિશેષનૈગમનય વ્યવહારમાં ભળે છે તેથી છ જ નયો પ્રાપ્ત થશે એવી શિષ્યની શંકા ટાળવા માટે કહે છે –

ભાવાર્થ :-

પૂર્વ ગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, સાત નયોથી દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષયભેદ નથી માટે સાત નયોથી પૃથક્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય સ્વીકારી શકાય નહીં. ત્યાં કોઈક જિજ્ઞાસુને શંકા થાય છે કે, જેમ સાત નયમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય અંતર્ભાવ પામે છે તેમ નૈગમનયનો વિષય પણ સંગ્રહનય અને વ્યવહારનયમાં અંતર્ભાવ પામે છે; કેમ કે નૈગમનય સામાન્ય અને વિશેષ એમ બે ભેદવાળો છે અને તેમાંથી સામાન્યનૈગમનય સંગ્રહનયમાં અંતર્ભાવ પામે છે અને વિશેષનૈગમનય વ્યવહારનયમાં અંતર્ભાવ પામે છે માટે જેમ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને સાત નયથી પૃથક્ સ્વીકારી શકાય નહીં તેમ નૈગમનયને સંગ્રહનય અને વ્યવહારનયથી પૃથક્ સ્વીકારી શકાય નહીં, માટે છ જ નયો સ્વીકારવા પડે. આવી શંકાને ટાળવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

સંગ્રહ નઈં વ્યવહારથી રે, નૈગમ કિહાંઇક ભિન્ન;
તિણ તે અલગો તેહથી રે, એ તો દોઇ અભિન્ન રે. પ્રાણી૦ ॥૮/૧૫॥

ગાથાર્થ :-

સંગ્રહનયથી અને વ્યવહારનયથી નૈગમનય કોઈક સ્થાનમાં ભિન્ન છે. તિણ=તે કારણથી, તે=નૈગમનય, તેહથી=સંગ્રહનયથી અને વ્યવહારનયથી અલગો છે=જુદો છે. એ તો દોઈ=દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-બંને નય, અભિન્ન છે=નૈગમાદિ સાત નયથી અભિન્ન છે. ॥૮/૧૫॥

ટબો :-

યદ્યપિ-સંગ્રહનય, વ્યવહારનયમાંહિં જ સામાન્ય, વિશેષ ચર્ચાઈં નૈગમનય ભલઈ છઈ, તો પણિ-કિહાંઈક પ્રદેશાદિ દૃષ્ટાંતસ્થાનઈં ભિન્ન થાઈ છઈ.

उक्तं च –

"छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।
तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं" ।।१।। **इत्यादि ।। ()**

તે માટિં-કિહાંઈક ભિન્ન વિષયપણાથી નૈગમનય ભિન્ન કહિઓ. એ તો-૨ નય-દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક-નૈગમાદિકનયથી અભિન્નવિષય છઈ, તો તે અલગા કરિનઈં નવ ભેદ નયના કિમ કહિઈં ? ॥૮/૧૫॥

ટબાર્થ :-

યદ્યપિ=જો કે, સંગ્રહનયમાં અને વ્યવહારનયમાં જ સામાન્ય અને વિશેષ ચર્ચાથી=સામાન્યગ્રહણ અને વિશેષગ્રહણથી, નૈગમનય ભલે છે=સંગ્રહનયમાં અને વ્યવહારનયમાં અંતર્ભાવ પામે છે, તોપણ

કોઈક સ્થાને=પ્રદેશાદિ દૃષ્ટાંતના સ્થાનમાં, ભિન્ન થાય છે=સંગ્રહનય અને વ્યવહારનય કરતાં નૈગમનય ભિન્ન અભિપ્રાયવાળો થાય છે.

उक्तं च=વળી, કહેવાયું છે –

"छण्हं=છના છે અર્થાત્ નૈગમનય ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોના પ્રદેશો સ્વીકારે છે. तह पंचण्हं= અને પાંચના છે અર્થાત્ સંગ્રહનય પાંચના પ્રદેશો સ્વીકારે છે. पंचविहो तह=અને પાંચ પ્રકારના છે અર્થાત્ વ્યવહારનય પાંચ પ્રકારના પ્રદેશો સ્વીકારે છે. य होइ भयणिज्जो=અને ભાજ્ય છે અર્થાત્ ઋજુસૂત્રનય ભાજ્ય પ્રદેશને સ્વીકારે છે. तम्मि य सो य पएसो=અને તેમાં અથવા તે જ પ્રદેશ છે અર્થાત્ શબ્દનય દ્રવ્યમાં અથવા દ્રવ્યરૂપ જ પ્રદેશને સ્વીકારે છે. सो चेव=અને તે જ છે અર્થાત્ સમભિરૂઢનય દ્રવ્યરૂપ જ પ્રદેશને સ્વીકારે છે. ण चेव=અને નથી અર્થાત્ એવંભૂતનય દ્રવ્યને પ્રદેશ જ નથી, દ્રવ્ય અખંડ જ છે તેમ સ્વીકારે છે. सत्तण्हं=સાત છે અર્થાત્ આ રીતે સાત નય ભિન્ન ભિન્ન રીતે પ્રદેશને સ્વીકારે છે." ।।૧।। **() इत्यादि=વગેરે.**

તે માટે=પ્રદેશાદિ દૃષ્ટાંતના સ્થાનમાં સંગ્રહનયથી અને વ્યવહારનયથી નૈગમનય જુદો પડે છે તે માટે, કોઈક સ્થાને ભિન્ન વિષયપણાથી નૈગમનય ભિન્ન કહ્યો છે=સંગ્રહનયથી અને વ્યવહારનયથી ભિન્ન કહ્યો છે. એ તો બે નય=દિગંબરે જે નવ નય કહ્યા તેમાં એ બે નય=દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નય, નૈગમાદિકનયથી અભિન્ન વિષયવાળા છે, તો=તે કારણથી, તે=દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, અલગા કરીને નવ ભેદ નયના કેમ કહેવાય ? અર્થાત્ કહી શકાય નહીં. ।।૮/૧૫।।

ભાવાર્થ :-

અવતરણિકામાં શંકા કરી કે, જો સાત નયોમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ કરીને નવ નયની દિગંબરની પ્રક્રિયા ઉચિત નથી તેમ કહેશો તો સંગ્રહનય અને વ્યવહારનયમાં નૈગમનયનો અંતર્ભાવ થતો હોવાથી સાત નયને બદલે છ નય સ્વીકારવા જોઈએ અને જો સંગ્રહનયમાં અને વ્યવહારનયમાં નૈગમનયનો અંતર્ભાવ થતો હોવા છતાં તેને જુદા સ્વીકારી શકાય તો સાત નયોમાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો અંતર્ભાવ થતો હોવા છતાં તેને જુદા સ્વીકારીને નવ નયો સ્વીકારવામાં દોષ છે તેમ કહી શકાય નહીં.

તેનું સમાધાન કરતાં કહે છે કે, સામાન્યથી સંગ્રહનયમાં અને વ્યવહારનયમાં નૈગમનય અંતર્ભાવ પામે છે તોપણ પ્રદેશાદિ દૃષ્ટાંતના સ્થાનમાં સંગ્રહનયના અને વ્યવહારનયના વિષય કરતાં નૈગમનય ભિન્ન વિષયને બતાવે છે આથી જ 'ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાંથી કોના પ્રદેશો છે ?' એ પ્રકારના પ્રશ્નમાં નૈગમનય 'છના પ્રદેશો છે' એમ કહે છે. સંગ્રહનય 'પાંચના પ્રદેશો છે' અને વ્યવહારનય 'પંચવિધ પ્રદેશો છે' એમ કહે છે. તેથી તે સ્થાનમાં સંગ્રહનય અને વ્યવહારનય કરતાં નૈગમનય જુદો અભિપ્રાય બતાવે છે માટે સંગ્રહનય અને વ્યવહારનય કરતાં નૈગમનયને પૃથક્ ન સ્વીકારવામાં આવે તો તે સ્થાનમાં સંગ્રહનય અને વ્યવહારનય કરતાં નૈગમનય જે જુદો અર્થ બતાવે છે તેનો બોધ થઈ શકે નહીં. માટે પ્રદેશવિષયક સર્વ નયોની દૃષ્ટિથી બોધ કરાવવા અર્થે સંગ્રહાદિ છ નયો કરતાં નૈગમનયને પૃથક્ સ્વીકારવો પડે. જ્યારે

નૈગમાદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિષય જુદો નથી. માટે એ બે નયને જુદા કરીને નવ નય કહેવા એ દિગંબરની જુઠ્ઠી પ્રક્રિયા છે. ॥૮/૧૫॥

ગાથા :-

ઇમ કરતાં એ પામીઇ રે, સર્વ વિભક્ત વિભાગ;
જીવાદિક પરિ કો નહીં રે, ઇહાં પ્રયોજન લાગ રે. પ્રાણી૦ ॥૮/૧૬॥

ગાથાર્થ :-

એમ કરતાં=નવ નય દેખાડતાં, સર્વ વિભક્તનો=સાત નયમાં પૂર્ણ પદાર્થના વિભક્તનો, એ વિભાગ પામે=દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો વિભાગ પામે. જીવાદિક પરિ=જીવાજીવાદિ સાત તત્ત્વ કે નવ તત્ત્વની જેમ, ઇહાં=અહીં=નવ નયોના વિભાગમાં કોઈ પ્રયોજન લાગ નહીં= લાગતું નથી. ॥૮/૧૬॥

ટબો :-

ઈમ કરતાં-૯ નય દેખાડતાં વિભક્તનો વિભાગ થાઈ-વહિંચ્યાનું વહિંચવું થાઈ, તિવારઈ-'जीवा द्विधा, संसारिणः सिद्धाः [च], संसारिणः पृथिवीकायिकादिषड्भेदाः, सिद्धाः पञ्चदशभेदाः।' એ રીતિં "नयो द्विधा, द्रव्यार्थिक-पर्यायार्थिकभेदात् । द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात्। ऋजुसूत्रादिभेदात् चतुर्द्धा पर्यायास्तिकः ।" ઈમ કહિઉં જોઈઈ. પણિ 'नव नयाः' ઈમ એક વાક્યતાઈ વિભાગ કીધો, તે સર્વથા મિથ્યા જાણવો. નહીં તો-'जीवाः, संसारिणः, सिद्धाः' ઈત્યાદિ વિભાગવાક્ય પણ થાવા પામઈં.

હિવઈ-કોઈ કહસ્યઈ જે-'जीवाजीवौ तत्त्वम्' ઈમ કહતાં અનેરાં તત્ત્વ આવ્યાં. તો પણિ-૭ તત્ત્વ, ૯ તત્ત્વ કહિઈં છઈં, તિમ-"द्रव्यार्थिकपर्यायार्थिकौ नयौ" ઈમ કહતાં અનેરા નય આવઈ છઈ, તોહિં અહ્મે સ્વપ્રક્રિયાઈં નવ નય કહસ્યું.

'તેહનઈં કહિઈં જે-તિહાં પ્રયોજનભેદઈં ભિન્ન ભિન્ન તત્ત્વ વ્યવહારમાત્ર સાધ્ય છઈ, તે તિમ જ સંભવઈ. ઈહાં-ઈતરવ્યાવૃત્તિ સાધ્ય છઈ, તિહાં-હેતું કોટિં અનપેક્ષિત ભેદ પ્રવેશઈં વૈયર્થ્ય દોષ હોઈં. તત્ત્વપ્રક્રિયાઈં એ પ્રયોજન છઈ-જીવ, અજીવ-એ ૨ મુખ્ય પદાર્થ ભણી કહવા. બંધ, મોક્ષ-મુખ્ય હેય, ઉપાદેય છઈ તે-ભણી. બંધ કારણભણી-આસ્રવ, મોક્ષ મુખ્ય પુરુષાર્થ છઈ તે માટિં' તેહનાં ૨ કારણ સંવર, નિર્જરા કહવાં. એ ૭ તત્ત્વ કહવાની પ્રયોજન પ્રક્રિયા. પુણ્ય, પાપરૂપ શુભાશુભબંધભેદ વિગતિં અલગા કરી, એહ જ પ્રક્રિયા ૯ તત્ત્વ કથનની જાણવી. ઈહાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકઈં ભિન્નોપદેશનું કોઈ પ્રયોજન નથી. ॥૮/૧૬॥

ટબાર્થ :-

એમ કરતાં=દિગંબરોએ બતાવ્યા એમ નવ નયો દેખાડતાં, વિભક્તનો વિભાગ થાય=વહેંચાયેલાનું વહેંચવું થાય અર્થાત્ એક વખત વિભાગ થયા પછી ફરી વખત વિભાગ કરીને સંખ્યાની વૃદ્ધિ કરવાતુલ્ય થાય. તે વખતે=વિભક્તનો વિભાગ પ્રાપ્ત થતો હોય તે વખતે, "જીવો બે પ્રકારના છે-સંસારી અને સિદ્ધ. સંસારી જીવો પૃથ્વીકાયિકાદિ છ ભેદવાળા છે અને સિદ્ધના જીવો પંદર ભેદવાળા છે." એ રીતે "દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી નયો બે પ્રકારના છે. નૈગમાદિ ભેદથી દ્રવ્યાર્થિક ત્રણ પ્રકારના છે, ઋજુસૂત્રાદિ ભેદથી પર્યાયાર્થિક ચાર પ્રકારના છે" એમ કહેવું જોઈએ. પરંતુ 'નવ નયો' એમ એકવાકયતાથી વિભાગ કર્યો તે સર્વથા મિથ્યા જાણવો. નહીં તો='નવ નયો' એ મિથ્યાવાક્ય છે-એમ ન સ્વીકારો તો; જીવો, સંસારી અને સિદ્ધ ઈત્યાદિ=ઈત્યાદિરૂપ ત્રણ પ્રકારે, વિભાગવાક્ય પણ થવું જોઈએ.

હવે કોઈ કહેશે જે 'જીવ-અજીવ તત્ત્વ' એમ કહેતાં. અનેરાં તત્ત્વ આવ્યાં=જીવ-અજીવમાં આસ્રવાદિ બધાં તત્ત્વો આવ્યાં, તોપણ સાત તત્ત્વ કે નવ તત્ત્વ કહેવાય છે તેમ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એમ કહેતાં અનેરા નય=નૈગમાદિ સાત નયો, આવે છે તોપણ અમે સ્વપ્રક્રિયાએ=દિગંબર પ્રક્રિયા અનુસારે, નવ નય કહીશું.

તેને કહે છે=ગ્રંથકારશ્રી કહે છે –

ત્યાં=સાત તત્ત્વો કે નવ તત્ત્વો કહેવામાં પ્રયોજનભેદથી=નવ તત્ત્વ કહેવામાં અભ્યુદય અને મોક્ષરૂપ પ્રયોજન છે અને સાત તત્ત્વ કહેવામાં મોક્ષરૂપ પ્રયોજન છે એ રૂપ પ્રયોજનભેદથી ભિન્ન ભિન્ન તત્ત્વનો વ્યવહારમાત્ર સાધ્ય છે=સાત તત્ત્વ કે નવ તત્ત્વરૂપ ભિન્ન ભિન્ન તત્ત્વની પ્રરૂપણા કરવારૂપ વ્યવહારમાત્ર સાધ્ય છે. તે=ભિન્ન ભિન્ન તત્ત્વનો સાધ્ય વ્યવહાર, તેમ જ સંભવે=સાત તત્ત્વ કે નવ તત્ત્વ કહેવાથી જ સંભવે.

અહીં=નયના વિભાગની પ્રરૂપણામાં, ઈતર વ્યાવૃત્તિ સાધ્ય છે=પદાર્થને પૂર્ણ પ્રરૂપણા કરવામાં સાત નયથી ઈતર કોઈ નય નથી તેરૂપ ઈતર નયની વ્યાવૃત્તિ સાધ્ય છે. ત્યાં=નયના વિભાગની પ્રરૂપણા માટે નવ નયની પ્રરૂપણા કરવામાં આવે ત્યાં, હેતુ કોટિ=હેતુની કુક્ષીમાં, અનપેક્ષિત ભેદ પ્રવેશઈ=જે અપેક્ષિત નથી તેવા અનપેક્ષિત ભેદના પ્રવેશથી=નયના વિભાગમાં સાત નયથી ભિન્ન એવાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયરૂપ અનપેક્ષિત ભેદના પ્રવેશથી, વૈય્યર્થ્ય દોષ થાય=સાત નયમાં બે નયનો પ્રવેશ વ્યર્થ છે એ પ્રકારનો દોષ પ્રાપ્ત થાય.

તત્ત્વપ્રક્રિયાએ=જીવાદિ સાત તત્ત્વો કે નવ તત્ત્વોની પ્રરૂપણાની પ્રક્રિયામાં, એ પ્રયોજન છે=આગળ બતાવે છે એ પ્રયોજન છે.

જીવ, અજીવ એ બે મુખ્ય પદાર્થ ભણી કહેવા=એ બે મુખ્ય પદાર્થ છે એમ કહેવું. બંધ, મોક્ષ અનુક્રમે મુખ્ય હેય-ઉપાદેય છે=બંધ મુખ્ય હેય છે અને મોક્ષ મુખ્ય ઉપાદેય છે, તે ભણી=તેને કારણે, જીવ-અજીવ બે પૃથક્ કહ્યા. બંધના કારણભણી આસ્રવ=બંધનું કારણ આસ્રવ, છે તેથી જુદો કહ્યો.

મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે તે માટે=ચાર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે તે માટે, તેને જુદો કહેવો. તેનાં બે કારણ સંવર અને નિર્જરા કહેવાં=સંવર અને નિર્જરા જુદાં કહેવાં-એ સાત તત્ત્વ કહેવાની પ્રયોજન પ્રક્રિયા છે. પુણ્ય-પાપરૂપ શુભ-અશુભ બંધના ભેદની વિગતીને=શુભ-અશુભ બંધના વિભાગને અલગા કરી=જુદા કહીને, એહ જ પ્રક્રિયા નવ તત્ત્વ કથનની જાણવી.

અહીં=નવ નયના ભેદમાં, દ્રવ્યાર્થિકનયમાં અને પર્યાયાર્થિકનયમાં ભિન્ન ઉપદેશનું કોઈ પ્રયોજન નથી. ॥૮/૧૬॥

ભાવાર્થ :-

દિગંબરે જે પ્રકારે નવ નય બતાવ્યા તે રીતે નયનો વિભાગ સ્વીકારીએ તો વિભક્તનો વિભાગ પ્રાપ્ત થાય અર્થાત્ દ્રવ્યાર્થિકનયમાં અને પર્યાયાર્થિકનયમાં સાત નયો વિભક્ત છે તે વિભક્તને જ ફરી ગ્રહણ કરીને તેમાં મૂળ નયને ઉમેરવાથી નવ નયો કહેવારૂપ વિભાગ પ્રાપ્ત થાય, જે ઉચિત નથી.

તેવા સ્થાને શું કહેવું જોઈએ ? તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ જીવોના બે ભેદ છે-સંસારી અને સિદ્ધ. આ રીતે વિભાગ કર્યા પછી સંસારી જીવો પૃથ્વીકાયાદિ છ ભેદવાળા છે અને સિદ્ધના જીવો પંદર ભેદવાળા છે તેમ કહેવું જોઈએ. તે રીતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના ભેદથી નયો બે પ્રકારના છે. દ્રવ્યાર્થિકનય નૈગમાદિના ભેદથી ત્રણ પ્રકારનો છે અને પર્યાયાર્થિકનય ઋજુસૂત્રાદિના ભેદથી ચાર પ્રકારનો છે એમ કહેવું જોઈએ પરંતુ નૈગમાદિ સાત નયો સાથે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને ભેળવીને એકવાક્યપણાથી નવે નયોનો જે વિભાગ દિગંબરોએ કર્યો છે તે સર્વથા મિથ્યા છે.

જેમ કોઈ કહે કે, "જીવો, સંસારી અને સિદ્ધો" એમ ત્રણ ભેદો છે તો તે વિભાગ ઉચિત નથી તેમ દ્રવ્યાર્થિકનય, પર્યાયાર્થિકનય અને નૈગમાદિ સાત નયો એમ નવ નયોનો વિભાગ ઉચિત નથી. માટે વિભાગવાક્યની મર્યાદાનું ઉલ્લંઘન કરીને દિગંબરોનો નવ નયોનો વિભાગ છે અર્થાત્ 'સર્વ ભેદોનો સંગ્રહ થાય' એ વિભાગવાક્યની મર્યાદા છે અને સાત નયોમાં સર્વ નયોનો સંગ્રહ થઈ જાય છે છતાં તે વિભાગવાક્યની મર્યાદાનું ઉલ્લંઘન કરીને સાત નયોમાં દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ભેળવીને દિગંબરોનો નવ નયોનો વિભાગ છે તે વિભાગવાક્યની મર્યાદાનું ઉલ્લંઘન છે માટે ઉચિત નથી.

હવે દિગંબર કહે કે, જીવ અને અજીવ બે તત્ત્વો છે છતાં જીવ-અજીવ કરતાં અન્ય એવાં આસ્રવાદિ તત્ત્વોને ગ્રહણ કરીને સાત તત્ત્વો કે નવ તત્ત્વો તમારા મતે કહેવાય છે, ત્યાં પણ જીવ અને અજીવમાં આસ્રવાદિનો અંતર્ભાવ હોવા છતાં જીવ-અજીવ કહ્યા પછી આસ્રવાદિને પૃથક્ ગ્રહણ કરીને સાત કે નવ તત્ત્વો કહેવાય છે, તે રીતે અમે પણ સ્વપ્રક્રિયા પ્રમાણે દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ગ્રહણ કરીને તેમાં અંતર્ભાવ પામતા નૈગમાદિ નયોને પૃથક્ ગ્રહણ કરીને નવ નયો ગ્રહણ કરીશું. માટે શાસ્ત્રમર્યાદાનુસાર કોઈ વિરોધ નથી; કેમ કે જીવાજીવાદિ સ્થાનમાં તે પ્રકારનો વિભાગ શાસ્ત્રમાં બતાવેલો છે.

તેને ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

સાત તત્ત્વની કે નવ તત્ત્વની પ્રરૂપણામાં પ્રયોજનભેદ છે તેથી ભિન્ન ભિન્ન તત્ત્વને બતાવવાનો વ્યવહાર કરવામાં આવે તે વ્યવહારમાત્રથી જ એ પ્રયોજનસાધ્ય છે.

આશય એ છે કે જીવાદિ સાત તત્ત્વોની પ્રરૂપણામાં જીવને મોક્ષ માટે ઉપયોગી એવાં તત્ત્વનું પરિજ્ઞાન કરાવવું છે અને નવ તત્ત્વોની પ્રરૂપણામાં જીવને મોક્ષ અને અભ્યુદય માટે ઉપયોગી એવાં તત્ત્વનું પરિજ્ઞાન કરાવવું છે તેથી મોક્ષ માટે ઉપયોગી તત્ત્વના બોધના પ્રયોજનથી સાત તત્ત્વની પ્રરૂપણા જ આવશ્યક છે અને મોક્ષ અને અભ્યુદય માટે ઉપયોગી તત્ત્વના બોધના પ્રયોજનથી નવ તત્ત્વની પ્રરૂપણા આવશ્યક છે.

વળી, નયના વિભાગમાં ઇતરની વ્યાવૃત્તિ સાધ્ય છે='પ્રસ્તુત સાત નયથી ઇતર કોઈ નય નથી' તે પ્રકારની ઇતર નયની વ્યાવૃત્તિ સાધ્ય છે. તે સ્થાનમાં ઇતરની વ્યાવૃત્તિમાં હેતુ જે નય વિભાગની મર્યાદા છે, તેની કોટિમાં, નવ નયો સ્વીકારવાથી, અનપેક્ષિત નયના ભેદનો પ્રવેશ થાય છે; કેમ કે નયના વિભાગમાં સાત નયો કહ્યા પછી દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો પ્રવેશ કરાવવો એ અનપેક્ષિત ભેદ છે અને તેવા ભેદનો પ્રવેશ કરવાથી વ્યર્થ દોષ પ્રાપ્ત થાય છે=નયના વિભાગમાં સાત નયોથી અતિરિક્ત એવાં દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો પ્રવેશ વ્યર્થ છે. એ પ્રકારનો દોષ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, જીવાદિ સાત તત્ત્વની પ્રરૂપણામાં અને જીવાદિ નવ તત્ત્વોની પ્રરૂપણામાં પ્રયોજનભેદ કેવા પ્રકારનો છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ટબામાં કહે છે –

સાત તત્ત્વની પ્રક્રિયામાં અને નવ તત્ત્વની પ્રક્રિયામાં આ પ્રકારનો પ્રયોજનભેદ છે :-

જીવ-અજીવ એ બે મુખ્ય પદાર્થ છે માટે બે પદાર્થ કહેવા અર્થાત્ જગતમાં જીવ અને અજીવ બે તત્ત્વ છે એમ બતાવવા માટે તે બે તત્ત્વ કહેવાં. વળી, બંધ મુખ્ય હેય છે અને મોક્ષ મુખ્ય ઉપાદેય છે તે બતાવવા માટે બંધ અને મોક્ષ એ બે તત્ત્વ કહેવાં અર્થાત્ બંધ એ જીવને વિડંબના કરનાર હોવાથી આત્મા માટે હેય છે અને મોક્ષ એ જીવની સ્વતંત્ર અવસ્થા હોવાથી જીવ માટે પૂર્ણ સુખમય અવસ્થા છે માટે ઉપાદેય છે, તેથી મુખ્ય બે તત્ત્વ કહ્યા પછી મુખ્ય હેય-ઉપાદેયરૂપે બંધ અને મોક્ષ એ બે તત્ત્વની પ્રાપ્તિ થવાથી ચાર તત્ત્વ થયાં. વળી, બંધના કારણ તરીકે આસ્રવ છે માટે મુખ્ય હેય એવાં બંધના કારણરૂપે આસ્રવ તત્ત્વ કહેવું જોઈએ. જેથી, જીવને જ્ઞાન થાય કે આત્મા માટે બંધ હેય છે અને તેનો ત્યાગ કરવા અર્થે આસ્રવના ત્યાગમાં ઉદ્યમ કરવો જોઈએ. આમ પાંચ તત્ત્વોની પ્રાપ્તિ થાય. વળી, આત્મા માટે ઉપાદેય એવો મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે અર્થાત્ આત્મા માટે ચાર પુરુષાર્થો ઉપાદેય છે તેમાંથી મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે તેથી મોક્ષપ્રાપ્તિનાં કારણ એવાં સંવર અને નિર્જરા એ બે તત્ત્વો કહેવાં જોઈએ. આ રીતે સાત તત્ત્વો કહેવાના પ્રયોજનની પ્રક્રિયા પ્રાપ્ત થાય છે.

વળી, સાતને બદલે નવ તત્ત્વો કહેવાના પ્રયોજનની પ્રક્રિયા કઈ રીતે થાય છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

બંધ તત્ત્વ હેય હોવા છતાં પુણ્ય શુભ બંધરૂપ છે અને પાપ અશુભ બંધરૂપ છે. તે બે તત્ત્વોને સાત તત્ત્વોથી અલગાં કહીને નવ તત્ત્વોને કહેવાના પ્રયોજનની પ્રક્રિયા છે, જે કહેવાથી જ્ઞાન થાય કે, મોક્ષ અર્થે

બંધ તત્ત્વ હેય હોવા છતાં અભ્યુદય અર્થે પુણ્યરૂપ શુભબંધ ઉપાદેય છે અને પાપરૂપ અશુભબંધ હેય છે. તેથી જેઓ સર્વ ઉદ્યમથી આસ્રવનો રોધ કરીને બંધનો ત્યાગ કરી શકતા નથી તેઓ પુણ્યબંધના કારણરૂપ શુભાસ્રવમાં યત્ન કરીને અભ્યુદય દ્વારા ક્રમે કરીને સંપૂર્ણ બંધનો ત્યાગ કરવા સમર્થ બને છે જેથી નવ તત્ત્વના પરિજ્ઞાનથી ઇષ્ટ એવું મોક્ષરૂપી ફળ પ્રાપ્ત કરે છે.

આ રીતે સાત તત્ત્વ અને નવ તત્ત્વની પ્રક્રિયામાં પ્રયોજન શું છે ? તે ગ્રંથકારશ્રીએ બતાવ્યું. હવે દિગંબરો જે નવ નયો કહે છે તેમાં સાત નયો કરતાં દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ભિન્ન બતાવવાનું કોઈ પ્રયોજન નથી તે બતાવવા અર્થે કહે છે –

સાત નયોથી પદાર્થના સ્વરૂપનો પૂર્ણ બોધ થાય છે તેથી સાત નયો બતાવ્યા પછી દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને તેમાં ઉમેરીને નવ નયો કહેવાથી કોઈ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. જેમ, નૈગમને છોડીને સંગ્રહાદિ છ નયો કહ્યા પછી પ્રદેશાદિ કોઈક સ્થાનમાં નૈગમનયથી બોધ કરાવવા અર્થે જો તે છ નયથી નૈગમનયને જુદો કહેવામાં ન આવે તો પ્રદેશાદિ સ્થાનમાં પૂર્ણ બોધ થતો નથી. તેથી નૈગમનયને છ નયમાં ઉમેરીને સાત નયથી પ્રદેશાદિનો બોધ કરવાથી પૂર્ણ બોધ થાય છે માટે પ્રદેશાદિ સ્થાનમાં પૂર્ણ બોધ કરવાના પ્રયોજનથી છ નયથી અતિરિક્ત નૈગમનયને કહેવાનું પ્રયોજન છે. તે રીતે, સાત નયથી બોધ કર્યા પછી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને ઉમેરીને કોઈ સ્થાનમાં વિશેષ બોધ થતો નથી. માટે દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને સાત નયથી પૃથક્ કહેવાનું કોઈ પ્રયોજન નથી તેથી નવ નયને કહેનારી દિગંબરની પ્રક્રિયા જુઠ્ઠી છે. **॥૮/૧૬॥**

અવતરણિકા :-

ગાથા-૧૬માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે, સાત નયથી અધિક બે નયો ગ્રહણ કરીને નવ નયો કહેવાનું કોઈ પ્રયોજન નથી. આમ છતાં, દિગંબરો જે નવ નયો કહે છે તે ઉત્સૂત્રભાષણરૂપ છે તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

ભિન્ન પ્રયોજન વિન કહિયા રે, સાત મૂલનય સૂત્ર;
તિણિં અધિકુ કિમ ભાષિઇં રે, રાષિઇં નિજઘર સૂત્ર રે.
પ્રાણી૦ ॥૮/૧૭॥

ગાથાર્થ :-

સૂત્રમાં મૂળ નય સાત કહ્યા છે. તિણિં=તે કારણથી, ભિન્ન પ્રયોજન વિન=ભિન્ન પ્રયોજન વગર, અધિકું કિમ ભાષિઇં=સાત નય કરતાં બે નય અધિક કહેવા જોઈએ નહીં. પરંતુ નિજઘરનું સૂત્ર રાખિઇં=પોતાના ઘરનું સૂત્ર અર્થાત્ ભગવાને કહેલું સૂત્ર રાખવું જોઈએ. ॥૮/૧૭॥

ટબો :-

તે માટિં 'सत्त मूलणया पन्नत्ता' એહવું સૂત્રઈં કહિઉં છઈં, તે ઉલ્લંઘી ૯ નય કહિઈં, તો આપણાં ઘરનું સૂત્ર કિમ રહઈ ? તે માટઈં-'नव नयाः' કહતો દેવસેન બોટિક ઉત્સૂત્રભાષી જાણવો. ॥૮/૧૭॥

ટબાર્થ :-

તે માટે=પૂર્વ ગાથામાં બતાવ્યું કે, સાત નયથી અલગ દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ભિન્ન કહેવાનું કોઈ પ્રયોજન નથી તે માટે, "सत्त मूलणया पन्नत्ता=સાત મૂળ નયો કહેવાયા છે." એવું સૂત્ર કહેવાયું છે. તે ઉલ્લંઘીને નવ નય કહે છે તો આપણા ઘરનું સૂત્ર=ભગવાનના શાસ્ત્રનું સૂત્ર, કેમ રહે ? અર્થાત્ સૂત્રનો નાશ થાય. તે માટે='નવ નયો છે' એમ કહેવાથી આપણા ઘરનું સૂત્ર 'સાત મૂળનયો કહેવાયા છે' તે સંગત થાય નહીં તે માટે, "नव नयाः=નવ નયો છે," એમ કહેતો દેવસેન બોટિક ઉત્સૂત્રભાષી જાણવો. ॥૮/૧૭॥

ભાવાર્થ :-

ગાથા-૧૬માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્પષ્ટ કર્યું કે, સાત નયથી ભિન્ન દ્રવ્યાર્થિકનયનો અને પર્યાયાર્થિકનયનો ઉપદેશ આપવાનું કોઈ પ્રયોજન નથી. તે કથનનું નિગમન કરતાં પ્રસ્તુત ગાથામાં કહે છે કે, શાસ્ત્રમાં સાત નયો મૂળ કહેવાયા છે અને તેનું ઉલ્લંઘન કરીને દિગંબર પ્રયોજન વગર બે નયો અધિક કહે છે. તે પ્રકારે અધિક દિગંબરે કહેવું જોઈએ નહીં. છતાં દિગંબર અધિક કહે તો, શ્વેતાંબર અને દિગંબર બંનેના સાધારણ એવાં આપણા ઘરનું 'સાત મૂળ નયો છે' એવું કહેનારું સૂત્ર કેમ સંગત થાય ? અર્થાત્ સૂત્ર સંગત થાય નહીં. અને સૂત્રથી વિરુદ્ધ કહેનાર એવો દેવસેન બોટિક ઉત્સૂત્રભાષી જાણવો.

વસ્તુતઃ દિગંબરોને પણ સાત નય જ અભિમત છે; કેમ કે 'તત્ત્વાર્થ સૂત્ર'માં સાત નયો જ પ્રરૂપ્યા છે અને દિગંબરો પણ 'તત્ત્વાર્થસૂત્ર' સ્વીકારે છે. પરંતુ દેવસેન નામના કોઈક સાધુએ નવ નયો કહીને ઉત્સૂત્રભાષણ કર્યું છે એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૮/૧૭॥**

અવતરણિકા :-

આ રીતે સાત નય કરતાં દિગંબરની નવ નયની પ્રક્રિયા જુઠ્ઠી છે તેમ બતાવ્યા પછી દ્રવ્યાર્થિકનયના અને પર્યાયાર્થિકનયના જે દસ અને છ ભેદો દિગંબર માને છે તે પણ સાત નયોથી પૃથક્ નથી પરંતુ ઉપલક્ષણથી જાણવા-તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

દશ ભેદાદિક પણિ ઇહાં રે, ઉપલક્ષણ કરિ જાણી;
નહીં તો કહો અંતર્ભાવઇં રે, પ્રદેશાર્થ કુણ ઠાણિ રે. પ્રાણી૦ ॥૮/૧૮॥

ગાથાર્થ :-

ઈહાં='નયચક્ર'ગ્રંથમાં, દશભેદાદિક પણિ=દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદ પણ, ઉપલક્ષણ કરી જાણવા=દ્રવ્યાર્થિકનયના ચાર અને પર્યાયાર્થિકનયના ત્રણ ભેદો પૂર્વમાં બતાવીને જેમ સાત નયો કહ્યા તેના ઉપલક્ષણથી દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો પણ જાણવા. નહીં તો=ઉપલક્ષણથી દસ ભેદ અને છ ભેદ ન સ્વીકારો તો, પ્રદેશાર્થનય ક્યા સ્થાને અંતર્ભાવ પામશે ? કહો=તે કહો. ॥૮/૧૮॥

ટબો :-

ઈહાં નયચક્ર ગ્રંથમાંહિ, દિગંબરઈં દ્રવ્યાર્થિકાદિ ૧૦ ભેદાદિક કહિયાં, તે પણિ-ઉપલક્ષણ કરી જાણો. નહીં તો-પ્રદેશાર્થનય કુણ ઠામિ આવઈ ? તે વિચારયો.

उक्तं च सूत्रे–

"दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए" **(અનુયોગદ્વાર સૂત્ર-૧૧૪) ઇત્યાદિ ।**

તથા-કર્મોપાધિસાપેક્ષજીવભાવગ્રાહક દ્રવ્યાર્થિક જિમ કહિઓ, તિમ-જીવસંયોગ-સાપેક્ષપુદ્ગલભાવગ્રાહક નય પણિ ભિન્ન કહિઓ જોઈ. ઈમ-અનંત ભેદ થાઈ. તથા પ્રસ્થકાદિ દૃષ્ટાંતઈં નૈગમાદિકના અશુદ્ધ-અશુદ્ધતર-અશુદ્ધતમ, શુદ્ધ-શુદ્ધતર- શુદ્ધતમાદિ ભેદ કિહાં સંગ્રહિયા જાઈ ? 'ઉપચાર માટિં તે ઉપનય કહિઈં.' તો-અપસિદ્ધાંત થાઈ-અનુયોગદ્વારઈં તે નયભેદ દેખાડ્યા છઈ. ॥૮/૧૮॥

ટબાર્થ :-

ઈહાં='નયચક્ર' ગ્રંથમાં, દિગંબરે દ્રવ્યાર્થિકાદિના દસ ભેદાદિક કહ્યા છે=દ્રવ્યાર્થિકના દસ ભેદો કહ્યા છે અને 'આદિ'થી પર્યાયાર્થિકનયના છ ભેદો કહ્યા છે, તે પણ, ઉપલક્ષણ કરી જાણો=જેમ દ્રવ્યાર્થિકનયના ચાર ભેદો અને પર્યાયાર્થિકનયના ત્રણ ભેદો ગાથા-૧૨માં બતાવ્યા અથવા દ્રવ્યાર્થિકનયના ત્રણ ભેદો અને પર્યાયાર્થિકનયના ચાર ભેદો ગાથા-૧૩માં બતાવ્યા તેના ઉપલક્ષણથી દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો જાણવા. એમ માનવામાં ન આવે તો સૂત્રમાં પ્રદેશાર્થનય કહ્યો છે તે ક્યા સ્થાને આવે ? તે વિચારજો.

સૂત્રમાં પ્રદેશાર્થનય કહ્યો છે તે 'उक्तं च'થી બતાવે છે –

उक्तं च सूत्रे=અને સૂત્રમાં કહેવાયું છે, "दव्वट्ठयाए=દ્રવ્યાર્થથી, पएसट्ठयाए=પ્રદેશાર્થથી, दव्वपएसट्ठयाए= દ્રવ્યપ્રદેશાર્થથી," **(અનુયોગદ્વાર સૂત્ર-૧૧૪) ઇત્યાદિ=ઇત્યાદિ.**

('અનુયોગદ્વારસૂત્ર-૧૧૪'માં અલ્પબહુત્વની વિચારણા કરેલ છે. તેથી દ્રવ્યાર્થથી જોનારી નયદૃષ્ટિ છે, પ્રદેશાર્થથી જોનારી નયદૃષ્ટિ છે અને દ્રવ્યપ્રદેશાર્થથી જોનારી નયદૃષ્ટિ છે માટે દ્રવ્યાર્થનય અને પર્યાયાર્થનયથી

પ્રદેશાર્થનય પૃથક્ નય પ્રાપ્ત થાય તે કયા સ્થાને આવે ? અર્થાત્ ઉપલક્ષણ કરીને સ્વીકારો તો જ સંગત થાય.)

અને કર્મઉપાધિસાપેક્ષજીવભાવગ્રાહક દ્રવ્યાર્થિક જેમ કહ્યો=દિગંબરે દ્રવ્યાર્થિકના દસ ભેદમાં કહ્યો, તેમ જીવસંયોગસાપેક્ષ પુદ્ગલભાવગ્રાહકનય પણ=જીવની સાથે દેહ, ધન, કુટુંબાદિનો જે સંયોગ છે તેને સાપેક્ષ પુદ્ગલના ભાવોને સ્પર્શનાર જીવના પરિણામને ગ્રહણ કરનાર નય પણ, ભિન્ન કહેવો જોઈએ=દ્રવ્યાર્થિકના દસ ભેદોથી ભિન્ન નય પણ કહેવો જોઈએ. એમ દ્રવ્યાર્થિકનયને તે તે વિશેષણો લગાવીને દ્રવ્યાર્થિકનો ભેદ જુદો સ્વીકારવામાં આવે તો, અનંત ભેદ થાય=અપરિમિત ભેદ થાય.

આ રીતે દ્રવ્યાર્થિકનયના દસ ભેદોથી અધિક ભેદો થાય છે માટે દિગંબર એકાંતે દ્રવ્યાર્થિકનયના દસ ભેદો કરે તે બરાબર નથી તેમ બતાવીને અન્ય પણ દોષ બતાવે છે –

વળી, પ્રસ્થકાદિ દૃષ્ટાંતથી નૈગમાદિક નયોના અશુદ્ધ-અશુદ્ધતર-અશુદ્ધતમ,શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ આદિ ભેદ કયાં સંગ્રહ થાય ? =દિગંબર નવ નયો સ્વીકારીને દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો કહે છે તે ભેદમાં નૈગમાદિનયના અશુદ્ધ, અશુદ્ધતર ભેદોનો ક્યાં અંતર્ભાવ થાય ? અર્થાત્ થઈ શકે નહીં માટે તેને પણ પૃથક્ સ્વીકારવા પડે.

ઉપચાર માટે=નૈગમાદિ જે અશુદ્ધ-અશુદ્ધતર આદિ ભેદો સ્વીકારે છે તે ઉપચાર છે માટે, તે ઉપનય છે એમ કહીએ તો, અપસિદ્ધાંત થાય.

કેમ અપસિદ્ધાંત થાય? તેથી કહે છે –

'અનુયોગદ્વાર સૂત્ર'માં તે=નૈગમાદિના અશુદ્ધ-અશુદ્ધતર આદિ ભેદો નયભેદ દેખાડ્યા છે. ॥૮/૧૮॥

ભાવાર્થ :-

દિગંબરો નૈગમાદિ સાત નયોથી અતિરિક્ત દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને ગ્રહણ કરીને સાત નયોમાં તે બે નયોને ઉમેરીને નવ નયો કહે છે, તે વચન અસંગત છે તેમ બતાવ્યા પછી દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો દિગંબર બતાવે છે તે કઈ રીતે સંગત થઈ શકે તે બતાવતાં કહે છે કે જેમ દ્રવ્યાર્થિકનય ચાર ભેદવાળો અને પર્યાયાર્થિકનય ત્રણ ભેદવાળો છે તેમ ઉપલક્ષણથી દ્રવ્યાર્થિકનય દસ ભેદવાળો અને પર્યાયાર્થિકનય છ ભેદવાળો છે એમ સ્વીકારી શકાય છે માટે દ્રવ્યાર્થિકનયના દસ ભેદો અને પર્યાયાર્થિકનયના છ ભેદોની સંગતિ કરવા માટે સાત નયોથી પૃથક્ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયરૂપ ભેદને ગ્રહણ કરીને નવ નય કહેવાની આવશ્યકતા નથી. વળી, ઉપલક્ષણથી દ્રવ્યાર્થિકના દસ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો ન સ્વીકારવામાં આવે તો સૂત્રમાં જે પ્રદેશાર્થનય કહ્યો છે તે કયા સ્થાનમાં આવે ? તે દિગંબરે વિચારવું જોઈએ.

તેથી એ ફલિત થાય કે, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય મૂળ બે જ ભેદો છે અને તેના જ અપેક્ષાએ નૈગમાદિ સાત ભેદો છે અથવા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના જ દસ અને છ ભેદો છે અને તેમાં જ પ્રદેશાર્થનય પણ અંતર્ભાવ પામે છે અર્થાત્ પર્યાયાર્થિકનયમાં જ પ્રદેશાર્થનય અંતર્ભાવ પામે છે. જેમ વિવક્ષાવિશેષથી દિગંબરોએ દ્રવ્યાર્થિકનયના દસ ભેદો અને પર્યાયાર્થિકનયના છ ભેદો બતાવ્યા તેમ વિવક્ષાવિશેષથી પર્યાયાર્થિકનયમાં પ્રદેશાર્થનય અંતર્ભાવ પામતો હોવા છતાં 'અનુયોગદ્વાર સૂત્ર'માં પ્રદેશાર્થનય જુદો કહ્યો છે. આમ છતાં જેમ તે પ્રદેશાર્થનય પર્યાયાર્થિકનયમાં જ અંતર્ભાવ પામે છે તેમ દિગંબરોએ બતાવેલા દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદો સાત નયોમાં જ અંતર્ભાવ પામે છે એમ સ્વીકારવું જોઈએ. તેથી સાતનયોથી અન્ય કોઈ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય નથી. વળી, જેમ નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય અને ભાવનય એ ચારેય પણ વિવક્ષાવિશેષથી સ્વીકારીને દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયમાં અંતર્ભાવ કરાય છે તેમ દ્રવ્યાર્થનય, પ્રદેશાર્થનય અને દ્રવ્યપ્રદેશાર્થનય પણ વિવક્ષાવિશેષથી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ બે નયમાં જ અંતર્ભાવ કરાય છે. અને દિગંબર તેમ સ્વીકારે તો, દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદોને પણ મૂળ નયના પેટા ભેદ તરીકે તેણે સ્વીકારવા જોઈએ પરંતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકને સાત નયોથી પૃથક્ ગણીને દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદો સ્વીકારવા ઉચિત નથી.

આ રીતે, ગાથાને સ્પર્શીને અર્થ કર્યા પછી, દિગંબરો દ્રવ્યાર્થિકના જે દસ ભેદો સ્વીકારે છે, તે પણ માત્ર દસ ભેદો છે તેમ સ્વીકારી શકાય નહીં તે બતાવવા અર્થે કહે છે –

દિગંબરે જેમ દ્રવ્યાર્થિકનયના દસ ભેદમાં કર્મઉપાધિસાપેક્ષ એવાં જીવભાવનો ગ્રાહક દ્રવ્યાર્થિકનય સ્વીકાર્યો તેમ જીવની સાથે દેહનો અને ધનાદિ બાહ્યપુદ્ગલોનો સંયોગ થાય છે, તે સંયોગસાપેક્ષ એવાં જીવના સંશ્લેષના પરિણામરૂપ ભાવને ગ્રહણ કરનાર એવો નય પણ દિગંબરે કહેવો જોઈએ અને તેમ સ્વીકારે તો દ્રવ્યાર્થિકના દસ જ ભેદો છે એ મર્યાદા તૂટે. વળી, આ રીતે તે તે વિશેષણોથી દ્રવ્યાર્થિકના ભેદો કરવામાં આવે તો અનંત ભેદ પ્રાપ્ત થાય અર્થાત્ અપરિમિત ભેદોની પ્રાપ્તિ થાય માટે દ્રવ્યાર્થિકનયના ચાર અને પર્યાયાર્થિકના ત્રણ ભેદો સ્વીકારવામાં આવે તો દ્રવ્યાર્થિકના કે પર્યાયાર્થિકના જે કોઈ અનેક ભેદોની પ્રાપ્તિ છે તે સર્વ, દ્રવ્યાર્થિકના ચાર અને પર્યાયાર્થિકના ત્રણ ભેદમાં અંતર્ભાવ પામે છે તેથી સાત નયોના વિભાગમાં સર્વ નયોના અવાંતર ભેદોનો સંગ્રહ થાય છે. પરંતુ જો દ્રવ્યાર્થિકનયના દસ અને પર્યાયાર્થિકનયના છ ભેદો છે એમ સ્વીકારવામાં આવે તો જે રીતે દિગંબર કર્મઉપાધિસાપેક્ષ એવાં જીવભાવગ્રાહક દ્રવ્યાર્થિકનો ભેદ કરે છે તેમ અન્ય અન્ય પણ એવાં અનેક ભેદોની પ્રાપ્તિ થવાથી દ્રવ્યાર્થિકના સર્વ ભેદોનો અને પર્યાયાર્થિકના સર્વ ભેદોનો સંગ્રહ થાય નહીં માટે વિભાગવાક્યની મર્યાદા અનુસાર ન્યૂનત્વ દોષની પ્રાપ્તિ થાય.

જેમ જીવના વિભાગ કરવા માટે કોઈ કહે કે, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય-ત્રણ ભેદથી સંસારી જીવો છે, તો અન્ય જીવોનો સંગ્રહ ન થવાથી ન્યૂનત્વ દોષની પ્રાપ્તિ થઈ તેમ દ્રવ્યાર્થિકનયના દસ ભેદોમાં સર્વ ભેદોનો સંગ્રહ ન થવાથી ન્યૂનત્વ દોષની પ્રાપ્તિ થાય.

વળી, દ્રવ્યાર્થિકનયના ચાર ભેદો અને પર્યાયાર્થિકનયના ત્રણ ભેદો સ્વીકારવાને બદલે દ્રવ્યાર્થિકનયના

દસ અને પર્યાયાર્થિકનયના છ ભેદો સ્વીકારવામાં આવે તો બાધ દોષ પ્રાપ્ત થાય છે તે બતાવવા અર્થ કહે છે –

શાસ્ત્રમાં પ્રસ્થકાદિના દૃષ્ટાંતથી નૈગમાદિ નયોના અશુદ્ધ-અશુદ્ધતર-અશુદ્ધતમ, શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ ભેદો કર્યા છે તેની સંગ્રહ દ્રવ્યાર્થિકના નૈગમાદિ ચાર ભેદ અને પર્યાયાર્થિકના ઋજુસૂત્રાદિ ત્રણ ભેદ સ્વીકારવાથી તે નૈગમાદિ સાત નયોમાં થઈ જાય છે તેના બદલે દ્રવ્યાર્થિકનયના દસ ભેદો અને પર્યાયાર્થિકનયના છ ભેદો જે રીતે દિગંબર કર્યા છે તે રીતે તે ભેદોને સ્વીકારવામાં આવે તો તેમાં પ્રસ્થકાદિના દૃષ્ટાંતથી નૈગમાદિ નયના અશુદ્ધાદિક ભેદોનો સંગ્રહ થાય નહીં માટે દ્રવ્યાર્થિકનયના દસ ભેદો અને પર્યાયાર્થિકનયના છ ભેદો સ્વીકારવાથી ન્યૂનત્વ દોષ આ રીતે પણ પ્રાપ્ત થાય છે.

અહીં દિગંબર કહે કે, પ્રસ્થકના દૃષ્ટાંતથી જે અશુદ્ધ-અશુદ્ધતર આદિ ભેદો છે તે પ્રસ્થકની ક્રિયા નથી કારણ કે પ્રસ્થકની પૂર્વની ક્રિયામાં ઉપચારથી 'હું પ્રસ્થક કરું છું' એમ કહેવાય છે. માટે "ઉપચાર હોવાને કારણે નૈગમાદિના અશુદ્ધાદિ ભેદોને અમે ઉપનય કહીશું" એમ દિગંબર કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે એમ સ્વીકારવાથી અપસિદ્ધાંત થાય; કેમ કે 'અનુયોગદ્વારસૂત્ર'માં નૈગમાદિના અશુદ્ધ, અશુદ્ધતર આદિ ભેદો નયભેદો છે તેમ બતાવેલ છે.

આથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના સાત ભેદો જ સ્વીકારવા ઉચિત છે પરંતુ દ્રવ્યાર્થિકના દસ અને પર્યાયાર્થિકના છ ભેદોની કલ્પના કરવી ઉચિત નથી, ફક્ત પદાર્થનો બોધ કરાવવા અર્થે કર્મઉપાધિસાપેક્ષ એવાં જીવભાવનો ગ્રાહક દ્રવ્યાર્થિકનય છે ઇત્યાદિ સ્વીકારવામાં આવે તે સર્વ ભેદો દ્રવ્યાર્થિકનયના નૈગમાદિ ચાર ભેદોમાં જ અંતર્ભાવ પામે, માટે દ્રવ્યાર્થિકનયના ચાર ભેદ અને પર્યાયાર્થિકનયના ત્રણ ભેદ શ્વેતાંબર પ્રક્રિયા અનુસાર છે તે જ યુક્તિથી સંગત છે, ફક્ત તે સાત ભેદોના અવાંતર ભેદોની અપેક્ષાએ અપરિમિત છે માટે જે પ્રમાણે દિગંબરોએ દ્રવ્યાર્થિકના દસ ભેદો પાડ્યા તે પ્રમાણે સ્વીકારવામાં કોઈ વિરોધ નથી પરંતુ દ્રવ્યાર્થિકનયના સર્વ ભેદોના સંગ્રાહક તે દસ જ ભેદો નથી એ પ્રમાણે જાણવું. ॥૮/૧૮॥

અવતરણિકા :-

એહ જ દૃઢવે છઇ –

અવતરણિકાર્થ :-

એને જ=પૂર્વ ગાથાના ટબામાં કહ્યું કે, નૈગમાદિના અશુદ્ધ-અશુદ્ધતર ભેદો ઉપચાર છે માટે ઉપનય સ્વીકારી શકાય નહીં પરંતુ 'અનુયોગદ્વારસૂત્ર' અનુસાર નયભેદ જ માનવા પડે એને જ, દૃઢ કરે છે –

ગાથા :-

ઉપનય પણિ અલગા નહીં રે, જે વ્યવહાર સમાઇ;
નહીં તો ભેદ પ્રમાણનો રે, ઉપપ્રમાણ પણિ થાઇ રે! પ્રાણીo ॥૮/૧૯॥

ગાથાર્થ :-

ઉપનય પણ અલગા નથી=નયથી જુદા નથી. જેઓ=દિગંબરોએ કહેલા ઉપનયો, વ્યવહારમાં સમાય છે=નયવ્યવહારમાં સમાય છે. નહીં તો=ઉપનયનો નયવ્યવહારમાં અંતર્ભાવ ન કરવામાં આવે અને નયથી જુદા માનવામાં આવે તો, પ્રમાણનો જેમ ઉપપ્રમાણ પણ પ્રાપ્ત થાય. ॥૮/૧૬॥

ટબો :-

ઉપનય ઘણા કહ્યા, તે નયવ્યવહાર-નૈગમાદિકથી અલગા નથી.

उक्तं च तत्त्वार्थसूत्रे –

"उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः" [१.३५]।। इति

ઈમઇ કરતાં નયભેદનઇં જો ઉપનય કરી માનસ્યો, તો- "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" એ લક્ષણઇં લક્ષિત જ્ઞાનરૂપ પ્રમાણનો એકદેશ મતિજ્ઞાનાદિક અથવા તદેશ અવગ્રહાદિક- તેહનઇં ઉપપ્રમાણપણિ કાં નથી કહતાં ? तस्मात्-नय, ઉપનય-એ પ્રક્રિયા બૌદ્ધિકની શિષ્યબુદ્ધિધંધનમાત્ર જાણવી. ॥૮/૧૬॥

ટબાર્થ :-

ઉપનય ઘણા કહ્યા=દિગંબરોએ કહ્યા, તે નયવ્યવહારરૂપ નૈગમાદિથી અલગા નથી=પૃથક્ નથી.

કેમ પૃથક્ નથી ? તેનો સાક્ષી બતાવે છે –

उक्तं च तत्त्वार्थसूत्रे=અને તત્ત્વાર્થસૂત્રમાં કહેવાયું છે –

"उपचारबहुलो=ઉપચારબહુલ, विस्तृतार्थो=વિસ્તૃત અર્થવાળો, लौकिकप्रायो=લૌકિકપ્રાય: व्यवहारः=વ્યવહારનય છે." ॥१/३५॥ (तत्त्वार्थसूत्र. प्रथम अध्याय, सूत्र-३५) इति=એ પ્રમાણે (તેથી ઉપચારને સ્વીકારનાર વ્યવહારનયઆદિમાં દિગંબરોએ કહેલા ઉપનયો અંતર્ભાવ છે.)

એમ કરતાં=ઉપનય વ્યવહારનયઆદિમાં અંતર્ભાવ પામતા હોવા છતાં દિગંબરો નયથી ઉપનયો જુદા કહે છે એમ કરતાં, નયભેદને=નયવિશેષને, જો ઉપનય કરી માનશો તો, "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्"="સ્વપરવ્યવસાયિ જ્ઞાન પ્રમાણ છે" એ લક્ષણથી લક્ષિત જ્ઞાનરૂપ પ્રમાણનો એકદેશ મતિજ્ઞાનાદિક અથવા તેનો દેશ અવગ્રહાદિક=મતિજ્ઞાનનો દેશ અવગ્રહાદિક=તેને ઉપપ્રમાણપણું કેમ નથી કહેતા ? તસ્માત્=તે કારણથી, નય-ઉપનય એ બૌદ્ધિકની=દિગંબરની, પ્રક્રિયા=પદ્ધતિ, શિષ્યબુદ્ધિબંધનમાત્ર=પોતાનો અનુયાયી આને બુદ્ધિમાં બેસાડવા માત્ર જાણવી. ॥૮/૧૬॥

ભાવાર્થ :-

પૂર્વ ગાથાના ટબામાં અંતે કહ્યું કે, જેમ નૈગમાદિ નયના અશુદ્ધ-અશુદ્ધતર ભેદો ઉપનય સ્વીકારી

શકાય નહીં, તેથી દિગંબર પ્રક્રિયા અનુસાર પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ત્રણ ઉપનયો બતાવ્યા તે નયપ્રમાણના વ્યવહારમાંથી નૈગમાદિરૂપ નયવ્યવહારથી જુદા નથી.

અહીં પ્રશ્ન થાય કે, તે ઉપનયો નૈગમાદિ સાત નયોમાં ક્યાં અંતર્ભાવ પામશે ? તેથી 'તત્ત્વાર્થસૂત્ર'ની સાક્ષી દ્વારા બતાવે છે કે, વ્યવહારનય ઉપચારબહુલ છે તેથી ઘણા પ્રકારના ઉપચારો વ્યવહારનય સ્વીકારે છે, તેથી વ્યવહારનયમાં દિગંબરોએ બતાવેલા ઉપનયો અંતર્ભાવ પામશે. તેથી એ ફલિત થયું કે, ઉપચારને સ્વીકારનાર વ્યવહારનયના અવાંતર ભેદરૂપ તે ત્રણેય ઉપનય પ્રાપ્ત થશે. આમ છતાં તે નયભેદને=નયવિશેષને, જો ઉપનય કરીને દિગંબરો માને તો, પ્રમાણના ઉપપ્રમાણ પણ તેને માનવા પડે; કેમ કે નય અને ઉપનય, પ્રમાણ અને ઉપપ્રમાણ પણ તેણે માનવા જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે, નય કરતાં ઉપનયના ભેદો દિગંબરોએ બતાવ્યા પરંતુ પ્રમાણ કરતાં ઉપપ્રમાણ જુદો છે તેમ કઈ રીતે સ્વીકારી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે કે, "સ્વપરવ્યવસાયિ જ્ઞાન પ્રમાણ છે" એ પ્રમાણે પ્રમાણનું લક્ષણ છે તેથી યથાર્થજ્ઞાન પ્રમાણ છે તેવો અર્થ પ્રાપ્ત થાય અને યથાર્થજ્ઞાનના મતિઆદિ પાંચ ભેદો છે તે પ્રમાણના દેશ છે માટે યથાર્થજ્ઞાન પ્રમાણ છે અને યથાર્થજ્ઞાનના મતિઆદિ દેશ હોવાથી ઉપપ્રમાણ છે તેમ દિગંબરે માનવું જોઈએ. અહીં દિગંબર કહે કે, મતિઆદિ દરેક જ્ઞાન યથાર્થજ્ઞાન છે માટે પ્રમાણના દેશ નથી પરંતુ પ્રમાણરૂપ જ છે તેથી મતિઆદિ જ્ઞાનને ઉપપ્રમાણ કહી શકાય નહીં.

તેથી 'અથવા'થી ગ્રંથકારશ્રી કહે છે, મતિજ્ઞાનના દેશ એવાં અવગ્રહાદિક મતિજ્ઞાનરૂપ નથી પરંતુ તદ્દેશરૂપ છે માટે મતિજ્ઞાનને પ્રમાણ સ્વીકારીએ તો અવગ્રહાદિકને ઉપપ્રમાણ સ્વીકારવા જોઈએ. દિગંબરો અવગ્રહાદિકને ઉપપ્રમાણ કહેતાં નથી માટે અર્ધજરતીક ન્યાયથી નયના ભેદને=વ્યવહારનયના ભેદરૂપ દેશને, ઉપનય સ્વીકારવા અને પ્રમાણના દેશને=યથાર્થજ્ઞાનરૂપ પ્રમાણના મતિઆદિ ભેદરૂપ દેશને, ઉપપ્રમાણ ન સ્વીકારવા, તે ઉચિત નથી.

આથી નય અને ઉપનય એ પ્રકારની બોટિકની પ્રક્રિયા ઉચિત નથી, ફક્ત પોતાના અનુયાયીઓ એવાં શિષ્યોની બુદ્ધિને ભગવાનના વચનથી વિપરીત બોધ કરાવવારૂપ બુદ્ધિમાં વ્યામોહ કરવામાત્રરૂપ છે. **॥૮/૧૯॥**

અવતરણિકા :-

દિગંબરો નવ નય સ્વીકારે છે. તેમાંથી દ્રવ્યાર્થિકનયના દસ અને પર્યાયાર્થિકનયના છ ભેદો સ્વીકારે છે. વળી, તે નયોથી અતિરિક્ત ત્રણ ઉપનયો સ્વીકારે છે. તે સર્વ પ્રક્રિયા સાત નયોમાં અંતર્ભાવ પામે છે પરંતુ સાત નયોથી પૃથક્ નવ નયો કે ત્રણ ઉપનયો નથી તે અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. વળી, દિગંબરો બે અધ્યાત્મનય કહે છે. નિશ્ચયનય અને વ્યવહારનય. વળી, નિશ્ચયનય ઉપચારને સ્વીકારતો નથી અને વ્યવહારનય ઉપચારને સ્વીકારે છે. તેમ બતાવીને નિશ્ચયનયના અને વ્યવહારનયના પેટા ભેદો દિગંબરની પ્રક્રિયા અનુસાર પ્રસ્તુત ઢાળની ગાથા-૧થી ૭ સુધી ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. હવે તે દિગંબર પ્રક્રિયાઅનુસાર અધ્યાત્મનયોમાં શું અસંગતિ છે તે બતાવે છે –

ગાથા :-

વ્યવહારઇં નિશ્ચયથકી રે, સ્યો ઉપચાર વિશેષ ?;
મુખ્યવૃત્તિ જો એકની રે, તો ઉપચારી સેસ રે. પ્રાણી૦ ॥૮/૨૦॥

ગાથાર્થ :-

વ્યવહારનયમાં ઉપચાર છે, (તેમાં) નિશ્ચય થકી સ્યો વિશેષ ?=નિશ્ચય કરતાં શો ભેદ છે ? અર્થાત્ નિશ્ચયમાં પણ ઉપચાર છે માટે ભેદ નથી.

નિશ્ચયમાં ઉપચાર છે તે ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે –

મુખ્યવૃત્તિ જો એક નયની હોય=વ્યવહારનયની મુખ્યવૃત્તિ હોય, તો શેષની ઉપચારી= નિશ્ચયનયની ઉપચારથી વૃત્તિ છે. ॥૮/૨૦॥

ટબો :-

વ્યવહારનઇં વિષેં ઉપચાર છઇ, નિશ્ચયમાંહિ ઉપચાર નથી, એ પણિ સ્યો વિશેષ ? જિવારઇ-એક નયની મુખ્યવૃત્તિ લેઈઈ, તિવારઇં-બીજા નયની ઉપચારવૃત્તિ આવઇં. અત એવ-"સ્યાદસ્ત્યેવ" એ નયવાક્યઇં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયઇં અસ્તિત્વધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિક ૮ઈં અભેદવૃત્ત્યુપચારઇં અસ્તિત્વસંબદ્ધ સકલ ધર્મ લેતાં જ, સકલાદેશરૂપ નયવાક્ય થાઈ. આકર-ગ્રંથઈ ઈમ પ્રસિદ્ધ છઈ. 'સ્વસ્વાર્થઈં સત્યપણાનો અભિમાન તો સર્વ નયનઇં માંહોમાંહિ છઈ જ. ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શન યોગઇં જ છઈં.' ॥૮/૨૦॥

ટબાર્થ :-

'વ્યવહારનયના વિષયમાં ઉપચાર છે, નિશ્ચયનયમાં ઉપચાર નથી' એમ જે દિગંબરો કહે છે, એ પણ શો વિશેષ છે ?=એ વિશેષ ઉચિત નથી.

કેમ ઉચિત નથી તે બતાવે છે –

જે વખતે એક નયની મુખ્યવૃત્તિ લઈએ, તે વખતે બીજા નયની ઉપચારવૃત્તિ આવે. આથી જ= એકનયની મુખ્યવૃત્તિ લેવાથી બીજા નયની ઉપચારવૃત્તિ આવે અત એવ=આથી જ, 'સ્યાત્ અસ્તિ એવ' એ નયવાક્યમાં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયથી અસ્તિત્વ ધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિ આઠથી અભેદવૃત્તિના ઉપચાર વડે અસ્તિત્વ સાથે સંબદ્ધ સકલ ધર્મને ગ્રહણ કરવાથી જ, સકલાદેશરૂપ નયવાક્ય થાય. આકર ગ્રંથમાં='સ્યાદ્વાદ-રત્નાકર' ગ્રંથમાં, આ પ્રમાણે પ્રસિદ્ધ છે='નિશ્ચનયને મુખ્ય કરીને કાલાદિ આઠથી અભેદવૃત્તિનો ઉપચાર વડે સકલાદેશરૂપ નયવાક્ય થાય છે' એમ પ્રસિદ્ધ છે. (માટે નિશ્ચયનયમાં ઉપચાર નથી, તે દિગંબરનું વચન સંગત નથી.)

'સમયસાર'માં દિગંબર પ્રક્રિયા અનુસાર કહેલ છે કે નિશ્ચયનય પરમાર્થને ગ્રહણ કરનાર છે માટે સત્ય છે અને વ્યવહારનય [illegible] માટે સત્ય નથી તેથી ફલિત થાય છે એ નિશ્ચયનય [illegible] ગ્રહણ કરનાર નથી માટે અત્ય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

સ્વસ્વઅર્થથી સત્યપણાનું અભિમાન તો દરેક નયોને પરસ્પર છે (તેથી જેમ નિશ્ચયનયને પોતાના સ્થાનમાં સત્યપણાનું અભિમાન છે તેમ વ્યવહારનયને પણ પોતાના સ્થાનમાં સત્યપણાનું અભિમાન છે.) ફળથી સત્યપણું તો સમ્યગ્દર્શનનો યોગથી જ છે=નિશ્ચયનયનું પોતાના સ્થાને યોજન કરવામાં આવે અને વ્યવહારનયનું પોતાના સ્થાને યોજન કરવામાં આવે તો બંને નયો [illegible] બે નયોથી સત્યપણું તો તે નયો દ્વારા જીવમાં સમ્યગ્દર્શના પ્રાપ્ત થવા [illegible] સત્ય છે, વ્યવહારનય ઉપચારને સ્વીકારે છે તેથી સત્ય નથી એ પ્રકારનું દિગંબરનું વચન [illegible] નથી.

[illegible] ઉપચાર છે તેમ ફલિત થાય છે તેને ગ્રંથકારશ્રી કહે છે.

[illegible] વ્યવહારનયમાં ઉપચાર છે અને નિશ્ચયનયમાં ઉપચાર નથી એ પ્રકારનો વિશેષ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. હવે નિશ્ચયનયમાં ઉપચાર કઈ રીતે થઈ શકે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જ્યારે સપ્તભંગી અર્થે એક નયને મુખ્યવૃત્તિ લેવાય છે તે વખતે બીજા નયની ઉપચારવૃત્તિ પ્રાપ્ત થાય છે અર્થાત્ 'સ્યાત્ અસ્તિ એવ' એ વાક્યમાં કોઈક એક નયથી અસ્તિત્વને મુખ્યવૃત્તિ કરવામાં આવે છે ત્યારે [illegible] અસ્તિત્વ ધર્મની સ્યાત્ અસ્તિ એવ [illegible] નથી પરંતુ 'કથંચિત્ છે જ' એમ કહેલ છે તેથી 'છે જ' એ બોધ ઉપચાર સહિત 'સાક્ષાત્' થાય છે અને 'કથંચિત્' કહેવાથી 'અન્ય સ્વરૂપથી નથી' તેનો બોધ 'સ્યાત્' શબ્દથી થાય છે, જે લક્ષણાથી થયેલ હોવાથી [illegible] [illegible] કરવામાં આવે તો 'કથંચિત્ છે' એ [illegible] નથી પરંતુ 'કથંચિત્' [illegible] મુખ્યવૃત્તિથી પ્રાપ્ત થાય છે અર્થાત્ ઉપચારરહિત પ્રાપ્ત થાય છે. આમ છતાં સકલાદેશના સપ્તભંગી કરવા

અર્થે 'स्यात् अस्ति एव' એ વાક્યને કાલાદિ આઠથી અભેદવૃત્તિનો ઉપચાર કરવામાં આવે તો 'स्यात्' અસ્તિત્વથી થયેલા અસ્તિત્વ ધર્મ સાથે સંબદ્ધ બધા ધર્મોને અભેદ પ્રાપ્ત થાય છે તેથી અસ્તિત્વ સાથે બધા ધર્મોનો અભેદ વૃત્તિનો ઉપચાર કરવા દ્વારા સકલાદેશની સપ્તભંગીમાં અંતર્ગત 'स्यात् अस्ति एव' એ વાક્ય મળે છે તે સ્થાનમાં કાલાદિ આઠથી અભેદવૃત્તિનો ઉપચાર નિશ્ચયનયે સ્વીકાર્યો. માટે નિશ્ચયનય ઉપચારને સ્વીકારતી નથી એ પ્રકારનું દિગંબરનું કથન અસંગત છે.

અહીં પ્રશ્ન થાય કે, અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયથી સકલાદેશની સપ્તભંગી કરવામાં કાલાદિ આઠ દ્વારા અભેદવૃત્તિનો ઉપચાર થાય છે તે કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે: આકર ગ્રંથમાં=સ્યાદ્વાદ રત્નાકર'રૂપ 'આકર'ગ્રંથમાં, આ પ્રમાણે પ્રસિદ્ધ છે=સકલાદેશની સપ્તભંગીમાં અભેદવૃત્તિનો ઉપચાર પ્રસિદ્ધ છે.

-: ઢાળ ૧૮ :-

દિગંબરો કહે છે કે નિશ્ચયનય પરમાર્થને જોનારો છે, તેમાં ઉપચાર નથી. તેથી નિશ્ચયનયથી સત્ય છે અને વ્યવહારનય ઉપચારને કહેનારો હોવાથી બાહ્યક્રિયાઓ જે કરવી પડે છે, તેમાં ધર્મનો ઉપચાર કરેલો છે તેથી વ્યવહારનય સત્ય નથી. આ કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે

સ્વસ્વઅર્થમાં સત્યપણાનું અભિમાન દુર્નય નયોને પરસ્પર છે. તેથી જેમ સ્વઅર્થને કહેનારા સ્થાનમાં નિશ્ચયનય સત્ય છે, વ્યવહારનય સત્ય નથી તેમ સ્વઅર્થને કહેનારા સ્થાનમાં વ્યવહારનય સત્ય છે, નિશ્ચયનય સત્ય નથી. માટે 'નિશ્ચયનય સત્ય છે તેથી ઉપચાર માનતો નથી અને વ્યવહારનય અસત્ય છે તેથી ઉપચાર માને છે' એ પ્રકારનું દિગંબરનું કથન સત્ય નથી.

વળી, દિગંબરો કહે છે કે નિશ્ચયનય પરમાર્થને જોનારો છે તેથી નિશ્ચયનય અનુસાર પરમાર્થની પ્રાપ્તિ થાય છે માટે કાયાથી સત્ક્રિયાનું નિશ્ચયનયમાં કોઈ મહત્ત્વ નથી. તેથી ઉપચરિત બાહ્યક્રિયાઓ ધર્મ છે એમ જે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી કુળાચારધર્મ પ્રાપ્ત થાય તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી એ વ્યવહારનયનું ફળથી સત્યપણું નથી.

તેને ગ્રંથકારશ્રી કહે છે: ફળથી સત્યપણું તો સમ્યગ્દર્શનના યોગથી જ થાય છે માટે સમ્યગ્દર્શનને પામેલ જીવ નિશ્ચયનયને પણ સ્વસ્થાને જોડીને તેના સ્થાને જ નિશ્ચયનયની પ્રવૃત્તિ કરે છે અને નિશ્ચયનયના ફળને પામે છે. વળી, સમ્યગ્દર્શનને પામેલ જીવ વ્યવહારનયને પણ સ્વસ્થાને જોડીને તેના સ્થાને જ વ્યવહારનયથી પ્રવૃત્તિ કરે છે અને વ્યવહારનયના ફળને પામે છે; કેમ કે વ્યવહારનય માત્ર બાહ્યક્રિયાને મોક્ષનું કારણ માનતો નથી પરંતુ બાહ્યક્રિયાથી અપેક્ષિત ઉચિત પરિણામની નિષ્પત્તિ દ્વારા મોક્ષનું કારણ છે તેમ સ્વીકારે છે તેથી જે આત્મા સત્યવૃત્તિને પામેલ છે તે આત્મા વ્યવહારનયની ક્રિયા તે રીતે જ કરે છે, જે રીતે શાસ્ત્રકારોએ નિશ્ચયનયની પ્રાપ્તિ પ્રત્યે ઉપયોગી થવાની દૃષ્ટિથી કરાયેલી બાહ્યક્રિયાથી અવશ્ય ફળની પ્રાપ્તિ થાય છે. માટે 'ફળથી સત્યપણું નિશ્ચયનયમાં જ છે,

વ્યવહારનયમાં નથી' તેમ કહી શકાય નહીં. અને જેઓને સમ્યગ્દર્શનનો યોગ થયો નથી તેઓ "નિશ્ચયનય પરમાર્થને કહેનાર છે" તેમ માનીને વ્યવહારનયના સ્થાનમાં પણ નિશ્ચયનયને મુખ્ય કરે છે તેવા મિથ્યાદૃષ્ટિજીવોનો નિશ્ચયનય પણ ફળથી સત્ય નથી. આથી 'નિશ્ચયનય પરમાર્થને જોનાર છે, વ્યવહારનય પરમાર્થને જોનાર નથી' એવી એકાંત બુદ્ધિ ધારણ કરીને જેઓ વ્યવહારની ક્રિયાઓનો અપલાપ કરે છે, તેઓ વ્યવહારનયની ક્રિયાના ત્યાગને કારણે વ્યવહારનયના ફળને પણ પામતા નથી અને નિશ્ચયનયને સ્પર્શી શકે એવું ચિત્ત નિષ્પન્ન નહીં થયેલ હોવાથી, નિશ્ચયનયના પદાર્થને શબ્દમાત્રથી વિચારીને નિશ્ચયનયના ફળને પણ પામતા નથી. તેથી તેવા જીવોને આશ્રયીને નિશ્ચયનય ફળથી સત્ય નથી પરંતુ મિથ્યા છે. **॥૮/૨૦॥**

અવતરણિકા :-

મોક્ષનું કારણ અંતરંગ પરિણામ છે, તેને નિશ્ચયનય ધર્મ સ્વીકારે છે અને ધર્મના નિમિત્તકારણ એવી બાહ્ય ક્રિયાને વ્યવહારનય ધર્મ સ્વીકારે છે. આ દૃષ્ટિને સામે રાખીને દિગંબર 'નિશ્ચયનય ઉપચારને સ્વીકારતો નથી અને વ્યવહારનય ઉપચારને સ્વીકારે છે' તેમ સ્થાપન કરે છે. તેને આશ્રયીને પ્રસ્તુત ઢાળના પ્રારંભમાં નિશ્ચયનયના અને વ્યવહારનયના ભેદો ગ્રંથકારશ્રીએ બતાવ્યા અને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ પૂર્વ ગાથામાં કહ્યું કે, જે વખતે સપ્તભંગી કરવામાં આવે તે વખતે એક નય મુખ્યવૃત્તિથી લેવામાં આવે છે અને બીજો નય ઉપચારવૃત્તિથી લેવામાં આવે છે તેને આશ્રયીને 'સ્યાત્ અસ્તિ એવ' એ પ્રકારનો ભાંગો પ્રાપ્ત થાય છે અને આ રીતે વ્યવહારનયને મુખ્યવૃત્તિથી લઈને 'સ્યાત્ અસ્તિ એવ' ભાંગો કરવામાં આવે તો ઉપચારવૃત્તિથી નિશ્ચયનયની પ્રાપ્તિ થાય. જેમ, સામાયિક આદિની બાહ્ય ક્રિયા જે પ્રકારે ભગવાને કરવાની કહી છે તે પ્રકારે જ સમ્યગ્ યત્ન કરવાપૂર્વક કોઈ સાધક સામાયિકની ક્રિયા કરે તો તે સામાયિકની ચોક્કસ અપેક્ષિત ભાવનિષ્પત્તિ દ્વારા નિર્જરાનું કારણ બને છે અને તેવી લોકઅભિમત વ્યવહારનયપ્રસિદ્ધ ક્રિયાને મુખ્યવૃત્તિથી સ્વીકારીને તેને ધર્મ કહેવામાં આવે ત્યારે વ્યવહારનય મુખ્યવૃત્તિથી 'સ્યાત્ અસ્તિ એવ ધર્મ' એમ કહે છે. તે વખતે નિશ્ચયનયને અભિમત એવો ભાવ ઉપચારવૃત્તિથી ધર્મ પ્રાપ્ત થાય; કેમ કે દ્વાર હંમેશાં ગૌણ હોય છે અને દ્વારી મુખ્ય હોય છે. તેથી વ્યવહારનયના સ્થાનમાં ક્રિયા દ્વારી છે અને ભાવ દ્વાર છે. માટે 'નિશ્ચયનય ઉપચાર સ્વીકારતો નથી' એ પ્રકારનું દિગંબરનું વચન ઉચિત નથી તેમ ગાથા-૨૦માં સ્થાપન કર્યું અને ગાથા-૨૦ના ઉત્તરાર્ધમાં કહ્યું કે, એકની મુખ્યવૃત્તિ હોય તો શેષની ઉપચારવૃત્તિ હોય. હવે તેના સમર્થન માટે ભાષ્યની સાક્ષી આપે છે –

ગાથા :-

तिणइं भाष्यइं भासिउं रे, आदरिइं निरधार;
तत्त्वअरथ निश्चय ग्रहइं रे, जनअभिमत व्यवहार रे.

प्राणी० ॥८/२१॥

ગાથાર્થ :-

તિણઈ=તે માટે=પૂર્વ ગાથામાં કહ્યું કે, નિશ્ચયનય ઉપચારને સ્વીકારે છે તે માટે, તત્ત્વઅર્થ નિશ્ચય ગ્રહઈ=યુક્તિસિદ્ધ અર્થને નિશ્ચયનય ગ્રહણ કરે છે. જનઅભિમત વ્યવહાર=જનઅભિમત અર્થને વ્યવહારનય ગ્રહણ કરે છે. એમ ભાષ્યમાં ભાસિઉં=વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે, નિરધાર આદરિઈ=એમ નિરધાર આદરો=એ પ્રકારે નિર્ણય કરીને 'નિશ્ચનય ઉપચાર સ્વીકારે છે' એ આદરો. ॥૮/૨૧॥

ટબો :-

તે માટઈ નિશ્ચય-વ્યવહારનું લક્ષણ ભાષ્યઈ-વિશેષાવશ્યકઈ-કહિઉં છઈ, તિમ નિરધારો. "तत्त्वार्थग्राही नयो निश्चयः लोकाभिमतार्थग्राही व्यवहारः ।" () તત્ત્વઅર્થ-તે યુક્તિસિદ્ધ અર્થ જાણવો. લોકાભિમત-તે વ્યવહારપ્રસિદ્ધ. યદ્યપિ-પ્રમાણૅં તત્ત્વાર્થગ્રાહી છઈ; તથાપિ-પ્રમાણ-સકલતત્ત્વાર્થગ્રાહી, નિશ્ચયનય-એકદેશ તત્ત્વાર્થગ્રાહી-એ ભેદ જાણવા. નિશ્ચયનયની વિષયતા અનઈં વ્યવહારનયની વિષયતા જ અનુભવસિદ્ધ ભિન્ન છઈ, અંશજ્ઞાન ન નિષ્ઠ. જિમ સવિકલ્પકજ્ઞાનનિષ્ઠ પ્રકારિતાદિક અન્યવાદી ભિન્ન માનઈં છઈ, ઈમ હૃદયમાંહિ વિચારવું. ॥૮/૨૧॥

ટબાર્થ :-

તે માટે=પૂર્વ ગાથામાં કહ્યું કે, નિશ્ચયનય ઉપચારને સ્વીકારે છે તે માટે, નિશ્ચય-વ્યવહારનું લક્ષણ ભાષ્યઈ=ભાષ્યમાં=વિશેષાવશ્યક ભાષ્યમાં, કહ્યું છે તેમ નિરધારો=તેમ સ્વીકાર કરો.

હવે ભાષ્યનું તે વચન બતાવે છે –

"तत्त्वार्थग्राही नयो निश्चयः=તત્ત્વાર્થગ્રાહી નય નિશ્ચય છે, लोकाभिमतग्राही व्यवहारः=લોકાભિમતગ્રાહી નય વ્યવહાર છે." ()

નિશ્ચય અને વ્યવહારના લક્ષણનું સ્પષ્ટીકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તત્ત્વઅર્થ તે યુક્તિસિદ્ધ અર્થ અર્થાત્ "જીવના અંતરંગપરિણામરૂપ ધર્મને ધર્મ કહેવો" તેરૂપ યુક્તિસિદ્ધ અર્થ જાણવો. લોકાભિમત તે વ્યવહારપ્રસિદ્ધ અર્થાત્ લોકમાં બાહ્યક્રિયા ધર્મરૂપે અભિમત છે તે વ્યવહારપ્રસિદ્ધ અર્થ જાણવો.

જો કે પ્રમાણ તત્ત્વાર્થગ્રાહી છે અર્થાત્ જ્ઞાનક્રિયાથી મોક્ષ સ્વીકારનાર એવું પ્રમાણવચન શાસ્ત્રસંમત એવી ક્રિયા અને તેનાથી નિષ્પાદ્ય એવો મોક્ષને અનુકૂળ જ્ઞાનનો પરિણામ-તેને મોક્ષના કારણરૂપે સ્વીકારે છે તે પ્રમાણ વચન તત્ત્વાર્થગ્રાહી છે તોપણ પ્રમાણ સકલ તત્ત્વાર્થગ્રાહી છે=મોક્ષના કારણીભૂત એવી ક્રિયા અને પરિણામરૂપ સકલ તત્ત્વાર્થગ્રાહી છે. નિશ્ચયનય એકદેશ તત્ત્વાર્થગ્રાહી

છે=મોક્ષના સાક્ષાત્ કારણને કારણ સ્વીકારે તેરૂપ એકદેશને તત્ત્વાર્થરૂપે ગ્રહણ કરનાર છે. એ પ્રમાણે ભેદ જાણવો=તત્ત્વાર્થગ્રાહી પ્રમાણ અને તત્ત્વાર્થગ્રાહી નિશ્ચય વચ્ચે ભેદ જાણવો.

આ ગાથાને નિશ્ચયનય અને વ્યવહારનયનું લક્ષણ તાત્પર્યાનુસાર બતાવ્યું. વળી, નિશ્ચયનય તત્ત્વાર્થગ્રાહી છે એવું ભાષ્યનું વચન સાંભળીને કોઈને ભ્રમ થાય કે પ્રમાણ તત્ત્વાર્થગ્રાહી છે તેથી નિશ્ચયનય પણ પ્રમાણવચન છે તે ભ્રમના નિવારણ અર્થે સ્પષ્ટતા કરી કે પ્રમાણ સકલ તત્ત્વાર્થગ્રાહી છે અને નિશ્ચય એકદેશ તત્ત્વાર્થગ્રાહી છે અને નિશ્ચયનયને એકદેશ તત્ત્વાર્થગ્રાહી સ્વીકારવાથી અન્યદેશ વ્યવહારનય સ્વીકારે છે તેમ ફલિત થાય. તે બતાવવા માટે કહે છે –

નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે. (જેમ નિશ્ચયનય મોક્ષના કારણભૂત પરિણામને ધર્મ કહે છે તેથી નિશ્ચયનયની વિષયતા મોક્ષને અનુકૂળ એવાં જીવના અંતરંગ પરિણામમાં છે અને વ્યવહારનય તે પરિણામના કારણીભૂત ક્રિયાને ધર્મ કહે છે તેથી વ્યવહારનયની વિષયતા સમ્યક્ શાસ્ત્રાનુસારી ક્રિયામાં છે. આ પ્રકારની નિશ્ચયનયની અને વ્યવહારનયની ભિન્નવિષયતા અનુભવસિદ્ધ છે.) અને અંશજ્ઞાનનિષ્ઠ નથી=પૂર્ણ નથી અર્થાત્ નિશ્ચયનય જે એક અંશ માને છે કે વ્યવહારનય જે એક અંશ માને છે તે અંશરૂપ જ્ઞાનનિષ્ઠ નથી=પૂર્ણ નથી. જેમ સાધકત્વપ્રકારકજ્ઞાનનિષ્ઠ પ્રકારતાનિરૂપક અન્યવાદી ભિન્ન માને છે અર્થાત્ ઘટત્વપ્રકારક ઘટવિશેષ્યક જ્ઞાન થાય છે ત્યારે ઘટત્વમાં રહેલી પ્રકારતા અને ઘટમાં રહેલી વિશેષ્યતા અને તે બે વચ્ચે રહેલો સમવાય સંબંધ નૈયાયિક ભિન્ન માને છે એમ નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે એમ હૃદયમાં વિચારવું. ૫૮/૨૧॥

ભાવાર્થ

દિગંબરસાધુ દેવસેનકૃત 'નયચક્ર'માં બે આધ્યાત્મિક નયો બતાવ્યા. (૧) નિશ્ચયનય (૨) વ્યવહારનય. તેમાં નિશ્ચયનય ઉપચારને સ્વીકારતો નથી તેમ સ્થાપન કરેલ છે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રીએ ગાથા-૨૦માં કહ્યું કે, જો એક એવાં વ્યવહારનયને મુખ્યવૃત્તિ કરીને સપ્તભંગી કરવામાં આવે તો શેષ=વ્યવહારથી અન્ય નય, ઉપચારની વૃત્તિવાળો થાય. માટે 'નિશ્ચયનય ઉપચારને સ્વીકારતો નથી' એ દિગંબરનું કથન ઉચિત નથી અને તેને જ દૃઢ કરવા માટે પ્રસ્તુત ગાથામાં કહે છે કે નિશ્ચયનય અને વ્યવહારનય બંને પોતપોતાના સ્થાનમાં ઉપચારને સ્વીકારે છે. તે માટે વિશેષાવશ્યકભાષ્યમાં નિશ્ચય અને વ્યવહારનું લક્ષણ કર્યું છે તેનું નિર્ધારણ કરો. વિશેષાવશ્યકમાં બતાવેલ લક્ષણ બતાવતાં કહે છે

તત્ત્વાર્થગ્રાહી જે નય તે નિશ્ચયનય છે અને લોકઅભિમત અર્થને ગ્રહણ કરનાર વ્યવહારનય છે.

નિશ્ચયનય કેવા પ્રકારનો તત્ત્વાર્થગ્રાહી છે તે બતાવતાં કહે છે –

તત્ત્વરૂપ અર્થ એ યુક્તિસિદ્ધ અર્થ જાણવો. આનાથી એ પ્રાપ્ત થાય કે, મોક્ષને અનુકૂળ એવા આત્માના પરિણામો મોક્ષનું કારણ છે એ યુક્તિસિદ્ધ અર્થ છે અને તેમ નિશ્ચયનય મોક્ષનું કારણ કહે છે; કેમ કે જેમ જેમ સંસારી જીવ સ્વપરાક્રમ કરીને પોતાના શુદ્ધભાવને પ્રગટ કરે છે, તે શુદ્ધભાવો જ ઉત્તરોત્તર વૃદ્ધિ

પ્રાપ્તીને મોક્ષરૂપ પરિણામમાં વિશ્રાંત થાય છે. માટે "મોક્ષને અનુકૂળ એવી જીવની પરિણતિ" તેને મોક્ષનું કારણ કહેવું એ યુક્તિસિદ્ધ અર્થ છે વળી, લોકનું અભિમત અર્થ તે વ્યવહારપ્રસિદ્ધ અર્થ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, મોક્ષને અનુકૂળ એવી ધર્મની ક્રિયાઓને લોક મોક્ષનું કારણ સ્વીકારે છે માટે વ્યવહારનયથી તે ક્રિયાઓ મોક્ષનું કારણ છે અને આમ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે, સાધ્યભાવની પ્રાપ્ત કરવા અર્થે વ્યવહારનયને પ્રધાન કરીને કોઈ સાધક ધર્મની પ્રવૃત્તિ કરતો હોય તેને ધર્મ સ્વીકારીને કહેવામાં આવે કે, 'स्यात् अस्ति एव मोक्षमार्गः ।' એ વાક્યને પ્રધાનરૂપે તે ધર્મની ક્રિયા મોક્ષમાર્ગ બને છે અને 'स्यात् अस्ति एव' કહેવાથી 'स्यात्' શબ્દથી આક્ષિપ્ત મોક્ષને અનુકૂળ ભાવ પણ મોક્ષમાર્ગ છે એમ પ્રાપ્ત થાય પરંતુ જે ભાવ નિશ્ચયનયને મોક્ષમાર્ગરૂપે અભિમત છે, તે નિશ્ચયનયને અભિમત ભાવ 'स्यात् अस्ति एव मोक्षमार्गः ।' એ ભાંગાથી ગૌણરૂપે પ્રાપ્ત થાય છે અને જે ગૌણરૂપે પ્રાપ્ત થાય તે લક્ષણાથી કે ઉપચારથી પ્રાપ્ત થયેલ છે તેમ કહેવાય છે, માટે વ્યવહારનયને પ્રધાન કરીને કરાયેલ 'स्यात् अस्ति एव मोक्षमार्गः ।' એ કથનમાં નિશ્ચયનયને અભિમત ભાવમાં ઉપચારની પ્રાપ્તિ છે. માટે 'નિશ્ચયનય ઉપચારને સ્વીકારતો નથી' તે પ્રકારનું દેવસેનનું એકાંત કથન અનુચિત છે, એમ વિશેષાવશ્યક ભાષ્યના નિશ્ચયનયના અને વ્યવહારનયના લક્ષણથી સિદ્ધ થાય છે.

પૂર્વમાં વિશેષાવશ્યક ભાષ્ય અનુસાર નિશ્ચયનયનું લક્ષણ બતાવ્યું, અને કહ્યું કે, નિશ્ચયનય તત્ત્વાર્થગ્રાહી છે. તેથી કોઈને ભ્રમ થાય કે, પદાર્થને પૂર્ણ જોનાર પ્રમાણદૃષ્ટિ તત્ત્વાર્થગ્રાહી છે. જેમ 'ज्ञानक्रियाभ्यां मोक्षः' એમ કહેનાર પ્રમાણવચન મોક્ષમાર્ગના પૂર્ણ તત્ત્વને બતાવનાર છે અને નિશ્ચયનયને પણ તત્ત્વાર્થગ્રાહી કહીએ તો પ્રમાણ અને નિશ્ચયનયને એક સ્વીકારવાની આપત્તિ આવે. તેના સમાધાન માટે કહે છે –

નિશ્ચયનય એકદેશ તત્ત્વાર્થને ગ્રહણ કરનાર છે અને પ્રમાણ સકલ તત્ત્વાર્થને ગ્રહણ કરનાર છે. જેમ નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવાં જીવના ભાવને મોક્ષનું કારણ સ્વીકારે છે તેથી જ્ઞાનક્રિયારૂપ મોક્ષમાર્ગના બે અંશમાંથી જ્ઞાનરૂપ અંશને મોક્ષમાર્ગરૂપે સ્વીકાર કર્યો. તેથી નિશ્ચયનય એકદેશ તત્ત્વાર્થગ્રાહી છે. વળી, સદ્વીર્યના પ્રવર્તનરૂપ ક્રિયા અને તેનાથી પ્રગટ થતા મોહના અનાકુળ ભાવોરૂપ જ્ઞાન-તે ઉભયથી જીવને મોક્ષની પ્રાપ્તિ છે. તેથી મોક્ષના કારણભૂત જ્ઞાનક્રિયારૂપ સકલ તત્ત્વાર્થને ગ્રહણ કરનાર પ્રમાણવચન છે તે પ્રકારનો પ્રમાણના લક્ષણ અને નિશ્ચયના લક્ષણ વચ્ચે ભેદ હોવાથી નિશ્ચયનયના લક્ષણની પ્રમાણની સાથે એકતા આપત્તિ આવશે નહીં.

વળી, પ્રમાણ સકલ તત્ત્વાર્થગ્રાહી છે તેમ કહીને નિશ્ચયનય એકદેશ તત્ત્વગ્રાહી છે તેમ કહેવાથી પ્રમાણનો અન્ય દેશ નિશ્ચયનયનો પ્રતિપક્ષ એવો વ્યવહારનયનો વિષય છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે. જેમ નિશ્ચયનય મોક્ષને અનુકૂળ જીવના પરિણામરૂપ જ્ઞાનને મોક્ષમાર્ગ કહે છે. તેથી નિશ્ચયનયની વિષયતા જીવના જ્ઞાનના પરિણામમાં છે અને નિશ્ચયનયને અભિમત એવા પરિણામની નિષ્પત્તિનું કારણ બને તેવી ઉચિત ક્રિયાને વ્યવહારનય મોક્ષમાર્ગ કહે છે. તેથી વ્યવહારનયની વિષયતા ધર્મની ઉચિત ક્રિયામાં છે. આ રીતે નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનય જે મોક્ષને અનુકૂળ ભાવ કહે છે તેને જ મોક્ષનું કારણ સ્વીકારી લઈએ અને ક્રિયાને મોક્ષનું કારણ ન સ્વીકારીએ તો શું વાંધો ? જેથી સકલ તત્ત્વાર્થને ગ્રહણ કરનાર નિશ્ચયનય છે તેમ સ્વીકારી શકાશે. તેના નિરાકરણ માટે કહે છે – अंशज्ञान न निष्ठ=અંશજ્ઞાન પૂર્ણ નથી=નિશ્ચયનયને અભિમત એવો મોક્ષને અનુકૂળ જીવનો અંતરંગ પરિણામ જે મોક્ષમાર્ગ છે તે મોક્ષમાર્ગ પૂર્ણ મોક્ષમાર્ગ નથી પરંતુ મોક્ષમાર્ગનો એક અંશ છે. તેથી અંશજ્ઞાન પૂર્ણ મોક્ષમાર્ગ ન કહેવાય પરંતુ મોક્ષમાર્ગનો એક દેશ કહેવાય. માટે નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા જે અનુભવસિદ્ધ ભિન્ન છે, તેના સમુદાયરૂપ જ મોક્ષમાર્ગ છે માટે વ્યવહારનયને પ્રધાન કરીને મોક્ષમાર્ગનું કથન કરવામાં આવે ત્યારે 'स्यात् अस्ति एव मोक्षमार्गः।' એ પ્રકારના ભાંગામાં નિશ્ચયનયને અભિમત ભાવમાં ઉપચારની પ્રાપ્તિ છે અને શાસ્ત્રાનુસારી ધર્માનુષ્ઠાનમાં સાક્ષાત્ મોક્ષમાર્ગના વિધાનની પ્રાપ્તિ છે આમ છતાં જો નિશ્ચયનય જ પારમાર્થિક મોક્ષમાર્ગ બતાવે છે, વ્યવહારનય પારમાર્થિક મોક્ષમાર્ગ બતાવતો નથી એમ પૂર્વપક્ષીના વચનાનુસાર સ્વીકારવામાં આવે તો વ્યવહારનયને પ્રધાન કરીને 'स्यात् अस्ति एव मोक्षमार्गः।' એ પ્રયોગ થઈ શકે નહીં; કેમ કે વ્યવહારનયને અભિમત મોક્ષમાર્ગ પરમાર્થથી મોક્ષમાર્ગ ન હોય તો વ્યવહારનયને અભિમત ક્રિયાને આશ્રયીને 'स्यात् अस्ति एव मोक्षमार्गः।' એમ કહેવાય નહીં. તેથી ગ્રંથકારશ્રીએ કહ્યું કે અંશજ્ઞાન પૂર્ણ નથી અને મોક્ષમાર્ગને પૂર્ણરૂપે જોવામાં આવે તો નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે માટે વ્યવહારનયને મુખ્ય કરીને 'स्यात् अस्ति एव' એ ભાંગો થઈ શકે છે માટે 'સ્યાત્ શબ્દથી આક્ષિપ્ત ઉપચારને નિશ્ચયનય સ્વીકારે છે' તેમ અવશ્ય માનવું જોઈએ.

વળી, ગ્રંથકારશ્રીએ કહ્યું કે, નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા અનુભવસિદ્ધ ભિન્ન છે, તે દૃષ્ટાંતથી બતાવે છે.

જેમ સવિકલ્પજ્ઞાનનિષ્ઠપ્રકારતા આદિ નૈયાયિક ભિન્ન માને છે તેમ નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા ભિન્ન છે એમ વિચારવું.

આશય એ છે કે જેમ ભૂમિ પર ઘડો પડેલો હોય ત્યારે ઘટ, ભૂમિ અને તે બે વચ્ચેનો સંયોગસંબંધ એ ત્રણ ભિન્ન દેખાય છે પરંતુ ઘડામાં રહેલું ઘટત્વ, ઘટ અને તે બે વચ્ચેનો સંબંધ એ ત્રણ ભિન્ન દેખાતા નથી પરંતુ જોનારને 'આ ઘડો છે' તેમ દેખાય છે. તેવી રીતે કોઈ યોગી યોગમાર્ગમાં ઉલ્લસિત વીર્યવાળા હોય અને ધ્યાન દ્વારા મોક્ષમાર્ગને અનુકૂળ ભાવોને કરતાં હોય ત્યારે સૂક્ષ્મદૃષ્ટિથી જોનારને એમ જણાય કે, આ યોગીના આત્મામાં ઉત્તરોત્તર શુદ્ધિને પામતી જે જ્ઞાનધારા વહે છે તે જ મોક્ષમાર્ગ છે; કેમ કે તે આત્મામાં વર્તતી વિશુદ્ધ વિશુદ્ધતર થતી જ્ઞાનધારા જ મોક્ષરૂપ ફળમાં વિશ્રાંત થાય છે, માટે જેમ જોનારને "એક ઘટ દેખાય છે પરંતુ ઘટ, ઘટત્વ અને તે બેનો સમવાયસંબંધ" એ ત્રણ જુદા દેખાતા નથી, તેમ વ્યવહારનયને અભિમત એવી કોઈ ક્રિયા તે મહાત્મામાં દેખાતી નથી પરંતુ માત્ર જ્ઞાનધારા જ તે મહાત્મામાં દેખાય છે. એ પ્રકારના ભ્રમના નિવારણ માટે કહે છે –

જેમ અન્યવાદી એવાં નૈયાયિક કહે છે કે, ઘટનું સવિકલ્પજ્ઞાન થાય છે ત્યારે 'આ ઘટ છે, પટાદિ નથી' તેવી બુદ્ધિ થાય છે તેથી ઘટત્વધર્મવિશિષ્ટ ઘટનો બોધ થાય છે અને તે ઘટત્વધર્મવિશિષ્ટ ઘટ સમવાયસંબંધથી છે તેથી નૈયાયિકના મત પ્રમાણે 'ઘટ' એ પ્રકારના સવિકલ્પજ્ઞાનમાં ઘટત્વપ્રકારતા, ઘટવિશેષ્યતા અને સમવાયસંબંધ એ ત્રણે ભિન્ન ભાસે છે. તેમ જે યોગી ધ્યાનમાં રહીને શુદ્ધ આત્મભાવોને સ્ફુરાયમાન કરવા અંતરંગ ઉદ્યમવાળા છે તેઓમાં વર્તતી શુદ્ધ શુદ્ધતર થતી જ્ઞાનધારાથી ભિન્ન વીર્યધારા અનુભવસિદ્ધ દેખાય છે. આથી સૂક્ષ્મ પ્રજ્ઞાથી જોનારને જણાય છે કે, તે યોગી અંતરંગ વીર્યધારાને તે રીતે પ્રવર્તાવે છે કે, જેથી પૂર્વ પૂર્વનું જ્ઞાન વિશુદ્ધ વિશુદ્ધતર બને છે. માટે મોક્ષનું કારણ માત્ર જ્ઞાન જ છે, ક્રિયા નથી તેમ કહી શકાય નહીં, પરંતુ વ્યવહારનયનો વિષય એવી ક્રિયા અને નિશ્ચયનયનો વિષય એવું જ્ઞાન અનુભવસિદ્ધ ભિન્ન છે તેમ હૃદયમાં વિચારવું. ફક્ત તે જ્ઞાનધારાને વિશુદ્ધ વિશુદ્ધતર કરવા અર્થે જે અંતરંગ વીર્યધારા પ્રવર્તે છે તે અંતરંગ વીર્યધારાને ઉલ્લસિત કરવા અર્થે તેને અનુરૂપ ઉચિત બાહ્યક્રિયા પણ આવશ્યક છે તેને વ્યવહારનય સ્વીકારે છે જ્યારે નિશ્ચયનય તો વ્યવહારનયને અભિમત તે બાહ્ય ક્રિયા અને અંતરંગ વીર્યધારા એ બંને જ્ઞાનધારાને વિશુદ્ધ કરીને ચરિતાર્થ થાય છે તેમ માને છે અને વિશુદ્ધ એવી જ્ઞાનધારા જ મોક્ષરૂપ ફળમાં પર્યવસન પામે છે તેમ કહે છે. **॥૮/૨૧॥**

અવતરણિકા :-

વળી, જેમ વ્યવહારનય ઉપચારને સ્વીકારે છે તેમ નિશ્ચયનય પણ કોઈક કોઈક સ્થાને ઉપચારને સ્વીકારે છે તે અનુભવ અનુસાર બતાવે છે –

ગાથા :-

અભ્યંતરતા બાહ્યનઈં રે, જે બહુવિગતિ અભેદ;
નિરમલ પરિણતિ દ્રવ્યની રે, એ સવિ નિશ્ચય ભેદ રે. પ્રાણી૦ ॥૮/૨૨॥

ગાથાર્થ :-

(૧) બાહ્યનઈં અભ્યંતરતા=બાહ્ય વસ્તુના આલંબનથી અભ્યંતરતા, (૨) જે બહુવિગતિ અભેદ=જે બહુવ્યક્તિનો અભેદ, (૩) દ્રવ્યની નિર્મળ પરિણતિ, એ સર્વ=આ ત્રણે ભેદો, નિશ્ચયનયના ભેદ છે. ॥૮/૨૨॥

ટબો :-

જે બાહ્ય અર્થનઈં ઉપચારઈં અભ્યંતરપણું કરિઈં, તે નિશ્ચયનયનો અર્થ જાણવો.

યથા –

"समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः" ।।१।। **(ज्ञानसार, अष्टक-२०, श्लो-२) इत्यादि**
श्री पुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः ।।

જે ઘણી વ્યક્તિનો અભેદ દેખાડિઈ, તે પણિ નિશ્ચયનયાર્થ જાણવો. જિમ 'एगे आया' ઈત્યાદિ સૂત્ર. વેદાંતદર્શન પણિ શુદ્ધ સંગ્રહનયાદેશરૂપ શુદ્ધ નિશ્ચયનયાર્થ સમ્મતિ ગ્રંથઈ કહિઉ છઈ. તથા-દ્રવ્યની જે નિર્મલ પરિણતિ-બાહ્ય નિરપેક્ષ પરિણામ, તે પણિ નિશ્ચયનયનો અર્થ જાણવો. જિમ- "आया सामाइए, आया सामाइअस्स अट्ठे" (ભગવતીસૂત્ર, પ્રથમ શતક, ઉદ્દેશો-૯, સૂત્ર-૭૬) ઇમ જે જે રીતિ લોકાતિકાંત અર્થ પામિઈ, તે તે નિશ્ચયનયનો ભેદ થાઈ. તેહથી-લોકોત્તરાર્થ ભાવના આવઈ. ॥૮/૨૨॥

❖ 'णो आया'ને સ્થાને 'एगे आया' એ મુજબનો 'સમ્મતિ' ગ્રંથમાં પાઠ છે માટે તે મુજબ અન્વય કરેલ છે.

ટબાર્થ :-

(૧) જે બાહ્ય અર્થને ઉપચારથી અભ્યંતરપણું કરે=જીવની અભ્યંતરપણું દેખાડે, તે નિશ્ચયનયનો અર્થ જાણવો.

યથા=જે પ્રમાણે -

"समाधिर्नन्दनं=समाधिરૂપ નંદન, धैर्यं दम्भोलिः=ધૈર્યરૂપ દંભોલી, समता शची=સમતારૂપી ઇંદ્રાણી ज्ञानं महाविमानं च=અને જ્ઞાનરૂપી મહાવિમાન વાસવશ્રીરियं मुनेः=એ ઇન્દ્રની લક્ષ્મીની જેમ મુનિની આ અંતરંગ લક્ષ્મી છે." (જ્ઞાનસાર, અષ્ટક-૨૯, શ્લોક-૨)

इत्यादि=ઇત્યાદિ=આવા નિશ્ચયનયનાં વચનો, ગ્રહણ કરવાં

एवं=એ રીતે=જે રીતે 'समाधिनन्दन' ઇત્યાદિ શ્લોક નિશ્ચયનયના ઉપચારને બતાવે છે એ રીતે

श्री पुण्डरीकाध्ययनाद्यर्थोऽपि भावनीयः=શ્રી પુંડરીક અધ્યયનનો અર્થ પણ ભાવન કરવો=તે અર્થ પણ નિશ્ચયનયના ઉપચારને બતાવનારા છે એ પ્રમાણે ભાવન કરવું.

(૨) જે ઘણી વ્યક્તિનો અભેદ દેખાડે છે, તે પણ નિશ્ચયનયનો અર્થ જાણવો. જેમ એગે આયા='એક આત્મા છે' ઇત્યાદિ સૂત્ર. વળી, 'સમ્મતિ'ના વચનથી પણ ઘણી વ્યક્તિનો અભેદ નિશ્ચયત્વે માને છે તે બરાબર છે. વેદાંત દર્શન પણ શુદ્ધ સંગ્રહનયના આદેશરૂપ શુદ્ધ નિશ્ચયનયના અર્થને કહેનારું છે એમ 'સમ્મતિ'માં કહ્યું છે.

(૩) અને દ્રવ્યની જે નિર્મળ પરિણતિ=બાહ્ય નિરપેક્ષ એવો જે પરિણામ, તે પણ નિશ્ચયનયનો અર્થ જાણવો. જેમ "आया सामाइए="આત્મા સામાયિક છે.", आया सामाइअस्स अट्ठे="આત્મા સામાયિકનો અર્થ છે." એ પ્રમાણે ભગવતીસૂત્ર, શતક-૧, ઉદ્દેશ-૯, સૂત્ર-૭૬ કહ્યું છે. એમાં જે જે રીતે=જેમાં નિશ્ચયનયના અર્થને જણાવનારાં ત્રણ વચનો બતાવ્યાં એમ જે જે રીતે, લોક-અતિકાંત અર્થ પ્રાપ્ત થાય, તે તે નિશ્ચયનયનો ભેદ પ્રાપ્ત થાય. તેથી=તે નિશ્ચયનયના અર્થથી, લોકોત્તર અર્થની ભાવના પ્રાપ્ત થાય=નિશ્ચયનયના ભેદથી લોકઅભિમત અર્થ કરતાં લોકોત્તરઅર્થની ભાવના પ્રાપ્ત થાય. ॥૮/૨૨॥

ભાવાર્થ :-

નિશ્ચયનય કઈ કઈ રીતે ઉપચારને સ્વીકારે છે તે બતાવવા અર્થે નિશ્ચયનયના ત્રણ ભેદો ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ છે.

(૧) બાહ્ય અર્થના ઉપચારથી અભ્યંતર વસ્તુનો બોધ કરાવે તે નિશ્ચયનયનો અર્થ છે.

આશય એ છે કે મુનિનું સ્વરૂપ બતાવવા અર્થે વ્યવહારનય સર્વ સંયમની ઉચિત આચરણા કરનારને 'આ મુનિ છે' એમ કહે છે; કેમ કે તે બાહ્ય આચરણા શાસ્ત્રાનુસારી છે, જે લોકઅભિમત અર્થ છે. વળી, નિશ્ચયનય મોક્ષને અનુકૂળ એવી વિશિષ્ટ અભ્યંતર પરિણતિવાળા યોગીને મુનિ કહે છે અને યોગ્ય જીવને બોધ કરાવવા અર્થે બાહ્ય વસ્તુનો ઉપચાર કરીને મુનિનું અભ્યંતર સ્વરૂપ જ્યારે બતાવવામાં આવે ત્યારે તે વચનથી શ્રોતાને નિશ્ચયનયના અર્થનો બોધ થાય છે. તે વખતે નિશ્ચયનયે શ્રોતાને બોધ કરાવવા અર્થે ઉપચારનો આશ્રય કર્યો છે.

જેમ, નિશ્ચયનયથી ઇન્દ્રની બાહ્ય સમૃદ્ધિને ગ્રહણ કરીને મુનિનું સ્વરૂપ બતાવવામાં આવે ત્યારે નિશ્ચયનયથી ઉપચારની પ્રાપ્તિ થાય છે. તે આ રીતે –

ઇન્દ્ર પાસે (૧) નંદનવન છે, તેથી નંદનવનમાં ક્રીડા કરીને ઇન્દ્ર સુખનો અનુભવ કરે છે. (૨) દંભોલિ=વજ્ર, છે તેથી શત્રુથી નિર્ભય છે. (૩) ઇન્દ્રાણી છે તેથી ભોગનો આનંદ પ્રાપ્ત કરે છે. (૪) મહાવિમાન=મહાસમૃદ્ધિવાળું વિમાન, છે માટે સુખી છે. જેમ બાહ્ય સમૃદ્ધિથી ઇન્દ્ર સુખી છે તેમ તેના જેવી અંતરંગ સમૃદ્ધિથી મુનિ સુખી છે. તે આ રીતે –

નિશ્ચયનય કહે છે કે, મુનિમાં (૧) મોહની અનાકુળતારૂપ સમાધિ છે, જે મુનિ માટે નંદનવન છે. (૨) મોહરૂપી શત્રુનો નાશ કરવા માટે ધૈર્યરૂપી વજ્ર છે તેથી મુનિ નિર્ભય છે. (૩) સમતાના પરિણામરૂપ ઇન્દ્રાણી છે તેથી સમતાના ભોગના સુખને અનુભવે છે. (૪) શાસ્ત્રનું વિશદ જ્ઞાન છે, જે ઇન્દ્રના મહાવિમાન જેવું છે તેથી મુનિ સુખી છે. આ રીતે મુનિનું અંતરંગ સ્વરૂપ બાહ્ય અર્થના ઉપચારથી નિશ્ચયનય બતાવે છે, માટે 'નિશ્ચયનય ઉપચાર સ્વીકારતો નથી' તે દેવસેનનું વચન મિથ્યા છે.

વળી, જેમ ગ્રંથકારશ્રીએ ઇન્દ્રની સમૃદ્ધિ દ્વારા નિશ્ચયનયને અભિમત મુનિનું સ્વરૂપ બતાવ્યું તેમ 'પુંડરિક અધ્યયન'નો અર્થ પણ ભાવન કરવો અર્થાત્ 'પુંડરિક અધ્યયન'માં બાહ્ય અર્થના ઉપચારથી જે અભ્યંતર પદાર્થો બતાવ્યા છે તે સર્વ નિશ્ચયનયના અર્થો છે તેમ ભાવન કરવું.

(૨) જે ઘણી વ્યક્તિનો અભેદ અર્થ દેખાડે છે તે પણ નિશ્ચયનયનો અર્થ છે.

જેમ, 'એક આત્મા છે' એમ કહેવામાં આવે ત્યારે સંસારવર્તી સર્વ આત્માઓનો અભેદ નિશ્ચયનય બતાવે છે. ત્યાં પણ સર્વ જીવો વ્યક્તિરૂપે સ્વતંત્ર હોવા છતાં સ્વરૂપના સાદૃશ્યને કારણે સર્વ જીવોનો અભેદ બતાવીને નિશ્ચયનયે આત્માના અભ્યંતર એવા સિદ્ધસદૃશ પારમાર્થિક સ્વરૂપનો બોધ કરાવ્યો, તે સ્થાનમાં પણ ભિન્ન ભિન્ન વ્યક્તિમાં જે અભેદનો ઉપચાર છે તે નિશ્ચયનયનું વચન છે.

વળી, 'વેદાન્તદર્શન પણ શુદ્ધ સંગ્રહનયના આદેશરૂપ શુદ્ધ નિશ્ચયનયના અર્થને કહેનારું છે' તેમ 'સમ્મતિ'ગ્રંથમાં કહ્યું છે, તેથી જીવ-અજીવ સર્વ દ્રવ્યોનો બ્રહ્મરૂપે અભેદ કરીને અને શુદ્ધ સ્વરૂપે સંગ્રહ

કરીને શુદ્ધ સંગ્રહનયના કથનસ્વરૂપ શુદ્ધ નિશ્ચયનયનો અર્થ વેદાંતદર્શનવાળા સ્વીકારે છે. તેથી 'બ્રહ્માદ્વૈતરૂપ એક બ્રહ્મને માને છે' એ પ્રમાણે સમ્મતિના વચનઅનુસાર પણ સિદ્ધ થાય છે કે, નિશ્ચયનય ઘણી વ્યક્તિઓનો અભેદ ઉપચાર કરે છે.

અહીં વિશેષ એ છે કે, 'एगे आया' સૂત્રથી સંસારવર્તી સર્વ જીવોનો અને મુક્તજીવોનો અભેદરૂપે સંગ્રહ થાય છે તેથી જગતમાં 'એક આત્મા છે, અનેક આત્મા નથી' તેવો બોધ શુદ્ધ આત્માના સ્વરૂપને જણાવવા અર્થે નિશ્ચયનય કહે છે. વળી, બ્રહ્માદ્વૈતવાદી એવું વેદાંતદર્શન જગતમાં બ્રહ્મથી અતિરિક્ત કાંઈ જ નથી તેમ માને છે અને જગતવર્તી ઘટ-પટ આદિ પદાર્થો અને જુદા જુદા જીવો જે પ્રત્યક્ષથી દેખાય છે તેની સંગતિ કરવા અર્થે કહે છે કે, 'જેમ, અગ્નિમાંથી સ્ફુલ્લિંગો નીકળે છે તેમ શુદ્ધ બ્રહ્મમાંથી સ્ફુલ્લિંગો જેવા સંસારવર્તી દેખાતા જીવો છે અને ઘટપટાદિ વસ્તુઓ છે' તેમ કહીને સર્વ પદાર્થોના અંતિમ સામાન્યને સ્વીકારે છે, જે શુદ્ધ સંગ્રહનયના આદેશરૂપ શુદ્ધ નિશ્ચયનયના અર્થને કહેનારું વચન છે. એમ 'સમ્મતિ' ગ્રંથમાં કહ્યું છે માટે શુદ્ધ નિશ્ચયનય આત્માના અંતરંગ સ્વરૂપને બતાવવા અર્થે સર્વ આત્માનો સંગ્રહ કરે છે કે સર્વ દ્રવ્યનો સંગ્રહ કરે છે. તે અભેદ ઉપચારથી જ થઈ શકે છે માટે 'નિશ્ચયનય ઉપચાર સ્વીકારતો નથી' તે દેવસેનનું વચન મિથ્યા છે.

(૩) વળી, આત્મારૂપ જે દ્રવ્ય તેની બાહ્યનિરપેક્ષપરિણામરૂપ જે નિર્મળ પરિણતિ છે તે નિશ્ચયનયનો અર્થ છે.

"આત્મા સામાયિક છે અને સામાયિકનો અર્થ આત્મા છે" આ સ્થાનમાં પણ "આત્મારૂપ દ્રવ્ય અને સામાયિકરૂપ પરિણામ એ કથંચિત્ ભિન્ન છે;" કેમ કે આત્મા દ્રવ્યરૂપ છે અને સામાયિક એ આત્માનો પરિણામ છે છતાં બાહ્ય પરિણામનિરપેક્ષ એવી જે આત્મદ્રવ્યની નિર્મળ પરિણતિ, તે પરિણતિનો આત્મા સાથે નિશ્ચયનય અભેદ દેખાડે છે. તેથી વ્યવહારનયથી આત્મદ્રવ્ય કરતાં આત્માના પર્યાયરૂપ સામાયિકનો જે ભેદ છે તે ભેદને નિશ્ચયનય ઉપચારથી જ સ્વીકારી શકે; કેમ કે દ્રવ્ય અને પર્યાયનો એકાંત ભેદ નથી અને એકાંત અભેદ નથી પરંતુ ભેદાભેદ છે છતાં નિશ્ચયનય સામાયિકના પરિણામનો અભેદ મુખ્યરૂપે સ્વીકારે છે અને ઉપચારથી જ ભેદ સ્વીકારી શકે માટે 'નિશ્ચયનય ઉપચાર સ્વીકારતો નથી' તે દેવસેનનું વચન સંગત નથી.

આ રીતે=પૂર્વમાં ત્રણ ભેદથી નિશ્ચયની પરિણતિ બતાવી એ રીતે, લોકઅતિક્રાંત અર્થ પ્રાપ્ત થાય એ સર્વ નિશ્ચયનયનો ભેદ પ્રાપ્ત થાય અને નિશ્ચયનયના તે વચનથી આત્મા લોકોત્તર અર્થની ભાવના પ્રાપ્ત કરે છે. તેથી 'લોકોત્તર અર્થની ભાવના માટે જ્યાં જ્યાં ઉપયોગી જણાય ત્યાં ત્યાં નિશ્ચયનય પણ ઉપચાર સ્વીકારે છે' તેમ સ્વીકારવું ઉચિત છે.

અહીં વિશેષ એ છે કે સ્યાદ્વાદની દૃષ્ટિથી 'ગુણગુણીનો કથંચિત્ અભેદ છે અને સર્વ આત્માઓમાં પણ આત્મારૂપે કથંચિત્ અભેદ છે' એમ નિશ્ચયનય સ્વીકારે છે. વળી, 'ગુણગુણીનો કથંચિત્ ભેદ છે અને સર્વ આત્માઓનો તે તે આત્માનો વ્યક્તિરૂપે ભેદ છે' એમ વ્યવહારનય સ્વીકારે છે માટે ઘણી વ્યક્તિનો જે અભેદ સ્વીકારીને નિશ્ચયનય 'એક આત્મા છે' એમ કહે છે તે સ્થાનમાં પણ ગૌણરૂપે ભેદનો સ્વીકાર છે. વળી, જો સર્વ આત્માનો એકાંત અભેદ સ્વીકારવામાં આવે અને ગૌણરૂપે ભેદ સ્વીકારવામાં ન આવે તો

વ્યવહારનિરપેક્ષ એવો નિશ્ચયનય દુર્નય બને. વળી, વ્યવહારનયથી દરેકના આત્મા જુદા છે, તે વ્યવહારનયના સ્વીકારમાં પણ ગૌણરૂપે નિશ્ચયનયના અભેદનો સ્વીકાર છે તેથી 'જે ગૌણરૂપે સ્વીકારીએ તે ઉપચારથી છે' તેમ કહેવાય. માટે વ્યવહારની દૃષ્ટિથી અનેક આત્મા હોવા છતાં ઘણી વ્યક્તિનો અભેદ જે નિશ્ચયનય કહે છે તે ઉપચારથી પ્રાપ્ત થાય.

વળી, સ્યાદ્વાદની દૃષ્ટિથી વસ્તુ દ્રવ્યપર્યાય ઉભયરૂપ છે તેથી આત્મા દ્રવ્ય છે અને સામાયિક તેનો પર્યાય છે અને વ્યવહારનયથી કહેવામાં આવે કે, મોહથી અનાકુળ એવો આત્માનો પરિણામ સામાયિક છે ત્યારે આત્માનો અને સામાયિકનો ભેદ પ્રાપ્ત થાય. વળી, વ્યવહારનય આત્માને સામે રાખીને ભેદ સ્વીકારે છે ત્યારે પણ ગૌણરૂપે આત્મા અને સામાયિકનો અભેદ સ્વીકારે છે આથી જ તે વ્યવહારનય નિશ્ચયસાપેક્ષ બને છે અને 'જે ગૌણરૂપે સ્વીકાર હોય તે ઉપચારથી છે' તેમ કહેવાય. માટે 'નિશ્ચયનયનું વચન ઉપચારથી નથી' તેમ એકાંતે કહી શકાય નહીં. **॥૮/૨૨॥**

અવતરણિકા :-

ગાથા-૨૨માં શ્વેતાંબર સંપ્રદાયને અભિમત એવાં નિશ્ચયનયના કયા કયા વિકલ્પો છે તે બતાવ્યા. હવે વ્યવહારનયના કયા કયા વિકલ્પો છે તે બતાવે છે –

ગાથા :-

જેહ ભેદ છઇ વિગતિનો રે, જે ઉત્કટ પર્યાય;
કાર્ય-નિમિત્ત અભિન્નતા રે, એ વ્યવહાર ઉપાય રે. પ્રાણી૦ ॥૮/૨૩॥

ગાથાર્થ :-

(૧) જે વિગતિનો=વ્યક્તિનો, ભેદ છે (૨) જે ઉત્કટ પર્યાય છે, (૩) જે કાર્ય નિમિત્ત અભિન્નતા=કાર્યની કારણ સાથે અભિન્નતા, એ વ્યવહારનયના ઉપાય છે=વ્યવહારનયનાં વચન છે. ॥૮/૨૩॥

ટબો :-

જેહ વ્યક્તિનો ભેદ દેખાડિઈ, 'अनेकानि द्रव्याणि, अनेके जीवाः' ઈત્યાદિ રીતિં, તે-વ્યવહારનયનો અર્થ. તથા-ઉત્કટ પર્યાય જાણીઈં, તે પણિ-વ્યવહારનયનો અર્થ. અત એવ–"णिच्छयणएण पंचवण्णे भमरे, ववहारणएण कालवण्णे" () ઈત્યાદિ-સિદ્ધાંતઈં પ્રસિદ્ધ છઈ. તથા-કાર્યનઈં નિમિત્ત કહતાં-કારણ, એહોનઈં અભિન્નપણું કહિઈ, તે પણિ-વ્યવહારનયનો ઉપાય છઈ-જિમ 'आयुर्घृतम् ઈત્યાદિક કહિઈં, ઈમ-"गिरिर्दह्यते, कुण्डिका स्रवति" ઈત્યાદિક વ્યવહાર ભાષા અનેકરૂપ કહઈ છઈં. ॥૮/૨૩॥

ટબાર્થ :-

(૧) જે વ્યક્તિનો ભેદ દેખાડે અર્થાત્ કહે કે अनेकानि द्रव्याणि=અનેક દ્રવ્યો છે, अनेके जीवाः=અનેક

જીવો છે ઇત્યાદિ રીતે ભેદ દેખાડે, તે વ્યવહારનયનો અર્થ છે.

(૨) અને ઉત્કટ પર્યાયને જાણે=સ્વીકારે, તે પણ વ્યવહારનયનો ભેદ છે. અત એવ=આથી જ= ઉત્કટ પર્યાયને વ્યવહારનય સ્વીકારે છે આથી જ, "णिच्छयणएण पंचवण्णे भमरे=નિશ્ચયનયથી પાંચ વર્ણવાળા ભ્રમરમાં ववहारणएण कालवण्णे=વ્યવહારથી કાળો વર્ણ છે," **() ઇત્યાદિ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે.**

(૩) અને કાર્યનું નિમિત્ત કહેતાં કારણ, એને અભિન્નપણે કહે તે પણ વ્યવહારનયનો ઉપાય છે=વ્યવહારનયનું કથન છે. જેમ, 'આયુષ્ય ઘી' ઇત્યાદિ કહે છે એ પ્રમાણે गिरिर्दह्यते='પર્વત બળે છે,' कुण्डिका स्रवति='કુંડિકા ઝરે છે' ઇત્યાદિ વ્યવહારભાષા અનેક રીતે કહેવાય છે. ॥૮/૨૩॥

ભાવાર્થ :-

(૧) જીવદ્રવ્યો કે અજીવાદિ દ્રવ્યો તે તે વ્યક્તિના ભેદથી જે જુદા પ્રતીત થાય છે તે સર્વને વ્યવહારનય જુદા દેખાડે છે પરંતુ નિશ્ચયનયની જેમ સર્વ આત્માઓમાં સદૃશ સ્વરૂપ ગ્રહણ કરીને વ્યવહારનય અભેદ દેખાડતો નથી તેથી વ્યવહારનયથી જીવો અનંતા છે, દ્રવ્યો અનંતા છે અને સ્કંધો અનંતા છે, ફક્ત એક સ્કંધમાં રહેલા અનંત પરમાણુઓને આશ્રયીને તે સ્કંધનો વ્યવહારનય ભેદ કરતો નથી. પરંતુ લોકપ્રતીતિ અનુસારે તે સ્કંધને એક દ્રવ્ય સ્વીકારે છે અને એક આત્માના અસંખ્યાત આત્મપ્રદેશો છે છતાં તે આત્માને 'અસંખ્યાત છે' તેમ ન કહે પરંતુ લોકપ્રતીતિ અનુસાર 'એક જીવદ્રવ્ય છે' તેમ વ્યવહારનય કહે છે.

(૨) વળી, ભમરામાં પાંચે વર્ણો છે; કેમ કે ઔદારિક સ્કંધો પાંચે વર્ણવાળા હોય છે અને ઔદારિક સ્કંધમાંથી બનેલો ભમરાનો દેહ છે માટે તેના દેહમાં પાંચ વર્ણો છે તોપણ ઉત્કટવર્ણ શ્યામ છે તેને આશ્રયીને લોકપ્રતીતિ અનુસાર વ્યવહારનય 'ભમરો શ્યામ છે' તેમ કહે છે.

(૩) વળી, કાર્યનો કારણ સાથે વ્યવહારનય અભેદ કરે છે આથી જ, આયુષ્યનું કારણ એવું ઘી, તેને વ્યવહારનય આયુષ્ય કહે છે. વળી, પર્વત પર રહેલું ઈંધણ બળતું હોય ત્યારે તે ઈંધણનો પર્વતની સાથે અભેદ ઉપચાર કરીને 'પર્વત બળે છે' તેમ કહે છે. વળી, કુંડિકામાં રહેલું પાણી છિદ્રોથી બહાર જતું હોય ત્યારે પાણીની સાથે કુંડિકાનો અભેદ કરીને 'કુંડિકા ઝરે છે' એમ કહે છે.

આ રીતે વ્યવહાર ભાષા અનેકરૂપે કહેવાય છે, તે સર્વ વ્યવહારના દૃષ્ટિકોણથી પદાર્થનો બોધ કરવાના ઉપાયો છે. **॥૮/૨૩॥**

અવતરણિકા :-

ગાથા-૨૨ અને ૨૩માં શ્વેતાંબર સંપ્રદાયને અભિમત વચનાનુસાર અને યુક્તિથી નિશ્ચયનય કયા કયા સ્થાને પ્રવર્તે છે અને વ્યવહારનય કયા કયા સ્થાને પ્રવર્તે છે તેમ બતાવીને નિશ્ચયનયનાં અને વ્યવહારનયનાં સ્થાનો બતાવ્યાં. હવે દેવસેન જે પ્રમાણે નિશ્ચયનયનો અને વ્યવહારનયનો ભેદ કરે છે તેમાં નિશ્ચયનયના અને વ્યવહારનયના સર્વ ભેદોનો સંગ્રહ થતો નથી. માટે દેવસેને કરેલો વિભાગ બાળબુદ્ધિ જેવો છે તે બતાવવાં અર્થે કહે છે –

ગાથા :-

ઇમ બહુ વિષય નિરાકરી રે, કરતાં તસ સંકોચ;
કેવલ બાલક બોધવા રે, દેવસેન આલોચ રે. પ્રાણી૦ ॥૮/૨૪॥

ગાથાર્થ :-

ઇમ=એ પ્રમાણે=ગાથા-૨૨ અને ૨૩માં કહ્યું એ પ્રમાણે, બહુ વિષય=નિશ્ચયનયના અને વ્યવહારનયના ઘણા વિષયો છે, તેનું નિરાકરણ કરીને, તેનો સંકોચ કરતાં એવાં દેવસેન કેવળ બાળક બોધવા આલોચન કરે છે. ॥૮/૨૪॥

ટબો :-

એહવા નિશ્ચયનય-વ્યવહારનયના ઘણા અર્થ નિરાકરી કહેતાં-ટાલી, તેહનો, સંકોચ કરતાં-થોડા ભેદ દેખાડતાં, નયચક્ર ગ્રંથકર્તા જે દેવસેન, તેહનો આલોચ આપસરખા કેતલાઈક બાલ બોધવાનો જ દીસઈ છઈ, પણિ સર્વાર્થ નિર્ણયનો આલોચ નથી દીસતો. શુદ્ધ નયાર્થ; તે-શ્વેતાંબર સંપ્રદાય શુદ્ધ નયગ્રંથનઈ અભ્યાસઈ જ જણાઈ. એ ભાવાર્થ. ॥૮/૨૪॥

ટબાર્થ :-

એહવા=ગાથા-૨૨ અને ૨૩માં બતાવ્યા એવાં, નિશ્ચયનય-વ્યવહારનયના ઘણા અર્થનું નિરાકરણ કરીને કહેતાં ટાળી=ઘણા ભેદોને ટાળીને, તેનો સંકોચ કરતાં=નિશ્ચયનય-વ્યવહારનયના થોડા ભેદો દેખાડતા, 'નયચક્ર'ગ્રંથકર્તા જે દેવસેન, તેનું આલોચન આપ સરખા=પોતાના જેવા, કેટલાક બાળજીવોને બોધ કરાવવાનો જ દેખાય છે=બોધ કરાવવાનો પ્રયત્ન દેખાય છે, પરંતુ સર્વ અર્થના નિર્ણયનો= નિશ્ચયનયના અને વ્યવહારનયના સર્વ અર્થોના નિર્ણયનું, આલોચ=આલોચન, દેખાતું નથી. શુદ્ધનયનો અર્થ=નિશ્ચયનયનો અને વ્યવહારનયનો સંગ્રહ કરે એવાં શુદ્ધનયનો અર્થ, તે શ્વેતાંબર સંપ્રદાય અનુસાર શુદ્ધનયગ્રંથના=પૂર્ણ સંગ્રહ કરે તેવા પ્રકારના નયગ્રંથના, અભ્યાસથી જ જણાય છે. એ ભાવાર્થ છે. ॥૮/૨૪॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથા-૨૨માં નિશ્ચયનય કયા કયા સ્થાને પ્રવર્તે છે તે સર્વ સ્થાનોનો સંગ્રહ થાય તે રીતે સંક્ષિપ્તથી તેના ભેદો દેખાડ્યા અને તે નિશ્ચયનયથી લોકોત્તર અર્થની ભાવના થાય છે તેમ બતાવીને આત્મકલ્યાણમાં નિશ્ચયનય કઈ રીતે ઉપકારક છે તેની સ્પષ્ટતા કરી.

વળી, ગાથા-૨૩માં વ્યવહારનયનાં સર્વ સ્થાનોનો સંગ્રહ થાય તે રીતે તેના ભેદો બતાવીને વ્યવહારનય લોકવ્યવહારમાં ઉપયોગી થાય છે તેમ બતાવ્યું.

આ પ્રકારે નિશ્ચયનયના અને વ્યવહારનયના ઘણા અર્થો છે તે સર્વને બતાવવાનું છોડીને 'નયચક્ર'માં દેવસેને બતાવેલ વિભાગ અનુસાર વિચારીએ તો નિશ્ચયનયનાં અને વ્યવહારનયનાં ઘણા સ્થાનોનો સંગ્રહ

થતો નથી તેથી તે પ્રકારનો દેવસેન વડે કરાયેલો વિભાગ તેના જેવા બાળબુદ્ધિવાળા જીવોને રોચક જણાય પરંતુ વિચારકને તો તે વિભાગવચનથી નિશ્ચયનયના અને વ્યવહારનયના તાત્પર્યનો યથાર્થ બોધ થતો નથી.

જેમ કોઈને જિજ્ઞાસા થાય કે, જીવો કેટલા પ્રકારના છે ? ત્યારે તેને કહેવામાં આવે કે જીવો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય છે, તો તે વચન સાંભળીને પ્રાજ્ઞોને સંતોષ થતો નથી; કેમ કે સર્વ જીવોનો બોધ કરાવવા માટે તે વચન સમર્થ નથી. તેમ નિશ્ચયનયના અને વ્યવહારનયના ભેદો બતાવવા અર્થે દેવસેન વડે કરાયેલો પ્રયાસ અધૂરાંશવાળો દેખાય છે માટે તે પ્રકારનો વિભાગ ઉચિત નથી પરંતુ શુદ્ધ નયનો અર્થ=નિશ્ચયનયનો અને વ્યવહારનયનો પરિપૂર્ણ યથાર્થ બોધ થાય તેવો શુદ્ધ નયનો અર્થ, તે શ્વેતાંબર સંપ્રદાય અનુસાર શુદ્ધ નયના ગ્રંથના અભ્યાસથી જણાય છે=જે ગ્રંથોમાં તેના વિભાગ દ્વારા સર્વ નયોનો સંગ્રહ કરાયેલો હોય તેના અભ્યાસથી જ જણાય છે એ પ્રકારનો પ્રસ્તુત ગાથાનો ભાવાર્થ છે અર્થાત્ ગાથામાં સાક્ષાત્ તે કથન નથી પરંતુ અર્થથી પ્રાપ્ત અર્થ છે. **॥૮/૨૪॥**

અવતરણિકા :-

દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપનું વર્ણન કરવા પ્રસ્તુત ઢાળના પ્રારંભમાં પ્રાસંગિક દિગંબરની પ્રક્રિયા બતાવી અને તેમાં કયાં કયાં સ્થાનોમાં અનુપપત્તિ છે તેનો કંઈક બોધ કરાવ્યો. હવે તે સર્વનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

ઇમ બહુવિધ નય ભંગસ્યૂં રે, એક ત્રિવિધ પયત્થ;
પરખો હરખો હિયડલઇં રે, સુજસ લહી પરમત્થ રે. પ્રાણી૦ ॥૮/૨૫॥

ગાથાર્થ :-

ઈમ=એ પ્રમાણે=દ્રવ્યગુણપર્યાયનું લક્ષણ, ભેદ, અભેદ અને ભેદાભેદ કઈ કઈ દૃષ્ટિથી છે ઇત્યાદિ અત્યારસુધી જે વર્ણન કર્યું એ પ્રમાણે, બહુ પ્રકારના નયભંગને આશ્રયીને એક પદાર્થ ત્રિવિધ પરખો=દ્રવ્યગુણપર્યાયરૂપ પરખો અને પરમાર્થ સુજસ=પરમાર્થરૂપ જ્ઞાનનો યશ, લઈ, હયડામાં હરખો. ॥૮/૨૫॥

ટબો :-

એ પ્રક્રિયામાંહિ પણિ જે યુક્તિસિદ્ધ અર્થ છઈ, તે અશુદ્ધ ટાલીનઈં ઉપપાદિઉં છઈ. તે માટિં-એ રીતિં બહુ પ્રકારનયભંગઈં એક જ અર્થ ત્રિવિધ કહતાં-દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પરખો-સ્વ સમય, પર સમયનો અંતર જાણી હૃદયનઈં વિષઈં હરષો, પરમાર્થ-જ્ઞાનયશ પામીનઈં. ॥૮/૨૫॥

ટબાર્થ :-

એ પ્રક્રિયામાં પણ=ઢાળ-૫ની ગાથા-૭થી માંડીને અત્યારસુધી દિગંબરની પ્રક્રિયા બતાવી એ

પ્રક્રિયામાં પણ, જે યુક્તિસિદ્ધ અર્થ છે તે અશુદ્ધને ટાળી ઉપપાદિઉં છઈ=દિગંબરની પ્રક્રિયામાં જે અશુદ્ધ પ્રરૂપણા છે તેને પ્રસ્તુત ઢાળમાં કાઢીને જે યુક્તિસિદ્ધ અર્થ છે તેનું ગ્રંથકારશ્રીએ ઉપપાદન કર્યું છે. તે માટે=ઢાળ-૨થી માંડીને અત્યારસુધી જે દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપનું વર્ણન કર્યું તે માટે, એ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, બહુપ્રકારના નયભંગથી એક જ અર્થ=એક જ વસ્તુ, ત્રિવિધ કહેતાં=દ્રવ્યગુણ અને પર્યાયરૂપ ત્રિવિધ, પરખો. વળી, સ્વસમયનો અને પરસમયનો=શ્વેતાંબર સંપ્રદાયનો અને દિગંબર સંપ્રદાયનો, અંતર જાણીને, હૃદયમાં હરખો=પોતાને પ્રાપ્ત થયેલ શ્વેતાંબર સંપ્રદાય કઈ રીતે યુક્તિ અને અનુભવ અનુસાર પદાર્થનું વર્ણન કરે છે, તે જાણીને હૃદયમાં હરખો.

કઈ રીતે હૃદયમાં હરખો ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

પરમાર્થરૂપ જ્ઞાનયશને પામીને હૃદયમાં હરખો અર્થાત્ સ્વદર્શન-પરદર્શનના પક્ષપાતપૂર્વક નહીં પરંતુ મધ્યસ્થતાથી પદાર્થના સ્વરૂપને જાણીને પ્રાપ્ત થયેલો નિર્મળ જ્ઞાનરૂપ યશને પ્રાપ્ત કરીને હૃદયમાં હરખો. ॥૮/૨૫॥

ભાવાર્થ :-

અત્યારસુધી ગ્રંથકારશ્રીએ દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ કઈ અપેક્ષાએ છે ? અભેદ કઈ અપેક્ષાએ છે ? અને સ્યાદ્વાદની દૃષ્ટિથી તેનો ભેદાભેદ કઈ રીતે સંગત છે ? તે સર્વ બતાવ્યું. વળી, તેમાં બહુ પ્રકારના નયભાંગાઓ અર્થાત્ સપ્તભંગી આદિ બતાવી, તે સર્વ દૃષ્ટિથી કોઈ એક પદાર્થને જોવામાં આવે તો તે પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપે જણાય છે અને તે પ્રકારે બોધ કરવા માટે ગ્રંથકારશ્રીએ દિગંબરની પ્રક્રિયા બતાવી.

તે પ્રક્રિયામાં પણ જે યુક્તિસિદ્ધ અર્થ છે તેનો બોધ કરાવવા અર્થે અને તે દિગંબરની પ્રક્રિયામાં જે અશુદ્ધ અંશ છે તેને ટાળીને ગ્રંથકારશ્રીએ ઉપપાદન કર્યું છે તેથી પ્રાજ્ઞને અન્યદર્શનના ગ્રંથ દ્વારા પણ યુક્તિયુક્ત પદાર્થનો યથાર્થ બોધ થાય અને આ રીતે સર્વદૃષ્ટિથી પદાર્થનો બોધ કર્યા પછી દરેક પદાર્થને દ્રવ્યગુણપર્યાયસ્વરૂપે યથાર્થ જાણવો જેથી તે બોધ આત્મકલ્યાણ માટે ઉપયોગી બને. વળી, દિગંબરની પ્રક્રિયાનો અને શ્વેતાંબરની પ્રક્રિયાનો પરસ્પર અંતર જાણીને મધ્યસ્થતાપૂર્વક અનુભવ અનુસાર શ્વેતાંબરની પ્રક્રિયા પરમાર્થને બતાવે છે તેવો નિર્ણય કરીને પરમાર્થના જ્ઞાનયશને પ્રાપ્ત કરો અને હૈયામાં હરખ પામો; કેમ કે શ્વેતાંબર સંપ્રદાયમાં દ્રવ્યગુણપર્યાયનું જે સ્વરૂપ બતાવાયું છે, તે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવઅનુસાર સ્વબુદ્ધિથી જણાય છે, જે બોધ જ ઉચિત પ્રવૃત્તિ કરાવીને ક્ષપકશ્રેણીનું કારણ બને છે માટે મોક્ષ અર્થે જે દ્રવ્યગુણપર્યાયનો બોધ કરવાનો પ્રારંભ કર્યો તેનો યથાર્થ બોધ થવાથી હૈયામાં હર્ષ પામો. **॥૮/૨૫॥**

ઢાળ-૫ થી ૮

પ્રસ્તુત ઢાળમાં આત્મકલ્યાણના પ્રયોજન અર્થે યોજનનું સ્વરૂપ :-

ઢાળ-૫માં નયપ્રમાણના વિવેકને બતાવેલ છે જેથી નયદૃષ્ટિથી પદાર્થની વિચારણા કઈ રીતે થાય છે અને પ્રમાણદૃષ્ટિથી પદાર્થની વિચારણા કઈ રીતે થાય છે તેનો મર્મસ્પર્શી બોધ થઈ શકે. વળી, પ્રમાણથી

બોધ કર્યા પછી તે તે નયને પ્રધાન કરીને યત્ન કરવાથી હિતની પ્રાપ્તિ થાય છે. જેમ આદ્યભૂમિકાવાળા યોગીઓ વ્યવહારનયથી ઉચિત પ્રવૃત્તિઓ કરીને હિત સાધે છે અને સંપન્નભૂમિકાવાળા યોગીઓ નિશ્ચયનયને પ્રધાન કરીને હિત સાધી શકે છે તેથી ઉચિત સ્થાને ઉચિત નયોનું યોજન કરીને હિત કરવા અર્થે પ્રમાણ અને નયનો વિવેક અતિઆવશ્યક છે.

વળી, અહિંસા શ્રેષ્ઠ ધર્મ છે અને જેઓ પૂર્ણ અહિંસાનું પાલન કરે છે, તેઓ સંસારનો ઉચ્છેદ કરીને વીતરાગ થાય છે. આમ છતાં અહિંસાનું સ્વરૂપ પ્રમાણ કઈ રીતે સ્વીકારે છે અને નયો કઈ રીતે સ્વીકારે છે તેનો વિવેક ન હોય તો સાધક પણ આત્મા પોતાનું હિત સાધી શકે નહીં અને પ્રમાણથી અને નયદૃષ્ટિથી અહિંસાનો વિવેક આ પ્રમાણે છે :-

શબ્દાદિ ત્રણ નયો આત્માના ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ અંતરંગ રીતે પ્રવર્તતા વ્યાપારને અહિંસા કહે છે તેથી જેમ મુનિ જિનવચનનું દૃઢ અવલંબન લઈને સુભટની જેમ મોહના સંસ્કારોના ઉચ્છેદ માટે સતત જિનવચનથી જિનવચનાનુસાર ક્રિયાથી અંતરંગ ઉદ્યમ કરીને ક્રોધાદિ ચાર કષાયોના પ્રતિપક્ષ એવાં ક્ષમાદિ ભાવોમાં ઉદ્યમ કરે છે, તેઓ પોતાના ભાવપ્રાણોનું રક્ષણ કરવા અર્થે અહિંસાનું પાલન કરે છે એમ શબ્દાદિ ત્રણ નયો સ્વીકારે છે અને આત્માના શુદ્ધ ભાવપ્રાણોના રક્ષણ અર્થે જગતના સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય પરિણામરૂપ સમભાવનો પરિણામ આવશ્યક છે અને તે સમભાવના પરિણામને ઉલ્લસિત કરવા અર્થે છકાયના પાલનનો પરિણામ આવશ્યક છે, તેથી જગતવર્તી કોઈ જીવને કોઈ પ્રકારની પીડા ન થાય, કોઈના પ્રાણનો નાશ ન થાય અને કોઈના કષાયના ઉદ્રેકમાં પોતે નિમિત્ત ન બને તે પ્રકારે મુનિ સદા ઉદ્યમ કરે છે, જે આત્માના ષટ્કાયના પાલનના પરિણામરૂપ છે અને તેને ઋજુસૂત્રનય અહિંસાનું પાલન કહે છે. વળી, ષટ્કાયના પાલનના અર્થી સાધુ સંયમના પાલન અર્થે કોઈક કાયિક ચેષ્ટા કરવી આવશ્યક જણાય તો કંટકઆકીર્ણ ભૂમિમાં ગમનની જેમ યતનાપૂર્વક કાયયોગને પ્રવર્તાવે છે. તે વ્યવહારનયને સંમત અહિંસા છે.

આ રીતે વ્યવહારનયને સંમત, ઋજુસૂત્રનયને સંમત અને શબ્દાદિનય – એ ત્રણ નયોને સંમત એવી અહિંસાનું પાલન, એ પ્રમાણથી અહિંસા છે. વળી, તે તે નયની દૃષ્ટિ તે તે સ્થાનમાં ઉચિત પ્રયત્ન કરાવવા અર્થે હોય છે. તેથી નયદૃષ્ટિથી અને પ્રમાણદૃષ્ટિથી અહિંસાનું જ્ઞાન કરીને અહિંસામાં યત્ન કરવામાં આવે તો, તેના બળથી સંયમની પ્રાપ્તિ થાય છે અને સંયમની સમ્યક્ પ્રવૃત્તિના બળથી ક્ષપકશ્રેણીના વીર્યનો સંચય કરી શકે છે. ત્યાર પછી દ્રવ્યગુણપર્યાયના ભેદના ચિંતનરૂપ શુક્લધ્યાનના પ્રથમ પાયામાં અને અભેદના ચિંતનરૂપ શુક્લધ્યાનના બીજા પાયામાં જવા માટે જેમ સપ્તભંગી આદિનો બોધ આવશ્યક છે તેમ નયપ્રમાણનો બોધ પણ આવશ્યક છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ આત્મકલ્યાણમાં ઉપકારક એવો નયપ્રમાણનો વિવેક બતાવ્યો. તેના વિષયમાં દિગંબર દેવસેન જે કહે છે તે ભગવાનના શાસનના પદાર્થોને જ કોઈક દૃષ્ટિથી કહે છે, છતાં વિવેકવિકલ નયનો વિભાગ અને ઉપનયનો વિભાગ તેણે કર્યો છે તેનો બોધ કરાવવા અર્થે દેવસેનના વચનાનુસાર નયપ્રમાણનું સ્વરૂપ પાંચમી ઢાળની ગાથા-૭થી શરૂ કરીને આઠમી ઢાળની ગાથા-૭ સુધી ગ્રંથકારશ્રીએ બતાવેલ છે, જેનાથી નયોની દૃષ્ટિઓ કઈ કઈ રીતે પ્રવર્તે છે તેનો સૂક્ષ્મબોધ થાય છે; કેમ કે દેવસેને

દ્રવ્યાર્થિકનયના દસ ભેદો બતાવ્યા તે વિભાગમાં કઈ રીતે નયદૃષ્ટિ પ્રવર્તે છે ? અને પર્યાયાર્થિકનયના છ ભેદો બતાવ્યા તે વિભાગમાં કઈ રીતે નયદૃષ્ટિ પ્રવર્તે છે ? તેનો કંઈક સૂક્ષ્મ બોધ થાય છે. વળી, નૈગમ, સંગ્રહ આદિ સાત નયોના પણ જે ભેદો દિગંબરે બતાવ્યા છે તેનાથી પણ તે તે નયોની દૃષ્ટિઓ કઈ રીતે પ્રવર્તે છે ? તેનો સૂક્ષ્મ બોધ થાય છે. આમ છતાં વિભાગવાક્યની મર્યાદાને નહીં જાણનાર દેવસેને જે સાત નયોને બદલે નવ નયો કહ્યા અને દ્રવ્યાર્થિક આદિ નયોના જે દસ આદિ ભેદ કર્યા તે પણ કઈ રીતે ન્યૂનતાવાળા છે ? તેનું જ્ઞાન ગ્રંથકારશ્રીએ કરાવ્યું છે. જેથી પદાર્થના પારમાર્થિક સ્વરૂપને જોવાની સૂક્ષ્મ પ્રજ્ઞા પ્રગટે છે.

વળી, એક પદાર્થને આશ્રયીને સર્વનયોથી પૂર્ણ બોધ કરવામાં આવે તો યથાર્થ નિર્ણય થઈ શકે છે પરંતુ દિગંબર વચનાનુસાર સાત નયને બદલે નવ નયો ગ્રહણ કરવામાં આવે તો તેની સંગતિ થતી નથી.

જેમ અહિંસાનું સ્વરૂપ સાત નયોને સામે રાખીને પૂર્વમાં વર્ણન કર્યું તેમ વ્યવહારનયની અહિંસા, ઋજુસૂત્રનયની અહિંસા અને શબ્દાદિનયની અહિંસા એ ત્રણ નયોની અહિંસાનો બોધ થાય છે. વળી, કોઈક વધુ પ્રજ્ઞાવાળા તેનો વિશદ બોધ કરે તો તે સાતે નયોથી અહિંસાના સ્વરૂપનું પરસ્પર વિભાજન કરીને પૂર્ણ અહિંસાનો બોધ કરી શકે, પરંતુ સાત નયને બદલે દેવસેન કહે છે તે નવ નય પરસ્પર એકબીજામાં અંતર્ભાવ પામતા હોવાથી યથાર્થ બોધ કરાવવા સમર્થ બનતા નથી; કેમ કે અહિંસાનું સ્વરૂપ નૈગમનયથી શરૂ કરીને એવંભૂતનય સુધી સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય છે અને અંતિમ એવાં એવંભૂતનયમાં અત્યંત સૂક્ષ્મ અહિંસાના સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. જ્યારે તે બેથી અતિરિક્ત એવાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને ભેળવીને નવ નયથી વિચારણા કરવામાં આવે તો ભ્રમ થાય કે નૈગમાદિ સાત નયોથી અહિંસાનો પૂર્ણ બોધ થયા પછી દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય કઈ રીતે તેના બોધમાં ઉપયોગી છે જેથી સાતને બદલે દિગંબરો નવ નય કહે છે ? અર્થાત્ તે નવ નયો ક્રમસર સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ કરાવીને એક વસ્તુવિષયક પૂર્ણ બોધ કરાવવા અર્થે સમર્થ નથી માટે અસંબદ્ધ રીતે તેમનો વિભાગ છે. આથી જ સર્વત્ર સાત નયો કે સાત નયોના પેટા ભેદોને સ્વીકારીને વસ્તુનો બોધ કરવામાં આવે તો પૂર્ણ વસ્તુનો બોધ થાય અથવા દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને ગ્રહણ કરીને વસ્તુનો બોધ કરવામાં આવે તો પૂર્ણ વસ્તુનો બોધ થાય પરંતુ જે રીતે દિગંબરે યથાતથા વિભાગ કરેલો છે તે વિભાગ વિવેકીને બોધ કરાવવામાં ભ્રમ પેદા કરાવે છે તેથી ગ્રંથકારશ્રીએ તેનું આઠમી ઢાળની ગાથા-૮થી ગાથા-૨૩ સુધી નિરાકરણ કર્યું છે, જેથી પદાર્થને યથાર્થ જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રગટે અને પરસંપ્રદાયની પણ યુક્તિયુક્ત વાતને તટસ્થતાથી સ્વીકારવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટે અને પરદર્શનની અસંબદ્ધ વાતને મધ્યસ્થતાથી જોઈને કઈ રીતે અસંબદ્ધ છે તેનો નિર્ણય કરવાની શક્તિ પ્રગટે છે. તેથી સ્વદર્શન-પરદર્શનના પક્ષપાત વગર શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી તત્ત્વનો નિર્ણય કરીને નયપ્રમાણનો યથાર્થ બોધ થાય તો તે માર્ગાનુસારી બોધથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવા દ્વારા સમભાવની વૃદ્ધિ થાય જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય. માટે પ્રસ્તુત-પથી ૮ ઢાળના અભ્યાસથી પણ યોગ્યજીવોને કલ્યાણની પ્રાપ્તિ થાય છે.



ઢાળ-૯

પૂર્વની ઢાળ સાથેનું જોડાણ :-

પ્રસ્તુત ગ્રંથ દ્રવ્ય, ગુણ, અને પર્યાયનો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ રચેલો છે. તે દ્રવ્યગુણપર્યાયનો ભેદ કઈ અપેક્ષાએ છે ? અને અભેદ કઈ અપેક્ષાએ છે તેનું પ્રારંભમાં વર્ણન કર્યું. ત્યારપછી તે દ્રવ્યગુણપર્યાયને આશ્રયીને સપ્તભંગી આદિ ભાવો કઈ રીતે પ્રાપ્ત થાય છે તે બતાવ્યું અને તે વિષયમાં દિગંબર એવાં દેવસેને 'નયચક્ર' ગ્રંથમાં જે પદાર્થો બતાવ્યા છે તેનું વર્ણન કરીને ગ્રંથકારશ્રીએ સ્વમત અનુસાર અને યુક્તિથી કઈ કઈ અસંગતિઓ છે ? તેની અત્યારસુધી સ્પષ્ટતા કરી. વળી, તે દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુનો વિચાર કરીએ તો ગુણથી પૃથક્ પર્યાય નથી પરંતુ ઉપચારથી પૃથક્ છે તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બતાવ્યું અને તે પ્રમાણે દરેક પદાર્થોનો વિચાર કરીએ તો દરેક વસ્તુ દ્રવ્ય અને પર્યાયરૂપ છે. હવે દરેક વસ્તુ દ્રવ્યથી ધ્રુવરૂપ છે અને તે જ વસ્તુ પર્યાયથી પ્રતિક્ષણ અન્યરૂપે ઉત્પન્ન થાય છે તે પ્રસ્તુત ઢાળમાં બતાવે છે –

ગાથા :-

એક અરથ તિહું લક્ષણે, જિમ સહિત કહઇ જિનરાજ રે;
તિમ સદ્દહણા મનિ ધારતા, સીઝઈ સઘલા શુભકાજ રે. ॥૯/૧॥
જિનવાણી પ્રાણી સાંભલો.

ગાથાર્થ :-

જેમ, એક અર્થ=એક વસ્તુ, ત્રણ લક્ષણ સહિત જિનરાજ કહે છે. તેમ સદ્દહણા=શ્રદ્ધા, મનમાં ધારતા, સઘળા શુભકાર્ય સિદ્ધ થાય છે. હે પ્રાણી ! જિનવાણી સાંભળો. ॥૯/૧॥

ટબો :-

એક જ અર્થ-જીવપુદ્ગલાદિક, ઘટાપટાદિક જિમ ૩ લક્ષણે-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યઈં કરી સહિત શ્રી જિનરાજ કહઇ છઈ, "उपनेइ वा विगमेइ वा; धुवेइ वा" એ ત્રિપદીઇં કરીનઈં, તિમ-સદ્દહણા મનમાંહિ ધરતાં સર્વ કાર્ય સીઝેઇ. એ ત્રિપદીનઈં સર્વ અર્થ વ્યાપકપણું ધારવું, તે-જિનશાસનાર્થ. પણિ કેટલાંઈક નિત્ય કેટલાંઈક અનિત્ય ઈમ નૈયાયિકાદિક કહઈ છઈ, તે રીતિં નહીં. નિત્યૈકાંત, અનિત્યૈકાંત પક્ષમાં લોકયુક્તિ પણિ વિરુદ્ધ છઈ તે માટિં-દીપથી માંડી આકાશતાંઈ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય-લક્ષણ માનવું, તેહ જ પ્રમાણ.

उक्तं च –

"आदीपमाव्योमसमस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु ।

तन्नित्यमेवैकमनित्यमन्यदिति त्वदाज्ञाद्विषतां प्रलापाः" ।।१।। **(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका, श्लोक-५)** **।।९/१।।**

ટબાર્થ :-

એક જ અર્થ=જીવપુદ્ગલાદિક અને ઘટપટાદિક એક જ અર્થ, જેમ-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય-ત્રણ લક્ષણે કરી સહિત શ્રી જિનરાજ કહે છે.

કેમ ત્રણ લક્ષણે કરી સહિત કહે છે ? તેથી કહે છે –

ઉપનેઇ વા વિગમેઇ વા, ધુવેઇ વા એ ત્રિપદીને આશ્રયીને જિનરાજ કહે છે અને જેમ જિનરાજ કહે છે તેમ સદ્દહણાને=હૈયાની રુચિપૂર્વક સ્વીકારીને, મનમાં ધારતાં=આ ત્રિપદીના પારમાર્થિક સ્વરૂપને મનમાં ધારતાં, સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એટલું ધારવાથી આત્માનાં સર્વ શુભ કાર્યો કઈ રીતે સિદ્ધ થાય છે ? તેથી કહે છે –

એ ત્રિપદીને, સર્વ અર્થનું=સર્વજ્ઞે કહેલા સર્વ પદાર્થોરૂપ સર્વ અર્થનું, વ્યાપકપણું ધારવું અર્થાત્ તે સર્વ અર્થોનું વર્ણન છે તેમાં ત્રિપદી વ્યાપીને રહેલી છે એમ જાણવું. તેથી ત્રિપદીના બળથી જ ભગવાનના શાસનના સર્વ પદાર્થો પ્રગટ થાય છે તે જિનશાસનનો અર્થ છે. પરંતુ "કેટલાક નિત્ય= કેટલાક પદાર્થ નિત્ય છે, અને કેટલાક અનિત્ય=કેટલાક પદાર્થ અનિત્ય છે," એમ નૈયાયિક કહે છે તે રીતે નહીં=તે રીતે પદાર્થોને ધારણ કરવા નહીં.

કેટલાક નિત્ય પદાર્થો અને કેટલાક અનિત્ય પદાર્થો કેમ સ્વીકારવા નહીં પરંતુ સર્વ પદાર્થોને નિત્યાનિત્ય જ કેમ સ્વીકારવા તેને માટે યુક્તિ કહે છે –

નિત્ય એકાંત અને અનિત્ય એકાંત પક્ષમાં લોકયુક્તિ પણ વિરુદ્ધ છે તે માટે=નિત્ય એકાંત પક્ષ અને અનિત્ય એકાંત પક્ષ લોકયુક્તિથી વિરુદ્ધ છે તે માટે, દીપકથી માંડીને આકાશ સુધી સર્વ પદાર્થોને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ માનવા તે જ પ્રમાણ છે.

उक्तं च=અને કહેવાયું છે=સર્વ પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણવાળા છે તે કહેવાયું છે –

"आदीपमाव्योमसमस्वभावं वस्तु=દીપથી માંડીને આકાશ સુધી સમસ્વભાવવાળી વસ્તુ, स्याद्वादमुद्राऽनतिभेदि= સ્યાદ્વાદમુદ્રાને અનતિભેદિ છે=સ્યાદ્વાદમુદ્રાને નહીં ઓળંગનારી છે. तत्=તે કારણથી, नित्यमेवैकमनित्यमन्यत्=નિત્ય જ એક છે, અનિત્ય અન્ય છે. इति प्रलापाः= એ પ્રમાણેના પ્રલાપો, त्वदाज्ञाद्विषतां=તમારી આજ્ઞાનો દ્વેષ કરનારા પુરુષોના છે." ।।१।। **(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका, श्लोक-५)** **।।९/१।।**

ભાવાર્થ :-

જે વખતે ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે તે વખતે પૂર્વપર્યાયનું વિગમન થાય છે અને તે દ્રવ્ય દ્રવ્યરૂપે ધ્રુવ છે તેથી દરેક વસ્તુ પર્યાયથી ઉત્પાદ-વ્યયરૂપ છે અને દ્રવ્યથી ધ્રુવરૂપ છે. માટે "જગતવર્તી જીવ, પુદ્ગલ આદિ કોઈ વસ્તુનું કે ઘટપટાદિ કોઈપણ વસ્તુનું ગ્રહણ કરીને વિચારીએ તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી સહિત તે વસ્તુ છે" એમ ભગવાન કહે છે; કેમ કે ભગવાને તીર્થની સ્થાપના વખતે "उपनेइ वा विगमेइ वा, धुवेइ वा" એ ત્રિપદી દ્વારા જ તત્ત્વ બતાવેલ છે અને તે ત્રિપદીમાંથી જ આખી દ્વાદશાંગી ઉત્પન્ન થયેલ છે અર્થાત્ આત્મકલ્યાણના અત્યંત અર્થી એવાં ગણધરો તીર્થંકરભગવાનને "તત્ત્વ શું છે ?" એ પ્રકારની જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે, તેના ઉત્તરરૂપે ભગવાને આ ત્રિપદી આપી અને તે ત્રિપદીના બળથી જ ગણધરોને આખી દ્વાદશાંગીરૂપ અર્થની ઉપસ્થિતિ થઈ. તેથી આત્મકલ્યાણમાં અતિઉપકારક એવી દ્વાદશાંગીરૂપ સર્વ અર્થ સાથે ત્રિપદીનું એકવાક્યપણું છે. માટે તે ત્રિપદી જ તત્ત્વને બતાવનાર છે એવી સ્થિર શ્રદ્ધા કરવી જોઈએ અને ત્રિપદીના અર્થને જ મનમાં ધારણ કરીને યત્ન કરવામાં આવે તો સર્વ કાર્યો સિદ્ધ થાય છે; કેમ કે ત્રિપદીનો જ વિસ્તૃત અર્થ આખી દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાન છે અને તે દ્વાદશાંગી જેના હૈયામાં સ્થિર વસેલી છે અને તેને મનમાં ધારણ કરીને જેઓ તે દ્વાદશાંગી અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે અને અનુચિત પ્રવૃત્તિથી નિવૃત્તિ કરે છે, તેઓ સર્વ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. માટે તેનાં સર્વ કાર્યો સિદ્ધ થાય છે અને આ ત્રિપદી જિનશાસનનો સાર છે પરંતુ નૈયાયિક આદિ, જેમ કેટલાક પદાર્થને નિત્ય કહે છે અને કેટલાક પદાર્થને અનિત્ય કહે છે એ રીતે સ્થૂળ બુદ્ધિથી સ્વીકારીને સ્થૂળ બુદ્ધિથી વિપરીત બોધ કરવો નહીં અર્થાત્ નૈયાયિક કહે છે કે, સંસારી જીવોનો આત્મા, આકાશ અને પરમાણુ આદિ કેટલાક પદાર્થો નિત્ય છે=એકાંત નિત્ય છે, અને ઘટપટાદિ અને દ્વયણુકાદિ કેટલાક પદાર્થો અનિત્ય છે=એકાંત અનિત્ય છે અને સ્થૂળથી વિચારનારને, એ વસ્તુ, જે પ્રમાણે નૈયાયિક કહે છે તે રીતે ભાસે છે પરંતુ તે રીતે સ્વીકારવું નહીં; કેમ કે નિત્ય એકાંતપક્ષમાં કે અનિત્ય એકાંતપક્ષમાં લોકયુક્તિ પણ વિરુદ્ધ છે; કેમ કે લોકયુક્તિથી વિચારીએ તો "પોતાનો આત્મા પોતાને બાલ્યકાળમાં જે હું હતો તે જ હું યુવાનીમાં અને વૃદ્ધાવસ્થામાં પણ છું" તેમ પ્રતીત થાય છે અને બાલ્યાવસ્થા અને યુવાવસ્થારૂપ પર્યાયોનો પોતાનામાં ભેદ છે તેમ પ્રતીત થાય છે. તેથી દ્રવ્યથી પોતાનો આત્મા નિત્ય છે અને પર્યાયથી પોતાનો આત્મા અનિત્ય છે તેમ લોકના અનુભવથી અને યુક્તિથી પણ સિદ્ધ થાય છે માટે દીવાથી માંડીને આકાશ સુધી સર્વ પદાર્થો ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્યરૂપ જ માનવા એ જ પ્રમાણ છે.

અહીં દીપને અનિત્ય ગ્રહણ કરીને બૌદ્ધ દર્શન "સર્વ પદાર્થો અનિત્ય છે" તેમ સ્થાપન કરે છે અને આકાશને નિત્ય ગ્રહણ કરીને નૈયાયિક "આકાશની જેમ આત્મા, પરમાણુ આદિ નિત્ય છે" તેમ સ્થાપન કરે છે તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે દીપ પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ છે, એકાંત અનિત્ય નથી અને આકાશ પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યસ્વરૂપ છે, એકાંત નિત્ય નથી. માટે સર્વ પદાર્થો નિત્યાનિત્યરૂપ જ છે. તે આ રીતે :-

દીપમાં રહેલા ઘીના પુદ્ગલો પ્રતિક્ષણ કલિકારૂપે થાય છે અને તે દીપકલિકા, વ્યાઘાત ન હોય તો, દીર્ઘકાળ સુધી સદૃશ જ્યોત સ્વરૂપે દેખાય છે. આમ છતાં ઘીના પુદ્ગલો જ તે કલિકારૂપે થયેલા છે અને તે બીજી ક્ષણે નાશ પામે છે અને તે બીજી ક્ષણે નવા ઘીના પુદ્ગલો તે દીપકલિકાના સ્થાને બીજી કલિકારૂપે થાય છે. આ રીતે પ્રતિક્ષણ પૂર્વપૂર્વની કલિકા નાશ પામે છે. આ પ્રમાણે દીપકલિકાના દૃષ્ટાંતથી સર્વ પદાર્થો એકાંત અનિત્ય છે તેમ બૌદ્ધ દર્શન સ્થાપન કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે કે દીપકલિકામાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યલક્ષણ છે. તે આ રીતે –

કોઈક પુદ્ગલો પૂર્વમાં ઘીરૂપે પરિણમન પામેલા, તે ઘીના પરિણામનો ત્યાગ કરીને, કલિકારૂપે પરિણમન પામે છે અને કલિકારૂપે પરિણમન પામેલા ઘીના પુદ્ગલો ઉત્તર ક્ષણમાં ધૂમાદિરૂપે પરિણમન પામે છે તેથી પ્રથમ ક્ષણના દીપકલિકાના જે પુદ્ગલો છે તે પૂર્વમાં ઘીપર્યાયરૂપે હતા અને ઉત્તરમાં દીપકલિકારૂપે થયા અને ત્યારપછી ધૂમાદિ પર્યાયરૂપે થયા. તે રીતે બીજી ક્ષણની દીપકલિકા પણ પૂર્વની ક્ષણમાં ઘીપર્યાયરૂપે હોય છે અને ઉત્તરની ક્ષણમાં દીપકલિકારૂપે થાય છે અને ત્યારપછીની ક્ષણમાં ધૂમાદિરૂપે થાય છે. આ રીતે દીપકલિકાની સંતતિમાં વર્તતા દરેક પુદ્ગલો પુદ્ગલરૂપે ધ્રુવ છે અને તે તે પર્યાયરૂપે ઉત્પાદ, વ્યયરૂપ છે. માટે દીપકલિકાના પુદ્ગલોમાં પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણની પ્રાપ્તિ છે.

વળી, આકાશમાં કોઈ પરિવર્તન નથી પરંતુ સદા સ્થિર એકસ્વભાવવાળો છે તેને દૃષ્ટાંત કરીને નૈયાયિક આત્મા, પરમાણુ આદિને એકાંત નિત્ય સ્થાપન કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે કે, આકાશ પણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણવાળું છે, એકાંત નિત્ય નથી. તે આ રીતે –

આકાશ દ્રવ્યનો અવગાહન આપવાનો ગુણ છે અને જે આકાશક્ષેત્રમાં જે વસ્તુ અવગાહીને રહે છે તેને અવગાહન આપવાના પરિણામવાળા તે આકાશપ્રદેશો છે અને તે વસ્તુ ક્ષેત્રાંતરમાં જાય છે ત્યારે તે વસ્તુને અવલંબીને તે આકાશપ્રદેશોમાં અવગાહનદાનપરિણામ નાશ પામે છે તેથી તે આકાશપ્રદેશો આકાશરૂપે નિત્ય હોવા છતાં તે આકાશપ્રદેશોમાં રહેલ વસ્તુના ગમન-આગમનને આશ્રયીને તે તે આકાશપ્રદેશોમાં વર્તતા અવગાહનદાનપરિણામમાં ઉત્પાદ, વ્યય થાય છે. તેથી આકાશ પણ ઘટાકાશ, પટાકાશ આદિરૂપે અનિત્ય છે અને આકાશરૂપે નિત્ય છે.

દીપથી માંડીને આકાશ સુધી સર્વ પદાર્થો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપે છે તેમાં ગ્રંથકારશ્રી સાક્ષી આપે છે.

દીવાથી માંડીને આકાશરૂપી સર્વ વસ્તુ સમાન સ્વભાવવાળી છે અને તે સમાન સ્વભાવ હોવાથી જ સ્યાદ્વાદમુદ્રામાં કોઈનો ભેદ થતો નથી અર્થાત્ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ સ્વભાવ દરેક વસ્તુના સમાન છે તેથી એક વસ્તુને નિત્ય અને અન્ય વસ્તુને અનિત્ય એ પ્રમાણે નૈયાયિકો જે કહે છે, તે તેઓનાં વચનો ભગવાનના વચનના દ્વેષવાળાં છે. **॥૯/૧॥**

અવતરણિકા :-

એહ જ ભાવ વિવરીનઈં કહઈં છઈં –

અવતરણિકાર્થ :-

એ જ ભાવ=ગાથા-૧માં કહ્યું કે, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણથી યુક્ત વસ્તુને માનવી જોઈએ એ જ ભાવને, વિવરણ કરીને કહે છે –

ગાથા :-

ઉત્પાદ, વ્યય, ધ્રુવપણઇં, છઇં સમય સમય પરિણામ રે;
ષટ્દ્રવ્યતણો પ્રત્યક્ષથી, ન વિરોધતણો એ ઠામ રે. જિન૦ ॥૯/૨॥

ગાથાર્થ :-

પ્રત્યક્ષથી દેખાતો ઉત્પાદ, વ્યય, ધ્રુવપણાનો ષટ્દ્રવ્યતણો સમયસમયનો પરિણામ છે. વિરોધતણું એ સ્થાન નથી=ઉત્પાદ, વ્યય હોય ત્યાં ધ્રુવ ન હોય અને ધ્રુવ હોય ત્યાં ઉત્પાદ, વ્યય ન હોય એ પ્રકારના વિરોધપણાનું સ્થાન નથી. ॥૯/૨॥

ટબો :-

ઉત્પાદ ૧, વ્યય ૨, ધ્રુવ ૩-એ ૩ લક્ષણો ષટ્દ્રવ્યનો સમય સમય પરિણામ છઈં.

કોઈ કહસ્યઈં જે-'જિહાં-ઉત્પાદ-વ્યયપણું, તિહાં-ધ્રુવપણું નહીં, જિહાં-ધ્રુવપણું, તિહાં-ઉત્પાદ-વ્યય નહીં; એહવો વિરોધ છઈ. તો-૩ લક્ષણ એક ઠામિ કિમ હોઈ ? તિમ-૩ લક્ષણ એક ઠામિ ન હુઆં જોઈઈ'. તેહનઈં કહિઈં જે-શીત, ઉષ્ણ સ્પર્શ જલ, અનલનઈં વિષઈં પરસ્પરઈં પરિહારઈં દીઠા છઈ, તેહનઈં-એક ઠામઈં ઉપસંહારઇ વિરોધ કહિઈં, ઈહાં-તો ત્રણ લક્ષણ સર્વત્ર એકઠાં જ પ્રત્યક્ષથી દીસઈં છઈ, પરસ્પર પરિહારઈં કિહાંઈં પ્રત્યક્ષસિદ્ધ નથી, તો એ વિરોધનો ઠામ કિમ હોઈ ? અનાદિકાલીન એકાંતવાસનાઈં મોહિત જીવ એહોનો વિરોધ જાણઈં છઈ, પણિ પરમાર્થઈં વિચારી જોતાં વિરોધ નથી. સમનિયતતાઈં પ્રત્યય જ વિરોધભંજક છઈ. ॥૯/૨॥

ટબાર્થ :-

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એ ત્રણ લક્ષણો ષટ્દ્રવ્યનો સમયસમયનો પરિણામ છે=પ્રતિસમય દરેક વસ્તુમાં આ ત્રણ પરિણામો વર્તી રહ્યા છે.

કોઈ કહેશે, જે-જેમાં=જે એક વસ્તુમાં, ઉત્પાદ-વ્યયપણું, તેમાં=તે વસ્તુમાં, ધ્રુવપણું હોય નહીં, જ્યાં=જે વસ્તુમાં, ધ્રુવપણું, તેમાં=તે વસ્તુમાં, ઉત્પાદ-વ્યય હોય નહીં, એવો વિરોધ છે. તો ત્રણ

લક્ષણ એક સ્થાને કેમ હોય ? તેમ=વિરોધ છે તેમ, ત્રણ લક્ષણ એકસ્થાને ન હોવાં જોઈએ. તેને કહીએ છીએ, જે શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ પાણીના અને અગ્નિના વિષયમાં પરસ્પર પરિહારે દેખાય છે=પાણીમાં શીતસ્પર્શ છે, ઉષ્ણસ્પર્શ નથી અને અગ્નિમાં ઉષ્ણસ્પર્શ છે, શીતસ્પર્શ નથી-એ રીતે શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ પરસ્પર પરિહારથી એક સ્થાનમાં દેખાય છે. તેને=શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શને, એક સ્થાનમાં ઉપસંહાર કરીએ=સ્વીકાર કરીએ, તો વિરોધ કહેવાય. અહીં તો=છ દ્રવ્યમાં તો, ત્રણ લક્ષણ સર્વત્ર=સર્વ દ્રવ્યમાં, એક સ્થાને જ પ્રત્યક્ષથી દેખાય છે. પરસ્પરના પરિહારથી=ધ્રુવપણું હોય ત્યાં ઉત્પાદ, વ્યય ન હોય અને ઉત્પાદ, વ્યય હોય ત્યાં ધ્રુવપણું ન હોય એ પ્રકારના પરસ્પરના પરિહારથી, ક્યાંય પ્રત્યક્ષ સિદ્ધ નથી=કોઈ દ્રવ્યમાં પ્રત્યક્ષસિદ્ધ નથી. તો એ=ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય-એ, વિરોધનું સ્થાન કેમ થાય ?=એક દ્રવ્યમાં એ ત્રણ લક્ષણનો સ્વીકાર એ વિરોધનું સ્થાન થાય નહીં. અનાદિકાળની એકાંત વાસનાથી મોહિત જીવ એનો વિરોધ જાણે છે=અનાદિકાળથી જિનવચનાનુસાર કે યુક્તિ અનુસાર કે અનુભવ અનુસાર તત્ત્વને જોનાર નથી પરંતુ જે જે પ્રકારના સંયોગને પ્રાપ્ત કરે છે તે સંયોગ અનુસાર તે તે દર્શનની એકાંતવાસનાથી મોહિત જીવ એનો વિરોધ જાણે છે, પણ પરમાર્થથી વિચારી જોતાં વિરોધ નથી=છએ દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને સ્વીકારવામાં વિરોધ નથી.

કેમ વિરોધ નથી તેથી કહે છે –

સમનિયતતાનો પ્રત્યય જ=એ દેખીતી સર્વ વસ્તુમાં સમાન રીતે રહેલા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો બોધ જ, વિરોધનો ભંજક છે=ત્રણને એક સ્થાનમાં સ્વીકારવામાં જે વિરોધનું કોઈક પૂર્વપક્ષી ઉદ્‌ભાવન કરે છે તે વિરોધનો ભંજક છે. ॥૯/૨॥

ભાવાર્થ :-

ગાથા-૧માં કહ્યું કે, દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રુવરૂપે ભગવાને કહ્યો છે અને તે પ્રકારે શ્રદ્ધા કરીને મનમાં ધારણ કરો તો આત્માનાં બધાં શુભ કાર્યો સિદ્ધ થાય છે; કેમ કે જે મહાત્મા શાસ્ત્રવચનથી, યુક્તિથી અને અનુભવથી આ ત્રણ લક્ષણોના પરમાર્થને જાણે છે, તે મહાત્મા ભગવાનની આખી દ્વાદશાંગીના પરમાર્થને સંક્ષેપથી જાણે છે. તેથી દ્વાદશાંગી તેના હિતનું એકાંત કારણ બને છે અને તે ત્રણ લક્ષણના પરમાર્થને સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે, જૈનશાસન ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોને સ્વીકારે છે, તે છએ દ્રવ્યોમાં પ્રત્યક્ષથી જે દ્રવ્યો દેખાય છે તે સર્વમાં પ્રતિસમય ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું વિદ્યમાન છે; કેમ કે દરેક દ્રવ્ય પ્રતિક્ષણ કોઈક અવસ્થાથી અન્ય અવસ્થારૂપે પરિણમન પામે છે તે વખતે તે દ્રવ્યમાં પૂર્વની અવસ્થાનો વ્યય પ્રત્યક્ષથી દેખાય છે અને નવી અવસ્થાનો ઉત્પાદ પ્રત્યક્ષથી દેખાય છે અને તે બંને અવસ્થાના આધારભૂત એવું તે દ્રવ્ય ધ્રુવ પણ તે જ સમયે પ્રત્યક્ષથી દેખાય છે. તેથી વર્તમાનક્ષણમાં પોતાનો આત્મા પૂર્વ અવસ્થાનો ત્યાગ કરીને નવી અવસ્થાને પામતો દેખાય છે ત્યારે વર્તમાનક્ષણમાં જ પોતે ધ્રુવ છે તેમ પણ સ્વઅનુભવથી જણાય છે, માટે જેમ પોતાના આત્મામાં પ્રતિસમય ઉત્પાદ, વ્યય અને

ધ્રુવપણું પ્રત્યક્ષથી પ્રતીત થાય છે અને દેખાતા ઘટપટાદિ વસ્તુમાં પ્રતિસમય ઉત્પાદ, વ્યય, ધ્રુવપણું પ્રત્યક્ષથી દેખાય છે તેમ છએ દ્રવ્યોમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવપણારૂપ ત્રણે લક્ષણોનો સમયસમયનો પરિણામ છે એમ માનવું જોઈએ.

અહીં કોઈ કહે છે કે ઉત્પાદ અને વ્યય એક સ્થાનમાં સ્વીકારી શકાય; કેમ કે કોઈ વસ્તુનો ઉત્પાદ થાય છે ત્યારે તેની પૂર્વ અવસ્થાનો વ્યય પ્રાપ્ત થાય છે પરંતુ જ્યાં ઉત્પાદ, વ્યય હોય ત્યાં ધ્રુવપણું સ્વીકારી શકાય નહીં. જેમ, દીપકલિકામાં પૂર્વની દીપકલિકા નાશ પામે છે ત્યારે જ નવી દીપકલિકા દેખાય છે પરંતુ તે નવી દીપકલિકાના ઉત્પાદ વખતે જેમ પૂર્વની દીપકલિકાનો વ્યય દેખાય છે તેમ ધ્રુવપણું દેખાતું નથી. વળી, જ્યાં ધ્રુવપણું હોય ત્યાં ઉત્પાદ, વ્યય દેખાતા નથી. જેમ, આકાશમાં ધ્રુવપણું દેખાય છે ત્યાં કોઈ પ્રકારનો વ્યય કે કોઈ પ્રકારનો ઉત્પાદ દેખાતો નથી. માટે ધ્રુવપણું હોય ત્યાં ઉત્પાદ, વ્યય હોઈ શકે નહીં એવો વિરોધ છે માટે, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એક સ્થાનમાં કેમ હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહીં. તેથી એક સ્થાનમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સંભવે નહીં. આ પ્રકારના વચનનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે –

પાણીમાં શીતસ્પર્શ છે, અગ્નિમાં ઉષ્ણસ્પર્શ છે. તે બંને સ્પર્શ એક જ વસ્તુમાં ક્યાંય દેખાતા નથી; કેમ કે પાણીમાં શીતસ્પર્શ હોય ત્યારે ઉષ્ણસ્પર્શ હોઈ શકે નહીં અને અગ્નિમાં ઉષ્ણસ્પર્શ હોય ત્યારે શીતસ્પર્શ હોઈ શકે નહીં. આમ છતાં કોઈક એક સ્થાનમાં શીતસ્પર્શ છે અને ઉષ્ણસ્પર્શ છે એમ કહેવામાં આવે તો વિરોધ કહેવાય; કેમ કે પ્રત્યક્ષ અનુભવથી શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ એક સ્થાનમાં રહેતા નથી તેમ દેખાય છે જ્યારે છએ દ્રવ્યોમાં તો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ ત્રણે લક્ષણો એક જ સ્થાનમાં પ્રત્યક્ષથી દેખાય છે, પરંતુ કોઈ સ્થાનમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ-એ બંને પરસ્પરના પરિહારથી પ્રત્યક્ષથી સિદ્ધ નથી માટે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ વચ્ચે વિરોધનું સ્થાન હોઈ શકે નહીં.

અહીં પ્રશ્ન થાય કે, જૈનદર્શન સિવાય અન્ય દર્શનવાળા ઉત્પાદ, વ્યય સાથે ધ્રુવનો પરસ્પર વિરોધ સ્વીકારે છે તેથી તેઓને દરેક પદાર્થમાં એક સ્થાને ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે કેમ દેખાતા નથી ? આથી જ દીપકલિકાના દૃષ્ટાંતથી બૌદ્ધ દર્શનવાળા ઉત્પાદ, વ્યયની સિદ્ધિ કરે છે અને તેના દ્વારા સર્વ પદાર્થો એકાંત ક્ષણિક છે તેમ સ્થાપન કરે છે. વળી, નૈયાયિકને આકાશ ધ્રુવ દેખાય છે અને તેના દૃષ્ટાંતથી આત્મા અને પરમાણુને એકાંત ધ્રુવ સ્થાપન કરે છે માટે સર્વત્ર ઉત્પાદ, વ્યય, ધ્રુવ ત્રણે એકસાથે રહેલા છે એમ પ્રત્યક્ષથી દેખાય છે તેમ કેમ કહી શકાય ? તેના ઉત્તરરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

અનાદિકાળથી જીવમાં એકાંતવાસના છે અને તે એકાંતની વાસનાથી જીવ ઉત્પાદ, વ્યયનો ધ્રુવ સાથે વિરોધ જાણે છે પણ પરમાર્થથી વિચારી જોતાં ધ્રુવ સાથે વિરોધ નથી. તેથી એકાંતવાદી એવાં બૌદ્ધ દર્શનવાળા એકાંત વાસનાથી મોહિત થઈને સર્વ પદાર્થોને ઉત્પાદ-વ્યયરૂપ સ્વીકારે છે. વળી, એકાંતવાસનાથી મોહિત થઈને નૈયાયિકો આકાશાદિ પદાર્થોને ધ્રુવ કહે છે. પરમાર્થથી પદાર્થનું સ્વરૂપ વિચારવામાં આવે તો ઉત્પાદ, વ્યય, ધ્રુવને એક સ્થાનમાં વિરોધ નથી; કેમ કે "ઉત્પાદ, વ્યય, ધ્રુવરૂપ ત્રણે ભાવો સમનિયત એક સ્થાનમાં જણાય છે" એ બોધ જ વિરોધનો ભંજક છે.

અહીં વિચારકને પ્રશ્ન થાય કે, તે તે દર્શનવાળા એકાંતવાસનાથી મોહિત છે એમ ગ્રંથકારશ્રીએ ન કહ્યું પરંતુ અનાદિકાળની એકાંત વાસનાથી મોહિત જીવ ઉત્પાદ, વ્યયનો વિરોધ જાણે છે તેમ ગ્રંથકારશ્રીએ કેમ કહ્યું ? કેમ કે તે તે દર્શનવાળા અનાદિકાળથી એકાંતવાસનાવાળા નથી પરંતુ તે તે ભવમાં તે તે દર્શનની એકાંતવાસનાથી મોહિત છે. માટે ગ્રંથકારશ્રીએ અનાદિકાળની એકાંતવાસનાથી જીવ મોહિત છે તેમ કહેવું જોઈએ નહીં.

તેનું તાત્પર્ય એ છે કે, અનાદિકાળથી સંસારવર્તી જીવો પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવાને અભિમુખ થયા નથી પરંતુ પોતાની ઇન્દ્રિયોથી જે જે પ્રકારે પદાર્થ દેખાય છે તે તે પ્રકારે એકાંતવાસનાથી મોહિત હોય છે. તેથી જ આત્મહિતને છોડીને એકાંત દૃષ્ટ પોતાના ભવને સામે રાખીને તુચ્છ એવાં સુખ માટે પ્રયત્ન કરે છે તે રીતે કોઈક જીવ કોઈ દર્શનમાં જન્મે ત્યારે તે તે દર્શન પ્રત્યે અવિચારક રાગ થાય છે તેથી એકાંતવાસનાથી મોહિત એવો તે જીવ ઉત્પાદ, વ્યય અને ધ્રુવનો પરસ્પર વિરોધ છે તેમ જાણે છે અને તેથી અવિચારકરૂપે અનાદિકાળથી આત્મામાં જે એકાંતવાસના વર્તે છે તેના બળથી જેમ સંસારી જીવો પોતાના હિતનો નાશ કરે છે તેમ તે તે દર્શનમાં રહીને પણ એકાંતવાસનાથી મોહિત જીવ ઉત્પાદ, વ્યય અને ધ્રુવ વચ્ચે પરસ્પર વિરોધ જાણીને પરમાર્થને જોવા સમર્થ બનતા નથી તેથી તત્ત્વની પ્રાપ્તિ કરીને હિત સાધી શકતા નથી. **॥૯/૨॥**

અવતરણિકા :-

તેહ જ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

તે જ દેખાડે છે=પૂર્વ ગાથામાં કહ્યું કે પ્રત્યક્ષથી સમયે સમયે છએ દ્રવ્યોનો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય દેખાય છે તેમાં કોઈ વિરોધને સ્થાન નથી, તે જ અનુભવને અનુરૂપ પ્રત્યક્ષથી દેખાડે છે –

ગાથા :-

ઘટ, મુકુટ, સુવર્ણ હ અર્થિઆ, વ્યય, ઉતપતિ, થિતિ પેખંત રે;
નિજરૂપઈં હોવઈં હેમથી, દુઃખ, હર્ષ, ઉપેક્ષાવંત રે. જિન૦ ॥૯/૩॥

ગાથાર્થ :-

ઘટ, મુગટ અને સોનાના અર્થિઆ જીવો હ=હોય, તેઓ વ્યય=ઘટનો વ્યય, ઉતપતિ=મુગટની ઉત્પત્તિ, થિતિ=સુવર્ણની અવસ્થિતિને, પેખંત=જોતા, દુઃખવંત=ઘટના વ્યયથી દુઃખવંત, હર્ષવંત=મુગટની ઉત્પત્તિથી હર્ષવાળા અને ઉપેક્ષાવંત=સુવર્ણની અવસ્થિતિથી ઉપેક્ષાવાળા, હેમથી નિજરૂપઈં હોવઈં=સુવર્ણને જોઈને પોતાના પરિણામને અનુરૂપ થાય છે. ॥૯/૩॥

ટબો :-

એક જ હેમ દ્રવ્યનઈં વિષઈં ઘટાકારઈં નાશ, મુકુટાકારઈં ઉત્પત્તિ અનઈં હેમાકારઈં સ્થિતિ-એ ૩ લક્ષણ પ્રકટ દીસઈં છઈં. જે માટિં-હેમઘટ ભાંજી હેમમુકુટ થાઈ છઈ, તિવારઈ-હેમઘટાર્થી દુઃખવંત થાઈ, તે માટિં-ઘટાકારઈં હેમવ્યય સત્ય છઈ. જે માટિં-હેમમુકુટાર્થી હર્ષવંત થાઈ, તે માટિં-હેમોત્પત્તિ મુકુટાકારઈં સત્ય છઈં. જે માટિં-હેમમાત્રાર્થી તે કાલિં-ન સુખવંત, ન દુઃખવંત થાઈ છઈ-સ્થિતપરિણામઈં રહઈ છઈ, તે માટિં-હેમસામાન્ય સ્થિતિ સત્ય છઈ. ઈમ-સર્વત્ર ઉત્પાદ, વ્યય, સ્થિતિ-પર્યાય દ્રવ્યરૂપિં જાણવા.

ઈહાં-ઉત્પાદ-વ્યયભાગી ભિન્નદ્રવ્ય અનઈં સ્થિતિભાગી ભિન્નદ્રવ્ય-કોઈ દીસતું નથી. જે માટિં-ઘટમુકુટાદ્યાકારાસ્પર્શી હેમ દ્રવ્ય છઈ નહીં, જે-એક ધ્રુવ હોઈ, ધ્રુવતાની પ્રતીતિ પણિ છઈં. તે માટિં-"तद्भावाऽव्ययं नित्यम्" ॥૩૩॥

એ લક્ષણાઈં-પરિણામઈં ધ્રુવ અનઈં પરિણામઈ અધ્રુવ-સર્વ ભાવવું. ॥૯/૩॥

ટબાર્થ :-

એક જ હેમદ્રવ્યને વિષે ઘટાકારે નાશ, મુકુટાકારે ઉત્પત્તિ અને હેમાકારે સ્થિતિ એ ત્રણ લક્ષણ પ્રગટ દેખાય છે.

જે માટે, હેમઘટને=સુવર્ણના ઘટને, તોડીને હેમમુકુટ=સુવર્ણનો મુગટ, થાય છે ત્યારે હેમઘટનો અર્થી દુઃખવંત થાય છે તે માટે ઘટાકારે હેમદ્રવ્યનો વ્યય સત્ય છે.

જે માટે સુવર્ણના મુગટનો અર્થી હર્ષવંત થાય છે=જ્યારે હેમઘટમાંથી હેમમુગટ બને છે ત્યારે હેમમુકુટનો અર્થી હર્ષવંત થાય છે, તે માટે હેમની ઉત્પત્તિ મુકુટાકારે સત્ય છે.

જે માટે-હેમમાત્રાર્થી=સુવર્ણમાત્રનો અર્થી પુરુષ, તે કાળે=ઘટના નાશથી મુગટના ઉત્પત્તિકાળમાં, સુખવાળો થતો નથી કે દુઃખવાળો થતો નથી પરંતુ સ્થિર પરિણામે રહે છે, તે માટે હેમસામાન્યની સ્થિતિ સત્ય છે.

એમ સર્વત્ર=સર્વ પદાર્થોમાં ઉત્પાદ, વ્યય, સ્થિતિપર્યાય દ્રવ્યરૂપે જાણવા.

અહીં=સુવર્ણના દૃષ્ટાંતમાં, ઉત્પાદ-વ્યયભાગી ભિન્ન દ્રવ્ય અને સ્થિતિભાગી ભિન્ન દ્રવ્ય કોઈ દેખાતું નથી. જે માટે, ઘટમુકુટ આદિ આકારાસ્પર્શી=આકારઅસ્પર્શી, હેમદ્રવ્ય છે નહીં=ઘટ અને મુકુટ આકારને ન સ્પર્શતું હોય એવું કોઈ હેમદ્રવ્ય જગતમાં નથી, જે એક ધ્રુવ બને. વળી, ધ્રુવતાની પ્રતીતિ પણ છે, તે માટે, "તદ્ભાવનું અવ્યય એ નિત્ય" ॥૫-૩૩॥ એ લક્ષણથી (તત્ત્વાર્થસૂત્રના અધ્યાય-૫નું સૂત્ર-૩૩) પરિણામી ધ્રુવ અને પરિણામી અધ્રુવ સર્વ ભાવવું. ॥૯/૩॥

ભાવાર્થ :-

જગતના સર્વ પદાર્થો ઉત્પાદ, વ્યય, ધ્રુવ સ્વરૂપ છે, તે લોકઅનુભવના દૃષ્ટાંતથી ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે – જેમ, કોઈ ત્રણ પુરુષમાંથી કોઈ એક પુરુષ સુવર્ણઘટનો અર્થી હોય, બીજો પુરુષ સુવર્ણમુગટનો અર્થી હોય, ત્રીજો પુરુષ સુવર્ણમાત્રનો અર્થી હોય અને કોઈ તે સુવર્ણના ઘટને તોડીને મુગટ બનાવે ત્યારે સુવર્ણના ઘટનો અર્થી પુરુષ સુવર્ણઘટના વ્યયને જોઈને પોતાના પરિણામથી દુઃખવાળો થાય છે; કેમ કે સુવર્ણના ઘટનો અર્થી હોવાથી સુવર્ણના અઘટની પ્રાપ્તિથી તેને દુઃખ થાય છે.

વળી, બીજો પુરુષ, જે સુવર્ણના મુગટનો અર્થી છે, તે પુરુષ સુવર્ણના ઘટમાંથી મુગટની ઉત્પત્તિ જોઈને પોતાના પરિણામથી હર્ષવાળો થાય છે; કેમ કે તેને ઇષ્ટ એવાં સુવર્ણના મુગટની પ્રાપ્તિ દેખાય છે.

વળી, સુવર્ણના ઘટના નાશથી સુવર્ણનો મુગટ બને છે ત્યારે તે બન્ને અવસ્થામાં સુવર્ણની સ્થિતિ છે તેથી સુવર્ણમાત્રના અર્થી પુરુષને સુવર્ણઘટના નાશથી મુગટની ઉત્પત્તિમાં પણ સુવર્ણની અવસ્થિતિ દેખાય છે તેથી દુઃખ કે હર્ષવાળો થતો નથી પરંતુ ઉપેક્ષાવાળો થાય છે તેથી તે ત્રણ પુરુષના અનુભવથી જણાય છે કે સુવર્ણરૂપ અવસ્થિત દ્રવ્ય ઘટરૂપ પર્યાયનો ત્યાગ કરીને મુગટરૂપ પર્યાયને પ્રાપ્ત કરે છે. માટે પર્યાયરૂપે વસ્તુની ઉત્પત્તિ અને નાશ છે અને દ્રવ્યરૂપે અવસ્થિતિ છે. એમ સર્વ પદાર્થોમાં ઉત્પાદ, વ્યય પર્યાયરૂપે છે અને સ્થિતિ દ્રવ્યરૂપે છે.

આ અનુભવને સ્પષ્ટ કરવા અર્થે ટબામાં કહે છે કે ઉત્પાદવ્યયભાગી સુવર્ણથી ભિન્ન એવું કોઈ સ્થિર દ્રવ્ય અને સ્થિતિભાગી સુવર્ણથી ભિન્ન એવું ઉત્પાદવ્યયવાળું કોઈ દ્રવ્ય દેખાતું નથી તેથી ઉત્પાદ, વ્યય પામનાર અન્ય દ્રવ્ય છે અને ધ્રુવ રહેનાર અન્ય દ્રવ્ય છે એમ માની શકાય નહીં. કેમ માની શકાય નહીં તેમાં યુક્તિ બતાવે છે.

ઘટ, મુગટ આદિ આકારને ન સ્પર્શતું હોય એવું હેમદ્રવ્ય જગતમાં નથી, જે સદા એકસ્વરૂપ ધ્રુવ હોય. વળી, ઘટમુગટાદિ આકારના પરિવર્તનમાં પણ સુવર્ણના ધ્રુવપણાની પ્રતીતિ છે તેથી તેના ભાવનો વ્યય ન થાય એ નિત્ય સ્વીકારી શકાય અર્થાત્ સુવર્ણના ભાવનો વ્યય ન થાય પરંતુ સુવર્ણનો આકાર બદલાય તે નિત્ય સ્વીકારી શકાય અને નિત્યનું લક્ષણ તેના ભાવના અવ્યયરૂપ સ્વીકારવાથી એ પ્રાપ્ત થાય કે, વસ્તુ કોઈક પરિણામે ધ્રુવ છે=સુવર્ણના પરિણામથી સુવર્ણ ધ્રુવ છે અને કોઈક પરિણામે અધ્રુવ છે=ઘટાકારમાંથી મુગટાકાર પરિણામથી અધ્રુવ છે, એ પ્રમાણે સર્વ ઠેકાણે ભાવન કરવું.

આ કથનથી જ જેઓ અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકસ્વભાવવાળું દ્રવ્ય ધ્રુવ છે એમ કહીને, પરમાણુને અને આત્માને એકાંત ધ્રુવ માને છે અને દ્વયણુકાદિ પદાર્થોને એકાંત અધ્રુવ માને છે તે નૈયાયિકના કથનનું નિરાકરણ થાય છે; કેમ કે પરમાણુ પણ પ્રતિક્ષણ તે તે ભાવોરૂપે પરિણામાંતર પામે છે આથી જ તે પરમાણુ ક્યારેક રક્તભાવરૂપે હોય છે અને ક્યારેક શ્વેતભાવરૂપે બને છે તેથી પરમાણુભાવરૂપે સ્થિર સ્વીકારીએ તોપણ તે તે અવસ્થાથી પરમાણુ અનિત્ય છે અને આત્મા પણ આત્મારૂપે નિત્ય હોવા

છતાં પ્રતિક્ષણ પરિવર્તન થતા ભાવોથી અનિત્ય છે માટે આત્માના આત્મારૂપ ભાવનો વ્યય ન થાય તે રૂપે આત્મા નિત્ય છે અને આત્માના જે જે ભાવોરૂપ પર્યાય પરિણમન પામે છે તે તે રૂપે આત્મા અનિત્ય પણ છે. ॥૯/૩॥

અવતરણિકા :-

ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનો અભેદસંબદ્ધ-ભેદ દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો અભેદથી સંબદ્ધ એવો ભેદ દેખાડે છે –

ભાવાર્થ :-

ઘટ, પટ અને મઠ એ ત્રણ વસ્તુનો પરસ્પર ભેદ દેખાય છે તેમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો પરસ્પર ભેદ દેખાતો નથી પરંતુ એક વસ્તુમાં એકપ્રદેશથી વળગેલા ઉત્પાદવ્યયધ્રૌવ્ય દેખાય છે તેથી કોઈપણ વસ્તુને જોવામાં આવે ત્યારે તે વસ્તુ જ કોઇક અવસ્થાથી ઉત્પન્ન થતી દેખાય છે, કોઈક અવસ્થાથી વ્યય થતી દેખાય છે અને કોઈક અવસ્થારૂપે ધ્રુવ દેખાય છે. તેથી ઉત્પાદવ્યયધ્રૌવ્યનો એક પ્રદેશરૂપે અભેદ સંબંધ છે અને ત્રણે તે તે ભાવરૂપે એક વસ્તુમાં પૃથક્ દેખાય છે માટે ત્રણેનો ભેદ છે તેથી ઉત્પાદવ્યયધ્રૌવ્યનો અભેદસંબદ્ધ એવો ભેદ છે.

ગાથા :-

ઘટવ્યય, તે-ઉતપત્તિ મુકુટની, ધ્રુવતા કંચનની-તે એક રે;
દલ એકઈં વર્તઈં એકદા, નિજકારયશકતિ અનેક રે. જિન૦ ॥૯/૪॥

ગાથાર્થ :-

ઘટવ્યય, તે-મુગટની ઉત્પત્તિ અને કંચનની ધ્રુવતા-તે એક છે=વ્યય, ઉત્પત્તિ અને ધ્રુવતા એ ત્રણેય એક છે. (કેમ એક છે તે ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરે છે.) એકઈં દલ=એક દળમાં, એકદા વર્તે છે=એક દ્રવ્યમાં એક કાળમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવતા વર્તે છે. નિજકારયશકતિ અનેક છે=તે દ્રવ્યમાં પોતાનાં કાર્યો કરવાની શક્તિ અનેક છે. ॥૯/૪॥

ટબો :-

હેમઘટ વ્યય, તેહ જ હેમમુકુટની ઉત્પત્તિ-એક કારણજન્ય છઈ, તે માટિં-વિસભાગપર્યાયોત્પત્તિ-સંતાન છઈ, તેહથીજ-ઘટનાશ વ્યવહાર સંભવઈ છઈ. તે માટિં-પણિ-ઉત્તરપર્યાયોત્પત્તિ-તે પૂર્વપર્યાયનો નાશ જાણવો. કંચનની ધ્રુવતા પણિ તેહ જ છઈ. જે માટિં-પ્રતીત્ય પર્યાયોત્પાદઈં એક સંતાનપણું-તેહજ-દ્રવ્યલક્ષણ ધ્રૌવ્ય છઈ.

એ ૩ લક્ષણ એકદલઈં એકદા વર્તઈ છઈ, ઈમ-અભિન્નપણઇં પણિ શોક, પ્રમોદ, માધ્યસ્થરૂપ અનેક કાર્ય દેખીનઈં તત્કારણશક્તિરૂપઈ અનેકપણો-ભિન્નતા પણિ જાણવી. સામાન્યરૂપઈં ધ્રૌવ્ય અનઈં વિશેષરૂપઈં ઉત્પાદ, વ્યય-ઈમ માનતાં વિરોધ પણિ નથી. વ્યવહાર તો સર્વત્ર સ્યાદર્થાનુપ્રવેશઈ જ હોઈ. વિશેષપરતા પણિ-વ્યુત્પત્તિવિશેષઈં જ હોઈ. અત એવ-"स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवम्" ઈમ જ વાક્યપ્રયોગ કીજઈં. "उप्पन्ने इ वा" इत्यादौ वा शब्दो व्यवस्थायाम्, स च स्याच्छब्द समानार्थः अत एव कृष्णः सर्पः" એ લૌકિક વાક્યઈં પણિ સ્યાચ્છબ્દ લેઈઈ છઈં, જે માટિં-સર્પનઈં પૃષ્ઠાવચ્છેદઈ શ્યામતા છઈ, ઉદરાવચ્છેદઈ નથી. તથા-સર્પમાત્રઈં કૃષ્ણતા નથી. શેષનાગ શુક્લ કહેવાઈ છઈ. તે માટિં-વિશેષણ-વિશેષ્યનિયમાર્થ જો સ્યાચ્છબ્દ પ્રયોગ છઈ, તો-ત્રિપદી મહાવાક્ય પણિ-સ્યાત્કારગર્ભ જ સંભવઈ. ॥૯/૪॥

ટબાર્થ :-

સુવર્ણઘટનો નાશ થાય તે જ સુવર્ણમુગટની ઉત્પત્તિ છે; કેમ કે એકકારણજન્ય છે=સુવર્ણઘટના નાશ અને સુવર્ણમુગટની ઉત્પત્તિ એ બંને મુગટની ઘડવાની ક્રિયારૂપ એકકારણજન્ય છે. તે માટે, વિસભાગ પર્યાયની ઉત્પત્તિરૂપ સંતાન છે=વિસદૃશ એવાં મુગટના પર્યાયની ઉત્પત્તિરૂપ સુવર્ણ દ્રવ્યનું સંતાન છે. તેથી જ=મુગટની ઉત્પત્તિ એ વિસદૃશ પર્યાયની ઉત્પત્તિરૂપ સુવર્ણદ્રવ્યનું સંતાન છે તેથી જ, ઘટનાશનો વ્યવહાર સંભવે છે=મુગટને જોઈને ઘટના નાશનો વ્યવહાર થાય છે. તે માટે પણ=મુગટને જોઈને ઘટના નાશનો વ્યવહાર થાય છે તે માટે પણ, ઉત્તરપર્યાયની ઉત્પત્તિ-તે પૂર્વપર્યાયનો નાશ જાણવો=મુગટરૂપ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ-તે ઘટરૂપ પૂર્વપર્યાયનો નાશ જાણવો, અને કંચનની ધ્રુવતા પણ તે જ છે=મુગટપર્યાયની ઉત્પત્તિરૂપ જ છે, જે માટે પ્રતીત્ય પર્યાયના ઉત્પાદથી એકસંતાનપણું=પ્રતીતિના વિષયભૂત એવાં પર્યાયના ઉત્પાદથી એકસંતાનપણું અર્થાત્ પ્રતીતિના વિષયભૂત એવાં મુગટપર્યાયના ઉત્પાદની સાથે ઘટનું એકસંતાનપણું, તે જ દ્રવ્યનું ધ્રૌવ્ય લક્ષણ છે.

ગાથાના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી હવે ગાથાના ઉત્તરાર્ધનો અર્થ કરે છે. એ ત્રણ લક્ષણ=ગાથાના પૂર્વાર્ધમાં બતાવ્યાં એ વ્યય, ઉત્પાદ, ધ્રુવતારૂપ ત્રણ લક્ષણ, એક દલમાં=એક ઉપાદાનકારણમાં, એકદા=એક કાળમાં, વર્તે છે. એમ=ત્રણ લક્ષણ એક કાળમાં એક દળમાં વર્તે છે એમ, અભિન્નપણામાં પણ=ત્રણ લક્ષણના અભિન્નપણામાં પણ, શોક-પ્રમોદ-માધ્યસ્થરૂપ અનેક કાર્યને જોઈને=ઘટના નાશથી શોક, મુગટની ઉત્પત્તિથી પ્રમોદ અને સુવર્ણની સ્થિરતાથી માધ્યસ્થરૂપ ત્રણ કાર્યને જોઈને, ત્રણ કાર્યની કારણશક્તિરૂપે અનેકપણાથી=ત્રણપણાથી, ભિન્નતા પણ જાણવી=વ્યય-ઉત્પાદ અને ધ્રુવતાની ભિન્નતા પણ જાણવી.

અહીં પ્રશ્ન થાય કે એક વસ્તુમાં ધ્રૌવ્ય સ્વીકારીએ અને પછી તેમાં ઉત્પાદવ્યય પણ સ્વીકારીએ તો

તેમાં પરસ્પર વિરોધ ભાસે માટે ધ્રૌવ્યનો આશ્રય અન્ય છે અને ઉત્પાદવ્યયનો આશ્રય અન્ય છે તેમ કેમ માનવું જોઈએ. તેના નિરાકરણ માટે કહે છે –

સામાન્યરૂપે ધ્રૌવ્ય અને વિશેષરૂપે ઉત્પાદવ્યય એમ માનવામાં વિરોધ પણ નથી.

વ્યવહાર તો સર્વત્ર=સર્વ પદાર્થોમાં, સ્યાત્ અર્થના અનુપ્રવેશથી થાય છે અર્થાત્ સર્વ વચનપ્રયોગમાં 'સ્યાત્' શબ્દના અર્થના અનુપ્રવેશથી જ સ્યાદ્વાદીનો વ્યવહાર થઈ શકે. વિશેષપરતા પણ વ્યુત્પત્તિવિશેષથી જ થાય=વ્યવહારનયના સર્વ કથનમાં કોઈક નયનું કથન કર્યું હોય ત્યારે તે નયનું વચન વિશેષપર કહેવાય અને તે નયના કથનમાં રહેલી વિશેષપરતા પણ વ્યુત્પત્તિવિશેષથી જ થાય અર્થાત્ તે તે નયની જે વ્યુત્પત્તિવિશેષ હોય તે વ્યુત્પત્તિવિશેષથી જ થાય. આથી જ=પૂર્વમાં કહ્યું કે વ્યવહાર તો સર્વત્ર 'સ્યાત્' શબ્દના અર્થના અનુપ્રવેશથી જ થાય આથી જ, 'સ્યાત્ ઉત્પન્ન થાય છે, સ્યાત્ નાશ પામે છે, સ્યાત્ ધ્રુવ છે' એમ જ વાક્ય પ્રયોગ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે જો 'સ્યાત્ ઉત્પન્ન થાય છે' ઇત્યાદિ સર્વત્ર વાક્યપ્રયોગ કરવાનો હોય તો ભગવાને ગણધરોને ત્રિપદી આપી ત્યારે 'સ્યાત્ ઉપનેઈ વા' ઇત્યાદિ કેમ ન કહ્યું ? અને 'ઉપનેઈ વા' ઇત્યાદિ કેમ કહ્યું ? તેથી કહે છે –

'ઉપનેઈ વા' ઇત્યાદિમાં 'વા' શબ્દ 'વ્યવસ્થા' અર્થમાં છે અને તે વ્યવસ્થા 'સ્યાત્' શબ્દના સમાનાર્થવાળી છે. આથી જ=પૂર્વમાં કહ્યું કે વ્યવહાર તો સર્વત્ર 'સ્યાત્' શબ્દના અર્થના અનુપ્રવેશથી જ થાય છે આથી જ, 'કાળો સાપ' એ લૌકિક વાક્યમાં પણ 'સ્યાત્' શબ્દ લેવાય છે.

'કાળો સર્પ' એ પ્રયોગમાં 'સ્યાત્' શબ્દ કેમ લેવાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે માટે સાપને પૃષ્ઠાવચ્છેદકથી=પૃષ્ઠભાગથી, શ્યામતા છે, ઉદરઅવચ્છેદકથી=ઉદરના ભાગથી, શ્યામતા નથી અને સર્પમાત્રમાં=બધા સર્પમાં, કૃષ્ણતા નથી; કેમ કે શેષનાગ શુક્લ કહેવાય છે. તે માટે=બધા સર્પ કૃષ્ણ નથી તે માટે, વિશેષણ-વિશેષ્યના નિયમ માટે=લૌકિક વાક્યમાં પણ સર્વ સર્પ કાળા નથી પરંતુ કેટલાક સર્પ કાળા છે એરૂપ વિશેષણ-વિશેષ્યના નિયમ માટે, અથવા કાળા સર્પમાં પણ પૃષ્ઠ ભાગરૂપ વિશેષણથી વિશિષ્ટ એવો સર્પ કાળો છે એરૂપ વિશેષણ-વિશેષ્યના નિયમ માટે, જો 'સ્યાત્' શબ્દપ્રયોગ છે તો ત્રિપદી મહાવાક્ય પણ=જગતની પૂર્ણ વ્યવસ્થા બતાવનાર એવું ત્રિપદી મહાવાક્ય પણ, સ્યાત્કારગર્ભ જ સંભવે. ॥૯/૪॥

ભાવાર્થ :-

પદાર્થમાં વર્તતા ઉત્પાદવ્યયધ્રૌવ્યને પરસ્પર અભેદ સંબંધ છે તે બતાવવાપૂર્વક એ ત્રણેનો ભેદ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

હેમઘટનો વ્યય તે જ હેમમુગટની ઉત્પત્તિ છે; કેમ કે સુવર્ણના મુગટની નિષ્પત્તિ માટે કરાતા પ્રયત્નથી જેમ સુવર્ણના મુગટની ઉત્પત્તિ થાય છે તે જ પ્રયત્નથી સુવર્ણના ઘટનો નાશ થાય છે માટે વ્યય અને ઉત્પાદનો અભેદ સંબંધ છે. આનાથી શું પ્રાપ્ત થાય ? તે કહે છે –

વિસદૃશ પર્યાયની ઉત્પત્તિરૂપ સંતાન છે અર્થાત્ પૂર્વમાં તે સુવર્ણમાં જે ઘટપર્યાય હતો તે સુવર્ણમાં વિસદૃશ એવાં મુગટપર્યાયની ઉત્પત્તિ થઈ, તે ઘટવિશિષ્ટ સુવર્ણનું સંતાન છે અર્થાત્ ઘટવિશિષ્ટ એવાં સુવર્ણથી જન્ય એવાં સુવર્ણના મુગટની ઉત્પત્તિ છે.

વળી, સુવર્ણના ઘટના નાશરૂપ જ સુવર્ણમુગટની ઉત્પત્તિ છે તેને દૃઢ કરવા અર્થે યુક્તિ આપે છે. સુવર્ણઘટના નાશરૂપ જ સુવર્ણમુગટની ઉત્પત્તિ છે. માટે મુગટને જોઈને ઘટ નાશ પામ્યો એ પ્રમાણેનો વ્યવહાર સંભવે છે. આનાથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

ઉત્તરપર્યાયની ઉત્પત્તિ એ જ પૂર્વપર્યાયનો નાશ છે. જેમ, પ્રસ્તુતમાં સુવર્ણના મુગટપર્યાયરૂપ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ થઈ તે જ સુવર્ણના ઘટપર્યાયરૂપ પૂર્વપર્યાયનો નાશ છે. આ રીતે ઉત્પત્તિ અને નાશનો અભેદ બતાવ્યા પછી ઉત્પત્તિ અને નાશ સાથે ધ્રુવતાનો અભેદ બતાવે છે.

સુવર્ણની ધ્રુવતા પણ તે જ છે=સુવર્ણઘટના નાશ અને સુવર્ણમુગટની ઉત્પત્તિરૂપ જ સુવર્ણની ધ્રુવતા છે.

અહીં પ્રશ્ન થાય કે, હેમઘટનો નાશ અને હેમમુગટની ઉત્પત્તિરૂપ સુવર્ણની ધ્રુવતા કેમ છે ? તેમાં યુક્તિ આપે છે –

જે કારણથી પ્રતીતિના વિષયભૂત પર્યાયના ઉત્પાદમાં પૂર્વના પર્યાય સાથે એકસંતાનપણું તે જ ધ્રૌવ્યરૂપ દ્રવ્યનું લક્ષણ છે અને પ્રસ્તુતમાં જે મુગટપર્યાય દેખાય છે તે મુગટપર્યાયનું ઘટપર્યાય સાથે એકસંતાનપણું છે માટે, ઘટ અને મુગટમાં વર્તતું સુવર્ણ એકસંતાનરૂપે ધ્રુવ છે.

વળી, આ ઉત્પાદવ્યયધ્રૌવ્ય લક્ષણ એક વસ્તુરૂપ દળમાં એકકાળે અભિન્નપણે વર્તે છે. આમ છતાં તે પદાર્થને જોઈને ઘટના અર્થી જીવને શોક થાય છે, મુગટના અર્થી જીવને પ્રમોદ થાય છે અને સુવર્ણના અર્થી જીવને માધ્યસ્થભાવ વર્તે છે તેથી એક વસ્તુમાં રહેલ ઘટનાશ, મુગટઉત્પત્તિ અને સુવર્ણની ધ્રુવતા-ત્રણે અભિન્ન હોવા છતાં તેનાં ત્રણ કાર્યો દેખાય છે તેથી તે એક વસ્તુમાં શોકની કારણશક્તિ છે, પ્રમોદની કારણશક્તિ છે અને માધ્યસ્થતાની કારણશક્તિ છે, માટે તે ત્રણ શક્તિની અપેક્ષાએ ત્રણ ભાવો ભિન્ન પણ છે એમ જાણવું. આનાથી એ પ્રાપ્ત થાય કે, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એક દલમાં એકદા વર્તે છે તેથી અભેદ છે અને તેનાં ત્રણ કાર્ય જુદાં થાય છે માટે તે ત્રણેનો પરસ્પર ભેદ છે અને તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે. દેખાતી વસ્તુમાં સુવર્ણ સામાન્યરૂપે છે, તે ધ્રૌવ્ય છે અને મુગટનો ઉત્પાદ અને ઘટનો નાશ, તે વિશેષરૂપે છે એ પ્રમાણે માનવાથી એક વસ્તુને એક-અનેક માનવામાં વિરોધ પણ નથી; કેમ કે અનુભવથી જ પદાર્થ સામાન્ય અને વિશેષરૂપ દેખાય છે.

પૂર્વમાં સ્થાપન કર્યું કે, એક જ વસ્તુ સામાન્યરૂપે ધ્રુવ છે અને ઉત્પાદવ્યયરૂપે વિશેષ છે, ત્યાં નૈયાયિકાદિ કહે કે, જે ધ્રુવ હોય તે ઉત્પાદવ્યયરૂપ ન હોઈ શકે અને જે ઉત્પાદવ્યયરૂપ હોય તે ધ્રુવ ન હોઈ શકે; કેમ કે ધ્રુવતા સાથે ઉત્પાદવ્યયનો વિરોધ છે અને ઉત્પાદવ્યય સાથે ધ્રુવતાનો વિરોધ છે માટે પરમાણુ આદિને ધ્રુવ સ્વીકારવા જોઈએ અને દ્વયણુકાદિને ઉત્પાદવ્યયવાળા સ્વીકારવા જોઈએ. તેનું નિરાકરણ કરતાં કહે છે –

એક વસ્તુમાં ધ્રુવતા અન્ય અંશથી છે અને ઉત્પાદવ્યય અન્ય અંશથી છે એમ સ્વીકારવામાં વિરોધ નથી આથી જ સ્યાદ્વાદીનો વ્યવહાર સર્વત્ર 'સ્યાત્' શબ્દના અર્થના અનુપ્રવેશથી જ થાય છે; કેમ કે જો સ્યાદ્વાદી 'સ્યાત્' શબ્દના અર્થનો અનુપ્રવેશ ન કરે અને કહે કે 'આ પદાર્થ ધ્રુવ છે' તો તે પદાર્થને એકાંતે ધ્રુવ માનવાનો પ્રસંગ આવે અને જગતમાં દેખાતા સર્વ પદાર્થો સામાન્યરૂપે ધ્રુવ હોવા છતાં વિશેષરૂપે ઉત્પાદવ્યયરૂપ પણ દેખાય છે પરંતુ કોઈ પદાર્થ એકાંતે ધ્રુવરૂપ દેખાતો નથી. માટે સ્યાદ્વાદી 'સ્યાત્' શબ્દના અર્થના અનુપ્રવેશપૂર્વક સર્વ વ્યવહાર કરે તો જ તેનું વચન સમ્યગ્ બને અને જો 'સ્યાત્' શબ્દના અર્થનો અનુપ્રવેશ ન કરે તો પદાર્થ અનુભવથી વિરોધી પ્રાપ્ત થાય.

વળી, 'સ્યાત્' શબ્દપ્રયોગ કરતી વખતે કઈ અપેક્ષાએ વિશેષ કથન કર્યું છે તેને પ્રધાન કરીને કહે. જેમ, 'નિત્ય'ને પ્રધાન કરવું હોય ત્યારે 'स्यात् नित्य एव' એમ કહે. તે વખતે નિત્યની વિશેષપરતા થાય અને 'સ્યાત્' શબ્દથી આક્ષિપ્ત એવાં 'અનિત્ય'ની ગૌણપરતા થાય.

વળી, એક જ પદાર્થને ભિન્ન ભિન્ન નયથી બતાવવો હોય ત્યારે જે નયની વ્યુત્પત્તિવિશેષને ગ્રહણ કરે તે નયને આશ્રયીને તેનું મુખ્ય કથન કરીને 'સ્યાત્' શબ્દના અર્થનો અનુપ્રવેશ કરાવે. જેથી તે નયની વ્યુત્પત્તિવિશેષથી તે નયની વિશેષપરતા થાય. જેમ, નિશ્ચયનયની વ્યુત્પત્તિવિશેષને આશ્રયીને સમ્યગ્ દૃષ્ટિ જીવ કોણ છે એમ કહેવું હોય ત્યારે જે 'અપ્રમત્તસાધુ હોય તેને જ સમ્યગ્દૃષ્ટિ જીવ કહેવાય, અન્યને નહીં' તેથી સ્યાદ્વાદી તે કથન કરવા અર્થે કહે કે 'સ્યાત્ અપ્રમત્તમુનિ સમ્યગ્દૃષ્ટિ જીવ છે, અન્ય નહીં.' અહીં 'સ્યાત્' શબ્દથી વ્યવહારનયને અભિમત અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવનો ગૌણરૂપે સ્વીકાર છે તેથી એકાંત સ્વીકારની આપત્તિ આવે નહીં.

વળી, સ્યાદ્વાદીનો વ્યવહાર 'સ્યાત્' શબ્દના અનુપ્રવેશથી છે તેથી સુવર્ણના ઘટમાંથી મુગટ થયેલો જોઈને 'સ્યાત્ ઉત્પન્ન થાય છે, સ્યાત્ નાશ પામે છે, સ્યાત્ ધ્રુવ છે,' એ પ્રમાણે વાક્યપ્રયોગ કરવો જોઈએ.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, સ્યાદ્વાદી સર્વત્ર 'સ્યાત્' શબ્દનો અનુપ્રવેશ કરાવીને જ 'ઉત્પન્ન થાય છે, નાશ થાય છે અને ધ્રુવ છે' તેમ કહી શકે.

ત્યાં પ્રશ્ન થાય કે, ભગવાને ગણધરોને 'ઉપનેઈ વા' ઇત્યાદિ કહ્યું છે ત્યાં 'સ્યાત્ ઉપનેઈ વા' ઇત્યાદિ કેમ ન કહ્યું ? એને બદલે 'उपनेई वा, विगमेई वा धुएई वा' એમ કેમ કહ્યું ? તે શંકાના નિવારણ અર્થે કહે છે કે, 'ઉપનેઈ વા' ઇત્યાદિ વચનપ્રયોગમાં જે 'વા' શબ્દ છે તે 'વ્યવસ્થા' અર્થમાં છે અને તે વ્યવસ્થા 'સ્યાત્' શબ્દનો સમાનાર્થી છે; કેમ કે 'ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ધ્રુવ છે' તેમ ભગવાને કહ્યું નથી.

'ઉત્પન્ન થાય છે અથવા નાશ પામે છે અથવા ધ્રુવ છે' તેનાથી 'માત્ર ઉત્પન્ન થાય છે.' 'માત્ર નાશ પામે છે' અને 'માત્ર ધ્રુવ છે' એમ સિદ્ધ થતું નથી તેથી ઉત્પત્તિ, નાશ અને ધ્રુવ-વિષયક કોઈક નિયત વ્યવસ્થા છે તે અર્થ અથવા અર્થક 'વા' શબ્દથી જણાય છે. વળી, આ વ્યવસ્થા જ એ બતાવે છે કે આ જગતના સર્વ પદાર્થ કોઈક અપેક્ષાએ ઉત્પન્ન થાય છે, કોઈક અપેક્ષાએ નાશ પામે છે અને કોઈક અપેક્ષાએ ધ્રુવ છે. તેથી 'વા' શબ્દથી ફલિત થતી વ્યવસ્થા 'સ્યાત્' શબ્દના અર્થને બતાવે છે.

વળી, લોકઅનુભવથી પણ 'સ્યાત્' શબ્દનો પ્રયોગ સર્વત્ર આવશ્યક છે તે બતાવવા અર્થે કહે છે –

જેમ, કાળા સાપને જોઈને 'કૃષ્ણ સર્પ છે' એમ કહેવાય છે ત્યારે પણ તે કાળો સર્પ ઉપરના ભાગથી કાળો છે, ઉદરના ભાગથી કાળો નથી માટે કૃષ્ણ સર્પને પણ 'સ્યાત્ કૃષ્ણ સર્પ' કહેવાથી જ તે વાક્ય સમ્યક્ બને છે. તેમ ઉત્પાદવ્યયાદિમાં પણ 'સ્યાત્' શબ્દથી જ અનુભવને અનુરૂપ વચનપ્રયોગ સંગત બને છે. વળી, 'કૃષ્ણ સર્પ છે' એ વચનપ્રયોગમાં પણ જેમ એક સાપને આશ્રયીને પૃષ્ઠભાગ અને ઉદરભાગના ભેદને કારણે 'સ્યાત્' શબ્દ આવશ્યક છે તેમ સર્વ સાપને આશ્રયીને વચનપ્રયોગ કરવો હોય ત્યારે પણ 'સ્યાત્' શબ્દ આવશ્યક છે; કેમ કે શેષનાગ શુક્લ હોય છે તેથી 'સાપ કૃષ્ણ છે' એમ એકાંતે ગ્રહણ કરવામાં આવે તો તે વચન મિથ્યા થાય અને એમ કહેવામાં આવે કે 'સાપ જાતિ કથંચિત્ કૃષ્ણ છે' તો શુક્લ સાપને આશ્રયીને તે વચનનો વિરોધ થાય નહીં માટે વિશેષણ અને વિશેષ્યના નિયમ અર્થે 'સ્યાત્' પ્રયોગ આવશ્યક છે. જેમ 'સ્યાત્ કૃષ્ણ સર્પ છે' એમ કહેવાથી 'સ્યાત્ વિશેષણથી વિશિષ્ટ એવાં પૃષ્ઠભાગવાળો સાપ કૃષ્ણ છે' એવું વિશેષ્યનું નિયમન થાય છે. તેથી 'કૃષ્ણ સર્પ છે' એ વચન સત્ય બને છે અને જો 'સ્યાત્' વિશેષણથી વિશિષ્ટ એવાં પૃષ્ઠ ભાગે કૃષ્ણ સાપને ગ્રહણ કરીને 'કૃષ્ણ સર્પ' ન કહેવામાં આવે તો 'સંપૂર્ણ સર્પ કૃષ્ણ છે' તેવી 'કૃષ્ણ સર્પ' શબ્દથી ઉપસ્થિતિ થાય અને તેવી ઉપસ્થિતિ અનુસાર સર્પ કૃષ્ણ નહીં હોવાથી તે વચનપ્રયોગ મિથ્યા સિદ્ધ થાય માટે પદાર્થનો યથાર્થ બોધ કરાવવા અર્થે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ સર્વત્ર આવશ્યક છે. જેમ પ્રસ્તુત ત્રિપદીમાં 'स्यात् उत्पद्यते' એમ કહેવામાં આવે ત્યારે 'મુગટરૂપે ઉત્પન્ન થાય છે અને સુવર્ણરૂપે કે ઘટરૂપે ઉત્પન્ન થતો નથી' તેવો બોધ થવાથી 'સ્યાત્' વિશેષણ દ્વારા વિશેષ્ય એવાં મુગટની ઉત્પત્તિનું નિયમન થાય છે. તેથી જો લૌકિક એવાં 'કૃષ્ણ સર્પ' એ વાક્યમાં પણ વિશેષણ-વિશેષ્યના નિયમન અર્થે 'સ્યાત્' શબ્દનો પ્રયોગ આવશ્યક છે તો ત્રિપદીરૂપ મહાવાક્ય પણ સ્યાત્કારગર્ભ જ સંભવે. તે આ રીતે :-

'ત્રિપદી' આખી દ્વાદશાંગીનું ઉદ્ભવસ્થાન છે. તેથી તે મહાવાક્ય છે અને તેનાથી એ ફલિત થાય કે, ત્રિપદીમાંથી ઉત્પન્ન થયેલા દ્વાદશાંગીનાં દરેક વચનો સ્યાત્કારગર્ભ જ છે તેથી જે જે સ્થાને જે જે નયનું વક્તવ્ય હોય તે નયનું વક્તવ્ય વિશેષ્યરૂપે બને અને 'સ્યાત્' વિશેષણ દ્વારા અન્ય નયની સાથે તેનો અવિરોધ છે તેનો નિર્ણય થાય છે; કેમ કે તે તે નયનું વચન એકાંત નથી, અન્ય નય સાપેક્ષ છે, તે 'સ્યાત્' શબ્દથી વ્યક્ત થાય છે. **॥૯/૪॥**

અવતરણિકા :-

પૂર્વમાં સ્થાપન કર્યું કે, સર્વ પદાર્થો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યસ્વરૂપ છે. ત્યાં એકાંત દ્રવ્યને સ્વીકારનાર અને પર્યાયનો અપલાપ કરનારા દર્શનકારોનો મત ઉચિત નથી તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

બહુકારય-કારણ એક જો, કહિઇં તે દ્રવ્યસ્વભાવ રે;
તો કારણ ભેદાભાવથી, હુઇં કારયભેદાભાવ રે. જિન૦ ॥૯/૫॥

ગાથાર્થ :-

બહુ કાર્યનું કારણ જો એક કહીએ અને તે=બહુ કાર્ય કરવું તે, દ્રવ્યનો સ્વભાવ છે (એમ કહીએ) તો કારણના ભેદના અભાવથી=અનેક કાર્યોના ભિન્ન ભિન્ન કારણરૂપ કારણના ભેદના અભાવથી, કાર્યના ભેદનો અભાવ હુઈ=થાય. ॥૯/૫॥

ટબો :-

હવઈ-જો ઈમ કહિઈં જે-"હેમદ્રવ્ય એક જ અવિકૃત છઈ, વિકાર તે મિથ્યા છઈ, શોકાદિક કાર્યત્રયજનનૈકશક્તિ સ્વભાવ તે છઈ, તે માટિં-તેહથી શોકાદિક કાર્યત્રય થાઈ છઈ", તો કારણના ભેદ વિના કાર્યનો ભેદ કિમ થાઈ ? સ્વેષ્ટસાધન, તે-પ્રમોદજનક, સ્વાનિષ્ટસાધન તે શોકજનક, તદુભયભિન્ન તે-માધ્યસ્થ્યજનક-એ ત્રિવિધ કાર્ય એકરૂપથી કિમ હોઈ ? શક્તિ પણિ દૃષ્ટાનુસારઈં કલ્પિઈં છઈ, નહીં તો-અગ્નિ સમીપઈં જલદાહજનનસ્વભાવ ઈત્યાદિક કલ્પતાં પણિ કુણ નિષેધક છઈ ? તસ્માત્-શક્તિભેદે કારણભેદ=કાર્યભેદાનુસારઈં, અવશ્ય અનુસરવો. અનેકજનનૈકશક્તિશબ્દ જ એકત્વાનેકત્વ-સ્યાદ્વાદ સૂચઈ છઈં. ॥૯/૫॥

ટબાર્થ :-

હવે=ગ્રંથકારશ્રીએ કહ્યું કે, પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે તેને બદલે હવે, જો એમ કહે=એકાંત નિત્યવાદી જો એમ કહે, જે-હેમદ્રવ્ય એક જ અવિકૃત છે અને વિકાર તે મિથ્યા છે=સુવર્ણના ઘટનો નાશ અને મુગટની ઉત્પત્તિરૂપે વિકાર તે મિથ્યા છે, વળી, લોકમાં શોકાદિ ત્રણ કાર્યો દેખાય છે તેની સંગતિ કરતાં એકાંત નિત્યવાદી કહે છે કે શોકાદિ ત્રણે કાર્યનું જનન એકશક્તિસ્વભાવવાળું તે=હેમદ્રવ્ય છે તે માટે તેહથી=તે હેમદ્રવ્યથી, શોકાદિક ત્રણ કાર્ય થાય છે.

આ પ્રમાણે એકાંત નિત્યવાદીનો પક્ષ બતાવીને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તો=હેમદ્રવ્ય એકાંતનિત્ય હોય તો, કારણના ભેદવગર=ત્રણ કાર્યના ભિન્ન ભિન્ન કારણરૂપ કારણના ભેદ વગર, કાર્યનો ભેદ=શોકાદિ ત્રણ કાર્યનો ભેદ, કેમ થાય ? અર્થાત્ થઈ શકે નહીં.

ત્રણ કારણના ભેદથી ત્રણ કાર્ય જુદાં છે તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

સ્વઈષ્ટ એવું સાધન તે પ્રમોદજનક છે=પ્રસ્તુત દૃષ્ટાંતમાં પોતાને ઈષ્ટ એવું જે મુગટરૂપ સાધન તે મુગટના અર્થીના પ્રમોદનું જનક છે. સ્વઅનિષ્ટ એવું સાધન તે શોકજનક છે=પ્રસ્તુત દૃષ્ટાંતમાં પોતાને અનિષ્ટ એવું જે ઘટનાશરૂપ સાધન, તે ઘટના અર્થીના શોકનું જનક છે. તદ્ઉભયભિન્ન તે માધ્યસ્થ્યજનક છે=ઘટનાશ અને મુગટઉત્પત્તિરૂપ તદ્ઉભયથી ભિન્ન, એવું સુવર્ણ, તે સુવર્ણના અર્થીને માધ્યસ્થ્યજનક છે.

એ ત્રણ પ્રકારનું કાર્ય=પ્રમોદ, શોક અને માધ્યસ્થ્યરૂપ ત્રણ પ્રકારનાં કાર્ય, એકરૂપથી=અવિકારી એવાં હેમદ્રવ્યરૂપ એકરૂપથી કેમ થાય ? અર્થાત્ થઈ શકે નહીં.

અહીં એકાંતનિત્યવાદી કહે કે, અવિકૃત એવાં હેમદ્રવ્યમાં એવી શક્તિ છે તેથી ત્રણ કાર્ય કરે છે તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

શક્તિ પણ દેખાતા અનુભવ અનુસારે કલ્પાય છે. નહીં તો=દેખાતા અનુભવ અનુસાર શક્તિની કલ્પના ન કરવામાં આવે અને સ્વકલ્પના અનુસાર શક્તિની કલ્પના કરવામાં આવે તો, અગ્નિના સાન્નિધ્યમાં પાણીનો દાહજનનસ્વભાવ છે ઇત્યાદિ અનુભવ વિરુદ્ધ કલ્પના કરતાં પણ કોણ નિષેધક છે ? અર્થાત્ કોણ નિષેધ કરી શકે ? તે કારણથી=અનુભવ અનુસાર શક્તિની કલ્પના કરવી જોઈએ તે કારણથી, કાર્યભેદના અનુસારે શક્તિભેદે કારણભેદ=કાર્યભેદના અનુસારે શક્તિના ભેદથી કારણનો ભેદ, અવશ્ય માનવો જોઈએ.

વળી, એકાંતનિત્યવાદીએ કહેલ કે, એક અવિકૃત એવું હેમદ્રવ્ય શોકાદિ કાર્યત્રયજનક એકશક્તિસ્વભાવવાળું છે, એ વચન જ સ્યાદ્વાદની સિદ્ધિ કરે છે તે બતાવવા અર્થે કહે છે –

'અનેક જનનએકશક્તિ' શબ્દ જ="અનેક કાર્યોનું જનન કરે એવું એકશક્તિવાળું દ્રવ્ય છે" એ પ્રકારના વચનરૂપ શબ્દ જ, એકત્વ-અનેકત્વ સ્યાદ્વાદને સૂચવે છે અર્થાત્ દેખાતું સુવર્ણદ્રવ્ય સુવર્ણરૂપે એક છે અને તે તે પ્રકારના શોકાદિનાં ત્રણ કાર્યોના જનનશક્તિરૂપ પર્યાય સ્વરૂપે અનેક છે-એ પ્રકારના સ્યાદ્વાદનું સૂચક છે. ॥૯/૫॥

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે અને તેનું સમર્થન ઘટનાશ, મુગટઉત્પત્તિ અને સુવર્ણની અવસ્થિતિના અનુભવથી કર્યું. હવે સુવર્ણના તે પ્રકારના અનુભવની સંગતિ એકાંતનિત્યવાદી કઈ રીતે કરે છે તે બતાવતાં કહે છે –

એકાંતનિત્યવાદી કહે છે કે, વિકાર વગરનું હેમદ્રવ્ય જ સત્ય છે, હેમદ્રવ્યના ઘટ-મુગટાદિ જે વિકારો દેખાય છે તે મિથ્યા છે, જેમ તૈમિરિક રોગવાળાને એક ચંદ્ર હોવા છતાં બે ચંદ્રો દેખાય છે, વસ્તુતઃ બે ચંદ્રો નથી, તેમ સુવર્ણથી અતિરિક્ત ઘટ, મુગટ આદિ કાંઈ નથી, તે તે પ્રકારની વાસનાથી તે સુવર્ણના ઘટ, મુગટ આદિ વિકારો દેખાય છે.

વળી, ઘટનાશ અને મુગટઉત્પત્તિને જોઈને જે શોક, પ્રમોદ અને મધ્યસ્થતાદિરૂપ ત્રણ કાર્યો પૂર્વમાં ગ્રંથકારશ્રીએ બતાવ્યા અને તેના બળથી પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ છે એમ સ્થાપન કર્યું તે ઉચિત નથી. વસ્તુતઃ એક હેમદ્રવ્યનો જ તેવો સ્વભાવ છે કે, શોકાદિ ત્રણ કાર્યોનું જનન કરે અને ત્રણ કાર્યોનું જનન કરવાની એકશક્તિ સ્વભાવવાળું હેમદ્રવ્ય છે અર્થાત્ તે હેમદ્રવ્યની ત્રણ શક્તિ નથી પરંતુ ત્રણ કાર્યોને અનુકૂળ એવી એકશક્તિ છે. તેથી એક જ સુવર્ણને જોઈને કોઈકને શોક થાય છે, કોઈકને પ્રમોદ થાય છે અને કોઈકને માધ્યસ્થ્યભાવ થાય છે. માટે પદાર્થ હેમદ્રવ્યરૂપે નિત્ય છે, ઉત્પાદવ્યય મિથ્યા છે.

આ પ્રકારનું એકાંતનિત્યવાદીનું વચન છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો કારણમાં કોઈ ભેદ ન હોય તો કાર્યનો ભેદ કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહીં; કેમ કે સર્વત્ર સમાન કારણરૂપ સામગ્રીથી સમાન જ કાર્ય થાય થાય છે તે પ્રકારનો અનુભવ છે અને પ્રસ્તુત સ્થાનમાં દેખાતા સુવર્ણને જોઈને કોઈકને પ્રમોદ થાય છે તેથી નક્કી થાય કે, તે પુરુષને પોતાને ઇષ્ટ એવું મુગટરૂપ સાધન પ્રમોદજનક બન્યું જે ઉત્પાદરૂપ છે.

વળી, કોઈ અન્ય પુરુષને તે મુગટરૂપ સુવર્ણને જોઈને શોક થાય છે તેથી નક્કી થાય છે કે, તે પુરુષને પોતાને અનિષ્ટ એવું ઘટનાશરૂપ સાધન શોકજનક બન્યું, માટે મુગટના ઉત્પાદથી ભિન્ન એવો ઘટનાશ વ્યયસ્વરૂપ છે.

વળી, ઘટનાશ અને મુગટના ઉત્પાદથી ભિન્ન એવું અવસ્થિત સુવર્ણ છે અને તે સુવર્ણના અર્થી પુરુષને માધ્યસ્થ્યનું જનક છે. તેથી નક્કી થાય છે કે, સુવર્ણના અર્થીને ઘટનાશ અને મુગટના ઉત્પાદથી ભિન્ન એવું ધ્રુવરૂપ સુવર્ણ માધ્યસ્થ્યનું જનક છે. આમ ત્રણ પુરુષના ત્રણ ભાવોરૂપ કાર્યો એકરૂપ સુવર્ણથી કેમ થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. માટે ત્રણ કાર્યને અનુરૂપ પદાર્થ ઉત્પાદ, વ્યય, ધ્રુવસ્વરૂપ છે એમ સ્વીકારવું જોઈએ.

અહીં પૂર્વપક્ષી કહે કે, શોકાદિ ત્રણ કાર્યની જનક એવી એકશક્તિ સુવર્ણમાં સ્વીકારીએ તો શું વાંધો ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

શક્તિ પણ દેખાતા અનુભવ અનુસાર કલ્પના કરાય છે. સ્વમતિથી કલ્પના કરી શકાય નહીં અને પ્રસ્તુતમાં સ્પષ્ટ દેખાય છે કે મુગટરૂપ પર્યાય ઉત્પન્ન થયો ત્યારે ઘટનાશ થયો છે અને ઘટ અને મુગટ બંને અવસ્થામાં સુવર્ણ અવસ્થિત છે. તેથી તે અનુભવ અનુસાર શોકઉત્પાદક શક્તિ ઘટનાશ છે, પ્રમોદઉત્પાદક શક્તિ મુગટઉત્પાદ છે અને માધ્યસ્થ્યઉત્પાદક શક્તિ અવસ્થિત સુવર્ણ છે તેમ કલ્પના કરી શકાય. અને જો દૃષ્ટ અનુભવ અનુસાર શક્તિની કલ્પના ન કરવામાં આવે અને સ્વમતિ અનુસાર કલ્પના કરવામાં આવે તો કોઈ કહે કે અગ્નિના સાંનિધ્યમાં રહેલું જળ બાળવાના સ્વભાવવાળું છે તેથી અગ્નિથી ઉષ્ણ થયેલું જળ દાહ કરે છે, તે દાહ કરવાનો જળનો સ્વભાવ છે, તો તે કલ્પના કરનારને કોણ નિષેધ કરી શકે ? અર્થાત્ કોઈ નિષેધ કરી શકે નહીં અને અનુભવ અનુસાર વિચારવામાં આવે તો અગ્નિ દાહ કરવાના સ્વભાવવાળું છે અને જળ શીતળતાના સ્વભાવવાળું છે તેમ જ કલ્પના થાય, તેમ પ્રસ્તુતમાં પણ ઘટનો વ્યય શોકજનક છે, મુગટનો ઉત્પાદ પ્રમોદજનક છે અને અવસ્થિત સુવર્ણ માધ્યસ્થ્યનું જનક છે તેમ કલ્પના થાય.

આ સર્વકથનથી શું ફલિત થાય છે ? તે કહે છે –

કાર્યભેદ અનુસારે શક્તિભેદમાં કારણનો ભેદ અવશ્ય સ્વીકારવો જોઈએ. તેથી પ્રસ્તુતમાં પ્રમોદ, શોક અને માધ્યસ્થ્યરૂપ કાર્યભેદ અનુસારે તેની ત્રણ શક્તિના ભેદમાં ઉત્પાદરૂપ, નાશરૂપ અને ધ્રૌવ્યરૂપ કારણભેદ સ્વીકારવો જોઈએ.

વળી, એકાંતનિત્યવાદી અવિકૃત એવાં એક સુવર્ણને સ્વીકારીને કાર્યત્રયજનનએકશક્તિ માને છે તે વચનથી જ સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે તે બતાવવા અર્થે કહે છે –

પ્રમોદ, શોક અને માધ્યસ્થ્યરૂપ અનેક કાર્યજનક એકશક્તિ હેમદ્રવ્યમાં છે એ વચનથી જ સિદ્ધ થાય છે કે, હેમદ્રવ્ય દ્રવ્યરૂપે એક છે અને તે તે કાર્યજનક અનેકશક્તિરૂપે અનેક છે માટે એકત્વ-અનેકત્વરૂપ સ્યાદ્વાદ જ સિદ્ધ થાય છે આથી જ સ્યાદ્વાદી દરેક પદાર્થને દ્રવ્યરૂપે એક અને પર્યાયરૂપે અનેક કહે છે. ॥૯/૫॥

અવતરણિકા :-

ગ્રંથકારશ્રીએ શોક, પ્રમોદ અને માધ્યસ્થ્ય ભાવનાના બળથી પદાર્થ વ્યય, ઉત્પાદ અને ધ્રૌવ્યરૂપ છે એમ સ્થાપન કર્યું. ત્યાં બૌદ્ધ ઉત્પાદવ્યયધ્રૌવ્ય એ ત્રણ વસ્તુને સ્વીકારતો નથી છતાં શોકાદિ ત્રણની સંગતિ વાસનાથી કરે છે, તે યુક્ત નથી તેમ બતાવીને શોકાદિ ત્રણના અનુભવથી પદાર્થને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ જ સ્વીકારવો જોઈએ તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

"શોકાદિક જનનઇં વાસના, ભેદઇં" કોઇ બોલઇ બુદ્ધ રે;
તસ મનસકારની ભિન્નતા, વિણ નિમિત્તભેદ કિમ શુદ્ધ રે ?
જિન૦ ॥૯/૬॥

ગાથાર્થ :-

કોઈ બુદ્ધ બોલે છે=ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ પદાર્થ નથી પરંતુ પદાર્થ પ્રતિક્ષણ નાશ પામે છે અને તેનું સંતાન ઉત્પન્ન થાય છે અને તેની સંગતિ કરતાં બુદ્ધ કહે છે. શોકાદિજનન વાસનાના ભેદથી (ત્રણ પુરુષને ત્રણ પ્રતીતિ થાય છે.)

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તેના મનસકારની=ત્રણ પુરુષમાં શોકાદિ ત્રણ પ્રકારના મનસકારની ભિન્નતા, નિમિતભેદ વગર=શોકાદિ ત્રણ ભાવોના ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ નિમિત્તભેદ વગર, કેમ શુદ્ધ થાય ?=કેમ સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહીં. ॥૯/૬॥

ટબો :-

બૌદ્ધ ઈમ કહઈ છઇ જે-'તુલાનમનોન્નમનની પરિં ઉત્પાદ-વ્યય જ એકદા છઈ, ક્ષણિક સ્વલક્ષણનઇં ધ્રૌવ્ય તો છઈ જ નહીં. હેમથી શોકાદિક કાર્ય હોઈ છઈ, ભિન્ન ભિન્ન લોકની ભિન્ન ભિન્ન વાસના છઈ તે વતી. જિમ-એક જ વસ્તુ વાસનાભેદઇ કોઈનઈ ઈષ્ટ, કોઈકનઇં અનિષ્ટ-એ પ્રત્યક્ષ છઇં. સેલડીપ્રમુખ-મનુષ્યનઇં ઈષ્ટ છઈ,

કરભનઈં અનિષ્ટ છઈ. પણિ-તિહાં-વસ્તુભેદ નથી, તિમ-ઈહાં પણિ જાણવું'. તે બૌદ્ધનઈ નિમિત્તભેદ વિના વાસનારૂપ મનસ્કારની ભિન્નતા કિમ શુદ્ધ થાઈ ? તેમાટિં-શોકાદિકનું ઉપાદાન જિમ-ભિન્ન તિમ-નિમિત્ત પણિ અવશ્ય ભિન્ન માનવું. એક વસ્તુની પ્રમાતૃભેદઈં ઈષ્ટાનિષ્ટતા છઈ, તિહાં પણિ-એક દ્રવ્યના ઈષ્ટાનિષ્ટજ્ઞાનજનન શક્તિરૂપ પર્યાયભેદ કહવા જ. ॥૯/૬॥

ટબાર્થ :-

બૌદ્ધ એમ કહે છે જે-ત્રાજવાના નમન-ઉન્નમનની જેમ=ત્રાજવાના બે પલ્લામાંથી એક પલ્લું નમે તો બીજું પલ્લું ઊંચું થાય, તેમ ઉત્પાદવ્યય જ એકદા છે. ક્ષણિક સ્વલક્ષણ એવાં પદાર્થને ધ્રૌવ્ય તો છે જ નહીં. હેમથી=સુવર્ણથી, શોકાદિ કાર્ય થાય છે તેમાં ભિન્ન ભિન્ન લોકોની ભિન્ન ભિન્ન વાસના છે તેથી થાય છે (પરંતુ શોકાદિ ત્રણ ભાવોથી પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ સિદ્ધ થતો નથી)

વાસનાથી જ શોકાદિ ત્રણ થાય છે તેમાં બૌદ્ધ દૃષ્ટાંત બતાવે છે –

જેમ-એક જ વસ્તુ કોઈકને ઈષ્ટ છે અને કોઈકને અનિષ્ટ છે તે પ્રત્યક્ષ દેખાય છે.

તે દૃષ્ટાંતથી સંગત કરે છે –

શેરડી વગેરે મનુષ્યને ઈષ્ટ છે, ઊંટને અનિષ્ટ છે. પણ ત્યાં=શેરડી વગેરેમાં, વસ્તુનો ભેદ નથી પરંતુ મનુષ્યની વાસનાને કારણે મનુષ્યને ઈષ્ટ જણાય છે અને ઊંટની વાસનાને કારણે ઊંટને અનિષ્ટ જણાય છે તેમ અહીં પણ જાણવું=ઘટનાશપૂર્વક મુગટના ઉત્પાદને જોઈને કોઈક પુરુષને શોક થાય છે, કોઈક પુરુષને પ્રમોદ થાય છે, કોઈક પુરુષને માધ્યસ્થ્યભાવ થાય છે ત્યાં પણ મુગટરૂપ એક વસ્તુને જોઈને વાસનાભેદથી ત્રણ પુરુષને ત્રણ પરિણામ થાય એમ જાણવું.

તેને ગ્રંથકારશ્રી કહે છે –

તે બૌદ્ધને નિમિત્તભેદ વગર વાસનારૂપ મનસકારની=વાસનાથી ઉત્પન્ન થયેલ શોકાદિરૂપ ત્રણ પ્રકારના મનની, ભિન્નતા કેમ શુદ્ધ થાય ?=કેમ સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહીં. તે માટે=નિમિત્તભેદ વગર શોકાદિરૂપ મનની ભિન્નતા સંગત થાય નહીં તે માટે, શોકાદિનું ઉપાદાન જેમ ભિન્ન છે=શોકાદિ કરનાર ત્રણ પુરુષો જેમ ભિન્ન છે, તેમ નિમિત્ત પણ અવશ્ય ભિન્ન માનવું જોઈએ=શોકનું નિમિત્ત ઘટનાશ, પ્રમોદનું નિમિત્ત મુગટનો ઉત્પાદ અને મધ્યસ્થતાનું નિમિત્ત હેમનું ધ્રૌવ્યપણું અવશ્ય ભિન્ન માનવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે, શેરડીરૂપ એક વસ્તુ મનુષ્યને ઇષ્ટ જણાય છે, ઊંટને અનિષ્ટ જણાય છે, ત્યાં નિમિત્તભેદ નથી પરંતુ શેરડીરૂપ એક જ નિમિત્ત છે તેમ પ્રસ્તુતમાં પણ શોકાદિનો નિમિત્તભેદ નથી એમ સ્વીકારીએ તો શું વાંધો છે ? તેના નિવારણ માટે કહે છે –

એક વસ્તુની=શેરડી વિગેરે એક વસ્તુની, પ્રમાતૃભેદથી=મનુષ્યરૂપ પ્રમાતૃના અને ઊંટરૂપ પ્રમાતૃના

ભેદથી, ઇષ્ટતા અને અનિષ્ટતા છે. ત્યાં પણ એક દ્રવ્યના=શેરડીરૂપ એક દ્રવ્યના, ઇષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાય અને અનિષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાય જુદા છે તેમ સ્વીકારવું. (જેથી શેરડીરૂપ ધ્રુવ દ્રવ્ય, તેમ જ ઇષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ અને અનિષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાયની સિદ્ધિ થાય.) ॥૯/૬॥

ભાવાર્થ :-

સુવર્ણના ઘટનાશ, મુગટના ઉત્પાદ અને સુવર્ણરૂપ ધ્રુવ અંશને જોઈને ત્રણ પુરુષમાં થતા શોકાદિ ત્રણ ભાવોના બળથી સ્યાદ્વાદી પદાર્થને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ સ્થાપન કરે છે. તેની સામે એકાંત ક્ષણિકવાદી બૌદ્ધ કહે છે કે, જેમ ત્રાજવાનાં બે પલ્લાં હોય છે અને એક પલ્લું નમે તો બીજું પલ્લું ઊંચું થાય છે તેમ કોઈક વસ્તુ ઉત્પન્ન થાય ત્યારે તે ઉત્પન્ન થયેલ વસ્તુનું પલ્લું નમે છે અને તે વખતે ઉત્પન્ન થનાર વસ્તુનું ઉપાદાન કારણ વ્યય પામે છે તેથી ત્રાજવાનું તે પલ્લું ઊંચું થાય છે. વળી, પદાર્થ ક્ષણિક સ્વભાવવાળો છે તેથી જે વસ્તુ ઉત્પન્ન થાય છે તેનું ઉપાદાનકારણ પૂર્વક્ષણમાં વસ્તુ હતી તે નાશ પામે છે, તેનાથી અતિરિક્ત કોઈ ધ્રુવ પદાર્થ નથી.

વળી, સુવર્ણના દૃષ્ટાંતથી સ્યાદ્વાદી શોકાદિ ત્રણ કાર્યને આશ્રયીને ઉત્પાદવ્યયધ્રૌવ્યની સિદ્ધિ કરે છે તે સંગત નથી તેમ બતાવવા બૌદ્ધ કહે છે કે, સુવર્ણના ઘટના નાશથી મુગટ ઉત્પન્ન થયો તેને જોઈને, ભિન્ન ભિન્ન એવાં ત્રણ પુરુષની ભિન્ન ભિન્ન વાસના હોવાને કારણે એકને શોક થાય છે, બીજાને પ્રમોદ થાય છે અને ત્રીજાને માધ્યસ્થ્યભાવ રહે છે. તેથી શોકાદિ ત્રણ ભાવો પ્રગટે તેમાં ત્રણ પુરુષની ત્રણ ભિન્ન ભિન્ન વાસના કારણ છે, ઉત્પાદવ્યયધ્રૌવ્ય કારણ નથી. વળી, પોતાના કથનની પુષ્ટિ માટે બૌદ્ધ દૃષ્ટાંત બતાવે છે –

જેમ, એક જ શેરડીરૂપ વસ્તુને જોઈને મનુષ્યને તેવી વાસનાને કારણે ઇષ્ટબુદ્ધિ થાય છે અને તે જ શેરડીરૂપ વસ્તુને જોઈને ઊંટને તેવી વાસનાને કારણે અનિષ્ટબુદ્ધિ થાય છે. માટે ભિન્ન ભિન્ન પુરુષની ભિન્ન ભિન્ન બુદ્ધિના બળથી તેના જ્ઞાનના વિષયભૂત વસ્તુનો ભેદ સ્વીકારી શકાય નહીં.

તેમ પ્રસ્તુતમાં ત્રણ પુરુષના શોકાદિ ત્રણ ભાવોના બળથી દેખાતા એવાં મુગટને ઘટનાશ, મુગટઉત્પાદ અને સુવર્ણરૂપે ધ્રુવ સ્થાપન કરી શકાય નહીં પરંતુ ઘટનાશ અભાવાત્મક હોવાથી કંઈ જ નથી અર્થાત્ તુચ્છ છે, મુગટઉત્પાદ સત્ય છે અને તેનાથી અતિરિક્ત ધ્રુવ સુવર્ણ કાંઈ જ નથી માટે મુગટ સ્વરૂપ જ સુવર્ણ છે તેમ બૌદ્ધ કહે છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો બૌદ્ધ ત્રણ પ્રકારની વાસનાના બળથી ત્રણ પુરુષોના ત્રણ પ્રકારના જુદા જુદા શોકાદિ ભાવોરૂપ ત્રણ પ્રકારના મનની ભિન્નતા સ્વીકારે તો તે ત્રણ પ્રકારના મનની ભિન્નતા થવામાં નિમિત્તભેદ પણ તેણે માનવો જોઈએ.

માટે જેમ, શોકાદિ ત્રણ પ્રકારના ભાવોમાં ઉપાદાનકારણ ત્રણ પુરુષો ભિન્ન છે તેમ તે ત્રણ પુરુષોમાં જે શોકાદિ ત્રણ કાર્યો થયાં તેના પ્રત્યે નિમિત્તકારણ તરીકે દેખાતા પદાર્થના ત્રણ ભાવો પણ જુદા

સ્વીકારવા જોઈએ. આથી જ શોક પ્રત્યે ઘટનાશ નિમિત્તકારણ છે, પ્રમોદ પ્રત્યે મુગટનો ઉત્પાદ નિમિત્તકારણ છે અને મધ્યસ્થતા પ્રત્યે સુવર્ણનો ધ્રુવભાવ નિમિત્તકારણ છે તેમ માનવું જોઈએ; કેમ કે નિમિત્તના ભેદ વગર ત્રણ પ્રકારના મનના પરિણામો થઈ શકે નહીં.

અહીં પ્રશ્ન થાય કે જેમ, શેરડીરૂપ એક જ વસ્તુને આશ્રયીને મનુષ્યને ઇષ્ટબુદ્ધિ થાય છે અને ઊંટને અનિષ્ટબુદ્ધિ થાય છે તેમ, શોકાદિ ત્રણ ભાવો પણ પ્રમાતૃના ભેદથી થાય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ?

શેરડીરૂપ એક વસ્તુમાં મનુષ્યરૂપ પ્રમાતૃને ઇષ્ટબુદ્ધિ થાય છે અને ઊંટરૂપ પ્રમાતૃને અનિષ્ટબુદ્ધિ થાય છે તેથી નક્કી થાય છે કે શેરડીરૂપ એક વસ્તુમાં ઇષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ અને અનિષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાયભેદ છે માટે શેરડી પણ દ્રવ્યરૂપ અને પર્યાયરૂપ છે અર્થાત્ શેરડીસ્વરૂપે દ્રવ્ય છે અને ઇષ્ટ-અનિષ્ટ જ્ઞાનજનનશક્તિરૂપે પર્યાય છે. વળી, શેરડીમાં પણ અનેક પર્યાયો છે, જે પ્રતિક્ષણ પરિવર્તન પામી રહ્યા છે તેથી જ્યારે શેરડી સુકાઈ જાય છે ત્યારે તેમાં મનુષ્યની ઇષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાય નાશ પામે છે તેથી શેરડીદ્રવ્ય પર્યાયરૂપે ઉત્પાદવ્યયરૂપ છે અને દ્રવ્યરૂપે ધ્રૌવ્ય છે માટે જગતવર્તી સર્વ પદાર્થો ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે તેમ માનવું ઉચિત છે. ॥૯/૬॥

અવતરણિકા :-

પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ત્રણ પ્રકારના પુરુષોની ત્રણ પ્રકારની વાસનાના ભેદથી ત્રણ પ્રકારના શોકાદિરૂપ મનના ભેદો થાય છે તેમ નિમિત્તભેદનો સ્વીકાર કર્યા વગર બૌદ્ધ સ્વીકારી શકે નહીં માટે શોકાદિરૂપ ત્રણ પ્રકારના મનના ભેદની સંગતિ અર્થે તેના નિમિત્તરૂપ ઉત્પાદ આદિ ત્રણ પણ બૌદ્ધે સ્વીકારવા જોઈએ. હવે જો ત્રણ પ્રકારના શોકાદિ ભાવોના નિમિત્તભેદને યોગાચારવાદી બૌદ્ધ ન સ્વીકારે તો શું દોષ પ્રાપ્ત થાય ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

જો નિમિત્તભેદ વિન ગ્યાનથી, શક્તિ સંકલ્પ-વિકલ્પ રે;
તો બાહ્ય વસ્તુના લોપથી, ન ઘટઇં તુઝ ઘટ-પટજલ્પ રે.

જિન૦ ॥૯/૭॥

ગાથાર્થ :-

જો નિમિત્તભેદ વગર જ્ઞાનથી સંકલ્પ-વિકલ્પની શક્તિ છે=જ્ઞાનથી સંકલ્પ-વિકલ્પની પુરુષની શક્તિ છે (તેમ યોગાચારવાદી બૌદ્ધ માને), તો બાહ્ય વસ્તુના લોપથી=સંકલ્પવિકલ્પના નિમિત્તભૂત બાહ્ય વસ્તુના લોપથી, તને=યોગાચારવાદી બૌદ્ધને, ઘટ-પટનો જલ્પ ઘટે નહીં='આ ઘટ છે' 'આ પટ છે' ઇત્યાદિ વચનપ્રયોગ ઘટે નહીં. (માટે માધ્યમિક બૌદ્ધ મત અનુસાર શૂન્યવાદની પ્રાપ્તિ થાય). ॥૯/૭॥

ટબો :-

જો-યોગાચારવાદી બૌદ્ધ કહસ્યઈ જે-'નિમિત્તકારણના ભેદ વિના જ વાસનાજનિત જ્ઞાનસ્વભાવથી શોક, પ્રમોદાદિક સંકલ્પ, વિકલ્પ હોઈ છઈ.' તો-ઘટપટાદિ નિમિત્ત વિના જ વાસના વિશેષઈં ઘટપટાદ્યાકાર જ્ઞાન હોઈ.'' તિવારઈ બાહ્ય વસ્તુ સર્વ લોપાઈં અનઈ-નિષ્કારણ તત્તદાકાર જ્ઞાન પણિં ન સંભવઈ. અંતરબહિરાકાર વિરોધઈં, બાહ્યાકાર મિથ્યા કહિઈં, તો ચિત્રવસ્તુવિષય નીલપીતાદ્યાકાર જ્ઞાન પણિ મિથ્યા હુઈ જાઈ, તથા સુખાદ્યાકાર, નીલાદ્યાકાર પણિ વિરુદ્ધ થાઈ. તિવારઈં-સર્વશૂન્ય જ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધનું મત આવી જાઈં.

उक्तं च –

"किं स्यात् सा चित्रतैकस्यां, न स्यात्तस्यां मतावपि ।
यदीदं स्वयमर्थानां, रोचते तत्र के वयम् ?" ।।१।।

શૂન્યવાદ પણિ-પ્રમાણ સિદ્ધચસિદ્ધિ વ્યાહત છઈ, તે માટિં-સર્વનયશુદ્ધ સ્યાદ્વાદ જ વીતરાગ પ્રણીત આદરવો. ।।૯/૭।।

ટબાર્થ :-

જો યોગાચારવાદી બૌદ્ધ કહેશે, જે, નિમિત્તકારણના ભેદ વગર જ=બાહ્યપદાર્થરૂપ નિમિત્તકારણના ભેદ વગર જ, વાસનાજનિતજ્ઞાનસ્વભાવથી શોકપ્રમોદાદિ સંકલ્પ-વિકલ્પ થાય છે=ત્રણ પુરુષોમાંથી કોઈકને શોક, કોઈકને પ્રમોદ અને કોઈકને માધ્યસ્થ્યભાવરૂપ સંકલ્પ-વિકલ્પ થાય છે, તો ઘટપટાદિના નિમિત્ત વગર જ વાસનાવિશેષથી ઘટપટાદિ આકારજ્ઞાન થાય, અને તિ વારે=યોગાચારવાદી જે કહે છે તેમ સ્વીકારીને ઘટપટાદિ નિમિત્ત વગર જ વાસનાવિશેષથી ઘટપટાદિ આકારનું જ્ઞાન થાય છે તેમ સ્વીકારીએ તો, બાહ્ય વસ્તુ સર્વ લોપાય અર્થાત્ જગતમાં કોઈ ઘટપટાદિ પદાર્થ નથી પરંતુ પુરુષને વાસનાજનિત જ્ઞાનસ્વભાવથી ઘટપટાદિરૂપ વિકલ્પો થાય છે તેમ માનવું પડે અને નિષ્કારણ તે તે આકારજ્ઞાન પણ સંભવે નહીં=જો બાહ્યપદાર્થ ન હોય તો બાહ્યપદાર્થરૂપ કારણ વગર ઘટપટાદિ આકારવાળું જ્ઞાન પણ સંભવે નહીં.

અહીં અંતરાકાર અને બહિરાકારનો વિરોધ છે=જોનાર પુરુષમાં ઘટપટાદિ આકારનું જ્ઞાન છે અને ઘટપટાદિ બહિરાકારવાળી વસ્તુ છે તેમ સ્વીકારવાનો વિરોધ છે, માટે બાહ્ય આકાર મિથ્યા કહીએ=બાહ્ય આકાર વાસ્તવિક નથી માત્ર અંતરાકાર જ વાસ્તવિક સ્વીકારીએ તો ચિત્રવસ્તુવિષયક= અનેકરૂપવાળી વસ્તુવિષયક નીલપીત્તાદિ આકારરૂપ જ્ઞાન પણ મિથ્યા થાય અને તે રીતે સુખાકાર અને નીલાદિ આકાર પણ વિરુદ્ધ થાય=એક પુરુષને નીલાદિ આકારવાળી વસ્તુને જોઈને નીલાદિ આકારનું જ્ઞાન થાય છે અને તે વખતે સુખાદિનો અનુભવ થાય છે પરંતુ પૂર્વમાં કહ્યું તેમ અંતરંગાકાર

અને બાહ્યાકાર પરસ્પર વિરોધી છે તેમ સ્વીકારીએ તો, સુખાદિ આકાર અને નીલાદિ આકાર પણ પરસ્પર વિરોધી થાય. તે વારે સર્વશૂન્ય જ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધનો મત આવે.

ઉક્તં ચ=અને કહેવાયું છે –

"કિં સ્યાત્ ?=શું થાય ?=ચિત્રરૂપવાળી બુદ્ધિ થાય છે તેથી ચિત્રરૂપ દ્રવ્ય સ્વીકારીએ તો શું દૂષણ થાય ?

તેને શૂન્યવાદી કહે છે –

એકસ્યાં તસ્યાં મતૌ અપિ=એક એવી તે મતિમાં પણ, સા ચિત્રતા ન સ્યાત્ =તે ચિત્રતા ન થાય=નીલપીતાદિ ચિત્ર આકારનો પ્રતિભાસ ન થાય.

અહીં પ્રશ્ન થાય કે એક મતિમાં નીલપીતાદિ ચિત્રરૂપનો પ્રતિભાસ ન થતો હોય તો ચિત્રરૂપવાળા વસ્ત્રને જોઈને ચિત્રરૂપની પ્રતીતિ કેમ થાય છે ? તેથી કહે છે –

યદીદં સ્વયમર્થાનાં રોચતે=જો આ પ્રમાણે સ્વયં અર્થોને રુચે છે=બાહ્યવસ્તુ કે મતિ નહીં હોવા છતાં મિથ્યા તેવી મતિ થાય તેવું સ્વયં અર્થોને રુચે છે, તત્ર કે વયમ્ ?=ત્યાં અમે શું કરીએ ?" **(પ્રમાણવાર્તિક શ્લોક-૨૧૦)**

પૂર્વમાં કહ્યું કે, નિમિત્તભેદ વગર સંકલ્પવિકલ્પના જ્ઞાનથી શોકાદિ ત્રણ ભાવો થાય છે તેમ યોગાચારવાદી બૌદ્ધ સ્વીકારે તો બાહ્યવસ્તુના લોપથી ઘટપટ આદિનો પણ જલ્પ થાય નહીં. માટે સર્વશૂન્યજ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધ મતની પ્રાપ્તિ થાય. હવે તે શૂન્યવાદ પણ સ્વીકારી શકાય તેમ નથી એમ બતાવીને નિમિત્તના ભેદથી જ શોકાદિ ત્રણ ભાવો થાય છે તેમ સ્થાપન કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

શૂન્યવાદ પણ પ્રમાણની સિદ્ધિ અને અસિદ્ધિથી વ્યાહત છે=જો શૂન્યવાદ પ્રમાણથી સિદ્ધ હોય તો પ્રમાણ વિદ્યમાન હોવાને કારણે શૂન્યવાદ નથી તેમ સિદ્ધ થાય અને શૂન્યવાદ સ્વીકારવામાં પ્રમાણની અસિદ્ધિ છે એમ કહીએ તો જે વચન પ્રમાણથી સિદ્ધ ન હોય તેને સ્વીકારી શકાય નહીં માટે પ્રમાણની સિદ્ધિ અને અસિદ્ધિથી શૂન્યવાદ હણાયેલો છે, તે માટે સર્વનયશુદ્ધ સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત આદરવો જોઈએ=સર્વ દૃષ્ટિઓથી અનુભવને અનુરૂપ પદાર્થ કહેનાર હોવાથી શુદ્ધ એવો સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત છે માટે સ્વીકારવો જોઈએ. ॥૯/૭॥

ભાવાર્થ :-

સૌત્રાંતિક વૈભાષિક બૌદ્ધ માને છે કે પદાર્થ ક્ષણિક છે અને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ નથી અને ત્રણ પુરુષને જે શોકાદિ ભાવો થાય છે તે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ નિમિત્તભેદ વગર વાસનારૂપ મનની ભિન્નતાથી થાય છે તે વચન સંગત નથી. ઘટનાશ, મુગટનો ઉત્પાદ અને સુવર્ણની અવસ્થિતિ જોઈને ત્રણ પુરુષોને શોકાદિ ત્રણ ભાવો વસ્તુના ઉત્પાદવ્યયધ્રૌવ્યના નિમિત્તથી થાય છે તેમ માનવું જોઈએ, તેમ પૂર્વની ગાથામાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું.

હવે જો યોગાચારવાદી અર્થાત્ જ્ઞાનઅદ્વૈતવાદી બૌદ્ધ કહે કે, નિમિત્તકારણના ભેદ વગર પણ જીવોમાં તે તે પ્રકારની વાસનાથી જનિત એવાં જ્ઞાનસ્વભાવને કારણે કોઈકને શોક, કોઈકને પ્રમોદ અને કોઈકને મધ્યસ્થતારૂપ સંકલ્પવિકલ્પ થાય છે માટે શોકાદિના નિમિત્ત તરીકે ઉત્પાદાદિ ત્રણને માનવાની જરૂર નથી.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે, જેમ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ નિમિત્ત વગર શોકાદિ ત્રણ ભાવો માત્ર જ્ઞાનના સંકલ્પથી થઈ શકે છે તો બાહ્ય એવાં ઘટપટાદિ નિમિત્ત વગર જ વાસનાવિશેષથી ઘટપટાદિરૂપ આકારવિશેષનું જ્ઞાન પણ યોગાચારવાદી બૌદ્ધ મતાનુસાર થઈ શકે છે તે વખતે જ્ઞાનથી અતિરિક્ત કોઈ પદાર્થ નથી, માત્ર વાસનાવિશેષથી પુરુષને ઘટપટાદિ જ્ઞાન થાય છે તેમ યોગાચારવાદી બૌદ્ધના મતે પ્રાપ્ત થાય.

વળી, જો યોગાચારવાદી મત પ્રમાણે સ્વીકારીએ કે બાહ્ય પદાર્થ નથી, માત્ર જ્ઞાનસ્વરૂપ જ ઘટપટાદિ આકાર છે, તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

જો બાહ્ય કોઈ પદાર્થ ન હોય તો કારણ વગર તે તે આકારવાળું જ્ઞાન પણ સંભવી શકે નહીં.

વળી, યોગાચારવાદી બૌદ્ધ કહે છે કે, અંતરંગ આકાર અને બહિરાકારનો વિરોધ છે માટે બાહ્યાકાર મિથ્યા છે. યોગાચારવાદી બૌદ્ધનો આશય એ છે કે અંતરંગ ઘટપટાદિ આકારરૂપ જ્ઞાનની પ્રતીતિ પુરુષને થઈ રહી છે તે વખતે ઘટપટાદિ આકારાત્મક જ્ઞાન અંતરંગ છે અને તદાકારવાળી વસ્તુ બહિરંગ છે તેમ સ્વીકારવામાં પરસ્પર વિરોધ છે; કેમ કે અંતરંગ સંવેદન થતાં ઘટાદિ આકાર જ્ઞાનાત્મક છે અને તેવા જ્ઞાનાત્મક ઘટાદિ આકાર પુરોવર્તી છે તેમ કહી શકાય નહીં, પરંતુ બહાર તો જ્ઞાનના સંવેદનસ્વરૂપ ઘટાદિ આકાર દેખાતો નથી તેથી અંતરંગ અને બહિરંગ બેય જ્ઞાનના સંવેદનરૂપ ઘટાદિ આકાર સ્વીકારવાનો વિરોધ છે. માટે બાહ્ય આકાર મિથ્યા છે. તેમ કહીને "પુરુષને સંવેદન થતું જ્ઞાન જ માત્ર જગતમાં છે, જ્ઞાનથી અતિરિક્ત બાહ્ય પદાર્થો નથી" તેમ યોગાચારવાદી સ્થાપન કરે છે અને તેમ સ્થાપન કરીને શોક, પ્રમોદાદિ ભાવો પણ જ્ઞાનના સંકલ્પ-વિકલ્પરૂપ છે તેમ કહે અને તેમ કહીને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ પદાર્થ નથી તેમ સ્થાપન કરે તો ગ્રંથકારશ્રી કહે છે –

અંતરંગ આકાર અને બહિરાકાર એ બન્ને સ્વીકારવામાં વિરોધ છે; કેમ કે અંતરંગ આકાર પ્રતીત છે અને બહિરાકાર સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી માટે અંતરંગ અને બહિરંગ એ બન્ને આકાર સ્વીકારી શકાય નહીં એમ જો યોગાચારવાદી બૌદ્ધ કહે તો, અનેક વર્ણવાળી ચિત્ર વસ્તુવિષયક જ્યારે કોઈને જ્ઞાન થાય છે ત્યારે તે વસ્તુ તેને નીલપીતાદિ અનેક આકારવાળા જ્ઞાનસ્વરૂપ જણાય છે અને જેમ બહિરંગ અને અંતરંગનો પરસ્પર વિરોધ છે તેમ નીલાકાર અને પીતાકારવાળા જ્ઞાનનો પણ પરસ્પર એકકાળમાં વિરોધ છે, માટે ચિત્રવસ્તુવિષયક નીલપીતાદિ અનેક આકારવાળું જ્ઞાન પણ મિથ્યા સિદ્ધ થાય. અને તેમ સ્વીકારીએ તો નીલવસ્તુને જોઈને કોઈકને સુખનું વેદન થાય છે તે વખતે જ્ઞાનના પરિણામમાં સુખાકાર અને નીલાકાર-બંને ભાસે છે તેનો પણ પરસ્પર વિરોધ પ્રાપ્ત થાય માટે તે જ્ઞાનને પણ મિથ્યા માનવું પડે અને તેમ સ્વીકારીએ તો જેમ બાહ્ય ઘટપટાદિ વસ્તુ મિથ્યા છે તેમ સંસારી જીવોને પ્રતીત થતા સુખાદિ આકાર અને નીલાદિ આકારવાળાં જ્ઞાન પણ મિથ્યા છે તેમ પ્રાપ્ત થાય અને તેમ સ્વીકારીએ તો સંસારી

જીવોને જે ઘટપટાદિના જ્ઞાન કે નીલપીતાદિ આકારનાં જ્ઞાન થાય છે તે સર્વ આકારોની સાથે સુખાકાર અને દુઃખાકારમાંથી કોઈ એક આકારનું વેદન થાય છે, માત્ર નીલાદિ આકારનું વેદન થતું નથી. માટે જો સુખાદિ આકાર અને નીલાદિ આકારનો પરસ્પર વિરોધ સ્વીકારીએ તો સંસારી જીવોને પ્રતીત થતાં સર્વ જ્ઞાન મિથ્યા છે તેમ માનવું પડે અને સર્વ જ્ઞાન મિથ્યા છે તેમ સ્વીકારીએ તો સર્વશૂન્યજ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધ મતની પ્રાપ્તિ થાય, જે યોગાચારવાદી બૌદ્ધને ઇષ્ટ નથી. પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જ્ઞાનઅદ્વૈતવાદી બૌદ્ધ મતને દોષ આપ્યો કે જો અંતરંગ અને બહિરંગ આકારનો વિરોધ છે તેમ કહીને બાહ્યાકાર મિથ્યા છે તેમ જો જ્ઞાનઅદ્વૈતવાદી કહે તો સુખાદિ આકાર અને નીલાદિ આકારનો પણ વિરોધ હોવાથી બાહ્યાકારના અભાવની જેમ અંતરંગ જ્ઞાનાકારના અભાવની પણ આપત્તિ આવે અને તે આપત્તિને બતાવવા માટે સાક્ષીપાઠ કહે છે. અને કહેવાયું છે=સર્વશૂન્યજ્ઞાનવાદી એવાં માધ્યમિક બૌદ્ધ વડે કહેવાયું છે. બૌદ્ધવાદી ધર્મકીર્તિરચિત "પ્રમાણવાર્તિક" ગ્રંથનો શ્લોક નં-૨૧૦ અને તેની ટીકા આ પ્રમાણે છે –

किं स्यात् सा चित्रतैकस्यां न स्यात्तस्यां मतावपि ।
यदीदं स्वयमर्थानां, रोचते तत्र के वयम् ? ।।२१०।।

ટીકા :-

ननु यदि सा चित्रता बुद्धावेकस्यां स्यात् तया च चित्रमेकं द्रव्यं व्यवस्थाप्येत तदा दूषणं स्यात् ? आह-न केवलं द्रव्ये, तस्यां मतावेकस्यां न सच्चित्रता, आकारनानात्वलक्षणत्वाद् भेदस्य । नानात्वेऽपि चित्रता कथम् ? अनेकपुरुषप्रतीतिवत् ।

कथं तर्हि प्रतीतिः इत्याह-यदीदमतद्रूप्येऽपि तद्रूप्यप्रथनमर्थानां भासमानानां नीलादीनां स्वयमपरप्रेरणया रोचते, तत्र तथाप्रतिभासे के वयमसहमाना अपि निषेद्धुम् ? अवस्तु च प्रतिभासते चेति व्यक्तमालिक्यम् ।।

'किं स्यात् ?'નું ઉત્થાન કરતાં ટીકાકારશ્રી કહે છે –

જો એક બુદ્ધિમાં ચિત્રતા થાય તો તેના વડે=તે ચિત્રતા વડે, એક ચિત્રદ્રવ્ય વ્યવસ્થાપન થાય છે, તો किं स्यात् ?=શું દૂષણ થાય ? તેનો ઉત્તર આપતાં 'आह'થી કહે છે. કેવલ દ્રવ્યમાં ચિત્રતા ન થાય પરંતુ એક એવી તે મતિમાં પણ ચિત્રતા ન થાય. કેમ એક મતિમાં ચિત્રતા ન થાય ? તેથી કહે છે –

આકારના નાનાપણારૂપ ભેદનું લક્ષણ છે અને આકારના નાનાપણામાં ચિત્રતા કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહીં; અનેક પુરુષની પ્રતીતિની જેમ=અનેક પુરુષની પ્રતીતિ જુદી જુદી હોય છે. એકપુરુષમાં તે સર્વ પ્રતીતિઓ નથી તેમ એક જ્ઞાનમાં અનેક પ્રતીતિ થઈ શકે નહીં. આ રીતે શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી શ્લોકના ઉતરાર્ધનો અર્થ કરે છે. તે પ્રતીતિ કેવી રીતે થાય ? તેથી કહે છે –

જો અતાદ્રૂપ્યમાં પણ તાદ્રૂપ્ય ભાસમાન નીલાદિ અર્થોને સ્વયં રુચે છે=બીજાની પ્રેરણા વગર રુચે છે, તો તે પ્રકારના પ્રતિભાસમાં અમે શું છીએ ?=અસહમાન પણ અમે નિષેધ કરવા સમર્થ નથી. અંતે, શું ફલિત થાય છે તે કહે છે –

અવસ્તુ અને અલિકપણું વ્યક્ત પ્રતિભાસ થાય છે.

આશય એ છે કે "પ્રમાણવાર્તિક"ના પ્રસ્તુત શ્લોકની પૂર્વના શ્લોકમાં યોગાચારવાદીએ કહેલ કે, "અલગ અલગ રંગથી યુક્ત એવાં વસ્ત્રને જોઈને બુદ્ધિમાં અનેક વર્ણનો બોધ થાય છે તેનાથી નક્કી થાય છે કે, ચિત્રવર્ણવાળું એક દ્રવ્ય છે તેમ સ્વીકારીએ તો શું વાંધો ?" એ પ્રકારની શંકા 'किं स्यात् ?'થી પ્રસ્તુત શ્લોકમાં કરેલ છે. તેને ઉત્તર આપતાં સર્વ શૂન્યવાદી કહે છે કે, "ચિત્રવર્ણવાળું દ્રવ્ય તો નથી પરંતુ તે એક મતિમાં ચિત્રવર્ણનો બોધ પણ થઈ શકે નહીં; કેમ કે જુદા જુદા આકારનો બોધ એ ભેદનું લક્ષણ છે તેથી તે જુદા જુદા આકારવાળી મતિ વસ્તુતઃ જુદી જુદી હોવી જોઈએ અને જુદી જુદી મતિ નથી તેથી જે ચિત્રવર્ણને ગ્રહણ કરનાર મતિ દેખાય છે તે પણ વાસ્તવિક નથી પરંતુ ભ્રમાત્મક છે. અહીં પ્રશ્ન થાય કે જો ચિત્રરૂપવાળું વસ્ત્ર નથી અને ચિત્રરૂપનું અવગાહન કરનાર મતિ પણ નથી તો જોનાર પુરુષને ચિત્રરૂપની પ્રતીતિ કેમ થાય છે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

ભાસમાન એવાં નીલાદિ અર્થોનું એવું સ્વરૂપ છે કે વાસ્તવિક નથી છતાં તેના સ્વરૂપે છે તેવું જણાવું સ્વયં તે અર્થોને રુચતું હોય તો અમે કઈ રીતે તેનો નિષેધ કરી શકીએ ? અર્થાત્ બુદ્ધિથી જણાય છે કે, જગતમાં ચિત્રરૂપવાળી વસ્તુ નથી અને ચિત્રરૂપવાળી બુદ્ધિ પણ નથી છતાં બુદ્ધિમાં જણાતું હોય તો અમે તેનો કેવી રીતે નિષેધ કરી શકીએ ? વાસ્તવિક રીતે ચિત્રરૂપવાળી વસ્તુ અને ચિત્રરૂપવાળી બુદ્ધિ પણ નથી પરંતુ શૂન્ય જ છે છતાં તેવો પ્રતિભાસ થાય છે.

અહીં સર્વશૂન્યવાદી બૌદ્ધ કહે કે તે અમને ઇષ્ટ છે=યોગાચારવાદી બૌદ્ધને ગ્રંથકારશ્રીએ આપત્તિ આપી કે તને સર્વશૂન્યવાદ સ્વીકારવો પડશે તે આપત્તિ સર્વશૂન્યવાદી બૌદ્ધ કહે કે તે અમને ઇષ્ટ છે માટે શોક, પ્રમોદાદિના બળથી પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક છે એમ સિદ્ધ કરી શકાય નહીં તેથી સર્વશૂન્યવાદી એવાં બૌદ્ધ મતનું નિરાકરણ કરતાં કહે છે –

ગ્રંથકારશ્રી શૂન્યવાદીને પૂછે કે, શૂન્યવાદ પ્રમાણથી સિદ્ધ છે કે અસિદ્ધ છે ? જો શૂન્યવાદી કહે કે શૂન્યવાદ પ્રમાણથી સિદ્ધ છે તો ગ્રંથકારશ્રી કહે છે કે પ્રમાણ નામની વસ્તુ સિદ્ધ થવાથી શૂન્યવાદનું સ્થાપક પ્રમાણ વિદ્યમાન છે માટે સર્વશૂન્ય છે તેમ કહી શકાય નહીં અને જો શૂન્યવાદી કહે કે શૂન્યવાદનું સ્થાપક પ્રમાણ અસિદ્ધ છે તો પ્રમાણથી અસિદ્ધ એવાં શૂન્યવાદને કોઈ વિચારક સ્વીકારી શકે નહીં. માટે શૂન્યવાદનું કથન કરનાર પુરુષ 'મારી માતા વંધ્યા છે' તેના જેવો અસંબદ્ધ પ્રલાપ કરે છે. તે માટે=નિમિત્તભેદ વગર શોકપ્રમોદાદિ ત્રણ ભાવો થઈ શકે નહીં અને માત્ર સંકલ્પવિકલ્પથી શોકપ્રમોદાદિ સ્વીકારીએ તો શૂન્યવાદ આવે અને તે શૂન્યવાદ પણ યુક્તિરહિત છે તે માટે, સર્વનયથી શુદ્ધ એવો સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત છે તેને સ્વીકારવો જોઈએ.

આશય એ છે કે પદાર્થને જોનારી જેટલી દૃષ્ટિઓ છે તે સર્વ દૃષ્ટિઓનું ઉચિત સ્થાને યોજન કરવાથી દરેક નયદૃષ્ટિઓ પરસ્પર અવિરુદ્ધરૂપે ભાસે છે અને તેવો સર્વનયશુદ્ધ સ્યાદ્વાદ છે. આથી જ સ્યાદ્વાદની સર્વ દૃષ્ટિઓના ઉત્પત્તિના સ્થાનભૂત એવી દ્રવ્યને જોનારી દૃષ્ટિ અને પર્યાયને જોનારી દૃષ્ટિરૂપ દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકનય છે અને તે બંને દૃષ્ટિ વીતરાગપ્રણીત છે અને તે દૃષ્ટિથી પદાર્થને જોવામાં આવે તો

દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી પદાર્થ ધ્રુવ જ દેખાય છે, અધ્રુવ નહીં અને પર્યાયાસ્તિકનયની દૃષ્ટિથી પદાર્થમાં પર્યાયો પ્રતિક્ષણ પરિવર્તન પામતા દેખાય છે. માટે પદાર્થમાં પર્યાયાસ્તિકનયની દૃષ્ટિથી ઉત્પાદવ્યય દેખાય છે અને દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી ધ્રુવતા દેખાય છે તેમ જ સ્વીકારવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે, બૌદ્ધ દર્શનમાં ચાર મતો છે. (૧) સોત્રાંતિક (૨) વૈભાષિક (૩) યોગાચાર (૪) માધ્યમિક. આ ચારેય મતો પર્યાયાસ્તિકનયને આશ્રયીને પ્રવર્તે છે. તેમાં ઋજુસૂત્રનયને આશ્રયીને સોત્રાંતિક મત, શબ્દનયને આશ્રયીને વૈભાષિકમત, સમભિરૂઢનયને આશ્રયીને યોગાચાર મત અને એવંભૂતનયને આશ્રયીને માધ્યમિક મત પ્રવર્તે છે એ પ્રમાણે ટીકાકારશ્રીએ 'સમ્મતિ' ગ્રંથમાં કહેલ છે. **॥૯/૭॥**

અવતરણિકા :-

ગ્રંથકારશ્રીએ એક જ સમયમાં ઘટનાશ, મુગટઉત્પત્તિ અને સુવર્ણની અવસ્થિતિના દૃષ્ટાંતથી દરેક પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે તેમ સ્થાપન કર્યું. તે વચનમાં નૈયાયિકના વચનથી આવતા વિરોધનો પરિહાર કરવા અર્થે નૈયાયિકનો મત બતાવીને તેનું નિરાકરણ કરે છે –

ગાથા :-

ઘટનાશ મુકુટ ઉત્પત્તિનો, ઘટ એક જ રૂપઈં હેત રે;
એકાંતભેદની વાસના, નઇયાયિક પણિ કિમ દેત રે ? જિન૦ ॥૯/૮॥

ગાથાર્થ :-

ઘટનાશ અને મુગટઉત્પત્તિનો એક જ રૂપે ઘટ હેતુ છે. એકાંતભેદની વાસના=ઘટનાશ અને મુગટઉત્પત્તિમાં એકાંતભેદની વાસના, નૈયાયિક પણ કેમ દેત ?=કેમ આપે છે ? અર્થાત્ એકાંતભેદની વાસના ઉચિત નથી. ॥૯/૮॥

ટબો :-

ઈમ-શોકાદિકાર્યત્રયનઈ ભેદઈં-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય-એ ૩ લક્ષણ-વસ્તુમાંહિં સાધ્યાં પણિ-અવિભક્ત દ્રવ્યપણઇ-અભિન્ન છઈ. અત એવ-હેમઘટનાશાડભિન્ન-હેમ-મુકુટોત્પત્તિનઈં વિષઈ હેમઘટાવયવવિભાગાદિક હેતુ છઈ. અત એવ ચ-મહાપટનાશાભિન્ન-ખંડપટોત્પત્તિ પ્રતિં-એકાદિતંતુસંયોગાપગમ હેતુ છઈ. ખંડપટઈં મહા-પટનાશની હેતુતા કલ્પિઈં, તો મહાગૌરવ થાઈ, ઈમ-જાણતો ઈ લાઘવપ્રિય નૈયાયિક નાશોત્પત્તિનાં એકાંતભેદની વાસના કિમ દેઈ છઈ ? તેહનું મત છઈં ૪–

"कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे ।
कल्पनालाघवं यत्र, तं पक्षं तु सहामहे" ।।१।। **॥૯/૮॥**

ટબાર્થ :-

એમ=પૂર્વની ગાથામાં વર્ણન કર્યું એ પ્રમાણે, શોકાદિ કાર્યત્રયના ભેદથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય એ ત્રણ લક્ષણ વસ્તુમાં=એક વસ્તુમાં, સાધ્યાં પણ અવિભક્ત દ્રવ્યપણાથી=એક દ્રવ્યના આસ્રવપણાથી, અભિન્ન છે=ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય અભિન્ન છે. આથી જ=ઉત્પાદવ્યયધ્રૌવ્ય અભિન્ન છે આથી જ, હેમઘટના નાશથી અભિન્ન એવાં હેમમુગટની ઉત્પત્તિના વિષયમાં હેમઘટના અવયવના વિભાગાદિ હેતુ છે=હેમઘટના અવયવોના વિભાગ અને મુગટને અનુકૂળ સંયોગ હેતુ છે, અને આથી જ=હેમઘટના નાશથી અભિન્ન એવાં હેમમુગટની ઉત્પત્તિના વિષયમાં હેમઘટના અવયવોના વિભાગ અને મુગટને અનુકૂળ સંયોગ હેતુ છે આથી જ, મહાપટના નાશથી અભિન્ન ખંડપટની ઉત્પત્તિ પ્રત્યે એકાદિ તંતુના સંયોગનો અપગમ=મહાપટમાં રહેલા ઘણા તંતુઓમાંથી એકાદિ તંતુના સંયોગનો અપગમ, હેતુ છે. વળી, ખંડપટ પ્રત્યે મહાપટનાશની હેતુતાની કલ્પના કરીએ તો, મહાગૌરવ થાય એમ જાણતો ઈ=એ, લાઘવપ્રિય નૈયાયિક, નાશ અને ઉત્પત્તિમાં=ઘટનાશ અને મુગટની ઉત્પત્તિમાં, એકાંત ભેદની વાસના કેમ દેઈ છે ?=કેમ આપે છે ?=તેણે ઘટનાશ અને મુગટઉત્પત્તિનો એકાંત ભેદ સ્વીકારવો જોઈએ નહીં. તેનું મત છે જ=નૈયાયિકનો મત છે જ,

"यत्र=જ્યાં=જે પદાર્થની વિચારણામાં, कल्पनागौरवं=કલ્પનાગૌરવ છે, तं पक्षं न सहामहे=તે પક્ષને અમે સહન કરતાં નથી. यत्र तु=વળી, જ્યાં=જે પદાર્થની વિચારણામાં, कल्पनालाघवं=કલ્પનાલાઘવ છે, तं पक्षं सहामहे=તે પક્ષને અમે સહન કરીએ છીએ." ॥૯/૮॥

ભાવાર્થ :- ગાથાનુસાર :-

નૈયાયિક ભાવાત્મક પદાર્થથી અભાવને પૃથક્ માને છે તેથી કહે છે કે સુવર્ણના ઘટમાંથી મુગટની ઉત્પત્તિ થાય છે ત્યારે જે ઘટનાશ થયો અને મુગટની ઉત્પત્તિ થઈ તે બંને પ્રત્યે ઘટ એકરૂપે હેતુ છે; કેમ કે ઘટનાશ પ્રત્યે ઘટ પ્રતિયોગીરૂપે હેતુ છે અને મુગટઉત્પત્તિ પ્રત્યે ઘટ પોતાના અવયવોના વિભાજન દ્વારા હેતુ છે તેથી એ ફલિત થાય કે, ઘટના અવયવોના વિભાજનથી ઘટનાશરૂપ અભાવાત્મક પદાર્થ ઉત્પન્ન થયો. તેમ ઘટના અવયવોના વિભાજનથી મુગટની ઉત્પત્તિ થઈ=ઘટનાશ અને મુગટઉત્પત્તિરૂપ બે કાર્યો પ્રત્યે ઘટ પોતાના અવયવોના વિભાજનરૂપ એકસ્વરૂપથી હેતુ છે અને આમ સ્વીકારવાથી ઘટનાશ અને મુગટની ઉત્પત્તિનો એકાંતભેદ સિદ્ધ થાય અને તેમ સ્વીકારવાથી "એક જ પદાર્થ કોઈ સ્વરૂપે નાશ પામે છે માટે વ્યયરૂપ છે, કોઈક સ્વરૂપે ઉત્પન્ન થાય છે માટે ઉત્પાદ થાય છે અને કોઈક સ્વરૂપે ધ્રુવ છે" એ કથન નૈયાયિક મતાનુસાર સંગત થાય નહીં; કેમ કે મુગટની ઉત્પત્તિથી ઘટના નાશરૂપ અભાવ એકાંતભિન્ન છે.

તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ઘટનાશ અને મુગટઉત્પત્તિની એકાંતભેદની વાસના નૈયાયિક કેમ આપે છે ? અર્થાત્ લાઘવપ્રિય નૈયાયિકે એકાંતભેદની વાસના સ્વીકારવી જોઈએ નહીં; કેમ કે તે સ્વીકારવામાં ગૌરવની પ્રાપ્તિ છે.

આ ભાવાર્થ ગાથા અનુસાર લખ્યો છે અને નૈયાયિકના એકાંતભેદના સ્વીકારમાં ગૌરવ કેમ છે ? તે ટબાના ભાવાર્થથી સ્પષ્ટ થશે.

ટબાનુસાર :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ત્રણ પુરુષનાં શોકાદિ ત્રણ કાર્યોના ભેદથી એક પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણ સિદ્ધ કર્યાં અને તે ત્રણેય લક્ષણો એક વસ્તુમાં અવિભક્ત દ્રવ્યપણે રહેલાં હોવાથી અભિન્ન છે અર્થાત્ સુવર્ણરૂપ દ્રવ્યમાં જ અવિભક્તરૂપે ઘટનાશ, મુગટઉત્પત્તિ અને સુવર્ણરૂપે ધ્રૌવ્ય બતાવ્યાં તેથી તે ત્રણે લક્ષણ એક વસ્તુમાં અભિન્ન છે, ભિન્ન નથી અને એક વસ્તુમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય છે આથી જ સુવર્ણના ઘટના નાશથી અભિન્ન એવાં સુવર્ણના મુગટની ઉત્પત્તિ દેખાય છે તેમાં સુવર્ણના ઘટના અવયવોના વિભાગ અને મુગટને અનુકૂળ એવાં પ્રકારનો સંયોગ અને તેને અનુકૂળ સુવર્ણકારનો વ્યાપાર હેતુ છે તેથી એ ફલિત થાય કે સુવર્ણના મુગટની ઉત્પત્તિથી સુવર્ણના ઘટનો નાશ એકાંત પૃથક્ છે તેમ નૈયાયિક સ્વીકારે છે તે સંગત નથી; કેમ કે મુગટની નિષ્પત્તિ કરનાર પુરુષના વ્યાપારથી જે મુગટ ઉત્પન્ન થયો તે સુવર્ણના ઘટના નાશરૂપ જ છે, અન્ય નથી અને મુગટઉત્પત્તિથી ઘટનાશને અન્ય માનવામાં આવે તો ગૌરવની પ્રાપ્તિ થાય. કેમ ગૌરવની પ્રાપ્તિ થાય તે બતાવવા અર્થે કહે છે –

મહાપટના નાશથી અભિન્ન એવાં ખંડપટની ઉત્પત્તિ થાય છે તે વખતે તે ખંડપટની ઉત્પત્તિ પ્રત્યે મહાપટમાં રહેલા એક, બે આદિ તંતુના સંયોગનો અપગમ હેતુ છે અને જો તેમ ન માનવામાં આવે અને "કેટલાક દર્શનકારો માને છે કે ખંડપટ પ્રત્યે મહાપટનો નાશ હેતુ છે તેમ સ્વીકારવામાં આવે," તો મહાગૌરવની પ્રાપ્તિ છે-તેમ નૈયાયિક માને છે અને ખંડપટ પ્રત્યે મહાપટના નાશને હેતુ સ્વીકારનાર મતવાળા કહે છે કે મહાપટનો આપરમાણુ સુધી ભંગ થાય છે અને તે ભંગ થયા પછી દ્વયણુકાદિના ક્રમથી ખંડપટની ઉત્પત્તિ થાય છે અને તેમ સ્વીકારવામાં મહાગૌરવ છે તેમ નૈયાયિક જાણે છે અને પદાર્થની વિચારણામાં નૈયાયિક હંમેશાં લાઘવપ્રિય છે. તેથી લાઘવપ્રિય એવાં નૈયાયિકે સુવર્ણના ઘટથી ઘટનાશ અને મુગટઉત્પત્તિરૂપ બે કાર્યો માનવાં જોઈએ નહીં, પરંતુ જેમ મહાપટથી અભિન્ન એવાં ખંડપટની ઉત્પત્તિ દેખાય છે અને તેના પ્રત્યે એકાદિ તંતુના સંયોગનો અપગમ હેતુ દેખાય છે, તેમ ઘટનાશથી અભિન્ન એવાં મુગટઉત્પત્તિ પ્રત્યે ઘટના અવયવોના વિભાગાદિને હેતુ સ્વીકારવા ઉચિત છે, જેથી ઘટના અવયવોના વિભાગાદિથી ઘટનાશ અને મુગટઉત્પત્તિરૂપ બે કાર્ય સ્વીકારવાકૃત ગૌરવ પ્રાપ્ત થાય નહીં. માટે નૈયાયિકે ઘટનાશ અને મુગટઉત્પત્તિનો એકાંતભેદ સ્વીકારવો ઉચિત નથી પરંતુ હેમઘટના નાશથી અભિન્ન એવાં હેમમુગટની ઉત્પત્તિરૂપ કાર્ય પ્રત્યે હેમઘટના અવયવોના વિભાગ આદિને હેતુ સ્વીકારવો જોઈએ અને હેમઘટનાશ અને હેમમુગટઉત્પત્તિનો કથંચિત્ ભેદ સ્વીકારવામાં આવે તો એક સુવર્ણદ્રવ્યમાં ઘટનાશ અને મુગટઉત્પત્તિ પ્રત્યક્ષ દેખાય છે તેથી નાશ અને ઉત્પત્તિ સિદ્ધ થાય અર્થાત્ વ્યય અને ઉત્પાદની સિદ્ધિ થાય અને સુવર્ણરૂપે ધ્રૌવ્યની સિદ્ધિ થાય જેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણની સર્વત્ર સિદ્ધિ થાય. વળી, નૈયાયિક સ્વયં કહે છે કે કલ્પનાગૌરવપક્ષને અમે સહન કરતાં નથી પરંતુ જેમાં કલ્પનાનું લાઘવ હોય તે પક્ષને અમે સહન કરીએ છીએ તેથી નૈયાયિકના વચનાનુસાર નૈયાયિકે સ્વીકારવું જોઈએ કે, ઘટનાશથી અભિન્ન જ મુગટની ઉત્પત્તિ છે પરંતુ ઘટનાશ અને મુગટની ઉત્પત્તિ બેયને પૃથક્ સ્વીકારવા જોઈએ નહીં;

કેમ કે તેમ સ્વીકારવામાં મુગટ અને ઘટનાશરૂપ બે પદાર્થની કલ્પના કરવી પડે છે તેના બદલે અનુભવ અનુસાર ઘટનાશરૂપ જ મુગટને સ્વીકારવાથી બે પદાર્થની કલ્પનાકૃત ગૌરવની પ્રાપ્તિ નથી. ॥૯/૮॥

અવતરણિકા :-

વળી, લોક અનુભવથી પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

દુગ્ધવ્રત દધિ ભુંજઈં નહીં, નવિ દૂધ દધિવ્રત ખાઈ રે.
નવિ દોઈં અગોરસવ્રત જિમઈં, તિણિ તિય લક્ષણ જગ થાઇં રે.
જિન૦ ॥૯/૯॥

ગાથાર્થ :-

દૂધવ્રતવાળો="દૂધ જ મારે વાપરવું, અન્ય નહીં" એવાં વ્રતવાળો પુરુષ, દહીં વાપરે નહીં. (તેથી દૂધથી દહીં પૃથક્ છે) દહીં વ્રતવાળો="દહીં જ મારે વાપરવું, અન્ય નહીં" એવાં વ્રતવાળો પુરુષ, દૂધ ખાય નહીં. (તેથી દહીંથી દૂધ પૃથક્ છે) અગોરસવ્રતવાળો="ગોરસ મારે ન વાપરવું" એવાં વ્રતવાળો પુરુષ, બંને=દૂધ અને દહીં બંને, જમે નહીં. (તેથી દૂધ અને દહીં અનુગત ગોરસ ધ્રુવ છે) તેથી ત્રણ લક્ષણવાળું જગત થાય છે. ॥૯/૯॥

ટબો :-

દધિદ્રવ્ય-તે દુગ્ધદ્રવ્ય નહીં, જે માટિં-જેહનઈં દૂધનું વ્રત છઈં-'દૂધ જ જિમવું' એહવી પ્રતિજ્ઞારૂપ; તે-દહીં જિમઈં નહીં. દુગ્ધપરિણામ જ દધિ-ઈમ-જો અભેદ કહિઈં, તો-દધિ જિમતાં દુગ્ધવ્રત ભંગ થયો ન જોઈઈં. ઈમ-દૂધ તે-દધિદ્રવ્ય નહીં. પરિણામી માટઈં અભેદ કહિઈં, તો-દૂધ જિમતાં દધિવ્રત ભંગ ન થયો જોઈઈં. દધિવ્રત તો દૂધ નથી જિમતો. તથા 'અગોરસ જ જિમું' એહવા વ્રતવંત દૂધ, દહીં ૨ ન જિમઈં. ઈમ-ગોરસપણાઈં-૨ નઈં અભેદ છઈ. ઈહાં-દધિપણાઈં-ઉત્પત્તિ, દુગ્ધપણાઈં-નાશ, ગોરસપણાઈં ધ્રુવપણું-પ્રત્યક્ષસિદ્ધ છઈ. એ દૃષ્ટાંતઈં સર્વ જગદ્વર્તિભાવનઈં લક્ષણત્રય-યુક્તપણું કહેવું. શ્લોકઃ–

"पयोव्रतो न दध्यति, न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम्" ।।१।।

અન્વયિ રૂપ અનઈ-વ્યતિરેકિ રૂપ દ્રવ્ય પર્યાયથી-સિદ્ધાંતાવિરોધઈં સર્વત્ર અવતારીનઈ ૩ લક્ષણ કહવાં. 'કેતલાઈક ભાવ વ્યતિરેકિ જ, કેતલાઈક ભાવ અન્વયિ જ' ઈમ જે અન્યદર્શની કહઈ છઈ, તિહાં-અનેરા ભાવ સ્યાદ્વાદવ્યુત્પત્તિ દેખાડવા.

બીજું-વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છઈ, "उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ५.२९" इति तत्त्वार्थवचनात् તો સત્તાપ્રત્યક્ષ તેહજ ત્રિલક્ષણ સાક્ષી છઈ. તથારૂપઈ સદ્વ્યવહાર સાધવા અનુમાનાદિક પ્રમાણ અનુસરિઈં છઈં. ॥૯/૯॥

ટબાર્થ :-

દહીં દ્રવ્ય તે દૂધ દ્રવ્ય નથી, જે માટે, જેને દૂધનું વ્રત છે="દૂધ જ મારે જમવું" એવી પ્રતિજ્ઞારૂપ જેને વ્રત છે, તે દહીં જમે નહીં. દૂધપરિણામ જ દહીં છે એમ જો અભેદ કહીએ તો દહીં જમતાં દૂધવ્રતનો ભંગ થવો જોઈએ નહીં. ઈમ=એ રીતે દૂધ-તે દહીંદ્રવ્ય નથી, પરિણામી છે માટે અભેદ કહીએ, તો દૂધ જમતાં દહીંવ્રતનો ભંગ ન થવો જોઈએ પરંતુ દહીંવ્રતવાળો તો દૂધ જમતો નથી. અને 'અગોરસ જ જમું' એવાં વ્રતવાળો દૂધ, દહીં બેય જમતો નથી. ઈમ=એ રીતે ગોરસપણે બેનો=દૂધ-દહીં બેનો અભેદ છે. અહીં=પ્રસ્તુત દૃષ્ટાંતમાં, દહીંપણે ઉત્પત્તિ, દૂધપણે નાશ અને ગોરસપણે ધ્રુવતા પ્રત્યક્ષસિદ્ધ છે. એ દૃષ્ટાંતથી=દૂધ-દહીં અગોરસવ્રતના દૃષ્ટાંતથી, સર્વ જગતવર્તી ભાવોનું લક્ષણત્રય-યુક્તપણું કહેવું.

સાક્ષી શ્લોક બતાવે છે –

"पयोव्रतो न दध्यति=દૂધવાળો દહીં ખાતો નથી, न पयोऽत्ति दधिव्रतः=દહીંવ્રતવાળો દૂધ ખાતો નથી. अगोरसव्रतो नोभे (अत्ति)=અગોરસવ્રતવાળો ઉભય અર્થાત્ દૂધ-દહીં બંને (ખાતો નથી), तस्माद् वस्तु त्रयात्मकम्=તે કારણથી વસ્તુ ત્રયાત્મક છે." **(શાસ્ત્રવાર્તા સમુચ્ચય, સ્તબક-૯/ગાથા-૩)**

અન્વયિરૂપ અને વ્યતિરેકરૂપ દ્રવ્ય-પર્યાયથી સિદ્ધાંતના અવિરોધરૂપે સર્વત્ર ત્રણ લક્ષણ અવતારીને કહેવાં. કેટલાક ભાવવ્યતિરેક જ=ઉત્પાદ અને વ્યયરૂપ જ અને કેટલાક ભાવઅન્વયી જ=ધ્રુવરૂપ જ, એમ જે અન્ય દર્શનવાળા કહે છે ત્યાં અનેરાભાવ=પ્રસ્તુત દૂધવ્રતાદિનું દૃષ્ટાંત આપ્યું તેનાથી અનેરા-ભાવ, સ્યાદ્વાદવ્યુત્પત્તિથી દેખાડવા. બીજું=વળી, વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છે; કેમ કે "ઉત્પાદવ્યય-ધ્રૌવ્યયુક્ત સત્" એ પ્રમાણે "તત્ત્વાર્થસૂત્ર"નું વચન છે, તો=તેથી, 'સત્તાપ્રત્યક્ષ છે' તે જ ત્રિલક્ષણનું સાક્ષી છે. તથારૂપઈ=તે રૂપે=ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપે, સદ્વ્યવહારને સાધવા માટે અનુમાનાદિક પ્રમાણ અનુસરીએ છીએ. ॥૯/૯॥

ભાવાર્થ :-

સર્વ દર્શનમાં આત્મકલ્યાણને માટે યત્ન કરનારા જીવો પોતપોતાની ભૂમિકાનુસાર વ્રતો ગ્રહણ કરે છે અને તે વ્રતોના અનુભવના દૃષ્ટાંતથી અન્યદર્શનવાદીઓ પદાર્થને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ માનતા નથી. તેઓને પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

કોઈ પુરુષે 'મારે દૂધ જમવું, અન્ય કાંઈ નહીં' એવી પ્રતિજ્ઞા કરી હોય તે પુરુષ દહીં વાપરતો નથી. અને જો દૂધનું પરિણામ દહીં છે તેમ માનીને દૂધથી દહીંનો અભેદ સ્વીકારવામાં આવે તો દૂધવ્રતવાળાને

દહીં ખાવા છતાં વ્રતભંગ થવો જોઈએ નહીં. પરંતુ સર્વ દર્શનકારો 'દૂધવ્રતવાળાને દહીં જમવાથી વ્રતભંગ થાય છે' તેમ સ્વીકારે છે માટે દૂધ કરતાં દહીં પૃથક્ છે તેમ સિદ્ધ થાય છે. અને દૂધમાંથી દહીં થાય છે તેથી દૂધપણાનો નાશ થાય છે અને દહીંપણાની ઉત્પત્તિ થાય છે તેમ માનવું પડે.

વળી, 'મારે દહીં ખાવું, અન્ય કાંઈ નહીં' એવી પ્રતિજ્ઞા કરી હોય તે પુરુષ દૂધ જમતો નથી તેથી પણ નક્કી થાય છે કે દૂધ કરતાં દહીં પૃથક્ છે અને દૂધના નાશરૂપ જ દહીંની ઉત્પત્તિ છે.

વળી, કોઈએ અગોરસ જમવાનું વ્રત લીધું હોય તો તે પુરુષ ગોરસ એવાં દૂધ અને દહીં બંને જમતો નથી તેથી નક્કી થાય છે કે દૂધ અને દહીં પૃથક્ હોવા છતાં ગોરસરૂપે તે બંનેનો અભેદ છે. માટે દૂધમાંથી દહીંરૂપે બનતા ગોરસના પુદ્ગલોમાં દૂધરૂપે નાશ, દહીંરૂપે ઉત્પત્તિ અને ગોરસરૂપે ધ્રુવપણું પ્રત્યક્ષરૂપે દેખાય છે અને જેમ દૂધના પુદ્ગલો દહીંરૂપે થઈને ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપે અનુભવાય છે તેમ જગત્વર્તી સર્વ પદાર્થો કોઈક સ્વરૂપે ધ્રુવ, કોઈક સ્વરૂપે નાશ અને કોઈક સ્વરૂપે ઉત્પન્ન થતા અનુભવાય છે. આ રીતે અન્વયીરૂપ દ્રવ્ય અને વ્યતિરેકરૂપ પર્યાયથી સિદ્ધાંતનો વિરોધ ન થાય તેમ સર્વત્ર ભાવન કરવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે દ્રવ્ય અન્વયી છે અને પર્યાય પૂર્વપર્યાયના નાશથી ઉત્તરપર્યાયરૂપે થાય છે તેથી વ્યતિરેકી છે અને જે પ્રકારે દ્રવ્ય અને પર્યાય અન્વયી-વ્યતિરેકી છે એ પ્રમાણે ગ્રહણ કરીને શાસ્ત્રનાં વચનોનો વિરોધ ન આવે તે રીતે જોડવાં જોઈએ.

અહીં કોઈક અન્ય દર્શનકારો એમ કહે છે કે કેટલાક ભાવ વ્યતિરેકી છે અને કેટલાક ભાવ અન્વયી છે. જેમ નૈયાયિક કહે છે કે પરમાણુ સદા નિત્ય છે તેથી અન્વયી છે. વળી, દ્વયણુક-ત્રયણુકાદિ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. તેથી કેવલ વ્યતિરેકી જ છે. તેઓની તે વાસનાને દૂર કરવા માટે સ્યાદ્વાદની વ્યુત્પત્તિથી અન્ય ભાવો બતાવવા જોઈએ જેથી અનુભવના બળથી સર્વત્ર ત્રિલક્ષણનો સ્વીકાર મધ્યસ્થપુરુષ કરે.

વળી, દરેક વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છે; કેમ કે તત્ત્વાર્થસૂત્રમાં 'સત્'નું લક્ષણ કરતાં કહ્યું છે કે, 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત જે વસ્તુ છે તે સત્ છે.' અને પદાર્થની સત્તા દરેક જીવોને પ્રત્યક્ષ છે તેથી તે સત્તા જ ત્રણ લક્ષણની સાક્ષી છે માટે 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય' એ સત્તાના પ્રત્યક્ષથી જ પ્રત્યક્ષસિદ્ધ છે અને પ્રત્યક્ષ વસ્તુનો અપલાપ થઈ શકે નહીં.

અહીં પ્રશ્ન થાય કે જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેને સિદ્ધ કરવા માટે અનુમાનપ્રમાણ કે આગમપ્રમાણની આવશ્યકતા નથી છતાં તમે અનુમાનથી અને આગમપ્રમાણથી ત્રણ લક્ષણની સિદ્ધિ કેમ કરો છો ? તેથી કહે છે –

પ્રત્યક્ષથી ત્રણ લક્ષણની સિદ્ધિ હોવા છતાં તે તે દર્શનની વાસનાથી અસદ્વ્યવહાર પ્રવર્તે છે તેથી કેટલાક દર્શનકારો પદાર્થને એકાંત નિત્ય માને છે અને કેટલાક દર્શનકારો પદાર્થને એકાંત ક્ષણિક માને છે અને તે તે દર્શનકારોથી પ્રવૃત્ત એવાં અસદ્વ્યવહારનું નિરાકરણ કરીને ત્રિલક્ષણરૂપે સદ્વ્યવહારનું સ્થાપન કરવા માટે ગ્રંથકારશ્રી અનુમાનાદિ પ્રમાણને અનુસરે છે. **॥૯/૯॥**

અવતરણિકા :-

યાવત્કાલ એક વસ્તુમાંહિ ત્રણિ 3 લક્ષણ કિમ હોઈ ? તે નિર્દ્ધારઈ છઈ –

અવતરણિકાર્થ :-

યાવત્કાળ=સર્વ કાળમાં, એક વસ્તુમાં, ત્રણ લક્ષણો કેમ હોય ? તે નિર્ધારે છે=તે સ્પષ્ટ કરે છે –

ભાવાર્થ :-

જગત્વર્તી દરેક વસ્તુમાંથી કોઈપણ વસ્તુને જોઈને વિચાર કરવામાં આવે તો તે વસ્તુમાં સદા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણ કઈ રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ ભિન્ન ભિન્ન કાળમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય પ્રાપ્ત થઈ શકે પરંતુ દરેક સમયમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય કઈ રીતે પ્રાપ્ત થઈ શકે ? તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

ઉત્પન્નઘટઈં નિજદ્રવ્યના, ઉત્પત્તિનાશ કિમ હોઈ રે?
સુણિ ધ્રુવતામાં પહિલા ભલિયા, છઈં અનુગમશક્તિં દોઈ રે.

જિન૦ ॥૯/૧૦॥

ગાથાર્થ :-

નિજદ્રવ્યના ઉત્પન્નઘટમાં=માટી આદિ પોતાના દ્રવ્યના બીજી આદિ ક્ષણમાં ઉત્પન્ન થયેલા ઘટમાં, ઉત્પત્તિ-નાશ કેમ થાય ? એ પ્રકારની શિષ્યની શંકામાં ગુરુ કહે છે –

સુણિ=સાંભળ, ધ્રુવતામાં=પ્રથમ ક્ષણમાં ઉત્પદ્યમાન ઘટમાં જે ધ્રુવતા છે તેમાં, પહિલા ભલિયા=પહેલી ક્ષણના ઉત્પત્તિ અને નાશ ભળ્યા. અનુગમશક્તિ સદાઈં=ધ્રુવતામાં ભળેલા ઉત્પત્તિ અને નાશ બેયની અનુગમશક્તિ સદા=દ્વિતીયાદિ ક્ષણવાળા ઘટમાં, છે. ॥૯/૧૦॥

❖ ગાથાના અંતિમ પદમાં 'છઈં અનુગમશક્તિ દોઈ રે' છે. ત્યાં ટબામાં અર્થ કર્યો તે પ્રમાણે 'દોઈ'ને ઠેકાણે 'સદાઈ' હોવું જોઈએ એમ જણાય છે અને ગાથામાં જે પ્રમાણે 'દોઈ' શબ્દ પ્રયોજાયેલ છે તે પ્રમાણે અર્થ કરવો હોય તો 'ઉત્પત્તિ અને નાશ બેયની અનુગમશક્તિ છે=બીજી આદિ ક્ષણમાં ધ્રુવતામાં ભળેલા હોવાથી ઉત્પત્તિ અને નાશ બેયની અનુગમશક્તિ છે' એ પ્રમાણે પ્રાપ્ત થાય.

ટબો :-

'ઉત્પત્તિ થઈ છઈ જેહનીં, એહવો-જે ઘટ-તેહનઈં વિષઈં-દ્વિતીયાદિક્ષણ સ્વ-દ્રવ્યસંબંધે ઉત્પત્તિ, નાશ કિમ હોઈ ? જે માટઈં-પ્રથમક્ષણ-સંબંધરૂપોત્તરપર્યાયોત્પત્તિ-તેહ જ પૂર્વપર્યાયનાશ-તુમ્હે પૂર્વિ થાપ્યો છઈ'. એ શિષ્યે પ્રશ્ન પૂછયું ગુરુપ્રતિં. ઈહાં ગુરુ ઉત્તર શિષ્ય પ્રતિં કહઈ છઈ, સાંભલઈ શિષ્ય. પહિલા-પ્રથમ ક્ષણઈ થયા જે

ઉત્પત્તિ-નાશ, તે-ધ્રુવતામાંહિ ભલ્યા. અનુગમ કહતાં-એકતા, તે શક્તિ સદાઈં છઈ. અછતઈં પણિ-આદ્યક્ષણઈં-ઉપલક્ષણ થઈનઈં આગલિં ક્ષણાઈં દ્રવ્યરૂપ તત્સંબંધ કહિઈં,-'उत्पन्नो घटः, नष्टो घटः।' इति सर्वप्रयोगात्. 'इदानीमुत्पन्नः, नष्टः' ઈમ કહિઈં, તિવારઈં-એતત્ક્ષણવિશિષ્ટતા ઉત્પત્તિનાશનઈં જાણિઈં, તે દ્વિતીયાદિ ક્ષણાઈં નથી. તે માટઈં દ્વિતીયાદિ ક્ષણાઈં 'इदानीमुत्पन्नः' ઈત્યાદિ પ્રયોગ ન થાઈ. 'ઘટ' કહતાં ઈહાં દ્રવ્યાર્થાદેશઈં મૃદ્દ્રવ્ય લેવું, જે માટિં-ઉત્પત્તિનાશાધારતા-સામાન્યરૂપઈં કહિઈં, તત્પ્રતિયોગિતા તે-વિશેષરૂપઈં કહિઈં. ॥૯/૧૦॥

ટબાર્થ :-

"ઉત્પત્તિ થઈ છે જેની એવો જે ઘટ, તેને વિશે દ્વિતીયાદિક્ષણરૂપ સ્વદ્રવ્યના સંબંધમાં=દ્વિતીયાદિ ક્ષણવાળા ઘટરૂપ સ્વદ્રવ્યના સંબંધમાં, ઉત્પત્તિ-નાશ કેમ હોય ? અર્થાત્ પ્રથમ ક્ષણમાં તો ઉત્પત્તિ-નાશ ઘટે; કેમ કે કુશલઅવસ્થાના નાશપૂર્વક ઘટઅવસ્થાની ઉત્પત્તિ અને માટીની ધ્રુવતા છે પરંતુ દ્વિતીયાદિ ક્ષણમાં ઉત્પત્તિ-નાશ ઘટે નહીં; કેમ કે પ્રથમ ક્ષણમાં ઘટ ઉત્પન્ન થયા પછી જ્યાં સુધી ઘટ નાશ પામે નહીં ત્યાં સુધી ઘટ પ્રત્યક્ષથી અવસ્થિત દેખાય છે અને કોઈ અવસ્થાનો નાશ દ્વિતીયાદિ ક્ષણમાં દેખાતો નથી. માટે ઉત્પત્તિ-નાશ કેમ ઘટે ? જે માટે, પ્રથમ ક્ષણના સંબંધરૂપ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ તે જ પૂર્વપર્યાયનો નાશ, તમે પૂર્વમાં સ્થાપ્યો છે=પ્રથમક્ષણના સંબંધરૂપ ઘટરૂપ ઉત્તરપર્યાયની ઉત્પત્તિ તે જ ઘટની નિષ્પત્તિથી પૂર્વના પિંડપર્યાયનો નાશ છે તેમ તમે પૂર્વમાં સ્થાપ્યું છે" (તેથી બીજી આદિ ક્ષણમાં કોઈ ઉત્પત્તિ અને નાશની પ્રાપ્તિ થઈ શકે નહીં) એ પ્રકારે શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે.

ઈહાં=શિષ્યના પ્રશ્નમાં, શિષ્ય પ્રત્યે ગુરુ ઉત્તર કહે છે – "સાંભળ શિષ્ય ! પહેલા=પ્રથમ ક્ષણમાં=ઘટની ઉત્પત્તિની પ્રથમ ક્ષણમાં, જે ઉત્પત્તિ અને નાશ=ઘટની ઉત્પત્તિ અને ઘટની નિષ્પત્તિ પૂર્વના પિંડપર્યાયનો નાશ, તે ધ્રુવતામાં ભળ્યા=ઘટની પ્રથમ ક્ષણમાં વર્તતી માટીની ધ્રુવતામાં ભળ્યા. અનુગમ કહેતાં-એકતા-તે એકતાની શક્તિ સદા છે=ધ્રુવતામાં ભળેલા ઉત્પત્તિ અને નાશની એકતાની શક્તિ સદા છે."

'આદ્યક્ષણમાં ઉપલક્ષણ થઈને અછતી પણ આગલી ક્ષણમાં=બીજી આદિ ક્ષણમાં દ્રવ્યરૂપ તત્સંબંધથી કહેવાય છે=ઘટની પ્રથમ ક્ષણમાં જે ઉત્પત્તિ અને નાશ ધ્રુવતામાં ભળેલા તેના ઉપલક્ષણથી બીજી આદિ ક્ષણમાં અવિદ્યમાન પણ ઉત્પત્તિ અને નાશ દ્રવ્યરૂપ તત્સંબંધથી કહેવાય છે અર્થાત્ પ્રથમ ક્ષણના ઉત્પત્તિ અને નાશ જે દ્રવ્યમાં હતા તે જ દ્રવ્ય બીજી ક્ષણમાં છે તેથી દ્રવ્યરૂપ સંબંધ બીજી ક્ષણમાં છે તેમ કહેવાય છે.'

પ્રથમ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ અને નાશ છે. બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ કે નાશ નથી છતાં ઘટની ઉત્પત્તિથી બીજી આદિ ક્ષણમાં પણ દ્રવ્યરૂપ તત્સબંધથી ઉત્પત્તિ અને નાશ છે એમ પૂર્વમાં કહ્યું તેમાં યુક્તિ બતાવે છે –

'उत्पन्नो घटो नष्टो घटः ।'=એ પ્રમાણે શબ્દપ્રયોગ થાય છે=ઘટ ઉત્પન્ન થાય છે ત્યારથી માંડીને જ્યાં સુધી ઘટ રહે ત્યાં સુધી 'उत्पन्नो घटः' એ પ્રયોગ થાય છે અને ઘટનો નાશ થાય ત્યારથી માંડીને સદા 'नष्टो घटः' એ પ્રયોગ થાય છે. 'હમણાં ઉત્પન્ન થયો' અથવા 'હમણાં નષ્ટ' એ કહીએ તે વખતે આ ક્ષણવિશિષ્ટતાવાળી ઉત્પત્તિ અને નાશ જાણવા. તે દ્વિતીયાદિ ક્ષણમાં નથી અર્થાત્ બીજી આદિ ક્ષણમાં આ ક્ષણવિશિષ્ટ ઉત્પત્તિ અને નાશ નથી તે માટે બીજી આદિ ક્ષણમાં 'હમણાં ઉત્પન્ન થયો' ઇત્યાદિ પ્રયોગ ન થાય. અહીં=પ્રસ્તુત કથનમાં, ઘટ કહેતાં દ્રવ્યાર્થદેશથી મૃદ્દ્રવ્ય લેવું.

દ્રવ્યરૂપે મૃદ્દ્રવ્ય કેમ લેવું તેથી કહે છે –

જે માટે ઉત્પત્તિ-નાશની આધારતા સામાન્યરૂપે કહેવાય છે. તત્પ્રતિયોગિતા=ઉત્પત્તિ-નાશની પ્રતિયોગિતા, તે વિશેષરૂપે કહેવાય છે. ॥૯/૧૦॥

ભાવાર્થ :-ગાથાનુસાર :-

શિષ્ય પ્રશ્ન કરે છે કે, માટીઆદિ સ્વદ્રવ્યથી પ્રથમ ક્ષણમાં ઘટ ઉત્પદ્યમાન હોય છે તે વખતે માટી આદિ દ્રવ્ય ધ્રુવ, પ્રથમ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ અને ઘટની પૂર્વ અવસ્થારૂપ પર્યાયનો નાશ એ ત્રણેની પ્રાપ્તિ થાય છે તેથી ઘટની પ્રથમ ક્ષણમાં પૂર્વપર્યાયનો નાશ, ઘટની ઉત્પત્તિ અને મૃદ્દ્રવ્યની ધ્રુવતા પ્રાપ્ત થાય છે. વળી, તે ઘટ પ્રથમ ક્ષણમાં ઉત્પદ્યમાન હતો અને બીજી આદિ ક્ષણમાં ઉત્પદ્યમાન નથી પરંતુ ઘટ 'ઉત્પન્ન' છે. તેથી બીજી આદિ ક્ષણોથી માંડીને જ્યાં સુધી ઘટ અવસ્થિત રહે છે, ત્યાં સુધી તે ઘટદ્રવ્યમાં ઉત્પત્તિ અને નાશ કઈ રીતે સંગત થાય ? અર્થાત્ બીજી આદિ ક્ષણોથી માંડીને ઘટની અવસ્થિતિકાળ સુધી કોઈની ઉત્પત્તિ અને કોઈનો નાશ દેખાતો નથી. તેને ગુરુ કહે છે: 'સાંભળ ! ધ્રુવતામાં=ઘટના ઉપાદાનકારણરૂપ જે માટી છે તે માટી દ્રવ્યની ધ્રુવતામાં, પહેલા ભળ્યા=પૂર્વપર્યાયનો નાશ અને ઘટપર્યાયનો ઉત્પાદ-તે બંને ધ્રુવતામાં ભળ્યા, તેથી પ્રથમ ક્ષણના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ જે દેખાય છે તે ત્રણેની અનુગમશક્તિ સદા છે=ઘટના અવસ્થિતિકાળ સુધી સદા છે, અથવા ગાથામાં બતાવેલ 'દોઈ' શબ્દને ગ્રહણ કરીએ તો ઉત્પાદ, વ્યય-બેયની અનુગમશક્તિ છે=પ્રથમ ક્ષણમાં જે ઉત્પાદ-વ્યય થયો તે ઉત્પાદ-વ્યયની અનુગમશક્તિ બીજી આદિ ક્ષણમાં છે, માટે બીજી આદિ ક્ષણમાં પણ ઉત્પાદ, નાશ અને ધ્રૌવ્યયુક્ત દ્રવ્યની પ્રાપ્તિ છે.'

ભાવાર્થ :- ટબાઅનુસાર :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સુવર્ણના ઘટનાશ, મુગટની ઉત્પત્તિ અને સુવર્ણદ્રવ્યની અવસ્થિતિને આશ્રયીને ઉત્પાદવ્યયધ્રૌવ્ય એક વસ્તુમાં પ્રાપ્ત થાય છે તેમ સ્થાપન કર્યું. ત્યાં શિષ્ય શંકા કરે છે કે, માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પત્તિની ક્ષણમાં ઘટના પૂર્વપર્યાયનો નાશ, ઘટની ઉત્પત્તિ અને માટીની ધ્રુવતા સંગત થાય છે પરંતુ ઘડો ઉત્પન્ન થયા પછી તે ઘડો દીર્ઘકાળ સુધી અવસ્થિત રહે છે ત્યારે બીજી આદિ ક્ષણમાં તે ઘટનું જે સ્વદ્રવ્ય માટી છે, તે માટીના સંબંધમાં ઉત્પત્તિ, નાશ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહીં. તેમાં શિષ્ય યુક્તિ આપે છે. જે કારણે ઘટનો પ્રથમ ક્ષણ સાથે સંબંધરૂપ જે ઉત્તરપર્યાય છે તે

ઉત્પત્તિ છે અને તે ઉત્તરપર્યાયની ઉત્પત્તિ જ પૂર્વપર્યાયનો નાશ છે તેમ તમે સ્થાપન કર્યું છે તેથી પૂર્વપર્યાયના નાશપૂર્વક ઉત્તરપર્યાયની ઉત્પત્તિરૂપ ઘટ પ્રથમ ક્ષણમાં પ્રાપ્ત થાય છે પરંતુ બીજી આદિ ક્ષણોમાં તો તે ઘટપર્યાય અવસ્થિત છે તેથી કોઈ પર્યાયનો નાશ કે કોઈ પર્યાયની ઉત્પત્તિ દેખાતી નથી માટે બીજી આદિ ક્ષણોમાં જેમ માટી ધ્રુવ દેખાય છે તેમ ઘટ પણ ધ્રુવ દેખાય છે અને કોઈ પર્યાયના ઉત્પત્તિ કે નાશ દેખાતા નથી.

તેને ઉત્તર આપતાં ગુરુ કહે છે: પ્રથમ ક્ષણમાં ઘટની જે ઉત્પત્તિ થઈ અને તે ક્ષણમાં પૂર્વપર્યાયનો નાશ થયો તે બંને માટીની ધ્રુવતામાં ભળ્યા તેથી ઘટની પ્રથમ ક્ષણમાં જે માટી છે તેમાં પૂર્વપર્યાયનો નાશ અને ઘટપર્યાયની ઉત્પત્તિ ભળેલી છે અને ઉત્પત્તિ-નાશની એકતાની શક્તિ તે દ્રવ્યમાં સદા છે, તેથી ઘટની બીજી, ત્રીજી આદિ ક્ષણોમાં અવિદ્યમાન પણ ઉત્પત્તિ અને નાશ ઘટની પ્રથમ ક્ષણની ઉત્પત્તિ-નાશના ઉપલક્ષણથી બીજી આદિ ક્ષણમાં દ્રવ્યરૂપ તત્સંબંધથી કહેવાય છે અર્થાત્ ઘટની પ્રથમ ક્ષણમાં જે માટીદ્રવ્ય છે તે દ્રવ્યમાં ઘટની જે ઉત્પત્તિ અને પૂર્વપર્યાયનો જે નાશ છે તે જ માટીરૂપ દ્રવ્ય બીજી, ત્રીજી આદિ ક્ષણમાં છે તેથી પ્રથમ ક્ષણના ઘટપર્યાય અને પૂર્વપર્યાયના નાશ બીજી આદિ ક્ષણના માટીરૂપ દ્રવ્યમાં પણ વિદ્યમાન છે. આથી જ ભૂતકાળના સર્વ પર્યાયો અને ભાવિમાં થનારા સર્વ પર્યાયો દ્રવ્યમાં શક્તિરૂપે છે તેમ સ્યાદ્વાદી સ્વીકારે છે તેથી ઘટની પ્રથમ ક્ષણવર્તી જે માટી દ્રવ્ય છે તેમાં વિદ્યમાન એવાં ઉત્પત્તિ અને નાશ પર્યાયરૂપે બીજી આદિ ક્ષણમાં નહીં હોવા છતાં દ્રવ્યરૂપે છે તેમ સ્યાદ્વાદી સ્વીકારે છે અને તેમાં યુક્તિ આપે છે –

ઉત્પન્ન ઘટ છે, નષ્ટ ઘટ છે-એ પ્રકારે સદાપ્રયોગ થાય છે. આશય એ છે કે, પ્રથમ ક્ષણમાં જ્યારે ઘટ ઉત્પન્ન થયો ત્યારે 'ઘટ ઉત્પન્ન થયો' એ પ્રકારનો વચનપ્રયોગ થાય છે તેમ બીજી આદિ ક્ષણના ઘટમાં પણ 'ઘટ ઉત્પન્ન થયો' એ પ્રકારનો વ્યવહાર થાય છે. આથી જ ઘટ ઉત્પન્ન થયા પછી કુંભારને કોઈ પૂછે કે, ઘટ થઈ ગયો છે કે ઘટ નથી થયો તો બીજી આદિ ક્ષણવાળા ઘટને પણ "ઘટ ઉત્પન્ન થઈ ગયો છે" તેમ કહે છે આથી પ્રથમ ક્ષણની ઉત્પત્તિવાળા ઘટપર્યાયવાળું મૃદ્દ્રવ્ય બીજી ક્ષણમાં છે. માટે જેમ પ્રથમ ક્ષણમાં ઉત્પન્ન થયેલા ઘટને 'ઉત્પન્ન થયેલો ઘટ' કહેવાય છે તેમ બીજી આદિ ક્ષણના ઘટને પણ 'ઉત્પન્ન થયેલો ઘટ' કહેવાય છે. વળી, કોઈ ઘટનો નાશ થાય ત્યારે બીજી આદિ ક્ષણવાળા ઘટને આશ્રયીને પણ 'नष्टो घटः' એ પ્રમાણે પ્રયોગ થાય છે આથી કોઈ પૂછે કે 'પૂર્વે ઘટ હતો, તે ક્યાં છે ? તો કહેવામાં આવે છે કે 'नष्टो घटः' અર્થાત્ 'ઘટનો નાશ થઈ ગયો.' આથી બીજી આદિ ક્ષણમાં પણ દ્રવ્યરૂપ સંબંધથી નાશ પર્યાય પણ રહે છે અને ઉત્પત્તિ પર્યાય પણ રહે છે તેથી પ્રત્યક્ષથી પૂર્વપર્યાયનો નાશ કે ઉત્તરપર્યાયની ઉત્પત્તિ દેખાતી ન હોય ત્યારે પણ અવસ્થિત ઘટમાં ઘટની ઉત્પત્તિ, પૂર્વપર્યાયનો નાશ અને મૂળ મૃદ્દ્રવ્યની ધ્રુવતા-ત્રણેય યાવત્કાળ=ઘટના ઉત્પત્તિકાળથી માંડીને ઘટની અવસ્થિતિકાળ સુધી, પ્રાપ્ત થાય છે.

આ રીતે દીર્ઘકાળ અવસ્થિત ઘટમાં પ્રતિક્ષણ ઉત્પત્તિ, નાશ અને ધ્રુવતા કઈ રીતે છે ? તેની સંગતિ ગ્રંથકારશ્રીએ કરી અને તેમાં યુક્તિ આપી કે 'ઉત્પન્ન ઘટ છે, નષ્ટ ઘટ છે' એ પ્રકારે પ્રયોગ સર્વદા થાય છે અને તેને દૃઢ કરવા અર્થે કહે છે. 'હમણાં ઘટ ઉત્પન્ન થયો, હમણાં ઘટ નાશ થયો' એવું જ્યારે કહેવામાં

આવે ત્યારે આ ક્ષણથી વિશિષ્ટતાવાળા ઉત્પત્તિ-નાશ જણાય છે, તે બીજી આદિ ક્ષણમાં નથી તે માટે બીજી આદિ ક્ષણમાં 'હમણાં ઉત્પન્ન થયો' ઇત્યાદિ પ્રયોગ થતો નથી. તેથી એ ફલિત થાય કે, આ ક્ષણથી વિશિષ્ટ ઉત્પત્તિ અને નાશને ગ્રહણ કરીને કહેવામાં આવે કે 'ઘટ ઉત્પન્ન થયો' ત્યારે પ્રથમ ક્ષણમાં જ ઘટની ઉત્પત્તિ, પૂર્વપર્યાયનો નાશ અને મૃદ્દ્રવ્યની ધ્રુવતા પ્રાપ્ત થાય છે. બીજી આદિ ક્ષણમાં એ તત્ક્ષણવિશિષ્ટ ઉત્પત્તિ, નાશ, ધ્રુવતા નથી તોપણ બીજી આદિ ક્ષણમાં પ્રથમ ક્ષણના દ્રવ્યરૂપ સંબંધતાથી પ્રથમ ક્ષણના ઉત્પત્તિ-નાશની અનુવૃત્તિ છે. માટે સર્વકાળ પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે.

માટીમાંથી ઘટ ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્ય શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. ઘટ કહીએ ત્યારે=ઘટ ઉત્પન્ન થયો ત્યારે, દ્રવ્યાર્થના આદેશથી=ઘટરૂપ પર્યાયના આધારને બતાવવાની દૃષ્ટિથી, મૃદ્દ્રવ્ય લેવું; કેમ કે ઉત્પત્તિ-નાશની આધારતા સામાન્યરૂપ કહેવાય છે તેથી ઘટની ઉત્પત્તિ અને ઘટના પૂર્વપર્યાયરૂપ પિંડાદિ પર્યાયની નાશતાનો આધાર સામાન્યરૂપે મૃદ્દ્રવ્ય છે અર્થાત્ મૃદ્દ્રવ્ય પુદ્ગલનો પર્યાય હોવા છતાં વસ્તુતઃ ઘટરૂપ પર્યાયનો આધાર છે અને પિંડરૂપ પર્યાયના નાશનો આધાર છે માટે ઘટપર્યાયની ઉત્પત્તિ અને પિંડપર્યાયના નાશનો આધાર મૃદ્દ્રવ્ય છે અને તેની પ્રતિયોગિતા તે વિશેષરૂપે કહેવાય છે=આધારમાં જે આધેય હોય તે પ્રતિયોગિક કહેવાય અને માટીરૂપ જે સામાન્ય દ્રવ્ય છે તે દ્રવ્યરૂપ આધારમાં આધેય એવી ઘટની ઉત્પત્તિ છે તે પ્રતિયોગી છે અને પિંડનાશ છે તે પણ પ્રતિયોગી છે તેથી ઘટની ઉત્પત્તિમાં અને પિંડનાશમાં જે પ્રતિયોગિતા છે તે વિશેષરૂપે કહેવાય છે આથી જ ન્યાયની ભાષામાં 'ઘટપ્રતિયોગી મૃદ્અનુયોગી' એ પ્રકારનો વ્યવહાર થાય છે. અથવા 'પિંડનાશ પ્રતિયોગી મૃદ્અનુયોગી' એ પ્રકારનો વ્યવહાર થાય છે. વળી, આધાર હંમેશાં દ્રવ્ય હોય અને આધેય હંમેશાં પર્યાય હોય. આથી દ્રવ્ય સામાન્યરૂપ કહેવાય છે અને પર્યાય વિશેષરૂપ કહેવાય છે.

ષષ્ઠી વિભક્તિનો અર્થ 'પ્રતિયોગી' થાય છે તેથી વીર ભગવાનની પ્રતિમા હોય તો 'વીરપ્રતિયોગી પ્રતિમા' કહેવાય છે.

તેમ ઘટનો આધાર અથવા પિંડનાશનો આધાર મૃદ્દ્રવ્ય છે. તેથી 'ઘટના આધારમાં' અને 'પિંડનાશના આધારમાં' રહેલ ષષ્ઠી વિભક્તિનો અર્થ પ્રતિયોગી કરીએ તો ઘટરૂપ પર્યાય અને પિંડનાશરૂપ પર્યાય તે 'પ્રતિયોગી' કહેવાય. **॥૯/૧૦॥**

અવતરણિકા :-

પૂર્વ ગાથામાં ગ્રંથકારશ્રીએ શિષ્યને ઉત્તર આપતાં કહ્યું કે, ઉત્પન્ન થયેલા ઘટમાં બીજી આદિ ક્ષણમાં પણ ઉત્પત્તિ, નાશની અનુગમશક્તિથી ત્રિલક્ષણની પ્રાપ્તિ છે તેને જ યુક્તિથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ગાથા :-

ઉત્પત્તિનાશનઇં અનુગમઇં, ભૂતાદિક પ્રત્યય ભાન રે;
પર્યાયારથથી સવિ ઘટઇ, તે માનઇ સમય પ્રમાન રે. જિન૦ ॥૯/૧૧॥

ગાથાર્થ :-

ઉત્પત્તિના અને નાશના અનુગમથી=પ્રથમ ક્ષણમાં ઉત્પન્ન થયેલા ઘટની ઉત્પત્તિ અને પિંડપર્યાયનો નાશ ધ્રુવતામાં ભળવાને કારણે બીજી આદિ ક્ષણમાં ઉત્પત્તિના અને નાશના અનુગમથી, ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે. વળી, પ્રતિક્ષણ ઉત્પત્તિ-નાશનો અનુગમ કરીને, પદાર્થમાં ત્રિલક્ષણનું સ્થાપન કર્યું, તે કઈ રીતે ઘટે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

પર્યાયાર્થિકનયથી=ઋજુસૂત્રરૂપ પર્યાયાર્થિકનયથી, સવિ ઘટે; કેમ કે તે સમયપ્રમાણ માને= વસ્તુને સમયપ્રમાણ માને છે. ॥૯/૧૧॥

ટબો :-

નિશ્ચયનયથી-"कयमाणे कडे" એ વચન અનુસરીનઈં "उत्पद्यमानं उत्पन्नम्" ઈમ કહિઈં, પણિ-વ્યવહારનયઈં-"उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते; नश्यति, नष्टम्, नङ्क्ष्यति", એ વિભક્તિ કાલત્રયપ્રયોગ છઈ. તે-પ્રતિક્ષણપર્યાયોત્પત્તિ-નાશવાદી જે ઋજુસૂત્રનય, તેણઈ-અનુગૃહીત જે વ્યવહારનય, તે-લઈનઈ કહિઈં. જેમાટિં-ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુ માનઈ છઈ. તિહાં-જે પર્યાયના ઉત્પત્તિ-નાશ વિવક્ષિઈં, તે-લેઈનઈ-"उत्पद्यते, नश्यति" કહિઈં. અતીત-તે લેઈ-"उत्पन्नो नष्टः" ઈમ કહિઈ. અનાગત-તે લેઈ-"उत्पत्स्यते नङ्क्ष्यति" ઈમ કહિઈ. વ્યવસ્થા સર્વત્ર સ્યાત્ શબ્દપ્રયોગઈં સંભવઈં. ॥૯/૧૧॥

ટબાર્થ :-

નિશ્ચયનયથી 'કરાતું હોય તે કરાયું' કહેવાય એ વચનને અનુસરીને 'ઉત્પન્ન થતું તે ઉત્પન્ન થયેલું છે' એમ કહેવાય. પરંતુ વ્યવહારનયથી 'ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલું છે. ઉત્પન્ન થશે,' 'નાશ પામે છે, નાશ પામેલું છે, નાશ પામશે' એ પ્રમાણે વિભક્તિ કાલત્રયના પ્રયોગમાં છે=ત્રણ કાળને ભિન્ન ભિન્ન બતાવવા અર્થે છે. તે=ગાથામાં કહ્યું કે ઉત્પત્તિ-નાશના અનુગમથી ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે તે, પ્રતિક્ષણ પર્યાયની ઉત્પત્તિ-નાશવાદી જે ઋજુસૂત્રનય-તેનાથી અનુગૃહીત જે વ્યવહારનય-તેને લઈને કહેલ છે. જે માટે=ઋજુસૂત્રનય અનુગૃહીત વ્યવહારનયને લઈને કેમ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે જે માટે, ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુને માને છે=દરેક વસ્તુ એકસમયપ્રમાણ જ છે તેમ માને છે, ત્યાં=પૂર્વમાં કહ્યું કે ઉત્પત્તિ-નાશના અનુગમે ભૂતાદિક પ્રત્યયનું ભાન ઋજુસૂત્ર નય અનગૃહીત વ્યવહારનયને લઈને થાય છે એ કથનમાં, જે પર્યાયના ઉત્પત્તિનાશની વિવક્ષા છે તેને લઈને 'ઉત્પન્ન થાય છે, નાશ થાય છે,' તેમ કહેવાય છે, અતીતને લઈને 'ઉત્પન્ન થયો, નાશ થયો,' તેમ કહેવાય છે, અનાગતને લઈને 'ઉત્પન્ન થશે, નાશ થશે' તેમ કહેવાય છે. વ્યવસ્થા= પદાર્થનો યથાર્થ બોધ કરાવવા અર્થે ઉચિત વચનપ્રયોગરૂપ વ્યવસ્થા, સર્વત્ર સ્યાત્ શબ્દપ્રયોગથી સંભવે. ॥૯/૧૧॥

ભાવાર્થ :- ગાથાઅનુસાર :-

પૂર્વની ગાથામાં શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરુએ કહેલ કે, પ્રથમ ક્ષણમાં ઉત્પન્ન થયેલ ઘટની ઉત્પત્તિ અને ઘટના પૂર્વપર્યાયરૂપ પિંડનો નાશ-તે ધ્રુવતામાં ભળ્યાં અને તે ધ્રુવતા ત્યાર પછી સતત રહે છે તેથી ઘટના અવસ્થિતિકાળ સુધી પ્રથમ ક્ષણનાં ઉત્પત્તિ અને નાશ બીજી આદિ ક્ષણમાં દ્રવ્યરૂપ સંબંધથી છે માટે ઘટના અવસ્થિતિકાળ સુધી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સંગતિ છે, તે પ્રમાણે સંગતિ સ્વીકારીએ તો પ્રસ્તુત ગાથામાં જે કહે છે કે ઉત્પત્તિનાશના અનુગમથી ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે તે સંગત થાય છે.

આશય એ છે કે પ્રથમ ક્ષણમાં ઉત્પત્તિ-નાશથી યુક્ત ધ્રુવ એવી માટી હતી તેનો અનુગમ થવાથી બીજી આદિ ક્ષણમાં કહેવાય છે કે, 'આ ઘટ હમણાં ઉત્પન્ન થયો નથી, પરંતુ અમુક ક્ષણો પૂર્વે કે અમુક દિવસો પૂર્વે ઉત્પન્ન થયો છે' આ પ્રકારના ભૂતના પ્રત્યયનું ભાન બીજી આદિ ક્ષણમાં થાય છે અને આદિથી ભવિષ્યના પ્રત્યયનું ભાન થાય છે તે ઉત્પત્તિ-નાશના અનુગમથી થઈ શકે છે અર્થાત્ 'આ ઘટ ભવિષ્યમાં હજી આટલા દિવસ રહી શકે તેમ છે' તેવું ભાન થાય છે અને ઉત્પત્તિ-નાશના અનુગમથી ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે તેમ ન સ્વીકારવામાં આવે તો એ પ્રતીતિ થવી જોઈએ કે, 'આ ઘટ ઉત્પન્ન થયો છે' અને ત્યારપછી તેના અવસ્થિતિકાળ સુધી અવસ્થિત છે પરંતુ 'આ ભૂતકાળમાં ઉત્પન્ન થયેલો ઘટ છે' તેનું ભાન થઈ શકે નહીં. અહીં પ્રશ્ન થાય કે, ઘટ ઉત્પન્ન થયો તે ક્ષણમાં તો ઘટની ઉત્પત્તિ દેખાય છે અને પૂર્વપર્યાયનો નાશ પણ દેખાય છે અને તેના અનુગમથી ભૂતાદિક પ્રત્યય છે તેમ કહીએ તો ઉત્પાદ-નાશ અને ધ્રુવતાયુક્ત વસ્તુ ભૂતકાળની છે, વર્તમાનકાળની છે, ભવિષ્યકાળની છે તેમ કહી શકાય પરંતુ તે કઈ રીતે સંગત થઈ શકે ? તે ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

ઋજુસૂત્રરૂપ પર્યાયથી અનુગૃહીત એવાં વ્યવહારનયથી તે સર્વ ઘટે છે; કેમ કે ઋજુસૂત્રનય વસ્તુને સમયપ્રમાણ માને છે તેથી એ પ્રાપ્ત થાય કે, જે ક્ષણમાં ઘટની ઉત્પત્તિ થઈ, ઘટના પૂર્વપર્યાયનો નાશ થયો અને તે બંને મૃદ્દ્રવ્યમાં અનુગમરૂપે છે, તેથી ઉત્પત્તિ-નાશ અને ધ્રુવતારૂપ વસ્તુ ઋજુસૂત્રનયથી વિચારીએ તો એકસમય છે અને જેટલા સમય પસાર થાય તેટલી તે ત્રણથી યુક્ત વસ્તુ નવી નવી થાય; કેમ કે ઋજુસૂત્રનયને વસ્તુ એકસમયપ્રમાણ માન્ય છે, માટે વસ્તુ દસ સમયપ્રમાણ અવસ્થિત દેખાતી હોય તો તે ઉત્પત્તિ, નાશ અને ધ્રુવતાવાળી વસ્તુ દસ સમય પૂર્વની અતીત જે હતી તે જ પ્રતિક્ષણ તદ્સદૃશ પર્યાયરૂપે પરિણમન પામે છે તેથી "દસ સમય પૂર્વનો આ ઘટ છે" એ પ્રકારનો વ્યવહાર ઋજુસૂત્રનયથી અનુગૃહીત વ્યવહારનય સ્વીકારે છે.

ટબા અનુસાર :-

નિશ્ચયનયથી "કરાતું હોય તે કરાયું કહેવાય" તે વચનને અનુસરીએ તો "ઉત્પદ્યમાન વસ્તુને ઉત્પન્ન થયેલી" કહેવાય પરંતુ વ્યવહારનય ઉત્પદ્યમાન વસ્તુને ઉત્પન્ન થયેલ છે તેમ સ્વીકારતો નથી પરંતુ "ઉત્પન્ન થાય છે" તેમ કહે છે, ઉત્પન્ન થયા પછી બીજી આદિ ક્ષણમાં "ઉત્પન્ન થયેલું છે" તેમ કહે છે અને ભવિષ્યમાં જે ઉત્પન્ન થવાનું હોય તેને "ઉત્પન્ન થશે" તેમ કહે છે. વળી, જે નાશ પામતું હોય તેને

નિશ્ચયનય "નાશ પામેલું" કહે છે પરંતુ વ્યવહારના મતે "નાશ પામતું નાશ પામેલું" કહેવાતું નથી, પરંતુ "નાશ પામે છે" તેમ કહેવાય છે અને બીજી આદિ ક્ષણમાં "નાશ પામેલું છે" તેમ કહેવાય છે અને ભવિષ્યમાં "નાશ પામશે" તેમ કહેવાય છે. આ પ્રમાણે ત્રણ વિભક્તિ અનુસાર વ્યવહારનયથી કાલત્રયનો પ્રયોગ થાય છે. આ પ્રમાણે બતાવ્યા પછી, ગાથામાં જે કહેલ કે, ઉત્પત્તિ-નાશના અનુગમથી ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે, તે કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

પ્રતિક્ષણ પર્યાયના ઉત્પત્તિ અને નાશને સ્વીકારનાર જે ઋજુસૂત્રનય છે તેનાથી અનુગૃહીત એવો જે વ્યવહારનય છે તેને લઈને, ઉત્પત્તિનાશનો અનુગમ સ્વીકારવાથી ભૂતાદિક પ્રત્યયનું ભાન થાય છે તેમ કહી શકાય; કેમ કે ઋજુસૂત્રનયને ગ્રહણ કરવાથી સમયપ્રમાણ વસ્તુની પ્રાપ્તિ થાય છે તેથી પ્રતિક્ષણ નવા પર્યાયની ઉત્પત્તિ અને પૂર્વપર્યાયના નાશની પ્રાપ્તિ થાય છે અને વ્યવહારનયને ગ્રહણ કરવાથી ધ્રુવ વસ્તુની પ્રાપ્તિ થાય છે તેથી માટીમાં જે પ્રથમ ક્ષણનો ઘટ ઉત્પન્ન થયો તે વખતે ઘટની ઉત્પત્તિ અને ઘટના પૂર્વપર્યાયરૂપ પિંડનો નાશ તે બંને ઋજુસૂત્રનય અનુસાર સતત નવાં નવાં થાય છે અને વ્યવહારનય અનુસાર તે બંને ધ્રુવ દ્રવ્યમાં ભળેલાં છે તેથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય-ત્રણેનો જે દીર્ઘકાળ સુધીનો અનુગમ છે તે દીર્ઘકાળને આશ્રયીને "આ ઘટ આટલા કાળ પૂર્વે ઉત્પન્ન થયેલો" એ પ્રકારની પ્રતીતિ થાય છે અને "આટલો કાળ રહેશે" એ પ્રકારની પ્રતીતિ થાય છે. વળી, ઋજુસૂત્રનયથી અનુગૃહીત એવાં વ્યવહારનયની દૃષ્ટિથી ઉત્પત્તિ અને નાશના અનુગમને જોવામાં આવે ત્યારે પર્યાયનાં ઉત્પત્તિ અને નાશની વિવક્ષા કરીએ તે વખતે "આ ઉત્પન્ન થાય છે, આ નાશ પામે છે" તેમ કહેવાય છે આથી જ પ્રથમ ક્ષણમાં ઘટને જોઈને "ઘટ ઉત્પન્ન થાય છે અને પૂર્વપર્યાયનો નાશ થાય છે" એમ કહેવાય છે. વળી, અતીતના ઘટને લઈને કહેવાય છે કે "આ ઘટ અતીતમાં ઉત્પન્ન થયેલો અને પૂર્વપર્યાયનો અતીતમાં નાશ થયેલો" અને તેને આશ્રયીને ભૂતની પ્રતીતિ થાય છે અર્થાત્ "આટલા દિવસ પૂર્વનો આ ઘટ છે" એવી પ્રતીતિ થાય છે. વળી, ભવિષ્યમાં ઘટ ઉત્પન્ન થવાનો હોય તેને લઈને "ઘટ ઉત્પન્ન થશે અને આ પિંડપર્યાય નાશ પામશે" એમ કહેવાય છે આથી જ કુંભારને પૂછવામાં આવે તો તે કહે કે, "દસ દિવસ પછી ઘટ ઉત્પન્ન થશે."

વળી, આ ઉત્પત્તિ, નાશ અને ધ્રુવ-એ ત્રણના સ્વીકારમાં 'સ્યાત્' પ્રયોગ સર્વત્ર કરવામાં આવે તો વ્યવસ્થા સંગત થાય. તે આ રીતે :–

ઘટ ઉત્પત્તિની ક્ષણમાં ઘટને જોઈને કહેવાય છે કે,

'સ્યાત્ ઘટ ઉત્પન્ન થાય છે.'

'સ્યાત્ પિંડપર્યાય નાશ પામે છે.'

'સ્યાત્ મૃદ્દ્રવ્ય અવસ્થિત છે.'

આને સામે રાખીને ઘટની ઉત્પત્તિક્ષણમાં વચનપ્રયોગ થાય છે કે, "घटो घटरूपेण उत्पद्यते । पिंडरूपेण घटो नश्यति ।"; કેમ કે ઘટપર્યાયની ઉત્પત્તિ પૂર્વે પિંડરૂપે રહેલો દ્રવ્યરૂપ ઘટ ઘટની ઉત્પત્તિકાળમાં નાશ પામે છે અને ઘટરૂપે ઘટ ઉત્પન્ન થાય છે, જે ભાવઘટ સ્વરૂપ છે અને તે વખતે મૃદ્દ્રવ્યરૂપે ઘટ ઉત્પન્ન

થયો નથી અને નાશ પણ થયો નથી પરંતુ અવસ્થિત છે તેથી કહેવાય છે "मृद्रूपेण घटो अवस्थितः ।"

વળી, ઘટ ઉત્પન્ન થયા પછી બીજી આદિ ક્ષણમાં અવસ્થિત ઘટને જોઈને કહેવાય કે,

'સ્યાત્ ઘટ ઉત્પન્ન થયેલ છે.'

'સ્યાત્ પિંડપર્યાય નાશ પામેલ છે.'

'સ્યાત્ મૃદ્દ્રવ્ય અવસ્થિત છે.'

આને સામે રાખીને ઘટની બીજી આદિ ક્ષણમાં વચનપ્રયોગ થાય છે કે घटो घटरूपेण उत्पन्नः । घटो पिंडरूपेण नष्टः ।; "કેમ કે ઘટ ઘટસ્વરૂપે પૂર્વની ક્ષણોમાં ઉત્પન્ન થયેલો છે અને પિંડરૂપ અવસ્થામાં દ્રવ્યરૂપે ઘટ વિદ્યમાન હતો, તે, ઉત્પત્તિક્ષણમાં નાશ પામે છે અને બીજી આદિ ક્ષણમાં નાશ પામેલો છે માટે પિંડરૂપે જેમ ઘટ પ્રથમ ક્ષણમાં નથી તેમ બીજી આદિ ક્ષણમાં પણ નથી અને તે વખતે મૃદ્દ્રવ્યરૂપે ઘટ ઉત્પન્ન થયો નથી અને નાશ પણ થયો નથી પરંતુ અવસ્થિત છે તેથી કહેવાય છે કે "मृद्रूपेण घटो अवस्थितः ।"

વળી, જે માટીના પિંડમાંથી ઘટ ઉત્પન્ન થવાનો છે તેને જોઈને કહેવાય છે કે,

'સ્યાત્ ઘટ ઉત્પન્ન થશે.'

'સ્યાત્ પિંડપર્યાય નાશ પામશે.'

'સ્યાત્ મૃદ્દ્રવ્ય અવસ્થિત રહેશે.'

આને સામે રાખીને વચનપ્રયોગ થાય છે કે, "घटो घटरूपेण उत्पत्स्यते। घटो पिंडरूपेण नङ्क्ष्यति।" આથી જ કુંભારને કોઈ પૂછે ત્યારે તે કહે છે કે 'દસ દિવસ પછી ઘટ ઉત્પન્ન થશે' અને પૃચ્છાકાળમાં "પિંડરૂપે અત્યારે ઘટ છે અને દસ દિવસ પછી પિંડરૂપે નાશ પામશે" એમ કહેવાય છે અને દસ દિવસ પછી જ્યારે ઘટ ઉત્પન્ન થશે ત્યારે પણ મૃદ્દ્રરૂપે અવસ્થિત રહેશે તેથી કહેવાય છે કે "मृद्रूपेण घटो अवस्थितः भविष्यति ।" **॥૯/૧૧॥**

અવતરણિકા :-

ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે, ઋજુસૂત્રનયરૂપ પર્યાયાર્થિકનયથી અનુગૃહીત એવાં વ્યવહારનયને આશ્રયીને ઉત્પત્તિ-નાશનો અનુગમ સ્વીકારવામાં આવે તો 'ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલું છે, ઉત્પન્ન થશે, નાશ થાય છે, નાશ થયેલું છે, નાશ થશે,' એ પ્રકારના ત્રણ પ્રયોગની સંગતિ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય પ્રતિક્ષણ સ્વીકારવાથી થઈ શકે છે. આ પ્રમાણે સ્યાદ્વાદીના મતાનુસાર ત્રણે કાળનો પ્રયોગ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યો. ત્યાં નૈયાયિક જે તે ત્રણે પ્રયોગની અનુત્પત્તિ બતાવે છે તે નૈયાયિકની અનુત્પત્તિ બતાવીને નૈયાયિકને જ અભિમત યુક્તિ અનુસાર ઘટ નાશ પામીને મુગટ ઉત્પન્ન થાય છે તે સ્થાનમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કઈ રીતે સ્વીકારી શકાય તે, અને 'ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલું છે, ઉત્પન્ન થશે, નાશ થાય છે, નાશ થયેલું છે, નાશ થશે' એ પ્રકારના ત્રણ પ્રયોગની સંગતિ સ્યાદ્વાદના મતે કઈ રીતે થઈ શકે છે તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

જો તુઝ ઉત્પત્તિ વિશિષ્ટનો, વ્યવહાર નાશનો ઇષ્ટ રે.
વ્યવહારિં ઉતપત્તિ આદરો, તો પહિલાં અછતિ વિશિષ્ટ રે.
જિન૦ ॥૯/૧૨॥

ગાથાર્થ :-

જો તુજ=તને=નૈયાયિકને, નાશનો ઉત્પત્તિવિશિષ્ટનો વ્યવહાર ઈષ્ટ છે=મુગટની ઉત્પત્તિથી વિશિષ્ટ એવાં પૂર્વપર્યાયરૂપ ઘટના નાશનો વ્યવહાર ઈષ્ટ છે, તો વ્યવહારથી ઉતપત્તિ આદરો= આદ્યક્ષણના સંબંધરૂપ ઉતપત્તિ આદરો, (એમ આદરો તો) પહેલાં અછતિ એવી વિશિષ્ટ=મુગટની ઉત્પત્તિ પૂર્વે અછતિ એવી વિશિષ્ટ, મુગટની ઉત્પત્તિનો=મુગટની ઉત્પત્તિ પૂર્વે મુગટનો જે પ્રાગ્ અભાવ હતો તેના ધ્વંસરૂપ મુગટની ઉત્પત્તિનો (વ્યવહાર આદરો.) ॥૯/૧૨॥

ટબો :-

જો-ઉત્પત્તિધારારૂપ નાશનઈં વિષઈં ભૂતાદિક પ્રત્યય ન કહિઈં અનઈં-નશ્ ધાતુનો અર્થ નાશ નઈં ઉત્પત્તિ-એ ૨. લેઈ, તદુત્પત્તિકાલત્રયનો અન્વય સંભવતો કહિઈં. ઈમ કહતાં-નશ્યત્સમયઈં 'નષ્ટઃ' એ પ્રયોગ ન હોઈ; જે માટિં-તે કાલઈં નાશોત્પત્તિનું અતીતત્વ નથી. ઈમ સમર્થન નાશવ્યવહારનું જો કરો છો, તો-વ્યવહારઈં-ઉત્પત્તિક્ષણ-સંબંધમાત્ર કહો. તિહાં-પ્રાગભાવધ્વંસના કાલત્રયથી કાલત્રયનો અન્વય સમર્થન કરો. અનઈં-જો ઈમ વિચારસ્યો-''ઘટનઈં વર્તમાનત્વાદિકઈં જિમ પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોઈ, ઘટધર્મવર્ત્તમાનત્વાદિકઈં ઘટવર્ત્તમાનત્વાદિ વ્યવહાર ન હોઈ, તિમ-નાશોત્પત્તિ-વર્તમાનત્વાદિકઈં નાશવર્ત્તમાનત્વાદિવ્યવહાર ન હોઈ. તો-ક્રિયાનિષ્ઠાપરિણામ-રૂપવર્ત્તમાનત્વ, અતીતત્વ લેઈ-'નશ્યતિ, નષ્ટઃ; ઉત્પદ્યતે, ઉત્પન્નઃ" એ વિભક્તવ્યવહાર-સમર્થન કરો. અત એવ-ક્રિયાકાલ-નિષ્ઠાકાલયોગપદ્યવિવક્ષાઈં "उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्" એ સૈદ્ધાન્તિકપ્રયોગ સંભવઈં. પરમતઈં-"इदानीं ध्वस्तो घटः" એ, આદ્યક્ષણાઈં વ્યવહાર સર્વથા ન ઘટઈ. અહ્મારઈં નયભેદઈં સંભવઈં. અત્ર સમ્મતિઃ –

"उप्पज्जमाणकालं, उप्पण्णं ति विगयं विगच्छंतं ।
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ" ।।३.३७।। **॥૯/૧૨॥**

ટબાર્થ :-

જો ઉત્પત્તિધારારૂપ નાશને વિષે ભૂતાદિક પ્રત્યય ન કહેવાય=સ્યાદ્વાદીએ પૂર્વમાં સ્થાપન કરેલું કે મુગટની ઉત્પત્તિની ધારારૂપ એવો પૂર્વપર્યાયસ્વરૂપ ઘટનો નાશ છે એમ સ્વીકારીએ તો, નૈયાયિક

કહે કે ઘટો નષ્ટઃ ઈત્યાદિ ભૂતાદિક પ્રત્યય ન કહેવાય અને નશ્ ધાતુનો અર્થ નાશ અને ઉત્પત્તિ-એ બે લઈને તેની ઉત્પત્તિના કાલત્રયનો અન્વય સંભવતો કહેવાય તેથી ઘટમાંથી મુગટ થાય છે ત્યારે ઘટના નાશને કહેનાર નશ્ ધાતુ છે તેનો અર્થ ઘટનો નાશ અને મુગટની ઉત્પત્તિ-એ બેને નૈયાયિક ગ્રહણ કરે છે અને મુગટની ઉત્પત્તિથી માંડીને મુગટના નાશ સુધી કાલત્રયનો અન્વય સંભવે છે એમ કહે છે.

આમ કહેતાં=નશ્ ધાતુના બે અર્થ કરીને જે અર્થ કહ્યો એમ કહેતાં, નશ્યત્ સમયે નષ્ટઃ એ પ્રયોગ ન થાય, જે માટે, 'તે કાળે=નશ્યત્ સમયે, નાશની ઉત્પત્તિનું અતીતત્વ નથી એમ નાશવ્યવહારનું સમર્થન જો કરો છો'=એ પ્રમાણે નાશમાં 'નશ્યત્, નષ્ટઃ, નङ્ક્ષ્યતિ' એ રૂપ ત્રણકાળનું સમર્થન જો નૈયાયિક કરે છે=જ્યારે ઘટ નાશ પામે છે તે પ્રથમ ક્ષણે 'નશ્યત્' કહેવાય, ત્યારપછી બીજી ક્ષણથી 'નષ્ટઃ' કહેવાય અને ઘટ નાશ પામ્યો તેના પૂર્વે 'નङ્ક્ષ્યતિ' એ પ્રમાણે કહેવાય એમ નૈયાયિક ત્રણ કાળનું સમર્થન કરે છે, તો "વ્યવહારથી ક્ષણસંબંધમાત્ર ઉત્પત્તિ કહો, ત્યાં=ઉત્પત્તિને ક્ષણસંબંધમાત્રથી સ્વીકારી ત્યાં, પ્રાગ્ અભાવધ્વંસના કાલત્રયથી કાલત્રયનો અન્વય સમર્થન કરો=મુગટની ઉત્પત્તિ પૂર્વે મુગટનો જે પ્રાગ્ અભાવ હતો તેનો મુગટઉત્પત્તિકાળમાં જે ધ્વંસ છે તે કાલત્રયમાં અન્વયરૂપે રહે છે એમ સમર્થન કરો" એમ ગ્રંથકારશ્રી નૈયાયિકને કહે છે.

અને જો એમ વિચારશો=નૈયાયિક જો આમ વિચારે, કે "ઘટના વર્તમાનત્વાદિકમાં જેમ પટનો વર્તમાનત્વાદિકનો વ્યવહાર ન થાય, ઘટધર્મવર્તમાનત્વાદિકમાં ઘટવર્તમાનત્વાદિકનો વ્યવહાર ન થાય, તેમ નાશરૂપ ઉત્પત્તિના વર્તમાનત્વાદિકમાં=સ્યાદ્વાદી નાશરૂપ જ ઉત્પત્તિ સ્વીકારે છે પરંતુ નાશ અને ઉત્પત્તિને પૃથક્ સ્વીકારતો નથી તેથી નાશરૂપ ઉત્પત્તિના વર્તમાનત્વાદિકમાં, નાશના વર્તમાનત્વાદિકનો વ્યવહાર ન થાય અર્થાત્ 'નશ્યત્, નષ્ટઃ' ઈત્યાદિક વ્યવહાર ન થાય" એમ જો નૈયાયિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ક્રિયાનિષ્ઠાપરિણામરૂપ વર્તમાનત્વ, અતીતત્વને લઈને=ક્રિયારૂપ પરિણામને આશ્રયીને વર્તમાનત્વ અને ક્રિયાના નિષ્ઠારૂપ પરિણામને આશ્રયીને અતીતત્વને લઈને, 'નષ્યતિ, નષ્ટઃ, ઉત્પદ્યતે, ઉત્પન્નઃ' એ વિભક્ત વ્યવહારનું સમર્થન કરો=ઘટના નાશથી મુગટ ઉત્પન્ન થાય છે ત્યારે ક્રિયાના પરિણામને લઈને 'ઘટો નષ્યતિ' અને ઘટના નાશની ક્રિયાના નિષ્ઠારૂપ પરિણામને લઈને 'ઘટો નષ્ટઃ' અને મુગટની ઉત્પત્તિરૂપ ક્રિયાના પરિણામને લઈને 'મુગટો ઉત્પદ્યતે' અને મુગટની ઉત્પત્તિની ક્રિયાના નિષ્ઠારૂપ પરિણામને લઈને 'મુગટો ઉત્પન્નઃ' આ પ્રકારના વિભક્ત વ્યવહારનું સમર્થન નૈયાયિકે કરવું જોઈએ.

આથી જ=ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને આશ્રયીને એક સમયમાં વર્તમાનત્વ અને અતીતત્વ સ્યાદ્વાદી ગ્રહણ કરી શકે છે આથી જ, ક્રિયાકાળ-નિષ્ઠાકાળના યોગપદ્ય=યુગપદની, વિવક્ષાથી उत्पद्यमानं, उत्पन्नं, विगच्छत्, विगतम् એ સૈદ્ધાન્તિક પ્રયોગ સંભવે.

આ રીતે સ્યાદ્વાદીના મતાનુસાર ઉત્પત્તિરૂપ નાશને સ્વીકારવા છતાં ભૂતાદિ કાલત્રયનો વ્યવહાર સંગત થઈ શકે છે તે બતાવ્યું. હવે નૈયાયિકના મતાનુસાર નાશ પામતો હોય ત્યારે 'નષ્ટઃ' પ્રયોગ ન થાય તેથી શું દૂષણ પ્રાપ્ત થાય તે ગ્રંથકારશ્રી બતાવે છે –

પરમતે=નૈયાયિકના મતે, 'હમણાં ઘટ નાશ પામ્યો' એ લોકમાં જે વ્યવહાર થાય છે તે, આદ્યક્ષણમાં સર્વથા વ્યવહાર ઘટે નહીં. અમારા મતે નયભેદથી સંભવે=વ્યવહારનયથી તેવો પ્રયોગ સંભવે નહીં તોપણ નિશ્ચયનયથી 'નશ્યમાણમ્ નષ્ટમ્' એ વચન અનુસાર નાશની પ્રથમ ક્ષણમાં પણ 'इदानीं ध्वस्तो घटः' એ વ્યવહાર થઈ શકે છે.

આમાં=નયભેદથી ઘટના નાશની ક્ષણમાં 'घटो नष्टः' એ વ્યવહાર થાય છે એમાં, સંમતિ બતાવે છે=સાક્ષી આપે છે –

"उप्पज्जमाणकालं उप्पण्णं=ઉત્પદ્યમાનકાળમાં ઉત્પન્ન (દ્રવ્યને અને) विगच्छंतं=વિગચ્છત્કાળમાં=નાશ પામતા કાળમાં, विगयं=વિગત=નાશ પામેલા, ति दवियं पवण्णवयंतो=એ દ્રવ્યને કહેતો પુરુષ, तिकालविसयं विसेसेइ=ત્રિકાળ વિષયને વિશેષિત કરે છે=ત્રિકાળ વિષયવાળા દ્રવ્યનું પ્રતિપાદન કરે છે." **॥૩/૩૭॥ (સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૭) ॥૯/૧૨॥**

ભાવાર્થ :- ગાથા અનુસાર :-

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે, ઘટનો નાશ થાય છે ત્યારે મુગટની ઉત્પત્તિ થાય છે અને તે વખતે સુવર્ણ ધ્રુવ છે તેથી મુગટને જોઈને ઘટના અર્થીને શોક થાય છે, મુગટને જોઈને મુગટના અર્થીને હર્ષ થાય છે અને ઘટકાળમાં વર્તતું સુવર્ણ મુગટકાળમાં અવસ્થિત હોવાથી સુવર્ણના અર્થીને મધ્યસ્થભાવ થાય છે તેથી નક્કી થાય છે કે, પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે.

ત્યાં શંકા થાય કે, ઘટનાશપૂર્વક મુગટની ઉત્પત્તિ થાય છે, તે સ્થાનમાં તો મુગટને જોઈને ત્રણ પુરુષોને ત્રણ ભાવો થાય છે પરંતુ મુગટની ઉત્પત્તિ પછી મુગટ દીર્ઘકાળ સુધી અવસ્થિત રહે છે ત્યારે પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ભાવોની પ્રતીતિ નથી પરંતુ જેમ સુવર્ણ અવસ્થિત છે તેમ મુગટ પણ અવસ્થિત છે. તેનું સમાધાન ગ્રંથકારશ્રીએ કર્યું કે, મુગટના ઉત્પત્તિકાળમાં જે ઘટનાશ થયો તે વખતે જે ઉત્પત્તિ અને નાશ થાય છે, તે ધ્રુવ એવાં સુવર્ણમાં ભળે છે અને મુગટની દ્વિતીયાદિ ક્ષણમાં તે ઉત્પત્તિ-નાશ દ્રવ્યરૂપ સંબંધથી પ્રતિક્ષણમાં છે તેથી મુગટના અવસ્થિતકાળમાં પણ ઉત્પત્તિ-નાશ-ધ્રૌવ્ય ત્રણેની પ્રાપ્તિ છે. ત્યાં પ્રશ્ન થાય કે, જો આ રીતે પ્રથમ ક્ષણની ઉત્પત્તિ અને નાશનો દ્રવ્યરૂપ સંબંધથી અનુગમ કરીએ તો "उत्पद्यते, उत्पन्नं, उत्पत्स्यते; नश्यत्, नष्टः, नङ्क्ष्यति" એ વ્યવહાર કઈ રીતે સંગત થઈ શકે ? તેનું સમાધાન કરતાં ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે ઋજુસૂત્રનયથી અનુગૃહીત એવાં વ્યવહારનયથી તે પ્રયોગ સંગત થશે.

ત્યાં નૈયાયિક કહે છે કે ઉત્પત્તિને અને નાશને ધારારૂપે સ્વીકારીએ તો ભૂતાદિક પ્રત્યય થઈ શકે નહીં; કેમ કે ઉત્પત્તિને અને નાશને ધારારૂપે સ્વીકારીએ તો સતત 'આ ઘટ ઉત્પન્ન થઈ રહ્યો છે અને પિંડ નાશ પામી રહ્યું છે' તેમ કહી શકાય પરંતુ 'આ ઘટ બે દિવસ પહેલાં ઉત્પન્ન થયો છે અને બે દિવસ પહેલાં પિંડ નાશ પામ્યું છે' તેમ કહી શકાય નહીં માટે 'ઉત્પન્ન થયેલા પિંડનો નાશ ધ્રુવ છે અને ઘટ જ્યાં સુધી અવસ્થિત છે ત્યાંસુધી ધ્રુવ છે' તેમ માનવું જોઈએ પણ 'પ્રતિક્ષણ ઉત્પત્તિ-નાશ થઈ રહ્યાં છે તેમ માની શકાય નહીં.' એ પ્રકારની નૈયાયિકની શંકાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

જો નૈયાયિકને ઉત્પત્તિવિશિષ્ટ નાશનો વ્યવહાર ઇષ્ટ છે અર્થાત્ ઘડો નાશ પામે છે ત્યારે જેમ ઘટ નાશ પામે છે તેમ મુગટની ઉત્પત્તિ પણ દેખાય છે માટે નશ્ ધાતુનો અર્થ માત્ર નાશ અભિમત નથી પરંતુ ઉત્પત્તિવિશિષ્ટ નાશનો વ્યવહાર ઇષ્ટ છે, અને તેમ કહીને નૈયાયિક એ સ્થાપન કરે છે કે તે મુગટની ઉત્પત્તિ જ્યાં સુધી મુગટ નાશ ન પામે ત્યાં સુધી ત્રણ કાળ રહે છે. તેને ગ્રંથકારશ્રી ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –

તો નૈયાયિકે વ્યવહારથી ઉત્પત્તિને સ્વીકારવી જોઈએ=વ્યવહારથી ઉત્પત્તિ ક્ષણસંબંધમાત્ર છે તેને નૈયાયિકે સ્વીકારવી જોઈએ, અને જે મુગટની ઉત્પત્તિ થઈ તે મુગટની ઉત્પત્તિ પહેલાં અછતી હતી=પ્રાગ્ અભાવરૂપ હતી તેથી પહેલાં અછતી એવી વિશિષ્ટ મુગટની ઉત્પત્તિ છે અને તે મુગટની ઉત્પત્તિ આદ્યક્ષણસંબંધરૂપ છે. વળી, તે મુગટની ઉત્પત્તિ પૂર્વે મુગટનો પ્રાગ્ અભાવ હતો તેનો જ ધ્વંસ મુગટની ઉત્પત્તિકાળમાં થયો અને નૈયાયિક મતાનુસાર પ્રાગ્ અભાવનો ધ્વંસ ઉત્પન્ન થયા પછી નાશ પામતો નથી તેથી તે પ્રાગ્ અભાવનો ધ્વંસ ત્રણકાળમાં રહે છે. માટે ધ્રુવની પ્રાપ્તિ થઈ અને ઉત્પત્તિ ક્ષણસંબંધરૂપ છે તેથી દરેક ક્ષણમાં ઉત્પત્તિની ધારા ચાલે છે, તેથી મુગટની ઉત્પત્તિ પ્રતિક્ષણ નવી નવી થાય છે તેથી પ્રથમ ક્ષણનો મુગટ બીજી ક્ષણમાં નાશ પામે છે અને બીજી ક્ષણમાં નવો મુગટ ઉત્પન્ન થયો અને તે વખતે પ્રાગ્ અભાવનો ધ્વંસ ધ્રુવ છે માટે નૈયાયિકની યુક્તિ અનુસાર પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યની સંગતિ આ રીતે ગાથાના કથનથી થાય છે.

જો નૈયાયિકને ઉત્પત્તિવિશિષ્ટ=મુગટની ઉત્પત્તિથી વિશિષ્ટ, એવાં ઘટનાશનો વ્યવહાર ઇષ્ટ હોય અને તેમ સ્વીકારીને નાશ વ્યવહારની સંગતિ કરે અર્થાત્ મુગટની ઉત્પત્તિથી વિશિષ્ટ ઘટનો નાશ પ્રથમ ક્ષણમાં છે અને બીજી આદિ ક્ષણોમાં પ્રથમ ક્ષણનો નાશ વિદ્યમાન હોવા છતાં નવો નાશ ઉત્પન્ન થતો નથી પરંતુ મુગટની ઉત્પત્તિથી પૃથક્ એવો પ્રથમ ક્ષણના ઘટનો નાશ બીજી આદિ ક્ષણમાં અતીત બને છે. તેથી 'આ ઘટ બે દિવસ પહેલાં નાશ પામ્યો' એ વ્યવહાર સંગત કરે તો, નૈયાયિકે વ્યવહારથી ઉત્પત્તિને સ્વીકારવી જોઈએ=આદ્યક્ષણના સંબંધરૂપ ઉત્પત્તિ વ્યવહારનય સ્વીકારે છે તેને નૈયાયિકે સ્વીકારવી જોઈએ. વળી, પહેલાં અછતી એવી વિશિષ્ટ=મુગટની પ્રથમ ક્ષણમાં મુગટની જે ઉત્પત્તિ થઈ તેના પૂર્વે મુગટની ઉત્પત્તિ જે અછતી હતી તેનાથી વિશિષ્ટ, એવી મુગટની ઉત્પત્તિને નૈયાયિકે સ્વીકારવી જોઈએ જેથી મુગટની ઉત્પત્તિ પૂર્વે જે મુગટનો પ્રાગ્ અભાવ હતો તેનો ધ્વંસ મુગટની ઉત્પત્તિથી નૈયાયિક મત પ્રમાણે પ્રાપ્ત થાય અને તે ધ્વંસ નાશ પામતો નથી તેથી ધ્વંસ ધ્રુવઅંશ છે, મુગટની ઉત્પત્તિ અને ઘટનો નાશ એમ ઉત્પાદ, વ્યય અને ધ્રુવની પ્રાપ્તિ થાય. વળી, ઉત્પાદ આદ્યક્ષણના સંબંધરૂપ હોવાથી એકક્ષણરૂપ છે અને તેનાથી વિશિષ્ટનાશ પણ એકક્ષણરૂપ પ્રાપ્ત થાય અને તે ત્રણે મુગટના પ્રાગ્ અભાવના ધ્વંસરૂપ હોવાથી ધ્વંસમાં ભળ્યાં તેથી પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની નૈયાયિક મતે પણ પ્રાપ્તિ થશે.

ટબા અનુસાર :-

ઉત્પત્તિ અને નાશના ત્રિકાળ પ્રયોગની સંગતિ કરવા અર્થે ગ્રંથકારશ્રી નૈયાયિકને કહે છે, જો

ઉત્પત્તિધારારૂપ નાશ સ્વીકારવામાં આવે તો, ભૂતાદિક પ્રત્યય થઈ શકે નહીં, તેમ નૈયાયિક કહે; કેમ કે ઉત્પત્તિની ધારારૂપ જ નાશ સ્વીકારીએ તો, પ્રતિક્ષણ उत्पद्यते અને नश्यति એટલો જ પ્રયોગ થઈ શકે પરંતુ 'ભૂતકાળમાં નાશ થયો' એ પ્રત્યય થઈ શકે નહીં અને 'ભવિષ્યમાં નાશ થશે' એ પ્રત્યય પણ થઈ શકે નહીં; કેમ કે પ્રતિક્ષણ નાશ થતો હોય તો ભૂતકાળમાં નાશ થયો તેમ અને ભવિષ્યકાળમાં નાશ થશે તેમ ન કહી શકાય અને ભૂતાદિક પ્રત્યયની સંગતિ અર્થે જો નૈયાયિક કહે કે 'नश्' ધાતુના બે અર્થ છે : એક નાશ અને બીજી ઉત્પત્તિ તેથી જ્યારે ઘટ નાશ પામે છે ત્યારે ઘટના નાશની પ્રાપ્તિ છે અને તે જ સમયે મુગટની ઉત્પત્તિની પ્રાપ્તિ છે અને મુગટની ઉત્પત્તિને કાલત્રયનો અન્વય સંભવે છે; કેમ કે મુગટની ઉત્પત્તિ થયા પછી જ્યાં સુધી મુગટ રહે ત્યાં સુધી મુગટનું ઉત્પત્તિરૂપે અસ્તિત્વ છે અને ઘટનો જે નાશ થઈ રહ્યો છે તે વખતે 'नश्यति' એ પ્રમાણે પ્રયોગ થાય પરંતુ 'नष्टः' એ પ્રયોગ થાય નહીં; કેમ કે તે નાશની પ્રથમ ક્ષણમાં તે નાશનું અતીતત્વ નથી.

એ પ્રકારે નૈયાયિક નાશના વ્યવહારનું સમર્થન કરે અર્થાત્ કહે કે ઘટના નાશસમયમાં 'नश्यति' પ્રયોગ થાય, બીજી આદિ ક્ષણોમાં 'नष्टः' પ્રયોગ થાય અને ઘટના નાશની પૂર્વે 'नङ्क्ष्यति' પ્રયોગ થાય. તેને ગ્રંથકારશ્રી કહે છે – મુગટની ઉત્પત્તિનો તેણે જે કાલત્રયનો અન્વય કહ્યો તેને બદલે મુગટની ઉત્પત્તિનો માત્ર ક્ષણસંબંધ તેણે કહેવો જોઈએ; કેમ કે ઉત્પત્તિ એ આદ્યક્ષણસંબંધરૂપ છે તેથી મુગટઉત્પત્તિ દીર્ઘકાળ અવસ્થિત નથી. આ રીતે ઉત્પત્તિ ક્ષણસંબંધરૂપ બતાવીને હવે નૈયાયિક મતાનુસાર ધ્રુવનું સમર્થન કરે છે.

મુગટની ઉત્પત્તિ પહેલાં મુગટની ઉત્પત્તિ અછતી હતી અને તે પ્રાગ્ અભાવરૂપ હતી અને મુગટની ઉત્પત્તિ થાય ત્યારે તેના પ્રાગ્ અભાવનો ધ્વંસ થાય છે તેથી મુગટના પ્રાગ્ અભાવનો ધ્વંસ મુગટની ઉત્પત્તિ વખતે ઉત્પન્ન થાય છે, તે ધ્વંસ નૈયાયિકના મતાનુસાર ત્રણ કાળમાં વર્તે છે તેથી મુગટના પ્રાગ્ અભાવના ધ્વંસની સતત પ્રતીતિ થાય છે માટે ઘટનાશ થાય છે ત્યારે ઘટનાશ અને મુગટની ઉત્પત્તિની પ્રાપ્તિ છે. વળી, મુગટની ઉત્પત્તિવિશિષ્ટ ઘટનાશ પ્રથમ સમયે જ છે; કેમ કે ઉત્પત્તિ આદ્યક્ષણસંબંધરૂપ છે અને તે ધ્રુવ એવાં પ્રાગ્ અભાવના ધ્વંસમાં ભળ્યાં અને મુગટના પ્રાગ્ અભાવનો ધ્વંસ સતત રહે છે. તેથી મુગટના અવસ્થિતકાળ સુધી પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યની સતત પ્રાપ્તિ છે તેમ નૈયાયિકે માનવું જોઈએ.

'અનઇં જો... સંભવઇં'નો ભાવાર્થ :- ટબાનુસાર :-

ગ્રંથકારશ્રીએ ઉત્પાદવ્યયધ્રૌવ્ય નૈયાયિક મતે કઈ રીતે પ્રતિક્ષણ સંગત થાય તેની સ્પષ્ટતા અત્યારસુધી કરી. ત્યાં નૈયાયિક કહે કે, જેમ ઘટના વર્તમાનત્વાદિકમાં પટના વર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે નહીં, તેમ મુગટના સતત નાશ અને ઉત્પત્તિ તમે સ્વીકારો તો નાશઉત્પત્તિવર્તમાનત્વાદિકમાં નાશવર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે નહીં પરંતુ નાશઉત્પત્તિના વર્તમાનત્વાદિકનો જ વ્યવહાર થઈ શકે અથવા બીજું દૃષ્ટાંત કહે છે –

જેમ ઘટધર્મવર્તમાનત્વાદિકમાં ઘટવર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે નહીં અર્થાત્ ઘટમાં રહેલ ઘટત્વધર્મના વર્તમાનત્વાદિકમાં ઘટત્વના વર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે પરંતુ ઘટવર્તમાનત્વાદિકનો

વ્યવહાર થઈ શકે નહીં, તેમ નાશઉત્પત્તિના વર્તમાનત્વાદિમાં નાશઉત્પત્તિવર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે=ઘટનાશ વિશિષ્ટ મુગટઉત્પત્તિના વર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે પરંતુ નાશવર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે નહીં=ઘટનાશવર્તમાનત્વાદિકનો વ્યવહાર થઈ શકે નહીં તેથી જો સ્યાદ્વાદી ઉત્પત્તિને 'ક્ષણસંબંધમાત્રરૂપ' કહીને ઉત્પાદવ્યયધ્રૌવ્યનું સમર્થન કરે તો, નાશઉત્પત્તિના વર્તમાનત્વાદિમાં નાશવર્તમાનત્વાદિનો વ્યવહાર કરી શકે નહીં તેથી "બે મહિના પહેલાં ઘટ નાશ પામ્યો" તેવું સ્યાદ્વાદીના મતે સંગત થાય નહીં પરંતુ પ્રતિક્ષણ ઉત્પત્તિનાશવર્તમાન છે તેને આશ્રયીને કહેવું હોય તો સ્યાદ્વાદી એમ કહી શકે કે જે મુગટની ઉત્પત્તિ પ્રથમ ક્ષણમાં ઉત્પત્તિ થઈ તેથી ઉત્પત્તિનાશની ધારા છે અને તે ધારાને આશ્રયીને સ્યાદ્વાદી એમ કહી શકે કે 'પ્રથમ ક્ષણની નાશઉત્પત્તિ પ્રથમ ક્ષણમાં વર્તમાન હતી અને પછીની ક્ષણોમાં તે અતીત બને છે. નાશ-ઉત્પત્તિને સાથે ગ્રહણ કરીને અતીત આદિનો વ્યવહાર સંગત થાય તોપણ માત્ર 'નાશ વર્તમાન છે, નાશ અતીત છે' તે વ્યવહાર સ્યાદ્વાદીના મતાનુસાર થઈ શકે નહીં અને લોકમાં તે પ્રકારની પ્રતીતિ છે કે મુગટ ઉત્પન્ન થાય છે ત્યારે ઘટનો નાશ થયો તે વખતે તે ઘટનો નાશ વર્તમાન હતો અને બે મહિના પછી તે ઘટનો નાશ બે મહિના પૂર્વેનો હોવાથી અતીત છે. તે વ્યવહાર સ્યાદ્વાદીના મતે સંગત થાય નહીં, આ પ્રકારનો દોષ નૈયાયિક ઉદ્ભાવન કરે તેને ગ્રંથકારશ્રી કહે છે –

સ્યાદ્વાદીના મતાનુસાર નિશ્ચયનયને આશ્રયીને ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક છે તેથી જે સમયે ક્રિયા થાય છે તે સમયે જ ક્રિયાની સમાપ્તિ પણ થાય છે તેથી ક્રિયારૂપ પરિણામને આશ્રયીને વર્તમાનત્વનો વ્યવહાર અને નિષ્ઠારૂપ પરિણામને આશ્રયીને અતીતત્વનો વ્યવહાર થઈ શકે છે તેથી ઘટનાશની ક્રિયાને આશ્રયીને 'नश्यति'નો વ્યવહાર થઈ શકે છે અને ઘટનાશની ક્રિયાની નિષ્ઠાને આશ્રયીને નાશના ક્રિયાકાળમાં જ 'नष्टः'નો વ્યવહાર થઈ શકે છે.

વળી, ઘટનાશકાળમાં મુગટની ઉત્પત્તિ છે તેમાં મુગટની ઉત્પત્તિના ક્રિયાકાળને આશ્રયીને 'उत्पद्यते'નો વ્યવહાર થઈ શકે છે અને મુગટની ઉત્પત્તિની ક્રિયાના નિષ્ઠારૂપ પરિણામને આશ્રયીને મુગટની ઉત્પત્તિકાળમાં જ 'उत्पन्नः'નો વ્યવહાર થઈ શકે છે તેથી ઉત્પત્તિક્ષણમાં જ માત્ર 'उत्पद्यते'નો વ્યવહાર થઈ શકે, 'उत्पन्नः'નો વ્યવહાર ન થઈ શકે, નાશના ક્રિયાકાળમાં જ માત્ર 'नश्यति'નો વ્યવહાર થઈ શકે, 'नष्टः'નો વ્યવહાર ન થઈ શકે, તેમ માનવાની આવશ્યકતા નથી અને તે કથનની પુષ્ટિ કરવા અર્થે કહે છે –

ક્રિયાકાળના અને નિષ્ઠાકાળના યોગપદ્યની વિવક્ષાથી જ 'ઉત્પદ્યમાન ઉત્પન્ન છે, નાશ પામતું નષ્ટ છે' એ સૈદ્ધાંતિક પ્રયોગ સંભવે છે. વળી, પરના મતમાં=નૈયાયિકના મતમાં, 'दाशङ्घ' ધાતુના 'નાશ' અને 'ઉત્પત્તિ'-બે અર્થો કરીને તેની ઉત્પત્તિના કાળનો અન્વય નૈયાયિક કરે તો જેમ ઉત્પત્તિના સમયમાં જ 'उत्पद्यते' કહેવાય, 'उत्पन्नः' ન કહેવાય તેમ નાશના સમયમાં જ 'नश्यति' કહેવાય 'नष्टः' ન કહેવાય, એમ નૈયાયિકના વચનાનુસાર સ્વીકારીએ તો 'હમણાં ઘટ નાશ પામ્યો' એ પ્રયોગમાં ઘટનાશની આદ્યક્ષણમાં 'नष्टः'નો વ્યવહાર થાય છે તે નૈયાયિકના મતાનુસાર સર્વથા ઘટે નહીં અને સ્યાદ્વાદીના મતમાં નયભેદથી સંભવે અર્થાત્ નિશ્ચયનયથી સંભવે; કેમ કે નિશ્ચયનય ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક સમયે સ્વીકારે છે

તેથી નાશ પામતાને 'नष्टः' કહે છે તેથી નાશની ક્ષણમાં જ 'ઘટ હમણાં નાશ પામ્યો' તેમ વ્યવહાર થઈ શકે છે.

અહીં વિશેષ એ છે કે ઘટનો નાશ કરીને મુગટ બનાવવામાં આવે છે ત્યારે ઘટના નાશરૂપ અભાવને નૈયાયિક મુગટરૂપ પદાર્થથી સ્વતંત્ર પદાર્થ સ્વીકારે છે અને મુગટની ઉત્પત્તિ ભાવાત્મક છે તેથી ઘટના અભાવથી મુગટ ભિન્ન છે તેમ સ્વીકારે છે અને ઘટના નાશની ક્ષણમાં 'नश्यति'નો વ્યવહાર કરે છે અને બીજી આદિ ક્ષણમાં 'नष्टः'નો વ્યવહાર થાય છે તેમ કહે છે અને મુગટની ઉત્પત્તિની ક્ષણમાં 'मुगटः उत्पद्यते'નો વ્યવહાર કરે છે અને મુગટની ઉત્પત્તિ પછી બીજી આદિ ક્ષણથી મુગટના અવસ્થિત કાળ સુધી 'मुगटः उत्पन्नः'નો વ્યવહાર કરે છે અને નૈયાયિક સ્યાદ્વાદીને કહે કે, ઘટના નાશરૂપ જ તમે ઉત્પત્તિ સ્વીકારશો અને તે નાશ અને ઉત્પત્તિ દ્રવ્યરૂપે સદા વર્તે છે તેથી ઉત્પત્તિ-નાશની ધારા ચાલે છે એમ કહેશો તો 'उत्पद्यते नश्यति'નો વ્યવહાર થઈ શકે અને ઉત્પત્તિવિશિષ્ટનાશનો વ્યવહાર સ્વીકારશો તો ઉત્પત્તિ અને નાશનો પૃથક્ વ્યવહાર થઈ શકશે નહીં અને 'ઘટ નાશ પામે છે, ઘટ નાશ પામ્યો' એ પૃથક્ વ્યવહાર લોકસિદ્ધ છે તે સંગત થશે નહીં તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રીએ ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એક સમયે સ્વીકારનાર નિશ્ચયનયને આશ્રયીને સંગતિ કરી તેથી ધ્રુવરૂપ દ્રવ્યમાં સ્યાદ્વાદીના મતાનુસાર ઘટનાશની ધારા વર્તે છે અને મુગટની ઉત્પત્તિની ધારા વર્તે છે તેમાં પણ જેમ 'उत्पद्यते'નો વ્યવહાર થઈ શકે છે તેમ 'उत्पन्नः'નો વ્યવહાર થઈ શકે છે તે જ રીતે ઉત્પત્તિથી પૃથક્રૂપે જેમ 'नश्यति'નો વ્યવહાર થઈ શકે છે તેમ 'नष्टः'નો વ્યવહાર થઈ શકે છે માટે સ્યાદ્વાદમાં વ્યવહારનો બાધ નથી પરંતુ 'હમણાં ઘટ નાશ પામ્યો' એ પ્રકારનો આદ્યક્ષણમાં થતો વ્યવહાર નૈયાયિક મતાનુસાર ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક નહીં હોવાથી સંગત થાય નહીં. **॥૯/૧૨॥**

અવતરણિકા :-

ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્યની ધારા સ્યાદ્વાદી માને છે, તે નૈયાયિક સ્વીકારતો નથી તેને ગ્રંથકારશ્રી દોષ બતાવીને ઉત્પત્તિનાશની ધારા સ્વીકારવી યુક્તિયુક્ત છે તે સ્પષ્ટ કરે છે –

ગાથા :-

ઉતપત્તિ નહીં જો આગલિં, તો અનુતપન્ન તે થાઇં રે.
જિમ-નાશ વિના અવિનષ્ટ છઇં, પહિલા તુઝ કિમ ન સુહાઇં રે ?
જિન૦ ॥૯/૧૩॥

ગાથાર્થ :-

જો આગલિં ક્ષણમાં=પ્રથમ ક્ષણથી બીજી આદિ ક્ષણમાં, ઉત્પત્તિ નહીં તો, તે અનુત્પન્ન થાય=બીજી આદિ ક્ષણમાં તે અનુત્પન્ન થાય.

જેમ પહેલાં=ઘટનાશની પહેલાં, નાશ વગર અવિનષ્ટ છે=ઘટ અવિનષ્ટ છે, તે યુક્તિ તને કેમ સોહાતી નથી ? ॥૯/૧૩॥

ટબો :-

જો-આગલિં-દ્વિતીયાદિક્ષણઇં ઉત્પત્તિ નહીં, તો-ઘટાદિક દ્વિતીયાદિક્ષણઇં અનુત્પન્ન થાઈં. જિમ-પહિલાં-ધ્વંસ થયા પહિલાં-નાશ વિના "अविनष्टः" કહિઈં છઈ. એ તર્ક તુઝનઇં કિમ સુહાતો નથી ? તેમાટિં-પ્રતિક્ષણોત્પાદ-વિનાશપરિણામદ્વારઇં માનવા. દ્રવ્યાર્થાદેશઇં-દ્વિતીયાદિક્ષણઇં ઉત્પત્તિવ્યવહાર કહિઈં, તો નાશવ્યવહાર પણિ-તથા હુઓ જોઈઈં. તથા-ક્ષણાન્તર્ભાવઇં દ્વિતીયાદિક્ષણઇં ઉત્પત્તિ પામી જોઈઈ. અકલ્પિત અનુત્પન્નતા ન હોઈ, તો પણિ-પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થઈ જોઈઈ. ॥૯/૧૩॥

ટબાર્થ :-

જો આગલિં=દ્વિતીયાદિ ક્ષણમાં, ઉત્પત્તિ નહીં=ઘટાદિની ઉત્પત્તિ નહીં, તો દ્વિતીયાદિ ક્ષણમાં ઘટાદિ અનુત્પન્ન થાય.

કેમ દ્વિતીયાદિ ક્ષણમાં ઘટ અનુત્પન્ન થાય ? તેમાં યુક્તિ બતાવે છે –

જેમ પહેલાં=નાશ થયા પહેલાં, નાશ વગર અવિનષ્ટ કહેવાય છે=ઘટ અવિનષ્ટ કહેવાય છે, એ તર્ક તને કેમ ગમતો નથી ? અર્થાત્ નાશ વગર નાશ પૂર્વે જેમ ઘટ અવિનષ્ટ કહેવાય છે તેમ પ્રથમ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ હોવા છતાં બીજી આદિ ક્ષણમાં ઘટની અનુત્પત્તિ સ્વીકારવામાં આવે તો ઘટ અનુત્પન્ન થાય એમ નૈયાયિકે માનવું જોઈએ. તે માટે પ્રતિક્ષણ ઉત્પાદ-વિનાશ પરિણામ દ્વારા માનવા જોઈએ.

વળી, પ્રતિક્ષણ ઉત્પત્તિ અને વિનાશ સ્વીકારીને ગ્રંથકારશ્રીએ ઘટ ઉત્પન્ન થયા પછી પણ ઘટનાશ સુધી બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ નૈયાયિક સ્વીકારતો નથી તેને બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ સ્વીકારવાની યુક્તિ પૂર્વમાં આપી. હવે સ્યાદ્વાદ મતાનુસાર જેમ ઉત્પત્તિ પણ બીજી આદિ ક્ષણમાં છે તેમ ઘટનાશ પછી બીજી આદિ ક્ષણમાં ઘટનાશની પ્રાપ્તિ કઈ રીતે થાય છે ? તે બતાવે છે –

જો દ્રવ્યાર્થ દેશથી=દ્રવ્યનયની દૃષ્ટિથી, બીજી આદિ ક્ષણમાં ઉત્પત્તિનો વ્યવહાર કહીએ તો નાશનો વ્યવહાર પણ તે પ્રકારે થવો જોઈએ=ઉત્પત્તિનો વ્યવહાર જે પ્રકારે બીજી આદિ ક્ષણમાં થાય છે તે પ્રકારે નાશનો વ્યવહાર પણ બીજી આદિ ક્ષણમાં થવો જોઈએ. અને ક્ષણના અંતર્ભાવથી =ઘટની ઉત્પત્તિમાં પ્રથમ ક્ષણ, બીજી ક્ષણ, ત્રીજી ક્ષણ આદિરૂપ ક્ષણના અંતર્ભાવથી, દ્વિતીયાદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ પ્રાપ્ત થવી જોઈએ.

અહીં નૈયાયિક કહે કે, વાસ્તવિક રીતે ઘટની પ્રથમ ક્ષણમાં ઉત્પત્તિ છે, બીજી ક્ષણમાં ઉત્પત્તિ નથી માટે જ બીજી આદિ ક્ષણમાં 'ઉત્પન્ન' કહેવાય છે અને પ્રથમ ક્ષણમાં 'ઉત્પદ્યમાન' કહેવાય છે. આમ છતાં તમે ટબાના પૂર્વાર્ધમાં તર્ક કરીને કહ્યું કે, બીજી આદિ ક્ષણમાં જો ઘટની ઉત્પત્તિ ન સ્વીકારવામાં આવે તો ઘટની અનુત્પન્નતા પ્રાપ્ત થાય. વસ્તુતઃ બીજી આદિ ક્ષણમાં ઘટની જે અનુત્પન્નતા બતાવી તે કલ્પિત અનુત્પન્નતા છે, અકલ્પિત નથી; કેમ કે તમે જે ઉત્પદ્યમાન હોય તેને ઉત્પન્ન સ્વીકારો છો માટે બીજી આદિ ક્ષણમાં અનુત્પન્નતા કહો છો. વાસ્તવિક રીતે તો પ્રથમ ક્ષણમાં ઘટ ઉત્પદ્યમાન હતો માટે બીજી આદિ ક્ષણમાં ઉત્પન્ન કહી શકાય. તેથી તમારી યુક્તિથી ઘટની બીજી આદિ ક્ષણમાં કલ્પિત અનુત્પન્નતા થઈ શકે. અકલ્પિત અનુત્પન્નતા થઈ શકે નહીં. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો કે, અકલ્પિત અનુત્પન્નતા ન થાય=બીજી આદિ ક્ષણમાં ઘટની જે અનુત્પન્નતા ગ્રંથકારશ્રીએ ટબાના પૂર્વાર્ધમાં બતાવી તે અકલ્પિત અનુત્પન્નતા ન થાય, તોપણ પ્રતિક્ષણ ઉત્પત્તિ વગર પરમાર્થથી=નિશ્ચયનયની સૂક્ષ્મતાથી, અનુત્પન્નતા થવી જોઈએ. ॥૯/૧૩॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧માં સ્થાપન કર્યું કે, ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્યની ધારા પ્રતિક્ષણ વર્તે છે તેથી પદાર્થ પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ છે અને એની સંગતિ ગાથા-૧૨માં કરી. હવે જો ઘટની ઉત્પત્તિક્ષણ પછી જ્યાં સુધી ઘટ અવસ્થિત રહે છે ત્યાં સુધી ઘટની ઉત્પત્તિ નથી પરંતુ પ્રથમ ક્ષણમાં જ ઘટની ઉત્પત્તિ છે તેમ નૈયાયિક કહે તો ગ્રંથકારશ્રી કહે છે કે બીજી આદિ ક્ષણમાં ઘટ અનુત્પન્ન છે તેમ નૈયાયિકને માનવું પડે. ઘટ બીજી આદિ ક્ષણમાં અનુત્પન્ન છે તેમ કેમ માનવું પડે તેથી કહે છે –

જેમ ઘટનાશની પૂર્વે ઘટનાશ નહીં હોવાને કારણે ઘટ અવિનષ્ટ કહેવાય તેમ બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ ન હોય તો ઘટ અનુત્પન્ન કહેવો જોઈએ એ પ્રકારનો તર્ક નૈયાયિકે સ્વીકારવો જોઈએ તેથી એ ફલિત થાય કે બીજી આદિ ક્ષણમાં પણ ઘટની ઉત્પત્તિ છે અને 'उत्पद्यमानं उत्पन्नं' એ સિદ્ધાંત અનુસાર બીજી આદિ ક્ષણમાં 'घटः उत्पन्नः' એ વ્યવહાર થઈ શકે છે પરંતુ બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ ન હોય તો 'घटः उत्पन्नः' એ વ્યવહાર થઈ શકે નહીં તેથી ઘટાદિ પદાર્થમાં પ્રતિક્ષણ ઉત્પાદ-વિનાશ પરિણામ દ્વારા સ્વીકારવા જોઈએ=પદાર્થના ક્ષણિક પરિણામ દ્વારા સ્વીકારવા જોઈએ.

આ રીતે તર્કથી પ્રથમ ક્ષણમાં જેમ ઘટની ઉત્પત્તિ છે તેમ બીજી આદિ ક્ષણમાં પણ ઘટની ઉત્પત્તિ છે તે સ્યાદ્વાદીના મતે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું પરંતુ પૂર્વ પર્યાયનો નાશ થયા પછી નૈયાયિકના મતે તે નાશ સદા રહે છે તેથી સ્યાદ્વાદીના મતે બીજી ક્ષણમાં ઉત્પત્તિની જેમ નાશનો વ્યવહાર કઈ રીતે થઈ શકે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

દ્રવ્યાર્થ દેશથી=ઋજુસૂત્રથી અનુગૃહીત એવાં દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી, સ્યાદ્વાદીના મતે જેમ ઘટની ઉત્પત્તિ થયા પછી બીજી આદિ ક્ષણમાં પણ ઉત્પત્તિનો વ્યવહાર થાય છે તેની જેમ પ્રથમ ક્ષણના પર્યાયનો

જે નાશ થાય છે તે પણ ઋજુસૂત્રનયથી અનુગૃહીત દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી બીજી આદિ ક્ષણમાં અનુવૃત્તિ પામે છે. તેથી બીજી આદિ ક્ષણમાં પણ નાશનો વ્યવહાર થાય છે અને ક્ષણના અંતર્ભાવથી=ઘટની ઉત્પત્તિમાં પ્રથમ ક્ષણ, બીજી ક્ષણ, ત્રીજી ક્ષણ આદિરૂપ ક્ષણના અંતર્ભાવથી, બીજી આદિ ક્ષણોમાં નવા નવા ઘટની ઉત્પત્તિ પણ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, ઘટમાં અનુગત એવાં મૃદ્દ્રવ્યમાં જે પ્રથમ ક્ષણમાં પિંડપર્યાયનો નાશ છે અને પ્રથમ ક્ષણમાં જે ઘટની ઉત્પત્તિ છે તે બંને ઋજુસૂત્રનયની દૃષ્ટિથી બીજી આદિ ક્ષણમાં પણ ધારારૂપે પ્રાપ્ત થાય છે. ફક્ત પ્રથમ ક્ષણમાં જે ઘટની ઉત્પત્તિ હતી તે ઘટનો નાશ બીજી ક્ષણમાં પ્રાપ્ત થાય છે અને બીજી ક્ષણવિશિષ્ટ ઘટ ઉત્પન્ન થાય છે તેથી એ પ્રાપ્ત થાય કે, પ્રથમ ક્ષણમાં મૃદ્પિંડનો નાશ અને ઘટની ઉત્પત્તિ હતી અને બીજી ક્ષણમાં પ્રથમ ક્ષણના ઘટનો નાશ અને બીજી ક્ષણના ઘટની ઉત્પત્તિ છે માટે સ્યાદ્વાદીના મતે દરેક ક્ષણમાં ઋજુસૂત્રનયની દૃષ્ટિથી ઉત્પત્તિનાશની પ્રાપ્તિ છે અને તે ઋજુસૂત્રનયની દૃષ્ટિથી અનુગૃહીત દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી ધ્રૌવ્યની પ્રાપ્તિ છે માટે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની ધારા દરેક દ્રવ્યમાં સતત ચાલે છે.

અહીં નૈયાયિક કહે કે, પિંડમાંથી જ્યારે ઘટની ઉત્પત્તિ થાય છે ત્યારે પ્રથમ ક્ષણમાં ઘટ ઉત્પદ્યમાન છે અને બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ થતી દેખાતી નથી પરંતુ પ્રથમ ક્ષણની ઉત્પત્તિવાળો ઘટ અવસ્થિત દેખાય છે તેથી બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પન્નતા અકલ્પિત છે અને સ્યાદ્વાદીએ કહ્યું કે ઉત્પદ્યમાન હોય તે જ ઉત્પન્ન કહેવાય, અન્ય નહીં અને તેમ સ્વીકારીને ગાથાના પૂર્વાર્ધમાં તર્કથી સ્થાપન કર્યું કે, જો બીજી ક્ષણમાં ઘટની ઉત્પત્તિ ન માનવામાં આવે તો ઘટમાં અનુત્પન્નતા થાય. તે અનુત્પન્નતા તર્ક દ્વારા સ્યાદ્વાદીએ કલ્પના કરેલ છે. વાસ્તવિક રીતે તે અનુત્પન્નતા અકલ્પિત નથી. તેથી જો નૈયાયિક કહે કે બીજી આદિ ક્ષણમાં ઘટની ઉત્પત્તિ સ્વીકારીને સ્યાદ્વાદ મતાનુસાર તમે કલ્પિત અનુત્પન્નતા સ્થાપિત કરો છો તોપણ તે અકલ્પિત અનુત્પન્નતા નથી તેને ગ્રંથકારશ્રી કહે છે –

તોપણ પ્રતિક્ષણ ઉત્પત્તિ વગર નિશ્ચયનયની પરમાર્થ દૃષ્ટિથી બીજી આદિ ક્ષણમાં અનુત્પન્નતા પ્રાપ્ત થવી જોઈએ.

આશય એ છે કે નિશ્ચયનય કહે છે કે કરવતથી લાકડું કપાતું હોય તે વખતે કરવતની જેટલી ક્રિયા થાય તેટલું લાકડું તે ક્ષણમાં કપાય છે, ઉત્તરક્ષણમાં કપાતું નથી તેથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ=ક્રિયાનો સમાપ્તિકાળ, એક જ સમય છે તેથી 'કાપવાની ક્રિયા અને લાકડું કપાયું' તે પ્રકારનો પ્રયોગ એક સમયને આશ્રયીને થાય. બીજી ક્ષણમાં જો કાપવાની ક્રિયા ન હોય તો 'લાકડું કપાયું તેમ કહી શકાય નહીં' માટે જે ક્ષણમાં કાપવાની ક્રિયા હોય તે ક્ષણમાં જ લાકડું કપાયું કહેવાય તેમ જે ક્ષણમાં ઘટનિષ્પત્તિની ક્રિયા હોય તે ક્ષણમાં જ 'ઘટ નિષ્પન્ન થયો' તેમ કહેવાય, બીજી ક્ષણમાં જો ઘટ નિષ્પન્ન ન થતો હોય, તો 'ઘટ નિષ્પન્ન થયો' તેમ કહી શકાય નહીં. આ પ્રકારની નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો ક્ષણના અંતર્ભાવથી બીજી આદિ ક્ષણમાં જો ઘટની ઉત્પત્તિ ન હોય તો ઘટ અનુત્પન્ન છે તેમ જ માનવું પડે, માટે

નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રતિક્ષણ ઘટની ઉત્પન્નતા સ્વીકારવા માટે ઘટની ઉત્પત્તિ પણ પ્રતિક્ષણ માનવી પડે, ફક્ત પિંડમાંથી ઘટ બને છે ત્યારે પિંડ કરતાં ભિન્ન પર્યાય સ્વરૂપે ઘટ પ્રાપ્ત થયો. બીજી ક્ષણમાં તે ઘટનો પર્યાય જ તદ્સદૃશ અન્ય ઘટની નિષ્પત્તિનું કારણ બન્યો, માટે પ્રતિક્ષણ ઉત્પત્તિનો વ્યવહાર કર્યા વગર બીજી આદિ ક્ષણમાં ઘટની અનુત્પન્નતાની જ પ્રાપ્તિ થવી જોઈએ. **॥૯/૧૩॥**

અવતરણિકા :-

ગાથા-૧૩ના ટબામાં કહ્યું કે, દ્રવ્યાર્થ દેશથી દ્વિતીયાદિ ક્ષણમાં ઉત્પત્તિનો વ્યવહાર કહેવાય છે તે રીતે દ્રવ્યાર્થ દેશથી નાશનો પણ વ્યવહાર થવો જોઈએ. એ કથનને સામે રાખીને 'સમ્મતિ'માં શું કહ્યું છે ? તે બતાવે છે –

ગાથા :-

એણઇં ભાવઇં ભાસિઉં, સમ્મતિ માંહિં એ ભાવ રે,
સંઘયણાદિક ભવભાવથી, સીઝંતાં કેવલ જાઇં રે. જિન૦ ॥૯/૧૪॥

ગાથાર્થ :-

આ ભાવથી=પૂર્વમાં કહ્યું કે, સર્વ દ્રવ્યને પ્રતિક્ષણ ત્રણ લક્ષણનો યોગ છે એ ભાવથી, 'સમ્મતિ'માં='સમ્મતિ તર્ક પ્રકરણ' નામના ગ્રંથમાં, એ ભાવ ભાસિઉં=આગળમાં કહેવાય છે એ ભાવ કહેવાયો છે.

સંઘયણાદિક ભવના ભાવથી, સીઝંતાં=મોક્ષમાં જતાં, કેવળ જાઈં=કેવળજ્ઞાન જાય છે=ભવસ્થ કેવળજ્ઞાન નાશ પામે છે. ॥૯/૧૪॥

ટબો :-

ઈમ-પરિણામથી સર્વ દ્રવ્યનઈં ત્રિલક્ષણયોગ સમર્થિઓ. એણઈં જ અભિપ્રાયઈં સમ્મતિ ગ્રન્થમાંહિં એ ભાવ ભાષિઉં જે-'જે સંઘયણાદિક ભવભાવથી સીઝંતાં મોક્ષસમયઈં કેવલજ્ઞાન જાઈં-ભવસ્થકેવલજ્ઞાન પર્યાયઈં નાશ થાઈ, એ અર્થ. ॥૯/૧૪॥

ટબાર્થ :-

"એમ=પૂર્વમાં કહ્યું એ રીતે, પરિણામથી=પ્રતિક્ષણ દ્રવ્યનો અન્ય અન્ય પરિણામ થાય છે એ અપેક્ષાથી, સર્વ દ્રવ્યના વિષયમાં ત્રણ લક્ષણનો યોગ=ઉત્પત્તિ-નાશ-ધ્રૌવ્ય એ ત્રણ લક્ષણનો યોગ, સમર્થન કર્યો" એ જ અભિપ્રાયથી 'સમ્મતિ' ગ્રંથમાં એ ભાવ ભાખ્યો છે=આગળમાં કહે છે એ ભાવ ભાખ્યો છે જે - સંઘયણાદિક ભવભાવથી સીઝંતાં મોક્ષસમયઈં કેવલજ્ઞાન જાઈં=ભવસ્થ કેવળજ્ઞાન-પર્યાયનો નાશ થાઈં-એ અર્થ=એ ગાથાનો અર્થ છે. ॥૯/૧૪॥

ગાથા :-

તે સિદ્ધપણઇં વલી ઊપજઇં, કેવલભાવઇં છઇં તેહ રે,
વ્યય ઉતપતિ અનુગમથી સદા, શિવમાંહિ તિય લક્ષણ એહ રે.
જિન૦ ॥૯/૧૫॥

ગાથાર્થ :-

તે=સંઘયણાદિક ભવના ભાવથી જે કેવળજ્ઞાન નાશ પામે છે તે, સિદ્ધપણે વળી ઊપજઇ=સિદ્ધકેવળજ્ઞાનપણે ઉત્પન્ન થાય છે. તેહ=કેવળજ્ઞાન, કેવળજ્ઞાનભાવે છે=કેવલજ્ઞાનભાવે ધ્રુવ છે. આ રીતે, વ્યયથી=ભવસ્થ કેવળજ્ઞાનના વ્યયથી, ઉત્પત્તિથી=સિદ્ધસ્થ કેવળજ્ઞાનની ઉત્પત્તિથી, અને અનુગમથી=કેવળજ્ઞાનભાવરૂપ અનુગમથી, સદા=હંમેશાં, મોક્ષમાંહે એ ત્રણ લક્ષણ છે. ॥૯/૧૫॥

ટબો :-

તે-સિદ્ધપણઇં-સિદ્ધકેવલજ્ઞાનપણઇ ઊપજઇ. તેહ જ-કેવલજ્ઞાનભાવ છઇ-ધ્રુવ છઇ. એ મોક્ષગમનસમયઇં જે વ્યય-ઉત્પત્તિ હુઆં, તત્પરિણતસિદ્ધદ્રવ્યાનુગમથી શિવમાં-મોક્ષમાંહિં ત્રણ 3. લક્ષણ હોઇ. ગાથે–

"जे संघयणाईआ, भवस्थकेवलिविसेसपज्जाया ।
ते सिज्झमाणसमए, ण होंति विगयं तओ होइ ।।२-३५।।
सिद्धत्तणेण य पुणो, उप्पण्णो एस अत्थपज्जाओ ।
केवलभावं तु पडुच्च, केवलं दाइअं सुत्ते" ।।२-३६।।

એ ભાવ લેઈનઈ "केवलनाणे दुविहे पण्णत्ते, भवत्थकेवलनाणे य सिद्धकेवलनाणे य" **ઈત્યાદિ-સૂત્રિં ઉપદેશ છઇ. ॥૯/૧૫॥**

ટબાર્થ :-

તે=જે ભવસ્થ કેળળજ્ઞાનપર્યાય નાશપામે છે તે, સિદ્ધપણે=સિદ્ધકેવલજ્ઞાનપણે, ઉત્પન્ન થાય છે. તેહ જ=ભવસ્થકાળમાં અને સિદ્ધસ્થકાળમાં વર્તતું કેવળજ્ઞાન જ, કેવળજ્ઞાનભાવથી છે= કેવળજ્ઞાનભાવથી ધ્રુવ છે. એ મોક્ષગમનના સમયમાં જે વ્યય-ઉત્પત્તિ થાય=ભવસ્થ કેવળજ્ઞાનનો વ્યય અને સિદ્ધસ્થ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ, તત્પરિણત=વ્યય અને ઉત્પત્તિપરિણત, એવાં સિદ્ધ દ્રવ્યના અનુગમથી=સિદ્ધદ્રવ્યના અનુસરણથી, શિવમાં=મોક્ષમાં, ત્રણ લક્ષણ હોય=ભવસ્થ કેવળજ્ઞાનનો નાશ-સિદ્ધસ્થ કેળળજ્ઞાનની ઉત્પત્તિ અને કેવળજ્ઞાનભાવરૂપ ધ્રુવથી યુક્ત સિદ્ધઅવસ્થામાં સિદ્ધદ્રવ્યના અનુગમથી મોક્ષમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણની પ્રાપ્તિ છે=પ્રતિક્ષણ મોક્ષમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય ત્રણ લક્ષણની પ્રાપ્તિ છે. ગાથે=બે ગાથા,

"जे संघयणाईआ=જે संघयणादिक=જે વજ્રઋષભનારાચ संघयणादिक, भवस्थकेवलिविसेसपज्जाया=ભવસ્થ-કેવલીના વિશેષ પર્યાયો છે. ते=તે, सिज्झमाणसमए ण होंति=સિદ્ધ થતા સમયમાં નથી=જાય છે. तओ विगयं होइ=તેથી વિગત થાય છે=ભવસ્થ કેવળજ્ઞાન નાશ પામે છે." ॥૨-૩૫॥ **(સમ્મતિ બીજો કાંડ ગાથા-૩૫)**

"सिद्धत्तणेण य पुणो=અને વળી સિદ્ધપણાથી, एस अत्थपज्जाओ=આ અર્થપર્યાય=કેવળજ્ઞાનરૂપ અર્થપર્યાય, उप्पण्णो=ઉત્પન્ન થયો, सुत्ते=સૂત્રમાં, केवलभावं तु पडुच्च=કેવળભાવને આશ્રયીને, केवलं=કેવળજ્ઞાન, दाइअं=બતાવાયું છે=અપર્યવસિત બતાવાયું છે." ॥૨-૩૬॥ **(સમ્મતિ બીજો કાંડ ગાથા-૩૬)**

એ ભાવને લઈને=સમ્મતિમાં જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય બતાવ્યું-એ ભાવને લઈને, "केवलनाणे दुविहे पण्णत्ते=કેવળજ્ઞાન બે પ્રકારનાં બતાવ્યાં છે "भवत्थकेवलनाणे य सिद्धकेवलनाणे य=ભવસ્થ કેવળજ્ઞાન અને સિદ્ધસ્થ કેવળજ્ઞાન" **ઇત્યાદિ સૂત્રમાં ઉપદેશ્યા છે. ॥૯/૧૫॥**

❖ ગાથા-૧૪ અને ૧૫નો ભાવાર્થ એક સાથે લેવામાં આવ્યો છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ઘટનાશ, મુગટની ઉત્પત્તિ અને સુવર્ણની ધ્રુવતાને બતાવીને 'પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ છે' તેમ સ્થાપન કર્યું. ત્યાં પ્રશ્ન થાય કે 'ઘટનાશપૂર્વક મુગટ ઉત્પન્ન થાય છે તે ક્ષણમાં તો ઉત્પાદ, વિનાશ અને ધ્રુવ સંગત થાય છે પરંતુ મુગટ ઉત્પન્ન થયા પછી જેમ સુવર્ણ ધ્રુવ દેખાય છે તેમ મુગટ પણ ધ્રુવ દેખાય છે અને કોઈ વસ્તુનો નાશ દેખાતો નથી તેથી મુગટની ઉત્પત્તિ પછી પણ પ્રતિક્ષણ નાશ, ઉત્પત્તિ અને ધ્રૌવ્યની સંગતિ કઈ રીતે થઈ શકે છે ? તેનું સમર્થન ગ્રંથકારશ્રીએ ગાથા-૧૦માં કર્યું. ત્યાં પ્રશ્ન થયો કે 'જો પ્રતિક્ષણ ઉત્પત્તિ અને પ્રતિક્ષણ નાશ સ્વીકારવામાં આવે તો ઉત્પન્ન અને નષ્ટ ઇત્યાદિ જે પ્રતીતિ થાય છે તે કઈ રીતે સંગત થઈ શકે ?' તેનું સમર્થન ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ કર્યું અને તેમાં નૈયાયિકની માન્યતાનો વિરોધ હોવાથી નૈયાયિકે પણ 'પ્રતિક્ષણ ઉત્પત્તિ અને પ્રતિક્ષણ નાશ સ્વીકારવાં જોઈએ' તેનું યુક્તિથી ગ્રંથકારશ્રીએ ગાથા-૧૨ અને ૧૩માં સ્થાપન કર્યું અને ગાથા-૧૩ના અંતે ટબામાં કહ્યું કે, દ્રવ્યાર્થનયના આદેશથી દ્વિતીયાદિ ક્ષણમાં ઉત્પત્તિનો વ્યવહાર થાય છે તેમ નાશનો પણ વ્યવહાર થઈ શકે અને તે કથનનું સમર્થન સમ્મતિના વચનથી પ્રસ્તુત ગાથામાં કરે છે.

જૈનદર્શનને માનનારા એકાંતવાસનાથી વાસિત મતિવાળા નૈયાયિકની જેમ કોઈક પૂર્વપક્ષ છે, જે કહે છે કે 'સંસારી જીવ કેવળજ્ઞાન પામે છે, તે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કેવળજ્ઞાન નાશ પામતું નથી' માટે કેવળજ્ઞાનને શાસ્ત્રમાં 'સાદિ અપર્યવસિત કહેલ છે.' તેથી જેમ નૈયાયિક કહે છે કે 'ઘટનાશથી મુગટ ઉત્પન્ન થાય છે અને જ્યાં સુધી તે મુગટ નાશ ન પામે ત્યાં સુધી તે મુગટ ધ્રુવ છે' તેમ કોઈક પૂર્વપક્ષી કહે છે કે, 'જીવ કેવળજ્ઞાન પામે છે પછી તે કેવળજ્ઞાન નાશ પામતું નથી' તેનું નિરાકરણ કરતાં સમ્મતિકાર કહે છે કે 'જીવદ્રવ્ય છે અને કેવળજ્ઞાન પર્યાય છે અને પર્યાય પ્રતિક્ષણ અન્ય અન્ય ભાવને પામે છે-તેને જોનારી દૃષ્ટિ નહીં હોવાથી પૂર્વપક્ષીને પ્રતિક્ષણ અન્ય અન્યરૂપે પણ થતું કેવળજ્ઞાન ધ્રુવરૂપે જણાય છે.'

કઈ રીતે કેવળજ્ઞાન પ્રતિક્ષણ અન્ય અન્યરૂપે થાય છે ? તેમાં સમ્મતિકાર યુક્તિ આપે છે કે 'ભવસ્થ કેવલી જીવના સંઘયણાદિક પર્યાયો છે અને કેવળજ્ઞાન પણ ભવસ્થ કેવલીનો પર્યાય છે તેથી જ્યારે સંઘયણાદિકનો ત્યાગ કરીને ભવસ્થ કેવલી મુક્ત થાય છે, તે ક્ષણમાં સંઘયણાદિક સાથે અભિન્ન એવાં જીવદ્રવ્ય સાથે અભેદ એવું કેવળજ્ઞાન મોક્ષગમન સમયમાં નાશ પામે છે; કેમ કે સંઘયણાદિક ભાવોથી વિશિષ્ટ એવું જે કેવળજ્ઞાન જીવદ્રવ્યમાં હતું, તેવું કેવળજ્ઞાન સિદ્ધ અવસ્થામાં નથી અને સિદ્ધપણાની ઉત્પત્તિ સમયે સિદ્ધસ્થ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. વળી, સંસાર અવસ્થામાં અને સિદ્ધ અવસ્થામાં વર્તતું કેવળજ્ઞાન કેવળજ્ઞાનભાવરૂપે ધ્રુવ છે તેથી મોક્ષગમનના સમયમાં જે ભવસ્થ કેવળજ્ઞાનનો નાશ થયો અને સિદ્ધસ્થ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ, તત્પરિણત સિદ્ધદ્રવ્ય=કેવળજ્ઞાનપરિણત એવું સિદ્ધદ્રવ્ય, ભવસ્થ કેવળજ્ઞાન અને સિદ્ધસ્થ કેવળજ્ઞાનમાં અનુગમવાળું છે. તેથી મોક્ષના પ્રથમ સમયમાં ભવસ્થ કેવળજ્ઞાનનો નાશ, સિદ્ધસ્થ કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને કેવળજ્ઞાનપરિણત સિદ્ધદ્રવ્યનું ધ્રુવપણું હોવાથી સિદ્ધ અવસ્થામાં પણ ઉત્પત્તિ, નાશ, ધ્રુવરૂપ ત્રણ લક્ષણ પ્રથમ ક્ષણમાં પ્રાપ્ત થાય છે. તેમ સુવર્ણના ઘટથી મુગટની ઉત્પત્તિ થાય છે ત્યારે ઘટનાશ, મુગટઉત્પત્તિ અને સુવર્ણ ધ્રુવ છે તેમ સ્વીકારવું જોઈએ જેથી પદાર્થમાં ત્રણ લક્ષણની સિદ્ધિ થાય.

વળી, શાસ્ત્રની સાક્ષી આપતાં કહે છે –

જેમ, પૂર્વપક્ષી કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાનને અપર્યવસિત કહે છે, તેમ સ્વીકારવામાં આવે તો શાસ્ત્રમાં બે પ્રકારનું :- (૧) ભવસ્થ કેવળજ્ઞાન અને (૨) સિદ્ધસ્થ કેવળજ્ઞાન, કહેવામાં આવ્યું છે તે વચન સંગત થાય નહીં તેથી જેમ આત્માનો કેવળજ્ઞાનપર્યાય પણ પ્રતિક્ષણ ઉત્પાદવિનાશવાળો છે, તેથી જ ભવસ્થ કેવળજ્ઞાન અને સિદ્ધસ્થ કેવળજ્ઞાનરૂપ ભેદ સંગત થાય છે. તેની જેમ ઘટમાંથી મુગટની ઉત્પત્તિ પછી પણ મુગટના અવસ્થિતિકાળ સુધી ઉત્પત્તિ, વિનાશ સ્વીકારવાં જોઈએ.

અહીં વિશેષ એ છે કે, કેવળજ્ઞાન બે પ્રકારનું કહ્યું છે, તેનો અર્થ એ નથી કે, સિદ્ધપણાની પ્રાપ્તિ પછી કેવળજ્ઞાન ધ્રુવ છે પરંતુ કેવળજ્ઞાન એ સિદ્ધના જીવોના જ્ઞાનના વેદનરૂપ છે તેથી પ્રથમ ક્ષણમાં જ્ઞાનનું વેદન છે તેનાથી ભિન્ન જ્ઞાનનું વેદન બીજી આદિ ક્ષણોમાં છે માટે કેવળજ્ઞાનપર્યાય સતત અન્ય અન્યરૂપે પરિણમન પામે છે, ફક્ત સંસારઅવસ્થા અને સિદ્ધઅવસ્થાના ભેદના બળથી કેવળજ્ઞાનના ભેદનો બોધ કરાવવા અર્થે બે પ્રકારનું કેવળજ્ઞાન કહેવાયું છે. **॥૯/૧૪-૧૫॥**

અવતરણિકા :-

એ ત્રૈલક્ષણ્ય સ્થૂલવ્યવહારઈં સિદ્ધનઈં આવ્યું, પણિ-સૂક્ષ્મનયઈં નાવ્યું; જેમાટિં-સૂક્ષ્મનય=ઋજુસૂત્રાદિક-તે-સમયસમય પ્રતિં ઉત્પાદ, વ્યય માનઈં છઈં, તે લેઈનઈં; તથા-દ્રવ્યાર્થાદેશનો અનુગમ લેઈનઈં-જે સિદ્ધકેવલજ્ઞાનમાંહિ ત્રૈલક્ષણ્ય કહિઈં, તેહ જ-સૂક્ષ્મ કહવાઈ. ઈમ વિચારીનઈં પક્ષાંતર કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

એ ત્રૈલક્ષણ સ્થૂલવ્યવહારથી સિદ્ધમાં પ્રાપ્ત થયું=ગાથા-૧૪, ૧૫માં કેવળજ્ઞાનને આશ્રયીને જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય બતાવ્યાં તે ત્રણ લક્ષણ સ્થૂલવ્યવહારનયની દૃષ્ટિથી સિદ્ધની પ્રથમ ક્ષણમાં પ્રાપ્ત થયાં, પણ પ્રથમ ક્ષણ પછીની ક્ષણોમાં=સિદ્ધની દ્વિતીયાદિ ક્ષણોમાં, ત્રણ લક્ષણની પ્રાપ્તિ થતી નહીં હોવાથી એ ત્રણ લક્ષણ સિદ્ધમાં આવ્યાં નહીં.

કેમ ન આવ્યાં ? તેથી કહે છે –

જે માટે, સૂક્ષ્મનય=ઋજુસૂત્ર આદિ નય, તે સમયસમય પ્રતિ ઉત્પાદવ્યય માને છે તે લઈને અને દ્રવ્યાર્થ દેશનો અનુગમ લઈને=દ્રવ્યાર્થિકનયથી જે ધ્રુવ એવું આત્મદ્રવ્ય છે તેનો અનુગમ લઈને, જે સિદ્ધકેવળજ્ઞાનમાં ત્રૈલક્ષણ કહેવાય. તે જ સૂક્ષ્મ કહેવાય=તે જ સૂક્ષ્મનયથી, સિદ્ધમાં ત્રણ લક્ષણ કહેવાય. એમ વિચારીને પક્ષાંતર કહે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથા-૧૪, ૧૫માં સમ્મતિગ્રંથનું આલંબન લઈને સ્થાપન કર્યું કે, સંસારઅવસ્થામાં મહાત્માને જે કેવળજ્ઞાન થયું, તે કેવળજ્ઞાન સંઘયણાદિક ભાવોથી વિશિષ્ટ છે અને તે મહાત્મા જ્યારે ભવનો અંત કરે છે ત્યારે સંઘયણાદિક ભાવો નાશ પામે છે તેથી સંઘયણાદિક ભાવોથી વિશિષ્ટ એવું કેવળજ્ઞાન પણ સિદ્ધસમયમાં નાશ પામે છે અને સિદ્ધસમયની પ્રથમ ક્ષણમાં સિદ્ધસ્થ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે અને કેવળજ્ઞાનભાવરૂપે કેવળજ્ઞાન ધ્રુવ છે માટે સિદ્ધમાં ભવસ્થ કેવળજ્ઞાનનો નાશ, સિદ્ધસ્થ કેવળજ્ઞાનની ઉત્પત્તિ અને કેવળજ્ઞાનભાવરૂપે ધ્રૌવ્ય પ્રાપ્ત થાય છે પરંતુ આ ત્રણ લક્ષણ સ્થૂલવ્યવહારથી છે; કેમ કે પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને આશ્રયીને નથી પરંતુ જ્યાં પર્યાયાંતરની પ્રાપ્તિ વિસદૃશ છે તેવા સ્થાનને આશ્રયીને છે તેથી સ્થૂલવ્યવહાર પૂર્વના પર્યાય કરતાં વિસદૃશ પર્યાય થાય ત્યારે ઉત્પત્તિ સ્વીકારે છે અને પૂર્વ પર્યાયનો નાશ સ્વીકારે છે. તેમ સિદ્ધ અવસ્થામાં પણ સંઘયણાદિકભાવવિશિષ્ટ કેવળજ્ઞાનનો નાશ થતો દેખાય છે અને સિદ્ધપર્યાયવિશિષ્ટ કેવળજ્ઞાન ઉત્પન્ન થતું દેખાય છે માટે સ્થૂલ વ્યવહાર તે ઉત્પાદવ્યયને આશ્રયીને કેવળજ્ઞાનમાં ત્રણ લક્ષણ સ્વીકારે છે, પરંતુ સમયે સમયે ઉત્પાદવ્યયને માનનાર સૂક્ષ્મનયની દૃષ્ટિથી તો મોક્ષપ્રાપ્તિ પછી પણ પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય બતાવવામાં આવે તો, સિદ્ધ અવસ્થામાં દરેક ક્ષણમાં ત્રણ લક્ષણની પ્રાપ્તિ છે તેમ સિદ્ધ થઈ શકે છે. તેથી સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ પછી પણ પ્રતિક્ષણ સિદ્ધસ્થ કેવળજ્ઞાનમાં સૂક્ષ્મનયથી ઉત્પાદવ્યયધ્રૌવ્ય કઈ રીતે છે, તે બતાવવા માટે ગ્રંથકારશ્રી પક્ષાંતર કહે છે=પહેલાં સ્થૂલ વ્યવહારનો પક્ષ બતાવ્યો અને હવે સૂક્ષ્મનયનો પક્ષ બતાવવારૂપ પક્ષાંતર કહે છે –

ગાથા :-

જે જ્ઞેયાકારઇં પરિણમઇં, જ્ઞાનાદિક નિજપર્યાય રે;
વ્યતિરેકઇં તેથી સિદ્ધનઇં, તિયલક્ષણ ઇમ પણિ થાઇં રે. જિન૦ ॥૯/૧૬॥

ગાથાર્થ :-

જ્ઞાનાદિક નિજપર્યાય=કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ સિદ્ધના આત્માના પર્યાય, જે વ્યતિરેકઈં જ્ઞેયાકારઈં=અન્યઅન્યપણે જ્ઞેયાકારે, પરિણમઈં=પરિણામ પામે છે. તેથી ઈમ પણિ=આ રીતે, સિદ્ધને=સિદ્ધના આત્મામાં, તિયલક્ષણ થાઈ=ત્રણ લક્ષણ થાય=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ પ્રાપ્ત થાય. ॥૯/૧૬॥

ટબો :-

જે-જ્ઞાનાદિક કેવલજ્ઞાન-કેવલદર્શન, નિજપર્યાયઈં-જ્ઞેયાકારઈં વર્તમાનાદિવિષયાકારઈં પરિણમઈં. વ્યતિરેકઈં કહતાં-પ્રતિક્ષણ અન્યોન્યપણઈં. સિદ્ધનઈં-ઈમ પણિ ત્રિલક્ષણ થાઈં. પ્રથમાદિ સમયઈં-વર્તમાનાકાર છઈં, તેહનો-દ્વિતીયાદિક્ષણઈં નાશ, અતીતાકારઈં ઉત્પાદ, આકારિભાવઈં-કેવલજ્ઞાન-કેવલદર્શનભાવઈં-અથવા-કેવલ માત્ર ભાવઈં-ધ્રુવ; ઈમ-ભાવના કરવી. ॥૯/૧૬॥

ટબાર્થ :-

જે જ્ઞાનાદિક=કેવળજ્ઞાન-કેવળદર્શનને, નિજપર્યાય છે=સિદ્ધના આત્માના પોતાના પર્યાય છે, વ્યતિરેક કહેતાં પ્રતિક્ષણ, અન્યોન્યપણે=અન્યઅન્યપણે, જ્ઞેયાકારે=વર્તમાનાદિ વિષયાકારે, પરિણમન પામે છે. ઈમ પણિ=એ રીતે, સિદ્ધને ત્રણ લક્ષણ થાય=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ થાય.

કઈ રીતે સિદ્ધમાં પ્રતિક્ષણ ત્રણ લક્ષણ પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરે છે –

પ્રથમાદિ સમયમાં વર્તમાનઆકાર છે=વર્તમાન આકારરૂપે જે જ્ઞેયાકાર છે, તેનો=તે જ્ઞેયાકારનો, દ્વિતીયાદિ ક્ષણમાં નાશ થાય છે અને અતીત આકારરૂપે તે વર્તમાનઆકારનો ઉત્પાદ છે અને આકારભાવે=કેવળજ્ઞાન-કેવળદર્શનભાવે અથવા કેવળમાત્રભાવે, ધ્રુવ છે=કેવળમાત્રભાવથી કેવળજ્ઞાન ધ્રુવ છે એમ ભાવના કરવી. ॥૯/૧૬॥

ભાવાર્થ :-

ગાથા-૧૪, ૧૫માં કેવળજ્ઞાનપ્રાપ્તિવાળી સંસારઅવસ્થા અને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિની પ્રથમ ક્ષણવાળી અવસ્થાને સામે રાખીને કેવળજ્ઞાનમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણની સંગતિ બતાવી. હવે સિદ્ધની પ્રાપ્તિની બીજી આદિ ક્ષણોમાં પણ સતત કેવળજ્ઞાનનો ઉત્પાદ, વ્યય અને ધ્રુવભાવ છે તે બતાવવા અર્થે કહે છે –

સિદ્ધઅવસ્થામાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે પછી બીજી આદિ ક્ષણમાં તે કેવળજ્ઞાન અન્યઅન્ય આકારરૂપે પરિણમન પામે છે. કઈ રીતે અન્યઅન્ય આકારરૂપે પરિણમન પામે છે, તે બતાવે છે –

પ્રથમ ક્ષણમાં જે કેવળજ્ઞાન, કેવળદર્શન હતું તે તેના જ્ઞેયને વર્તમાનપર્યાયરૂપે ગ્રહણ કરે છે, ભૂતપર્યાયરૂપે ગ્રહણ કરે છે અને ભવિષ્યપર્યાયરૂપે ગ્રહણ કરે છે. વળી, તે કેવળજ્ઞાન પ્રથમ ક્ષણમાં જે

જ્ઞેયને વર્તમાનરૂપે ગ્રહણ કરતું હતું, તે જ્ઞેયને બીજી ક્ષણમાં ભૂતરૂપે ગ્રહણ કરે છે. વળી, પ્રથમ ક્ષણમાં જે જ્ઞેયને ભવિષ્યરૂપે ગ્રહણ કરતું હતું તે જ્ઞેયમાંથી નજીકના ભવિષ્યને બીજી ક્ષણમાં વર્તમાનરૂપે ગ્રહણ કરે છે. આથી કેવળજ્ઞાન, કેવળદર્શનાદિના વિષયભૂત જ્ઞેય પદાર્થો પ્રતિક્ષણ જે અન્યઅન્ય ભાવરૂપે પરિણમન પામે છે, તે સ્વરૂપે કેવળીનો કેવળજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ પણ અન્યઅન્યરૂપે થાય છે અને કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપે તે ઉપયોગ સદા ધ્રુવ રહે છે તેથી સિદ્ધના જીવોમાં પણ વર્તતો કેવળજ્ઞાનનો પરિણામ ત્રણ લક્ષણના યોગવાળો છે.

વળી, ટબામાં **અથવા**થી કહે છે કે કેવળમાત્રભાવથી કેવળ ધ્રુવ છે તેનું કારણ બતાવતાં કહે છે: કેવળજ્ઞાન-કેવળદર્શનવિષયક જૈનશાસનમાં ત્રણ મતો પ્રવર્તે છે. (૧) એક મત અનુસાર કેવળજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ ક્રમસર થાય છે. (૨) અન્ય મત અનુસાર એક જ સમયમાં કેવળજ્ઞાન-કેવળદર્શનનો ઉપયોગ છે. (૩) ત્રીજો મત પૂ. આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મ. સા.નો છે જેઓ કેવળજ્ઞાન-કેવળદર્શનનો ભેદ સ્વીકારતા નથી પરંતુ કેવળરૂપ એક જ ઉપયોગ સ્વીકારે છે. તે મતાનુસાર કેવળજ્ઞાન કેવળજ્ઞાન-કેવળદર્શનભાવથી ધ્રુવ નથી પરંતુ કેવળજ્ઞાન કે કેવળમાત્રભાવથી ધ્રુવ છે. તેથી એ ફલિત થાય કે કેવળજ્ઞાન જ્ઞેયના જ્ઞેયાકારરૂપના પરિવર્તનથી પ્રતિક્ષણ ઉત્પાદવ્યયરૂપ છે અને કેવળમાત્રભાવથી ધ્રુવ છે માટે સિદ્ધનું કેવળજ્ઞાન પણ પ્રતિક્ષણ ત્રણ લક્ષણથી યુક્ત છે એ પ્રમાણે સિદ્ધઅવસ્થામાં ત્રણ લક્ષણનું ભાવન કરવું. અહીં કોઈક સ્થાને 'સિદ્ધને ત્રણ લક્ષણ છે' તેમ બતાવેલ છે અને કોઈક સ્થાને 'સિદ્ધના કેવળજ્ઞાનમાં ત્રણ લક્ષણ છે' તેમ બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધના કેવળજ્ઞાનમાં જ્યારે ત્રણ લક્ષણ બતાવાય ત્યારે સિદ્ધના આત્માનો કેવળજ્ઞાનની સાથે અભેદ કરવો અને તે રીતે કેવળજ્ઞાનને ધ્રુવ સ્વીકારવું અને જ્ઞેયાકારના પરિવર્તનથી કેવળજ્ઞાનને ઉત્પાદવ્યયરૂપે સ્વીકારવું. વળી, જ્યારે સિદ્ધના આત્માને ગ્રહણ કરીને વિચારણા કરાય ત્યારે સિદ્ધનો આત્મા ધ્રુવ છે અને સિદ્ધના આત્મામાં રહેલું કેવળજ્ઞાન જ્ઞેયના આકારથી પ્રતિક્ષણ પરિવર્તન પામતું હોવાથી ઉત્પાદવ્યયરૂપ છે તેથી સિદ્ધના આત્મામાં ઉત્પાદવ્યયધ્રૌવ્યની સંગતિ કરવી. **॥૯/૧૬॥**

અવતરણિકા :-

ઈમ-જ્ઞેય-દૃશ્યાકારસંબંધઈં કેવલનઈં ત્રૈલક્ષણ્ય કહિઉં. હવઈ-નિરાકાર જે સમ્યક્ત્વ, વીર્યાદિક ભાવ, તેહનઈં તથા-સિદ્ધાદિક-શુદ્ધ દ્રવ્યનઈં કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય દેખાડઈ છઈ –

અવતરણિકાર્થ :-

એમ=ગાથા-૧૬માં કહ્યું એમ, જ્ઞેયના દૃશ્ય આકારના સંબંધથી=જ્ઞેયના પ્રતિક્ષણના પરિવર્તનરૂપ સંબંધથી, કેવળને=સિદ્ધના કેવળજ્ઞાનને, ત્રૈલક્ષણ્ય=ત્રણલક્ષણપણું, બતાવ્યું. હવે નિરાકાર જે સમ્યક્ત્વ, વીર્યાદિ ભાવો છે=કેવળજ્ઞાનની જેમ જ્ઞેયના આકારના પરિવર્તન જેવા નથી પરંતુ આકારવગરના જે સમ્યક્ત્વ-વીર્યાદિ સિદ્ધના ભાવો છે, તેને અને સિદ્ધાદિક શુદ્ધ દ્રવ્યને, કાળસંબંધથી ત્રૈલક્ષણ્ય=ત્રણ લક્ષણપણું, બતાવે છે –

ભાવાર્થ :-

ગાથા-૩, ૪માં ગ્રંથકારશ્રીએ ઘટનાશ, મુગટની ઉત્પત્તિ અને સુવર્ણની સ્થિરતાને જોઈને દુઃખ, હર્ષ અને ઉપેક્ષાના પરિણામો થાય છે તેના બળથી પદાર્થ ત્રણ લક્ષણરૂપ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં વિચારકને શંકા થાય કે, ઘટનાશ અને મુગટની ઉત્પત્તિકાળમાં તો ત્રણ ભાવો દેખાય છે પરંતુ મુગટ ઉત્પન્ન થયા પછી મુગટનો નાશ ન થાય ત્યાં સુધી ઉત્પત્તિ, નાશ દેખાતાં નથી માટે 'પ્રતિસમય પદાર્થ ત્રણ લક્ષણવાળો છે', તે વચન સંગત થાય નહીં. તેની સંગતિ નયદૃષ્ટિથી અને યુક્તિથી ગ્રંથકારશ્રીએ ગાથા-૧૩ સુધી બતાવી અને સ્થાપન કર્યું કે, મુગટ ધ્રુવ દેખાય છે ત્યાં પણ પરમાર્થથી ઉત્પત્તિ અને નાશ છે અને તેનું સમર્થન કરવા માટે જ મુગટના સદૃશ કેવળજ્ઞાન પણ ઉત્પન્ન થયા પછી ધ્રુવ દેખાય છે છતાં કેવળજ્ઞાનમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ 'સમ્મતિ'માં કઈ રીતે બતાવ્યાં છે તેની સ્પષ્ટતા ગાથા-૧૪થી ૧૬ સુધી કરી. ત્યાં પણ સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ પછી કેવળજ્ઞાનમાં ત્રણ લક્ષણની પ્રાપ્તિ થાય છે. તેને ગ્રંથકારશ્રીએ યુક્તિથી ગાથા-૧૬માં સ્થાપન કર્યું. ત્યાં શંકા થાય કે, કેવળજ્ઞાનમાં તો જ્ઞેયના આકારો પરાવર્તન પામે છે. તેથી ત્રણ લક્ષણની સંગતિ થાય પરંતુ જીવના સમ્યક્ત્વાદિ ભાવો જ્ઞેયના આકારતુલ્ય નથી પરંતુ નિરાકાર છે અર્થાત્ સંસારઅવસ્થામાં સરાગીને સરાગ સમ્યક્ત્વ હોય છે અને વીતરાગીને વીતરાગસમ્યક્ત્વ હોય છે. વળી, સમ્યક્ત્વ તત્ત્વના વલણ સ્વરૂપ છે તેથી જીવ પોતાના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે સહજ વલણવાળો છે, અન્ય ભાવો પ્રત્યેનું વલણ મોહથી થાય છે અને સરાગસમ્યક્ત્વકાળમાં જીવનું તત્ત્વ પ્રત્યેનું વલણ થાય છે ત્યારે જીવનો રાગાંશ તત્ત્વ પ્રત્યે પ્રગટ થાય છે તેથી સરાગ સમ્યક્ત્વ બને છે અને રાગાંશ જાય છે ત્યારે રાગાંશરહિત તત્ત્વ પ્રત્યેના વલણરૂપ વીતરાગ સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને વીતરાગસમ્યક્ત્વનો વિષય કોઈ પદાર્થ નથી કે જેથી જ્ઞાનની જેમ સમ્યક્ત્વ જ્ઞેયાકારરૂપ બને પરંતુ જીવના તત્ત્વ પ્રત્યેના વલણરૂપ નિરાકાર સમ્યક્ત્વ છે. વળી, વીર્ય પણ આત્મભાવમાં સ્થિર રહેવા સ્વરૂપ નિરાકાર સિદ્ધના જીવોને છે અને ચારિત્ર પણ આત્મભાવોમાં વર્તવા સ્વરૂપ નિરાકાર સિદ્ધના જીવોને છે. અને તે નિરાકાર એવાં સમ્યક્ત્વમાં વીર્યાદિભાવોમાં ત્રણ લક્ષણ કઈ રીતે સંગત થાય, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે.

ગાથા :-

ઇમ-જે પર્યાયઇં પરિણમઇં, ક્ષણસંબંધઇં પણિ ભાવ રે,
તેથી તિયલક્ષણ સંભવઇં, નહીં તો-તે થાઇ અભાવ રે. જિન૦ ॥૯/૧૭॥

ગાથાર્થ :-

એમ=ગાથા-૧૬માં જેમ કેવલજ્ઞાનમાં બતાવ્યું એમ, જે ભાવ=જે સમ્યક્ત્વ-વીર્યાદિ ભાવો, ક્ષણસંબંધે પણ પર્યાયથી પરિણમે છે. તેથી ત્રણ લક્ષણ સંભવે છે=ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ તે ભાવોમાં સંભવે છે, નહીં તો=જો તે ભાવોમાં ત્રણ લક્ષણ ન સ્વીકારીએ તો, તે=તે સમ્યક્ત્વ-વીર્યાદિ ભાવોનો, અભાવ થાય=અભાવરૂપ પ્રાપ્ત થાય. ॥૯/૧૭॥

ટબો :-

ઈમ-જે ભાવ ક્ષણસંબંધઈં પણિ પર્યાયથી પરિણમઈ તેહથી-૩. લક્ષણ સંભવઈ. જિમ-દ્વિતીયક્ષણઈં ભાવ-આદ્યક્ષણઈં સંબંધ-પરિણામઈં નાશ પામ્યો; દ્વિતીયક્ષણ-સંબંધપરિણામઈં ઊપનો; ક્ષણસંબંધ માત્રઈં ધ્રુવ છઈ; તે-કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય સંભવઈ. નહીં તો-તે વસ્તુ અભાવ થઈ જાઈ. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયોગ જ ભાવલક્ષણ છઈ. તે રહિત-શશવિષાણાદિક-તે અભાવરૂપ છઈ. ॥૯/૧૭॥

ટબાર્થ :-

એમ=ગાથા-૧૬માં કેવળજ્ઞાનને બતાવ્યું એમ, જે ભાવ=સમ્યક્ત્વાદિ જે ભાવો, ક્ષણસંબંધથી પણ=પ્રતિક્ષણ નવી નવી ક્ષણના સંબંધથી પણ, પર્યાયથી પરિણમે છે=અન્યઅન્ય ભાવરૂપે પરિણમે છે, તેથી=પ્રતિક્ષણ અન્યઅન્યભાવના પરિણમનને કારણે ઉત્પાદવ્યયની પ્રાપ્તિ થઈ અને સમ્યક્ત્વાદિ ભાવોરૂપે ધ્રુવતાની પ્રાપ્તિ થઈ તેથી, ત્રણ લક્ષણ સંભવે છે=સમ્યક્ત્વાદિ ભાવોમાં પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણો સંભવે છે.

ક્ષણસંબંધથી કઈ રીતે ત્રણ લક્ષણ સંભવે છે તે સ્પષ્ટ કરે છે –

જેમ, દ્વિતીય ક્ષણવાળો ભાવ આદ્યક્ષણના સંબંધના પરિણામથી નાશ પામ્યો, દ્વિતીયક્ષણના સંબંધના પરિણામથી ઉત્પન્ન થયો અને ક્ષણસંબંધમાત્રથી ધ્રુવ છે, તે કાલસંબંધથી ત્રણ લક્ષણનો સંભવ છે, નહીં તો તે વસ્તુનો અભાવ થઈ જાય.

કેમ અભાવ થાય તેથી કહે છે –

ઉત્પાદવ્યયધ્રૌવ્યનો યોગ જ ભાવનું લક્ષણ છે. તે રહિત=ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ભાવના લક્ષણથી રહિત, શશવિષાણાદિક, તે અભાવરૂપ છે. ॥૯/૧૭॥

ભાવાર્થ :-

સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ પછી સિદ્ધના આત્મામાં વર્તતા કેવળજ્ઞાનરૂપ વસ્તુમાં પણ પ્રતિક્ષણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કઈ રીતે છે તે ગાથા-૧૬માં બતાવ્યું. ત્યાં કેવળજ્ઞાનમાં જ્ઞેયનો આકાર પ્રતિક્ષણ અન્યઅન્ય થાય છે તેથી ઉત્પાદવ્યયની સંગતિ થઈ, પરંતુ આત્માનું સમ્યક્ત્વ કે આત્માના વીર્યાદિ ભાવો-તેમાં કેવળજ્ઞાનની જેમ કોઈ પરિવર્તન નથી તેથી તે ભાવો નિરાકાર છે. તે નિરાકાર ભાવોમાં પણ જે ઉત્પાદવ્યયધ્રૌવ્ય ન માનવામાં આવે તો ભાવના લક્ષણનો અભાવ હોવાથી સમ્યક્ત્વાદિને શશવિષાણની જેમ અભાવની પ્રાપ્તિ થાય અને સમ્યક્ત્વાદિ ભાવો સિદ્ધ અવસ્થામાં વસ્તુરૂપે સત્ છે તેથી તેમાં ત્રણ લક્ષણ કઈ રીતે છે તે ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે –

વસ્તુમાં રહેલો ભાવ પ્રતિક્ષણ અન્યઅન્ય ભાવરૂપે થાય છે, તેથી સિદ્ધના આત્મામાં રહેલા સમ્યગ્દર્શન કે વીર્યાદિક ભાવો પણ પ્રતિક્ષણ અન્યઅન્ય ભાવરૂપે થાય છે, ફક્ત તે અન્યઅન્ય ભાવ સદૃશ આકારવાળા છે, તેથી સ્થૂલથી જોનારને અન્યઅન્ય સ્વરૂપે પ્રતીત થાય નહીં, પરંતુ શાસ્ત્રવચન અને સૂક્ષ્મ યુક્તિથી

જોવામાં આવે તો જેમ, સિદ્ધનું સુખ પ્રથમ ક્ષણમાં વેદન થાય છે તેવું જ બીજી આદિ ક્ષણમાં પણ વેદન થાય છે, તોપણ તે પ્રથમ ક્ષણના સુખના વેદન કરતાં બીજી આદિ ક્ષણના સુખનું વેદન અન્ય છે તેમ, સિદ્ધના આત્મામાં વર્તતા સમ્યક્ત્વાદિ ભાવો પણ સિદ્ધના આત્માને સ્વસંવેદિત છે તેથી પ્રથમ ક્ષણના સમ્યક્ત્વના ભાવનું વેદન છે, તદ્સદૃશ જ બીજી આદિ ક્ષણના ભાવનું વેદન છે તોપણ તે વેદન પ્રથમ ક્ષણના વેદન કરતાં અન્ય છે.

આ રીતે ક્ષણક્ષણના સંબંધથી સમ્યક્ત્વાદિ ભાવોમાં પણ ઉત્પાદવ્યય છે અને તે સમ્યક્ત્વાદિ ભાવો દરેક ક્ષણ સાથે સંબંધવાળા છે તેથી ધ્રુવ છે તેથી કાળના સંબંધથી સિદ્ધના આત્મામાં વર્તતા સર્વ ભાવો ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત છે માટે સત્નું લક્ષણ ત્યાં સંગત છે. **॥૯/૧૭॥**

અવતરણિકા :-

ગાથા-૧૬-૧૭માં સિદ્ધના જીવોમાં વર્તતા ભાવોમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણની સંગતિ કઈ રીતે છે તે બતાવ્યું. હવે સંસારી જીવોમાં, પુદ્ગલોમાં અને આકાશાદિ દ્રવ્યોમાં ત્રણ લક્ષણની સંગતિ અનેક પ્રકારે થાય છે તે બતાવે છે –

ગાથા :-

નિજપર્યાયઇં એકદા, બહુ સંબંધઇં બહુ રૂપ રે;
ઉત્પત્તિ નાશ ઇમ સંભવઇં, નિયમઇં તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ રે.

જિન૦ ॥૯/૧૮॥

ગાથાર્થ :-

ઈમ=એમ =ગાથા-૧૭માં સિદ્ધને આશ્રયીને ત્રણ લક્ષણ બતાવ્યાં એમ, પોતાના પર્યાયને એકદા બહુસંબંધથી=અનેક પ્રકારના સંબંધને આશ્રયીને, બહુરૂપ ઉત્પત્તિનાશ=ઘણા પ્રકારના ઉત્પત્તિનાશ, સંભવે છે. તિહાં=જે પર્યાયનો ઉત્પત્તિનાશ સંભવે છે તે ઉત્પત્તિનાશમાં, નિયમથી ધ્રૌવ્યસ્વરૂપ છે. ॥૯/૧૮॥

ટબો :-

ઈમ-નિજપર્યાયઈં-જીવ, પુદ્ગલનઈં, તથા-પરપર્યાયઈં-આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય-એ ત્રણ દ્રવ્યનઈં, એકકાલઈં ઘણાઈં સંબંધઈં બહુપ્રકાર-ઉત્પત્તિ, નાશ સંભવઈ. જેટલા-સ્વ-પરપર્યાય, તેટલા-ઉત્પત્તિ, નાશ હોઈ. તે વતી-તિહાં-ધ્રૌવ્ય-સ્વરૂપ તેટલાં નિરધાર છઈ. પૂર્વાપરપર્યાયાનુગતઆધારાંશ તાવન્માત્ર હોઈ, તે વતી, અત્ર સમ્મતિગાથા –

"એગસમયમ્મિ એગદવિયસ્સ બહુઆ વિ હોંતિ ઉપ્પાયા ।
ઉપ્પાયસમા વિગમા, ઠિઈ ઉ ઉસ્સગ્ગઓ ણિયમા" ।।૩-૪૧।। **॥૯/૧૮॥**

ટબાર્થ :-

એમ=ગાથા-૧૭માં કેવળજ્ઞાનને આશ્રયીને ત્રણ લક્ષણ બતાવ્યાં એમ, જીવ અને પુદ્ગલને નિજપર્યાયને આશ્રયીને અને આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય-એ ત્રણ દ્રવ્યોને પરપર્યાયને આશ્રયીને, એક કાળમાં ઘણા સંબંધથી=જીવાદિ દ્રવ્યોમાં એક કાળમાં જુદાં જુદાં કર્મો અને જુદા જુદા દેહ આદિ ઘણા સંબંધથી, બહુ પ્રકારે ઉત્પત્તિનાશ સંભવે. જેટલા સ્વપરપર્યાય=જીવ અને પુદ્ગલના જેટલા સ્વપર્યાય અને આકાશાદિ ત્રણ દ્રવ્યોના જેટલા પરપર્યાય, તેટલા ઉત્પત્તિનાશ થાય. તે વતી=જેટલા ઉત્પત્તિનાશ છે તે કારણે, ત્યાં=ઉત્પત્તિનાશપર્યાયમાં, ધ્રૌવ્યસ્વરૂપ તેટલા નિરધાર છે=તેટલા ધ્રૌવ્યસ્વરૂપ નિયમા છે.

કેમ તેટલા ધ્રૌવ્યસ્વરૂપ છે તેથી સ્પષ્ટ કરે છે –

પૂર્વઅપરપર્યાય અનુગત આધારાંશ તેટલા માત્ર થાય છે તે વતી=તે કારણે, તેટલા ધ્રૌવ્ય અંશ છે. અત્ર=આમાં=અનેક પ્રકારના ત્રિલક્ષણમાં, સમ્મતિગાથા=સમ્મતિ ગાથા, કહે છે –

"एगसमयम्मि=એક સમયમાં, एगदवियस्स=એક દ્રવ્યના, बहुआ वि=ઘણા પણ, उप्पाया होंति=ઉત્પાદો થાય છે. उप्पाय समा=ઉત્પાદ સમા=ઉત્પાદ જેટલા, विगमा (होंति)=નાશ (થાય છે), ठिई उ=સ્થિતિ પણ, उस्सग्गओ णियमा=ઉત્સર્ગપણાથી નિયત છે=સામાન્યપણાથી નિયત છે=ઉત્પાદ-વ્યયની સંખ્યા પ્રમાણે જ નિયત છે." **॥૩/૪૧॥ (સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૪૧) ॥૯/૧૮॥**

ભાવાર્થ :-

સિદ્ધ અવસ્થામાં વર્તતા ભાવને આશ્રયીને દરેક ભાવોમાં ઉત્પાદવ્યયધ્રૌવ્યની સંગતિ બતાવી. હવે સંસારી જીવોમાં વર્તતા ભાવોને આશ્રયીને ઉત્પાદવ્યયધ્રૌવ્યની સંગતિ કરે છે. સંસારી અવસ્થામાં જીવ કર્મયુક્ત છે તેથી કર્મયુક્ત જીવમાં અનેક પ્રકારના કર્મકૃત ભાવો વર્તે છે, ક્ષયોપશમના ભાવો વર્તે છે, તે સર્વ ભાવોને આશ્રયીને પ્રતિક્ષણ જીવમાં ઉત્પત્તિનાશ થાય છે. તેથી તે તે ભાવોને આશ્રયીને ઉત્પત્તિનાશ જે જે ભાવોના થાય છે તે ભાવો તેટલી સંખ્યામાં ધ્રુવ છે તેથી એક જીવદ્રવ્યને આશ્રયીને એક કાળમાં ઘણા પ્રકારના સંબંધથી ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્યની પ્રાપ્તિ છે. જેમ, વર્તમાનકાળમાં કોઈ જીવ રાગના પરિણામવાળો હોય અને તે રાગનો પરિણામ જ પ્રતિક્ષણ સદૃશ કે વિસદૃશ રાગરૂપે પરિણમન પામતો હોય, તેમાં રાગાંશ ધ્રુવરૂપે પ્રાપ્ત થાય અને પ્રતિક્ષણ અન્યઅન્ય રાગના પરિણામ પણ પ્રાપ્ત થાય. તેમ, અન્યઅન્ય કષાયને આધીન કે અન્યઅન્ય કર્મોને આધીન કે અન્યઅન્ય પુદ્ગલના સંયોગને આધીન અનેક પ્રકારે તે જીવમાં ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્યની પ્રાપ્તિ છે.

વળી, પુદ્ગલદ્રવ્યમાં પણ અન્ય અન્ય પુદ્ગલના સંબંધથી થતા સ્કંધને કારણે અને જીવ સાથે સંબંધ થવાને કારણે પણ અનેક પ્રકારના ઉત્પત્તિનાશની પ્રાપ્તિ છે અને જેટલા ઉત્પત્તિનાશ છે, તેટલા જ ધ્રૌવ્ય આધારાંશ છે તેથી ઘણા પ્રકારના ભાવોને આશ્રયીને ત્રિલક્ષણની પ્રાપ્તિ જીવ અને પુદ્ગલમાં થાય છે.

વળી, આકાશાદિ ત્રણ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલના સંયોગરૂપ પરપર્યાયને આશ્રયીને અનેક પ્રકારના ઉત્પત્તિનાશની પ્રાપ્તિ છે અને જેટલા ઉત્પત્તિનાશ છે તેટલા જ ધ્રુવ આધારાંશ છે; કેમ કે પૂર્વ અને

અપર પર્યાયને અનુગત આધારાંશ પણ તેટલા જ પ્રાપ્ત થાય; કેમ કે આધાર વગર ઉત્પાદ સંભવી શકે નહીં. માટે પ્રતિક્ષણની ઉત્પત્તિનાશના આધારભૂત અંશ પણ પ્રતિક્ષણ વર્તે છે તેથી ઉત્પત્તિનાશ અને આધારરૂપ સ્થિતિની સંખ્યા પણ સમાન જ પ્રાપ્ત થાય છે. ॥૯/૧૮॥

અવતરણિકા :-

હવઈ-ઉત્પાદના ભેદ કહઈ છઈ –

અવતરણિકાર્થ :-

હવે ઉત્પાદના ભેદને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧માં કહેલ કે 'પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત છે.' એ પ્રકારે માર્ગાનુસારી શ્રદ્ધા મનમાં ધારણ કરવામાં આવે તો તે બોધથી આત્માના હિતને અનુકૂળ સર્વ પ્રવૃત્તિ થવાથી આત્માના સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. તેથી આત્માના હિતાર્થે સર્વ પદાર્થોમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય કઈ રીતે છે તેનું સ્થાપન અત્યાર સુધી કર્યું.

હવે ઉત્પાદના ભેદને કહે છે –

ગાથા :-

દ્વિવિધ-પ્રયોગજ વીસસા, ઉત્પાદ પ્રથમ અવિશુદ્ધ રે;
તે નિયમઇં સમુદયવાદનો, યતનઇં સંયોગજ સિદ્ધ રે. જિન૦ ॥૯/૧૯॥

ગાથાર્થ :-

ઉત્પાદ-પ્રયોગજ અને વીસસા=વિશ્રસા,-દ્વિવિધ=બે પ્રકારનો છે. પ્રથમ=પ્રયોગજ અર્થાત્ પ્રયોગથી થનારો, અવિશુદ્ધ છે. તે=પ્રથમ ઉત્પાદ, નિયમથી સમુદયવાદનો છે; કેમ કે યત્નથી સંયોગને કારણે=અવયવના સંયોગને કારણે સિદ્ધ થાય છે. ॥૯/૧૯॥

ટબો :-

દ્વિવિધ=ઉત્પાદ ૨. પ્રકારઈં છઈં; એક-પ્રયોગજ, બીજો-વીસસા-કહતાં-સ્વભાવ-જનિત. પહિલો ઉત્પાદ-તે વ્યવહારનો છઈ, તે માટઈં-અવિશુદ્ધ કહિઈં તે નિર્ધાર-સમુદયવાદનો તથાયતનઈં કરી અવયવસંયોગઈં સિદ્ધ કહિઈ. અત્ર સમ્મતિગાથા –

"उप्पाओ दुविअप्पो, पओगजणिओ अ वीससा चेव ।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो" ।।३-३२।। **॥૯/૧૯॥**

ટબાર્થ :-

દ્વિવિધ છે=ઉત્પાદ બે પ્રકારે છે. એક પ્રયોગજ, બીજો વિશ્રસા કહેતાં સ્વભાવજનિત ઉત્પાદ છે.

પહેલો ઉત્પાદ તે વ્યવહારનો છે=પ્રયોગજનિત ઉત્પાદ લોકના પ્રયત્નથી થનારો છે. તે માટે=લોકના પ્રયત્નથી થાય છે તે માટે, અવિશુદ્ધ કહીએ. તે નિર્ધાર=તે પ્રયોગજ ઉત્પાદ નિયમ, સમુદયવાદનો= સમુદાયથી થનારો છે.

કેમ પ્રયોગજ ઉત્પાદ સમુદયવાદનો છે ? તે સ્પષ્ટ કરે છે –

તે પ્રકારના યત્નને કરીને=પુરુષના તે પ્રકારના યત્નને અવલંબીને, અવયવના સંયોગથી સિદ્ધ થાય છે.

અત્ર=આમાં=બે પ્રકારના ઉત્પાદમાં અને પ્રયોગજ ઉત્પાદના સ્વરૂપમાં સમ્મતિગાથા=સમ્મતિની ગાથા, બતાવે છે.

"उप्पाओ दुविअप्पो=ઉત્પાદ દ્વિવિધ અર્થાત્ બે ભેદવાળો છે. पओगजणिओ अ वीससा चेव=પ્રયોગજનિત અને વિશ્રસા, तत्थ य=અને ત્યાં અર્થાત્ બે પ્રકારના ઉત્પાદમાં, पओगजणिओ=પ્રયોગજનિત (ઉત્પાદ), समुदयवाओ=સમુદયવાદ છે=અનેક અવયવોના સમુદાયથી થયેલો છે. (આથી જ) अपरिसुद्धो=અપરિશુદ્ધ છે=અનેક અવયવોના સમુદાયથી થયેલો હોવાથી જ અપરિશુદ્ધ છે." **॥૩-૩૨॥ (સમ્મતિ ત્રીજો કાંડ ગાથા-૩૨) ॥૯/૧૯॥**

ભાવાર્થ :-

પદાર્થમાં ઉત્પાદ કઈ રીતે થાય છે તે બતાવવા માટે પુદ્ગલદ્રવ્યને આશ્રયીને બે પ્રકારના ઉત્પાદ થાય છે તેમ બતાવે છે. તેમાં એક ઉત્પાદ પ્રયોગથી થાય છે, બીજો વિશ્રસા પરિણામથી થાય છે=સ્વાભાવિક થાય છે. આ બે ઉત્પાદમાંથી પ્રયોગથી થનારા ઉત્પાદનું સ્વરૂપ પ્રસ્તુત ગાથામાં બતાવે છે –

પ્રયોગથી થનારો ઉત્પાદ એ પુરુષના પ્રયત્નથી થનારો હોવાથી, વ્યવહારનો ઉત્પાદ છે અને પુરુષના પ્રયત્નથી થનારો હોવાને કારણે, તે ઉત્પાદને અવિશુદ્ધ કહેવાય છે. કેમ અવિશુદ્ધ કહેવાય છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સમુદાયનો તે નિયમથી થાય છે=અનેક અવયવોના સમુદાયથી તે ઉત્પાદ થાય છે; કેમ કે પુરુષ તે પ્રકારનો યત્ન કરીને અવયવોના સંયોગથી તે વસ્તુને સિદ્ધ કરે છે. જેમ, અનેક દ્રવ્યોના સંયોગથી ઘરનું નિર્માણ પુરુષ કરે છે, તે પ્રયોગજનિત ઉત્પાદ છે. **॥૯/૧૯॥**

અવતરણિકા :-

બે પ્રકારના ઉત્પાદમાંથી પ્રયોગથી થનારા ઉત્પાદનું સ્વરૂપ બતાવ્યું. હવે વિશ્રસાથી થનારા ઉત્પાદનું સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

સહજઈ થાઇ તે-વીસસા, સમુદય, એકત્વ પ્રકાર રે;
સમુદય-અચેતન ખંધનો, વલી સચિત્તમીસ નિરધાર રે.
જિન૦ ॥૯/૨૦॥

ગાથાર્થ :-

સહજ થાય=પુરુષના યત્ન વગર થાય, તે વિશ્રસા (ઉત્પાદ) (૧) સમુદય=સમુદાયજનિત (૨) એકત્વ=એકત્વને પામેલો, એમ બે પ્રકારનો છે. સમુદયવિશ્રસાઉત્પાદનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

સમુદયવિશ્રસાઉત્પાદ (૧) અચેતન સ્કંધનો અને વળી, (૨) સચિત્તમિશ્રનો, નિર્ધાર છે= (૧) અચેતન સ્કંધનો નિર્ધાર છે અને (૨) સચિત્તમિશ્રનો નિર્ધાર છે. ॥૯/૨૦॥

ટબો :-

જે સહજઈ-યતન વિના ઉત્પાદ થાઈ, તે વિશ્રસા ઉત્પાદ કહિઈં. તે-એક સમુદય-જનિત, બીજો ઐકત્વિક. उक्तं च –

"साहाविओ वि समुदयकओ व्व एगत्तिओऽत्थ होज्जाहि ।" ॥३-३३॥

સમુદયજનિત વિશ્રસા ઉત્પાદ, તે-અચેતનસ્કંધ અભ્રાદિકનો. તથા-સચિત્તમિશ્ર-શરીરવર્ણાદિકનો નિર્ધાર-જાણવો. ॥૯/૨૦॥

ટબાર્થ :-

જે, સહજ=યત્ન વગર=પુરુષના યત્ન વગર, ઉત્પાદ થાય, તે વિશ્રસા ઉત્પાદ કહેવાય. તે=વિશ્રસા ઉત્પાદ, એક સમુદયજનિત છે, બીજો ઐકત્વિક છે.

उक्तं च=અને કહેવાયું છે (સમ્મતિમાં) –

"साहाविओ वि=स्वाभाविक पण=प्रयत्नवगर स्वाभाविक पण थनारो उत्पाद, अत्थ=अहीं, समुदयकओ व्व एगत्तिओ=समुदायथी करायेलो अने ऐकत्विक होज्जाहि=थाय छे." ॥३-३३॥ **(સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૩)**

સમુદાયજનિત વિશ્રસા ઉત્પાદ તે-અચેતન એવાં સ્કંધરૂપ અભ્રાદિકનો છે અને સચિત્તમિશ્ર એવો સમુદાયજનિત વિશ્રસા ઉત્પાદ શરીરના વર્ણાદિકનો નિર્ધાર=જાણવો. ॥૯/૨૦॥

ભાવાર્થ :-

બીજા પ્રકારનો ઉત્પાદ એ યત્ન વગર સહજ થાય છે. તેને શાસ્ત્રીય ભાષામાં વિશ્રસા ઉત્પાદ કહેવાય છે અને આ વિશ્રસા ઉત્પાદ પણ બે પ્રકારનો છે. (૧) સમુદાયજનિત (૨) ઐકત્વિક.

સમુદાયજનિત વિશ્રસા ઉત્પાદનું સ્વરૂપ પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે –

અચેતન સ્કંધરૂપ અભ્રાદિકનો જે સ્વાભાવિક ઉત્પાદ થાય છે તે ઘણા પુદ્ગલોના સમુદાયથી થયેલો છે તેથી સમુદાયજનિત છે અને કોઈના પ્રયત્નથી થયેલો નથી તેથી વિશ્રસા ઉત્પાદ છે.

વળી, સંસારી જીવોનું શરીર આત્મદ્રવ્યથી યુક્ત હોવાથી સચિત્તમિશ્ર છે અને પુરુષના કોઈ પ્રયત્ન વગર સહજ રીતે શરીરના વર્ણાદિકનું જે પરિવર્તન થાય છે તે સચિત્તમિશ્ર સમુદાયજનિત વિશ્રસા ઉત્પાદ

જાણવો; કેમ કે જીવ અને દેહના સમુદાયમાં થયેલો છે અને ગૃહનિર્માણમાં જેમ પુરુષનો પ્રયત્ન ગૃહનિર્માણને અનુકૂળ થાય છે, તેવો કોઈ પ્રયત્ન દેહના વર્ણાદિકના પરિવર્તનમાં જીવે કરેલો નથી પરંતુ સ્વભાવથી જ થાય છે તેથી વિશ્રસા ઉત્પાદ છે. **॥૯/૨૦॥**

અવતરિણકા :-

ગાથા-૨૦માં વિશ્રસા ઉત્પાદ બે પ્રકારનો છે તેમ બતાવ્યું. તેમાંથી સમુદાયજનિત વિશ્રસા ઉત્પાદનું સ્વરૂપ પૂર્વમાં બતાવ્યું. હવે ઐકત્વિકરૂપ બીજા પ્રકારના વિશ્રસા ઉત્પાદનું સ્વરૂપ બતાવે છે –

ગાથા :-

સંયોગ વિના એકત્વનો, તે દ્રવ્યવિભાગઇં સિદ્ધ રે;
જિમ-ખંધ વિભાગઇં અણુપણું, વલી કર્મવિભાગઇં સિદ્ધ રે.
જિન૦ ॥૯/૨૧॥

ગાથાર્થ :-

સંયોગ વગર એકત્વનો=સંયોગ વિના ઐકત્વિક ઉત્પાદ છે, તે=ઐકત્વિક ઉત્પાદ, દ્રવ્યના વિભાગથી સિદ્ધ છે=ઉત્પન્ન થાય છે. જેમ સ્કંધના વિભાગથી અણુપણું=પરમાણુ, ઉત્પન્ન થાય છે. વળી, કર્મના વિભાગથી સિદ્ધ ઉત્પન્ન થાય છે=સિદ્ધનો પર્યાય ઉત્પન્ન થાય છે. ॥૯/૨૧॥

ટબો :-

સંયોગ વિના જે વિશ્રસાઉત્પાદ-તે ઐકત્વિક જાણવો. તે દ્રવ્યવિભાગઇં સિદ્ધ કહતાં-ઉત્પન્ન જાણવો. જિમ-દ્વિપ્રદેશાદિકસ્કંધ-વિભાગઇં અણુપણું કહતાં-પરમાણુ દ્રવ્યનો ઉત્પાદ, તથા-કર્મવિભાગઇં સિદ્ધપર્યાયનો ઉત્પાદ. "અવયવસંયોગઇં જ દ્રવ્યની ઉત્પત્તિ હોઇ, પણિ વિભાગઇં ન હોઇ." એહવું જે-નૈયાયિકાદિક કહઇ છઇ, તેહનઇં એકત્વતાદિ વિભાગઇં ખંડપટોત્પત્તિ કિમ ઘટઇ ? પ્રતિબંધકાભાવસહિત અવસ્થિતાવયવસંયોગનઇં હેતુતા કલ્પતાં મહાગૌરવ હોઇ, તે માટિં-કિહાંઇક સંયોગ, કિહાંઇક વિભાગ-દ્રવ્યોત્પાદક માનવો. તિવારઇં-વિભાગજ પરમાણ્વુત્પાદ પણિ અર્થસિદ્ધ થયો. એ સમ્મતિમાંહિં સૂચિઉં છઇ. તદુક્તમ્ –

"दव्वंतरसंजोगाहि केई दवियस्स बिंति उप्पायं ।
उप्पायत्थाऽकुसला विभागजायं ण इच्छंति ।।३-३८।।
अणु दुअणुएहिं दव्वे, आरद्धे "तिअणुअं" ति ववएसो ।
तत्तो अ पुण विभत्तो, "अणु" त्ति जाओ अणु होइ" ।।३-३९।। **॥૯/૨૧॥**

ટબાર્થ :-

સંયોગ વગર જે વિશ્રસાઉત્પાદ=સંયોગથી થનારો વિશ્રસા ઉત્પાદ નહીં, પરંતુ સંયોગ વગર જે સ્વાભાવિક ઉત્પાદ, તે ઐકત્વિક જાણવો=ઐકત્વિક વિશ્રસા ઉત્પાદ જાણવો.

સંયોગ વગર કઈ રીતે ઐકત્વિક ઉત્પાદ થાય છે ? તેથી કહે છે –

તે=ઐકત્વિક ઉત્પાદ, દ્રવ્યના વિભાગથી સિદ્ધ કહેતાં ઉત્પન્ન થાય છે, તેમ જાણવો. જેમ બે પ્રદેશાદિક સ્કંધવિભાગથી અણુપણું કહેતાં પરમાણુદ્રવ્યનો ઉત્પાદ, (તે ઐકત્વિક ઉત્પાદ છે એમ અન્વય છે.) તથા=અને, કર્મના વિભાગથી સિદ્ધપર્યાયનો ઉત્પાદ=આત્માના સિદ્ધપર્યાયનો ઉત્પાદ, તે ઐકત્વિક ઉત્પાદ છે.

આ રીતે ઐકત્વિક ઉત્પાદનું સ્વરૂપ બતાવ્યું. ત્યાં નૈયાયિકની માન્યતા બતાવીને તેનું નિરાકરણ કરે છે –

'અવયવના સંયોગથી જ દ્રવ્યની ઉત્પત્તિ થાય, પણ વિભાગથી ન જ થાય,' એ પ્રમાણે નૈયાયિક જે કહે છે, તેને ઐકત્વતાદિના વિભાગથી=એક-બે આદિ તંતુના વિભાગથી, ખંડપટની ઉત્પત્તિ=પૂર્વના મોટા વસ્ત્રમાંથી નાના વસ્ત્રની ઉત્પત્તિ, કેમ ઘટે ? અર્થાત્ ઘટી શકે નહીં.

ત્યાં નૈયાયિક કહે કે મોટાવસ્ત્રરૂપ પ્રતિબંધકના અભાવથી સહિત એવાં નાના વસ્ત્રના અવસ્થિત અવયવોના સંયોગથી ખંડપટની ઉત્પત્તિ થઈ છે પરંતુ એક, બે આદિ તંતુના વિભાગથી ખંડપટની ઉત્પત્તિ થઈ નથી, તેને ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિબંધકાભાવથી સહિત અવસ્થિત અવયવના સંયોગને=મોટા વસ્ત્રને ખંડપટની ઉત્પત્તિમાં પ્રતિબંધક માનવો અને તે પ્રતિબંધકના અભાવથી યુક્ત એવાં ખંડપટના તાંતણાઓના સંયોગને, હેતુતા કલ્પતાં=ખંડપટની ઉત્પત્તિ પ્રત્યે હેતુરૂપે કલ્પના કરવામાં, મહાગૌરવ થાય. તે માટે કેટલાંક સ્થાને સંયોગને અને કેટલાંક સ્થાને વિભાગને દ્રવ્યનો ઉત્પાદક માનવો. તે વારે=વિભાગને દ્રવ્યનો ઉત્પાદક માન્યો તે વારે, વિભાગથી જ પરમાણુનો ઉત્પાદ પણ અર્થસિદ્ધ થયો. એ 'સમ્મતિ'માં સૂચવ્યું છે.

तदुक्तम्=તે કહેવાયું છે –

"केई=કેટલાક=કેટલાક દર્શનકાર, दव्वंतरसंजोगाहि=દ્રવ્યાંતરના સંયોગથી दवियस्स उप्पाय बिंति=દ્રવ્યના ઉત્પાદને કહે છે. उप्पायत्थाऽकुसला=ઉત્પાદના અર્થમાં અકુશલ (એવાં તેઓ), विभागजायं=વિભાગથી થયેલા (ઉત્પાદને), ण इच्छंति=ઇચ્છતા નથી." ॥૩/૩૮॥ **(સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૮)**

ઉત્પાદના અર્થમાં તેઓ અકુશલ કેમ છે તે સ્પષ્ટ કરે છે –

"दुअणुएहिं आरद्धे दव्वे=બે અણુથી આરબ્ધદ્રવ્યમાં, 'अणु' ति ववएसो='અણુ' એ પ્રમાણે વ્યપદેશ થાય છે='બે અણુથી બનેલો છે' એ પ્રમાણે વ્યપદેશ થાય છે. तिअणुअं=ત્રયાણુક=ત્રણ અણુથી (કે દ્વયણુકથી) આરબ્ધ દ્રવ્યમાં 'ત્રિઅણુક' (એ પ્રમાણે વ્યપદેશ થાય છે), तत्तो अ पुण=વળી તેનાથી=એક પરિણામવાળા દ્રવ્યથી=એક

પરિણામવાળા દ્વયણુકથી અથવા એક પરિણામવાળા ત્રયણુકથી, વિભક્તો 'અણુ' ત્તિ જાઓ અણુ હોઈ=વિભક્ત એવો 'અણુ' એ 'અણુ' થયો કહેવાય છે." ।।૩/૩૯।। **(સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૯) ।।૯/૨૧।।**

ભાવાર્થ :-

સંયોગ વગર કેવળ વિભાગથી જે વિશ્રસા ઉત્પાદ થાય છે=પ્રયત્નજન્ય નહીં પરંતુ સ્વભાવજન્ય જે ઉત્પાદ થાય છે, તે ઐકત્વિક ઉત્પાદ છે અર્થાત્ સંયોગ અવસ્થામાંથી છૂટા થવારૂપ એકપણારૂપ ઉત્પાદ છે અને આ ઐકત્વિક ઉત્પાદ દ્રવ્યના વિભાગથી સિદ્ધ થાય છે પરંતુ સંયોગ-વિભાગથી સિદ્ધ થતો નથી કે સંયોગથી સિદ્ધ થતો નથી, કેવળ વિભાગથી જ સિદ્ધ થાય છે. જેમ, બે પ્રદેશનો સ્કંધ હોય અને તેમાંથી બે પરમાણુ છૂટા પડે તો તે પરમાણુદ્રવ્યનો ઉત્પાદ થયો કહેવાય અને ત્રણ પ્રદેશનો સ્કંધ હોય અને તેમાંથી બે પ્રદેશનો એક સ્કંધ અને એક પરમાણુ છૂટા થાય ત્યારે પણ વિભાગથી બે પ્રદેશના સ્કંધનો ઉત્પાદ થયો અને પરમાણુદ્રવ્યનો ઉત્પાદ થયો કહેવાય, તે ઐકત્વિક ઉત્પાદ છે. વળી, સંસારી જીવો સાધના કરીને કર્મોથી મુક્ત થાય છે ત્યારે કર્મના વિભાગથી આત્માના સિદ્ધપર્યાયનો ઉત્પાદ થાય છે. તે વિભાગથી થયેલો ઉત્પાદ કહેવાય. આ રીતે વિભાગથી પણ દ્રવ્યનો ઉત્પાદ થાય છે તેમ ગ્રંથકારશ્રીએ ગાથામાં સ્પષ્ટ કર્યું.

હવે નૈયાયિકાદિ કેટલાક દર્શનકારો પરમાણુને નિત્ય માને છે અને પરમાણુઓના સંયોગથી દ્વયણુકાદિનો ઉત્પાદ માને છે તેથી કહે છે કે પરમાણુ ક્યારેય ઉત્પન્ન થતો નથી, સદા શાશ્વત છે. તે પરમાણુમાંથી દ્વયણુક, ત્રયણુકાદિ દ્રવ્યો ઉત્પન્ન થાય છે માટે સંયોગથી જ ઉત્પાદ થઈ શકે, વિભાગથી ઉત્પાદ થઈ શકે નહીં; કેમ કે જો નૈયાયિક વિભાગથી ઉત્પાદ સ્વીકારે તો, દ્વયણુકાદિ સ્કંધના વિભાગથી પરમાણુનો પણ ઉત્પાદ માનવો પડે તેથી પરમાણુદ્રવ્ય નિત્ય સિદ્ધ થાય નહીં. તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે –

નૈયાયિકાદિ કેટલાક દર્શનકારો અવયવના સંયોગથી જ દ્રવ્યની ઉત્પત્તિ છે તેમ માને છે પરંતુ વિભાગથી દ્રવ્યની ઉત્પત્તિ માનતા નથી. તેઓના અનુભવ અનુસાર જ વિભાગથી પણ પરમાણુનો ઉત્પાદ થઈ શકે છે તેનું સ્થાપન કરવા ગ્રંથકારશ્રી યુક્તિ આપતાં કહે છે – જો તેઓ વિભાગથી ઉત્પત્તિ ન માને તો કોઈ મોટા વસ્ત્રના બે ટુકડા કરવામાં આવે ત્યારે નાના વસ્ત્રના ટુકડાની ઉત્પત્તિ થાય છે, તે નૈયાયિકના મતે કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ નૈયાયિકના મતે ઘટી શકે નહીં. અને જો વસ્ત્રના ટુકડા કરવાથી નાના વસ્ત્રના ટુકડાની ઉત્પત્તિ વિભાગથી થાય છે તેમ નૈયાયિક સ્વીકારે તો, તે રીતે દ્વયણુકના વિભાગથી પરમાણુનો ઉત્પાદ પણ નૈયાયિકાદિને સ્વીકારવો પડે અને તેમ સ્વીકારવાથી પરમાણુની એકાંતનિત્યતા અસિદ્ધ થાય છે તેથી નૈયાયિક કહે કે, ખંડપટની ઉત્પત્તિ પણ વિભાગથી થતી નથી પરંતુ પ્રતિબંધકાભાવથી સહિત અવસ્થિત અવયવના સંયોગથી થાય છે.

નૈયાયિકનો આશય એ છે કે, મોટું વસ્ત્ર નાના વસ્ત્રની ઉત્પત્તિમાં પ્રતિબંધક છે તેથી જ્યાં સુધી મોટું વસ્ત્ર વિદ્યમાન હોય ત્યાં સુધી નાના વસ્ત્રનો ટુકડો ઉત્પન્ન થતો નથી અને મોટા વસ્ત્રને ફાડવાથી તે મોટું વસ્ત્ર, જે પ્રતિબંધકરૂપે હતું તેનો નાશ થાય છે તેથી પ્રતિબંધકના અભાવથી યુક્ત એવાં જે નાના વસ્ત્રના અવસ્થિત અવયવરૂપ તાંતણા છે તેના સંયોગથી નાનું વસ્ત્ર ઉત્પન્ન થયું છે માટે સંયોગથી જ નાના વસ્ત્રની ઉત્પત્તિ છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

પ્રતિબંધકાભાવ સહિત અવસ્થિત અવયવના સંયોગને નાના વસ્ત્રની ઉત્પત્તિ પ્રત્યે કારણ સ્વીકારવામાં આવે તો મહાગૌરવની પ્રાપ્તિ થાય.

આશય એ છે કે, મોટા વસ્ત્રને ફાડવાથી તેના જે વિભાગ થયા તેનાથી નાનું વસ્ત્ર ઉત્પન્ન થયું તેમ સ્વીકારવામાં લાઘવ છે અને અનુભવ પણ તેમ કહે છે, 'આમ છતાં વિભાગથી ઉત્પાદ થઈ શકે નહીં' તેમ સ્વમતિથી નિર્ણય કરીને જે સ્થાનમાં વિભાગથી નાના વસ્ત્રની ઉત્પત્તિ થતી દેખાય છે ત્યાં પણ મોટા વસ્ત્રને નાના વસ્ત્રની ઉત્પત્તિ પ્રત્યે પ્રતિબંધક સ્વીકારવો અને તેનો અભાવ થાય તો નાના વસ્ત્રના અવયવોના સંયોગથી તે નાનું વસ્ત્ર ઉત્પન્ન થાય છે તેમ સ્વીકારવામાં કલ્પનાગૌરવ છે, ઉપસ્થિતિકૃત ગૌરવ છે અને કારણતાઅવચ્છેદક શરીરકૃત ગૌરવ છે અર્થાત્ કારણનું શરીર લાંબું થવાથી ગૌરવની પ્રાપ્તિ છે માટે અનુભવ અને યુક્તિ અનુસાર માનવું પડે કે કોઈક સ્થાને સંયોગથી દ્રવ્યનો ઉત્પાદ થાય છે અને કોઈક સ્થાને વિભાગથી ઉત્પાદ થાય છે. તેથી દ્વિપ્રદેશાદિ સ્કંધોમાંથી પરમાણુનો ઉત્પાદ વિભાગથી થાય છે અને સિદ્ધપર્યાયનો ઉત્પાદ કર્મના વિભાગથી થાય છે તેમ માનવું ઉચિત છે, તેથી વિભાગથી પરમાણુનો ઉત્પાદ પણ અર્થસિદ્ધ છે. તેથી પરમાણુ નિત્ય છે એ પ્રકારનું નૈયાયિકાદિનું વચન અસંગત છે.

નૈયાયિક પરમાણુનો ઉત્પાદ માનતો નથી તેને સામે રાખીને સમ્મતિની ગાથા-૩/૩૮માં ઉત્પાદના અર્થમાં "અકુશલ એવાં તેઓ વિભાગથી થયેલા ઉત્પાદને ઇચ્છતા નથી" એમ કહેલ છે અને ગાથા-૩/૩૯માં "દ્વયણુક અને ત્રયણુકમાંથી અણુનો ઉત્પાદ થાય છે તેમ બતાવીને વિભાગથી પરમાણુનો ઉત્પાદ થાય છે" તેમ સ્થાપન કરેલ છે, જે ઐકત્વિક વિશ્રસા ઉત્પાદ છે. **॥૯/૨૧॥**

અવતરણિકા :-

પૂર્વમાં ઐકત્વિક ઉત્પાદ બતાવ્યો. હવે અન્ય પ્રકારનો પણ ઐકત્વિક ઉત્પાદ છે તે બતાવે છે –

ગાથા :-

વિણ ખંધહેતુ સંયોગ જે, પરસંયોગઇં ઉત્પાદ રે;
વલી જે ષિણ ષિણ પર્યાયથી, તે એકત્વ જ અવિવાદ રે.

જિન૦ ॥૯/૨૨॥

ગાથાર્થ :-

સંયોગ વિણ=સંયોગ વગર=અવયવોના સંયોગ વગર, ખંધહેતુ=ધર્માસ્તિકાયાદિ સ્કંધરૂપ હેતુ છે જેમાં એવો જે, પરસંયોગે=જીવ-પુદ્ગલાદિ પરસંયોગે, ઉત્પાદ=ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં પરને ગતિસહાયતાદિના પરિણામરૂપ જે ઉત્પાદ, તે એકત્વ જ અવિવાદ રે=તે ઐકત્વિક જ ઉત્પાદ છે એમાં અવિવાદ છે. (તેમ અન્વય છે)

વળી, જે ક્ષણ ક્ષણ પર્યાયથી ઉત્પાદ=ઘટાદિ સર્વ દ્રવ્યોમાં પ્રતિક્ષણ નવા નવા પર્યાયોનો ઉત્પાદ, તે એકત્વ જ=ઐકત્વિક ઉત્પાદ જ, જાણવો. અવિવાદ છે=ઐકત્વ ઉત્પાદ છે તેમાં કોઈ વિવાદ નથી. ॥૯/૨૨॥

ટબો :-

જિમ પરમાણુનો ઉત્પાદ એકત્વજ-તિમ જેણઇં સંયોગઇં સ્કંધ ન નીપજઇં, એહવો જે-ધર્માસ્તિકાયાદિકનો જીવ-પુદ્ગલાદિક સંયોગ-તદ્દ્વારઇં-જે સંયુક્ત દ્રવ્યોત્પાદ અસંયુક્તાવસ્થાવિનાશપૂર્વક; તથા-ઋજુસૂત્રનયાભિમત-જે-ક્ષણિક પર્યાય-પ્રથમ દ્વિતીય સમયાદિદ્રવ્ય-વ્યવહારહેતુ, તદ્દ્વારઇં-ઉત્પાદ-તે સર્વ એકત્વજ જાણવો. ઈહાં-કોઈ વિવાદ નથી. ॥૯/૨૨॥

ટબાર્થ :-

જેમ પરમાણુનો ઉત્પાદ એકત્વજ છે તેમ જેનો સંયોગથી સ્કંધ થતો નથી=અનેક અવયવોના સ્કંધ હોવા છતાં સંયોગથી સ્કંધ થતો નથી, એવો જે ધર્માસ્તિકાયાદિનો જીવ-પુદ્ગલાદિ સાથે સંયોગ, તેના દ્વારા જે સંયુક્ત દ્રવ્યનો ઉત્પાદ, વળી, સંયુક્ત દ્રવ્યનો ઉત્પાદ અસંયુક્ત અવસ્થાના વિનાશપૂર્વક છે, તે ઐકત્વિક ઉત્પાદ છે એમ અન્વય છે.

અને ઋજુસૂત્રનયને અભિમત, જે "ક્ષણિકપર્યાય, પ્રથમ દ્વિતીય સમયાદિનું દ્રવ્ય" એ પ્રકારના વ્યવહારનો હેતુ છે, તેના દ્વારા ઉત્પાદ=પ્રથમ દ્વિતીયાદિ ક્ષણ દ્વારા અવસ્થિત દેખાતા ઘટાદિ દ્રવ્યોમાં ઉત્પાદ, તે સર્વ ઐકત્વિક જાણવો. ઈહાં=અહીં=આ બીજા પ્રકારના ઐકત્વિક ઉત્પાદમાં કોઈ વિવાદ નથી=ગાથા-૨૧માં કહેલ પરમાણુના ઐકત્વિક ઉત્પાદમાં નૈયાયિકાદિનો વિવાદ છે, તેવો અહીં કોઈ વિવાદ નથી. ॥૯/૨૨॥

ભાવાર્થ :-

જેમ પરમાણુનો ઉત્પાદ સ્કંધના વિભાગથી થાય છે તેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશદ્રવ્ય અનેક પ્રદેશોના સ્કંધરૂપ હોવા છતાં સંયોગથી તે સ્કંધ ઉત્પન્ન થયેલ નથી પરંતુ અનાદિથી સિદ્ધ આકાશાદિ ત્રણે દ્રવ્યો એક અખંડ સ્કંધરૂપ છે અને તે ત્રણે દ્રવ્યોના સ્કંધોમાં જીવ અને પુદ્ગલાદિનો સંયોગ થાય છે તેના દ્વારા તે ત્રણે દ્રવ્યોમાં ઉત્પાદ થાય છે તે ઐકત્વિક ઉત્પાદ છે.

આશય એ છે કે, આકાશાસ્તિકાય અવગાહનાદાનના સ્વભાવવાળું દ્રવ્ય છે અને કોઈ જીવ કે કોઈ પુદ્ગલ અન્ય આકાશથી ખસીને અન્ય આકાશ ઉપર આવે ત્યારે તે જીવ કે પુદ્ગલને અવગાહનાદાનને અનુકૂળ એવો કોઈક પરિણામ આકાશદ્રવ્યમાં ઉત્પન્ન થાય છે તે આકાશસ્કંધનો ઐકત્વિક ઉત્પાદ છે અને તે ઉત્પાદ અસંયુક્ત અવસ્થાના વિનાશપૂર્વક સંયુક્ત દ્રવ્યના ઉત્પાદરૂપ છે; કેમ કે જીવ કે પુદ્ગલ તે આકાશ સાથે પૂર્વમાં અસંયુક્ત અવસ્થાવાળા હતા તેના વિનાશપૂર્વક તે જીવ કે પુદ્ગલથી સંયુક્ત એવાં આકાશદ્રવ્યમાં અવગાહના પરિણામરૂપ ઉત્પાદ છે તે ઐકત્વિક ઉત્પાદ છે.

તે રીતે ધર્માસ્તિકાય દ્રવ્યનો ગતિમાં સહાય કરવાનો સ્વભાવ છે. તેથી જીવ કે પુદ્ગલદ્રવ્ય જ્યારે ગતિપરિણામવાળા થાય ત્યારે તે જીવ કે પુદ્ગલને ગતિમાં સહાય કરવાના સ્વભાવને આશ્રયીને ધર્માસ્તિકાયનો

જે પરિણામ છે તે ધર્માસ્તિકાય દ્રવ્યનો ઐકત્વિક ઉત્પાદ છે તે અસંયુક્ત અવસ્થાના વિનાશપૂર્વક સંયુક્ત એવાં ધર્માસ્તિકાય દ્રવ્યનો ઉત્પાદ છે.

તે રીતે અધર્માસ્તિકાય દ્રવ્ય જીવ અને પુદ્ગલને સ્થિતિ આપવામાં સહાયક થાય છે અને યોગીના ચિત્તને સ્થિર કરવામાં સહાયક થાય છે તેથી જ્યારે જીવ કે પુદ્ગલદ્રવ્ય ધર્માસ્તિકાયના અવલંબનથી ગતિપરિણામવાળા હતા તેને છોડીને સ્થિતિપરિણામવાળા થાય છે ત્યારે અધર્માસ્તિકાયનું આલંબન લે છે તે વખતે અધર્માસ્તિકાયમાં સ્થિતિસહાયકતાને અનુકૂળ જે પરિણામનો ઉત્પાદ છે, તે ઐકત્વિક ઉત્પાદ છે અને આ ઉત્પાદ વખતે પૂર્વમાં જે અધર્માસ્તિકાયનું અનાલંબન હતું તેના વિનાશપૂર્વક અધર્માસ્તિકાયના આલંબનરૂપ સંયુક્ત અવસ્થા અધર્માસ્તિકાયમાં ઉત્પન્ન થાય છે અને અધર્માસ્તિકાયમાં જીવાદિ દ્રવ્યની સ્થિતિમાં સહાયક પરિણામરૂપ ઐકત્વિક ઉત્પાદ થાય છે.

આ રીતે ઐકત્વિક ઉત્પાદ ધર્માસ્તિકાયાદિ દ્રવ્યમાં કઈ રીતે થાય છે તે ગાથાના પૂર્વાર્ધથી બતાવ્યું. હવે ગાથાના ઉત્તરાર્ધથી દરેક પદાર્થોમાં ઋજુસૂત્રનયની દૃષ્ટિથી કઈ રીતે ઐકત્વિક ઉત્પાદ થાય છે તે સ્પષ્ટ કરે છે –

ઋજુસૂત્રનય દરેક પદાર્થોને ક્ષણિક માને છે તેથી દરેક પદાર્થોમાં પર્યાય પ્રતિક્ષણ સદૃશ કે વિસદૃશરૂપે અવશ્ય પરિણમન પામે છે તેથી દીર્ઘકાળ અવસ્થિત દેખાતા ઘટાદિમાં પણ 'આ પ્રથમ સમયનો ઘટ છે, આ બીજા સમયનો ઘટ છે.' ઇત્યાદિ વ્યવહાર થાય છે, તેનો હેતુ ઋજુસૂત્રનયને અભિમત ક્ષણિક પર્યાય છે અને તે ક્ષણિક પર્યાયને આશ્રયીને દરેક પદાર્થોમાં પ્રતિક્ષણ નવા નવા પર્યાયોનો ઉત્પાદ થાય છે તે સર્વ ઐકત્વિક ઉત્પાદ જાણવો.

આ કથનમાં=પ્રસ્તુત ગાથામાં ધર્માસ્તિકાયાદિમાં જે ઐકત્વિક ઉત્પાદ બતાવ્યો અને દરેક પદાર્થોમાં પ્રતિક્ષણ થતા ઉત્પાદને આશ્રયીને જે ઐકત્વિક ઉત્પાદ બતાવ્યો એમાં, કોઈ વિવાદ નથી અર્થાત્ જેમ પરમાણુના ઉત્પાદમાં નૈયાયિકનો વિવાદ છે તેમ ધર્માસ્તિકાયાદિના ઉત્પાદમાં અને પ્રતિક્ષણ થતા પર્યાયના ઉત્પાદમાં કોઈ વિવાદ નથી. **॥૯/૨૨॥**

અવતરણિકા :-

પૂર્વમાં ધર્માસ્તિકાયાદિમાં જીવ કે પુદ્ગલના સંયોગથી જે ઉત્પાદ કહ્યો તે અપેક્ષાએ પરપ્રત્યયરૂપ છે અને અપેક્ષાએ નિજપ્રત્યયરૂપ છે એ પ્રકારનો નયવાદ 'સમ્મતિ'માં બતાવ્યો તેને ગ્રંથકારશ્રી બતાવે છે –

ગાથા :-

પરપ્રત્યય ધર્માદિકતણો, નિયમઇં ભાષિઓ ઉત્પાદ રે;
નિજપ્રત્યય પણ તેહ જ કહો, જાણી અંતર નયવાદ રે. જિન૦ ॥૯/૨૩॥

ગાથાર્થ :-

પરપ્રત્યય=જીવપુદ્ગલાદિ દ્રવ્યના સંયોગને આશ્રયીને, ધર્માદિકનો=ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યનો, નિયમથી ઉત્પાદ કહ્યો છે. તેહ જ=ધર્માસ્તિકાયાદિનો ઉત્પાદ જ, નિજપ્રત્યય પણ કહો=ધર્મસ્તિકાયાદિના સ્વપરિણામને આશ્રયીને પણ કહો.

કઈ રીતે કહો ? તેથી કહે છે –

અંતરનયવાદ=નિશ્ચયનય અને વ્યવહારનયરૂપ અંતરનયવાદ, તેને જાણીને કહો. ॥૯/૨૩॥

ટબો :-

ધર્માસ્તિકાયાદિકનો ઉત્પાદ, તે નિયમઈં પરપ્રત્યય, સ્વોપષ્ટમ્ભગત્યાદિપરિણત જીવ-પુદ્ગલાદિનિમિત્તજ ભાષિઓ. ઉભયજનિત તે-એકજનિત પણિ હોઈં, તે માટિં-તેહનઈં નિજપ્રત્યય પણિ કહો. અંતરનયવાદ=નિશ્ચય-વ્યવહાર, જાણીનઈં, એ અર્થ-

"आगासाईआणं तिण्हं परपच्चओ[ऽ]णियमा ।" ॥३-३३॥

એ સમ્મતિગાથા મધ્યે અકાર પ્રશ્લેષઈં બીજો અર્થ વૃત્તિકારઈં કહિઓ છઈ, તે અનુસરીનઈં લિખ્યો છઈં. ॥૯/૨૩॥

ટબાર્થ :-

ધર્માસ્તિકાયાદિનો ઉત્પાદ=ધર્માસ્તિકાયાદિનો જે ઐકત્વિક ઉત્પાદ છે, તે નિયમથી પરપ્રત્યય, સ્વઉપષ્ટમ્ભગત્યાદિપરિણત જીવ પુદ્ગલાદિ નિમિત્ત જ=ધર્માસ્તિકાયાદિમાં થતા ઉત્પાદનો ઉપષ્ટમ્ભ એવાં ગત્યાદિપરિણત જીવપુદ્ગલાદિ નિમિત્ત જ, કહેવાયો છે. ઉભયજનિત=પરપ્રત્યય અને નિજ પ્રત્યય એ રૂપ ઉભયજનિત, તે=ઐકત્વિક ઉત્પાદ, એકજનિત પણ હોય, તે માટે, તેને=ઉભયજનિત એવાં ઐકત્વિક ઉત્પાદને, નિજપ્રત્યય પણ કહો=ધર્માસ્તિકાયાદિના પોતાના પરિણામથી પણ કહો.

કઈ રીતે કહો ? તેથી કહે છે –

નિશ્ચય અને વ્યવહાર એરૂપ અંતરનયવાદને જાણીને કહો. એ અર્થ=નિજપ્રત્યય ઉભયજનિત ઐકત્વિક ઉત્પાદનો અર્થ.

"आगासाईआणं तिण्हं परपच्चओ[ऽ]णियमा=આકાશાદિ ત્રણનો પરપ્રત્યય અનિયમથી છે." ॥૩-૩૩॥ **(સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૩)**

એ 'સમ્મતિ'ગાથામાં 'અ'કારનો પ્રશ્લેષ કરીને વૃત્તિકારશ્રીએ=ટીકાકારશ્રીએ, બીજો અર્થ કર્યો છે તેને અનુસરીને લખ્યો છે=પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રીએ કર્યો છે. ॥૯/૨૩॥

ભાવાર્થ :-

પૂર્વની ગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યોમાં પરસંયોગથી ઐકત્વિક ઉત્પાદ

થાય છે તે પરસંયોગથી થતો ઐકત્વિક ઉત્પાદ નિશ્ચયનયથી નિજપ્રત્યય છે અને વ્યવહારનયથી પરપ્રત્યય છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

વ્યવહારનય ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલદ્રવ્યના ગમનાદિને આશ્રયીને ઉત્પાદ માને છે તેથી ધર્માસ્તિકાયમાં જીવની ગમનની ક્રિયાને કારણે જે ઉત્પાદ થયો તે પરપ્રત્યય છે; કેમ કે જીવની કે પુદ્ગલની ગતિમાં સહાયક થવાનો જે ધર્માસ્તિકાયનો પરિણામ છે તે જીવ કે પુદ્ગલની ગતિના નિમિત્તે જ છે માટે પરપ્રત્યય છે.

વળી, જીવ કે પુદ્ગલાદિની ગતિને નિમિત્તે જ ધર્માસ્તિકાયમાં કોઈક પરિણામ થાય છે તેથી તે પરિણામ ધર્માસ્તિકાય અને જીવ કે પુદ્ગલ એ ઉભયજનિત છે અને જે ઉભયજનિત હોય તે એકજનિત પણ કહેવાય. જેમ, બે પદાર્થોમાં કોઈક ક્રિયા થાય અને તેના કારણે તે બેનો સંયોગ થાય ત્યારે તે બેનો સંયોગ, તે ઉભયજનિત સંયોગ કહેવાય તેમ, ધર્માસ્તિકાય અને ગતિમાન એવાં જીવ કે પુદ્ગલ એ ઉભયજનિત એવો જે ઉત્પાદ છે તે એકજનિત પણ કહેવાય, માટે તેને નિજપ્રત્યય ઉત્પાદ પણ કહી શકાય અર્થાત્ પરપ્રત્યય ઉત્પાદ તો કહી શકાય અને નિજપ્રત્યય ઉત્પાદ પણ કહી શકાય.

કેમ પરપ્રત્યય ઉત્પાદ કહી શકાય અને નિજપ્રત્યય ઉત્પાદ પણ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

નિશ્ચયનય પોતાનાથી થતો પરિણામ જ પોતાનો કહે છે આથી આત્મા પોતાના જ પરિણામો કરે છે અને ઘટાદિ કૃત્યો આત્મા કરતો નથી તેમ માને છે; કેમ કે માટીમાંથી જે ઘટ થાય છે તે જીવના પ્રયત્નથી થાય છે એમ કહેવામાં આવે તો, પરની ક્રિયા જીવ કરે છે તેમ માનવું પડે. વસ્તુતઃ જીવનો પ્રયત્ન પોતાના પરિણામમાં જ વ્યાપારવાળો છે. પોતાનાથી ભિન્ન એવાં દેહમાં જીવનું વીર્ય પ્રવેશ પામતું નથી. તેથી દેહની ક્રિયા પણ નિશ્ચયનયથી જીવ કરતો નથી. તેમ નિશ્ચયનયથી જીવ અને પુદ્ગલમાં જે ગતિસહાયતાને અનુકૂળ પરિણતિ પ્રગટ થઈ તેમાં નિમિત્તભાવ થવારૂપ પરિણામ ધર્માસ્તિકાય સ્વયં કરે છે માટે નિજપ્રત્યય છે.

વળી, શરીરની ક્રિયા જીવ કરે છે તેમ વ્યવહારનય સ્વીકારે છે; કેમ કે શરીર સાથે એકત્વને પામેલ જીવ શરીરની ક્રિયાઓ કરે છે તે પ્રકારનો વ્યવહાર છે, તેમ, ગતિ પરિણામને પામેલ જીવપુદ્ગલને જે સહાયતાનો પરિણામ ધર્માસ્તિકાયમાં થયો તે ગત્યાદિપરિણત જીવપુદ્ગલાદિના નિમિત્તે જ થયો છે માટે વ્યવહારનય પરપ્રત્યય ધર્માસ્તિકાયનો ઐકત્વિક ઉત્પાદ સ્વીકારે છે.

વળી, ગ્રંથકારશ્રીએ નિજપ્રત્યય ધર્માસ્તિકાયનો ઉત્પાદ સ્વીકાર્યો તેની સાક્ષીરૂપે કહે છે કે 'સમ્મતિ'ની ગાથામાં જે 'નિયમા' શબ્દ છે ત્યાં 'અ'કારનો પ્રશ્લેષ કરીને ટીકાકારશ્રીએ 'અનિયમા' અર્થ કર્યો છે તેથી એ પ્રાપ્ત થાય કે, પરપ્રત્યય નિયમા નથી પરંતુ નિશ્ચયનયથી નિજપ્રત્યય પણ છે તેથી ગ્રંથકારશ્રીએ ધર્માસ્તિકાયાદિનો ઉત્પાદ પરપ્રત્યયનો કહ્યા પછી નિજપ્રત્યય બતાવીને પરપ્રત્યયના ઉત્પાદનો એકાંત અનિયમ=કથંચિત્ પરપ્રત્યય છે અને કથંચિત્ નિજપ્રત્યય છે, તે બતાવેલ છે. **॥૯/૨૩॥**

અવતરણિકા :-

ગાથા-૧૯થી ૨૩ સુધી ઉત્પાદના ભેદો અને તેનું સ્વરૂપ બતાવ્યું. હવે વિનાશનું સ્વરૂપ અને તેના ભેદો બતાવે છે –

ગાથા :-

દ્વિવિધનાશ પણિ જાણિઇં, એક રૂપાંતર પરિણામ રે;
અર્થાંતરભાવગમન વલી, બીજો પ્રકાર અભિરામ રે. જિન૦ ॥૯/૨૪॥

ગાથાર્થ :-

વિનાશ પણ બે પ્રકારનો જાણવો. એક રૂપાંતર પરિણામ, વળી, બીજો પ્રકાર અર્થાંતરભાવ-ગમનરૂપ અભિરામ=જાણવો. ॥૯/૨૪॥

ટબો :-

"परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम् ।
न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ।।१।।
सत्पर्यायविनाशः प्रादुर्भावोऽसता (असतो) च पर्यायतः ।
द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्ययनयस्य" ।।२।।

એ વચન સમ્મતિ-પ્રજ્ઞાપના [પદ ૧૩, સૂત્ર ૯૨૫] વૃત્તિ.

કથંચિત્ સત્ રૂપાંતર પામઈં, સર્વથા વિણસઈ નહીં, તે દ્રવ્યાર્થિકનયનો પરિણામ કહિઓ. પૂર્વ સત્પર્યાયઈં વિણસઈ, ઉત્તર અસત્ પર્યાયઈં ઊપજઈ, તે પર્યાયાર્થિકનયનો પરિણામ કહિઓ. એ અભિપ્રાય જોતાં-એક રૂપાંતરપરિણામ વિનાશ; એક અર્થાન્તર-ગમન વિનાશ-એ વિનાશના ૨. ભેદ જાણવા. ॥૯/૨૪॥

ટબાર્થ :-

"परिणामो हि अर्थान्तरगमनं=પરિણામ જ અર્થાંતરગમન છે, न च सर्वथा व्यवस्थानम्=અને સર્વથા વ્યવસ્થાન નથી, न च सर्वथा विनाशः=અને સર્વથા વિનાશ નથી, तद्विदां परिणामः इष्टः=તેના જાણનારાઓને પરિણામ ઇષ્ટ છે=અર્થાંતરગમનરૂપ પરિણામ ઇષ્ટ છે." ॥૧॥

सत्पर्यायविनाशः द्रव्याणां परिणामः=સત્પર્યાયનો વિનાશ દ્રવ્યનો પરિણામ છે, पर्यायतः च असतो प्रादुर्भावः खलु पर्ययनयस्य (परिणामः) प्रोक्तः=અને પર્યાયથી અસત્નો પ્રાદુર્ભાવ પર્યાયનયનો (પરિણામ) કહેવાયો છે." ॥૨॥ **(પ્રજ્ઞાપના સૂત્ર, પદ-૧૩, સૂત્ર-૯૨૫ ની વૃત્તિ) એ વચનની સમ્મતિ પ્રજ્ઞાપનાપદ-૧૩ની વૃત્તિ છે.**

❖ 'असता'ને સ્થાને 'असतो' હોવાની સંભાવના છે અને તે મુજબ અર્થ કરેલ છે.

કથંચિત્ સત્ રૂપાંતર પામે, સર્વથા વિનાશ પામે નહીં, તે દ્રવ્યાર્થિકનયનો પરિણામ કહ્યો છે. પૂર્વ સત્પર્યાય જ વિનાશ પામે, ઉત્તર અસત્ પર્યાય ઉત્પન્ન થાય, તે પર્યાયાર્થિકનયનો પરિણામ કહ્યો છે એ અભિપ્રાય જોતાં=પ્રજ્ઞાપનાની પદ-૧૩ની વૃત્તિમાં એ અભિપ્રાય જોતાં, એક રૂપાંતર પરિણામ વિનાશ, એક અર્થાંતરગમનવિનાશ એ વિનાશના બે ભેદ જાણવા. ॥૯/૨૪॥

ભાવાર્થ :-

વિનાશ પણ બે પ્રકારનો છે.

(૧) **રૂપાંતરપરિણામરૂપ વિનાશ :-** જેમ તંતુમાંથી પટ બને છે ત્યારે તાંતણારૂપે રહેલા તંતુના અવયવો જ રૂપાંતર પરિણામને પામે છે અથવા જેમ પિંડવિશિષ્ટ મૃદ્ છે, તે ઘટરૂપ પરિણામને પામે છે. આ પ્રકારનો વિનાશ તે દ્રવ્યનો રૂપાંતરપરિણામ છે. આ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી રૂપાંતરપરિણામ કહેવાય છે. તેથી સંસારી જીવો પણ પૂર્વના ભાવોનો ત્યાગ કરીને અન્ય અન્ય ભાવ પામે છે તે દ્રવ્યાર્થિકનયનો રૂપાંતરપરિણામરૂપ વિનાશ છે.

(૨) **અર્થાંતરગમનરૂપ વિનાશ :-** વળી, પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી તે સર્વ પરિણામોને જોવામાં આવે ત્યારે અર્થાંતરગમનરૂપ પરિણામ કહેવાય છે. જેમ તંતુમાંથી પટ થાય છે ત્યારે તંતુપર્યાય નાશ પામે છે અને પટપર્યાય ઉત્પન્ન થાય છે, તે અર્થાંતરગમનરૂપ પરિણામ છે; કેમ કે પર્યાયાર્થિકનય 'પૂર્વનો સત્ પર્યાય નાશ પામે અને ઉત્તરનો જે અસત્ પર્યાય હતો તે ઉત્પન્ન થાય છે' તેમ કહે છે તેથી તંતુરૂપે જે સત્ પર્યાય હતો, તે નાશ પામ્યો અને અસત્ એવો પટપર્યાય ઉત્પન્ન થયો માટે તે અર્થાંતરગમનરૂપ વિનાશ છે. વળી, મૃદ્પિંડમાં જે પિંડપર્યાય છે તે નાશ પામે છે અને સ્થાસ, કુશલાદિરૂપ પર્યાયના ક્રમથી ઘટપર્યાય ઉત્પન્ન થાય છે, તે પણ પર્યાયાર્થિકનયનો અર્થાંતરગમનરૂપ વિનાશ છે. વળી, સંસારી જીવોમાં જીવદ્રવ્યની વિવક્ષા કર્યા વગર મનુષ્યપર્યાયના નાશપૂર્વક દેવાદિ પર્યાયની ઉત્પત્તિ થાય છે ત્યારે પૂર્વના મનુષ્યરૂપ સત્પર્યાયના નાશપૂર્વક અસત્ એવો ઉત્તરનો દેવપર્યાય ઉત્પન્ન થાય છે, તે પર્યાયાર્થિકનયનો અર્થાંતરગમનરૂપ વિનાશ છે. **॥૯/૨૪॥**

અવતરણિકા :-

પૂર્વની ગાથામાં વિનાશના બે પ્રકારનું સ્વરૂપ બતાવ્યું. હવે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ગાથા :-

અંધારાનઈં ઉદ્યોતતા, રૂપાંતરનો પરિણામ રે;
અણુનઈં અણુ અંતર સંક્રમઈં, અર્થાંતરગતિનો-ઠામ રે.

જિન૦ ॥૯/૨૫॥

ગાથાર્થ :-

અંધારાથી ઉદ્યોતતા-એ રૂપાંતરનો પરિણામ છે. અણુને અણુઅંતર સંક્રમે=એક અણુની સાથે અન્ય અણુના સંક્રમણથી દ્વિપ્રદેશભાવને પામે તે, અર્થાંતરગતિનો ઠામ=સ્થાન છે. ॥૯/૨૫॥

ટબો :-

તિહાં-અંધારાનઈં ઉદ્યોતતા, તે-અવસ્થિત દ્રવ્યનો રૂપાંતરપરિણામઈરૂપ નાશ જાણવો. અણુનઈં-પરમાણુનઈં અણુઅંતરસંક્રમઈં દ્વિપ્રદેશાદિભાવ થાઈં છઈં, તિહાં-પરમાણુ પર્યાય મૂલગો ટલ્યો, સ્કંધપર્યાય ઊપનો, તેણઈં કરી-અર્થાંતરગતિરૂપ નાશનો ઠામ જાણવો. ॥૯/૨૫॥

ટબાર્થ :-

ત્યાં=પૂર્વમાં બે વિનાશ કહ્યા તેમાં, અંધારામાંથી ઉદ્યોતતા, તે અવસ્થિતદ્રવ્યનો=અંધારારૂપે અવસ્થિત એવાં પુદ્ગલદ્રવ્યનો, રૂપાંતરપરિણામરૂપ=અંધારામાંથી ઉદ્યોતતારૂપે રૂપાંતરપરિણામરૂપ, વિનાશ જાણવો. અણુનો=પરમાણુનો, અણુઅંતરના સંક્રમણથી, દ્વિપ્રદેશાદિ ભાવ થાય છે=દ્વિપ્રદેશાદિ સ્કંધો થાય છે, ત્યાં પરમાણુપર્યાય મૂળથી ટળે અને સ્કંધપર્યાય ઉત્પન્ન થયો તેથી કરી અર્થાંતરગતિરૂપ નાશનું સ્થાન જાણવું. ॥૯/૨૫॥

ભાવાર્થ :-

રૂપાંતરપરિણામરૂપ નાશ બતાવવા માટે અવસ્થિત પુદ્ગલદ્રવ્યને ગ્રહણ કરીને, દ્રવ્યાર્થિકનયથી તે અવસ્થિત દ્રવ્યનો અંધારાનો પરિણામ ઉદ્યોતતારૂપ થાય છે, તેમ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. જો કે ત્યાં પણ અવસ્થિત દ્રવ્યને ગ્રહણ ન કરવામાં આવે તો, પર્યાયાર્થિકનયથી અંધકારપર્યાયનો નાશ અને ઉદ્યોતપર્યાયની ઉત્પત્તિ સ્વીકારીને અર્થાંતરગમન કહી શકાય છતાં ત્યાં અવસ્થિત દ્રવ્યનો વિચાર કરીને રૂપાંતરપરિણામરૂપ નાશ પણ દેખાય છે, જ્યારે એક પરમાણુ અન્ય પરમાણુ સાથે સંક્રમણ પામીને દ્વિપ્રદેશાદિ સ્કંધો બને છે ત્યારે 'પરમાણુનો પર્યાય નાશ થયો' તેમ દેખાય અને 'સ્કંધ પર્યાય ઉત્પન્ન થયો છે' તેમ દેખાય છે તેથી પર્યાયાર્થિકનયની દૃષ્ટિને સામે રાખીને, અર્થાંતરગતિરૂપ નાશમાં અણુના અણુ સાથેના સંક્રમણને ગ્રહણ કરેલ છે. **॥૯/૨૫॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં અણુના અણુઅંતરની સાથે સંક્રમણથી અર્થાંતરગમનરૂપ વિનાશનું દૃષ્ટાંત બતાવ્યું. તે કઈ અપેક્ષાએ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ગાથા :-

અણુનઈં છઈં યદ્યપિ ખંધતા, રૂપાંતર અણુ સંબંધ રે;
સંયોગ-વિભાગાદિક થકી, તો પણિ એ ભેદ પ્રબંધ રે. જિન૦ ॥૯/૨૬॥

ગાથાર્થ :-

જો કે, અણુને અણુસંબંધે ખંધતા છે તે રૂપાંતર=રૂપાંતર પરિણામરૂપ નાશ છે, તોપણ સંયોગના વિભાગાદિ થકી એ ભેદનો પ્રબંધ છે=સમુદાયવિભાગરૂપ નાશ અને અર્થાંતરગમનરૂપ નાશના બે ભેદનો પ્રબંધ છે. ॥૯/૨૬॥

ટબો :-

યદ્યપિ-અણુનઈં અણુસંબંધઈં ખંધતા છઈ, તે-રૂપાંતર પરિણામ જ છઈં, તો પણિ સંયોગ-વિભાગાદિકરૂપઈં દ્રવ્યવિનાશ-દ્વૈવિધ્યનું જ, એ ઉપલક્ષણ જાણવું. જે માટઈં-દ્રવ્યોત્પાદવિભાગઈં જ જિમ-પર્યાયોત્પાદવિભાગ, તિમ-દ્રવ્યનાશવિભાગઈ જ પર્યાયનાશવિભાગ હોઈ. તે-સમુદયવિભાગ અનઈ અર્થાંતરગમન-એ ૨. પ્રકાર ઠહરાઈ. પહલો-તંતુપર્યંત પટનાશ; બીજો-ઘટોત્પત્તિં મૃત્પિંડાદિનાશ જાણવો. ઉક્તં ચ સમ્મતૌ –

"વિગમસ્સ વિ એસ વિહી, સમુદયજણિઅમ્મિ સો ઉ દુવિઅપ્પો ।
સમુદયવિભાગમિત્તં, અત્થંતરભાવગમણં ચ" ।।૩-૩૪।। **॥૯/૨૬॥**

ટબાર્થ :-

જો કે અણુના અણુસંબંધથી સ્કંધતા થાય છે, તે રૂપાંતરપરિણામ છે=બે અણુ છૂટા હતા તે બંને અણુઓ સ્કંધરૂપે પરિણમન પામ્યા તેથી રૂપાંતરપરિણામ છે (માટે ગાથા-૨૫ના ઉત્તરાર્ધમાં અર્થાંતરગમનરૂપ નાશમાં તેને દૃષ્ટાંતરૂપે કહ્યું તોપણ પરમાર્થથી જોઈએ તો ગાથા-૨૫ના પૂર્વાર્ધમાં જે રૂપાંતરનાશ કહ્યો તત્સ્વરૂપ જ અર્થાંતરગમનરૂપ નાશ છે.) તોપણ સંયોગના વિભાગાદિરૂપ દ્રવ્યનાશ (જે સમ્મતિ ગ્રંથમાં બે પ્રકારનો બતાવ્યો છે.) તે દ્વૈવિધ્યનું જ એ ઉપલક્ષણ જાણવું=ગાથા-૨૫માં બતાવેલ રૂપાંતરપરિણામરૂપ નાશ અને અર્થાંતરગમનરૂપ નાશ એ ઉપલક્ષણ જાણવું.

કેમ સમ્મતિમાં બતાવેલ બે નાશનું ઉપલક્ષણ છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે માટે દ્રવ્યઉત્પાદનો વિભાગ જ=દ્રવ્યઉત્પાદનો પ્રકાર જ, જેમ પર્યાયઉત્પાદનો વિભાગ છે=પર્યાયઉત્પાદનો પ્રકાર છે, તેમ દ્રવ્યનાશનો વિભાગ જ=દ્રવ્યનાશનો પ્રકાર જ, પર્યાયનાશનો વિભાગ=પર્યાયનાશનો પ્રકાર છે, અને તે=દ્રવ્યનાશરૂપ જ પર્યાયનાશ છે તે, સમુદાયવિભાગ અને અર્થાંતરગમન-એમ બે પ્રકારે રહેલો છે. પહેલો=સમુદાયના વિભાગરૂપ નાશ, તંતુપર્યંત પટનાશ છે=તંતુના સંયોગરૂપ જે સમુદાયસ્વરૂપ પટ તેના વિભાગરૂપ તંતુપર્યંત પટનાશ છે. બીજો=અર્થાંતરગમનરૂપ નાશ, ઘટઉત્પત્તિ વખતે મૃત્પિંડાદિનો નાશ જાણવો=મૃત્પિંડ-સ્થાસ-કોસ-કુશલાદિ અવસ્થાનો નાશ ઘટઉત્પત્તિ વખતે થાય છે તે અર્થાંતરગમનરૂપ નાશ જાણવો.

ઉક્તં ચ સમ્મતૌ=અને સમ્મતિમાં કહેવાયું છે –

"વિગમસ્સ વિ=વિગમની પણ=નાશની પણ એસ વિહી=આ વિધિ છે=જે ઉત્પાદની વિધિ છે તે જ નાશની

પણ વિધિ છે, समुदयजणिअम्मि सो उ दुविअप्पो=સમુદાયના જનનમાં તે બે વિકલ્પવાળો છે. समुदयविभाग-मित्तं=સમુદાયનો વિભાગ માત્ર, अत्थंतरभावगमणं च=અને અર્થાંતરભાવગમન." ॥૩-૩૪॥ **(સમ્મતિ, ત્રીજો કાંડ, ગાથા-૩૪)** ॥૯/૨૬॥

ભાવાર્થ :-

ગાથા-૨૪ના ટબામાં પ્રજ્ઞાપના પદના વચનાનુસાર ગ્રંથકારશ્રીએ બે પ્રકારના વિનાશ બતાવ્યા. (૧) રૂપાંતરપરિણામરૂપ નાશ (૨) અર્થાંતરગમનરૂપ નાશ. આ બંને નાશ વસ્તુતઃ ભિન્ન નથી પરંતુ દ્રવ્યાસ્તિકનયને આશ્રયીને વિચારીએ તો કોઈક પર્યાયવિશિષ્ટ દ્રવ્ય અન્ય પર્યાયરૂપે થાય છે, તે રૂપાંતરપરિણામરૂપ નાશ કહેવાય છે. જેમ અંધકારના પુદ્ગલો ઉદ્યોતની સામગ્રી મળે ત્યારે ઉદ્યોતરૂપે પરિણમન પામે છે તે રૂપાંતરપરિણામ છે અને તે જ વસ્તુને પર્યાયાર્થિકનયથી જોવામાં આવે તો પૂર્વપર્યાયનો નાશ થાય છે અને ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે તેથી તે અર્થાંતરગમનરૂપ નાશ કહેવાય છે; કેમ કે પર્યાયાર્થિકનય દ્રવ્યને સ્વીકારતું નથી તેથી પૂર્વનો પર્યાય નાશ પામીને નવો પર્યાય ઉત્પન્ન થાય છે તેથી પૂર્વનો પર્યાય અર્થાંતરગમનરૂપ નાશ પામે છે તેમ પર્યાયાર્થિકનય કહે છે અને તે બંને ભેદને બતાવવા માટે ગાથા-૨૫માં બે દૃષ્ટાંતો બતાવ્યાં તેથી સ્થૂળથી જોતાં એમ લાગે કે રૂપાંતરપરિણામરૂપ નાશ અંધારાની ઉદ્યોતતારૂપ છે અને અણુનું અણુની સાથે સંક્રમણ તે અર્થાંતરગમનરૂપ નાશ થાય છે તે સ્થૂલ દૃષ્ટિથી બતાવીને પ્રસ્તુત ગાથામાં કહે છે કે, કોઈક અણુ અણુઅંતર સાથે સંક્રમણ પામીને જે સ્કંધ થાય છે ત્યારે અણુનો જે નાશ થયો તેને ગાથા-૨૫માં અર્થાંતરગમનરૂપ નાશ કહ્યો તોપણ દ્રવ્યાર્થિકનયથી વિચારીએ તો તે રૂપાંતરપરિણામરૂપ નાશ જ છે; કેમ કે તે બે અણુઓરૂપ દ્રવ્ય પૂર્વે સ્કંધરૂપ ન હતા પરંતુ અણુપર્યાયવિશિષ્ટ હતા. તે બે અણુદ્રવ્ય જ સ્કંધરૂપે રૂપાંતરપરિણામને પામ્યા. જેમ અંધકારના પુદ્ગલો જ ઉદ્યોતરૂપ પુદ્ગલોને પામ્યા અને તેમ સ્વીકારીએ તો પ્રશ્ન થાય કે 'પન્નવણા'માં કહેલ બે પ્રકારના નાશ એ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના ભેદથી બે પ્રકારના છે પરંતુ સ્થાનભેદથી ભિન્ન ભિન્ન નાશને આશ્રયીને બે પ્રકારના નથી, તોપણ 'સમ્મતિ'માં સંયોગના વિભાગાદિરૂપ જે દ્રવ્યનાશ બે પ્રકારના બતાવ્યા છે, તેનું ઉપલક્ષણ ગાથા-૨૪માં બતાવેલા 'પ્રજ્ઞાપના'ના બે નાશ જાણવા.

ગાથા-૨૪માં બતાવેલ બે નાશ 'સમ્મતિ'માં બતાવેલા બે નાશના ઉપલક્ષણ કેમ છે ? તે ગ્રંથકારશ્રી યુક્તિથી બતાવે છે –

જે કારણથી દ્રવ્યઉત્પાદનો વિભાગ છે તે જ પર્યાયના ઉત્પાદનો વિભાગ છે. જેમ માટી દ્રવ્યમાંથી ઘડો થાય છે તે દ્રવ્યનો ઉત્પાદ છે અને દ્રવ્યનો ઉત્પાદ જ પર્યાયનો ઉત્પાદ છે; કેમ કે તે વખતે માટીના પિંડના પર્યાયનો નાશ થાય છે અને ઘટપર્યાયનો ઉત્પાદ થાય છે. તેથી દ્રવ્યને જોનારી દૃષ્ટિથી કહીએ તો માટીદ્રવ્યમાંથી ઘટદ્રવ્ય ઉત્પન્ન થયું અને પર્યાયને જોનારી દૃષ્ટિથી કહીએ તો પિંડપર્યાયમાંથી ઘટપર્યાય ઉત્પન્ન થયો. તે રીતે નાશમાં પણ એ પ્રકારનો વિભાગ છે તેથી દ્રવ્યનાશનો પ્રકાર જ પર્યાયનાશનો પ્રકાર છે. જેમ માટીમાંથી ઘડો થાય છે ત્યારે પિંડપર્યાયવાળું દ્રવ્ય નાશ પામે છે તેથી દ્રવ્યનાશ કહેવાય છે અને તે

વખતે જ પિંડપર્યાયનો નાશ થાય છે તેથી પિંડરૂપ માટીદ્રવ્યનો નાશ કહ્યો અને પિંડપર્યાયનો નાશ કહ્યો. તે બંને એક જ છે. આ રીતે દ્રવ્યનાશ અને પર્યાયનાશનો વિભાગ એક છે તે બતાવ્યા પછી તે નાશ 'સમ્મતિ' અનુસાર બે પ્રકારનો પ્રાપ્ત થાય છે તે બતાવે છે. (૧) સમુદાયના વિભાગરૂપ નાશ (૨) અર્થાંતરગમનરૂપ નાશ. (૧) તેમાં પટનો તંતુ સુધી નાશ થાય ત્યારે તંતુના સમુદાયરૂપ જે પટ હતો તેનો વિભાગ થવાથી પટના નાશની પ્રાપ્તિ થઈ તેથી પટનો નાશ એ સમુદાયવિભાગરૂપ છે, અર્થાંતરગમનરૂપ નથી. (૨) વળી, માટીના પિંડમાંથી ઘટ ઉત્પન્ન થાય છે ત્યારે માટીનો પિંડ નાશ પામે છે, સ્થાસરૂપે થાય છે, પછી કોસરૂપે થાય છે, પછી કુશલરૂપે થાય છે અને અંતે ઘટરૂપે થાય છે. તે વખતે સ્થાસ-કોસ-કુશલનો નાશ થયો તે ઘટરૂપ અર્થાંતરગમનસ્વરૂપ છે પરંતુ પટનાશની જેમ સમુદાયના વિભાગરૂપ નથી.

વળી, જેમ બે પરમાણુઓ ભેગા થઈને સ્કંધ બને છે ત્યારે અર્થાંતરગમન થાય છે; કેમ કે પરમાણુરૂપે રહેલા એ બે પરમાણુઓ સ્કંધરૂપ પરિણામને પામે છે તેથી પરમાણુનો નાશ એ અર્થાંતરગમનરૂપ છે. તે રીતે તંતુમાંથી પટ કરવામાં આવે ત્યારે તે તંતુઓનો જે નાશ થાય છે, તે અર્થાંતરગમનરૂપ છે પરંતુ પટ થયા પછી તે પટમાં રહેલા તંતુના સમુદાયનો વિભાગ થાય ત્યારે તે પટનાશ સમુદાયના વિભાગરૂપ નાશ કહેવાય છે, અર્થાંતરગમનરૂપ નાશ નહીં. આથી જ કોઈ પુરુષ બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે તે બાલ્યાવસ્થાનો નાશ એ અર્થાંતરગમનરૂપ છે અને જીવમાં સમુદાયના વિભાગરૂપ નાશ તે રીતે પ્રાપ્ત થાય નહીં પરંતુ મૃત્યુ વખતે દેહની સાથે આત્માનો જે વિયોગ થાય છે તે દેહ અને આત્માના સમુદાયના વિભાગરૂપ હોવાથી દેહયુક્ત આત્માનો નાશ તે સમુદાયના વિભાગરૂપ નાશ છે.

સમુદાયવિભાગરૂપ નાશ અને અર્થાંતરગમનરૂપ નાશ, એ બે ભેદો 'સમ્મતિ'માં કહ્યા છે તે અને 'પ્રજ્ઞાપના'માં નયદૃષ્ટિથી જે બે ભેદો કહ્યા છે, તે બેની એકવાક્યતા જોડવા માટે ગ્રંથકારશ્રીએ ઉપલક્ષણથી 'સમ્મતિ'નું દ્વૈવિધ્ય સ્વીકાર્યું છે; કેમ કે સ્યાદ્વાદની દૃષ્ટિ પદાર્થ જે સ્વરૂપે સંસ્થિત હોય તે સ્વરૂપે જ બતાવે છે અને દ્રવ્યાર્થિકનયની અને પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી પદાર્થને જોઈને જેમ અર્થાંતરગમનરૂપ નાશ અને રૂપાંતરપરિણામરૂપ નાશ બતાવેલ તેમ પદાર્થને જોનારી અન્ય દૃષ્ટિથી 'સમ્મતિ'માં સમુદાયના વિભાગરૂપ નાશ અને અર્થાંતરગમનરૂપ નાશ બતાવેલ છે તેથી 'સમ્મતિ'માં બતાવેલ દૃષ્ટિથી પણ દેખાતો, અનુભવને અનુરૂપ પદાર્થ સ્યાદ્વાદી અવશ્ય સ્વીકારે છે તે બતાવવા માટે જ ગ્રંથકારશ્રીએ ઉપલક્ષણથી તેનો સ્વીકાર કર્યો છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૨૪માં 'પ્રજ્ઞાપના' અનુસાર બતાવેલા અર્થાંતરગમનરૂપ અને રૂપાંતરપરિણામરૂપ નાશના બે ભેદો એક જ સ્થાનમાં દ્રવ્યાર્થિકનય અને પર્યાયથિકનયની દૃષ્ટિથી પ્રાપ્ત થાય છે અને 'સમ્મતિમાં' બતાવેલ સમુદાયના વિભાગરૂપ નાશ અને અર્થાંતરગમનરૂપનાશ તે બંને ભિન્ન ભિન્ન સ્થાનમાં જ પ્રાપ્ત થાય છે અને તે બે નાશ દ્રવ્યાર્થિકનયને અને પર્યાયાર્થિકનયને આશ્રયીને નથી પરંતુ સમુદાયના વિભાગને જોનારી નયદૃષ્ટિ અને અર્થાંતરગમનને જોનારી નયદૃષ્ટિને આશ્રયીને છે. **॥૯/૨૬॥**

અવતરણિકા :-

જગતમાં સર્વપદાર્થો ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ સ્વરૂપ છે. તેથી ગાથા-૧૯થી ૨૩ સુધી ઉત્પાદના ભેદો બતાવ્યા અને ગાથા-૨૪થી ૨૬ સુધી વિનાશના ભેદો બતાવ્યા. હવે ધ્રુવભાવના ભેદો બતાવે છે –

ગાથા :-

ધ્રુવભાવ થૂલઋજુસૂત્રનો, પર્યાયસમય અનુસાર રે;
સંગ્રહનો તેહ ત્રિકાલનો, નિજ-દ્રવ્ય-જાતિ-નિરધાર રે.

જિન૦ ॥૯/૨૭॥

ગાથાર્થ :-

સ્થૂલ ઋજુસૂત્રનયનો ધ્રુવભાવ પર્યાયસમય અનુસાર છે=મનુષ્યાદિ જે પર્યાય, તેના કાલમાનરૂપ પર્યાયસમય અનુસાર છે. સંગ્રહનયનો તે=ધ્રુવભાવ, ત્રિકાલનો નિજદ્રવ્યની જાતિ ઉપર નિર્ધાર છે=જીવપુદ્ગલાદિરૂપ જે દ્રવ્ય તેમાં વર્તતી જીવત્વ-પુદ્ગલત્વ જાતિ-તેના ઉપર આશ્રય કરનારો છે. ॥૯/૨૭॥

ટબો :-

ધ્રુવભાવ પણિ-સ્થૂલ, સૂક્ષ્મ-ભેદઈં ૨ પ્રકારનો. પહલો-સ્થૂલ ઋજુસૂત્રનયનઈં અનુસારઈં મનુષ્યાદિક પર્યાય, સમયમાન જાણવો. બીજો-સંગ્રહનયનઈં સંમત-તે ત્રિકાલવ્યાપક જાણવો. પણિ જીવ-પુદ્ગલાદિક નિજ દ્રવ્યજાતિં-આત્મદ્રવ્ય, ગુણ, પર્યાયનું આત્મદ્રવ્યાનુગત જ ધ્રૌવ્ય; પુદ્ગલદ્રવ્ય, ગુણ, પર્યાયનું પુદ્ગલદ્રવ્યાનુગતજ ધ્રૌવ્ય. ઈમ-નિજ નિજ જાતિ નિર્ધાર જાણવો. ॥૯/૨૭॥

ટબાર્થ :-

ધ્રુવભાવ પણ સ્થૂલ, સૂક્ષ્મ ભેદથી બે પ્રકારનો છે અર્થાત્ ઉત્પાદ અને નાશ તો બે પ્રકારના છે, પરંતુ ધ્રુવભાવપણ સ્થૂલ, સૂક્ષ્મના ભેદથી બે પ્રકારનો છે. (૧) પહેલો=સ્થૂલભેદવાળો ધ્રુવભાવ, સ્થૂલઋજુસૂત્રના અનુસારે=પ્રતિક્ષણના પર્યાયને માનનાર સૂક્ષ્મ ઋજુસૂત્રનયને અનુસાર નહીં પરંતુ સ્થૂલથી મનુષ્યાદિ મોટા પર્યાયને માનનાર સ્થૂલ ઋજુસૂત્રનયને અનુસાર, મનુષ્યાદિ પર્યાયના જેટલા સમય છે તેટલા કાલમાનવાળો જાણવો=જેટલા કાલમાનવાળો મનુષ્યાદિ ભવ છે તેટલા કાલમાનવાળો ધ્રુવભાવ જાણવો.

(૨) બીજો=સૂક્ષ્મ ભેદવાળો ધ્રુવભાવ, સંગ્રહનયને સંમત છે તે ત્રિકાલવ્યાપક જાણવો=તે સૂક્ષ્મ ધ્રુવભાવ ત્રણે કાળમાં રહેનારા પદાર્થનો જાણવો. પણિ=વળી, જીવપુદ્ગલાદિ નિજ દ્રવ્યની

જાતિ=આત્માના દ્રવ્યગુણ અને પર્યાયનું આત્મદ્રવ્યઅનુગત જ ધ્રુવપણું છે અને પુદ્ગલના દ્રવ્ય ગુણપર્યાયનું પુદ્ગલદ્રવ્યઅનુગત જ ધ્રુવપણું છે.

એ પ્રકારે નિજ નિજ જાતિ=આત્મત્વ-પુદ્ગલત્વરૂપ નિજ નિજ જાતિનો, નિર્ધાર જાણવો=નિજ નિજ જાતિની અપેક્ષાએ સૂક્ષ્મ ધ્રુવભાવ જાણવો. ॥૯/૨૭॥

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ પદાર્થ છે તેને બતાવવાનો પ્રારંભ કર્યો અને તે બતાવ્યા પછી ઉત્પાદના બે ભેદો અને નાશના બે ભેદો બતાવ્યા તેમ ધ્રુવભાવ પણ ઉત્પાદ અને નાશની જેમ, સ્થૂલ અને સૂક્ષ્મ, એમ બે પ્રકારનો છે તે હવે બતાવે છે –

સ્થૂલદૃષ્ટિથી જે દેખાય તે સ્થૂલ ધ્રુવભાવ કહેવાય. જેમ સ્થૂલદૃષ્ટિથી 'આ મનુષ્ય ૫૦ વર્ષ જીવ્યો' તેમ કહેવાય. તેથી તેનો સ્થૂલથી ધ્રુવભાવ ૫૦ વર્ષનો છે અથવા 'આ ઘટ પાંચ વર્ષ રહ્યો' તે સ્થૂલથી ધ્રુવભાવ કહેવાય છે અને સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવે અને જે દેખાય તે સૂક્ષ્મધ્રુવભાવ કહેવાય. જેમ સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો કોઈ જીવદ્રવ્ય કે કોઈ પુદ્ગલદ્રવ્ય ક્યારેય નાશ પામતો નથી પરંતુ ત્રણેય કાળમાં તે શાશ્વત છે છે તેથી ત્રણે કાળમાં શાશ્વત દેખાતા જીવપુદ્ગલાદિને જોવાની દૃષ્ટિથી જે દેખાય તે સૂક્ષ્મ ધ્રુવભાવ કહેવાય.

વળી, સ્થૂલ ધ્રુવભાવ બતાવનાર દૃષ્ટિ ઋજુસૂત્રનયની છે; કેમ કે ઋજુસૂત્રનય પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે તેથી પર્યાયોને ક્ષણિક માને છે, આમ છતાં તે ઋજુસૂત્રનય પણ સ્થૂલ અને સૂક્ષ્મ, એ બે ભેદવાળો છે.

સૂક્ષ્મ ઋજુસૂત્રનય પ્રતિસમય પર્યાયનો નાશ સ્વીકારે છે, તેથી તેના મતે ધ્રુવભાવની પ્રાપ્તિ થાય નહીં. સ્થૂલ ઋજુસૂત્રનય મનુષ્યાદિ દીર્ઘ પર્યાયને સ્વીકારીને મનુષ્યાદિ પર્યાયના નાશને સ્વીકારે છે તેથી સ્થૂલ ઋજુસૂત્રનયની દૃષ્ટિથી વિચારવામાં આવે તો આત્માનો મનુષ્યાદિ પર્યાય જેટલા કાળમાં દેખાય તેટલા કાળ સુધી તેનો ધ્રુવભાવ છે તેમ કહેવાય. જેમ 'આ મનુષ્ય સો વર્ષ જીવ્યો.' તેમાં સો વર્ષ તેનો ધ્રુવભાવ કહેવાય અથવા 'આ ઘટ પાંચ વર્ષ રહ્યો' તો તે ઘટપર્યાયનો પાંચ વર્ષનો ધ્રુવભાવ કહેવાય.

વળી, સૂક્ષ્મ ધ્રુવભાવ સંગ્રહનયના મતે છે અને સંગ્રહનય સર્વ આત્મદ્રવ્યમાં વર્તતી આત્મત્વ જાતિને ગ્રહણ કરીને સર્વ આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયનું આત્મદ્રવ્યાનુગત જ ધ્રુવભાવ સ્વીકારે છે. વળી, જે આત્મદ્રવ્યાનુગત આત્મત્વજાતિરૂપ ધ્રુવભાવ છે, તે ત્રિકાળ વિષયવાળો છે; કેમ કે, દરેક આત્મા ત્રિકાળ શાશ્વત છે.

વળી, સર્વ પુદ્ગલદ્રવ્યમાં પણ દ્રવ્યગુણપર્યાયનું પુદ્ગલદ્રવ્યાનુગત જ ધ્રુવભાવ છે. જે પુદ્ગલજાતિરૂપ છે અને જગત્વર્તી સર્વ પુદ્ગલોમાં ધ્રુવ જ છે, કોઈ પુદ્ગલ ક્યારેય નાશ પામતો નથી.

અહીં સંગ્રહનયની દૃષ્ટિએ ત્રિકાળવ્યાપક ધ્રુવભાવ કહ્યો ત્યાં 'જીવપુદ્ગલાદિક' શબ્દ છે તેમાં 'આદિ' પદથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનું ગ્રહણ છે તેથી ધર્માસ્તિકાયરૂપ દ્રવ્ય, તેમાં વર્તતા ગુણ અને તેના પર્યાય-તેમાં અનુગત એવી ધર્માસ્તિકાયત્વ જાતિરૂપ ધ્રુવભાવ છે તેમ અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પણ જાણવું. **॥૯/૨૭॥**

અવતરણિકા :-

પ્રસ્તુત ઢાળમાં દરેક પદાર્થો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યસ્વરૂપ છે તેનું વિસ્તારથી અત્યારસુધી વર્ણન કર્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે –

ગાથા :-

સવિ અર્થ સમયમાં ભાષિઆ, ઇમ વિવિધ ત્રિલક્ષણશીલ રે;
જે ભાવઇં એહની ભાવના, તે પાવઇં સુખ જસ લીલ રે. જિન૦ ॥૯/૨૮॥

ગાથાર્થ :-

ઇમ=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સમયમાં=સિદ્ધાંતમાં, સવિ અર્થ, વિવિધ પ્રકારે ત્રિલક્ષણશીલ ભાખિઆ છે=અનેક પ્રકારે ત્રણ લક્ષણવાળા કહ્યા છે. જે પુરુષ એહની ભાવના ભાવે તે પુરુષ સુખની અને યશની લીલાને પામે. ॥૯/૨૮॥

ટબો :-

ઈમ-સમય કહિઈં-સિદ્ધાંત, તે માંહિ સર્વ-અર્થ વિવિધ પ્રકારઇં ત્રિલક્ષણ કહિઈં, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય – તત્શીલ=તત્સ્વભાવ ભાષિઆ. જે પુરુષ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવઇં, તે વિસ્તારરુચિ સમ્યક્ત્વ અવગાહી અંતરંગ સુખ અનઇં પ્રભાવક-પણાનો યશ-તેહની લીલા પામઇ. ॥૯/૨૮॥

ટબાર્થ :-

ઈમ=પ્રસ્તુત ઢાળમાં અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, સમય કહેતાં સિદ્ધાંત, તે માંહિ=સિદ્ધાંતમાં, સર્વ અર્થ વિવિધ પ્રકારે=અનેક દૃષ્ટિકોણથી, ત્રિલક્ષણ કહીને=ઉત્પાદવ્યયધ્રૌવ્ય કહીને, તત્શીલ= તત્સ્વભાવ, ભાખ્યા છે. જે પુરુષ એ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવે=જગત્વર્તી સર્વ પદાર્થોને જે પ્રકારે ગ્રંથકારશ્રીએ ત્રણલક્ષણવાળા બતાવ્યા તે સ્વરૂપે સૂક્ષ્મ બુદ્ધિથી સમાલોચન કરીને તે ભાવનાથી આત્માને ભાવિત કરે, તે પુરુષ વિસ્તારરુચિસમ્યક્ત્વ અવગાહી=શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવથી સર્વજ્ઞના વચનના પરમાર્થના બોધને કારણે પ્રગટ થયેલી ગીતાર્થને થાય તેવી વિસ્તારરુચિરૂપ સમ્યક્ત્વને અવગાહન કરીને, અંતરંગ સુખનો અને પ્રભાવકપણાનો યશ, તેની લીલાને પામે. ॥૯/૨૮॥

ભાવાર્થ :-

'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત સત્ છે.' એ સત્નું લક્ષણ અથવા 'ઉપનેઈ વા વિગમેઈ વા ધુએઈ વા' એ ત્રિપદી અને તેનાથી ઉત્પન્ન થયેલ સ્યાદ્વાદની નિર્મળ દૃષ્ટિ-તેનું વિસ્તારથી વર્ણન કરનાર 'સમ્મતિ'ગ્રંથ-તેના ભાવોને ગ્રહણ કરીને યોગ્ય જીવોને સ્યાદ્વાદનો પારમાર્થિક બોધ કરાવવા અર્થે કંઈક સંક્ષેપથી

ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં યત્ન કર્યો છે અને જે પુરુષ ગીતાર્થના અવલંબન દ્વારા તે અર્થના પરમાર્થને જાણવા યત્ન કરે તો, ભગવાનના શાસ્ત્રમાં સર્વ અર્થ અનેક પ્રકારે ત્રિલક્ષણવાળા કહ્યા છે=ઉત્પાદવ્યયધ્રૌવ્યશીલ કહ્યા છે, તેનો પારમાર્થિક બોધ પ્રાપ્ત થાય અને તે પારમાર્થિક બોધને ગ્રહીને જે પુરુષ દરેક પદાર્થોમાં ત્રિલક્ષણ સ્વભાવ કઈ રીતે વર્તે છે તેનું અવધારણ કરીને તેનાથી આત્માને ભાવિત કરે તો, સ્યાદ્વાદના મર્મના બોધપૂર્વક સ્યાદ્વાદની ભાવનાથી તેનો આત્મા ભાવિત થાય. જેથી તે મહાત્માને વિસ્તારરુચિસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે અને વિસ્તારરુચિસમ્યક્ત્વના નિર્મળ બોધને કારણે તે મહાત્માને ભગવાનના વચનથી ભાવિત થવાથી જન્ય જે અનુપમ સુખ થાય છે તે સુખ અન્ય જીવોને પ્રાપ્ત થતું નથી. વળી, સ્યાદ્વાદના મર્મને જાણનારા એવાં તે પુરુષથી ભગવાનના શાસનનો ઘણો વિસ્તાર થાય છે, યોગ્ય જીવોને ભગવાનનું શાસન જે રીતે બતાવવું જોઈએ, તે રીતે બતાવીને તે મહાત્મા ઘણા જીવોના હિતનું કારણ બને છે તેથી પ્રભાવકપણાના યશને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે, આદ્યભૂમિકામાં યોગ્ય જીવ ઉપદેશાદિ સામગ્રીને પામીને ચારગતિમાં પરિભ્રમણરૂપ સંસારને યથાર્થ જાણે, સંસારથી પર અવસ્થા જીવની સુંદર અવસ્થા છે-તેના પરમાર્થને જાણે અને તેની પ્રાપ્તિના ઉપાયરૂપ જ ભગવાને સ્યાદ્વાદમય શાસ્ત્રો આપ્યાં છે માટે 'ભગવાનનું વચન જ સર્વ કલ્યાણનું કારણ છે' તેવી સ્થિર શ્રદ્ધા જે જીવમાં છે, તે જીવ તેવી શ્રદ્ધાના કારણે શક્તિને ગોપવ્યા વગર ભગવાનના વચનને જાણવા માટે અને જાણીને જીવનમાં ઉતારવા માટે હંમેશાં ઉદ્યમશીલ છે તે જીવમાં સંક્ષેપરુચિસમ્યક્ત્વ છે અને તે સંક્ષેપરુચિસમ્યગ્દૃષ્ટિ જીવ જેમ જેમ શાસ્ત્રનો અભ્યાસ કરે છે તેમ તેમ કંઈક વિસ્તારવાળી જિનવચનની રુચિ પ્રગટે છે અને જે જીવ સ્યાદ્વાદમય સિદ્ધાંતના પરમાર્થને સર્વ દૃષ્ટિકોણથી જાણીને સ્થિર નિર્ણયવાળો થાય છે કે 'અન્ય દર્શનવાળા પણ તત્ત્વની વાતો કરે છે, તત્ત્વ બતાવે છે, છતાં એકાંતની રુચિવાળા હોવાથી પૂર્ણ તત્ત્વને પામી શક્યા નથી અને ભગવાનનું વચન યુક્તિ અને અનુભવ અનુસાર સ્યાદ્વાદમય છે', તેથી તે મહાત્માને ભગવાનના વચનના પરમાર્થના બોધપૂર્વકની વિસ્તારરુચિરૂપ સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને જેમ જેમ તે ત્રણ લક્ષણસ્વરૂપ જગતની વ્યવસ્થાથી આત્માને ભાવિત કરે છે તેમ તેમ નિર્મળ કોટિના શ્રુતજ્ઞાનના બળથી તે મહાત્મા ક્ષપકશ્રેણીને અનુકૂળ એવું કંઈક વીર્ય સંચિત કરે છે તેથી તે મહાત્માને અંતરંગ સુખ પ્રાપ્ત થાય છે કે "મને પ્રાપ્ત થયેલા નિર્મળ બોધથી અવશ્ય હું વિષમ એવાં સંસારથી સુખપૂર્વક પારને પામીશ" અને યોગ્ય જીવોને પોતાના બોધ અનુસાર ભગવાનનું વચન બતાવીને તે મહાત્મા પ્રભાવકપણાના યશને પ્રાપ્ત કરે છે. **॥૯/૨૮॥**

ઢાળ-૯

પ્રસ્તુત ઢાળનું આત્મકલ્યાણના પ્રયોજન અર્થે યોજનનું સ્વરૂપ :-

ઢાળ-૯માં દરેક પદાર્થ ત્રણ લક્ષણવાળા છે એમ બતાવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જગતમાં રહેલા તમામ પદાર્થો પ્રતિક્ષણે કોઈક રીતે ઉત્પન્ન થાય છે, કોઈક રીતે નાશ પામે છે અને તે સમયે કોઈક રીતે ધ્રુવ પણ છે એ પ્રમાણે પોતાનો આત્મા પણ પ્રતિક્ષણ નવા નવા પરિણામરૂપે ઉત્પન્ન થાય છે તે વખતે કોઈક પરિણામરૂપે નાશ પામે છે અને તે પરિણામનો આધારભૂત પોતાનો આત્મા ધ્રુવ છે એ પ્રકારનો બોધ થવાથી ધ્રુવ એવાં આત્માને જાણીને વિચારકને અવશ્ય ચિંતા થાય કે 'હું શું કરું તો શાશ્વત એવાં મારા આત્માને સદા શાશ્વત એવાં સુખની પ્રાપ્તિ થાય અને દુઃખથી નિવૃત્તિ થાય.' વળી, પોતાનો આત્મા એકાંતે ધ્રુવ જ હોય તો તેના પરિણામમાં કોઈ પરિવર્તન થઈ શકે નહીં તેથી તેના હિતની પ્રવૃત્તિ કે અહિતની નિવૃત્તિનો વિચાર પણ થઈ શકે નહીં પરંતુ 'મારો આત્મા ધ્રુવ છે તથા મારા આત્મામાં પરિણામો સદા ફર્યા કરે છે તેથી કયા પરિણામોમાં હું યત્ન કરું કે જેથી મારું હિત થાય અને કયા પરિણામોથી હું મારા આત્માનું રક્ષણ કરું જેથી મારું અહિત ન થાય.' તે પ્રકારની માર્ગાનુસારી વિચારણા ત્રિપદીના બોધથી વિચારકને થાય છે અને તે વિચારણામાંથી જ આખી દ્વાદશાંગીનો ઉદ્ભવ છે અને આ ત્રિપદીના નિયમ અનુસાર જ યોગમાર્ગમાં ઉપકારક એવાં જીવાદિ નવ તત્ત્વોની વિચારણા થાય છે. તેથી કોઈ બુદ્ધિમાન પુરુષ ત્રિપદી સાથે જીવાદિ સાત તત્ત્વો જોડાયેલાં છે તેનો કે જીવાદિ નવ તત્ત્વો જોડાયેલાં છે તેનો, પરમાર્થ જાણીને તેના ઉપર સૂક્ષ્મ ઊહ કરે તો તે મહાત્માને ધર્મધ્યાનની પ્રાપ્તિ થાય છે અને તે ઉહાપોહ ત્રિપદીમાંથી નિષ્પન્ન થયેલી દ્વાદશાંગીના નિયંત્રણ અનુસાર હોય તો અવશ્ય તે ઊહાપોહથી આત્મા સંવરભાવ તરફ જાય છે અને વિદ્યમાન આસ્રવઅંશ અલ્પ અલ્પતર થાય છે. તેથી સંસારના ઉચ્છેદને અનુકૂળ માર્ગાનુસારી ઊહાપોહનું પ્રબળ બીજ પદાર્થના ઉત્પાદવ્યયધ્રૌવ્યના સ્વરૂપનું ચિંતવન છે અને આથી જ ક્ષપકશ્રેણીમાં ચડેલા પણ મહાત્માઓ ધ્રુવ એવાં પોતાના આત્મામાં વર્તતા અશુદ્ધ આત્માના પર્યાયના વ્યયપૂર્વક શુદ્ધ પર્યાયના ઉત્પાદને અનુકૂળ વ્યાપાર કરે છે. તે ઉત્પાદવ્યયધ્રૌવ્યના પારમાર્થિક બોધપૂર્વક માર્ગાનુસારી ઊહરૂપ હોવાથી શુદ્ધ આત્માને પ્રગટ કરવાનું કારણ બને છે. તેથી યોગમાર્ગની સર્વ ભૂમિકાઓમાં જવા માટેના પ્રબળ ઉપાયભૂત ઉત્પાદવ્યયધ્રૌવ્યનું સમ્યક્ અવલોકન કરીને જે પ્રકારના ઉત્પાદથી પોતાનું હિત થાય તેમાં યત્ન કરવો જોઈએ અને જે પ્રકારના વ્યયથી પોતાનું અહિતથી રક્ષણ થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ. વળી, જેમ આત્મલક્ષી ઉત્પાદવ્યયધ્રૌવ્યનો માર્ગાનુસારી ઊહ થઈ શકે છે તેમ ભગવાને કહેલાં છએ દ્રવ્યોમાં કઈ રીતે ઉત્પાદવ્યયધ્રૌવ્ય સતત વર્તે છે તેનું અવલોકન કરવામાં આવે તો વીતરાગના વચન અનુસાર છએ દ્રવ્યોનું ચિંતવન કરવાથી સંસારના

ચિંતવનથી જે રાગાદિ ભાવો થાય છે તેના ઉચ્છેદનું કારણ જિનવચનાનુસાર ચિંતવન બને છે. આથી જ, ષટ્દ્રવ્યાત્મક લોકનું સ્વરૂપ કઈ રીતે પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપે પરિણમન પામી રહ્યું છે તે પ્રકારના લોકસ્વરૂપના ચિંતવનથી પણ ક્ષપકશ્રેણી પ્રગટે છે.

વળી, પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે તેનો નિર્ણયમાત્ર શાસ્ત્રવચનના બળથી કરવામાં આવે એટલા માત્રથી તે ભાવનું તાત્પર્ય સ્પષ્ટ થતું નથી તેથી યુક્તિ અને અનુભવઅનુસાર પદાર્થ કઈ રીતે ઉત્પાદધ્રૌવ્યસ્વરૂપ છે, એકાંત ઉત્પાદવ્યયરૂપ નથી કે એકાંત ધ્રુવરૂપ નથી તેનું સમર્થન ગ્રંથકારશ્રીએ ગાથા-૨થી ૪ સુધી કરેલ છે. તે પ્રમાણે સૂક્ષ્મ બુદ્ધિથી ઘટાદિના દૃષ્ટાંતથી ભાવન કરવામાં આવે તો સ્વબુદ્ધિ અનુસાર સૂક્ષ્મસૂક્ષ્મતર ઉત્પાદવ્યયધ્રૌવ્યના મર્મનો બોધ થાય છે. વળી, શાસ્ત્રીય શબ્દોની વિચારણામાત્રથી ધર્મધ્યાન કે શુક્લધ્યાન પ્રગટ થતું નથી પરંતુ શાસ્ત્રવચનને અવલંબીને અનુભવ અનુસાર તે પદાર્થ જેમ જેમ સૂક્ષ્મસૂક્ષ્મતર દેખાય છે તેમ તેમ આત્માને વિશેષ વિશેષ પ્રકારનું અનુભવજ્ઞાન પ્રગટે છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પ્રાતિભજ્ઞાન દ્વારા ક્ષપકશ્રેણીનું કારણ બને છે.

તેથી એ પ્રાપ્ત થાય કે, સંયમની ઉચિત આચરણા વિષયોના સ્પર્શવાળા ચિત્તને વિષયો પ્રત્યે અસંશ્લેષવાળા કરવા માટે સહાયક થાય છે પરંતુ બાહ્ય શુદ્ધ આચરણા કરનારા યોગીઓને પણ મોહના ઉન્મૂલન માટે અનુભવજ્ઞાનની અપેક્ષા છે અને તે અનુભવજ્ઞાનની પ્રાપ્તિમાં, અનુભવ અનુસાર ઉત્પાદાદિ ત્રણનું સૂક્ષ્મ અવલોકન, પ્રબળ કારણ છે.

વળી, ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ઢાળમાં પદાર્થ ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણયુક્ત છે તે સ્થાપન કરવા અર્થે એકાંત ક્ષણિકવાદી બૌદ્ધના મતનું, જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધમતનું અને શૂન્યવાદી બૌદ્ધમતનું નિરાકરણ કરેલ છે. આમ છતાં તે તે નયની દૃષ્ટિથી સાપેક્ષ રીતે વિચારનારા યોગી પણ જ્યારે ક્ષણિકવાદને સ્વીકારે છે ત્યારે જગતના સર્વ પદાર્થો ક્ષણિક છે એ પ્રકારના પદાર્થના ક્ષણિક સ્વરૂપનું ભાવન કરીને પદાર્થોને અવલંબીને થતા ચિત્તના વિકારોથી ચિત્તનું રક્ષણ કરે છે. તે વખતે તે મહાત્મામાં સ્યાદ્વાદની દૃષ્ટિ વિદ્યમાન હોવાથી ધ્રુવ એવાં આત્માના હિત અર્થે તે મહાત્મા ઋજુસૂત્રનયનું અવલંબન લઈને પદાર્થના ક્ષણિકત્વનું ભાવન કરે છે તે પણ યોગમાર્ગની વૃદ્ધિમાં ઉપકારક બને છે.

વળી, જે મુનિઓ અપ્રમત્ત દશાને પામેલા છે તેઓ પોતાના જ્ઞાનથી અતિરિક્ત જગતવર્તી પદાર્થો નથી તે પ્રકારે ભાવન કરે છે તે વખતે પણ જગતવર્તી જ્ઞાનના વિષયભૂત જ્ઞેય પદાર્થો પોતાને અનુપયોગી હોવાથી પોતાના માટે નથી તેમ જ્ઞાનાદ્વૈત દૃષ્ટિથી ભાવન કરે છે, જે જ્ઞેય પદાર્થના સ્પર્શ વગરના પોતાના જ્ઞાનના પરિણામમાં તન્મય થવાનું પ્રબળ કારણ બને છે. આથી જ જ્ઞેયને આશ્રયીને ઇષ્ટાનિષ્ટના વિકલ્પો બંધ થાય છે અને નિર્મળ એવાં પોતાના જ્ઞાનના પરિણામમાં તન્મયતા આવે છે તેથી એક નયની દૃષ્ટિથી જ્ઞાનાદ્વૈત મત પણ યોગમાર્ગની વૃદ્ધિનું કારણ છે.

વળી, જીવ વીતરાગ બને છે ત્યારે તેના માટે ભવ અને મોક્ષ પણ પક્ષપાતનો વિષય રહેતો નથી. તેથી તેઓના બોધ અનુસાર જગતમાં કંઈ જ નથી એ પ્રકારનો શૂન્યવાદ એવંભૂતનય સ્વીકારે છે. આથી જ ભવ અને મોક્ષમાં નિઃસ્પૃહ થવા માટે મુનિઓ પણ એવંભૂતનયનું અવલંબન લઈને ભાવન કરે છે કે જગતમાં કોઈ જ વસ્તુ નથી જેથી રાગનો વિષય કે દ્વેષનો વિષય કાંઈ બને નહીં તેથી ભવ પ્રત્યે પણ દ્વેષ થતો નથી અને સિદ્ધઅવસ્થા પ્રત્યે પણ રાગ થતો નથી. આમ છતાં તે મહાત્મા સ્યાદ્વાદથી વાસિત મતિવાળા હોવાથી શૂન્યવાદી બૌદ્ધ મતાનુસાર એકાંત શૂન્યવાદ સ્વીકારતા નથી પરંતુ કોઈ વિષય પ્રત્યે રાગ ન થાય કે કોઈ વિષય પ્રત્યે દ્વેષ ન થાય તે દૃષ્ટિથી શૂન્યવાદનું ભાવન કરે છે.

વળી, ગાથા-૮થી ૧૬ સુધી નૈયાયિકની એકાંત માન્યતાનું ખંડન કરેલ છે જેથી સ્થૂલ બુદ્ધિથી નૈયાયિક મતાનુસાર જોનારને 'પરમાણુ આદિ એકાંત નિત્ય છે' તેવો ભ્રમ થાય અને 'દ્વયણુકાદિ ઉત્પાદવ્યય પરિણામવાળા છે, તદનુગત ધ્રુવપરિણામ નથી, ફક્ત દ્વયણુકાદિ કેટલોક કાળ સ્થિર છે છતાં સદા માટે ધ્રુવભાવ દ્વયણુકાદિમાં નથી' તેવો ભ્રમ થાય છે, નૈયાયિક મતના ખંડનથી તે ભ્રમનું નિવર્તન થાય છે અને વિચારકને યથાર્થ બોધ થાય છે જેથી અનુભવઅનુસાર સર્વ પદાર્થો ઉત્પાદવ્યયધ્રૌવ્યસ્વરૂપ છે તેવો સ્થિર નિર્ણય થાય છે જેથી અનુભવ અનુસાર ઉત્પાદવ્યયધ્રૌવ્યનું ચિંતવન કરીને મહાત્મા ક્ષપકશ્રેણીને અનુકૂળ શક્તિનો સંચય કરે છે.

વળી, ગ્રંથકારશ્રીએ ઉત્પાદના, વ્યયના અને ધ્રૌવ્યના કેટલા ભેદો થઈ શકે છે તેની વિસ્તારથી ચર્ચા કરેલ છે જેથી ઉત્પાદવ્યયધ્રૌવ્યવિષયક સૂક્ષ્મ વિચારણાની દિશા પ્રાપ્ત થાય છે. વળી, ગાથા-૨૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, ઉત્પાદવ્યયધ્રૌવ્યના ચિંતવનથી વિસ્તારરુચિ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે, "તત્ત્વના યથાર્થ બોધરૂપ સમ્યક્ત્વ છે અને કલ્યાણમાં ઉપકારક એવાં અરિહંત જ સુદેવ છે, સુસાધુ જ સુગુરુ છે અને સર્વજ્ઞપ્રણીત તત્ત્વ જ સુધર્મ છે," એ પ્રકારના સૂક્ષ્મ બોધપૂર્વક જેને દૃઢ રુચિ છે, તેઓમાં સંક્ષેપરુચિ સમ્યક્ત્વ છે અને ત્રિપદીનો જેણે સૂક્ષ્મ બોધ કર્યો છે તે જીવોને ભગવાનના વચનાનુસાર સર્વ નયોની દૃષ્ટિનો ઉઘાડ થાય છે. તેથી સર્વ નયોની દૃષ્ટિથી કઈ રીતે હિતમાં પ્રવૃત્તિ કરવી જોઈએ અને કઈ રીતે અહિતથી આત્માનું રક્ષણ કરવું જોઈએ ? તેનો વિસ્તારપૂર્વકનો બોધ જે મહાત્માને પ્રાપ્ત થયો છે, તેઓ વિસ્તારરુચિ સમ્યક્ત્વને પામેલા છે. આથી જ જે મહાત્માને ત્રિપદીના બળથી સર્વ નયોનો ઉઘાડ થાય છે, તેઓ અનુભવ અનુસાર સર્વ નયોને ઉચિત સ્થાને જોડીને, ભગવાનનાં દરેક વચનોના બળથી વીતરાગતાને અનુકૂળ માર્ગાનુસારી યત્ન કરવા સમર્થ બને છે. જ્યારે સંક્ષેપરુચિ સમ્યગ્દૃષ્ટિ જીવો તો અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને સર્વજ્ઞના વચનરૂપ ધર્મ પ્રત્યેના રાગથી જ હિત સાધી શકે છે અને જ્યાં સુધી તેઓ વિસ્તારરુચિ

સમ્યક્ત્વ પામતા નથી ત્યાં સુધી તેવા મહાત્માઓને દ્રવ્યસમ્યક્ત્વ છે એમ 'સમ્મતિ' ગ્રંથમાં કહેલ છે. તેથી મોક્ષના ઉપાયભૂત ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ તો સ્યાદ્વાદના પરિણામથી જ થઈ શકે. માટે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ ત્રણ લક્ષણ સ્યાદ્વાદના પરિણામમાં પ્રબળ કારણ હોવાથી શક્તિસંપન્ન મહાત્માઓએ અવશ્ય તેમાં ઉદ્યમ કરવો જોઈએ.

❖ ❋ ❖

અનુસંધાન : દ્રવ્યગુણપર્યાયનો રાસ ભાગ-૨

બાહ્યક્રિયા છઈ બાહિર યોગ,
અંતરક્રિયા દ્રવ્ય-અનુયોગ ।
બાહ્ય હીન પણિ જ્ઞાન-વિશાલ,
ભલો કહિઓ મુનિ ઉપદેશમાલ ।।

બાહ્યયોગ બાહ્યક્રિયા છે. દ્રવ્યાનુયોગ અંતરંગ ક્રિયા છે=દ્રવ્યાનુયોગનું ચિંતવન મોહના નાશને અનુકૂળ અંતરંગ વ્યાપાર છે. બાહ્યહીન પણ=સંયમની બાહ્ય આચરણાથી હીન પણ, જ્ઞાનથી વિશાલ=દ્રવ્યાનુયોગના સૂક્ષ્મ બોધથી વિશાળ, એવો મુનિ ઉપદેશમાલામાં ભલો કહ્યો છે=શ્રેષ્ઠ કહ્યો છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફ્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in